# સમયસાર વૈભવ

## ભાગ – ૧૦



પ્રકાશક

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

द्

[illegible]

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૦)

(ગાથા-૧૯૩ થી ૨૩૧, શ્લોક-૧૨૯ થી ૧૬૧,
પ્રવચન-૨૭૪ થી ૩૧૨)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

વિક્રમ સંવંત
૨૦૭૪

વીર સંવંત
૨૫૪૪

ઈ. સન
૨૦૧૮

**પ્રકાશન**
ફાગણ સુદ ૨, તા.૧૭-૨-૨૦૧૮, શનિવાર
શ્રી સીમંધર જિનમંદિર-સોનગઢ, ૭૮મો પ્રતિષ્ઠા દિન

**પ્રાપ્તિ સ્થાન**
જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર

આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૦ શ્રી સીમંધર જિનમંદિર-સોનગઢ, ૭૮ મા પ્રતિષ્ઠા દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૭૪ | ૧૨–૦૭–૧૯૬૭ | શ્લોક–૧૨૯ થી ૧૩૧ | ૦૦૧ |
| ૨૭૫ | ૧૩–૦૭–૧૯૬૭ | શ્લોક–૧૩૧–૧૩૨ | ૦૧૫ |
| ૨૭૬ | ૧૪–૦૭–૧૯૬૭ | શ્લોક–૧૩૩ | ૦૩૦ |
| ૨૭૭ | ૧૫–૦૭–૧૯૬૭ | ગાથા–૧૯૩–૧૯૪ | ૦૪૬ |
| ૨૭૮ | ૧૬–૦૭–૧૯૬૭ | શ્લોક–૧૩૪, ગાથા–૧૯૪ | ૦૬૧ |
| ૨૭૯ | ૧૭–૦૭–૧૯૬૭ | ગાથા–૧૯૫–૧૯૬ | ૦૭૬ |
| ૨૮૦ | ૧૮–૦૭–૧૯૬૭ | ગાથા–૧૯૭, શ્લોક–૧૩૫ | ૦૮૯ |
| ૨૮૧ | ૧૯–૦૭–૧૯૬૭ | ગાથા–૧૯૮–૧૯૯, શ્લોક–૧૩૬ | ૧૦૫ |
| ૨૮૨ | ૨૦–૦૭–૧૯૬૭ | ગાથા–૧૯૯ | ૧૨૦ |
| ૨૮૩ | ૨૧–૦૭–૧૯૬૭ | ગાથા–૧૯૯–૨૦૦ | ૧૩૪ |
| ૨૮૪ | ૨૨–૦૭–૧૯૬૭ | શ્લોક–૧૩૭, ગાથા–૨૦૦ | ૧૫૦ |
| ૨૮૫ | ૨૩–૦૭–૧૯૬૭ | શ્લોક–૧૩૭, ગાથા–૨૦૧–૨૦૨ | ૧૬૪ |
| ૨૮૬ | ૨૪–૦૭–૧૯૬૭ | ગાથા–૨૦૧–૨૦૨ | ૧૮૦ |
| ૨૮૭ | ૨૫–૦૭–૧૯૬૭ | ગાથા–૨૦૧–૨૦૨, શ્લોક–૧૩૮ | ૧૯૯ |
| ૨૮૯ | ૨૭–૦૭–૧૯૬૭ | ગાથા–૨૦૩, શ્લોક–૧૩૯–૧૪૦ | ૨૧૩ |
| ૨૯૦ | ૨૮–૦૭–૧૯૬૭ | ગાથા–૨૦૪, શ્લોક–૧૪૦ | ૨૨૭ |
| ૨૯૧ | ૨૯–૦૭–૧૯૬૭ | શ્લોક–૧૪૧–૧૪૨, ગાથા–૨૦૪ | ૨૪૨ |
| ૨૯૨ | ૩૦–૦૭–૧૯૬૭ | શ્લોક–૧૪૨, ગાથા–૨૦૫ | ૨૫૮ |
| ૨૯૩ | ૩૧–૦૭–૧૯૬૭ | ગાથા–૨૦૫–૨૦૬, શ્લોક–૧૪૩ | ૨૭૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૯૪ | ૦૧-૦૮-૧૯૬૭ | ગાથા-૨૭૭, શ્લોક-૧૪૪ | ૨૯૧ |
| ૨૯૫ | ૦૨-૦૮-૧૯૬૭ | ગાથા-૨૦૮-૨૦૯ | ૩૦૬ |
| ૨૯૬ | ૦૩-૦૮-૧૯૬૭ | ગાથા-૨૦૯ થી ૨૧૧, શ્લોક-૧૪૫ | ૩૨૧ |
| ૨૯૭ | ૦૪-૦૮-૧૯૬૭ | ગાથા-૨૧૧-૨૧૨ | ૩૩૫ |
| ૨૯૮ | ૦૫-૦૮-૧૯૬૭ | ગાથા-૨૧૩ થી ૨૧૫, શ્લોક-૧૪૬ | ૩૪૮ |
| ૨૯૯ | ૦૬-૦૮-૧૯૬૭ | ગાથા-૨૧૫ | ૩૬૪ |
| ૩૦૦ | ૦૭-૦૮-૧૯૬૭ | ગાથા-૨૧૬, શ્લોક-૧૪૭ | ૩૮૩ |
| ૩૦૯ | ૧૬-૦૮-૧૯૬૭ | શ્લોક-૧૫૬ થી ૧૫૮ | ૩૯૯ |
| ૩૧૦ | ૧૭-૦૮-૧૯૬૭ | શ્લોક-૧૫૮ થી ૧૬૦ | ૪૧૬ |
| ૩૧૧ | ૧૮-૦૮-૧૯૬૭ | ગાથા-૨૨૯, શ્લોક-૧૬૧ | ૪૩૩ |
| ૩૧૨ | ૧૯-૦૮-૧૯૬૭ | ગાથા-૨૨૯ થી ૨૩૧ | ૪૪૨ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૧૦)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**અષાઢ સુદ ૫, બુધવાર તા. ૧૨-૦૭-૧૯૬૭**
**શ્લોક-૧૨૯ થી ૧૩૧, પ્રવચન-૨૭૪**

સમયસાર. સંવર અધિકાર. સંવર એટલે આત્માની વીતરાગતાની પર્યાય પ્રગટ થાય એને સંવર કહે છે. વસ્તુ આત્મા વીતરાગસ્વરૂપ છે, સમરસ જ્ઞાયક સ્વરૂપ છે. એનો આશ્રય લઈને જે વીતરાગી પર્યાય નિર્મળ થાય એને સંવર કહે છે. એ સંવર આસ્રવને રોકે છે. એટલે કે તે પુણ્ય-પાપરૂપી આસ્રવને ઉત્પન્ન થવા દેતું નથી. એકનું ઉત્પન્ન થાય તો બીજું ઉત્પન્ન ન થાય. ભાવના. આ ભાવના એટલે અંતરમાં એકાગ્ર થવું એ ભાવના છે. સમજાણું કાંઈ? (શ્લોક-૧૨૯).

**'માટે તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે.'** પરથી જુદું પાડવાની ભાવના- અંતરમાં એકાગ્રતા-કરવા જેવી છે. આ એક જ સંવરને ઉત્પત્તિ થવાનો અને આત્માને શાંતિનો મોક્ષમાર્ગ આ એક જ છે. સમજાણું કાંઈ? એ માટે પરથી જુદું પાડવાનું જે જ્ઞાન એવું જે ભેદજ્ઞાન, ભેદજ્ઞાન તે જ્ઞાન છે બાકી બુરું અજ્ઞાન. ધર્મદાસમાં આવે છે. 'ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' સંસારની કળાના જ્ઞાન, શાસ્ત્રના જ્ઞાન, રાગની મંદતાનો ભાવ એનાથી આત્મા ભિન્ન ભાવતાં ભેદવિજ્ઞાનથી જ આત્માને સંવર અને આત્માની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાય આમાં?

**ભાવાર્થ :-** આ એક જ ઉપાય ભગવાન પરથી ભિન્ન પાડીને સ્વરૂપમાં એકાગ્ર થવું. બસ! આ એક જ માર્ગ સંવરની ઉત્પત્તિનો છે. સમજાણું કાંઈ? **'જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે...'**

કર્મને અને રાગને બધાને. એ કર્મને ભિન્ન જાણે એટલે રાગને પણ તેના નિમિત્તથી થતાં રાગને પણ ભિન્ન જાણે છે. એને જાણે છે એનો અર્થ કે એનાથી ભિન્ન પડીને ભાવના સ્વભાવ તરફ કરે છે. '**ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે,...**' ત્યારે તેને આત્માના આનંદનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસસ્વરૂપ છે. એને રાગના પુણ્ય-પાપના વિકલ્પોથી ભિન્ન પાડતાં જે ભેદજ્ઞાન થઈને આત્માનો અનુભવ થાય તેમાં આત્માના આનંદનો સ્વાદ, સ્વાદ આવે એને સંવર કહેવામાં આવે છે. ઓહોહો..! ભારે વ્યાખ્યા, ભાઈ! વસ્તુ તો વસ્તુને આશ્રયે પ્રગટે ને? જે વસ્તુમાં શુભવિકલ્પ નથી એને આશ્રયે કેમ પ્રગટે? એનાથી ભેદજ્ઞાન કરીને પ્રગટે એમ કહે છે. સમજાણું કાંઈ? માણસને એમ કે આ વાત તો એમ કે બહુ (ઊંચી). ભાઈ! જેને ધર્મ કરવો હોય એની વાત છે. બાકી તો લૌકિકમાં બધું ચાલે છે, અનંત કાળથી ચાલે છે. એ કાંઈ નવી વાત નથી. નૈતિક સ્તર ઊંચો કરવો જોઈએ, ઢીંકણું કરવું જોઈએ બહુ ચાલ્યું છે અત્યારે. લખાણમાં એવું આવે કે આમ છે.. આમ છે. શું છે પણ?

મુમુક્ષુ :- માનવતા ખતરામાં છે.

ઉત્તર :- વીતરાગતા ખતરામાં છે. આહાહા..! ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ જેનો સમરસ વીતરાગભાવ છે એને આશ્રયે કલ્યાણ થાય એ ખતરામાં પડી ગઈ છે વાત. એ આમ નિમિત્તથી થાય કાં રાગથી થાય કાં આ આચરણ કરીએ તો થાય. ખરેખર તો એ છે. ઓલો બોલ્યો ત્યારે મને યાદ આવ્યું, કે માનવતા ખતરામાં છે. બાપુ! જૈનધર્મ-વીતરાગ ધર્મ-ખતરામાં છે. એય..! મોહનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં ખતરા, બાપા! આહાહા..!

તદ્દન જ્યાં રાગ અને નિમિત્તની ઉપેક્ષા અને એકલો પ્રભુ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એની અપેક્ષા, આ જૈનધર્મ છે અને એમ જ જૈનધર્મ (છે). જૈન એટલે વસ્તુ એમ જ હોય ને. બીજી હોય શી રીતે? ભગવાન આત્મા એના સ્વભાવ સન્મુખમાં થવું અને રાગથી વિમુખ થવું એનું નામ આ ભેદજ્ઞાન. હવે એને ઠેકાણે રાગને કરવો અને આ કરતાં કરતાં થાય (એમાં) એ આત્મા પોતે ખતરામાં છે, ઊંધે રસ્તે છે. દેવાનુપ્રિયા! આ બધા ભાષણો મોટા મોટા કરે છે. આમ છે ને.. ભાઈ! એ હો, લૌકિકની વાતમાં. આ તો ધર્મ જેને (કરવો હોય એને માટે વાત છે). અરે..! અનંત કાળમાં જેણે ધર્મથી જન્મ-મરણને ટાળ્યા નથી અને જન્મ-મરણમાં ગમે ત્યાં જન્મે કોઈપણ અવતાર (ધારણ કરે), ક્યાંય સુખ છે જ નહિ. ભવ અને ભવના ભાવમાં ક્યાંય સુખ નથી. સુખ તો મોક્ષમાં એટલે પૂર્ણ આનંદની

દશામાં સુખ છે.

બહારમાં શરીર કાંઈક ઠીક લાગે, વાણીની ઢબ... શું કહેવાય? જડબું જડબું કહે છે ને, આપણી કાઠિયાવાડી ભાષામાં. જડબું જબરું હોય. અમારી કાઠિયાવાડીમાં જડબું એટલે આ મોઢું. જોરદાર આમ ભાષા ને આ ને આ. અરે..! એ તો જડની દશા, ભાઈ! ભગવાનમાં એ શરીર પણ ક્યાં છે? જડબા ક્યાં છે? આહાહા..! એ વિકલ્પ ઉઠે એ વસ્તુ એ વસ્તુમાં ક્યાં છે? તો જેમાં એ નથી એની આશ્રયે આત્માને કલ્યાણ થાય એમ કોઈ દિ' બને? એથી કહે છે કે જેમાં એ નથી એનાથી ભેદ પાડતાં આત્માનું કલ્યાણ થાય. સમજાણું કાંઈ? ભોગીભાઈ! સમજાય છે કે નહિ આમાં? બહુ ભાઈ ઝીણું. ક્યાં મુંબઈની ધમાલ અને ક્યાં આ વાત બેસે? ક્યાંય મેળ ખાય એવું નથી આ. પ્લેનમાં આવે. પણ ક્યાં ત્યાં ધમાલ.. ધમાલ.

અહીં તો કહે છે કે વિકલ્પનું ચક્ર ઘટાડ. સ્વરૂપમાં જા, અંતર જા ભાઈ! એના વિના કોઈ માર્ગ છે જ નહિ. હિતનો માર્ગ, શરણનો માર્ગ ભાઈ એ નથી. આહાહા..! અનંત વીતરાગો આમ દિવ્યધ્વનિ દ્વારા કહી ગયા છે. સમજાણું કાંઈ? અનંત પરમેશ્વરો જેને પૂર્ણ શક્તિનો વિકાસ થઈ ગયો છે. પૂર્ણ જ્યાં સ્વભાવ છે શક્તિરૂપ એનો વિકાસ દશામાં થઈ ગયો. એ ભગવાનની વાણી અનંતા તીર્થંકરો એક ધ્વનિ એ કહી ગયા છે. ભગવાન પણ એ જ ત્યાં કહી રહ્યા છે. મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન એ કહે છે કે ભાઈ! તારે ધર્મ કરવો હોય તો જ્યાં સ્વભાવ આત્મામાં વીતરાગ સ્વભાવ છે તે ધર્મ છે. એ વીતરાગ સ્વભાવનું અવલંબન લે અને રાગથી ભિન્ન થા. સમજાણું કાંઈ?

બહારની આ પ્રવૃત્તિ થાય અને એમાંથી કાંઈક થશે અને એમાંથી થશે. કહે છે કે ભાઈ! જે ઓલો શુભરાગ આવે એમાંથી નહિ થાય. કારણ કે એનાથી પણ જુદું પાડીને, ભેદ કરીને આત્માને અવલંબવો એમાંથી થાય. હવે એમાં બહારથી તે ક્યાં થાય? કહો, મલૂકચંદભાઈ! ત્યારે શું કરવું આ બધું ત્યારે? બબ્બે લાખના, ત્રણ લાખના મંદિર (બનાવ્યા). વાતું કરે છે બીજી અને કરે બીજું, એમ કહે છે લોકો. એય.. મોહનભાઈ! મોહનભાઈને તો થઈ ગયું, કે દુનું પણ. આ બીજા કહે છે. કેટલાક કરવા છે ને. કરે છે એ. ભાઈ! કોણ કરે? બાપુ! એ વસ્તુ જે સમયે તે પરમાણુનો તે પર્યાય તે પ્રમાણે રચના થવાની હોય તે થાય છે. શુભભાવ હોય છે. પણ એ શુભભાવ પણ પ્રવૃત્તિરૂપ છે. એનું ભેદજ્ઞાન કરવું એ નિવૃત્તિરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

સંપૂર્ણ સંવર આત્માની પૂર્ણ પ્રાપ્તિ છે. પૂર્ણ પ્રાપ્તિ કેવી રીતે થાય? રાગથી ભિન્ન પાડતા ચૈતન્યનો અંતર આશ્રય લેતા તે આત્માનું (પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત) થાય. એનાથી પૂર્ણ થાય.

પછી કરતાં પૂર્ણ પ્રાપ્તિ થઈ જાય. એની સમજણમાં પહેલા શ્રદ્ધામાં તો એ વાત લે કે આ માર્ગ છે. એ સિવાય બીજો માર્ગ નથી.

'**જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે, શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે...**' એ સિવાય કોઈ એનો ઉપાય નથી. ભગવાન આત્મા પોતાના આનંદ સ્વભાવ એટલે પવિત્ર સ્વભાવનું અવલંબન લઈને જે પવિત્રતાનો આનંદનો આસ્વાદ આવે એ દ્વારા આસ્રવ રોકાય છે. એ દ્વારા પુણ્ય-પાપના વિકલ્પો ઉત્પન્ન થતાં નથી. બીજો કોઈ માર્ગ ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ?

'**અને અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે.**' લ્યો! ઓલી પહેલી વાત હતી મોટી. પછી નાની અહીં પાછી નાની કરીને છેલ્લે લઈ લીધી. '**અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે.**' ઓલું સાક્ષાત્ કીધું હતું ને? સર્વ પ્રકારે કીધું. સંપૂર્ણ કહો, સર્વ પ્રકાર. સંપૂર્ણ સર્વ પ્રકારે થાય છે. સમજાણું? પહેલેથી રાગના શુભ વિકલ્પથી ભિન્ન પાડીને આત્માના સ્વાદને અનુભવતાં સંવર થાય છે. પછી ક્રમે ક્રમે પણ જેટલો રાગ રહે એનાથી ભિન્ન પાડીને સ્થિર થતાં સંપૂર્ણ સંવરની પ્રાપ્તિ થાય છે. કહો, આમાં કોઈ બીજાનો અધિકાર કામ આવતો નથી. બીજાના આશીર્વાદ પણ કાંઈ આમાં કામ આવે નહિ. સમજાણું કાંઈ?

'**માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.**' ભગવાન કુંદકુંદાચાર્ય આદિ મુનિઓ મહા દિગંબર સંતો, આત્માના આનંદના ઝુલે ઝુલતા ઝુલતા કહે છે કે આવો ઉપદેશ કર્યો. ભાઈ! આત્માના રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કર. એનાથી આત્માની પ્રાપ્તિ થતાં પછી ક્રમે ક્રમે રાગનો ભેદ પાડતાં, સ્થિર થતાં પૂર્ણ સંવર થશે. એમ ગુરુઓનો ઉપદેશ છે. આહાહા..! આવો ઉપદેશ છે કહે છે. એમ કહે છે. સમજાણું? રાગ કર અને રાગથી લાભ થાય એવો ભગવાનનો ઉપદેશ, મુનિઓનો નથી એમ કહે છે. એમ થયું ને? અત્યંત ભાવવા યોગ્ય છે. આ કરવા યોગ્ય છે એમ ઉપદેશ થયો ને? એમાં ક્યાંય એમ ન આવ્યું કે આ વ્યવહાર કરવા જેવો છે અને વ્યવહાર રાખવા જેવો છે એમ ઉપદેશમાં આવ્યું નહિ, કહે છે. વ્યવહાર જાણવા જેવો છે એ વાત જુદી. સમજાણું કાંઈ? અંદરમાં રાગનો ભાવ જે ઉત્પન્ન થાય એનાથી ભેદ પાડવા લાયક છે એવો ભગવાનનો ઉપદેશ છે. કહો, ચારેય અનુયોગમાં આ જાતની વિધિ વર્ણવી છે.

'**હવે ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું તે કાવ્ય દ્વારા કહે છે :-**'

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।**

આહાહા..! જંગલમાં મુનિઓ આનંદમાં ઝુલતા ઝુલતા એક વિકલ્પ આવ્યો અને શ્લોક બની જાય છે. જંગલના સિંહ! રાગને તોડતા તોડતા સંવરમાં સ્થિતિ વધારતા વધારતા આ વિકલ્પ આવી ગયો છે અને એમાંથી આ શાસ્ત્ર રચ્યા છે. પોતે કહે છે કે, '**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया**' મહારાજ! તમે એવું કહો છો તો પછી આ લખવામાં વિકલ્પ શું કરવા તમે કરો છો? કોઈ એમ કહે. એય..! તમે એમ કહો છો કે અચ્છિન્નધારાએ ભેદવિજ્ઞાન ભાવવું. કહો, ચેતનજી! શું કરવું? કહો. ભગવાન! સાંભળને ભાઈ! એ અચ્છિન્નધારા રાગથી ભિન્ન સ્વભાવ સન્મુખનો પ્રયત્ન ચાલુ છે. સ્વભાવ સન્મુખનો પ્રયત્ન ચાલુ જ છે. તે રાગથી ભિન્ન પાડવાની અચ્છિન્નધારા જ છે. આહાહા..!

'**શ્લોકાર્થ :- આ ભેદવિજ્ઞાન અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે)...**' શુદ્ધ ચૈતન્ય સ્વભાવને બરાબર જાણીને, લક્ષમાં લઈને તેના સન્મુખની એકાગ્રની ધારા ત્યાં સુધી ભાવવી અને કરવી કે '**જ્યાં સુધી પરભાવોથી છૂટી...**' વિકલ્પથી સર્વથા છૂટી '**જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય.**' એકલું જ્ઞાન સ્વરૂપ આત્મા આત્મામાં જ ઠરી જાય ત્યાં સુધી રાગથી ભેદવિજ્ઞાન કરવું. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો '**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया**' ત્રુટક ન પડે, ત્રુટ ન પડે. બદામમાંથી તેલ કાઢે તોપણ ઘસતા ઘસતા બે લસરકા મારે અને ઊભો થઈ જાય તો એ તેલ નીકળે? લસરકા સમજાય છે કે નહિ? લસરકા કાઠિયાવાડી ભાષા છે. આ બદામ પાશેર હોય પછી તેલ કાઢવું હોય ઘસીને. હવે સંચા થઈ ગયા એટલે વાંધો નહિ. વળી ઊભો થાય ત્યાં તો ઓલું નીકળ્યું હોય એ ચૂસી જાય. બરાબર આ ચોસઠ પહોરી થાય છે ને પીપર? એને ચોસઠ પહોરી બરાબર ધારાવાહી ઘૂંટે. ત્યારે ચોસઠ પહોરી થાય. એમ આત્મામાં પુણ્ય-પાપના રાગથી સ્વભાવ સન્મુખની એકાગ્રતાની ધારા '**मच्छिन्नधारया**' સમજાણું?

જેમાં રુચિ લાગી, જેના પ્રેમ લાગ્યા એના પ્રેમ કેમ છૂટે? એમ કહે છે. એમાં ને એમાં લઢણ... લઢણ... લઢણ.. આત્માના સ્વરૂપ તરફનું લઢણ. લઢણ. કાઠિયાવાડી ભાષા છે. વિચ્છેદ ન પડે પ્રવાહ ત્યાં (સુધી) ભાવવું. જ્યાં સુધી પરભાવોથી છૂટી. બિલકુલ રાગથી છૂટીને શુદ્ધતાની પૂર્ણ પ્રાપ્તિ થાય ત્યાં સુધી પરથી ભેદજ્ઞાન કરવું. કહો, સમજાણું આમાં?

'**જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય.**' આત્મા પોતાના સ્વરૂપમાં જ રમી જાય. પૂર્ણ રીતે રમી જાય ત્યાં સુધી પરથી ભેદજ્ઞાન કરવું. ભારે વાત લાગે. એવી લાગે જાણે કે આ... શું કરવું આમાં? આમ બહારમાં કરવું-બરવું હોય તો હોંશ પણ આવે. એ આ જાત્રા કરવા જાય. લ્યો, ભગવાનના દર્શન થાય તો લાભ થાય. એમાં ઠીકેય પડે.

મુમુક્ષુ :- આપ ના પાડો છો..

ઉત્તર :- તો તો પછી શિખરજી ને બે-પાંચ-દસ... બે થયા ભેગી પાંચ કરી નાખીએ ચાલો. એય..! પ્રવિણભાઈ! ત્યાં રહે. અહીં સિદ્ધગિરીમાં કહે છે ને? ત્યાં ક્યાં સિદ્ધગિરી હતી? સિદ્ધગિરી તો અહીં છે. સમ્મેદશિખર પણ અહીં છે. આહાહા..! એ તો શુભભાવ હોય છે. હોય છે. પણ એ શુભભાવ પોતે સંવર નથી, પોતે ધર્મ નથી. સંવર-નિર્જરાનું કારણ નથી. આહાહા..! બહુ હોંશથી જાત્રા કરે તો સંવર-નિર્જરા થાતી હશે કે નહિ? હોંશ વિના કરે તો ન થાય કદાચ, લ્યો.

પરદ્રવ્ય ઉપર લક્ષ છે ને? અહીં તો કહે છે કે એ તો ઠીક પણ રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ કર. રાગથી ભિન્ન પાડવાનો. ઓલું તો નોકર્મ પર છે. સમજાણું કાંઈ? આહાહા..! આમ આખા દ્રવ્ય ઉપર જે રાગ દેખાય છે. ઉપર, હોં! એનાથી ભિન્ન પાડીને આત્માનો અભ્યાસ કર. એનાથી સંવર અને સંવરપૂર્વક નિર્જરા પછી થાય. એ વિના કોઈ દિ' ધર્મ-બર્મ થાતો નથી. ભારે માર્ગ માણસને...

'**ભાવાર્થ :- અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય...**' એટલે કે રાગથી લાભ છે એવો મિથ્યાત્વભાવ ટળી, રાગથી ભિન્ન પાડીને એકતા આત્મામાં થાય એનું નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. '**ફરી મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય;...**' કહો, સમજાણું? ઓલા ઉપયોગમાં આવ્યું હતું ને. '**બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય...**' શુદ્ધઉપયોગનું આમાં બહુ લીધું છે, હોં! આજ થોડું જોયું હતું આ. પંચાધ્યાયી. ત્રણ, ચાર, પાંચ ઠેકાણે અનંતાનુબંધી, સ્વરૂપાચરણમાં સ્વરૂપાચરણ એવું લખ્યું છે. હવે અત્યારે ફરી લઈએ. આમાં લખ્યું છે. મખનલાલજીએ. જુઓને! એણે લખ્યું અને આ પેલો કહે, નહિ. હવે એની સાથે ભેળવ્યા. પોતે લખ્યું ત્રણ, ચાર ઠેકાણે લખ્યું. અનંતાનુબંધીના અભાવમાં સ્વરૂપાચરણ. સ્વરૂપાચરણ ચારિત્ર. અરે..! ભગવાન! શું કહે છે?

અહીં કહે છે કે આત્મામાં રાગની એકતાનો જે ભાવ તે મિથ્યાત્વભાવ છે. એને રાગથી ભિન્ન પાડીને સ્વભાવની એકતાનો ભાવ (થાય) તે મિથ્યાત્વનો નાશ છે. એ સમ્યગ્જ્ઞાનમાં ફરીને મિથ્યાત્વ ન થાય એને પણ અચ્છિન્નધારા જ્ઞાનને કહેવામાં આવે છે. આ તો શુદ્ધઉપયોગ આવ્યો ને? એમાં શુદ્ધઉપયોગ શબ્દ છે, હોં! કો'ક ઠેકાણે. મૂળ પાઠમાં પંચાધ્યાયીમાં. સામ્ય તે શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગ .. છે.

'**જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય અને ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય.**' દૃષ્ટિ સહિત શુદ્ધઉપયોગ થઈને જ્ઞાન થયું, પણ પછી વળી રાગ આવ્યો તો ઉપયોગ રાગમાં ગયો. પણ સમ્યગ્જ્ઞાનમાં ફેર પડ્યો નથી. સમ્યગ્જ્ઞાન

તો એવું ને એવું છે. એક અપેક્ષાએ એને કહ્યું અને એક અપેક્ષાએ અંદરમાં ઉપયોગ લાગી ગયો-શુદ્ધોપયોગ, એ શુદ્ધોપયોગમાંથી ન ખસવું અને શુદ્ધોપયોગમાં જ ધારાવાહી રહેવું એને પણ અચ્છિન્નધારયા કહેવામાં આવે છે.

**'ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું.'** લ્યો! સમજાણું? બહુ વિધિ નાની અને બહુ ઉત્તમ ફળદાયક. કોઈની જરૂર નહિ જેમાં, લ્યો. આ પૈસા રળીને પછી દાન દેવા અને આ કરીએ કે એમાંથી પછી થાય. કાંઈ જરૂર નથી કહે છે, લે. કહો, સમજાણું? કાંઈ બે-પાંચ દસ લાખ થાય તો બે લાખ ખર્ચીએ, વળી દાન થાય. કાંઈ ધર્મમાં જરૂર નથી કહે છે. એ પૈસાની જરૂર નથી અને પૈસા તરફનો વિકલ્પ જે ઉઠ્યો મંદ પાડવાની એની આત્મામાં ભેદજ્ઞાનમાં જરૂર નથી. સમુળગું એનાથી જુદું પાડવું છે. આહાહા..! જેનાથી જુદું (પાડવું છે તેનાથી લાભ થાય?).

મુમુક્ષુ :- એક રીતે તો સારું આ.

ઉત્તર :- સારું જ છે. બીજી રીતે પૈસા બચે છે. પણ જ્યાં રાગ જ આત્મામાં નથી વળી પૈસા રાખવા એ વાત જ ક્યાં હતી? રાખે કોણ અને છોડે કોણ? આહાહા..! એ જગતના પુદ્ગલ પરાવર્તનો એને કારણે આવે અને એને કારણે જાય. આત્માના વિકલ્પને કારણે પણ એ આવતા નથી અને જતા નથી. આહાહા..! રાગ થયો અશુભ કે રળું, માટે પૈસા આવે છે? અને રાગ થયો મંદ કે આમાં હું પાંચ લાખ આપુ. એથી લક્ષ્મી ત્યાંથી જાય છે? મારગ બાપુ! આ તો જુદો છે. સમજાણું? ઓલા સટ્ટામાં પેદા બહુ થાય પછી ચાલીસ હજાર, પચાસ હજાર વરઘોડામાં આપે. ન્યાલભાઈ કહેતા હતા ને? બહારમાં ધર્મ કહેવાય લ્યો. એકલો બેઠો બેઠો.. શું તેં કર્યું? કર્યું શું? દુનિયાને શું લાભ થયો તારાથી? પૈસા હોય, વરઘોડા મોટા કાઢે, રથયાત્રા કાઢે, પાઠશાળા ભણાવે, શું કહેવાય બધું આ લૌકિક ધર્મશાળાઓ બનાવે. કાંઈક ગામમાં પાક્યા તો ગામને કાંઈક લાભ પણ હોય કે નહિ? કે એમ ને એમ થોથે થોથાં? કોનો લાભ છે? ધૂળનો? સાંભળને! એય..! મોહનભાઈ! અહીં વાતું તો આવી છે.

એને પણ એ રાગથી ભિન્ન પાડીને આત્માનું લક્ષ પ્રગટ કરશે ત્યારે તેને લાભ થાય એવું છે. તું અહીં ધર્મશાળા બનાવ ધૂળમાં એને લઈને એને લાભ થાય એ છે નહિ. એમ કહે છે. આહાહા..! ભારે આવી જગતની અંધી. એવી અંધી ઉડે તો આમ જાણે આહાહા..! ફૂલે અંદરથી. પાંચ-પચાસ લાખની મૂડી હોય, દીકરો-દીકરી હોય નહિ પછી પૈસા ઉડાવે ચારે કોર. ઓહોહો..! ધૂળમાંય નથી. મિથ્યાત્વ બાંધે છે, સાંભળને! વાતું તો એવી છે.

અમે અહીં કરાવ્યું, અમે અહીં કરાવ્યું ને આમ કરાવ્યું. એ બધો કર્તાબુદ્ધિનો મિથ્યાત્વભાવ છે. આહાહા..! રાગની મંદતા કદાચિત એ જાતની આવી તોપણ એનું કર્તવ્ય મારું છે એ પણ મિથ્યાત્વભાવ છે. જેનાથી જુદું પાડવામાં લાભ, એને રાખીને લાભ શી રીતે થાય? એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ભારે આકરું. માણસ કહે છે કે આ તો નિશ્ચયની વાત કરે છે એકલી. બાપુ! નિશ્ચય એટલે સત્ય અને સત્યથી સત્‌ને લાભ હોય. વ્યવહારથી લાભ આત્માને હોય નહિ. આહાહા..!

અરે..! અનાદિઅનંત કાળમાં રખડતો એ જીવ એમાં ક્યાંથી એને છૂટો પાડવો. એ છૂટો પાડવું છે એને રાખવાથી લાભ થાય એમ કે દિ' બને? આહાહા..! પ્રવિણભાઈ! કહો. પાંચ કરોડની મૂડી હોય, લ્યો. એક કરોડ આપી દ્યે, જાવ.

મુમુક્ષુ :- પાંચેય આપી દે તો શું થાય?

ઉત્તર :- પાંચેય તો ન આપે એવા ભડના દીકરા. ઘરના સાજા રાખીને આપે. વળી ત્યાં આબરૂ મળે, મોટું નાક મળે, ઓલું થાય. ભાઈ! એ ચીજોથી તો જુદું જ્યાં તત્ત્વને પાડવું છે એના તરફનો વિકલ્પ ઉઠે છે એનાથી જુદું પાડવું છે. એને લાભનું કારણ છે. ઓલો વિકલ્પ ઉઠે એ પણ લાભનું કારણ નથી. આહાહા..! ભારે આકરી વાત. કહો, સમજાણું કાંઈ? આ ભેદવિજ્ઞાનની વાત ચાલે છે આ. આ સંવરની વાત ચાલે છે. એ પુણ્યનો વિકલ્પ છે એ આસ્રવ છે. એનાથી જુદો પડે તો લાભ થાય છે. એને રાખીને લાભ થતો નથી. આહાહા..!

'**ફરીને ભેદવિજ્ઞાનનો મહિમા કહે છે :-**' મહા સિદ્ધાંત આ. ત્રણે કાળનો મહા એક નિયમ.

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

આહાહા..! શું પણ અમૃત નાખ્યા છે ને અમૃતચંદ્રાચાર્યે!!

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**

જે કોઈ અત્યાર સુધી ગણતરીના સિદ્ધ થયા. ગણતરીના સિદ્ધ થયા છે ને. અનંતા તો ... એથી અનંતગુણા તો પડ્યા છે. અનંતમે ભાગે સિદ્ધ થયા અનાદિના. અનંત થયા બહુ પણ સંખ્યા થોડી. એથી અનંતગુણા તો જીવ પડ્યા છે, જીવ. અનાદિ કાળથી અત્યાર સુધી જે કાંઈ સિદ્ધ સંખ્યાએ અનંત હો ભલે ગણતરીએ, એ થયા તે એક જ નિયમથી થયા છે. ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. કહો. સમ્યગ્દર્શન પામ્યા એ પણ રાગથી ભિન્ન પડીને, સ્થિરતા પામ્યા એ રાગથી ભિન્ન પડીને, શુક્લધ્યાન પામ્યા એ પણ રાગથી ભિન્ન પડીને,

કેવળજ્ઞાન પામ્યા એ રાગથી સર્વથા ભિન્ન પડીને પામ્યા છે. સમજાણું કાંઈ?

‘**भेदविज्ञानतः सिद्धाः**’ મહા સિદ્ધાંત. અનંત કાળથી અત્યાર સુધીમાં જેટલા સિદ્ધ થયા એનો એક જ નિયમ. એક જ નિયમ. પાછા બે પ્રકારે નહિ. કોઈક વ્યવહારે સિદ્ધ થયા અને કોઈ નિશ્ચયે સિદ્ધ થયા. આવે છે ને ઓલામાં? વ્યવહારે સિદ્ધયોગ. યશોવિજયજીમાં આવે છે. ‘બહુજન દીસે બહુ...’ ખોટી વાત તદ્દન. માર્ગ તે કંઈ માર્ગ. એ તો એમ છે બહુ .. કરી કરીને અભાવ પણ થયો. એમ? જેટલા થયા એ બધા રાગથી ભિન્ન પાડીને મુક્તિને પામ્યા છે. રાગથી ભિન્ન પાડીને સમ્યગ્દર્શન પામ્યા, રાગથી ભિન્ન પાડીને ચારિત્રને પામ્યા. કહો, સમજાણું કાંઈ?

એક જ અનાદિનો એક શાશ્વત નિયમ, શાશ્વત પ્રકાર. જે કોઈ મુક્તપણાને અનંત પરમેશ્વર પદને ગણતરી અનંત જીવ કરતાં અનંતમા ભાગે છે સંસારના જીવ, છતાં એ અનંતમા ભાગના અનંતા જેટલા સિદ્ધ થયા એ બધા રાગથી ભિન્ન પડીને સિદ્ધ થયા છે. રાગને રાખીને કોઈ જીવ સિદ્ધ થાય કે રાગ રાખીને લાભ થાય એવો કોઈ જીવ અનંત જીવમાં હોઈ શકે નહિ. જેનાથી છૂટું પડવું છે એને થોડું રાખીએ અને કરતા કરતા પછી છૂટું પડાશે એમ હોય? એને છોડતા છોડતા છૂટું પડાશે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત આકરી. જુઓ! આ એક જ મોક્ષમાર્ગ છે એમ કહે છે.

જે કોઈ અનંત કાળમાંથી અત્યાર સુધી પરમાત્મા સિદ્ધપદ નમો સિદ્ધાણં એવા સિદ્ધપદને પામ્યા ‘**તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**’ લ્યો, સમજાણું? ‘**ये किल केचन**’ એમ છે ને? ખરેખર. ‘**જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી...**’ એ શબ્દ ન આવ્યો. ન આવ્યો. આવવો જોઈએને. મૂળ તો એ શબ્દ છે. ‘**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**’ કોઈપણ નિશ્ચયથી જે સિદ્ધ થયા છે એમ. કહો, સમજાણું? એમ લીધું સંપૂર્ણ બધા. કહો, માર્ગ એક છે એમ કહે છે.

જે રસ્તે મહાવીર મોક્ષ પધાર્યા તે રસ્તે શ્રેણિક પધારશે. જે રસ્તે અનંત કાળ પહેલા કોઈપણ પ્રાણી કેવળ પામીને મોક્ષ પધાર્યા, એ જ રસ્તે અનંત તીર્થંકરો મોક્ષને પામે છે. ઈ એક રસ્તો કે જ્યાં ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને શાંતરસનો કંદ છે એના સન્મુખ જોઈને, રાગથી વિમુખ થઈને મોક્ષને પામ્યા છે. વ્યવહારથી વિમુખ અને સ્વભાવથી સન્મુખ થઈને પામ્યા છે. એમ કહે છે, લ્યો. આહાહા..! કોઈ વ્યવહારને કરતા કરતા સ્વભાવ સન્મુખ થાય છે એમ છે નહિ. આહાહા..! ઓલા કહે, પંચ મહાવ્રત પાળીને મોક્ષ ગયા, ઓલા કહે, આહાર છોડીને ગયા. રાડે રાડ પાડે છે. અહીં કહે છે કે એ પંચ મહાવ્રતના વિકલ્પથી પણ જુદા પડીને ચારિત્ર થયું છે, લ્યો. સાતમા ગુણસ્થાને આવ્યા કેમ? એ વિકલ્પ છે

એનાથી જુદા પડ્યા, સ્થિર થયા ત્યારે સાતમું આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? અનંત કાળના જે કંઈ સિદ્ધ ગણતરીએ થયા એ બધા એક જ માર્ગે (થયા છે)-ભેદવિજ્ઞાન. અહીં ફલાણા જ્ઞાને, શાસ્ત્ર જ્ઞાને થયા કે રાગની મંદતા દ્વારા થયા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા દ્વારા સિદ્ધ થયા એમ નથી થયું અને એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હતું તો આખો સંસાર હતો. મિથ્યાત્વ હતું તે. મિથ્યાત્વ હતું તે મિથ્યાત્વથી સમકિત પામ્યા છે? રાગ હતો તો રાગથી ભેદજ્ઞાન થયું છે? રાગને લઈને ભેદજ્ઞાન થયું છે કે રાગથી જુદો પાડીને ભેદજ્ઞાન થયું છે? સમજાણું કાંઈ?

'**જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**' ભગવાન આત્માને ઓળખી અને વિકારના ભાવને ઓળખી અને તેનાથી જુદા પડીને મોક્ષ થયા છે એમ કહે છે. ઓળખાણનું પાછું ફળ આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જડને ચૈતન્યને કોણ? એ રાગની વાત છે અહીં. રાગની સાથે તો સંબંધ ક્યાં જડની સાથે.

અહીં તો દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ આવે એ આસ્રવ છે. એનાથી ભિન્ન પાડીને મુક્તિને પામ્યા છે. એ વડે પામ્યા નથી. એમ કહે છે. જડની ક્રિયા તો ક્યાંય રહી ગઈ. આરે..! ઓલો કહે, શરીરની ક્રિયાથી થાય. એય.. દેવાનુપ્રિયા! આવા પ્રશ્નો.. બોલ્યા હતા ને તે દિ' તમે? રાજમલજી બોલ્યા હતા ને? ખાણિયામાંથી. આવા પાક્યા છે. રાજમલજી બોલ્યા હતા. શરીરની ક્રિયાથી ધર્મ થાય. બોલ્યા હતા. આવા તે અરે..! ભગવાન! શું તું કહે છો? બાપા! આ જૈનધર્મ એટલે વસ્તુ વીતરાગ સ્વભાવ છે, હોં! એ વીતરાગ સ્વભાવ તે વીતરાગ સ્વભાવની પર્યાયથી જ પ્રાપ્ત થાય છે. એ વીતરાગ સ્વભાવ રાગથી ભિન્ન પાડતા પ્રાપ્ત થાય છે. એને ઠેકાણે શરીરની ક્રિયાથી ધર્મ થાય. ભગવાન.. ભગવાન..! માણસો પણ પાછા હા પાડનારા છે. એને હા પાડનારા, પુષ્ટિ આપનારા. લ્યો, એનો પ્રચાર કરો, પૈસા અમે આપીએ. દસ હજાર, વીસ હજાર, પચ્ચીસ હજાર. એ પણ જગતમાં આસ્રવતત્ત્વ છે કે નહિ?

મુમુક્ષુ :- ... અને તાબે રાખવું

ઉત્તર :- આખું જગત છે. જોર કરીને પડ્યો નહોતો? સંવરને જીતીને આસ્રવ બાદશાહ પડ્યો, બાદશાહ.

મુમુક્ષુ :- મોટા માંધાતાને...

ઉત્તર :- હા. મોટા મોટા મુનિ થઈને બહારમાં એમ થાય કે આહાહા..! ઓલાએ લખ્યું છે વળી આણે. પુરુષાર્થસિદ્ધિમાં. અરે..! દ્રવ્ય સામાયિકથી તો નવમી ગ્રૈવેયકે જવાય છે. લ્યો, પણ તારા એનું શું કામ હતું આમાં નાખ્યું? લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. એ નહિ. એણે તો દ્રવ્ય સમ્મુચય સામાયિકની વ્યાખ્યા આવી છે ને, ત્યાં એણે કરી છે. ત્યાં એણે નાખ્યું છે. આ છે ને. આપણે સામાયિક આવે છે ને? કેટલામી ગાથા ચાલે છે? કેટલામી ચાલે છે આપણે? ૧૫૦માં છે. 'ઈસી સામાયિક બલ સે નિર્ગ્રંથ લિંગધારી અગ્યાર અંગકા પાઠી અભવી જીવ વહ અહમેન્દ્રપદ કો પાતા હૈ.' આ શું? એનું કામ (શું છે)? ઈ સામાયિક? આ સામાયિક કહે છે, ઈ ઈ સામાયિક? અહીંયાં તો સામાયિકની વ્યાખ્યા છે. સમકિતદૃષ્ટિ સહિતની વ્યાખ્યા છે. ૧૫૦માં એ આવે છે.

**सामायिकाश्रितानां समस्तसावद्ययोगपरिहारात।**
**भवति महाव्रतमेषामुदयेऽपि चरित्रमोहस्य।।१५०।।**

સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું લખ્યું ને આમાં. અહીં તો છપાય છે સામાયિક. ઈસી સામાયિકકે બલસે. ઈસી સામાયિકકે બલસે. આ સામાયિક. આવા ને આવા.

અહીં તો સમ્યગ્દર્શન સહિતની સમતા વીતરાગતા એ સામાયિક છે. પાછું કોણ? અભવી નાખ્યું છે. આહાહા..! નિર્ગ્રંથ લિંગધારી અગિયાર અંગના પાઠી અભવ્યજીવ અહમિન્દ્ર પદને પ્રાપ્ત કરે છે. આવા અર્થ કરે હવે.

મુમુક્ષુ :- ...સંતોષ થાય ને.

ઉત્તર :- સંતોષ થાય નહિ. તેથી શાંતિ શું મળે? એમાં લાભ શું એને? દુનિયા એમ કહે કે આહાહા..! ભારે વાત, હોં! એમાં એના આત્માને શું લાભ? કહો. સાચા ઉપદેશનો વિકલ્પ એમાં આત્માને શું લાભ? કહો. ઓલો તો ખોટો (છે). એનું મહા નુકસાન (છે). પણ સત્યની વાત, સાચી વાત, ભગવાનનો માર્ગ જેમ છે તેમ કહેવાનો વિકલ્પ એ પણ પુણ્યબંધનું કારણ છે. એ કાંઈ આત્માને લાભનું કારણ નથી. એનાથી દુનિયા સમજે માટે અહીં લાભનો અંશ આવે છે એને, એમ હશે કે નહિ? એ રાગથી પણ જેટલો ભિન્ન પાડશે અને સ્થિર થશે તેટલો લાભ છે. આહાહા..!

ઓલો કહે, તીર્થંકરગોત્ર બાંધે. એટલે શું થયું? પણ એ તો શુભ વિકલ્પ છે. એમાં આત્માને લાભ શું થયો? એમાં શું થાય? એમ કહે છે અહીં તો. વાત તો એ છે કે જે

રસ્તે લાભ થાય કહેનારને, એ રસ્તે લાભ થાય સાંભળનારને. કંઈ બીજો રસ્તો હોય?

**'જે કોઈ બંધાયા છે તે તેના જ અભાવથી બંધાયા છે.'** પાછો સિદ્ધાંત કેવો મૂક્યો છે બીજો? જે કોઈ મુક્તિપણાને પામ્યા છે. પહેલેથી. પુણ્ય-પાપના રાગ વ્યવહારથી ભિન્ન પાડીને નિશ્ચયને પામ્યા છે. કહો, સમજાણું? અને જે કોઈ અત્યાર સુધી નિગોદાદિમાં બંધાઈને પડ્યા છે, નવમી ગ્રૈવેયકે ગયો એ બંધાઈને પડ્યા છે. કહો. નવમી ગ્રૈવેયકે ગયો જૈન દ્રવ્યલિંગી. એ પણ બંધાયા તે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયા છે. એ વ્યવહાર જે રાગ એનાથી જુદું પાડ્યું નહિ માટે બંધાણા છે. કહો. આહાહા..! પાછો દર્શનમોહનો ઉદય હતો માટે બંધાણા છે એમ અહીં વાત છે જ નહિ. અહીં તો કર્મની વાત પણ લીધી નથી. કહો, સમજાણું? પણ શેની લે? એ તો અહીં કરે ત્યારે નિમિત્ત કહેવાય ને? ન કર્યા વિના (થાય)? સમજાણું આમાં?

અત્યાર સુધી આત્માની શાંતિને પૂર્ણ નિવૃત્તિને નિર્વાણપદને પામ્યા હોય એ અનંત જીવોનો એક જ રસ્તો હતો કે શરીર, વાણી, મન એ તો નોકર્મ છે, એ તો અડ્યા પણ નથી. એક સમયમાં વિકાર એને અડેલો છે અનિત્ય ભાવમાં. એને ભિન્ન પાડી નિત્ય સ્વભાવમાં એકાગ્ર થઈ, એ રાગને ભિન્ન પાડીને અનંતા સિદ્ધો એક જ પ્રકારે અત્યાર સુધી થયા છે. અને એ ભેદવિજ્ઞાનના અભાવે એ રાગથી જુદો નથી પાડતો માટે બંધાણા છે, એમ કહે છે અહીં. કર્મના ઉદયને લઈને બંધાણા છે અને આને લઈને બંધાણા એ અહીં વાત, નામ જ નથી લીધું. એક શબ્દમાં તો આટલું ભર્યું છે! ઓહોહો..! બંધાણા છે અને બંધાય છે દર્શનમોહથી, ચારિત્રમોહથી, આઠ કર્મથી એ રાગની એકતાની બુદ્ધિ વડે એના દોષે બંધાયેલા છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

ચાહે તો દ્રવ્યલિંગી આમ મહાવ્રતના વિકલ્પ હોય, હજારો રાણી છોડી બેઠો હોય. તો બંધાય છે ને અંદર? એ બંધાય છે રાગની એકતાબુદ્ધિથી બંધાયેલા છે. રાગનું ભેદજ્ઞાન કરતા નથી માટે બંધાયેલા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? વાત એવી લાગે. આ તે કેવી એલ.એલ.બી. જેવી ઊંચી હશે એમ લાગે. આ તો પહેલેથીની વાત છે. તું પોતે નિવૃત્ત સ્વરૂપ છો. આપણે આવી ગયું નથી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં? રાગ અને શરીરથી રહિત જ આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવ રહિત છે એવો રહિત ભેદજ્ઞાન કરીને પ્રાપ્ત કરે તો તેને પ્રાપ્ત મોક્ષ સિદ્ધિ થાય. કહો, સમજાણું કાંઈ?

બીજો કોઈ ઉપાય હશે કે નહિ? બે પ્રકારનો ઉપાય. કોઈ આ રીતે પામે અને કોઈ આ રીતે પામે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું, ભાઈ આ પ્રમાણ ગ્રંથ છે. આ પ્રમાણિક ગ્રંથ છે એમ લખ્યું છે ને. પ્રમાણિક ગ્રંથ છે. કેમ? પોતે લખ્યું કે આ પ્રમાણિક છે ભાઈ! અમે

જિનશાસ્ત્રમાં પરંપરા આવી છે તેનું સત્યાર્થ પદનું અમને જ્ઞાન થયું છે. અમને સત્યાર્થનું જ્ઞાન થયું છે. પ્રયોજનભૂત એમાં કોઈ.. સમજાય છે? એમાં કોઈ સામાન્યપણે વાત લખી હશે તો અમે એનો ગૂઢ (અર્થ) ખુલ્લું કરશું. એટલી વાત સત્યાર્થ છે, બીજું કાંઈ એમાં છે નહિ. માટે આ ગ્રંથ પ્રમાણ છે. એમાં કહ્યું છે, મોક્ષમાર્ગ બે નથી માટે પ્રમાણ છે. એમ લેવું જોઈએ. પરંપરા અનંત તીર્થંકરોને અનુસારે આ શાસ્ત્ર છે. અનંત તીર્થંકરને અનુસારે દિવ્યધ્વનિ નીકળી, દિવ્યધ્વનિ અનુસારે ગણધરોએ શાસ્ત્ર રચ્યા, એને આધારે બીજા આચાર્યોએ રચ્યા, એને આધારે બીજાએ રચ્યા. આ એને અનુસરીને અમારું આ મોક્ષમાર્ગ પ્રકાશક છે. આ શેઠ આવ્યા નથી, શું થયું? વયા ગયા હશે, ક્યાંક બેઠા હશે.

ટોડરમલજી યાદ આવ્યા હતા. સમજાણું? પ્રમાણિક છે આ શાસ્ત્ર. પ્રમાણ છે, પ્રમાણિક છે. માટે એમાં જે મોક્ષમાર્ગ બે નથી કહ્યા એ પ્રમાણિકપણે છે. ઈ માને, આ પુસ્તકને માને અને વળી કહે કે એમ નહિ, એમ નહિ. કારણ કે બે મોક્ષમાર્ગમાં એક તો વ્યવહાર, એ તો રાગ છે. મોક્ષમાર્ગ તો નિશ્ચય છે. રાગથી ભિન્ન પાડવું એ જ મુક્તિનો ઉપાય છે. એ વ્યવહારથી જુદું પાડવું મોક્ષનો ઉપાય છે. વ્યવહાર રાખીને મોક્ષનો ઉપાય છે નહિ. ક્યાંક લખાણ આવે. આવે છે ને. બેથી મોક્ષ માને. એ શ્લોક આવશે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું. એ તો પ્રમાણનું જ્ઞાન, નિમિત્તનું જ્ઞાન કરાવવા. એ તો ઓલા નિર્જરામાં બે કીધી શુદ્ધ અને શુભ. એ પ્રમાણનું જ્ઞાન કરાવવા. શુભ નિર્જરાનું કારણ ક્યાંથી થઈ ગયું?

રૂઢિગતે પણ... પંચાધ્યાયીમાં લખ્યું છે. નહિ? રૂઢિગતે પણ કોઈ વ્યવહાર શુભરાગમાં સંવર નિર્જરા માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. શુભભાવમાં જરીએ નિર્જરા છે નહિ. આવું લખ્યું છે પણ થઈ ગયા દોઢ ડાહ્યાને. અરે..! ભગવાનનો માર્ગ બાપા! વિંખાઈ જાય છે, ભાઈ! અને તું તારો માર્ગ વિંખાઈ જાય છે. સમજાણું કાંઈ?

કહે છે, જે કોઈ બંધાણા. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક. બેય આવ્યા કે નહિ? નિગોદના જીવ પણ બંધાણા પડ્યા છે, એ રાગથી ભિન્ન પાડતાના અભાવે બંધાયેલા પડ્યા છે, એમ કહે છે. અને નવમી ગ્રૈવેયક જૈનનો સાધુ થઈને ગયો દ્રવ્યલિંગી એ પણ બંધાય છે, એ રાગને જુદું પાડતો નથી અને રાગની એકત્વબુદ્ધિથી બંધાયેલા છે. આ એક વાત છે. સમજાણું કાંઈ? જે કોઈ... ક્યાંથી લીધું? નિગોદથી માંડીને. અરે..! નિત્ય નિગોદ લ્યોને. નિત્ય નિગોદના જીવ ત્યાં બંધાયેલા પડ્યા છે એ ભાવ રાગની એકતાપણે પામીને પડ્યા છે. ભાવકલંક પહુરા. ગોમ્મટસારમાં એમ કહ્યું. ભાવકલંક પ્રચુરને લઈને એ બંધાયેલા છે. કોઈ કર્મને લઈને અને આને લઈને બંધાયેલા છે એમ છે નહિ. આહાહા..! કથન પદ્ધતિ તે ગજબ છે ને! ગોમ્મટસાર કહો ને આ કહો બધો એક જ ન્યાય આવ્યો. ત્યાં એમ કહ્યું, ભાવકલંક પ્રચુર. નિગોદના

જીવ અરે..! કોઈ દિ' ત્રસ ન થાય, એ નિગોદના જીવ ઇયળ ન થાય. એવા જીવો અંદર પડ્યા છે. અનંતમા ભાગે જ હજી ત્રસ થયા છે. એવા અનંતગુણા નિગોદમાં પડ્યા છે. આહાહા..! એ દુઃખની ખાણમાં પડ્યા છે. કેમ? કે અનાદિના છે ને? અનાદિના પણ એ રાગને જુદું પાડતા નથી માટે બંધાયેલા છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

અનંત નિગોદની ખાણ. એક શરીરમાં સિદ્ધથી અનંતગુણા જીવ. એવા તો અસંખ્ય ચોવીસીના સમય જેટલા ઔદારિક શરીર નિગોદના. ઠાંસોઠાંસ જીવ ભર્યા છે. એને તો કર્મનો દોષ હશે ને? એમ કહે છે. અસંજ્ઞી છે ને. મન વિનાના પ્રાણી. એને બિચારાને ક્યાં બુદ્ધિ (છે)? માટે એને કર્મને લઈને હશે. એમ છે? અહીં તો ના પાડે છે. જે કોઈ બંધાયા એમાં કોઈ પંચેન્દ્રિય બંધાણા એવું કાંઈ નથી. જે કોઈ અનાદિથી બંધાયેલા એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવ, એ રાગ અને વિકલ્પથી જુદું પાડતા નથી, ભેદજ્ઞાન કરતા નથી, ભેદજ્ઞાનના અભાવને લઈને તે આત્માઓ બંધાયેલા પડ્યા છે. આમ કહ્યું છે. આહાહા..! અરે..! એક જ વાક્ય વિચારે તો બધું એને... ગોમ્મટસારની કથનની પદ્ધતિ અને બધી એને ખબર પડે. ઓલામાં આવે, ના. જ્ઞાનાવરણીથી જ્ઞાન રોક્યું, ફલાણાથી આમ અટક્યું. સમજાણું કાંઈ?

જે કોઈ મુક્તિને પામ્યા-પરમાનંદ દશાને પામ્યા, એ બધા આકુળતારૂપી રાગ એનાથી ભિન્ન પાડીને પામ્યા છે. અને જે કોઈ મુક્તિ પામ્યા નથી અને સંસારના બંધનમાં પડ્યા છે. ભાવબંધન હોં! દ્રવ્યબંધન એક કોર રહ્યું. એ રાગની એકતાબુદ્ધિથી અને રાગને ભિન્ન નથી પાડતા એ કારણે બંધાયેલા પડ્યા છે. બે જ માર્ગ. ત્રીજો કોઈ છે નહિ. આહાહા..! આવી વાત એને કાને ન પડે, એને સાંભળવું ન મળે, એને વિચારવાનું તો ક્યાંથી મળે? અન્ય માર્ગને જૈનમાર્ગ માનીને બેસે. કોણ ના પાડે? રાગથી ભેદ પાડીને સિદ્ધ થયા. તો આ કહે કે રાગથી લાભ થાય. એ તો અન્ય માર્ગને જૈનમાર્ગ માન્યો છે. સમજાણું કાંઈ?

'**(ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.**' મહાસિદ્ધાંત. ઓહોહો..! ભગવાન આત્મા એ વિકલ્પથી જુદા પડીને છૂટ્યા અને વિકલ્પની એકતાથી બંધાયેલા. બસ, બે જ માર્ગ. ત્રીજો કોઈ માર્ગ છે નહિ. પેલાને કર્મ મંદ પડ્યું તો છૂટ્યા અને આને કર્મનું જોર આવ્યું તો બંધાયેલા, એમ છે નહિ. કહો, સમજાણું આમાં? એવો આ શ્લોક ૧૩૧મો છે લ્યો. બહુ જ ઊંચો. એનો અર્થ છે વિશેષ... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૬, ગુરુવાર તા. ૧૩-૦૭-૧૯૬૭**
**શ્લોક-૧૩૧-૧૩૨, પ્રવચન-૨૭૫**

આ સમયસાર. સંવર અધિકાર છે. શ્લોક ચાલે છે. ૧૩૧ છે ને? શું કહ્યું? કે '**જે કોઈ સિદ્ધ થયા છે...**' બહુ ટૂંકી વાત છે અને મહત્ત્વની વાત છે. આત્મામાં સિદ્ધપદ જે પ્રાપ્ત અનંત કાળથી જે થયા છે એ બધા ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. સમજાણું? એમાં '**किल**'નો અર્થ નથી આવતો ને? આમાં આવ્યો? '**किल**' તો ખરેખર એમ નહિ?

મુમુક્ષુ :- ખરેખર લેવું હોય તો ભેદવિજ્ઞાનથી ખરેખર સિદ્ધ થયા છે એની સાથે નથી બેસતું.

ઉત્તર :- હા સિદ્ધા. સિદ્ધ થયા.

મુમુક્ષુ :- જે ખરેખર સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી થયા છે.

ઉત્તર :- હા, પણ એ 'ખરેખર' શબ્દ એક ઠેકાણે જોઈએ ને. ભલે જે ખરેખર સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી થયા છે.

મુમુક્ષુ :- પણ ખરેખર..

ઉત્તર :- સિદ્ધ જ થયા છે. એમ. સિદ્ધ શબ્દ તો પડ્યો છે અંદર.

મુમુક્ષુ :- એ પ્રાસ મેળવવાનો અર્થ લખે છે.

ઉત્તર :- ઠીક. એ એક ફેરી વાત થઈ ગઈ હતીને.

મુમુક્ષુ :- કાલે થઈ હતી.

ઉત્તર :- હા. કાલે અને એ પહેલા પણ થઈ હતી. એ પહેલા થઈ હતી. ખબર છે. પહેલા એક ફેરી થઈ હતી. હા, એ વાત થઈ હતી.

અહીં શું કહે છે? આ આત્મા છે ને આ આત્મા? એની સિદ્ધિ એટલે મુક્તિ. પરમાનંદ દશાની પ્રાપ્તિ. એ જે અનંત થયા તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. કહો, સમજાણું કાંઈ? એનો અર્થ કે કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રથી સિદ્ધ થયા છે, કર્મના મંદપણાથી સિદ્ધ થયા છે, શરીરથી સિદ્ધ થયા છે, સંહનનને લઈને સિદ્ધ થયા છે એમ નથી. એમ કહે છે. જે કોઈ સિદ્ધ થયા એ બીજી ચીજથી ભિન્ન કરીને ભેદજ્ઞાન દ્વારા સિદ્ધ થયા છે. કહો, સમજાણું આમાં? આમાં તો દેવ-ગુરુ-શાસ્ત્રથી સિદ્ધ થયા ઈ ન આવ્યું. એ તો નિમિત્ત થયું. એ તો નિમિત્ત થયું. જ્યારે અંદરથી ભેદ પાડે ત્યારે ઓલાને નિમિત્ત કહેવાયને. એ વિના ક્યાંથી નિમિત્ત કહેવાય? શું કીધું સમજાણું આમાં?

જે કોઈ આત્મામાંથી મુક્તિપણાને પામ્યા એ આત્મામાં જ મુક્ત સ્વરૂપ પડ્યું છે. એના અવલંબે રાગથી, નિમિત્તથી ભિન્ન પડીને પોતાના સ્વભાવનો આશ્રય લઈને મુક્તિને પામ્યા છે. આ તો મહાસિદ્ધાંત છે. નિમિત્ત ભલે હો. એ નિમિત્તનો અર્થ અહીં ગણતરી જ નથી એની. સમજાણું કાંઈ? મુક્તિને પામ્યા એમાં સંઘયણ ન લીધું કે પહેલા સંહનનને લઈને કેવળજ્ઞાન પામ્યા. મનુષ્યદેહને લઈને કેવળજ્ઞાન પામ્યા. ના. એ જે ચીજ છે એનું લક્ષ છોડીને ભેદજ્ઞાન કર્યું ત્યારે મુક્તિને પામ્યા. એમ કહ્યું છે. કહો, સમજાય છે? પંચ મહાવ્રતના પરિણામથી મુક્તિને પામ્યા એમ નહિ એમ કહે છે. વસ્તુ જે સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે એને રાગ અને નિમિત્તથી ભેદ પાડતા ભેદજ્ઞાનથી (સિદ્ધ થયા છે). એટલે બે ચીજ થઈ ગઈ. બે ચીજમાં એકથી ભિન્ન પાડીને મુક્તિને પામ્યા છે. કહો, સમજાણું આમાં?

અને '**જે કોઈ બંધાયા છે તે તેના જ (-ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.**' એમ ત્યાં નથી કહ્યું કે જે કોઈ બંધાણા છે એ બાયડી-છોકરા વડે કરીને બંધાણા છે. કુટુંબ કબીલાને લઈને બંધાય નહિ? કહે છે કે એ બંધના કારણ જ નથી. એનાથી ભેદ ન પાડ્યો અને અભેદબુદ્ધિ કરી એને લઈને બંધાયેલા છે. સમજાણું કાંઈ? આત્માથી બીજી ચીજો જે પર છે એ બંધનું પણ કારણ નથી અને એ મોક્ષનું પણ કારણ નથી એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

જુઓ! આમાં તો ઉપાદાનનો ખુલાસો થઈ જાય છે, નિશ્ચયનો ખુલાસો થઈ જાય છે. સમજાણું કાંઈ? ક્રમબદ્ધ એક કોર રાખો. ક્રમબદ્ધનો પણ ખુલાસો થઈ જાય છે. કારણ કે એનો જ્યારે ક્રમબદ્ધ પર્યાય પોતામાં અને પરમાં થાય છે એવો જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યારે રાગથી ભિન્ન પડીને સ્વભાવનો આશ્રય કરે ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થાય છે. શેઠી! પાંચના વાંધા છે ને મોટા? ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધ. પાંચની ચર્ચા. હિન્દુસ્તાનમાં ખળભળાટ (થઈ ગયો છે). અહીં તો આ એક સિદ્ધાંત કહ્યો જુઓ! પ્રવિણભાઈ! કહ્યું હતું ને સવારમાં તમે? આમાં તો ઉપાદાન-નિમિત્તનો, નિશ્ચય-વ્યવહારનો બધો ખુલાસો થઈ જાય છે. એક ક્રમબદ્ધનું નહોતું કહ્યું. સમજાણું આમાં?

ભગવાન આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનની મૂર્તિ. એની વર્તમાન દશામાં કેવળજ્ઞાન અને મુક્તિની પર્યાયની પ્રાપ્તિ એ પર વસ્તુથી અંતર લક્ષ છોડીને ભેદજ્ઞાન કરીને પામ્યા. એટલે પરવસ્તુ કાંઈ મુક્તિનું કારણ થયું નહિ. એમ વ્યવહાર જે દયા, દાન, ભક્તિ કષાયનો મંદ ભાવ એનાથી ભેદ પાડીને સમ્યગ્દર્શનને પામ્યા. એ મુક્તિ છે ને એટલી? મિથ્યાત્વથી મુક્તિ, કષાયની મંદતાથી ભેદજ્ઞાન કરીને પામ્યા. કહો, શેઠી! સમજાણું કાંઈ? અને જેટલા કોઈ બંધાયેલા છે તે બધા રાગથી ભેદ ન પાડતા રાગને એકત્વ ભાવે માનતા ભેદજ્ઞાનના અભાવથી રાગની

એકત્વબુદ્ધિથી જ બંધાયેલા છે. બીજા કોઈ કારણે બંધાયેલા નથી. કર્મને કારણે બંધાયેલા નથી, બાયડી-છોકરાને કારણે બંધાયેલા નથી. મન, વચન અને કાયાને કારણે પણ બંધાયેલા નથી. સમજાણું કાંઈ?

'**જે કોઈ બંધાયા છે તે તેના જ અભાવથી...**' પરથી ભિન્ન ન પાડતા, પરને એકત્વ માન્યતાથી જ બંધાયેલા છે. એમ. ભેદજ્ઞાનના અભાવનો અર્થ-ચૈતન્ય સ્વરૂપને શુદ્ધ આત્માને રાગનો શુભ આદિનો વિકલ્પ એની એકતાબુદ્ધિથી ભેદજ્ઞાનનો અભાવ અને એની એકતાબુદ્ધિનો સદ્ભાવ. એમ. રાગના ભિન્ન પાડવાનો અભાવ એનો અર્થ કે રાગની એકતાબુદ્ધિનો સદ્ભાવ, એનાથી બંધાયેલા છે. લ્યો. એક સિદ્ધાંત આખો મહા. અનાદિઅનંત આ તત્ત્વ છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો કેટલા લખાણ આવે. ઉપાદાન અને નિમિત્ત, આનાથી આ થાય. અહીં કીધું ને? ઉપાદાન. પરથી ભિન્ન પાડ્યું એટલું ઉપાદાનમાં કાર્ય થયું. રાગથી, નિમિત્તથી ભિન્ન પાડ્યું તો ... થયું અને રાગને, નિમિત્તને અવલંબીને એકત્વબુદ્ધિ થઈ ત્યારે બંધ થયો. એમ કહ્યું છે. કહો, સમજાણું?

ક્રમબદ્ધમાં પણ એ થયું. રાગાદિ એને કાળે આવે એમ જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં જેમાં રાગ નથી એવા રાગથી ભિન્ન પડવાની જે ભેદજ્ઞાનની શક્તિ, એ દ્વારા સ્વભાવનો આશ્રય લઈ અને ભેદજ્ઞાન થાય ત્યારે તે ક્રમે થાય તેનો જાણનાર થાય. બહુ વાત (આકરી). સત્ સત્ સહજ છે, સરળ છે, સીધું છે. પણ એણે વાંકુ કરીને માન્યું છે. વસ્તુ છે આખી ત્યાં. ચૈતન્યપિંડ જે અનાદિઅનંત સ્વભાવનો સાગર, એને રાગથી ભિન્ન પાડતા જ સમ્યગ્દર્શન, સમ્યજ્ઞાન, સમ્યક્ચારિત્ર, શુક્લધ્યાન અને કેવળજ્ઞાન (થાય છે). અને રાગથી એકત્વબુદ્ધિથી જ મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, સંસારના કારણ બધા બંધન એનાથી થાય છે. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :- અનાદિ કાળથી માંડીને...**' નિગોદથી માંડીને '**જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી...**' જ્યાં સુધી આત્મામાં રાગ અને આસ્રવ અને નિમિત્ત... સમજાણું? એનાથી જુદાપણું નથી '**ત્યાં સુધી તે કર્મથી બંધાયા જ કરે છે-**' ત્યાં સુધી મિથ્યાત્વથી બંધાયા જ કરે. એમ છે. સમજાણું? રાગથી ભિન્નપણાનું જ્ઞાન નથી ત્યારથી તે મિથ્યાત્વથી બંધાયા કરે છે. રાગ અને સ્વભાવ બે એક માનવાથી એટલે કે મિથ્યાત્વથી બંધાયા કરે છે. '**સંસારમાં રઝળ્યા જ કરે છે;...**' ચોર્યાસીના અવતાર નરકના, નિગોદના. આહા..! જુઓ! આ લીલોતરી. આ વરસાદ આવે તો કેવી ચમ ચમ ચમકે છે! લીલીછમ્મ જેવી. મલૂકચંદભાઈ! આ વનસ્પતિ ચમકે છે કે નહિ? લીલી. ... છે કે નહિ એટલી?

મુમુક્ષુ :- એ વળી જુદો...

ઉત્તર :- પણ લીલી ચમકે છે શું કરવા કીધું? મલકાય છે, નહોતા કહેતા પટેલ? શિવા પટેલ કહેતા. અમારે શિવા પટેલ હતા ને? લાપણું બહુ થયું હતું ને લાપણું? આહાહા..! ભારે મલકાય છે. શું પટેલ? શું છે કહો? એ એકેન્દ્રિયના જીવ આ લાપણાંપણે આમ આમ હલે ને સુંવાળા લાલ.. લીલા. કહો, મલકાવાનો અર્થ એ સુખી છે? દુઃખી છે. ઈ તો શરીર દેખાય છે. શરીરનો રંગ તો ગમે તે હોય. પણ એને શરીર અને આત્માની એકત્વબુદ્ધિ અંદર છે. ચાહે તો સુંદર શરીર હોય અને ચાહે તો સડેલું શરીર હોય, લ્યોને. પણ એની સાથે અંદર રાગમાં એકત્વબુદ્ધિ છે એટલે પરની સાથે પણ એકત્વબુદ્ધિ છે એનું એને દુઃખ છે. શરીર સારું છે માટે સુખ છે એમ છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? કહો, આ શરીર નિરોગી હોય આમ રાતડી રાયણ જેવું. બળદને ઊભા રાખે આમ બરાબર શિંગડાને ઝાલીને આમ. એટલું જોર શરીરમાં છે, સારું છે તો એ તો સુખી કહેવાય કે નહિ?

મુમુક્ષુ :- સુખીમાં શરીર કે જીવ?

ઉત્તર :- જીવ. જીવને મળ્યું છે ને આમ લાલ શરીર ઘુમ જેવું આમ. બળદ મોટો હોય એનું શિંગડું ઝાલે તો પાડી નાખે હેઠે. વાઘ આવ્યો હોય તો કાનબુટ્ટી પકડે તો પેશાબ કરાવી નાખે. વાસુદેવ જેવા હોય. વાસુદેવ. સમજાણું? વાઘ અને સિંહ આવ્યો હોય ને મોટો કેસરી સિંહ. કાનબુટ્ટી પકડે ત્યાં તો રાડ નાખી જાય. આહાહા..! વગર કાંકરે, હોં! કાંકરી નાખીને વળી કાનબુટ્ટી પકડે છે અત્યારે કેટલાક. કાંકરી નાખીને આમ કરે છે. છોકરાની ... કાંકરી નાખીને આમ દાબતો હતો. અરર..! એનું ધાર્યું ન થાય એટલે. કાંકરી નહિ અમથું દાબે ત્યાં એટલું એને દુઃખ થાય છે. શેનું? દાબ્યાનું? અને આની પાસે શરીર નિરોગી છે માટે સુખી છે? એ વખતે રાગમાં આકુળતાની એકતાબુદ્ધિ મિથ્યાત્વની છે. એ શરીર એવું હોય, પૈસાના ઢગલા પડ્યા હોય પણ રાગમાં એકત્વબુદ્ધિને લઈને મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વથી દુઃખી અને બંધાયા કરે છે. આહાહા..!

છ ખંડના રાજ હોય. સમજાણું? છન્નું હજાર સ્ત્રી હોય ચક્રવર્તીને. શરીર તે કેવું! એક કોળીયો એનો છન્નું કરોડ, છન્નું કરોડ પાયદળ એનો કોળિયો ન પચવી શકે એવું તો એનું અનાજ હોય. છન્નું કરોડ પાયદળ એનો એક કોળિયો ન પચી શકે. એવા ૩૨ કેવળ ખાય દરરોજ. તો એ સુખી છે કે નહિ? હવે આને રોટલો પણ મળતો નથી. અને આને ભસ્મ ખાવા મળે છે આમ ભસ્મ ઊંચી ઊંચી. કહે છે કે ઈ ક્યાં સુખનું નિમિત્ત છે કે સુખનું સાધન છે? સમજાય છે? સુખનું કારણ તો આત્મા છે. એનાથી અને એના પ્રત્યે થતો રાગ એનાથી ભિન્ન પાડતા આત્માને સુખનું કારણ છે. એ મારા છે એવી એકત્વબુદ્ધિ તે વર્તમાન દુઃખી અને દુઃખનું કારણ છે. આહાહા..! કહો, પ્રવિણભાઈ! આ બહારમાં તો કેવા

સુખી લાગે, લ્યો! લાખોની મોટરું, ભૂંગળા વાગતા હોય આમ અને હેઠે ઉતરે ત્યાં ખમ્મા (ખમ્મા થતા હોય). લાખ લાખની મોટરમાં બેઠા હોય અને પાણી હલે નહિ આમ. બહાર નજર કરે તો આમ દેખાય. ચાલી જાય મોટર આમ સરખી અને સુંદર શરીર. કહો, ઈ સુખી છે કે નહિ?

કહે છે કે એ ચીજ જે છે એનું અસ્તિત્વ ભિન્ન છે. અને એ ચીજ મને છે એવી માન્યતા છે એ જ એને બંધનનું કારણ છે. અને એ માન્યતા જ એને દુઃખનું કારણ છે. કહો, સમજાણું આમાં? કહો, વજુભાઈ! દુઃખ, સુખની વ્યાખ્યા બીજી આ તો. આરે આરે..! હવે આવા સંચા ચાલતા હોય. બબ્બે ભાઈઓ, ત્રણ ત્રણ ભાઈઓ કામ કરતા હોય મોટા જોદ્ધા જેવા. રામજીભાઈના દીકરા છ મોટા. એય.. લાંબા. સુખી હશે કે નહિ? બબ્બે કરોડ ત્યાં (પેદા) કરે છે. ત્યાં ગયા હતા ને જયપુર? શેઠી! ખબર છે કે નહિ? રામજી હંસરાજનો દીકરો. કામાણી. બે કરોડ રૂપિયાનો સંચો કર્યો. આઠ માઈલ છેટે. અમે ગયા હતા ને, લઈ ગયા હતા. મોટર લઈને આવ્યા હતા. બે કરોડનો. સંચો જુઓ તો આમ ઉપર જાણે એવું કર્યું છે. મોટો સંચો. હેઠે આમ ઊંચું અને માથે આમ. બે કરોડના થાંભલા બાર મહિને ઉત્પન્ન કરીએ. અને હવે ઉત્કૃષ્ટ દસ કરોડના ઉત્પન્ન કરવા છે. આખા હિન્દુસ્તાનમાં આવું નથી. આમ શરીર જુઓ તો સારું. એ સુખી હશે કે નહિ?

મુમુક્ષુ :- સુખી ન હોય તો સુખનો ખ્યાલ પાક્કો આવી ગયો.

ઉત્તર :- સુખનો ખ્યાલ પાક્કો આવી ગયો. દુઃખી છે એમ કહે છે. અને એકલા બંધનને ઉત્પન્ન કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- સુખી હોય તો શું કરવા આપને તેડવા આવે?

ઉત્તર :- એમ કે પગલા મહારાજના થાય તો. દસ મિનિટ બેસવું હતું, લ્યો. એમાં તો મોટો .. વાળ્યો હતો અને આમ ઘરમાં મોટું કંઈક કર્યું. દસ મિનિટ. બે હજાર અને એક મૂક્યા હતા. બે હજાર ને એક. દસ મિનિટ. એમ કે મોટું કામ છે ને બે હજાર મૂકીએ તો વધારે પેદા થાય. એમ ઊંડે ઊંડે કાંઈક મીઠાશ તો ખરીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... બિચારા નરમ છે, હોં! આમ તો. બે હજાર મૂક્યા. પાંચ મિનિટ બેઠા એમાં. એ દુઃખી છે. શેઠી! આહાહા..!

ભાઈ! અહીં તો દુઃખી અને બંધનનું કારણ-બે સિદ્ધ કરવું છે. ભગવાન આત્મા પોતે આનંદ સ્વરૂપ છે એને આત્મા સિવાયનો એક રાગ ભાગ આસ્રવ અને અજીવ ભાગ પર, બેમાં એકત્વબુદ્ધિ છે એ જ બંધનું કારણ છે. બંધનું કારણ કહો કે દુઃખનું કારણ કહો કે

દુઃખ જેમાં ફળશે એનું કારણ છે ઈ. એમાં દુઃખ ફળશે બધું. કહો, વજુભાઈ!

**'જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે-'** લ્યો. એવા સંયોગમાં પણ અને એવા સંયોગમાં રાગાદિ હોય એનાથી જુદો પડે છે, ભેદજ્ઞાન કરે છે તે જ આત્માને મુક્તિ એટલે સમ્યગ્દર્શનને પામે છે. મિથ્યાત્વથી મુક્તિ થાય છે, ક્રમે ક્રમે કષાયથી મુક્તિ થાય છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે. પરથી ભેદજ્ઞાનથી જ મુક્તિ થાય છે. પરનો કંઈપણ સહારો કે આ ઠીક છે એમ માનવાથી એકાંત બંધનું કારણ છે.

**'માટે કર્મબંધનનું-સંસારનું-મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે...'** નિગોદથી માંડીને ચાર ગતિમાં રઝળવાનું મૂળિયું એ પરથી જુદું ન પાડવાનો ભાવ જ એ છે. સંસારમાં રખડવાનું કારણ છે. **'અને મોક્ષનું પ્રથમ કારણ...'** પ્રથમ કારણ **'ભેદવિજ્ઞાન જ છે. ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.'** કહો, સમજાણું આમાં? મોટા ઈન્દ્ર મહોત્સવ કરે તો? કેવા આવે છે? કલ્પવૃક્ષ. કલ્પવૃક્ષ શું કીધું? કલ્પદ્રૂમ. કલ્પદ્રૂમ, ઈન્દ્રધ્વજ પૂજા, કલ્પદ્રૂમ પૂજા ચક્રવર્તી કરે મોટા, ઈન્દ્રો કરે લ્યો. કલ્પદ્રૂમ પૂજા, ઈન્દ્રધ્વજ પૂજા મોટી મોટી પૂજા. અબજો રૂપિયા. કહો!

મુમુક્ષુ :- મહા મહા પૂજા.

ઉત્તર :- મહા મહા પૂજા. કહો, એનાથી કાંઈ મુક્તિ થાય કે નહિ? આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :- નિષેધ... નિષેધ થઈ જાય છે.

ઉત્તર :- એના માટે તો ઉતરે છે આ.

આત્મા એક કોર ભગવાન સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ, એક બાજુ રાગાદિ સામગ્રી બહાર. એ બેથી આ ત્રીજાને અંદરથી ભેદ પાડતા સુખ અને ભેદ પાડતા મુક્તિ (થાય છે). કહો, સમજાણું કાંઈ? એને એકત્વ માનતા દુઃખ અને એકત્વ માનતા બંધનું કારણ (થાય). મિથ્યાત્વનું કારણ અને મિથ્યાત્વ બંધનું કારણ (થાય). લ્યો.

**'અહીં આમ પણ જાણવું...'** થોડો ખુલાસો બીજો કરે છે. **'વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો...'** બૌદ્ધ વિજ્ઞાન એકલું જગતમાં વિજ્ઞાન જ છે એમ માને છે. અને વેદાંતીઓ પણ એક જ છે ને એમ માને છે ને? વેદાંત. એક અદ્વૈતં બ્રહ્મ... **'કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે...'** વસ્તુને એક જ કહે છે. એવું કહેનારને આવું ભેદવિજ્ઞાન હોતું નથી. એમ કહે છે. એકમાં કોને જુદું પાડવું? બધું એક જ હોય તો જુદું કોને પાડવું? **'અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે...'** અદ્વૈત જ છે એમ કહે છે અને એકપણાનો અનુભવ કરવો એની મુક્તિ કહે છે. **'તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો;...'** એક સ્વરૂપ છે.. એક સ્વરૂપ છે.. અદ્વૈત છે. ઓલો કહેતો નહિ? એક આંગળી કરતો ઓલો. કાંપમાં.

(સંવત) ૧૯૯૯માં, ધ્રાંગધ્રામાં. બાવો એક રજપુત હતો. વ્યાખ્યાનમાં આવે. શું નામ? વાઘજી. કાંપમાં હતા તમે? અહીંયાં રહેતો. એક એક કર્યા કરે. સાંભળવા આવે. સાંભળે. બસ! એક (છે). ઓલું આવે નિશ્ચયનું આવે ત્યારે (એક બોલે). એ એમ નથી. એકપણું બીજાથી જુદું પડ્યું ત્યારે બીજી ચીજ થઈ ગઈ. એકપણું જ્યારે કહ્યું ત્યારે માન્યું છે બે પણું. એટલે કે પોતે એક છે અને માન્યું છે બેપણું. એટલે બીજી ચીજ થઈ ગઈ.

દોરડીમાં સર્પની ભ્રાંતિ છે. ત્યારે સર્પ અને દોરડી બે થઈ ગયા કે નહિ? એકમાં બીજાની ભ્રાંતિ થઈ. ત્યારે બીજી ચીજ છે એમાં નથી. પણ બીજે ઠેકાણે છે. એમ આત્મામાં રાગ અને આત્મા એક છે એમ માનતા રાગ અને આત્મા બે થઈ ગયા. અને બે હોય તો પરથી ભિન્ન પાડવાનું બની શકે. એકમાં ભિન્ન કોને પાડવું? સમજાણું કાંઈ?

‘**ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો;...**’ એક જ વસ્તુ હોય તો જુદી પાડવી કોનાથી? સમજાણું? એક માનનારને ભેદવિજ્ઞાન હોય નહિ. ભેદવિજ્ઞાન ન હોય તો એને મુક્તિ પણ હોય નહિ. ‘**કારણ કે સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં...**’ સર્વથા એક જ વસ્તુ છે એક જ રૂપે એમ ન હોવા છતાં ‘**જેઓ સર્વથા અદ્વૈત માને છે...**’ સર્વથા. કથંચિત્ દ્વૈત-અદ્વૈત માને એ જુદી વાત છે. પરથી જુદું એક સ્વરૂપ છે એ અદ્વૈત છે. સમજાણું? ‘**તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી; જ્યાં દ્વૈત જ-બે વસ્તુઓ જ-માનતા નથી...**’ બે જ વસ્તુ માનતા નથી. બે માન્યા વિના આનાથી જુદો પડ, આનાથી જુદો પડ એમ આવ્યું ક્યાં? ‘**ત્યાં ભેદવિજ્ઞાન શાનું?**’

‘**જો જીવ અને અજીવ-બે વસ્તુઓ માનવામાં આવે...**’ એમ. જીવ અને અજીવ બે વસ્તુઓ માનવામાં આવે ‘**અને તેમનો સંયોગ માનવામાં આવે...**’ પાછો. બે હોવા છતાં ભિન્ન-ભિન્ન હોય તો સંયોગ સંબંધ માનવામાં આવે. સંબંધ હોય તો ભેદ પાડે. સંબંધ વિના શું ભેદ પાડવો પાછો? સમજાણું? બે વસ્તુ માનવામાં આવે અને તેનો સંયોગ માનવામાં આવે. જોયું! સંબંધ માનવામાં આવે તો સંબંધ છૂટે. પણ બેનો સંબંધ જ માનવામાં ન આવે. બે જ વસ્તુ ન માને, બે માન્યા છતાં સંબંધ ન માને બેને. સમજાણું કાંઈ?

‘**તો જ ભેદવિજ્ઞાન બની શકે...**’ કહો, સમજાણું? ‘**સંયોગ માનવામાં આવે તો જ ભેદવિજ્ઞાન બની શકે અને સિદ્ધિ થઈ શકે. માટે સ્યાદ્વાદીઓને જ બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે.**’ કથંચિત્ આત્મા અદ્વૈત પણ છે, કથંચિત્ દ્વૈત પોતે પણ દ્વૈત છે અનંત ગુણની અપેક્ષાએ. વસ્તુ તરીકે અદ્વૈત છે. ત્યારે એ બે ચીજ છે પોતામાં ને પોતામાં. હવે પરની ચીજ પણ છે એક. પરની ચીજ ન હોય તો જુદું પાડવાનું રહેતું નથી.

**'હવે સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :-'**

**भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-**
**द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।**
**बिभ्रत्तोषं परममलालोकमम्लानमेकं**
**ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।१३२।।**

'**बिभ्र**' એટલે?

મુમુક્ષુ :- ધરતું

ઉત્તર :- ધરતું. પરમ સંતોષને ધારણ કરે છે. પરમ પાછો શબ્દ મૂક્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક. આની કોર નાખ્યું.

સાર મૂકે છે. જુઓ! આત્મા છે, એ અનંત ગુણ સંપન્ન છે, એમાં રાગનો સંબંધ છે, કર્મનો સંબંધ છે. બે સાબિત થાય તો રાગથી ભિન્ન પડવાનું એને સાધન થાય. કહો, સમજાણું? પાછું આત્માને રાગનો સંબંધ ન હોય તો ભિન્ન પાડવું કોની સાથે? સમજાણું કાંઈ? નિર્મળ ચૈતન્ય વસ્તુને રાગનો, મેલનો સંબંધ છે. અને કર્મનો સંબંધ નિમિત્ત તરીકે છે. સમજાણું કાંઈ?

એ વીતરાગભાવથી વિરૂદ્ધ એવો અશુદ્ધભાવ, મલિનભાવ, દુઃખભાવ એનો સ્વભાવજ્ઞાન સાથે સંબંધ છે. એ સંબંધ છે એનાથી ભેદ પાડે ત્યારે સંબંધ છૂટે છે. ત્યારે ભેદવિજ્ઞાન થાય છે. સંબંધ જ ન માને આત્મા અને રાગ કાંઈ છે જ નહિ. પર્યાયમાં રાગ-બાગ છે નહિ. સમજાણું? સંબંધ નથી તો ભેદજ્ઞાન કરવું એને રહેતું નથી. સમજાણું આમાં? આ તો એકલા તાત્ત્વિક સિદ્ધાંતો ભર્યા છે.

'**શ્લોકાર્થ :- ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...**' જુઓ! એમ કહ્યું. રાગાદિનો સંબંધ છે એનાથી જુદું પાડવાના પ્રગટ કરવાના અભ્યાસથી. ભેદજ્ઞાન જુદું પાડવા કરવાના અભ્યાસથી. એમ. જો એકલો જ આત્મા હોય અને રાગ ન હોય તો જુદું કોનાથી પાડવું? રાગ છે, વિકાર છે, દોષ છે. રાગગ્રામ કહેશેને? '**रागग्रामप्रलयकरणात्**'. ભેદજ્ઞાન, ભગવાન આત્મા પોતાના સ્વભાવના અવલંબે રાગ અને પુણ્યના વિકલ્પના ભેદ છે અસંખ્ય, રાગના પુણ્ય-પાપના ભેદ અસંખ્ય છે ભાવના, હોં! એનાથી ભેદ પાડવાના અભ્યાસથી. '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ,...**' એને લઈને આત્માનો અનુભવ થયો.

કહો, '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ,...**' એમ કહ્યું. કોઈ રાગની મંદતાથી, પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય આમાં કોઈ આવતું નથી આ. મોટા વાંધા ઉઠ્યા છે ને સંપ્રદાયમાં. અહીં તો કહે છે, '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ,...**' કહો. આમાં વ્યવહાર અને નિમિત્ત બેય ઉડી જાય છે. એને ઘરે રહે છે. પણ આત્મામાં એનાથી ભિન્ન પાડતાં જ ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં આત્માની લબ્ધિ આત્માનુભવ થાય છે એમ કહે છે.

'**શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી...**' આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ છે. રાગના વિકલ્પથી ખસીને ચૈતન્ય સ્વભાવનું પૂર આત્મા, એમાં લક્ષ અને દૃષ્ટિ આપતાં રાગથી ભિન્ન પડતાં તેને આ આત્મા છે, આ શુદ્ધ છે એવો આનંદના અનુભવની ઉપલબ્ધિ થાય છે. અને '**રાગના સમૂહનો વિલય થયો,...**' એ તો સમજાવે છે, હોં! એક પછી એક છે એમ નહિ કાંઈ. આત્મા.. રાગગ્રામ છે ને? રાગ એટલે કષાયનો બધો ભાવ-સમૂહ. રાગના અનેક પ્રકાર, એનાથી જુદો પડતાં આત્માનું ભેદજ્ઞાન થતાં આત્માની પ્રાપ્તિ થાય છે. અને એનાથી રાગના સમૂહનો વિલય થાય છે. આત્માના અનુભવની ઉત્પત્તિ અને રાગનો વ્યય. કહો, સમજાણું આમાં?

પુણ્ય-પાપના વિકલ્પ રાગથી આત્માને અંદર ભિન્ન પાડતાં અભ્યાસથી આત્માની જ પ્રાપ્તિ થાય છે. એટલે રાગથી ભિન્ન પાડતાં આત્માની પ્રાપ્તિ થાય છે. રાગ રાખીને આત્માની પ્રાપ્તિ નથી. વ્યવહારથી ભિન્ન પાડતાં આત્માની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. કહો, શેઠી! આ બધો વ્યવહાર કહેવાય ને આ? આ કર્યું ને આ કરવુંના ભાવ, હોં! શુભભાવ-શુભભાવ. એનાથી ભેદજ્ઞાન પ્રગટ કરવાથી એટલે જુદું જ્ઞાન પ્રગટ કરવાથી આત્માનો અનુભવ થાય અને આત્માની પ્રાપ્તિ થાય છે. એમ છે. શેઠી! રાગની મંદતા કેટલી મદદ કરે એમાં? ત્યારે શું આ બધી ધમાલ કરી તમે? આહાહા..!

એ તો એ વસ્તુ તો થવાની હોય એ થાય છે. પણ રાગ પણ તે કાળે થવાનો હોય તે થાય છે. પણ એનાથી ભેદ પાડતાં ભેદજ્ઞાનથી આત્માની પ્રાપ્તિ થાય છે. આમ છે. વજુભાઈ! આ વજુભાઈએ એક દિ'માં અઠ્યાવીસ હજાર ખર્ચ્યા. એક દિ'માં અઠ્યાવીસ હજાર. આ તમારે અગિયાર દિ'માં સોળ લાખ. જયપુરમાં. આવ્યા હતા તમે? અગિયાર દિ'માં સોળ લાખ. લોકો જાણે કે આહાહા..! કો'કને ઈર્ષ્યા થઈ જાય. એક વેગી માણસ હતો. શું પોતાને ખરચવું ન હોય ને એટલે કંઈક ઠરાવે એને. બીજા પાસે પૈસા હોય તો થોડા ઝાઝા હોય એનાથી અને આની પાસે થોડા હોય. આટલા બધાં ખર્ચે છે, એ તો વેગી માણસ છે. એક જણો એમ કહેતો હતો. એ તો ઘણા પ્રકાર છે. સામો એવો જ હતો તરવરિયો ગૃહસ્થ. અહીં તો ઘણા પ્રકારના આવે માણસ. એય..! શેઠી! એ કાંઈ નહિ. ભાઈ! હવે એનો જે

ભાવ હતો એ ભાવથી જુદું પાડે ત્યારે આત્માનું કલ્યાણ થાય એમ કહે છે. આહાહા..! આમ જુઓ તો ૧૮-૧૮ હાથી શણગારેલા મોઢા આગળ ચાલે. હતા કે નહિ છેલ્લે દિ'? ૧૮ હાથી આમ. કોઈ દિ' .. ૧૮ હાથી, ૧૮ ઘોડા, ૧૧ ઊંટ. કેટલા હતા? ઈ તો દેખાતું નહોતું. હું તો પાછળ બેઠો હતો ને રથમાં-રથમાં. એય.. મોઢા આગળ ચાલ્યું જાતું હતું. એમાંથી કંઈ આત્માનું કલ્યાણ ખરું કે નહિ? એય..! હિંમતભાઈ! એ કહે છે, હિંમતભાઈને કરવું છે ને પાછળથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. થઈને હજી હિંમતભાઈને દસ વર્ષનું કરવું છે હજી. એ ના પાડે છે. દસ વર્ષમાં કાંઈક... વાતું માણસ કરે છે. દસકો થાય છે ને આ દસ વર્ષ? કોણ જાણે શું હશે? શી ખબર પડે? શું થાય છે. એ વાતું કો'ક આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ કીધા વિના આપણા ગામમાંથી વાતું આવે. બાયડીયુંમાંથી બહુ આવે. તો કહે કે મુંબઈનું અમને તો ખબરેય નથી, કોઈ કહેતું નથી. મલૂકચંદભાઈ!

પણ અહીં તો કહે છે કે ભાઈ! એ ચીજની પર્યાય તે કાળે તે પ્રકારે ભજો અને તે કાળે તે પ્રકારનો શુભરાગ પણ હો. પણ મુક્તિ ને સંવર ને નિર્જરા એનાથી રાગ અને એ ચીજથી ભિન્ન પાડતા મુક્તિ થાય છે. મુક્તિ એટલે મિથ્યાત્વથી મુક્તિ પહેલી. આહાહા..! આરે..! ભારે વાતું. સમજાણું કાંઈ? કરી શકે છે કે દિ' કે નહિ કરે? આવું સાંભળશે તો નહિ કરે. કેટલાક વળી એમ કહે. પણ એણે કર્યું છે કે દિ' તે નહિ કરે? એ તો પુદ્ગલના પરાવર્તનમાં એવો સંબંધ જ્યારે બનવાનો હોય છે ક્રમમાં એ બને જ જાય છે. એમાં કોઈના રાગથી તે બને છે અને બનાવ્યો બને છે એમ છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એને એ ભાવ આવ્યો માટે આ પ્રમાણે આમ થયું પુદ્ગલનું, એમ નથી. એમ હશે? મલૂકચંદભાઈ!

અહીં તો કહે છે. ઓલું આવ્યું ને? કે '**રાગના સમૂહનો વિલય...**' થયો. આહાહા..! એ રાગ થયો એનાથી પણ ભેદજ્ઞાન કરે ત્યારે આત્માના સ્વભાવની પ્રાપ્તિ થાય. એટલે ધર્મની પ્રાપ્તિ થાય. એમ. રાગથી ભેદ પાડતાં આત્મા સ્વભાવને જુદો જાણે ત્યારે આત્માને ધર્મની પ્રાપ્તિ થાય. રાગને રાખીને ધર્મની પ્રાપ્તિ થાય એમ છે નહિ. આ તો બધું બહુ કહ્યું આમાં તો. વ્યવહારને કાઢી નાખે. ભેદજ્ઞાન વ્યવહારથી કરે ત્યારે આત્માની પ્રાપ્તિ થાય. વ્યવહારથી થાય નહિ એમ કહ્યું. એય.. દિપચંદજી! આ શું થઈ રહ્યું છે આ બધું? એવું જ થાશે. પરમાણુની પર્યાય થવા કાળે થયા જ કરશે. રાગને કાળે રાગ પણ આવશે. હવે તારે ભેદજ્ઞાન

કરવું છે? લાભ કરવો છે કે તારે અલાભ કરવો છે? સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ!

કહે છે કે ભગવાન આત્માને '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...**' એમ કીધું છે. રાગની મંદતાના અભ્યાસ કરતા.. કરતા.. કરતા.. શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થશે? એવું નહિ? વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા જ્ઞાનનો એ તો સૂર્ય છે. આનંદની મૂર્તિ નિત્યાનંદ સહજાનંદ સ્વરૂપ આત્મા. એને શુભરાગથી ભિન્ન પાડતાં આત્માની પ્રાપ્તિ થાય છે. શુભરાગની એકતાબુદ્ધિથી કે શુભરાગની મદદથી આત્માની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! માર્ગને પણ... એમાં છે કે નહિ ઈ? છે? એ બિચારા કહેતા હતા, હોં! શેઠ. એને ભલે બેઠી નહિ પણ આ... શાહુજી. સ્વામીજી તો પાઠના અર્થમાંથી કહે છે બધું. કહ્યું હતું. નહિ? ખબર છે? પાઠમાંથી બતાવે છે. શાસ્ત્ર ત્યાં હોય ને એ વખતે દાખલો આપવો પડે. પાછો ઓલા પંડિત વળી (વાંધા કાઢે). લ્યો આ શાસ્ત્રના પાઠ. જુઓ! આ શાસ્ત્રના પાઠ. આગમથી વાત કરે છે. ઘરનું કહેતા હતા ને? પણ એને ખબર જ ન મળે કે આગમ શું કહે છે અને આગમમાં શું છે. આ શું કહે છે આ? આનો શું અર્થ છે એમ લેવું જોઈએ ને એણે?

'**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...**' એટલે કે રાગના વિકલ્પથી જુદો પાડવાના અભ્યાસથી '**શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ,...**' એનાથી આત્માને... વ્યવહાર ને નિમિત્તથી જુદું પાડતાં આત્માને લાભ થયો. નિમિત્તના અવલંબે અને રાગના અવલંબે લાભ થતો નથી. કહો, એમાં છે એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અર્થ નથી સમજતા. વાત એમ છે. આહાહા..!

ભાઈ! તારામાં તારે જાવું છે તો પરથી જુદું પડ્યા વિના શી રીતે જઈશ? આહાહા..! દેર અને જેઠ હોયને બે-ચાર ભેગા, પછી ઓલાને જુદું પડવું હોય તો એ કહે કે પણ આ જેઠને પાંચસોનો પગાર, હજારનો છે અને આપણે સોનો. સોનો તો સોનો. થોડું ખાશું પણ જુદા પડો આપણે. બાયડી કહે એના ધણીને. આવા ઝાઝામાં આપણે રહેવું નથી. એય..! મોહનભાઈ! આટલા માણસ, ૨૫-૨૫ માણસ કાંઈ શેર બશેર શેરો કરીએ તો કોળિયો હાથ આવતો નથી આમાં. ઓલા બે જણામાં ભલે સોનો પગાર તમારે હશે અને જેઠને પાંચસોનો હોય ભલે. એમ કહે હોં અંદર. આપણે થોડે રોડવશું. પણ આપણે હવે આ ખીચડામાં રહેવું નથી, લ્યો કહો. શું તમારે ભાવ છે? મોહનભાઈ! પછી બિચારા ઓલું થઈ ગયું. એને તો જુદું નહોતું પડવું. પણ આ છોકરાઓને મેળ ખાધો નહિ. એય..! મોહનભાઈ! એવું સાંભળ્યું છે. આપણને તો કાંઈ ખબર નથી બહુ, હોં! સાચી વાત છે લ્યો. વાતું કરતા હતા લોકો. પણ એ તો જુદા છે તો જુદા જ હોય ને પણ એમાં શું એનો અર્થ? આ

તો જેને જુદું પડવું છે ને એ કાંઈક આવું કહે, આપણે થોડે રોડવશું હોં! પણ આપણે હવે ખીચડા ૨૫ માણસ ઘરના અને રાંધવામાં કો'ક વળી .. બેસી રહે અને અહીં રાંધવું પડે છે મારે વધારે. ફલાણા .. હાથ આવતું નથી. આપણે બે જણા જ છીએ. છોકરા બધાને આઠ-આઠ છે. પગાર એ પાંચસોનો લાવે છે, હોં! પાંચસોનો લાવે પણ આ સોમાં આપણે રોડવશું પણ અહીં ભેગું નથી રહેવું, લ્યો. એય..! વજુભાઈ!

એમ અહીં કહે છે કે અમે થોડે રોડવશું પણ અમારે રાગની ભેગું ચાલે એવું નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? અમારે ભાગ રાખવો નથી રાગ સાથે. કહો, ન્યાલચંદભાઈ! આહાહા..! ભાઈ, થોડો ભાગ રાખો. ના. હેરાન થઈશ. એનાથી અમારે ભાગ નથી રાખવો. અમને ભલે થોડો લાભ મળે એનાથી જુદા પડતાં. બહારમાં ન પંકાઈએ અને બહારમાં ન ગણાઈએ. પણ અમારે આમ પડવું છે, લ્યો. સમજાણું કાંઈ? રાગ હોય, શુભભાવ હોય, બહારની ક્રિયા થાય આહાહા..! અને આ પંકાય માણસો કે આહા..! કેવું કર્યું છે એણે! લ્યો!

'**ભેદજ્ઞાન પ્રગટ કરવાના...**' શું સિદ્ધાંતો પણ છે ને. આહાહા..! ભગવાન આત્માને એ રાગના ગ્રામ એટલે મોટો સમૂહ, વિકલ્પની જાળ બધી. એનાથી જુદું પાડવાના, એમ ભેદજ્ઞાન કરવાથી શુદ્ધ તત્ત્વનો અનુભવ થાય છે. '**શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી રાગના સમૂહનો વિલય...**' થઈ જાય છે. અહીં રાગના સમૂહનો વિલય થાય છે અને અહીં પ્રાપ્તિ આત્માની થાય છે, એમ કહે છે.

'**રાગના સમૂહનો વિલય કરવાથી કર્મનો સંવર થયો...**' પછી કર્મ આવતું નથી. કહો. સમજાણું કાંઈ? '**અને કર્મનો સંવર થવાથી, જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન...**' જ્ઞાનસ્વરૂપ આત્મા એમાં નિશ્ચળ થયેલું જ્ઞાનમાં જ્ઞાનમાં રમતું જ્ઞાન એ જ્ઞાન ઉદય પામ્યું- પ્રગટ થયું. લ્યો. રાગ અને વિકલ્પથી જુદો પાડતા આત્માને ભેદજ્ઞાન કરવાથી આત્માની પ્રાપ્તિ (થઈ). એને લઈને રાગના સમૂહનો વિલય (થયો), એને લઈને કર્મનું આવવું અટકી ગયું. આવવું અટક્યું એટલે ત્યાં આવવું અટક્યું એટલે અહીં આત્મામાં એકાગ્ર થયો.

'**કે જે જ્ઞાન પરમ સંતોષને...**' ભાષા જુઓ! પરમ આનંદને. સંતોષ એટલે અતીન્દ્રિય આનંદ. આહાહા..! '**(અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે,...**' લ્યો. એ આત્મા રાગથી ભેદજ્ઞાન કરી ભિન્ન પાડતાં આ આત્મા છે એની પ્રાપ્તિ થઈ, રાગનો નાશ થયો, કર્મ આવતા અટક્યા. અહીં આત્મા જ્ઞાનમાં ઠર્યો એટલે જ્ઞાન પ્રગટ થયું, એની સાથે આનંદ પણ આવ્યો. અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરતું જ્ઞાન પ્રગટ થાય છે. ભેદજ્ઞાન અતીન્દ્રિય આનંદને લેતું પ્રગટ થાય છે એમ કહે છે.

રાગ અને પુણ્ય-પાપના વિકલ્પો એ દુઃખ હતું. એ દુઃખ હતું. દુઃખથી જ્યાં ભેદજ્ઞાન

કર્યું એટલે આત્માની પ્રાપ્તિ થતાં રાગનો નાશ, દુઃખનો નાશ થતાં કર્મનું આવવું અટકતા આનંદની પ્રાપ્તિ જ્ઞાનમાં થાય છે. એમ કહે છે. આહાહા..! હવે આ ક્રિયા કહેવાય છે. એ.. દેવાનુપ્રિયા! આ ધાર્મિક ક્રિયા. પણ એ સૂઝ પડે નહિ. બહારનું સૂઝે આમ. એકાંત છે, એકાંત છે. પોકાર કર. એમ કરીને, જા. અહીં એકાંત આમ જ કહે છે, જો! છે કે નહિ એમાં? નિમિત્તથી થાય કે રાગના સહાયથી થાય એમાંનું કાંઈ નથી આવ્યું. એકાંત આવ્યું. એનાથી ભિન્ન પડતાં થાય તો એકાંત આવ્યું. અનેકાંત નહિ. થોડું એને રાખતા થાય અને થોડું ભિન્ન પાડતા થાય એમ આવ્યું? થોડું રાગની મદદ અને નિમિત્તની મદદથી ભેદજ્ઞાન થાય અને થોડું ભેદ પાડીને મદદ વિના થાય એમ અનેકાંત છે? પરથી ભિન્ન પાડતાં થાય અને પરને રાખીને થાય નહિ. એમ અનેકાંત છે. અનેકાંતનું ચાલ્યું હતું હમણાં ત્યાં. કોટા-કોટા. નહિ? એમાં આવ્યું હતું લખાણ. અનેકાંતનો અભ્યાસ.

'**बिभ्रत्तोषं परम**' લ્યો! આનંદથી પરમ ભરેલો આનંદ પ્રગટ થાય છે. રાગ છે તે દુઃખરૂપ છે, એનાથી આત્મા આનંદસ્વરૂપ છે તે રાગથી, દુઃખથી ભિન્ન પાડતા આત્મા પ્રાપ્ત થાય છે. હવે એ આત્મા પ્રાપ્ત થાય છે એટલે શું? કે આત્માને આનંદ પ્રાપ્ત થાય છે. એ તો વચ્ચે બે વાત કરી કે આત્માની ઉપલબ્ધિ થાય છે. એટલે પછી બે વાત કરી કે રાગનો નાશ થાય છે, કર્મનું આવવું અટકી જાય છે. એ બે વાત કરી. પણ આત્માની પ્રાપ્તિ થાય છે એટલે શું? આત્મા પ્રગટ્યો, દૃષ્ટિમાં-જ્ઞાનમાં આત્મા આવ્યો એટલે શું? કે પરમ આનંદ લેતો અનુભવ જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ?

'**त्तोषं**' સંતોષનો અર્થ કર્યો, લ્યો. પુણ્ય રાગનો ભાગ એ અસંતોષ છે, દુઃખ છે. એનાથી ભેદ પાડતાં અંતર્મુખ, બહિર્મુખના ભાવથી અંતર્મુખ વળતા, ભેદ કરતાં આત્માના જ્ઞાનનું ઉદયપણું પ્રગટ્યું. ત્યાં તેને અતીન્દ્રિય આનંદ લેતું જ્ઞાન પ્રગટ્યું. એને રાગનો નાશ થાય અને કર્મ આવતા નથી. એ તો નાસ્તિથી વાત કરી. અસ્તિથી આ. સમજાણું કાંઈ? અસ્તિથી આ. ઓલું તો નાસ્તિથી. રાગનો નાશ થયો અને કર્મ આવવું અટકી ગયું એ તો નાસ્તિથી વાત કરી. અસ્તિથી આ.

બહિર્મુખથી ઉત્પન્ન થયેલા વિકલ્પો ચાહે તો ગુણ-ગુણી ભેદનો વિકલ્પ હો તોપણ તે દુઃખરૂપ છે. એનાથી ભિન્ન પાડતાં આખો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ પૂર્ણ આનંદ, જ્ઞાન એને અંતરમાં દૃષ્ટિમાં લેતા પરથી ભિન્ન પડતાં આત્માની પ્રાપ્તિ થઈ. પણ એ જ્ઞાન કેવું પ્રગટ્યું? આનંદ લેતું પ્રગટ્યું. એમ કહ્યું. અસ્તિથી આ વાત છે. નાસ્તિથી વિકારનો અભાવ થયો અને પછી કર્મ આવતું નથી ને, એ બધી વ્યવહારની વાતું. સમજાણું કાંઈ? આવી તે ધર્મની કેવી રીત હશે આ? ભગવાનના ધર્મમાં આવો માર્ગ હશે? આમાં ક્યાંય કોઈ એવું આવ્યું

કે એકેન્દ્રિયને હણવા નહિ, કંદમૂળ ખાવું નહિ, રાત્રે ચોવીહાર કરવો, તિથિમાં પાંચ તિથિ, છ તિથિ પાળવી. એય.. મોહનભાઈ! એવી વાત હોય જૈનદર્શનમાં તો. એ હોય નહિ, કહે છે. ભાઈ! સાંભળને! આત્મા જે કાંઈ પરની ક્રિયાની પર્યાય થાય અને એમાં રાગ થાય. આ ન ખાધું, આ ન પીધું. એનાથી ભિન્ન પાડે ત્યારે આત્માની પ્રાપ્તિ થાય. એવા ક્રિયા દ્વારા અને રાગ દ્વારા આત્માની પ્રાપ્તિ થાય નહિ. સમજાણું? આત્માની પ્રાપ્તિ એટલે ધર્મ. આત્મા અમારે નથી પ્રાપ્ત કરવો, એક જણો કહે.

'**જેનો પ્રકાશ નિર્મળ છે...**' જ્ઞાન રાગથી ભિન્ન પડતા આત્માના જ્ઞાનનો ઉદય પ્રગટ થતાં જે પ્રકાશ નિર્મળ છે '**(અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી),...**' રાગથી ભિન્ન પડતાં રાગના સંબંધે જ્ઞાન મલિન દેખાતું. આત્મા મલિન દેખાતો. એમ. જ્ઞાન એટલે આત્મા. એ રાગના વિકલ્પથી અંતર્મુખના ભેદજ્ઞાન દ્વારા એ આત્માની પ્રાપ્તિ થતાં આનંદ થયો. એ જ્ઞાનમાં પ્રકાશ થયો, એ પ્રકાશમાં મલિનતા રહેતી નથી. કહો, સમજાણું?

'**જે અમ્લાન છે...**' કરમાતું નથી એમ કહે છે. કરમાતું નથી એટલે સમજાય છે? આ શાક લીલું તાજું આવે ને પછી કરમાય જાય ને થોડું? એક દિ' બે દિ' રહે ત્યાં. સૂકાઈ જાય. .. એની રગુ-બગું આમ સરખી આમ.. એક-બે દિ' થાય ત્યાં બધું ઢીલું પડી જાય, કરમાઈ જાય. કહે છે કે આ જ્ઞાન કરમાતું નથી. આ વળી. '**(અર્થાત્ ક્ષયોપશમથી કરમાયેલું-નિર્બળ નથી),...**' એમ. ક્ષયોપશમમાં તો થોડો જરી પરલક્ષે થયો હોય તો નિર્બળ તો એમાં કાંઈ કેટલા નિમિત્તો જોઈએ અને કેટલા સાધનો જોવે ને.. ઓહોહો..! ચશ્મા જોવે ને આહાહા..! ક્યાં ગયા? શાંતિભાઈ! બહાર બેઠા છે? ચશ્મા આવે તો સરખા ઉતરે નહિ. આંખ્યું ઉતારે તો સરખી ઉતરે નહિ. રજકણોનો પાર છે સામે? મોતિયો ઉતરાવે તો ચશ્મા ઝાંખો પડે છે. ઠંડીમાં ઠીક લાગે, ગરમીમાં તો ધૂંધળું ધૂંધળું લાગે. સાધનની કેટલી પરાધીનતા.

કહે છે કે એ ક્ષયોપશમજ્ઞાન તો કરમાયેલું નિર્બળ છે. સમજાય છે? આ તો '**સર્વ લોકાલોકને જાણનારું છે,...**' હવે કેવળજ્ઞાન સુધી લઈ ગયા. પણ એ જ્ઞાન પ્રગટ્યું છે એ એવું જ છે. સ્વથી પ્રગટ્યું ને. '**જે એક છે...**' ઓલામાં ક્ષયોપશમમાં તો ભેદ હતા. અનેકતા હતી. અનેકતા નહિ, આ તો એકરૂપ ચૈતન્યને અવલંબી શુદ્ધ દશા પ્રગટી. કેવળજ્ઞાન પ્રગટ્યું. છેલ્લો સરવાળો છે ને. '**અને જેનો ઉદ્યોત શાશ્વત છે...**' લ્યો! એ પ્રગટ્યો એ પ્રગટ્યું, હવે એ કરમાય નહિ. કેવળજ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું. હળવે-હળવે રાગથી ભિન્ન પડતાં પછી અસ્થિરતાથી ભિન્ન પડતાં, રાગથી ભિન્ન પડતાં સમ્યક્ થયું અને રાગની અસ્થિરતાથી ભિન્ન પડતાં સ્થિરતા થઈ અને સ્થિરતા થતાં કેવળજ્ઞાન થયું.

'**જે એક છે અને જેનો ઉદ્યોત શાશ્વત છે (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર**

**છે).**' હવે નાશ થાય એવો નથી. આત્માની દશા ક્ષાયિક કેવળજ્ઞાન થયું પછી એને શું? ક્ષયોપશમમાં ઉઘાડમાં થોડો ફેરફાર થાય. આ તો પૂર્ણ દશા છે. લ્યો, આ સંવરનું આ ફળ છે. સમજાણું? '**સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :-**' એમ છે ને માથે?

'**ટીકા :- આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.**' દશા પૂર્ણ થઈ ગઈ. હવે સંવર રહ્યું નહિ એમ કહે છે. સંવરથી કાર્ય થવું હતું એ થઈ ગયો. હવે સંવર નીકળી ગયો.

'**ભાવાર્થ :- રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો તેને જ્ઞાને જાણી લીધો તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.**' ભાંડનું કહે છે ને. દાખલો એવો આપ્યો હતો.

**ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,**
**રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય ઈમૈ દુઠ કર્મ રુકાહી;**
**ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહી,**
**યોં મુનિરાજ ભલી વિધિ ધારત કેવલ પાય સુખી શિવ જાહીં.**

'**ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ...**' રાગ અને પુણ્યથી ભિન્ન પાડીને આત્મામાં ભેદજ્ઞાનની કળા પ્રગટતાં '**શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,...**' ત્યારે અંદરમાં શુદ્ધ સ્વભાવની, સંવરની પ્રાપ્તિ થાય. '**રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય...**' મિથ્યાત્વ અને રાગ-દ્વેષની અસ્થિરતા સંવરની એકાગ્રતા થતાં ગળી જાય. એટલે ટળી જાય છે. '**દુઠ કર્મ રુકાહી;...**' જૂઠા ખોટાં કર્મ એ રોકાઈ જાય છે. એટલે કર્મ આવતા નથી.

'**ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ...**' જ્ઞાનનો પ્રકાશ ઉજ્જ્વળ થાય. '**બહુ તોષ ધરૈ...**' આનંદ પ્રગટે '**પરમાતમમાહી,...**' પોતાના સ્વરૂપમાં આનંદ અતીન્દ્રિય આનંદના આમ હરખજમણ થાય. '**યોં મુનિરાજ ભલી વિધિ ધારત...**' મુનિઓ આ રીતે પરથી ભિન્ન પાડવાની વિધિ ધરતા '**કેવલ પાય સુખી શિવ જાહીં.**' કેવળજ્ઞાન પ્રાપ્ત થઈને નિરુપદ્રવ શિવપદને પામશે.

'**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.**' પાંચમો અંક. અંક કીધો છે. પાંચમો અંક-પડદો. છે ને ઓલામાં? બહુ સરસ વાત. સંવરનો અધિકાર બહુ અલૌકિક! હવે સંવરપૂર્વક નિર્જરા કેમ થાય? સંવરપૂર્વક. આ તો અટકાવ્યું. હવે જૂના કેમ ખરે એની વિધિ દર્શાવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૭, શુક્રવાર તા. ૧૪-૦૭-૧૯૬૭**
**શ્લોક-૧૩૩, પ્રવચન-૨૭૬**

... ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. અને મિથ્યાત્વભાવને કારણે નવા કર્મો આવે છે. તો નવા આવે છે ત્યાં જૂના ટાળવાનો તો અવસર છે નહિ.

**રાગાદિકના રોધથી, નવો બંધ હણી સંત;**
**પૂર્વ ઉદયમાં સમ રહે, નમું નિર્જરાવંત.**

શું કહે છે? જે કોઈ ધર્માત્મા પોતાના આત્માને પુણ્ય-પાપના રાગભાવથી રહિત પોતાના સ્વભાવને અંતરમાં જાણીને '**નવો બંધ હણી સંત;...**' નવા કર્મને હણે છે અર્થાત્ નવા કર્મ આવવા દેતા નથી. '**રાગાદિકના રોધથી,...**' ભગવાન આત્મા આનંદ સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ એવી અંતરમાં આનંદની દૃષ્ટિ કરીને 'હું આનંદ છું' એવો અનુભવ કરીને. '**રાગાદિકના રોધથી,...**' અને આનંદથી વિરુદ્ધ દુઃખ જે રાગ-દ્વેષના પરિણામ છે એને ટાળે છે. અને '**નવો બંધ હણી સંત;...**' એને કારણે નવા બંધ થતો નથી. નવો આસ્રવ થતો નથી. કહો, શેઠી! ઝીણી વાત છે, ભાઈ! અનંત કાળ...

મુમુક્ષુ :- નવો બંધ થાય નહિ અને હણાય એમ લખ્યું છે.

ઉત્તર :- એ નવો બંધ હણે એટલે રોકે છે એમ, એનો અર્થ.

પછી કહે છે, '**પૂર્વ ઉદયમાં સમ રહે,...**' જે બંધ છે એનો ઉદય થાય એમાં સમતા રાખે એ નિર્જરા. નિર્જરા એટલે કાંઈ અશુભભાવથી નિર્જરા થાય એમ છે નહિ. આજે ચર્ચા આવી છે મોટી. શુભભાવ છે ને શુભ? દયા, દાન, ભક્તિ, વ્રત, તપના ભાવ થાય એ શુભ છે, પુણ્ય છે. ધર્મ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મ છે. આજે લખાણ આવ્યું છે. પહેલો અધઃકરણમાં શુભભાવ થાય પછી આમ શુભ થાય છે. એનાથી ગળતા ગળતા જુઓ, નિર્જરા થાય છે. અરે..! ભગવાન! શું કરે છે તું?

અહીં તો કહે છે કે ભાઈ! ચૈતન્ય વસ્તુ છે. ભાઈ! તને પ્રતીતમાં જ્યાં સુધી ન આવે કે આ તો આનંદસ્વરૂપ આત્મા છે. મારો આનંદ પુણ્ય-પાપના રાગમાં નહિ, શરીરમાં નહિ, ક્યાંય મારું હિત નહિ. મારું હિત મારા સ્વરૂપમાં આનંદ છે ત્યાં મારું હિત છે. એવી જ્યાં આનંદબુદ્ધિ સ્વમાં રુચિરૂપ પરિણમી છે એને મિથ્યાત્વથી આવતા નવા કર્મો આવતા નથી.

સંવર થાય છે. ૪૧ પ્રકૃતિનો તો સંવર થાય છે. એ ન સમજાય ૪૧ તો કાંઈ નહિ. કહો, સમજાય છે કાંઈ?

આત્મા પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ અને આનંદ છે એવી જ્યાં સુધી પ્રતીતિ નથી, ત્યાં સુધી અનાદિથી પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ એમાં હિતબુદ્ધિ, આનંદબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવને કારણે નવા કર્મ આવે છે. તો નવા આવે ત્યાં તો જૂના ટાળવાનો તો અવસર છે નહિ. શેઠી! આહાહા..! સમજાય છે?

'**પૂર્વ ઉદયમાં સમ રહે,...**' હવે પૂર્વે જે આત્માનું ભાન નહોતું ત્યાં જે અજ્ઞાનપણે બંધાયેલું કર્મ (હતું), એ કર્મના પાક કાળે ધર્માત્મા સમતા રાખે છે. હું તો જ્ઞાન છું ને હું આનંદ છું. એવી સમતામાં પૂર્વ કર્મનો ઉદય આવે છે એ ખરી જાય છે. '**પૂર્વ ઉદયમાં સમ રહે, નમું...**' એવા નિર્જરાવંતને હું નમસ્કાર કરું છું. કહો, સમજાણું કાંઈ? છે શ્લોક? છે? હિન્દી છે કે ગુજરાતી? હિન્દી. ઠીક. આહાહા..!

એનો અર્થ એમ થયો કે આત્મા શુદ્ધ ચિદાનંદ વીતરાગ અનાકુળ આનંદ સ્વભાવ છે. એવી દૃષ્ટિ જ્યારે થાય ત્યારે '**રાગાદિકના રોધથી,...**' ત્યારે રાગ મારી ચીજ છે એવી જે માન્યતા હતી અથવા એ રાગથી મને હિત હતું એવી માન્યતા હતી એ દૂર થઈ ગઈ. અને એને કારણે જે નવા કર્મો આવતા હતા એ રોકાઈ ગયા. રોકાઈ ગયા એ સમજાવવા (માટે કહે છે). હંતનો અર્થ રોકાઈ ગયા. આવવાનું જ ક્યાં હતું? ભાષા તો એમ જ કરે ને. સમજાણું કાંઈ? એ ચીજ આત્મા પહેલા સંવર અગ્રેસર થઈને નિર્જરા થાય છે એમ કહે છે. કહેશે ને અહીંયાં. કાર્યને યથાર્થ સંભાળીને. સંવરે પોતાનું સ્થાન અગ્રેસરપણે મુખ્ય થયું છે. સંવર વિના નિર્જરા થતી નથી. જ્યાં સુધી સંવર અંદરમાં સમ્યગ્દર્શન પ્રગટ થયા વિના ગમે તેટલી ક્રિયાકાંડ કરો પણ એમાં કર્મનો નાશ અને કર્મનો અભાવ કદી થતો નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**પૂર્વ ઉદયમાં સમ રહે,...**' બંધાયેલું કર્મ પૂર્વમાં અજ્ઞાનભાવથી હતું એ જ્યારે પાકમાં આવે છે ત્યારે દૃષ્ટિ તો પોતાના સ્વભાવ ઉપર છે. હું આનંદ છું, હું શુદ્ધ છું, હું પવિત્રતાથી પૂરો ભરેલો છું. એવી દૃષ્ટિ ધર્માત્માની છે. તેથી પૂર્વ કર્મમાં સમતા રાખે છે. એ સમતા નામ વીતરાગભાવ રાખે છે એનું નામ નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..!

'**પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે હવે નિર્જરા પ્રવેશ કરે છે.**' નિર્જરાની વ્યાખ્યા કરે છે. નાટક લીધું છે ને? નિર્જરાનો સ્વાંગ આવ્યો સ્વાંગ. '**અહીં તત્ત્વોનું નૃત્ય છે; તેથી જેમ નૃત્યના અખાડામાં...**' નૃત્યના મંચ પર '**નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે...**' આવે છે ને અખાડામાં? '**તેમ અહીં રંગભૂમિમાં નિર્જરાનો**

**સ્વાંગ પ્રવેશ કરે છે.**' લ્યો! આત્મામાં શુદ્ધતાનું ભાન સમ્યગ્દર્શન થયું એમાં પછી નિર્જરા થાય છે. એવો સ્વાંગ-શુદ્ધતાનો પ્રવેશ થયો એને જ્ઞાન જાણી લે છે.

'**હવે, સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણીને આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેને જ-નિર્મળ જ્ઞાનજ્યોતિને જ-પ્રગટ કરે છેઃ-**' લ્યો. આ મંગળિક કરે છે મંગળિક. માણેકસ્તંભ. એ મુખ્ય શ્લોક છે. ઉપર.

**रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः**
**कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुन्धन् स्थितः।**
**प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा**
**ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्छति।।१३३।।**

'**શ્લોકાર્થ :- પરમ સંવર,...**' પહેલો શબ્દ. પહેલો શબ્દ એમ લીધો છે. '**परः**' શબ્દ છે ને? એનો કર્યો છે ને '**परः**'? '**परः संवरः**' '**પરમ સંવર,...**' પરમ સંવર એટલે? પરમ સંવર એટલે શું? હાથ જોડીને બેસે અમારે આસ્રવ .... એ સંવર નહિ. આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વરે, તીર્થંકરદેવ ત્રિલોકનાથે જેવો આત્મા જોયો છે એવા આત્મામાં પુણ્ય-પાપના રાગથી ભિન્ન પોતાની દૃષ્ટિ કરીને શુદ્ધ શ્રદ્ધાનો અનુભવ કરવો, એનું નામ પરમ સંવર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પરમ આનંદનો અનુભવ થવો એ પરમ સંવર છે, એમ કહે છે, લ્યો. સમજાણું કાંઈ? શું સંવર? શું નિર્જરા? બસ. એક શાસ્ત્ર ભાષા થઈ ગઈ. આમ સંવર થાય, આમ નિર્જરા થાય છે. ભાઈ! સંવર-નિર્જરાની મહત્તા મોટી છે. એક સમયનો સંવર અનંત સંસારનો અંત લાવનાર છે. હું આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ અનંત ગુણ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એવી અંતર્મુખ થઈને પ્રતીતિ, ભાન, શ્રદ્ધા, અનુભવ થવો એનું નામ પ્રથમ સંવર, પરમ સંવર, સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**રાગાદિ આસ્રવોને રોકવાથી...**' આત્મા શુદ્ધ આનંદ છે એવી અંતરમાં દૃષ્ટિ થઈ, પોતાની શુદ્ધતાનું પરિણમન થયું. તો પર્યાયમાં-વર્તમાન દશામાં જે ત્રિકાળ આનંદ છે એ આનંદનું આસ્વાદ થયું. એ આસ્વાદનને અહીંયાં સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ અને સંવર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત મોટી. ભાઈ! તારું સ્વરૂપ જ મોટું છે ને. ભાન વિના, પોતાના નિજ સ્વરૂપના ભાન વિના ધર્મ ક્યાંથી થશે? ધર્મ કાંઈ બહારની ચીજથી થાય છે? કહો, સમજાણું કાંઈ? ધ્યાન લગાવવાનું કહો, ધ્યાન લગાવવાનું. પણ ધ્યાન કોનું? વસ્તુના ભાન વિના ધ્યાન-એમાં અકાગ્રતા ક્યાંથી થશે? શેઠી! ધ્યાન લગાવો ધ્યાન. શેના ધ્યાન પણ? ધ્યેય વસ્તુ શું છે એના ભાન વિના ધ્યાન થશે ક્યાંથી? આ ધ્યાનની વ્યાખ્યા

છે નિર્જરા.

પહેલા '**પરમ સંવર,...**' ભાષા જોઈ! પરમ સંવર. અનંત કાળમાં એક સેકન્ડ પણ થયું નહિ એવું સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ એ પરમ સંવર છે. એનું નામ પરમ આનંદનો અનુભવ, એનું નામ પરમ ધર્મ, એનું નામ પરમ સંવર. આહાહા..! સમજાણું કાંઈ? જેને આત્મા સિવાય કંઈ પણ પરપદાર્થમાં ક્યાંય પણ સુખબુદ્ધિ રહી જાય તો એનો અર્થ કે હિતબુદ્ધિ પરમાં છે. ત્યાં સુધી તેને મિથ્યાદષ્ટિપણાનો ભાવ છે અને મિથ્યાદષ્ટિનો આસ્રવ થાય છે. દર્શનમોહનો આસ્રવ થાય છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો સંવર અધિકાર પૂરો કર્યો અને નિર્જરા અધિકાર શરૂ કરવો છે. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે બિરાજમાન આત્મા છે. એમ અંતર્મુખ થઈને બહિર્મુખ રાગાદિની એકતા તોડીને સ્વભાવની સાથે એકતાબુદ્ધિનો અનુભવ થાય એનું નામ પ્રથમમાં પ્રથમ ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. ભારે જગતને. બહારથી કાંઈક થાય કે નહિ આવું? એમ કહે. આટલા વ્રત પાળીએ, અપવાસ કરીએ, જાત્રા કરીએ. શેઠી!

મુમુક્ષુ :- .. દૂર છે.

ઉત્તર :- દૂર છે? ના, બહાર નહિ, અંદર ભાવ કરે. ભાવ કરે અંદરમાં. એ તો..

મુમુક્ષુ :- અંદર ભાવ કરીને...

ઉત્તર :- ભાવ અંદરના નથી. એ બહારના લક્ષે ઉત્પન્ન થયેલા બાહ્ય ભાવ બહિરાત્મભાવ છે. આહાહા..!

કહે છે કે જેને પોતાનો શુદ્ધ ભગવાન આત્મા, કેવળજ્ઞાની પરમાત્માએ જેવો કહ્યો એવો. સર્વજ્ઞદેવ, જેની પહેલા કબુલાત થઈ ગઈ છે. સમજાણું કાંઈ? સંવર પ્રગટ કર્યોને એનો અર્થ શું? કે સર્વજ્ઞદેવ એ પહેલી પ્રતીતમાં આવ્યા છે. તો સર્વજ્ઞદેવે જેવો આત્મા કહ્યો, રાગ, વિકલ્પ દયા, દાનના રાગથી રહિત એવો એમણે કહ્યો છે અને પરિપૂર્ણ પોતાના સ્વક્ષેત્રમાં બિરાજમાન આત્મા છે. સમજાણું કાંઈ? બધા થઈને એક આત્મા નથી, એક આત્મા સર્વમાં વ્યાપક નથી. એક આત્મા પરના લક્ષે પ્રાપ્ત થતો નથી. સમજાણું કાંઈ? એવો આત્મા..

કહો! બાહુબલીજીની વાત કરી. ભાઈ! આવે છે ને બાહુબલીનું? ધ્યાનમાં હતાને બાહુબલીજી? આ આવ્યા, લ્યો. જઈ આવ્યા ત્યાં ભાઈ? કે દિ'? મદ્રાસ હતાને. ૫૭ ફૂટ. બે વાર ગયા હતા હોં અમે. ૫૭ ફૂટના બાહુબલી. પછી? શ્વેતાંબરમાં એમ આવે છે કે ત્યાં અટક્યા છે ને જરી? કે આ ભરતચક્રવર્તીનું રાજ છે એમાં ઊભો છું. એ વાત છે. આમાં બીજી વાત છે. પછી એને ભગવાન ઋષભદેવ એમની બે દીકરીયું હતી. એટલે બાહુબલીજીની બે બહેનો. એને મોકલ્યા. એમ કે આ કેમ કેવળજ્ઞાન થતું નથી? આટલું આટલું

ધ્યાનમાં રહે છે તોપણ. એમને ખ્યાલ છે કે આમ થાય ત્યારે થશે. મોકલ્યા. પછી એણે કહ્યું. આપણે બીજું લખ્યું છે. એમાં બીજા.. સૌને. શ્રીમદ્‌ના માનનારના ઓલા લખાણમાં આવ્યું ને શ્રીમદ્ એમ લખ્યું છે કે બે બહેનો ગઈ છે. એમ નથી આમાં ખરેખર.

ખરેખર તો એને એમ થઈ ગયું હતું કે આ ભરત ચક્રવર્તીને કંઈક દુઃખ થયું હશે? મોટા ભાઈને. બે વચ્ચે લડાઈ થઈને? એ જાતની અંદર ખટક રહી ગઈ, ખટક. અંદર સ્થિરતા જે જોઈએ કેવળજ્ઞાન લેવાની એમ ન થયું. સમજાણું કાંઈ? તો બાયું જઈને કહે છે ત્યાં. 'વીરા મોરા ગજ થકી ઉતરો, ગજ ચઢે કેવળ ન હોય રે.' બહેનો છે. 'વીરા મોરા ગજ થકી ઉતરો. ગજ ચઢે કેવળ ન હોય રે, વીરા મોરા ગજ...' ત્યારે વિચાર કરે છે કે આ શું કહે છે આ? ગજ નામ હાથી. આ કાંઈક કહે છે કે માનના હાથી ઉપર હું ચડ્યો છું. એમ વિચાર કરે છે. એવી શૈલી આવે છે એમાં. સમજાણું કાંઈ?

ભરતને મારાથી કાંઈક દુઃખ થયું લાગે છે, એટલો સંકલ્પ રહી જાય છે. એથી કેવળ પામી શકતા નથી. આત્માનું ભાન છે. નિર્જરા કરી શકતા નથી. એમ કહેવું છે. સમજાણું કાંઈ? એટલો પણ વિકલ્પમાં રોકાઈ ગયા તો જે નિર્જરા નામ કર્મનો અભાવ થઈને (થવી જોઈએ તે થતી નહોતી). અહીં નિર્જરાની વ્યાખ્યા બીજી કરશે. જુઓ! કળશટીકામાં. શું કરી ખબર છે? કર્મનું અકર્મરૂપ પરિણમન થવું તે. ભાઈએ કરી છે ને? ફૂલચંદજીએ કરી છે ને. ફૂલચંદજીએ એમ કર્યું છે. ત્યારે વાંધો ઉઠાવ્યો હતો ને ઓલાએ? કર્મના ક્ષયમાં. કર્તામાં. જ્ઞાનાવરણીયના ક્ષયથી કેવલજ્ઞાન થાય છે. ત્યારે આ કહે, જ્ઞાનાવરણીયનો ક્ષય થતાં તો એ પર્યાય બીજા અકર્મરૂપ પર્યાય ધારણ કરે છે. કર્મની પર્યાય ટળતાં. એમાં કેવળજ્ઞાન શી રીતે થાય એનાથી? એમ કહ્યું. તો આણે લખ્યું છે. નિર્જરાની વ્યાખ્યા જ એવી કરી. સમજાણું? અકર્મરૂપ.

... અધો નામ અહીંથી શરૂ કરીને નિર્જરા પૂર્વબદ્ધ કર્મના અકર્મરૂપ પરિણામ પ્રગટ થાય છે. આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપની દૃષ્ટિ કરીને જેમ મિથ્યાત્વ જેમાં રોકાઈ ગયો અને એને કારણે જે નવા અનંત સંસારના કારણ હતા એ રોકાઈ ગયા. સમજાણું કાંઈ? ત્યાર પછી સ્વરૂપમાં સ્થિરતા કરીને. અધુના.. એમ છે ને? '**निर्जरा व्याजृम्भते**' નિર્જરા પ્રગટ થાય છે.

ભગવાન આત્મા જેવો છે એવી પ્રથમ દૃષ્ટિ થાય પછી એમાં સ્થિરતાનો પ્રયત્ન કરે છે એનું નામ શુદ્ધિની વૃદ્ધિ-ભાવનિર્જરા કહે છે. અને પૂર્વના કર્મ છે એ ઉદય આવીને ખરી જાય છે. એ કર્મની પર્યાયરૂપ જે અવસ્થા હતી એ અકર્મ થઈ ગઈ. એને દ્રવ્યનિર્જરા કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મનો આસ્રવ...

ઉત્તર :- લ્યો, ઈ પણ સમજતા નથી? કર્મનો નાશ કર્યો એનો અર્થ શું? કર્મનો નાશ થાય છે? નાશ થાય છે કોઈ વસ્તુનો?

મુમુક્ષુ :- નીકળી જવું.

ઉત્તર :- નીકળી જવું એમ પણ નહિ. શું નીકળે? ત્યાં ને ત્યાં ભલે હો. નીકળી જવું પણ નહિ. જ્યાં છે ત્યાં ભલે રહે. પણ જે કર્મરૂપ અવસ્થા હતી ત્યાં શુદ્ધતા ઉપર એકાગ્ર થયો તો એ અવસ્થા કર્મરૂપ અવસ્થા પલટીને અકર્મરૂપ અવસ્થા થઈ. બીજી પરમાણુની અવસ્થા થઈ એનું નામ નાશ કર્યો એમ કહેવામાં આવે છે. મૂળ ઓલું પકડ્યું છે ને. કર્મ અહીં છે ઈ આઘા જાય. એમ છે જ નહિ. ખસે ક્યાં? ખસવાનો અર્થ શું? ... ઓલા કર્મ જાય ત્યારે નિર્જરા કહેવાય.

અહીં તો કહે છે કે આત્મામાં, જ્યારે શુદ્ધ આત્મા છે એવો અનુભવ આનંદનો થયો ત્યારે તો મિથ્યાત્વ રોકાઈ ગયું અને સંવર પ્રગટ્યો. એનાથી નવા કર્મ આવવાનું બંધ થઈ ગયું. એવો '**પરમ સંવર, રાગાદિ આસ્રવોને રોકવાથી...**' રાગાદિ, મિથ્યાત્વાદિ જે ભાવ છે એ નવા આવવા અટકી ગયા. '**પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને...**' દેખો! સંવર અગ્રેસર થયો. એવો અર્થ ક્યાંક લીધો છે. સમજાણું? ક્યાંક લીધો છે એવો શબ્દ. આમાં હશે? ક્યાંક લીધો છે ખરો. અગ્રેસર ક્યાંક કહ્યું છે ખરું. અગ્રેસર એવું આવે છે આમાં? શેમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એકલું. અગ્રેસર હોવાથી. એ ક્યાંક શબ્દ છે ખરો. ક્યાંક એવો શબ્દ છે. ક્યાં છે? ક્યાંક છે ખરું. અહીં છે, આમાં છે. આમાં છે. સંવર સ્થિત શબ્દ છે ને? આમાં છે જુઓ! 'સંવર અગ્રેસર થયો છે જેનો એવી છે નિર્જરા.' સંવર અગ્રેસર થયો છે એવી છે નિર્જરા. હું અગ્રેસર છું. રાગાદિ પુણ્ય મારા નથી એવી દૃષ્ટિ થઈ તો સંવર નિર્જરા કરવામાં પૂર્વના કર્મનો નાશ કરવામાં અને પોતાની શુદ્ધિની વૃદ્ધિ કરવામાં સંવર અગ્રેસર થયો છે. આમાં છે, હોં! ક્યાંક છે ખરું. સંવર સ્થિત સ્વરૂપ છે ને, ભાઈ! સંવર સ્થિત. સંવર સ્થિત આવે છે ને અંદર? જુઓને! સ્થિત. એનો અર્થ કર્યો છે. સમજાણું કાંઈ? વ્યાખ્યા એણે એવી અધ્યાત્મની કરી છે, કળશટીકા.

આત્મા જેવી વસ્તુ છે એવા પુણ્ય-પાપના રાગથી, ક્રિયાકાંડના રાગથી ભિન્ન ભાન થયું. એ ભાનમાં સંવર અગ્રેસર થયો કે હું અગ્રેસર છું. નવા કર્મ આવવા દેતો નથી. હું અગ્રેસર છું. સમજાણું કાંઈ? '**રાગાદિ આસ્રવોને રોકવાથી પોતાની કાર્ય-ધુરાને...**' સંવરની કાર્ય

ફરજ શું? કે નવા કર્મ આવવા દેવા નહિ. એ સંવરની ફરજ. કહે છે ને આ તમારે? ડ્યુટી-ડ્યુટી શું કહે છે કાંઈક? ડ્યુટી. અમલદારની ડ્યુટી હોય છે ને સૌની? ફરજ-ફરજ. સંવરની ફરજ એ છે કે નવા કર્મ આવવા દેવા નહિ એ સંવરની ફરજ છે. સમજાણું કાંઈ? એ ડ્યુટી એવું સાંભળ્યું હતું તે દિ'. (સંવત) ૧૯૬૩ની સાલ. અફીણની તકરાર થઈ હતી ને. હું ડ્યુટી ઉપર ઊભો હતો ને બધું ખોટે ખોટું ગપ. અફીણનું પોટલું. ખોટા આવી જ ગપ ઉડાવી. સમજ્યાને? એમ અહીં એવા ઉડાડે ખોટા. ડ્યુટી ઉપર હતો. તે દિ' મારી ઉંમર નાની ખરીને. ૧૭ વર્ષની ઉંમર હતી. ૬૩ની સાલ. ત્યાં એમ કે આવીને એના કુટુંબને બોલાવ્યા ને અફીણનું પોટલું લઈને નીકળેલા. ખોટે ખોટા. વાણિયાને પોટલા કેવા અફીણના? પણ ત્યાંનો ગોરો હોંશિયાર, હોં! ત્રણ હજારનો પગાર તે દિ', હોં! ૬૩ની સાલમાં ગોરાનો. શું કહેવાય એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વડોદરામાં બહાર હતો. ત્રણ હજારનો પગાર. તે દિ' હોં! ૬૩ની સાલ. અને એનો કારકુન. જ્યાં અમે ગયા અંદર કોર્ટમાં. તો કહે, આના મોઢા તો વાણિયાના. આ તો ખાનદાન માણસ લાગે છે. આ ગુનેગાર લાગતા નથી. એમ કહ્યું. અફીણનો ચોર અને પોટલી લાવે અને એના મોઢામાં દેખાતું નથી. કારકુને પહેલું કહ્યું હોય. સાહેબ આમ કહે છે. પછી પાછળથી કહ્યું, હોં! તે દિ' નહોતું કહ્યું. ઊભા ઊભા. તમે ઓલામાં ન આવો. પાંજરુ હોય ને? પાંજરામાં નહિ, બહાર ઊભા ઊભા. ત્યાં ને ત્યાં જવાબ આપો. પ્રશ્ન પૂછે. એ અંગ્રેજી બોલતો હતો. છેવટે ન બેઠું તો જ્યાં કેસ થયો ત્યાં કોર્ટ લાવી. પાલેજ. કોર્ટે ચૂકાદો આપી દીધો, બિનગુનેગાર છે. બિલકુલ કેસ ખોટો છે. એક પાઈની પણ.. અફીણ-બફીણ ક્યાં હતું? ... ખોટી છે. ૬૩ની વાત છે.

એમ આ પણ ખોટે ખોટા ગપ્પ મારે છે. રાગ-દ્વેષ આત્માના છે એમ મોટી ચોરી કરે છે આત્મા. એય..! એ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એની ડ્યુટી-એની ફરજ એ છે સંવરની. રાગ અને વિકલ્પ એ પુણ્ય-પાપ મારું સ્વરૂપ છે જ નહિ. હું તો આનંદ, જ્ઞાન સ્વરૂપ છું. એવી '**પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને (-પોતાના કાર્યને બરાબર સંભાળીને), સમસ્ત આગામી કર્મને...**' દેખો! ભવિષ્યની વાત છે ને પહેલી? '**સમસ્ત આગામી કર્મને અત્યંતપણે...**' ભરત ભરત. શું કીધું ઓલામાં ભરતને કીધું? ભરતને શું કીધું ત્યાં?

મુમુક્ષુ :- અતિશય.

ઉત્તર :- અતિશય તો આમાં આવ્યું. આને કાંઈક બીજું કીધું. મોટપ. મોટપ લઈને ઉભો છે. સંવર પોતાની મોટપ લઈને ઊભો છે. હું આત્મા આનંદ શુદ્ધ છું એવી દૃષ્ટિ

અને એવી એકાગ્રતા એ સંવર અગ્રેસર થઈને પોતાની મોટપ લઈને બેઠો છે. પોતાની મોટાઈ કોઈ લૂંટી શકે નહિ. એમ છે જ નહિ. સમજાણું કાંઈ? હજી વિધિની ખબર ન મળે, સંવર કેમ થાય અને નિર્જરા કેમ થાય. ધર્મ થાય છે. ધૂળમાંય ધર્મ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**અત્યંતપણે દૂરથી જ રોકતો ઊભો છે;...**' પોતાની મોટપથી. ભગવાન આત્મા હું જ્ઞાન અને આનંદ છું. મારામાં રાગ છે જ નહિ. એવી દૃષ્ટિ અને જ્ઞાન થયા છે તો અગ્રેસર થઈને નવા કર્મ આવવા દેતો નથી. એટલી સંવરની મોટપ અને અતિશયતા છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ. '**દૂરથી જ રોકતો ઊભો છે;...**' દૂરથી જ રોકતાનો અર્થ? ઉદયમાં જોડાતા નથી. સ્વભાવમાં એકાગ્ર થાય છે.

'**જે પૂર્વે (સંવર થયા પહેલાં) બંધાયેલું કર્મ છે...**' હવે આવ્યું. હવે આત્માનું ભાન થયું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ઉત્પન્ન થયા. પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે. ત્યારે નવા કર્મ છે એ તો રોકાઈ ગયા. પણ પૂર્વે અજ્ઞાનપણે જે બંધાયેલા કર્મ છે એને નિર્જરા કરીને દૂર કરે છે. અસ્થિરતા નાશ થઈને કર્મની પર્યાય કર્મમાં નાશ થાય છે. પાઠ કેવો છે, જુઓ! '**(સંવર થયા પહેલાં) બંધાયેલું કર્મ છે તેને બાળવાને...**' ભાષા આવી છે, જુઓ! શું છે? '**दग्धं**' '**दग्धं**' '**अधुना**' બાળી નાખે છે, કર્મને બાળી નાખે છે. શું કર્મને બાળી નાખે છે? લાકડીને બાળી નાખી, એનો અર્થ શું થયો? લાકડીની પર્યાય જે હતી એ રાખ થઈ ગઈ. લાકડીને બાળી નાખી એનો અર્થ શું થયો? લાકડી ભાગી ગઈ? લાકડીની પર્યાય જે લાકડીરૂપ હતી એ પરમાણુની એનો વ્યય થઈને ભસ્મની પર્યાય ઉત્પન્ન થઈ. એનું નામ લાકડી બાળી નાખી કહેવામાં આવે છે. એમ કર્મનો નાશ કરીને આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપમાં સ્થિર થઈને પૂર્વનું જે બંધાયેલું કર્મ છે એ ખરી જાય છે. એનો અર્થ પોતાની કર્મ અવસ્થાને પરમાણુએ ધારણ કરી છે તે અકર્મરૂપ અવસ્થા થઈ જાય છે. એનું નામ કર્મને બાળ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..! એ તો વાત જ એવી નવી લાગે માણસને. જૂની બધી સાંભળી હોય ને. શું કહે છે? નિર્જરા તો કર્મ આઘા ભાગી જાય. ભાગી ક્યાં ગરી ગયા છે અંદર એ? એ તો રજકણ ભિન્ન દ્રવ્ય છે.

પોતાના ચતુષ્ટયમાં કર્મના ચતુષ્ટય છે જ નહિ. આત્મા અરૂપી ચિદ્‌ઘન આત્મા છે. તો કર્મ તો જડ છે, રૂપી છે. તો રૂપીમાં આત્મા છે નહિ અને આત્મામાં રૂપી નથી. એ તો ભિન્ન ભિન્ન ચીજ પડી છે એક ક્ષેત્રે એકક્ષેત્રાવગાહ. ફક્ત અહીંયાં નિર્જરા કરવાનું નિમિત્ત પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન જ્યાં થયું, આત્મા જ્ઞાતાદૃષ્ટા વીતરાગ સ્વરૂપ છે એવી દૃષ્ટિ જ્યાં થઈ તો નવા કર્મ આવતા નથી. અને નવા કર્મ આવતા નથી અને સ્વભાવ તરફની એકાગ્રતા છે તો જૂના કર્મની અવસ્થા પલટી જાય છે. અહીંયાં અસ્થિરતાનો નાશ થઈને

સ્થિરતા વિશેષ થાય છે, કર્મની અવસ્થા પલટીને અકર્મ અવસ્થા થાય છે. તેને કર્મ બાળી નાખ્યા એમ કહેવામાં આવે છે. કહો, આ બધા અભ્યાસી કહેવાય. શું કહેવાય ઈ? નિશાળના માસ્તર-શિક્ષક છે કે નહિ શિક્ષક? તો શિક્ષકને અભ્યાસ ન મળે. શેઠિયાને ક્યાંથી હોય પછી? આ શિક્ષકો નવરા થયેલા હોય. એને તો છે નહિ. શેઠિયા તો બધા પૈસાવાળા હોય એટલે ધૂળધાણી ને વા પાણી. એય.. શેઠી! પૈસા ખર્ચો પચ્ચીસ લાખ, દસ લાખ, પાંચ લાખ, ધૂળ લાખ એમાં શું છે? તારા આત્મામાં શું આત્મલાભ થયો? એઈ..!

મુમુક્ષુ :- નહિ ખર્ચે.

ઉત્તર :- કહ્યું હતું. નહિ ખર્ચે કોણ? ખર્ચવાની દશા પરમાણુ જવાના હોય તો ગયા વિના રહેશે જ નહિ. કો'ક કહેતું હતું ને? દસ હજાર બાપા .. નોકર ન કહેવાય એ. શું કહેવાય? બાપા કહેવાય. બાપા! તમે એક દુકાન સંભાળો, એમ કીધું હતું. નોકર છે એમ કીધું હતું? બાપા! એક દુકાન સંભાળો. તમને મહિને દસ હજાર આપશું જાવ. પૈસા વાપરી નાખજો. વાપરવું ન વાપરવું પણ તું દસ હજાર આપે પછી પ્રશ્ન શું રહ્યો? એય.. મોહનભાઈ! આ આવા, લ્યો. એક દુકાન સંભાળો. એમ ન કહે કે નોકર તરીકે. એમ કહેવાય કે શેઠ છે, એના બાપ છે, એના સગા બાપ છે. બાપા! તમે દુકાન સંભાળજો. દસ હજાર મહિને આપીશ તમને. એય.. શેઠી! કહે કે બાપા! તમારા પુણ્ય પ્રતાપે મને આ થયું છે. આપ નિરાંતે રહો. અને મહિને દસ હજાર તમારે જ્યાં ખરચવા હોય તમને આપીશ. જાવ. એય.. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટી ક્યાં રહી? ઓલો કહે, નોકર તરીકે થયું. કામ કરો એમ કીધું.

વાસુદેવ હોય ને વાસુદેવ? ત્રણ ખંડના ધણી. આમ બેઠા હોય ને પિતાજી આવે તો ઊભા થઈ જાય. નહિતર રાજ તો એનું છે. મોટો ધણી તો ઈ છે. સમજાણું? ઊભા થઈ જાય. અર્ધ આસન આપે. પધારો.. પધારો.. પિતાજી! હું તો ત્રણ ખંડનો રાજા પ્રજાનો છું. આપનો તો પુત્ર છું. આપનો તો દીકરો છું. હું કાંઈ તમારો રાજા મોટો નથી. એટલી તો લૌકિકમાં સજ્જનતા, નૈતિકતા હોય છે. આ તો લોકોત્તર નૈતિકની વાત ચાલે છે.

આત્મા અખંડાનંદ પ્રભુ એવી અંતર દૃષ્ટિ થઈ તો સંવર પોતામાં અગ્રેસર થઈને નવા કર્મ આવવા દેતો નથી અને જૂના કર્મનો ઉદય આવે છે એ, આત્માના સ્વભાવનું લક્ષ છે, સ્વભાવ શુદ્ધ ચૈતન્ય તરફનો પ્રેમ છે, પોતાના આનંદમાં પોતાની રુચિ ઘુસી ગઈ છે તેથી પૂર્વના કર્મ આવીને ખરી જાય છે. એને નિર્જરા-કર્મને બાળી નાખ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..! આ કહે કે અપવાસ કરીએ તો નિર્જરા થાશે. ધૂળમાંય નહિ થાય,

સાંભળ તો ખરો. લાંઘણ છે તારી. એઈ..! ન્યાલચંદભાઈ! અહીં તો ભાઈ, છે એમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- એ તો લાંઘણ નથી ને?

ઉત્તર :- ઉપવાસનો અર્થ શું થયો? આત્માનું ભાન છે એ શુદ્ધ ચૈતન્ય એની ઉપ નામ સમીપમાં ઠરે છે-વાસ કરે છે એનું નામ ઉપવાસ કહેવામાં આવે છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે એમાં આહાર લેવાની ઈચ્છા ઉત્પન્ન નથી થતી એનું નામ ભગવાન ઉપવાસ કહે છે.

મુમુક્ષુ :- સવારે આવો નહોતો અર્થ કર્યો.

ઉત્તર :- સવારે નહોતો કર્યો. આ વધારે પૂછે છે એટલે કર્યો. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિયની જ્યાં રુચિ થઈ તો પોતાના અતીન્દ્રિય આનંદના ઉપ નામ સમીપમાં ઠરવું... ઠરવું... ઠરવું... જામવું અને આનંદનો ઉગ્ર અનુભવ લેવો, સ્વાદ લેવો એનું નામ ઉપવાસ અને નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી બધી લાંઘણ છે, લાંઘણ. લાંઘણ. વિષય કષાય આહારો ત્યાગો .. ઉપવાસો.. આવે છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. આમાં પણ એમ જ છે ને. એ જ શબ્દ હતા. વિષય કષાય, પરનો વિષયનો રાગ અને કષાયની આસક્તિ તૂટી અને સ્વભાવ તરફની સ્થિરતા જામે, આનંદનું આનંદનું ઉગ્રપણું એમાં આવે એને અહીંયાં ધર્મ અને નિર્જરા કહે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક મિનિટ કરે નહિ. કોણ કહે છે? ચાર પહોર કોણે કહ્યું? એક સેકન્ડનો સંવર કર્મનો અભાવ કરીને નિર્જરા કરે છે. કહો, પ્રવિણભાઈ! આહાહા..! ભગવાનનો એક સમય પણ ભેટો થયો અંદરમાં તો સંવર.. સંવર.. સંવર. અને જ્યાં સ્વભાવના આનંદ તરફનો ઝુકાવ છે ત્યાં કર્મનો ઉદય શું કરે? જોડાણ નથી તો ખરી જાય છે. ખરી જાય છે એને બાળી નાખે છે એમ કહેવામાં આવે છે. કર્મનો નાશ થઈ જાય છે. આહાહા..! પોતાની નિર્મળતાની વ્યક્તતા થાય છે-પ્રગટતા અને કર્મનો નાશ થાય છે. તેને અહીંયાં નિર્જરા, કર્મને બાળવું-સળગાવવું કહેવામાં આવે છે.

આત્માનું તો ભાન નથી ક્યાં રહેવું, ક્યાં ઠરવું અને કરે આઠ અપવાસ અને દસ અપવાસ. મહિનાના અને બે મહિનાના કરે છે કે નહિ? કરે છે. લાંઘણ છે. રાગ મંદ હોય તો મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાશે. સમજાણું કાંઈ? દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. મેં પરનો ત્યાગ કર્યો, મેં પરને ગ્રહણ કર્યું, મેં પરનો ત્યાગ કર્યો એનાથી મને લાભ થયો. પણ પરનો ત્યાગ તો છે જ.

તને લાભ શું થયો એમાં? રાગનો અભાવ થઈને સ્વભાવનો લાભ થાય તો તને લાભ થયો. સમજાણું કાંઈ? સ્વભાવ શું અને રાગનો અભાવ શું એની તો ખબર ન મળે અને મને લાભ થયો. સમજાણું કાંઈ?

કહે છે, '**કર્મ છે તેને બાળવાને હવે નિર્જરા (-નિર્જરારૂપી અગ્નિ-) ફેલાઈ છે...**' લ્યો! '**व्याजृम्भते**' '**व्याजृम्भते**' એટલે શું? પ્રગટે છે. લ્યો. સમજાણું? '**व्याजृम्भते**' ફેલાય છે, વિસ્તાર પામે છે. એમ. આત્મા.. પર્યાયમાં જે હજી સંવરનું પરિણમન અલ્પ હતું, એ ક્રમે ક્રમે એ પર્યાય ખીલે છે. પોતાની અવસ્થા ખીલે છે એને શુદ્ધ નિર્જરા કહેવામાં આવે છે. અને કર્મનો અભાવ થાય એને દ્રવ્યનિર્જરા કહેવામાં આવે છે. ખરેખર તો પોતાની શુદ્ધતા ખીલે એ નિર્જરા છે. પર્યાય છે ને.

આ વાતની વાત એવી છે કે જેને અંદર હજી આત્મા શું ચીજ છે? આત્માથી વિરૂદ્ધ ભાવ શું દુઃખરૂપ છે? અને જેનો સ્પર્શ પણ કદી કર્યો નથી એવા કર્મ અને શરીર શું છે? (એના ભાન ન મળે). રાગ અને દ્વેષને એક સમયમાં સ્પર્શ કર્યો છે. પર્યાયમાં, હોં. સ્વભાવનો સ્પર્શ તો એને છે જ નહિ. પરદ્રવ્યને તો કદી અડ્યો જ નથી. કર્મ અને શરીરને તો કદી અડ્યો જ નથી. શું સ્પર્શે? એ તો પરદ્રવ્ય છે. બે વચ્ચે અભાવભાવ પડ્યો છે. એક પદાર્થ અને બીજા પદાર્થ વચ્ચે અભાવભાવ છે. અભાવભાવ બીજાને ભાવરૂપ સ્પર્શ કેમ કરે? કહો, સમજાણું કાંઈ? એવું અંતરમાં ભાન નથી, પોતાની ઓળખાણ નથી, પોતામાં આ રાગાદિક નથી તો મેં કોનો ત્યાગ કર્યો? સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈને સ્થિરતા થાય છે તો રાગનો ત્યાગ કર્યો એ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું? '**રાગાદિકના રોધથી,...**' એટલે ઉત્પન્ન ન થયો તો રોકવાથી કહ્યું. બીજું શું છે? પહેલી લીટીમાં છે ને. પહેલી પંક્તિ. આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. એક પંક્તિમાં ઘણું ભર્યું છે. આ કથા-વાર્તા નથી.

ભાઈ! તારું સ્વરૂપ.. ત્યારે કરવું શું અમારે? સ્વાધ્યાય કરવો, સત્સમાગમ કરવો અને જેવી ચીજ છે એમ સમજણમાં લેવી. અને સમજીને સ્વભાવ સન્મુખનો પ્રયોગ કરવો. ત્યારે ઓલાએ કહ્યું જુઓ! પહેલું સમજવું એ શુભભાવ આવ્યો કે નહિ? આવ્યો કે નહિ? એમ કે શુભભાવ છે તો થયું. સાંભળને! આ તો નિર્ણય કરવાની વાત છે. આહાહા..! એક જ વાત નાખે છે ત્યાં. સ્વતંત્ર જગતના પ્રાણી છે. મોક્ષમાર્ગના કિરણોની ભૂલ કાઢી. આમ છે ને તેમ છે. લ્યો, એક કોર કહે, શુભથી બંધ થાય નહિ. બીજી કોર કહે કે જુઓ! આત્માનો વિચાર કરવો, મનન કરવું, એનાથી આત્મા.. જુઓ! એ શુભભાવથી લાભ થાય એમ કીધું. એને ને એને અર્થ કરવો છે ને. આહાહા..!

ભાઈ! એ ચીજ એવી છે કે એને વિકલ્પ જે બંધનું કારણ છે એ મારા સ્વભાવમાં નથી. તો નિરપેક્ષ દૃષ્ટિ થાય છે. રાગની મંદતાને કારણે દૃષ્ટિ થાય છે અને સંવર થાય છે એમ છે નહિ. સંવર કરવામાં રાગની મંદતા સાપેક્ષ છે અને મદદ કરે છે, કોઈ ટેકો દે છે, કોઈ આશ્રય દ્યે છે કષાયની મંદતા, એમ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. વાસ્તવિક તો ઈ તત્ત્વ શું છે એની મહત્તા જ આવતી નથી. કેમ કે દૃષ્ટિમાં એ કદી લીધું નથી. અને દૃષ્ટિમાં નથી પણ અનુમાનથી પણ આત્મા કેવો છે એમ પણ ખ્યાલમાં કદી લીધું નથી. બસ! બહાર... બહાર... બહાર.... બહાર.. આ બધું દેખાય. જેમાં દેખાય એ કેવડો છે અને કેવો છે એની ખબર ન મળે. આ દેખે.

ખરેખર તો દેખવાના કાળે પોતાની પર્યાય જ દેખવામાં આવે છે. શેઠી! શું એ ચીજ અહીં ઘૂસી જાય છે? અને એ સંબંધીનું અહીં આવે છે કાંઈ? પોતાની જ્ઞાનભૂમિકા-જ્ઞાનદશામાં જે ચીજ જણાય છે એ તો પોતાની જ્ઞાનપર્યાય જણાય છે. પરને અડતો નથી અને પર સંબંધીનું જ્ઞાન પોતામાં નથી. પોતા સંબંધીનું જ્ઞાન પોતામાં છે. સમજાણું કાંઈ? એવી જ્ઞાનની વર્તમાન દશા સ્વતંત્ર એ દશા દ્વારા જ્યારે ભગવાન આત્મા તરફ ઝુકવાથી જે સ્વભાવની એકતા થાય છે એનું નામ પ્રથમ સંવર અને સમ્યગ્દર્શન પરમ કહેવામાં આવે છે. કહો, સુમનભાઈ! આમાં તો સોંઘુ છે, હોં! દસ હજાર રૂપિયા મળે એમાં કાંઈ ન મળે, હોં અમારે. દસ હજારનો પગાર મોટો. એય.. ભાઈ! તમે આવતા હતા. આહાર કરવા વખતે સંભાર્યા હતા. ત્યાં સુમનભાઈ યાદ આવ્યા. ત્યાં આવ્યા અને આવ્યા તરત. ઓલો દસ હજારનો આંકડો આવ્યો ને બે સરખે સરખો? ધૂળમાંય નથી દસ હજાર અને લાખમાં. એ તો માટી ધૂળ છે. અને એ ક્યાં અહીં આવી જાય છે? એમાં આવે છે? મને મળ્યા એવી મમતા આવી એની પાસે. સુમનભાઈ! રાગ થાય. વાત સાચી. રાગ, રાગ થાય. આહાહા..!

પોતાના સ્વરૂપનું મૃત્યુ કરે. રાગ રહિત આત્માનું જીવન સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની અસ્તિનો સ્વીકાર નથી અને રાગના અસ્તિત્વનો સ્વીકાર છે. ચૈતન્યના સ્વીકારનો અભાવ (એમાં) ચૈતન્યનું મૃત્યુ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગની કિંમત કરી પણ રાગ રહિત મારી ચીજ શું છે એની કિંમત કરી નથી. રાંક-રંક જાણે હું તો કંઈ છું જ નહિ. આહાહા..! શુભરાગ કર્યો, બસ. આહાહા..! સમજાણું કાંઈ?

એક કથામાં એવું આવે છે. મેં બહુ .. કર્યા છે. એક ડોશી હતી ને. એવી વાત આવે છે ને બોકડાની. ડોશી હતી તે પાણી ભરવા ગઈ. કૂવા-કૂવામાં. તો કૂવામાં પાણી ભર્યું ત્યાં એક બોકડો આવ્યો. બોકડો સમજો છો? બકરો. તો એને તરસ લાગી. તો ડોશી પાણી ભરતી હતી અંદરથી. એને થયું, ત્યાં નાખું તો મને વાર લાગશે. સમજ્યાને? બકરાને નાખ્યો

કૂવામાં કહે નિરાંતે પાણી પીવે. બકરાને નાખ્યો કૂવામાં. મને વખત લાગશે, હું તો ડોશી વૃદ્ધ છું. મારે એક ઘડો ભરવાનો છે. ઈ પાવું એને ઘડો ભરીને, વળી પાછું બીજું મારે કાઢવું પડે. નાખ્યો (કૂવામાં). ખુશી થઈને ઘરે આવી. ક્યાં ગયા હતા? પાણી ભરવા ગયા હતા. બહુ ખુશી-ખુશી. ઓહો..! આ જ તો મારા મનડાં જાણે મેં કર્યા પુણ્યડા. મેં કર્યા પુણ્યડા એનું જાણે મારે મનડા. આ તે શું છે? શેઠી! શું હશે આ? મારા મનડાં જાણે કે મેં પુણ્યડા કર્યા. શું કર્યું? એક ઘેટાંને બહુ તરસ લાગી હતી તો મેં કૂવામાં નાખ્યું. પછી શું થયું? એ ગમે તે થયું પણ પુણ્ય તો કર્યું મેં ઘણું. કહો, સમજાણું કાંઈ?

એમ પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય જ્યોત આનંદનું જીવનથી જીવનારો આત્મા છે. એને રાગથી જીવે છે એમ માનીને હોંશ કરવી કે મેં કર્યું. પવિત્ર આત્માનો ધર્મ કર્યો. સમજાણું કાંઈ? પણ ઘણાંને ભાન ન મળે તો એમ થાય કે ઓહોહો..! મેં તો પુણ્ય કેટલા કર્યા? શેઠી! તમારા ગોદિકાને કહ્યું હતું, હોં! આ સોળ લાખ તમે ખર્ચ્યા તો શું થયું? તમે ખર્ચ્યા નથી. તમે શું કર્યું? કીધું.

મુમુક્ષુ :- આપે કીધું પણ એને તો...

ઉત્તર :- ના, એણે કબલુ કર્યું. મહારાજ! મેં શું કર્યું છે? હું શું કરું? રાગની મંદતા થઈ હોય શુભભાવ. એ ક્રિયા તો પરથી થઈ. તારાથી ક્યાં થઈ છે ઈ? હું ક્યાં કરું છું? ગોદિકા. અમને શું થયું? ... બહારના પદાર્થની અવસ્થા આત્મા કરી શકે છે?

મુમુક્ષુ :- કોણે બોલાવ્યા હતા?

ઉત્તર :- કોઈએ બોલાવ્યા નથી. એની મેળાએ આવ્યા. ચીમનભાઈ! તમે આવ્યા નહોતા. અઢાર હાથી. વરઘોડામાં અઢાર હાથી હોં! મોટો વરઘોડો પચ્ચીસ ત્રીસ હજાર માણસનો. અને જ્યાં વરઘોડો પૂરો થયો. વરઘોડો સમજ્યાને? રથયાત્રા. એક સાથે અઢાર હાથી. આવ્યા સલામ કરી. અમારો રથ ઊભો રહ્યો ને ત્યાં. હતા તમે? રથ ત્યાં ઉભો રહ્યો. ભગવાનના રથમાં બેઠા હતા. અઢાર હાથી આમ સૂંઢ કરી. એ શીખેલા બધા. .. એ કરી શકે છે? સૂંઢ ઊંચી હાથીનો જીવ કરી શકે? એય..! ભગવાનનો માર્ગ કોયડો કઠણ છે, ભાઈ! એ સૂંઢ એમ કરી ત્યાં એનો વિકલ્પ આવ્યો અને ઓલા મહાવતે કરી માટે સૂંઢ આમ કરી શકે છે? ભાઈ! તને ખબર નથી. એ અનંતા પરમાણુનું પરિણમન એને કારણે સ્વતંત્ર થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એને હું કરું ત્યાં સુધી બેની એકતાબુદ્ધિ છે. એનાથી પર છું તો એણે માન્યું નહિ.

પરથી જુદાં માને તો પરની ક્રિયા મારાથી કદી થતી નથી. એમ થાય. અને પરથી જુદો છું... જુદો છું અને હું પરની ક્રિયા કરું છું, તો એણે બેને એક માન્યા. પરથી જુદો તો

માન્યો નહિ. સમજાણું કાંઈ? એમ રાગથી લાભ માને તો રાગથી ભિન્ન છું એમ માન્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા..! અજીવની અનંતા પરમાણુની પર્યાય એ કાળે અવસ્થા થાય છે. આત્માના વિકલ્પ શુભભાવથી થતી નથી. પ્રવિણભાઈ! કહો. ભારે આકરું કામ. વળી કહે કે હું આત્મા જુદો છું. જુદો છો તો જુદાની ક્રિયા તું કરી શકે એમ લાવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? અને કોઈ કહે કે હું આસ્રવથી ભિન્ન આત્મા છું. તો આસ્રવથી ભિન્ન છું એમ તેં માન્યું તો આસ્રવ રાગથી લાભ થાય એમ માન્યું કઈ રીતે?

મુમુક્ષુ :- મંદ આસ્રવથી લાભ.

ઉત્તર :- ધૂળેય લાભ નથી. મંદ આસ્રવ હોય તો એ તો આસ્રવ છે, ભિન્ન તત્ત્વ છે. તો નવ તત્ત્વ ક્યાં રહ્યા? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ. તો આસ્રવ તત્ત્વ ભિન્ન છે, ભગવાન ભિન્ન છે આત્મા અંદર. મોહનભાઈ! ભારે કોયડો કઠણ જગતને પડે. આ બધું કરે અને કહે.. પણ કોણ કરે છે? સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો થવાનો હોય એ થાશે. ત્યાં ક્યાં મલૂકચંદભાઈ કરતા હતા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં સુધી? આહાહા..! કોણ કરે? બાપુ! એક રજકણનો પરમાણુ પણ સ્વતંત્ર હલે ચલે એમાં આત્માનો અધિકાર હોય તો તો બે એક થઈ જાય. આહાહા..! તો અજીવથી જીવ હું ભિન્ન છું અને જીવથી અજીવ ભિન્ન છું, એમ રહ્યું ક્યાં? એય.. હિંમતભાઈ! આહાહા..! જુઓ!

'**નિર્જરા ફેલાય છે...**' ભગવાન આત્મા શરીરાદિ કર્મથી જડથી ભિન્ન અને પોતામાં કર્મના સંગથી ઉત્પન્ન થનારા શુભ-અશુભ રાગ, પુણ્ય-પાપથી ભિન્ન છું, એવું ભાન થયું તો સંવર થયો. એ વિના સંવર ક્યાંથી થાય? કર્મ રોકનારી દશા, રાગ મારો છે (એમ માને) તો તો કર્મ આવનારી દશા થઈ. રાગ મારો છે એવી માન્યતા અને રાગ મારો ત્યાં તો કર્મ આવવાનું આસ્રવતત્ત્વ થયું એ તો. સંવર ક્યાં થયો એમાં? સમજાણું કાંઈ? રાગનો વિકલ્પ અને શરીરાદિ બધું. બધાથી મારી ચૈતન્ય ભૂમિકા, ચૈતન્ય સ્વભાવ નિરાળો.. નિરાળો.. ભિન્ન ભિન્ન શુદ્ધ છે. એવી સંવરદશા અગ્રેસર થઈને પૂર્વના કર્મના ઉદયને બાળવામાં-ભસ્મિભૂત કરવામાં સમર્થ થાય છે. આત્માની શુદ્ધ દશા. સમજાણું કાંઈ?

નિમિત્ત નૈમિત્તિક સંબંધ છૂટી ગયો. મારો સંબંધ શુદ્ધ સ્વભાવ સાથે છે. સ્વભાવનો સંબંધ દ્રવ્ય સાથે છે. એવી દૃષ્ટિ થઈ. ત્યારે એવી દૃષ્ટિમાં કર્મના ઉદયનું નિમિત્ત નૈમિત્તિક સંબંધ રહેતો નથી. ઉદય આવે નિમિત્ત સંબંધ રહેતો નથી. નિમિત્ત સંબંધ તૂટી જાય છે.

સ્વભાવ તરફ એકતા થાય છે. એનું નામ નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડી સમજણ હોય, વિશેષ ન હોય પણ આ મૂળ રકમના ભાન વિના એનું કદી કલ્યાણ થતું નથી.

'**કે જેથી જ્ઞાનજ્યોતિ નિરાવરણ થઈ થકી...**' દેખો! ભગવાન આત્મા ચૈતન્યનો સૂર્ય પ્રભુ, પ્રકાશનું પુર આત્મા. એ જે રાગ મારો છે એવી પરિણતિ-અવસ્થા રોકાઈ ગઈ હતી, એ 'રાગ હું નથી, હું તો શુદ્ધ આનંદકંદ છું' એવી દૃષ્ટિ થઈ તો સંવર તો થયો. હવે આત્મામાં જે તરફ માન્યું હતું એ તરફનો ઝુકાવ વૃદ્ધિ થઈ તો જ્ઞાનનો પ્રકાશ વધ્યો. જ્ઞાન શબ્દે આત્માની દશા શુદ્ધિની વૃદ્ધિ થઈ. એ શુદ્ધિની વૃદ્ધિ થઈ એનું નામ ખરેખર નિર્જરા કહેવામાં આવે છે. શુદ્ધઉપયોગ તે નિર્જરા. આહાહા..!

ટીકામાં આવે છે ને નિર્જરા, નહિ? પંચાસ્તિકાયમાં. શુભભાવ તે નિર્જરા? બીજે લખ્યું હોય નહિ ક્યાંય. લખે શું? લખ્યું ઓલા નિમિત્તનું જ્ઞાન કરાવવા લખ્યું હશે. (તો એમાં) વળગ્યો. ભગવાન! ભાઈ! ભૂલ થશે. પ્રભુ! એ અજ્ઞાનપણું મોટો દોષ છે. મને ખબર નથી એમ નહિ ચાલે ત્યાં. મને ખબર નહોતી કે આવો માર્ગ છે. નિરાલંબી માર્ગ મને ખબર નહોતી. નથી ખબર શું? અજાણતા ઝેર પી જાય તો નથી મરતો? મને ખબર નહોતી કે આ પ્યાલો ઝેરનો હતો. મરી જાય છે કે નહિ? એમ આત્માનો શું સ્વભાવ છે? શું વિકાર છે? શું સંયોગ છે? પૃથક્કતાની અમને ખબર નથી. અમે તો એનાથી લાભ માનતા હતા કે એ શુભભાવથી થશે. ખબર નથી એ તો મોટું અજ્ઞાન છે. એ મોટું પાપ છે. પોતાનું સ્વરૂપ જેવું છે એમ કિંમત ન કરતાં બીજાની કિંમતમાં પોતાના આત્માની કિંમત માની લે એ મોટું પાપ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના સ્વરૂપ શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ થઈને સંવર પ્રગટ થયો અને પછી શુદ્ધતા પ્રગટ થાય છે અંદરમાં ધ્યાન એકાગ્ર થઈને. એ શુદ્ધિની (વૃદ્ધિ કરે છે ઈ) જ્ઞાનનો પ્રકાશ થયો. '**જ્ઞાનજ્યોતિ નિરાવરણ થઈ...**' જ્ઞાનજ્યોતિ જે રોકાયેલી હતી, એ સ્વભાવમાં આવવાથી '**નિરાવરણ થઈ થકી...**' સમજાણું કાંઈ? '**રાગાદિ ભાવો વડે મૂર્છિત થતી નથી-**' .. જે સ્વભાવની સ્થિરતા થઈ એ પછી રાગમાં એકાકાર થાય છે તો અસ્થિરતા થાય છે, એવી (અસ્થિરતા) થતી નથી. કહો, સમજાણું કાંઈ? એક એક વાત એવી નિરાલંબ વાત. અને બહારમાંથી લેવું કાંઈક કાઢીને. ધૂળમાંય નથી ક્યાંય. જ્યાં છે ત્યાં એને ભાસતું નથી. નથી ત્યાં એને ભાસે છે.

ભગવાન આત્મા શુદ્ધ આનંદના ભાનમાં... કહે છે કે એ પોતાની શુદ્ધિ વધતી જાય છે અને કર્મના પરમાણુ ખરી જાય છે. એને અહીંયાં નિર્જરા-નિ-વિશેષે ઝરવું. અશુદ્ધતાનો

નાશ થવો, નાસ્તિથી. કર્મનો નાશ થવો પરદ્રવ્યનો, એ વ્યવહારથી. શુદ્ધતાની વૃદ્ધિ થવી એ યથાર્થ છે. સમજાણું કાંઈ? એનું નામ નિર્જરા છે. સંવરમાં શુદ્ધતા થઈ પછી નિર્જરામાં વિશેષ શુદ્ધતા થાય, મોક્ષમાં પૂર્ણ શુદ્ધતા (થાય). બસ! એ શુદ્ધતાના ત્રણ ભંગ છે. સંવર, નિર્જરા અને મોક્ષ. પોતાની શુદ્ધતા તો પરિપૂર્ણ છે અંદર. પણ પરિપૂર્ણમાં દૃષ્ટિ થઈને જ્યાં સંવર સમ્યગ્દર્શન થયું પછી શુદ્ધતામાં એકાગ્ર થઈને વિશેષ શુદ્ધતા થઈ એ નિર્જરા. પૂર્ણ શુદ્ધતા થઈ એ મોક્ષ. એ તો પછી વાત કરે છે. કર્મ નિર્જરી અકર્મ થાય છે. એ તો નિમિત્ત નૈમિત્તકથી વાત છે.

**'રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી-'** કોણ? જ્ઞાનજ્યોતિ. ચૈતન્ય પ્રકાશ પછી રાગના અંધારામાં આવતો નથી. પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા થઈને કદી અસ્થિરતા થતી નથી.

**'ભાવાર્થ :- સંવર થયા પછી નવાં કર્મ તો બંધાતા નથી. જે પૂર્વે બંધાયાં હતાં તે કર્મો જ્યારે નિર્જરે છે ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી જ્ઞાન એવું થાય છે કે ફરીને રાગાદિરૂપે પરિણમતું નથી-'** મૂર્છા થતી નથી એનો અર્થ ઈ. રાગરૂપે પરિણમતો નથી. સ્વભાવરૂપ જ્યાં અંદર દૃષ્ટિ કરીને સ્થિરતા થઈ પછી રાગરૂપ થતો નથી. **'સદા પ્રકાશરૂપ જ રહે છે.'** એવો ને એવો આનંદરૂપ રહે છે. એનું નામ કેવળજ્ઞાન અને મુક્તિ કહેવામાં આવે છે. પણ એ સંવર પ્રગટે તો નિર્જરા થાય તો પૂર્ણ પ્રકાશ પ્રગટે. સંવર વિના નિર્જરા નહિ અને નિર્જરા વિના મુક્તિ નહિ અને મુક્તિ વિના આનંદ પૂર્ણ નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૮, શનિવાર તા. ૧૫-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૯૩-૧૯૪, પ્રવચન-૨૭૭**

આ સમયસાર નિર્જરા અધિકાર છે. એમાં પહેલી ગાથા ૧૯૩. ૧૯૩ ગાથા છે. જુઓ, શું કહે છે? દ્રવ્ય નિર્જરાનું એટલે કર્મને ખરવાનું સ્વરૂપ. કર્મ કોને ખરે છે ક્યા પ્રકારે? એની વ્યાખ્યા ચાલે છે. પહેલી ગાથા.

**उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं।**
**जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं।।१९३।।**

નીચે હરિગીત.

**ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે**
**જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.**

**ટીકા :-** શું કહે છે? '**વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે...**' પહેલી લીટી. ધર્મી જે કહેવાય છે એ ધર્મી કેમ થાય છે? કે આ આત્મા વસ્તુ છે. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ જોયેલું આ તત્ત્વ છે. એ આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એવું જેને શરીર, કર્મ આદિ અજીવ પદાર્થ અને પુણ્ય-પાપ આદિ વિકારી ભાવ, એનાથી રહિત છે એવો અંતરમાં દૃષ્ટિ, અનુભવ થયો છે એને સમ્યગ્દૃષ્ટિ અને એને ધર્મી કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? આ આત્મા છે આત્મા. એ બધી વાત આવી ગઈ છે અહીં તો હવે નિર્જરા (કહે છે). ધર્મીને કર્મ ખરે છે ક્ષણે ક્ષણે. કેમ? કે ધર્મી જીવની દૃષ્ટિ આત્મા, રાગ વિનાનો આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે એના તરફની સન્મુખતાની દૃષ્ટિને લઈને જે કંઈ કર્મનો ઉદય આવે એ બધો સ્વભાવ સન્મુખને કારણે ખરતો જાય છે. એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**વિરાગી...**' વિરાગીનો અર્થ કે આ આત્મા,... આ દેહ તો જડ છે માટી. અને કર્મ છે અંદર એ પણ અજીવ જડ છે. એ આત્મામાં છે નહિ. આત્મા તો એનાથી રહિત છે. અને આત્મા વિરાગી. વિરાગી એટલે જે રાગ છે, પુણ્ય-પાપનો રાગ છે એ આત્મામાં-વસ્તુમાં નથી. .. સમજાય છે કાંઈ? વિરાગી એને કહીએ કે જેને આત્માના શુદ્ધ સ્વરૂપના આનંદના હોવાપણાનું અંતરમાં ભાન થયું છે અને તેથી તે પુણ્ય-પાપના રાગાદિ પરપદાર્થથી અભાવસ્વભાવરૂપ જેનું પરિણમન છે. સમજાણું કાંઈ?

ધર્મી એને કહીએ અને સમ્યગ્દૃષ્ટિ એને કહીએ. આ વિરાગી શબ્દમાંથી અર્થ થાય છે.

વાત આમથી લીધી છે પણ આમ એનો વસ્તુ જે છે આત્મા સિદ્ધ સમાન જ્ઞાયક આનંદકંદ. સમજાણું? આ પદ હમણાં યાદ આવ્યું હતું અંદરમાં.

કાયાની વિસારી માયા સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.

આ ભગવાન આત્મા, પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરે આ આત્માને કર્મ, શરીર અજીવથી જુદો જોયો છે અને એમાં થતાં પુણ્ય-પાપના વિકારો રાગ જે છે આસ્રવ એને શાસ્ત્રકાર કહે છે. એથી જુદો છે. ત્યારે જુદો છે એમ જેણે જુદો જાણ્યો છે, એ જુદો જાણ્યો છે એટલે કે જેની દૃષ્ટિ રાગ અને કર્મના સદ્‌ભાવથી ભિન્ન પડીને અંતરના શુદ્ધ સ્વભાવને અવલંબે એકાકાર થયો છે, એ રાગ ને અજીવથી ભિન્ન પડ્યો એવો ભગવાને જોયો એવો એણે માન્યો છે. સમજાણું કાંઈ? એવા જીવને અહીંયાં વૈરાગી કહેવામાં આવ્યા છે.

કેમ કે એ સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવને કોઈ શરીરના લક્ષ્મી આદિ સાધનો એમાં સુખબુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. સમ્યગ્દૃષ્ટિ, વીતરાગે કહ્યો એવા આત્માને અંતર જાણ્યો અને અનુભવ્યો એવા ધર્મી જીવને ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો પણ એને ક્યાંય પુણ્ય-પાપના ભાવમાં કે એના ફળમાં ધૂળ આદિ-આ લક્ષ્મી આદિમાં ક્યાંય એને સુખબુદ્ધિ હોતી નથી. સમજાય છે કાંઈ? એથી એને વિરાગી કહેવામાં આવ્યો છે. પહેલો શબ્દ છે એ.

પોતાના હોવાપણાના આનંદ સ્વભાવને પૂર્ણ રીતે ભરેલો આત્મા, મારો આનંદ મારામાં છે. મારું સુખ મારામાં છે. એવું જેણે રાગનો અભાવસ્વભાવરૂપ, પરના અભાવસ્વભાવરૂપ એવો આત્મા પોતાના આનંદ સ્વભાવસહિતરૂપ અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ્યો, જાણ્યો છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ અને વિરાગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**વિરાગીનો ઉપભોગ...**' આ તો લોકોની દૃષ્ટિથી કથન કરે છે, હોં! ઉપભોગ એને છે જ નહિ ખરેખર તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરદ્રવ્યનો ઉપભોગ છે નહિ. અહીં તો એ કહે છે. ઇન્દ્રિયો સંબંધીના સાધનો એને ઉપભોગ કરે છે એ તો ઓલા લોકો દેખે છે એ દૃષ્ટિએ વાત કરી.

ધર્મીની દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હો કે ત્યાગી મુનિપણામાં હો, પણ ધર્મીની દૃષ્ટિ તો આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ છે, એમાં એની લગની અને લીનતા લાગી છે. સમજાણું કાંઈ? તેથી એને વિરાગી (કહ્યો છે). બાહ્ય ઇન્દ્રિયોના કર્મના ઉદયે મળેલી સામગ્રી, એના લક્ષમાં જરી રાગાદિ થાય, પણ ખરેખર એ રાગ અને પર તરફથી તો ઉદાસ જ છે. સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં નથી આવતું આ સજ્ઝાયમાં? ભરત ઘરમાં વૈરાગી. પ્રભુ ઋષભદેવનો પુત્ર

ભરતચક્રવર્તી. છ ખંડ જેને ઘરે. છન્નું હજાર જેને ઇન્દ્રાણી જેવી અપ્સરાઓ જેવી રાણી. અરે..! આ હું નહિ, હોં! હું તો અંતર આત્મા વસ્તુ છું અમૂર્તિક. અસંખ્ય પ્રદેશી ગુણનો પુંજ વસ્તુ છું. એ વસ્તુમાં આ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો પુંજ વસ્તુ, એમાં તો આનંદ ને શાંતિ ને જ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટે એવી અનંતી શક્તિ પડી છે. એ તો એની શક્તિ સ્વપર પ્રકાશે પૂર્ણ એવો જ એનો સ્વભાવ છે. અને એમાં આનંદ છે. એવી સમ્યગ્દષ્ટિ ધર્મીને પહેલી શરૂઆતમાં આત્મસ્પર્શ એટલે આત્મઅનુભવ થયો છે એથી એને સંયોગમાં વૈરાગ્ય છે. કહો, શેઠી! શરીરાદિ મડદાં છે. જડ છે, મડદાં છે. આ તો માટી છે. અને સાધનો જડ મળે એ પણ માટી ને ધૂળ છે. લક્ષ્મી હો અબજો રૂપિયા, ચાહે સો નિર્ધનતા (હો), એની સાથે સમ્યગ્દષ્ટિને કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- તો..

ઉત્તર :- અજ્ઞાની માને છે. સંબંધ નથી પણ માને છે કે આ શરીર મારું. આ બાયડી-છોકરા મારાં, પૈસા મારાં. ધૂળમાંય એના નથી ત્રણ કાળમાં. એના હોય તો જુદા પડે નહિ. જુદા પડે એ એના કોઈ દિ' છે નહિ. ખબર નથી એને શું છે, હું તે કોણ છું.

મુમુક્ષુ :- હોય ત્યાં સુધી તો ભેગા થયા ને.

ઉત્તર :- ક્યાં ભેગા છે? જુદે જુદાં છે. શરીરના રજકણે રજકણ જુદા. એના વર્ણ-ગંધ-રસનો પલટો પણ એને કારણે થાય છે. આ તો માટી છે. પુદ્ગલ ભગવાન કહે છે એને. અજીવ, પરમાણુ, રજકણ. એ ઝીણા પરમાણુનો પિંડલો આ તો છે જડ. ભગવાન આત્મા તો એનાથી અરૂપી જુદી ચીજ છે. એકક્ષેત્રાવગાહે રહેવાથી એને મારાપણું માને તો એવા છ દ્રવ્યો બધા એક ક્ષેત્રે જ પડ્યા છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સત્ સ્વરૂપ જ્ઞાનાનંદનું રૂપ, એનું પૂર (છે). એવું અંતર્મુખમાં રાગના ભાવથી પણ સ્વભાવભાવ ભગવાન આત્માનો જુદો, એમ જ્યાં અભાવસ્વભાવરૂપ, રાગના અભાવસ્વભાવરૂપનું ભાન થયું, હવે એના આનંદની પ્રીતિ આગળ ધર્મીને કોઈ સંયોગમાં પ્રેમ અને રુચિ ઊપજતી નથી. સમજાણું કાંઈ?

'**વિરાગીનો ઉપભોગ...**' આમથી ખસી ગયો છે, કહે છે. રાગના વિકલ્પથી અને શરીરની ક્રિયાથી એ બધા પરપદાર્થની દશામાં હું નથી. હું તો એનાથી જુદો તત્ત્વ છું. સમજાણું કાંઈ? આહાહા..! એવા વિરાગીનો. એક વિરાગીની વ્યાખ્યા થઈ. અજ્ઞાની રાગી છે. જ્ઞાની વિરાગી છે. એમ બે શબ્દ છે. એમાં ને એમાં આવશે. '**વિરાગી...**' કહ્યું નહોતું એક માણસનું? હંમેશા ચુરમાના લાડવા ખાય. ચુરમું જ ખાય કાયમ. જામનગરમાં એક વિસાશ્રીમાળી હતા. વસા. એમાં એક જુવાન છોકરો એકનો એક હશે. એક જુવાન છોકરો મરી ગયો. દરરોજ

લાડવા જ ખાય. ચુરમા સિવાય રોટલી-રોટલો પચે નહિ અને રોટલી-રોટલો કરે નહિ અને રોટલી-રોટલાનો ખોરાક નહિ. એય..! શેઠી! આ પણ થોડા વખત ખાતા હતા પણ પછી આ હિંમતભાઈના ઘરેથી ગુજરી ગયા (પછી) મૂકી દીધું. સુમનભાઈ! છોટાભાઈ! એ પણ ખાતા હતા. તમારે ઘરેથી ગુજરી ગયા (પછી) મૂકી દીધું.

એને છોકરો એકનો એક મરી ગયો. બાળવા ગયા, બાળીને આવ્યા. સગા વહાલા ભેગા થયા. અરે.. ભાઈ! આ રોટલો ખાશો તો તમે પણ મરશો ભેગા, હોં! તમે રોટલો ખાધો નથી, રોટલી ખાધી નથી. ચુરમું જ એકલું. બસ. ચુરમું સમજો છો? લડુ-લડુ. ઘી સાકર, ગોળ લ્યો. એ ભાઈ બનાવ્યા. આમ બાળીને આવે છે. બનાવ્યા, લાડવા બનાવ્યા. વિસાશ્રીમાળી. લાડવો થાળીમાં પડ્યો છે અને ભાંગે છે અને ખાય છે. આંખમાંથી આંસુની ધારું ચાલી જાય. એને તો રોટલો અને લાડવો બેય સરખા છે. ખોરાક માટે બીજો ખોરાક નહિ.

એમ ધર્મીને આત્માના આનંદનો સ્વાદ છે અને પરથી ઉદાસ છે. એને ચાહે તો સ્ત્રી આદિ સુંદર મળે અને ચાહે તો નિર્ધનતા હો, ક્યાંય તેની રુચિ જામતી નથી. ક્યાંય તેને પરમાં ચેન પડતું નથી. જ્યાં ચેન પડે છે ત્યાંથી ખસતો નથી. જેમાં ચેન પડતું નથી તેમાં તેની રુચિ જામતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ દાખલા શું કરવા આપે છે આ? મને કાંઈ ચેન પડતું નથી. કાકા! નહોતી કહેતી તમારી ઓલી છોડી મોઢની. હડકવા લાગ્યો હતો. મોઢની દીકરી. મોઢ ગુજરી ગયા હતા. આ એમના ભાઈબંધ એટલે એને સોંપી ગયેલા. એમાં કૂતરું કરડેલું હડકવા. આને હડકવા નીકળ્યો. બાર વર્ષની જુવાન છોકરી. હાય.. હાય..! અડતાલીસ કલાક નહિ પાણી, નહિ અનાજ, નહિ પંખો. કાંઈ ગોઠે નહિ એને. હડકવા સમજો છો કે નહિ? ગાંડો કૂતરો કરડે ઈ. તમારે પાગલ કૂત્તા કહે છે, અમારે હડકવા કહે છે અહીંયાં. પાગલ કૂતરો કરડે. પંખો ન નખાય, પાણી ન દેવાય, આહાર ન દેવાય. એમ ને એમ અડતાલીસ કલાકે સૂકાઈ ગઈ. આહાહા..! કાકા! મને ક્યાંય ચેન પડતું નથી. નથી ગાદલું ગોઠતું, નથી પવન ગોઠતો, નથી પાણી ગોઠતું. બસ! એમ ને એમ સૂકાઈ ગઈ. આ તો મેં અહીં જોયું હતું. એક ગાય હતી. હીરાભાઈના મકાનમાં મોટી લઠ જેવી ગાય. જબર ગાય. એને હડકવા લાગ્યો અને બે અડતાલીસ કલાક રહી. ત્યાં પેલો લીમડો છે ત્યાં પડી અને પછી ટાંગા તરફડે અને મરે.

મુમુક્ષુ :- બચી નહિ?

ઉત્તર :- મરી ગઈ. હડકવામાં શું બચે? અડતાલીસ કલાક ફર્યાફર કરી, કોઈએ સામું જોયું નહિ. પાગલ કુતરું કરડેલું.

આ તો એમ કહે છે કે એને હડકવામાં ક્યાંય ચેન પડતું નથી. એમ ધર્મીને આત્માના આનંદ આગળ કોઈ પદાર્થમાં ક્યાંય ચેન પડતું નથી. સમજાણું કાંઈ? એ પૈસાના ઢગલા કરોડો અબજો હો, દેવીયું જેવી સ્ત્રીઓ હો અને મહા ઈન્દ્રના અવતાર જેવા દીકરા હો. એ મારી ચીજ નહિ. એ મારામાં નહિ અને હું એનો નહિ, એનામાં હું નહિ. એય.. સુમનભાઈ! અમથાય ક્યાં કરે છે ત્યાં? તમે ત્યાં પૈસા ખર્ચો ત્યાં રોટલા ખાવ તમારી મેળાએ. ત્યાં ક્યાં એ તો કોક દિ' આવે. એય..!

મુમુક્ષુ :- એ તો સામાન્ય છે.

ઉત્તર :- એ સામાન્ય તમારા ઉપર ઉતારોને પહેલા. અહીં રસોયો રાંધવા માટે રાખ્યો હતો. પરણાવ્યા અને બહાર બેસાડ્યા અને રળવા જાય બહાર. અહીંયાં રસોયો રાખવો પડે અને કાં કો'ક બાયડી રાખવી પડે રાંધવા માટે બિચારી બેન. આવો બેન. આવો બેન. પણ ત્યારે શું છે? લેવા દેવા કાંઈ મફતનું છે. એય..! સુમનભાઈ! બહારથી વાત આવે કે સુમનભાઈને દસ હજારનો પગાર. એય.. મીઠાલાલજી! આ સુમનભાઈ એમના દીકરા.

મુમુક્ષુ :- એ ક્યારે આવ્યા?

ઉત્તર :- ક્યારે આવ્યા ખબર નથી? અમેરિકા બે વર્ષ ગયા હતા. દસ હજારનો પગાર માસિક-એક મહિનાનો છે એનો. આ એના પિતા છે. રોટલા ઘડી ખાવ તમારી મેળાએ. અમને પરણાવ્યાને. અમને કોણ રોટલા ઘડે ત્યાં? એ તો બધું એવું જ છે બધે ઠેકાણે. એય.. મલૂકચંદભાઈ! આહાહા..!

ધર્મીને તો મારું કોઈ રજકણ નથી, વળી બાયડી-છોકરા ક્યાંથી આવ્યા? આ શરીરનો રજકણ પણ માટી ને ધૂળ મડદું છે. એને કારણે ટકે અને એને કારણે ઓલા આવ્યા છે ને ત્રણ બોલ નથી આવ્યા? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આયુષ્યને લઈને દેહને જન્મ, આયુષ્યને લઈને જીવન, આયુષ્ય પૂરાને લઈને મરણ. ત્રણ બોલ લીધા છે ને? જન્મ, જીવન અને મરણ. આયુષ્ય કર્મમાં લીધા છે. જન્મ, જીવન અને મરણ. જન્મવું એટલે શું? કાંઈ આત્મા જન્મે છે? આયુષ્ય કર્મનો યોગ જ્યાં પૂર્વનો પૂરો થયો ઓલા ભવનો, અહીંનો આવ્યો ત્યારે આ દેહ મળ્યો એને જન્મ કીધું. એ આયુષ્યની સ્થિતિ પ્રમાણે જીવન રહે છે શરીરનું. એ પૂરું થયું તો મરણ. એ ત્રણે એના છે. આત્માને જન્મ-મરણ ને કાંઈ છે નહિ. આહાહા..! શેઠી!

કોણ કોના? બાપા! આપણે મરે ત્યારે રોવેને છેલ્લે બાયું. પછી એમાં કહે છે. બાપા! આપણા હોય તો કાંઈ મરે? એમ કહીને ઓલાને રોતી રાખે. ઘરડી ડોશી હોય ને બહુ રોવે એટલે પાછળ રાખે ને? ભાઈ, આપણા હોય તો કાંઈ (જાય)? બા! રોતા બંધ થાવ..

રોતા બંધ થાવ. પણ કોના હતા કે દિ'? હવે સમજણ દેવા માંડ્યા. પહેલેથી તો કહેતા નહિ. પહેલા કહે રાખો, અમને રહેવા દો, અમારી સંભાળ કરો, ધૂળ કરો. કોણ કરતું હતું?

અહીં તો કહે છે કે જ્યાં ધર્મની ધર્મીને દૃષ્ટિ થઈ છે, ધર્મ એટલે સમ્યક્ દૃષ્ટિ જ્યાં ધર્મીને આત્માની થઈ છે એને આત્માના આનંદ સિવાય ક્યાંય પ્રેમ અને ચેન પડતું નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**વિરાગી...**' આ એક વિરાગીની વ્યાખ્યા આટલી છે. પરમાં ક્યાંય ચેન નથી. સમજાણું કાંઈ? એનો '**ઉપભોગ...**' એટલે એને પૂર્વના કર્મથી મળેલી સામગ્રી એનો '**નિર્જરા માટે જ છે...**' એ પૂર્વના કર્મ એને ખરી જાય છે. ક્યાંય પ્રેમ-રુચિ છે નહિ. આહાહા..! '**(-અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે).**' આહાહા..!

પહેલી વસ્તુ તો એ છે કે ભગવાન આત્મા આ પુણ્ય-પાપના આસ્રવતત્ત્વ અને અજીવ કર્મ, શરીર તત્ત્વ એનાથી તે જુદું છે. અને જુદું છે એ જુદાપણે ક્યારે જણાય? જુદું છે એ જુદાપણું ક્યારે જણાય? કે અંતર્મુખ દૃષ્ટિ થાય ત્યારે જુદું છે એ જુદાપણે જણાય. અંતર્મુખમાં આત્માની દૃષ્ટિ થઈ તો બહિર્મુખનો પ્રેમ રહ્યો નહિ. આહાહા..! સુમનભાઈ! આ તો પૂછ્યું હતું અદ્ધરથી પણ પછી ઘરનો દાખલો આપવો સારો ને. કહો, આ રહ્યા, લ્યોને બીજા એના મોટા બાપ. હવે એના છોકરા તો બે-અઢી કરોડ અને એક પાસે ત્રણ કરોડ. છ કરોડ એની પાસે પડ્યા છે. પણ આ એકલા રોટલા ઘડી ખાય છે એના. જુઓ. કહો, સ્વીત્ઝરલેન્ડમાં છે એનો મોટો છોકરો, આ મલૂકચંદનો. એની પાસે ત્રણ કરોડ. આ પુનમચંદ છે મુંબઈમાં (એની પાસે) અઢી કરોડ. હમણાં મોટી કરીને પાલખી? આ પાલખી શું કહેવાય એ? ફિલ્મ-ફિલ્મ. ફિલ્મ છે ને મોટી. ૮૦ લાખની લીધી છે છોકરાએ, પુનમચંદ. એ પૈસા ઢગલા આવે છે. આહાહા..! ધૂળેય નથી, સાંભળને હવે. એ સ્મશાનના લાડવા છે બધા. આહાહા..! સમજાણું કાંઈ? એય.. મોહનભાઈ! સ્મશાનના લાડવા નથી ચડાવતા? ખુશી થતા હશે એમાં.

એમ ધર્મીને આત્માની,... આત્મા પોતે ભગવાન સિદ્ધસ્વરૂપ સચ્ચિદાનંદ મૂર્તિ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવી અંતરમાં ધર્મીને અંતર સ્વભાવની દૃષ્ટિ થઈ છે એને લઈને આત્મા સિવાય પરપદાર્થમાં ક્યાંય એને પ્રેમ લાગતો નથી. અસ્થિરતાનો થોડો રાગ આવે એને અહીં ગણવામાં આવ્યો નથી. એ તો ખરી જાય છે એમ કહેશે. હજી અહીં તો કર્મનું ખરવાનું કહે છે. પછી નિર્જરા અશુદ્ધતાની નિર્જરા થઈ એ પછી કહેશે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈ! ધર્મ કોઈ એવી ચીજ નથી કે સોંઘે સટ મળી જાય બહારમાં. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ પરમાત્મા વીતરાગદેવે જે કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક ભગવાને જોયા એમાં ભગવાનની દિવ્યધ્વનિમાં-વાણીમાં આવ્યું, ઈન્દ્રોની ઉપસ્થિતિમાં. હાજરી ઈન્દ્રોની

હતી. ભગવાન બિરાજે છે અત્યારે. મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરપ્રભુ તીર્થંકર બિરાજે છે. મહાવિદેહમાં વર્તમાન બિરાજે છે. મનુષ્ય ક્ષેત્રે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. અત્યારે સમવસરણમાં બિરાજે છે સીધા મનુષ્ય ક્ષેત્રમાં. દેવો ઉપરથી આવે છે ત્યાં ભગવાનની વાણીમાં આમ આવે છે.

ભાઈ! આત્મા વસ્તુ... વસ્તુ.. વસ્તુ, જેમાં અનંતા ગુણો વસ્યા છે. આહાહા..! જુઓ! એક આકાશ નામનો પદાર્થ જેમાં વ્યાપક બધું. છતાં એના અનંતા ગુણોનું કાંઈ સામર્થ્ય બધું પૂરું. એવો એક પરમાણુ લ્યો, એક રજકણ આટલો, તોપણ એમાં અનંતા અનંતા એટલા જ ગુણો અને એક એક ગુણનું સામર્થ્ય એટલું! શું આ કહે છે? સમજાય છે કાંઈ? એમ આ ભગવાન આત્મા દેહ પ્રમાણે અસંખ્ય પ્રદેશી આત્મા, એ જેટલા અનંતા ગુણો આકાશમાં છે એટલા જ ગુણો અહીં છે. એ એક એક ગુણ સર્વવ્યાપક આમ વ્યાપી ગયો છે. અહીં અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્યો છે. તો એક ગુણનું જે સામર્થ્ય એટલું અહીં છે એટલું જ એક એક ગુણનું ત્યાં છે. ક્ષેત્ર મોટું માટે ગુણનું સામર્થ્ય ઘણું છે એવું કાંઈ છે નહિ.

આ તો આત્માનો સ્વભાવ એટલો બધો તાકાતવાળો છે કે જેને અંતરમાં દૃષ્ટિ પડતાં રાગની એકતા તૂટ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? જેનો સ્વભાવ બેહદ બેહદ. એકલો ચૈતન્યપિંડ પ્રભુ, જેની શક્તિના સ્વભાવની ગણતરી તો નહિ પણ જેના સામર્થ્યના માપ નહિ. એવી આત્મવસ્તુ એને અંતરમાં દૃષ્ટિમાં લેતા એ શ્રદ્ધાનું એટલું જોર આવે કે રાગથી ખસીને શ્રદ્ધા સ્વભાવ તરફ જામી જાય. એય..! આહાહા..!

વસ્તુ જ એવી છે ત્યાં એમાં... આમ મહાન પ્રભુ બિરાજે છે! આહાહા..! એવો સ્વભાવ જેની હદ નહિ એવા સ્વભાવની મૂર્તિ. વિકાર તો ક્ષણિક, પુણ્ય-પાપ તો કૃત્રિમ એક સમયમાત્રનો કૃત્રિમ. આ તો બધા જડ-બડ તો ક્યાંય રહી ગયા ધૂળ. શરીર, કર્મ એ તો માટી જડ છે. એને તો વિકારનો એક સમયનો સંબંધ છે એ સ્વભાવમાં નથી એમ જ્યાં સંબંધ રહિત થવા જાય છે ત્યાં સ્વભાવની એકતાબુદ્ધિમાં સ્વભાવના માહાત્મ્યમાં રાગની એકતા તૂટતા રાગ મારો નથી એમ દૃષ્ટિમાં થઈ જાય છે. આહાહા..! સમજાણું? તો પછી કર્મ અને કર્મના ઉદય અને ઉદયને લઈને મળેલી આ ધૂળ-પૈસા ને બાયડી-છોકરા એ તો ક્યાંય રહી ગયા. ધર્મી એને પોતાના માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે...**' ધર્મીને પર પ્રત્યેની પ્રીતિની રુચિ ખસી ગઈ છે. એથી વિરાગી કહેતા પરથી ઉદાસ છે અને અંતરમાં પૂર્ણ આનંદના સ્વભાવના હોવાપણાના અસ્તિનું જેને ભાન થઈને પરિણમન થયું. તેને બહારના કર્મના ઉદયનો યોગ ખરી જાય છે. સમજાણું કાંઈ? આ ઝીણી વાત છે, ભાઈ! એણે અનંત કાળમાં પોતાનું

તત્ત્વ શું છે એને જોવા પ્રયત્ન કર્યો નથી. બહારમાં ને બહારમાં જોયા ને ભટક્યા કર્યો છે. ક્યાંય સુખ નથી. એમાં ઝાંવા નાખ્યા મિથ્યાત્વ-મિથ્યા ભાવે. જ્યાં છે ત્યાં એની પ્રતીત કરી નથી.

અહીં તો કહે છે કે જ્યાં આત્માનું ભાન થયું અને પ્રતીત થઈ એટલે એને પર તરફથી ઉદાસ... ઉદાસ.. ઉપેક્ષા થઈ જાય છે. તેવા વીરાગીને ઉપભોગ-એ કર્મના ઉદયથી મળેલી સામગ્રી, એને કર્મનો ઉદય ખરી જ જાય છે. એમ કહે છે. ઉપભોગ તો ઠીક શબ્દ છે. કહો, સમજાણું આમાં?

'**રાગાદિભાવોના સદ્‌ભાવથી...**' એની સામે મૂક્યું. પાઠમાં તો એટલું સરખું છે એ. પણ એની સાથે અસ્તિ નાસ્તિથી વાત કરી. પણ '**રાગાદિભાવોના સદ્‌ભાવ...**' ઓલા વિરાગીને રાગાદિનો સદ્‌ભાવ નથી એમ કહેવું છે. રુચિનો પ્રેમ નથી એટલે એ જાતનો રાગ નથી. '**રાગાદિભાવોના સદ્‌ભાવથી મિથ્યાદષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે;...**' જુઓ! ઓલામાં ચેતન એટલે પાઠ તો એનો છે. પણ આમ કરીને બેની સાથે મેળવી લીધું.

ધર્મીજીવને આત્માના આનંદની ખાણ જ્યાં જોઈ છે. સમજાણું કાંઈ? આત્મા એટલે કે અતીન્દ્રિય અનંત આનંદ જે પરમાત્મા કેવળીને પ્રગટ્યો, તીર્થંકરદેવને જે અનંત જ્ઞાન અને અનંત આનંદ પ્રગટ્યો એ બધો આત્મામાંથી પ્રગટ્યો છે. એવી આત્માની ખાણ જ્યાં અનંત આનંદ અને જ્ઞાનની પ્રતીતમાં, અનુભવમાં, શ્રદ્ધામાં, ભરોસે-વિશ્વાસે આત્મા આવ્યો એને બહારની કોઈ વસ્તુમાં પ્રેમ જામતો નથી. ચેતન હો કે અચેતન એમ લઈ લેવું. છે ને પાઠમાં તો એ છે ને. એને અહીં નાખ્યું.

ચેતન એટલે કે બાયડીયું-છોકરાના આત્માઓ કે અચેતન એટલે શરીર ને લક્ષ્મીની ધૂળ, એમાં ક્યાંય એને રાગ અને પ્રેમ ધર્મીને થતો નથી. સમજાણું કાંઈ? આ ભારે વાતું. બાયડી-છોકરામાં બેઠો હોય ઓલો. વળી કહે કે પ્રેમ નથી. સાંભળને ભાઈ! સ્મશાનમાં મડદાને પોલીશ લાકડાથી બાળે એ મડદું રાજી થાતું હશે? અને મોટા ત્રણ મણના લાકડા મૂકે અહીં ઊંચો ન થાય એટલે. નારાજ થાતું હશે? એમ ધર્મીજીવ એ પરથી મરી ગયો છે ઈ. જેને રાગ મારો છે એ માન્યતા મરી ગઈ છે. આહાહા..! પરવસ્તુ મારી છે એ માન્યતા મરી ગઈ છે. આહાહા..! રાજમલજી! અલૌકિક વાત છે ભાઈ આ. આહાહા..!

એ મડદાં થઈ ગયા છે. પરને મડદા માને છે. એમાં જીવન ક્યાંય ભાળતો નથી. આહાહા..! આ તો બહુ સુખી છે ને પૈસે, આબરૂએ, કીર્તિએ. ધૂળમાંય નથી. સાંભળને! એ તો બધા દુઃખના નિમિત્ત છે. દુઃખના નિમિત્ત છે, હોં! બંધના નિમિત્ત છે. બંધરૂપ એ નથી, બંધનું

એ કારણ નથી બાહ્ય ચીજ. આહાહા..! પર જ્યાં વસ્તુ મડદામાં મારો આનંદ ક્યાંય નથી. રાગમાં પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એમાં આનંદ નથી, એ મડદાં છે એમાં પ્રેમ કોનો કરવો? મડદાં સાથે સગાઈ કરીને લગન કરવા છે? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ભગવાન કહે છે કે વિરાગીને '**અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું...**' કારણ નથી. અને અજ્ઞાનીને-મિથ્યાદૃષ્ટિને-રાગાદિ સદ્ભાવ (અર્થાત્) એ તો એક નાની-નાની ચીજ હોય તો આહાહા..! સારું મને મળ્યું, આમ મને મળ્યું. એનો પ્રેમ છે, રાગનો સદ્ભાવ છે અને એની પરમાં રુચિ અને પ્રેમ છે. એવો મિથ્યાદૃષ્ટિ જીવ વીતરાગના માર્ગથી વિપરીત જેની અંતર માન્યતા છે. વીતરાગમાર્ગ એટલે? આત્મા વીતરાગસ્વરૂપ છે. વળી પાછું કોઈ કહે... આત્મા એ પોતે વીતરાગસ્વરૂપ આત્મા સમભાવી સમરસી સ્વરૂપ છે. એનો જેને પ્રેમ નથી તે વીતરાગમાર્ગથી દૂર છે. સમજાણું કાંઈ? આહાહા..!

મિથ્યાદૃષ્ટિ, જેની દૃષ્ટિ સાચી નથી એને પરપદાર્થના પ્રેમ અને રાગ-દ્વેષ ટળતા નથી. એથી એને રાગ-દ્વેષની હયાતી જ છે. એવા '**મિથ્યાદૃષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ...**' ચાહે તો જડ હો અચેતન એટલે અને ચાહે તો ચેતન હો. એનો ઉપભોગ એટલે ભોગવવાનું લક્ષ '**બંધનું નિમિત્ત જ થાય છે;...**' સમજાણું કાંઈ? '**તે જ (ઉપભોગ), રાગાદિભાવોના અભાવથી...**' ઓલા વિરાગીની વ્યાખ્યા ચોખ્ખી કરી. '**તે જ (ઉપભોગ)...**' એ સ્થિતિમાં ધર્મી હોય એને રાગાદિ ભાવોના અભાવથી પરમાં રુચિ નથી, પરમાં પ્રેમ નથી. પ્રેમમૂર્તિ પ્રભુ આત્મા એના પ્રેમમાં ધર્મી જામ્યો છે, એને પરમાં પ્રેમ આવતો નથી. '**રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દૃષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે.**' કહો, સમજાણું કાંઈ? પૂર્વના કર્મો આવીને ખરી જાય. '**આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું.**' દ્રવ્ય એટલે પૂર્વના કર્મ ખરી જાય છે એ વાત કરી. અશુદ્ધતા ટળે છે એ વાત બીજી ગાથામાં લેશે. વાત એવી જરી...

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહ્યો છે...**' જુઓ! ધર્મી, (જેને) આત્માનું સમ્યગ્દર્શન થયું. સમ્યક્ નામ સાચું દર્શન-સાચી પ્રતીત (થઈ) કે હું એક આત્મા પૂર્ણ શુદ્ધ અને આનંદ છું. મારા સ્વભાવમાં બેહદ શાંતિ અને આનંદ છે. એવું છે એવી પ્રતીત ભાન સહિત થઈ છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. એ જ્ઞાની કહ્યો છે. એને જ્ઞાની કહ્યો છે. પછી જ્ઞાન ઓછું-વત્તું હોય એની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ? જ્ઞાન ઝાઝું કે ઓછું એની સાથે કાંઈ સંબંધ નથી. એ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહ્યો છે એમ કીધું.

જ્ઞાની એટલે જ્ઞાનનો જાણનાર તે જ્ઞાની. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય આત્મા છે એને જ્યાં અંતરમાં જાણ્યો, કિંમત કરીને ઠર્યો એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ ને જ્ઞાની કહેવામાં

આવે છે. કહો, સમજાણું કાંઈ? '**અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે;...**' એવા ધર્મીને પર પ્રત્યેની એકતાબુદ્ધિનો અભાવ કહ્યો છે અને પર પ્રત્યેની એકતાબુદ્ધિમાં પરપદાર્થ ઈષ્ટ-અનિષ્ટ એવો ભાવ જેને ગયો છે. પરપદાર્થની એકતાબુદ્ધિ ગઈ છે એટલે મોહ ગયો છે, અભાવ થયો છે. અને પર ઈષ્ટ-અનિષ્ટથી રાગ-દ્વેષ થાય એવો ભાવ ગયો છે. સમજાણું કાંઈ? ઈષ્ટ હોય તો ભગવાન આત્મા અને અનિષ્ટ હોય તો વિકારી પરિણામ. બે વચ્ચેનો જ્ઞાનીને વિવેક અને ભેદ થયો છે.

'**જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે;...**' આ જાતનો કીધું ને? '**માટે સમ્યગ્દષ્ટિ વિરાગી છે.**' ધર્મી તે વૈરાગી છે. એક પોતાના આત્મા સિવાય રાગથી માંડીને આખી દુનિયા, એ પ્રત્યે જેની એકતાબુદ્ધિ છૂટી ગઈ છે. અને પર પ્રત્યેની ઈષ્ટ-અનિષ્ટ (બુદ્ધિ છૂટી ગઈ છે). આ ઠીક છે એવો ઈષ્ટ રાગ, અઠીક એવો અનિષ્ટ દ્વેષ છૂટી ગયો છે. કહો, સમજાય છે કાંઈ? '**તેને ઈન્દ્રિયો વડે ભોગ હોય...**' આ તો લોકો દેખે એ અપેક્ષાએ, હોં! એક કોર તો પોતે કહે ઈન્દ્રિયનો સંબંધ જ નથી ને એને કાંઈ. પણ લોકો એમ દેખે ને? કે લ્યો, આ ખાય છે, પીવે છે. અમે પણ ખાઈએ છીએ અને આ પણ પીવે છે. લ્યો! કહો, સમજાણું કાંઈ?

'**ઈન્દ્રિયો વડે ભોગ હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી.**' જે પોતામાં નથી તેના પ્રત્યે રાગ કેમ હોય? સમજાણું કાંઈ? સામગ્રી ભોગની એ તો પોતામાં છે નહિ, એ તો અચેત મડદાં જડ છે. કહો, સમજાણું આમાં? એય.. રતિભાઈ! શું આમાં સમજાય છે કે નહિ? કોણ જાણે પણ.. બાયડી-છોકરા ન હોય એને પણ રળ રળ કરવું છે. શું હશે આ તે? બાયડી એક હોય તો છોકરા ન હોય. બાયડી તો છે એને. શું હશે આ જગતની આંધળી દોડ તે પણ કેટલી દોડ છે? કોના માટે અને શું કરવું એ કાંઈ નહિ તો. આંધળી દોડે હાંકે રાખો. મરી જાશું અને જાશું ત્યાં ખરા.

અહીં તો કહે છે કે આહાહા..! ધર્મીને ધર્મની દૃષ્ટિને લઈને તેને બાહ્યના ભોગ પ્રત્યે પ્રેમ જ નથી. રુચિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી.**' ઓલો લાડવો ખાય પણ રાગ નથી. એ જાતનો રાગ નથી. આહાહા..! મીઠાશ આવે છે એમ હશે? હવે અહીં છોકરાને બાળીને આવે અને લાડવો ખાય. ક્યાં લાડવા હતા? એ તો રોટલો લેવો એવો લાડવો. માટી ધૂળ રોટલો ખાય એ એક જ છે. એમ ધર્મીને.. એક શબ્દ આવે છે કાંઈક શ્રીમદ્‌માં. જ્ઞાનીએ સ્નાન-સૂતક કરી નાખ્યું પરનું. એવું ક્યાંક આવે છે ખરું, હોં! એ વળી યાદ આવ્યું અત્યારે. પરનું સ્નાન સૂતક કરી નાખ્યું જ્ઞાનીએ. એવો ભાઈ! શબ્દ આવે છે એક. એ વળી યાદ આવી ગયું ઓલા લાડવાનું યાદ કરતા. બહુ

આપણને યાદ ન હોય. વાંચ્યું હોય ઘણાં વર્ષ પહેલા. એય..! જ્ઞાનીએ પરનું સ્નાન સૂતક કાઢી નાખ્યું કહે છે. સ્નાન કરી નાખ્યું છે. પર મારા નથી. પર મડદાં-મડદાં મરી ગયા છે. સ્નાન સમજો છો? સૂતક સમજો છો? સ્નાન અને સૂતક કરી નાખ્યું.

ધર્મી એને કહીએ જેને આત્માના આનંદનો પ્રેમ છે. એને આત્મા સિવાય પરપદાર્થનું સ્નાન કરી નાખ્યું સૂતક. અમને ખપે નહિ, ખપે નહિ. એ પ્રેમના ઘરમાં એને ખપે નહિ. અમારા પ્રેમ તો આત્માના આનંદમાં જામ્યા છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. આ બહારની પ્રવૃત્તિ કરે, આમ કરે, પૂજા કરે, ભક્તિ કરે, વ્રત પાળે. પણ ક્યાં હજી પ્રેમ તો છૂટ્યો નથી પરનો. મિથ્યાદૃષ્ટિપણું છે. કહો, સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિને... સમજાણું? ભોગની સામગ્રી, એ કહેશે. અને આ ઈન્દ્રિયો ભોગ તેને જ્ઞાનીને સામગ્રી પ્રત્યે રાગ નથી. '**તે જાણે છે કે આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે,...**' આહાહા..! સમજાણું? મડદાં સાથે વાત કરીને મડદું ખુશી થાય તો આ રાજી થાય એવું હશે ને? બધા મરી ગયેલા મડદાં છે. આત્મા સિવાય બધી ચીજો પરદ્રવ્ય, પરદ્રવ્ય. અરે..! પરદ્રવ્ય, આ પરદ્રવ્ય બધું. માટી પરની છે. રોટલા અને રોટલીમાંથી ખડકાણું છે આ. રોટલા-રોટલી પહેલા લોટ હતો, પહેલા ઘઉં હતા, પહેલી ધૂળ હતી. એમાંથી આ થયું. આ આત્મા નથી, આ તો માટી-ધૂળ છે. એ સામગ્રી પરદ્રવ્ય છે. આહાહા..!

'**મારે અને તેને કાંઈ નાતો નથી;...**' પરદ્રવ્ય છે અને મારે અને તેને... પરદ્રવ્ય છે એમાં છે. '**મારે અને તેને કાંઈ નાતો નથી;...**' બસ! કાંઈ નાતો નથી? બેઠો છે ને દુકાન ઉપર બેઠો હોય તોય? દુકાન તો જડની છે, માટીની છે. ક્યાં દુકાન તારી હતી. ભારે ભાઈ! '**મારે અને તેને...**' કોને? પરદ્રવ્યને. આ શરીરને, લક્ષ્મીને, બાયડી-છોકરાને, મકાનને-આબરૂને એ પરવસ્તુ છે. ધર્મી એમ જાણે છે કે મારી એ વસ્તુ નથી. માટે મારે અને તેને કાંઈ... અહીં તો કાંઈ કીધું છે, કાંઈ નાતો-સંબંધ નથી. કાંઈ લાગતું ને વળગતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મી એને કહીએ કે જેને આત્મદ્રવ્ય ધર્મસ્વરૂપ આનંદસ્વરૂપ ભાસ્યો. એને પોતા સિવાય પરદ્રવ્યમાં આ મારા અને હું એનો એવો કાંઈ નાતો નથી. ભાઈ! અહીં તો નાતા ઘણાં રાખે છે નાતો. કહો, સમજાણું? અમારી સાથે નાતો છે એમ કહે છે ને? ધૂળે ધૂળ છે, નાતો કાંઈ નથી. મરી જાય તો આ..આ..આ.. કરે. હાય-હાય. આહાહા..! જુવાન શરીર હોય આમ. આમ કાંઈક થયું ઘડીકમાં. શું થયું? શું થયું? કોણ જાણે કહેવા પણ નવરો ન રહ્યો. જાવ ઉપડો. તમે ક્યાં એ પરદ્રવ્યમાં હતા અને પરદ્રવ્યના હતા? આહાહા..!

કહે છે, ધર્મીને સ્વ વસ્તુના સંબંધમાં નાતો ચૈતન્યના ગુણ સાથે છે. પરદ્રવ્ય સાથે કાંઈ

નાતો, લાગતું વળગતું કાંઈ નથી. લાગતું.. લાગતું. રાગ નહોતો શબ્દ આવ્યો? લગાવ. લગાવ નહિ? લગાવ ... એ. મારે ને પરને કાંઈ લગાવ નથી. એવી હિન્દી ભાષા છે. આપણી કાઠિયાવાડી ભાષા એ છે-મારે ને પરને કાંઈ નાતો નથી. કાંઈ લેવા દેવા. એના ઘરે એ પરિણમે જડ, મારે ઘરે હું પરિણમું. મારે ને એને કાંઈ સંબંધ છે નહિ.

'**કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે.**' ભાષા. એ તો પૂર્વના કર્મના નિમિત્તે આ સામગ્રી આવી એ સંયોગ કહેવાય અને ઉદય ખસે એટલે વિયોગ (કહેવાય). એ સંયોગ આવ્યો એ વિયોગ લેવા માટે જ આવ્યો છે. એ કાંઈ એની ચીજ નથી. '**કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે.**' લ્યો, આવે વસ્તુ, જોડે દેખાય. પંખી સાંજે ભેગા થાય એક ઝાડ ઉપર. સવાર જ્યાં પડે ત્યાં સૌ સૌને રસ્તે. એક પંખી ઉગમણે અને એક પંખી આથમણે. કહો, સમજાણું આમાં? કહે છે કે ધર્મી એમ માને છે કે કર્મના ઉદયને કારણે આ સામગ્રી છે. મારે કારણે આમાં કાંઈ છે નહિ. આહાહા..! સમજાણું?

'**જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે...**' જુઓ ભાષા! ધર્મીને પણ અંદર જ્યાં સુધી રાગની અસ્થિરતા આવે છે (ત્યાં) દુઃખ થાય છે, પીડા થાય છે. એ અશુભ રાગ થાય છે એને દુઃખ લાગે છે ધર્મીને. એય..! મોહનભાઈ! કહો, ઓલો કહે, રળવા બેઠો તો મળશે કાંઈક બે-પાંચ લાખ. આ કહે કે અશુભ રાગ. દુઃખ-દુઃખ. એ રળવાનો ભાવ, ભોગનો ભાવ, પાપ અને દુઃખરૂપ (છે). એમ ધર્મીને દુઃખ લાગે છે. સમજાણું કાંઈ?

'**ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે...**' એમ કહે છે, હોં! ઉદય આવી એ પીડા? છે તો નબળાઈ પોતાની. પણ નબળાઈની પીડા એને પીડા દેખે છે. આહાહા..! એ રોગ રહેજો અને મીઠાશ (હજો) એમ જ્ઞાનીને છે નહિ. પીડાનું સુખ આવતું હશે? કે પીડા રહેજો, ભાઈ! આ શૂળ ચડ્યા છે ને બે ઘડી રહેજો આખી રાત. બધા માણસ બેઠા, જોવા બેસશે તો ખરા. જોવા આવે ને સારા ઘરે હોય તો બધા. કાંઈક થયું છે આને. મોટું ઘર હોય તો બધા ભેગા થાય, હોં! ઓલું થાય ને હાર્ટફેઈલ. શું કહેવાય એ? હાર્ટ એટેક. ૮૨માં થયું હતું એકને. બધા બેઠા હતા. ભેગા થયાને આમ આમ કરતો હતો એ. અંહહહ... બધા ભેગા થયા. કાંઈક હમણાં મરશે કે શું? એમ. બેસો. ખાવા ન જવાય હમણાં. લોકો કહેશે પણ કેવું આમાં? બધા બેઠા હતા.. પછી બોલાવ્યા. મહારાજને બોલાવો ભાઈ મંગળિક સંભળાવવા. કારણ કે આ મરવાની તૈયારી છે. કાંઈ થયું તો નહિ. પછી થોડા (દિવસમાં) સારું થઈ ગયું.

અહીં તો કહે છે કે એવી પીડા સારી લાગતી હશે કે આ પીડા રહેજો? અને જોનારા આવે છે તો ઠીક. એમ ધર્મીને રાગ આવે છે એને દુઃખ, પીડા માને છે. આહાહા..! આત્માના આનંદ સ્વરૂપના ભાનમાં એને એ રાગ આવે છે એને પીડા માને છે, દુઃખ માને છે. ગુમડું થયું હોય ને પછી પરુ થાય ને પરુ? લબરકા મારે અંદરથી. હોય નાની ગુમડી પણ એવી પીડા.. આહાહા..! રહેજો એમ ભાવના હશે એને? એમ આત્માને ધર્મની દૃષ્ટિમાં રાગને તો એ પાકું ગુમડું લબરકા મારે એવું દુઃખ માને છે. આહાહા..! કહો, સમજાણું આમાં? ભારે વાત, ભાઈ! ધર્મની દૃષ્ટિ. જ્યાં ધર્મની દૃષ્ટિ થઈ છે ત્યાં ધર્મ આત્માનો સ્વભાવ જાણ્યો છે. ત્યારે તેને રાગ તે દુઃખદાયક લાગે છે.

**'અને પોતે બળહીન હોવાથી...'** પોતે **'પીડા સહી શકતો નથી ત્યાં સુધી-જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ આદિ વડે ઈલાજ કરે છે...'** પણ રોગ રહેજો અને ઈલાજ રહેજો એમ ભાવના હશે એને? એમ ધર્મીજીવને એવો રાગ આવતા રોગ જેવો માને છે. **'જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ આદિ વડે ઈલાજ કરે છે તેમ-ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઈલાજ કરે છે;...'** આહાહા..! એ અંતરના ગજના માપ કોણ જાણે? બહારના આંકડે.. બહારના આંકડે માપ કરવા. છન્નું હજાર સ્ત્રીમાં પડ્યો ભરત ચક્રવર્તી પણ રાગ આવે છે તેને દુઃખ માને છે.

માછલું જેમ પાણીમાંથી નીકળીને વેળુમાં આવે અને દુઃખ થાય. એમ આત્માના આનંદમાંથી રાગ આવે તેને દુઃખ થાય છે, પીડા થાય છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો ઉદયની સામગ્રી જ્યાં સારી આવે તો આહાહા..! ખુશ-ખુશ. પૈસા કમાણા, રળ્યા અને હવે તો ફાવ્યા હોં! મૂંઢેય ફાવ્યો નથી, સાંભળને. પાપમાં ફાવ્યો છો. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે આત્માનો સ્વભાવ વીતરાગ છે. તેની જ્યાં રુચિ અને દૃષ્ટિ થઈ છે એવા ધર્મીને વીતરાગ સ્વભાવ વિરૂદ્ધ રાગ આવે એને રોગ અને દુઃખરૂપ માને છે. આહાહા..! અને એ રાગને સુખરૂપ માને તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. છે નહિ સુખ એમાં સુખ માને, છે જેમાં સુખ તેને સુખ માને નહિ. એ તો વિપરીત થઈ ગયું. જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવી માન્યતા રહી નહિ. અન્યથા માન્યતા થઈ. સમજાણું કાંઈ?

**'ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઈલાજ કરે છે; પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી...'** રોગી રોગને (ભલો) જાણતો હશે? બાટલા ભરી

રાખજો આ અંતરછાલના. તાવ આવ્યો હોય સરખાઈનો અંતરછાલ પાય. અંતરછાલના બાટલા ભરી રાખજો. એમ માનતો હશે? પાછો તાવ આવે તો કામ આવે. અત્યારે જુઓને, બધા ભરી રાખે છે ને. રોગ ન હોય તોપણ પહેલેથી કબાટમાં (રાખે). પહેલા નહોતું એવું. એ થઈ ગયું, બધી તૃષ્ણા વધી ગઈ. બધી જાતનું રાખે કબાટમાં.

એક જણો કહેતો હતો કે વીંછી કરડ્યો હોય તો ઓલી રાખવી, વેકડ હોય ને તાવડી. તાવડીનો કટકો રાખે. આ તો કેટલું વધી ગયું પણ આ. પણ હજી વીંછી કરડે ત્યારે વાત. પણ તે પહેલા સંઘરીને મમતા હાથોહાથ રાખે. સાધન ઘણાં વધી ગયા છે. ઘણે ઠેકાણે કબાટમાં ઘણી દવાઓ પડી છે. શીશીઓની શીશી ભરી હોય. દાક્તરખાનું હોય જાણે. એમ અકસ્માત રોગ આવશે અને એને માટે આ. એ કાંઈ રોગ એનાથી મટે? પણ છતાં એની મમતા કેટલી છે! એમ. અહીં તો કહે છે કે રોગ આવ્યો એની મમતા એને છે નહિ. અને રોગનો ઈલાજ કરે છે પણ આ રહેજો ઈલાજ બધા. ઠીક આપણે એમાં ખોટી થઈએ, એમ રાજી થાતો હશે? આહાહા..!

**'રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી તેમ સમ્યગ્દષ્ટિ ચારિત્રમોહના ઉદયને કે ભોગોપભોગસામગ્રીને...'** ઉદયને અને બેયને એમ કહે છે. રાગને અને બહારના નોકર્મને **'ભલી જાણતો નથી.'** આહાહા..! **'વળી નિશ્ચયથી તો,...' 'તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી.'** ખરેખર તો પરવસ્તુ પ્રત્યે રાગદ્વેષમોહ નથી. રાગનો રાગ નથી. પરવસ્તુનો અંદર પ્રેમ નથી. **'આ રીતે રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી તેને કર્મ આસ્રવતું નથી,...'** લ્યો. ભોગવે એ તો નિમિત્તથી વાત કરી છે. તેના ફળને એ પામતો નથી.

**'આસ્રવ વિના આગામી બંધ થતો નથી...'** નવા આવરણોના પરિણામ જ એને થતાં નથી, પ્રેમ નથી માટે. માટે તેને બંધ પણ થતો નથી. **'અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઈને ખરી જ જાય છે...'** જડ કર્મ આવ્યું અંદર માટી-ધૂળ હતી એ અકર્મરૂપ થઈને ચાલી ગઈ. ચાલી ગઈ એટલે ત્યાં ને ત્યાં ભલે રહે. કર્મરૂપ ન રહી. ઉદય આવ્યો એટલે અકર્મરૂપ દશા થઈ જાય. ભારે ભાઈ, વીતરાગમાર્ગ એવો છે. લોકોને બિચારાને સાંભળવા મળે નહિ અને બહારમાં ને બહારમાં ધર્મ માનીને એમ ને એમ જીંદગી ચાલી જાય પાયમાલ. તત્ત્વ શું છે? આત્મા, વિકાર શું છે? જડ શું છે? કાંઈ ખબર ન મળે.

કહે છે કે જ્યાં આત્માનું જ્ઞાન અને ધર્મ થયો, ત્યાં એને રાગદ્વેષમોહ વિના જ પરનો ભોગવટો હોય છે. **'કારણ કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ.'**

કર્મનો ઉદય આવ્યો અંદરમાં પાક એ આવ્યો એ તો જાય છે, અજ્ઞાની કે જ્ઞાની કોઈને. **'આ રીતે તેને નવો બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું તેથી તેને કેવળ નિર્જરા જ થઈ. માટે સમ્યગ્દષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે. પૂર્વ કર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું તે દ્રવ્યનિર્જરા છે.'** લ્યો.

હવે ભાવનિર્જરા. શુદ્ધતાની ક્ષણે ક્ષણે ધર્મીને વૃદ્ધિ થાય છે. અશુદ્ધતા ટળતી જાય છે. એ કહે છે. શું શુદ્ધતા અને શું અશુદ્ધતા? આહા..! આખો શુદ્ધ પ્રભુ આત્મા, એની અંતરમાં દૃષ્ટિનું ભાન (થયું છે) એટલે ક્ષણે ક્ષણે શુદ્ધતા, પવિત્રતા વધતી જાય છે. એને ભાવનિર્જરા કહેવામાં આવે છે. અસ્તિરૂપે. અને અહીં તો અશુદ્ધતાનો નાશ કર્યો. જરીક મલિન પરિણામ થાય થોડા પણ એ સ્વભાવનો આશ્રય-દૃષ્ટિ પડી છે તેથી મલિન પરિણામ વ્યય થઈ જાય છે, નાશ થઈ જાય છે. કર્મ ખરી જાય છે ને ઓલા મેલા પરિણામ થયા એ પણ ખરી જાય છે. એને ભાવનિર્જરા અશુદ્ધતાના ટળવા અપેક્ષાએ કહેવામાં આવે છે.

જુઓ ૧૯૪.

**दव्वे उभुंजंते णियमा जायदि सुहं व दुक्खं वा।**
**तं सुहदुक्खमुदिण्णं वेददि अध णिज्जरं जादि।।१९४।।**

નીચે હરિગીત.

**વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,**
**એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.**

અહીં પર્યાય થાય છે એમ કહે છે. છે ને? થાય છે પણ ખરી જાય છે. જે સમયે થાય છે તે સમયે તો છે, પણ ખરી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે. વસ્તુની સ્થિતિની વાત છે. જ્યાં આત્મા પોતાની નિજ સંપદાને દૃષ્ટિમાં લીધી છે, એને હવે કંઈ કર્મના ઉદયના સામગ્રીમાં જરી, વિકલ્પ જરી અસ્થિરતાનો આવે છે પણ એ ખરવા માટે છે, ટળવા માટે છે. કેમ કે તેના પ્રત્યે પ્રેમ નથી અને ત્યાં દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? જુઓ! આ સમ્યગ્દષ્ટિનું માહાત્મ્ય અને સમ્યગ્દષ્ટિમાં ધર્મની અચિંત્યતા. એ સમ્યગ્દર્શન વિના ધર્મ હોઈ શકતો નથી. સમ્યગ્દષ્ટિને બાહ્ય કર્મનો ઉદય ખરી જાય છે અને જરી મલિનતાનો અંશ આવી જાય એ પણ ખરી જાય છે. એની વાત વિશેષ કરશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૯, રવિવાર તા. ૧૬-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૯૪, શ્લોક-૧૩૪, પ્રવચન-૨૭૮**

આ સમયસાર. નિર્જરા અધિકાર છે. સમ્યગ્દૃષ્ટિને કર્મના ઉદયથી મળેલી સામગ્રી એને પોતાના શુદ્ધ સ્વરૂપના... અહીં તો વજન સમ્યગ્દર્શનની મહિમાનું વર્ણન છે. આત્મા જેને અનંત સ્વરૂપ આનંદ જેને હાથ લાગ્યો છે અંદરમાં. સમજાણું કાંઈ? વસ્તુ આત્મા એક સમયમાં પૂર્ણ શાંત, આનંદ જ્ઞાયક સ્વરૂપ એને જ્યાં અંતરમાં દૃષ્ટિમાં લીધો છે અને વિશ્વાસ બધો આત્મા સિવાય બીજી ચીજમાંથી ઊડી ગયો છે. કોઈ મારો સંગ નથી. મારું કોઈ શરણ નથી અને મારે ક્યાંય પરમાં સુખ નથી. કહો, સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિમાં અસત્યબુદ્ધિ છે અનાદિ કાળની કે જેમાં પરમાં સુખ છે, પુણ્ય-પાપના ભાવમાં મારું હિત છે એવી જ્યાં લાગણી પરમાં રુચિ છે એ પરને મેળવવા માગે છે. સમજાય છે? ધર્મીને પોતે આત્મા શુદ્ધ આનંદ છે એવી દૃષ્ટિ થવાથી એને મેળવવા એટલે એમાં એકાગ્ર થઈને એની પ્રાપ્તિ કરવા ઈચ્છે છે. બેની મેળવવાની માગણીમાં ફેર છે.

મુમુક્ષુ :- મેળવવું શું..?

ઉત્તર :- જેની ઈચ્છા હોય, એ વાત ચાલે છે આ. એય.. શેઠી! એય.. સુમનભાઈ! શું મેળવવું? એમ કહે છે આ.

જુઓને! અહીં તો વાત કેમ થઈ? કે જેને આત્મા વસ્તુ પરમ શાંત અને અનાકુળ આનંદની મૂર્તિ વસ્તુ જ એવી છે ઈ. એ જેને દૃષ્ટિમાં મળી છે તેને જ મેળવવા માગે છે એટલે સ્થિરતા કરવા માગે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને આત્મા શું ચીજ છે એ મળી નથી, દૃષ્ટિમાં આવી નથી. એથી એને આત્મા નથી એવી ચીજ જે પુણ્ય-પાપ અને પુણ્ય-પાપનું બંધન અને એના ફળો એમાં એનો પ્રેમ છે, એની રુચિ છે અને એને મેળવવા માગે છે. કહો, સમજાણું કાંઈ? તેથી મિથ્યાદૃષ્ટિમાં પરપદાર્થને મેળવવા માગે છે છતાં મળે ન મળે એનો પ્રશ્ન નથી. એની ભાવનામાં સ્વભાવનું ભાન નથી એટલે પર કાંઈક અનુકૂળ હોય, પ્રતિકૂળ ટળે એવી એની માન્યતા છે એમાં એ હેરાન અને દુઃખી થઈ રહ્યો છે. કહો, સમજાણું કાંઈ?

અહીં સમ્યગ્દૃષ્ટિની વાત છે. અહીં નિર્જરાનો અધિકાર છે ને. એ તો બંધની વાત થઈ. જેને ધર્મ પ્રાપ્ત થયો છે (એની વાત છે). અજ્ઞાનીને ધર્મ પ્રાપ્ત નથી. એને તો એ પુણ્ય-પાપ અને એનું ફળ એ પ્રાપ્ત છે. જે એમાં નથી તે મને પ્રાપ્ત છે એમ માને છે ને? અને

એ પ્રાપ્તથી સંતોષ માને, સુખી માને, વધારવા માને, રખોપુ કરવા માગે, મેળવવા માગે. એના સાધનો બધા ઝાઝા હોય તો આ બધું મળે વધારે. કારણ કે જેને વિષય (જોઈએ છે), અહીં તો વિષય ઉપર લક્ષ અત્યારે (વધારે છે). વિષય એટલે પર અને સ્વ વિષય. બે વિષય ઉપર લક્ષ આવ્યું. સમજાણું?

મોક્ષમાર્ગ પ્રકાશકમાં એક આવ્યું છે ને? ચારિત્રમોહના અધિકારે. જ્યાં અજ્ઞાનીને ક્રોધ થાય છે ને ક્રોધ? એ ક્રોધ થાય છે એટલે બીજાનું બુરું કરવાની ઈચ્છા છે ત્યાં. સ્વભાવની દૃષ્ટિ નથી એટલે મારું ભલું કેમ થાય-એકાગ્રતા-એ તો છે નહિ. ક્રોધ થતાં બીજાનું બુરું કરવાની ઈચ્છા છે, બુરું કરવાના ઉપાયને વિચારે છે. મનથી ઉપાડ્યું છે, ભાઈ! આમથી. ક્રમ લીધો છે, ભારે ક્રમ. બીજાનું બુરું કરવાનો ઉપાય વિચારે છે અને મર્મછેદક આદિ ગાળો વચન દ્વારા બોલે. અહીં આમ ચાલે છે. અહીં ઈચ્છા કરે છે, ઉપાય વિચારે છે, મર્મછેદક આદિ ગાળ્યું બોલે છે અને તે ઉપરાંત કાયા વડે, અંગ વડે એને દુઃખ આપે છે અથવા હાથમાં શસ્ત્ર અને પથ્થરને લઈને પણ બીજાનું બુરું કરવા ઈચ્છે છે. એટલે ઉપાય, મન, વાણી આમ લીધું. ક્રમ જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ તો એને માટે તો કીધું આ. ટોડરમલનો આ હોલ ઉઘાડ્યો છે તો પછી એને કેટલું શું ... કરવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? એમ છતાં બીજાનું બુરું ન થાય તો અંતર સંતાપ કરે. અને એ ક્રોધ આવતા વડીલ પુરુષ, પૂજ્ય પુરુષ, સજ્જન પુરુષ સારો એ જો વચમાં આવી ગયો હોય (તો) એનું પણ અપમાન કરે. એમ છતાં ન થાય તો અંદર ચિંતા કરે. આવ્યું? હવે ચિંતા કરે અને એમ છતાં એ આગળ વધે તો અંગને છેદે. આમ ચાલે છે ને હવે? એમ છતાં વિષથી મરણ કરે. આહાહા..! ક્રમ ગોઠવ્યો છે ને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાર્યને પાર પાડવું છે ને.

ઉત્તર :- એ પાછું મનથી કરે જાતે અને કોઈ કરતા હોય બીજાનું ભૂંડુ તો એને ઠીક કહે. અને ઠીક કર્યા વિના પણ સહેજે બુરું થઈ ગયું હોય તો પણ એને અનુમોદે. એટલે અહીં બધું વલણ આખું પરમાં ગયું બધું. રાજમલજી! બહુ સરસ! એવો ક્રમ ગોઠવ્યો છે. બીજા ઘણાં બોલ છે અંદર. સમજાણું કાંઈ? એમ માનમાં, માયામાં, લોભમાં એવો ક્રમ આમ (ગોઠવ્યો છે). એટલી બધી એની એકાગ્રતા. બીજો ઉપરથી વાત કરે એ જુદી વાત છે પણ જેને પહેલું બનાવવું છે, ઘણી એકાગ્રતા, બહુ એકાગ્રતા. છ મહિના સુધી તો એને મીઠું શાકમાં નહોતું અને ખબર નહોતી. આહાહા..! સમજાણું? પોપટભાઈ! એવી લગની

લાગી હતી અંદર. આહાહા..!

અહીં કહે છે કે જ્યાં આમ જ્યાં ઇચ્છે છે, મન, વચન, કાયાને ગોઠવે છે એટલે કે એના તરફ વળે છે, કરવું-કરાવવું-અનુમોદવું આમ કરે છે. જે પરપદાર્થમાં કાંઈ લાભ નથી, કાંઈ સુખ નથી, પરપદાર્થ મેળવી શકાતો નથી. સમજાણું કાંઈ? એમાં તો બીજું લીધું. ધન ખર્ચે, કષ્ટ સહન કરે. સમજ્યાને? ક્રોધ ને એવું કાંઈક લીધું છે. મરી જાય, મરણ થાય તો પણ એવા .. એમ ક્રોધ થતાં. કારણ કે જેની દૃષ્ટિ જ પર ઉપર છે એને એ જ મન, વચન અને કાયાએ કરણ, કરાવણ, અનુમોદન એનું બધું ત્યાં જ વલણ વળી ગયું છે.

અહીંયાં આત્મા વસ્તુ જ્યાં અંતર વસ્તુ જોઈ, માની, ઓહો..! સર્વજ્ઞે જે માન્યો એ આ આત્મા. આ વસ્તુ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, ચારિત્ર વીતરાગ સમભાવ એવો જે સ્વભાવસ્વરૂપ આત્મા, એના અંતરમાં દૃષ્ટિ, પ્રેમથી અંદરમાં પડ્યો એને તો એની એકાગ્રતાની ભાવના સ્વભાવને મેળવવાની જ હોય છે. એથી તે સમ્યગ્દૃષ્ટિને પૂર્વના કર્મના ઉદયની સામગ્રી (જે પ્રાપ્ત હોય) એમાં ભોગમાં આમ દેખાય. છતાં તે અહીં મેળવવા માગે છે માટે એને કર્મ નિર્જરી જાય છે. એને કાંઈ નુકસાન કરતું નથી. એમ કહે છે. કહો, સમજાણું આમાં? આમાં તો બહુ સમજાય એવું છે. પોપટભાઈ! કહો આ તો.. કહો, સુમનભાઈ! લોજિકથી-ન્યાયથી-તો આ કહેવાય છે. કહો હવે એમાં (કઠણ ક્યાં છે). આમ મેળવવા માગે એને મિથ્યાત્વનું બંધન પડે છે. મળવું, ન મળવું .. અહીં મેળવવા માગે એને કર્મનો ઉદય ખરી જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલી ગાથામાં એ કહ્યું.

'**सव्वं**' ભોગ કરે છે. ઉપભોગ કરે છે. હતું ને મૂળ પાઠમાં? ઉપભોગ ઇન્દ્રિયથી (કરે છે) એ બધું નિર્જરાનું નિમિત્ત છે. છૂટી જાય છે બધું એમ કહે છે મૂળ. એનું અહીં એકતા આમાં સ્વભાવ તરફની દૃષ્ટિનું જોર છે ને. ધ્રુવ ચૈતન્ય એક સમયમાં અનંત અનંત શાંતિ અને આનંદનો રસકંદ આત્મા છે. એવી જ્યાં પ્રતીત થઈ, શ્રદ્ધા થઈ છે એના ભરોસે બીજો ભરોસો બધો ઉડી ગયો છે. કહો, સમજાણું આમાં? અહીં તો એક જરી માન મળે કે આ મળે કે આ મળે તો જાણે કાંઈક શું મળ્યું! જાણે એને શું થઈ ગયું એમ લાગે. કહો, સમજાણું?

દાખલો આપ્યો છે ને ત્યાં? નહિ? બાવરાનો. બાવરો બેઠો છે. એક બેઠો છે ગાંડો-બાવરો. અને પછી એમાં રાજા આવ્યા, ઘોડા આવ્યા, ધન આવ્યું, લક્ષ્મી આવી, આ આવ્યું. હવે એ આવ્યા એને કારણે, રહ્યા એને કારણે, ચાલે એને કારણે, રહેવા કાળમાં પણ પરિણમે એને કારણે. એમ અજ્ઞાની જ્યાં પર્યાય પામ્યો ત્યાં એ ચીજો એને કારણે આવી, એને કારણે રહે, એને કારણે જાય, આને કાંઈ લેવા-દેવા છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો આ મોટો મૂરખો છે એમ કહે છે. આ તો દાખલો આપ્યો છે. એય.. પોપટભાઈ! આહાહા..!

અહીં જ્યાં પર્યાય પામ્યો શરીરની ત્યાં જે કાંઈ છોકરા આવ્યા, લક્ષ્મી આવી, કુટુંબ આવ્યું, બાયડી આવી, ઘર સારું હોય ત્યાં ઝાડ આવ્યા, શું કહેવાય આ? બાગ થયા ને બાગબગીચા આવ્યા. આહાહા..! આવ્યા હોં! લાવ્યો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય લાવ્યો નથી. લાવે કોણ પરને? એ આવ્યા... આવ્યા... આવ્યા.. અને એને રહેવું છે પણ એના પોતાને પરિણમનને આધીન રહેવું છે. કાંઈ આને આધીન રહેવું નથી. અને ચાલ્યા જાય તો એની સ્વતંત્ર દશાથી ચાલ્યા જાય છે. આને કારણે જાય છે એમ છે નહિ. પોપટભાઈ! વચ્ચે બેઠો મૂરખ એવો કરે કે આ મને આવ્યું, મને પૈસા આવ્યા, મારી આબરૂ વધી, મને દીકરા થયા, મારે મકાન થયા, મારે બંગલા થયા, મારું શરીર અત્યારે નિરોગી એવું છે રાતડી રાયણ જેવું છે. એય..! અને સારણ-બારણ અંદર થાતી હોય તો આહાહા..! ભાઈ! આવું નહોતું અને આ અંદર થાતું હતું. પછી વળી ઠીક થયું તો આવ્યા. મોડું એને લઈને થયું. આહાહા..! રાતડી રાયણ જેવું તો એ પરમાણુ છે. એને પોતાને કારણે એ રહે છે અથવા પરિણમે છે એમ. પરિણમે છે. એને કારણે એ પરિણમીને રહેલું છે. આ આમ આમ જે પરિણમે છે એ એને કારણે. આત્માને કારણે બિલકુલ નહિ. આહાહા..! વલ્લભદાસભાઈ! પણ મિથ્યાદષ્ટિને કારણે મફતનો વચમાં દખલ કરીને દુઃખી થઈ રહ્યો છે.

અહીં સુખી થઈ રહ્યો છે એની વાત છે અહીં તો. આહાહા..! વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યના વિજ્ઞાનનું પુર છે. એ આત્મા વિજ્ઞાનપુર, વીતરાગનું આખું ઘર છે. વિજ્ઞાનપુર આત્મા અને વીતરાગનું ઘર આત્મા. એમાં જેની પ્રવેશદષ્ટિ થઈ છે, કહે છે કે એ કાળમાં કોઈ કર્મ પૂર્વના ઉદય આવ્યા એ કાળમાં, શું કરે? કાંઈ રસ જ નથી ને ક્યાંય પ્રેમ જ નથી, કાંઈ મેળવવું જ નથી ને. આવ્યું એમાં હરખ નથી, જાય તેમાં શોક નથી, રહે તેમાં મારાપણું નથી. સમજાણું કાંઈ? આ ઓલા સાથે વળી થોડું મેળવ્યું. આવ્યા એમાં હરખ નથી, રહે એમાં રક્ષણની બુદ્ધિ નથી, જાય એમાં ક્ષોભ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા અહીં નિર્જરા અધિકારમાં તો આમ ઈન્દ્રિયાણં.. અહીં હવે કોઈ એમ કહે કે આ તો કોઈ મુનિને માટે છે. તો અહીં તો ચેતન અને અચેતનનો ભોગ લીધો છે.

મુમુક્ષુ :- ઈ તો મુનિને...

ઉત્તર :- અહીં બધાને.. પણ અહીંથી ઉપાડીને હેઠેથી ઉપાડ્યું છે. સચેતના ભોગથી ઉપાડ્યું છે. સચેત-અચેતનો ભોગ. ઓલો તો વળી સચેત. એને ભોગ મુનિને છે જ કે

દિ'? એ ભોગ નથી એને, કાંઈ છે જ નહિ. વીતરાગ.. વીતરાગ... વીતરાગ... વીતરાગભાવમાં રમે છે.

અહીં તો જરી રાગ છે ને. એથી આમાં લખ્યું છે ને ઓલું જુઓને! ટીકામાં નહિ? આ મુખ્ય વર્ત્યા વીતરાગથી. અહીં જયસેનાચાર્યની ટીકામાં. ગૌણ વર્તે સમકિતને. છે ને. આહાહા..! જે સમ્યગ્દર્શને એક સમયમાં જ્ઞાનમાં એક સમયમાં ગતિ ફરી ગઈ આખી. એક સમયનું જ્ઞાન થતાં આખી દશા ફરી ગઈ. ઉઘાડ હતો જ્ઞાનનો એની મહિમા રહી નહિ. સંયોગો હતા એની મહિમા રહી નહિ. કાંઈક મેળવ્યું હતું જાણે પુણ્યને લઈને આવ્યું હતું એની મહિમા રહી નહિ, ઊડી ગઈ મહિમા બધી. કોણ મેળવે? શું મેળવ્યું? શેઠી! આહાહા..! ભગવાન આત્મા અનાકુળ જ્ઞાનની મૂર્તિ પોતે, વસ્તુ પોતે પોતે છે પ્રભુ. એ પ્રભુ જેને દૃષ્ટિમાં લાધ્યો એને આ પામરપણાના પ્રેમ એને કેમ રહે અંદરમાં? સમજાણું કાંઈ? એ દૃષ્ટિ કરવાનું માહાત્મ્ય છે અને એ દૃષ્ટિનું આવું ફળ છે. માટે પહેલી દૃષ્ટિ પ્રગટ કરવી જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ એનું જ આ વર્ણન છે. અહીં તો સમ્યગ્દર્શનની મહિમાનું વર્ણન છે.

ભાઈ! એ તું અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં બેઠો એ તો એમ જાણે છે, એક રાગ ઉઠ્યો એને હું કારણ નથી. આ સામગ્રી આવી એમાં હું કારણ નથી અને એ સામગ્રીના રાગને કારણે મને કાંઈક સંતોષ થાય મારામાં એવું કાંઈ મારામાં પરને લઈને નથી. સમજાણું કાંઈ? શશીભાઈ! આહાહા..!

હું એક આત્મા છું. અને આત્મા એટલે કે નિર્વિકારી વીતરાગી વિજ્ઞાનઘન સ્વરૂપ છું. એવી અંતર દૃષ્ટિ થઈ, એને શું આવ્યું એને સંતોષ અને શું ગયો એને શોક અને શું રહ્યું એનો રખોપો? પોતે છે જ નહિ. મેં ઊપજાવ્યું નથી, મેં રાખ્યું નથી પરને, એ ગયું એમાં મારે ઘરેથી કાંઈ ગયું નથી. સમજાણું કાંઈ? એવો જે આત્મા વિરાગીનો ભોગ નિર્જરાનું નિમિત્ત છે. આહાહા..!

અહીં તો જરી વાણીનો યોગ સરખો હોય, ઉઘાડના ક્ષયોપશમનો કાંઈક સરખો હોય ત્યાં એને એમ થઈ જાય કે આપણે તો ઓહોહો..! શું મેળવ્યું? એય.. પોપટભાઈ! પૈસા-બૈસાનું એક કોર રાખો. એય..! મલૂકચંદભાઈ! આહાહા..! આ પૈસા મેળવ્યા. અરે..! ભગવાન શું કહે છો તું? ભાઈ! એક રજકણ પણ તારાથી મેળવાય કે રખાય કે છોડાય.. એના આવવા, એના ટકવા, એના પરિણમવા અને એનું જાવું પરને આધીન છે. એમ જ્યાં આત્માનો સ્વભાવ જ્ઞાયક છે, ચૈતન્ય છે, અંતરમાં ભાન થયું છે. કહે છે કે એને બહારના કર્મનો ઉદય આવ્યો, ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી, આ સામગ્રી જુઓ તો પાર નહિ, ચોર્યાસી લાખ હાથી, છન્નું

હજાર સ્ત્રી. એક... એવું કાંઈક છે. કેટલા એક ક્રોડ? એટલા તો નગર, પાટણ. બોતેર હજાર નગર અને અડતાલીસ હજાર પાટણ. છન્નું હજાર કરોડ ગામ. કોના ગામ? ક્યાં હતા? ક્યાં મારામાં હતા તે મને મળે અને મને આવે. પોપટભાઈ! આહાહા..! એમ જ્યાં અંતર દૃષ્ટિ થઈ છે એને રાગાદિના અભાવને કારણે એને બંધ થતો નથી. અજ્ઞાનીને રાગને કારણે એકત્વબુદ્ધિને કારણે મળેલી સામગ્રીમાં એકત્વબુદ્ધિને કારણે બંધન થાય છે. એમ કહે છે. આ રાગ ને હું અને આ મને મળ્યું એવી એકત્વબુદ્ધિ.

મુમુક્ષુ :- કોને મળે છે?

ઉત્તર :- મળે કોને? એક દ્રવ્ય બીજા દ્રવ્યને મળે ક્યાં? એ તો એને કારણે આવ્યા અને એને કારણે જાય છે. સમજાણું કાંઈ?

૧૯૪માં '**હવે ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છે :-**'

**दव्वे उवभुंजंते णियमा जायदि सुहं व दुक्खं वा।**
**तं सुहदुक्खमुदिण्णं वेददि अध णिज्जरं जादि।।१९४।।**

નીચે હરિગીત.

**વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,**
**એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.**

જરીક અસર તો લીધી છે. પણ વેદન નથી એનું એમ અહીં કહે છે, હોં! કારણ કે વેદન એ રાગનું નથી. અસર કરી ખરી આમ. પણ સ્વભાવને કરી નથી એમ કહે છે અહીં. સમજાણું?

'**ટીકા :- પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...**' ભોગવવાનો અર્થ સંગમાં પડતાં '**તેના નિમિત્તે સુખરૂપ અથવા દુઃખરૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે...**' જરી રાગાદિનું વેદન જ્ઞાનીને આવે છે પણ એ પર છે, સ્વભાવમાં એને મેળવતો નથી. આહાહા..! ભાષા તો એવું કીધું '**જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે...**' એટલે ઓલી પર્યાય કહેવી છે ને? શશીભાઈ! આહાહા..! ભગવાન આત્મા અનાકુળ શાંત એવો આત્મસ્વભાવ ઉપશમ રસનો સાગર ભગવાન (છે). એવી અંતર દૃષ્ટિ બેઠી (તો) બધેથી ઉઠી ગઈ બુદ્ધિ. કહે છે કે થોડી નબળાઈને લઈને રાગનું વેદન થાવ, જીવભાવની પર્યાયમાં. નિયમથી ઉદય થાય છે એટલે જરી સાધક છે ને? એટલે છે, ઉત્પન્ન થાય છે.

'**કારણ કે વેદન શાતા અને અશાતા-એ બે પ્રકારોને અતિક્રમતું નથી...**' અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી, અનુકૂળ-પ્રતિકૂળને કારણે નહિ. પણ એમાં જરી અસ્થિરની વૃત્તિ જ્ઞાનીને થાય છે. પણ એ અસ્થિરતાની વૃત્તિનો એ સ્વામી નથી. આહાહા..! એથી જે ક્ષણે થયું

એ ક્ષણે જ ગયું, વ્યય થઈ ગયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘડીક વેદાણું.

ઉત્તર :- ધૂળેય વેદાણું નથી. સુખ વેદાણું ઘડીક, (એમ કહે છે). હળવેક દઈને હાંડલુ મૂકે છે વચ્ચે. સુખ માનતો નથી પણ અહીં કહે છે કે જરી અસર થઈ એનો પર્યાય જણાવ્યો છે. પણ વસ્તુદૃષ્ટિને લઈને એ પર્યાયનું વેદન ખરેખર તો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો જરીક પર્યાયમાં આવ્યું, જાય છે એ બતાવવું છે થોડું. ઉદય આવીને, સામગ્રી આવીને વઈ જાય છે, ખરી જાય છે. અહીં ભાવનો પણ અંશ આવ્યો અને અહીં સ્વભાવ સન્મુખ દૃષ્ટિ છે ધર્મની.

શુદ્ધ આનંદ સ્વભાવ જ્ઞાયકમૂર્તિ આત્મા છે એના સ્વાદ આગળ એને જરી બાધક છે એટલે જરી કહે છે, નિયમથી થાય તો છે એમ કહ્યું. એટલો અંશ જણાવ્યો તો ખરો. સમજાણું? પણ એ વેદન ... '**(અર્થાત્ વેદન બે પ્રકારનું જ છે-શાતારૂપ અને અશાતારૂપ). જ્યારે તે ભાવ વેદાય છે...**' ત્યારે એ વેદવાના, થવાના કાળની વાત હવે લે છે. ઓલામાં પણ કર્મનો ઉદય આવીને સામગ્રીના ઢગલા (દેખાય). એ કાળનો સમકિતીને અને એ જ કાળનો મિથ્યાદૃષ્ટિ બેમાં ફેર છે દૃષ્ટિમાં, એમ કહે છે. આહાહા..!

ધર્મી જીવને જીવતો આત્મા ભાળે છે ઈ. બાકી બધા મડદાં છે, મડદાં છે. મારામાં નથી અને એ બધા મડદાં છે. આહાહા..! એય.. પોપટભાઈ! આમ છ-છ છોકરા મોટા લોઢા જેવા, પેદા કરે સરખું ૩૦-૪૦-૫૦ લાખ રૂપિયા ભેગા થાય. કોને? કહે છે. ક્યાં હતો? હું ક્યાં છું ક્યાંય? ઉઠી ગયો છું બધેથી. સમજાણું? જેણે બુદ્ધિને પરથી ઉઠાવી મૂકી છે. આહાહા..! એવો જે આત્માનો સ્વભાવ દૃષ્ટિમાં આવતાં, કહે છે કે, ધર્મી જીવ હોવા છતાં એને જરી વેદન આવે છે એ ... તો નથી. પણ તે વેદવાના કાળમાં '**ત્યારે મિથ્યાદૃષ્ટિને રાગાદિ ભાવોના સદ્ભાવથી...**' જુઓ! દૃષ્ટિ જ્યાં પર ઉપર છે એટલે એ મારા છે, મને વેદાય છે, મારી ચીજ છે એમ મિથ્યાદૃષ્ટિને છે. આહાહા..! સમજાણું કાંઈ? એ જરી અશુદ્ધતાનો ભાવ આવ્યો એને દૃષ્ટિ ફેરે ચૈતન્યસ્વરૂપની જ્યાં દૃષ્ટિ નથી અને એની દૃષ્ટિ પર્યાયબુદ્ધિ એટલે કે રાગના વિકલ્પ ઉપર જ બુદ્ધિ છે એને કારણે એ વેદનના કાળમાં મિથ્યાદૃષ્ટિને રાગની એકતાને કારણે નિર્જર્યો થકો. સમજાય છે?

'**બંધનું નિમિત્ત થઈને (તે ભાવ) નિર્જરતાં છતાં (ખરેખર) નહિ નિર્જર્યો થકો, બંધ જ થાય છે;...**' આહાહા..! જરી ધીમેથી સમજવા જેવી વાત છે, ભાઈ! આ તો અંતરના ખેલાની વાતો, ખેલાડી છે અંદરનો. મિથ્યાદૃષ્ટિ એ અંતરનો ખેલાડી, સમ્યગ્દૃષ્ટિ એ અંતરનો ખેલાડી છે. બહારના માપે મપાય એવું નથી. એવી ચીજ છે આ. સમજાણું

કાંઈ? આહાહા..! જેને માંસ અને માછલા ખપતા નથી, એને કોઈ માંસ અને માછલા સારા તળીને આમ દે. ખાશે? ખુશી થતો હશે ને? જેને માંસ અને માછલા ખપતા નથી એવો આર્ય, એને આમ સરખાઈના કરીને આમ સુખડી ને રવો શિરા જેવો કરીને કુકડીનું માંસ શેક્યું હોય.

એક કહેતો હતો વાણીયો. રવો રવો કરજો, હોં! એમ કહે. ઘરે બાયડીયું ન કરી દે વાણિયાને. પછી વાણિયો બીજાને કહે કે કુકડીને ત્યાંથી લાવી, કુકડી-કુકડી. મુર્ગી સમજો છો? એ તો સમજે છે. (સંવત) ૧૯૯૦ની સાલમાં વાત. ૯૦-૯૦. સદરમાં હતાને ત્યારે. આવા છે, મહારાજ! કેટલાક વાણિયા. હશે ભાઈ, આપણે શું કરીએ? એવું કુકડી લઈ ખાનગી ઘરે બૈરાને ખબર ન પડવા દે અને સાંજે કરી મૂકજો, અમે આવશું ફરવા ટાણે. રવો રવો કરજો, હોં! આમ. કુકુડીનું માંસ આમ શેકીને ફસ્ટક્લાસ માંસ ઘીમાં તળીને. આહાહા..! એ આર્ય માણસ સાથે ગયો હોય ને એને નિમંત્રે તો? લ્યો, આ. ભગવાન! શું કહે છો આ? કોને આમંત્રે છો આ? કોની પાસે આ વિનંતી કરે છે? ભાઈ! સમજાય છે? અમે એના સંગમાં ઊભા ન રહીએ, અમે બેઠા ન શોભીએ ત્યાં. માંસ ખાતા હોય ત્યાં આવા ખાનારમાં અમે બેઠા ન હોઈએ. ખાઈએ તો નહિ, બેસીએ નહિ. સમજાણું કાંઈ?

એમ ધર્મીને રાગાદિ જરી આવ્યો છે, વેદન (થાય છે). એમ કે લ્યો, કાંઈક સુખી થાવ. બાપુ! અમારામાં સુખપણું જે છે એ રાગ સુખ ઊપજાવી શકતું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અજ્ઞાનીને જરીક આ અનુકૂળતા ભાળી અને જ્યાં આવ્યો ને રાગ, એ રાગનું જ વેદન છે એને એકલું, એમ કહે છે. દૃષ્ટિ રાગ ઉપર છે. ભગવાન આત્મા રાગથી નિરાળું તત્ત્વ મહાપદાર્થ જેને દૃષ્ટિમાં બેઠો નથી, આશ્રય દૃષ્ટિને આપ્યો નથી આત્માનો, એવા મિથ્યાદૃષ્ટિને રાગ ગલગલીયા થઈને વેદે છે. આહાહા..! એકત્વબુદ્ધિ થઈને વેદે છે. બંધનું કારણ થઈને. બંધનું કારણ થઈ અશુદ્ધતા તો એની પણ ખરી જાય છે, કહે છે. સમજાણું? પણ નવું કર્મ બાંધતું જાય છે. નવી અશુદ્ધતા વધારતું જાય છે.

'**નહિ નિર્જર્યો થકો બંધ જ થાય છે;...**' શું કહે છે? અજ્ઞાનીને અશુદ્ધતાનો અંશ આવ્યો એ ખરી તો જાય છે એને બીજે સમયે. પણ એની દૃષ્ટિમાં એની પ્રીતિ અને પ્રેમ છે. રાગના વિકલ્પના અંતર વેદનમાં એક જ વેદન છે. બીજું તો ખબર નથી. એ વેદનમાં અજ્ઞાનીને, મિથ્યાદૃષ્ટિને બંધનું કારણ થઈ નિર્જરી જાય છે છતાં નિર્જર્યો કહેવાતો નથી. આહાહા..! બંધ જ થાય છે. મિથ્યાત્વનું પરિણમન ઉગ્ર થાય છે. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મ-નિર્જરાની વાત છે. સમજાણું કાંઈ?

'**પરંતુ સમ્યગ્દૃષ્ટિને, રાગાદિભાવોના અભાવથી...**' ધર્મીને જ્યાં આત્માના આનંદના

પ્રેમ છે. એનો પ્રેમ એને કોઈ રાગ આવીને લલચાવી જાય કે દ્વેષ આવીને સળગાવી જાય એવી કોઈ ચીજ જગતમાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! બહારના હા..હો.. હા.. હો... હા..હા.. મોટાના માન મળે ત્યાં... આહાહા..! પણ મોટો કહેવો કોને? પોપટભાઈ! રૂપિયા હોય ને. લગન થતા હોય એમાં લાખ-બે લાખ ખરચવા હોય ને. તમારે.. આહાહા..! લૂગડા, કપડાં, બદામના મૈસૂબ, મહેમાનોના ઢગલા. આહાહા..!

મુમુક્ષુ :- ગાંડો થઈ જાય.

ઉત્તર :- ગાંડો બની જાય. બાપા! તારી દૃષ્ટિ તને વસ્તુની ખબર નથી. પર તત્ત્વની સામગ્રીમાં તને રાગ આવ્યો ને? આહાહા..! હરખ આવ્યો હરખ. જન્મીને કાંઈક કામ તો સારું કર્યું. શું સારું? કોને કહેવું? સમજાણું કાંઈ? એને અશુદ્ધતા જે વેદનમાં આવી. બસ! એ એક જ વેદાઈ ગઈ એને. બીજું કાંઈ છે નહિ. એ બંધનું કારણ થઈને નિર્જરે છે એટલે ખરેખર નિર્જર્યું નથી. લાકડું નાખી દીધું બીજું, વધારે મિથ્યાત્વની પુષ્ટિ (થઈ). આહાહા..! સમજાણું કાંઈ?

'**પરંતુ સમ્યગ્દષ્ટિને, રાગાદિભાવોના અભાવથી...**' એટલે કે રાગ છે તેની સાથે એકત્વબુદ્ધિના અભાવથી. ભાવ તો કીધો પહેલો જીવમાં. પર્યાય એની .... એકપણાના અભાવથી (અર્થાત્) એ રાગના વેદનમાં એકપણું નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને રાગ, પ્રેમ, રતિ આદિના અભાવથી બંધનું નિમિત્ત થયા વિના અશુદ્ધતા જે થઈ તે નવા બંધનું કારણ થયા વિના '**કેવળ જ નિર્જરતો હોવાથી...**' એ અશુદ્ધતા તો વઈ જાય છે, ખરી જાય છે. પહેલામાં કર્મનું ખરવું કહ્યું, આમાં અશુદ્ધતાનું ખરવું કહ્યું. નિર્જરા કહેવી છે ને? સમજાણું કાંઈ? વાત પણ ભારે. ધર્મ, આવો ધર્મ હશે કાંઈ વીતરાગનો? કો'કે એમ કહ્યું. અમે તો ભાઈ આટલા વર્ષમાં ક્યાંય આવું સાંભળ્યું નહોતું. આમ થાય ને તેમ થાય ને ઢીકણું થાય. કંદમૂળ ન ખાવા. સવારે નહોતું આવ્યું? ઈ વાતું કરોને તો બેસે. સમજાય. એ તો ત્યાં બીજી વાત છે, બાપા! એ આત્મામાં દૃષ્ટિ થઈ છે. હવે આસક્તિ ઘટાડવામાં આવા નિમિત્તો એને ન હોય એમ વાત કરે છે. આહાહા..! સમજાણું? ત્યાં એ ત્યાં વળગ્યો. લ્યો, મેં આમ દયા પાળી. પાળે કોણ? બાપા! એની દયા પાળે એ માન્યતા તારા સ્વભાવ તરફથી ખસી ગઈ છે તને. સમજાણું? ડગળી ખસી ગઈ તારી. ડગળી સમજો છો? નથી કહેતા તમારે? મગજ ખસી ગયું. અમારે કાઠિયાવાડમાં એમ કહે. દિમાગ દિમાગ ખસી ગયું. એ ડગળી ખસી ગઈ એવું કહે અમારે. હીરાલાલજી! દિમાગ ફરી ગયું. એવી તમારે ભાષા તો હોય કાંઈક બીજી. અહીં અમારે કહે કે ડગળી ખસી ગઈ લાગે છે. એમ અહીં.. તમારે ઈ કહે છે, દિમાગ ખસી ગયું લાગે છે. ઘરમાંથી નીકળી ગયું લાગે છે. આહાહા..! કહે છે,

શેના તને રાગના ભાવમાં પોતાપણાના સંતોષ શેના તને? પ્રભુ! એ તો બંધનનું કારણ છે, મિથ્યાત્વનું કારણ છે. નવા સંસાર નિગોદની ઉત્પત્તિનું કારણ છે, ભાઈ! આહાહા..!

અહીંયાં જ્ઞાનીને '**કેવળ નિર્જરતો હોવાથી...**' એ અશુદ્ધતાનો અંશ બિલકુલ અશુદ્ધતા કરતો નથી અને બંધન કરતું નથી. પોપટભાઈ! ઝીણું બહુ છે આ. આહાહા..! ભાઈ! આ રસ્તો લીધે સુખી થવાય એવું છે જગતને કોઈ પણ કાળે. આજ કરે, કાલે કરે, પછી કરે એ વિના દુઃખના બધા રસ્તા છે. સમજાણું કાંઈ? તો એ રસ્તાની રીત બતાવે છે. જેણે આત્માનો પંથ લીધો એને રાગાદિ આવે એનું પણ એને વેદન છે નહિ. એ થયું છતાં નથી. એને નિર્જરી જાય છે એમ કહે છે. એ પંથે પડ્યો છે-આત્માને પંથે પડ્યો છે, રાગને પંથે નથી. આહાહા..! અજ્ઞાની તો રાગને જ પંથે છે. સમજાણું? કો'કના કલ્યાણ કરી દેવા છે, કો'કને સુધારવા છે, એના માટે અમારે રોકાવું પડશે. આટલા વરસ તો કેટલું કલ્યાણ કરવા માટે. કોનું કલ્યાણ કર્યું તેં? કોનાથી કોનું કલ્યાણ થાતું હશે?

મુમુક્ષુ :- પોતાથી પોતાનું.

ઉત્તર :- વાત ખલાસ. પોતાનું કલ્યાણ પોતાથી પોતામાં થાય છે. પરથી કલ્યાણ આત્માથી થાય, પરથી કલ્યાણ આ આત્મામાં થાય, પરનું કલ્યાણ અહીંથી થાય, પરને કારણે અહીં કલ્યાણ થાય એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. એટલે કે સમ્યગ્દૃષ્ટિ પરથી તદ્દન ઉદાસ છે. રાગ આવ્યો એને પણ એ પોતાનો કરીને વેદતો નથી. નિર્જરતો હોવાથી '**નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.**' જોયું! ઓલાને નિર્જરા છતાં નહિ નિર્જરતો થકો બંધ જ થાય છે.

આ '**નિર્જરતો હોવાથી (ખરેખર) નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.**' અશુદ્ધતા ટળે છે. સમજાણું કાંઈ? આ શું કરવું આત્માને સમ્યગ્દર્શન એની રીત કહે છે. આ કર્યા વિના તારો નિવેડો ચોર્યાસીના અવતારમાંથી આવે એવો નથી. સમજાણું? કેટલો પણ જ્યારથી જન્મે તે પછી દસ, વીસ વર્ષનો જ્યારથી થાય એય.. માથે બોજો... બોજો... બોજો... આટલું કમાવું પડશે અને આટલું આમ કરવું પડશે. બાપે પૈસા ખર્ચ્યા છે આપણને મેટ્રીક પાસમાં, એલ.એલ.બી. પાસમાં. એટલા પ્રમાણમાં આપણે બોજો પાછો કરવું પડશે. એટલું રળવું. આહાહા..! એ એકત્વબુદ્ધિમાં ઊંચો આવે ક્યાં આમાં? અહીં કહે છે કે આત્માની એકતાબુદ્ધિમાં નીચો આવે ક્યાં? સમજાણું કાંઈ? નિર્જરા (થાય છે એમાં) નીચો આવે ક્યાં? ઊંચો ચડે છે એમ કહે છે.

'**ભાવાર્થ :- પરદ્રવ્ય ભોગવતાં, કર્મના ઉદયના નિમિત્તે જીવને સુખરૂપ અથવા દુઃખરૂપ ભાવ નિયમથી ઉત્પન્ન થાય છે.**' જરી દ્વેષાદિ, રાગાદિ થઈ જાય એમ કહે

છે. સમજાય છે? ધર્મીને. **'મિથ્યાદષ્ટિને રાગાદિકને લીધે તે ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે...'** દૃષ્ટિ જ્યાં આત્માના શુદ્ધ સ્વરૂપ ઉપર નથી અને અશુદ્ધ એવા પુણ્ય-પાપના રાગ ઉપર જેની બુદ્ધિ છે, એવા મિથ્યાદષ્ટિને રાગાદિના (સદ્‌ભાવને) લીધે તે ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે. નવું લાકડું અનંતો સંસાર વધારીને ઓલી અશુદ્ધતા ટળી ગઈ. આહાહા..!

**'તેથી તેને નિર્જર્યો કહી શકાતો નથી; માટે મિથ્યાદષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં બંધ જ થાય છે. સમ્યગ્દષ્ટિને રાગાદિક નહિ હોવાથી આગામી બંધ કર્યા વિના જ...'** એ રાગની સાથે ખરેખર એકત્વબુદ્ધિ નહિ હોવાથી. સમજાણું કાંઈ? બાધકભાવ આવ્યો છતાં સાધક સ્વભાવમાં એને મેળવતો નથી. એટલો રાગ આવ્યો. સ્વભાવ તરફમાં એને એકતા કરતો નથી. **'તેથી આગામી બંધ કર્યા વિના જ તે ભાવ નિર્જરી જાય છે...'** અશુદ્ધતા ખરી જાય છે. આહાહા..! આ તો ઓલા કહે, કર્મ ઘણા બાંધ્યા છે ને. બહુ અપવાસ કરે તો ખરી જાય. આવું પટ સમજાય લ્યો. આ વળી આવું.

વાસણ એક મોટું હોય ને કાટ લાગ્યો હોય કાટ. તો રેતી, કાથી. .. કે નહિ? રેતી હોય આ લીંબડીની, તમારે ભોગાવાની. એય.. વઢવાણની. ભોગાવાની ઝીણી હોય છે ને? કોથળા મગાવે. અહીં મગાવ્યો હતો એક ફેરી. અને કાથી જોઈએ સરખી. નવી. જૂની હોય તો ઘસાઈને ફાટી જાય, તૂટી જાય. નવી કાથી અને વઢવાણની રેતી. એમ કર્મના લોચા બાંધ્યા છે, બાપા! અપવાસ એક, બે, આઠ, દસ, પચ્ચીસ કરો. તપસ્યા કર્યે નિર્જરા થઈ જશે. અહીં ના પાડે છે કે એ નિર્જરા એમ નહિ થાય. કહો, સમજાણું કાંઈ? 'તપસા નિર્જરા' એવો શબ્દ ત્યાં આવ્યો. અહીં તો અહીં કહે છે આ તો .. એય.. દિપચંદજી! આવે છે કે નહિ એ તત્ત્વાર્થસૂત્રમાં? તપસા નિર્જરા. અહીં તો ના પાડે છે કે એ નિમિત્તનું કથન (છે). એમ છે નહિ. આહાહા..! ત્યારે એવી દશા હોય, ત્યારે એવા નિમિત્તો હોય તો એને નિર્જરા કહેવાનો ઉપચાર છે. નિર્જરા તો ખરેખર..

નિર્જરના ત્રણ પ્રકાર છે. કર્મનું ગળવું, અશુદ્ધતાનું ટળવું અને શુદ્ધતાનું ઉગ્રપણે વધવું. ત્રણેને નિર્જરા કહે છે. સમજાણું? એ ત્રણ પ્રકારે નિર્જરા કોને થાય? કે જેને... નિર્જરાની પર્યાય એ પણ એક સમયની દશા છે. સમજાણું કાંઈ? સંવર, નિર્જરા અને મોક્ષ એ પણ એક સમયની દશા છે. એ રહિત આખું તત્ત્વ જે અખંડ એકરૂપ છે, એવી અંતર દૃષ્ટિ થઈ એને કર્મનું ખરવું, અશુદ્ધતાનું ટળવું અને શુદ્ધતાનું વધવું ત્રણે એને થાય છે એમ કહે છે. પોપટભાઈ! ભારે વાત! વર્ષીતપ-બર્ષીતપ કરી નાખે ને પછી થઈ ગયું, જાવ. લાખોપતિની દીકરીયું વર્ષીતપ કરે ને નિર્જરા ન થાય એમ હોય?

મુમુક્ષુ :- ફાયદો થયો ને જરી.

ઉત્તર :- ધૂળેય ન થાય. નિર્જરા થઈ-એનો કાળ ગયો મફત. સમજાણું? હેરાન-હેરાન દુઃખી કલેશ અંદર. માંડ માંડ પૂરું કરવું પડે પાછું. સહનશક્તિ ન મળે. અંતર જ્ઞાતાદષ્ટાપણું તો પ્રગટ્યું નથી. માસ્તર! આ અપવાસની માંડી છે આ. આહાહા..!

કહે છે, અજ્ઞાનીને દૃષ્ટિ જ્યાં પરના ગ્રહણત્યાગ ઉપર છે, એને અપવાસના કાળમાં મિથ્યાબુદ્ધિ છે. ગ્રહણત્યાગ.. મેં આ ગ્રહણ કર્યો, અપવાસ મેં ગ્રહણ કર્યો અને આહાર મેં છોડ્યો, અપવાસ મેં ગ્રહણ કર્યો અને આહાર મેં છોડ્યો. એવી બુદ્ધિ છે એ મિથ્યાબુદ્ધિ-મિથ્યાત્વ છે. કારણ કે પરનો ગ્રહણત્યાગ આત્માના સ્વરૂપમાં જ નથી. એ તો નથી પણ રાગનું ગ્રહવું અને છોડવું આત્માના દ્રવ્યમાં નથી. એને ઠેકાણે મેં આ ગ્રહ્યું ને આ છોડ્યું, આ લીધું ને આ મૂક્યું. અનુકૂળતા છોડી અને પ્રતિકૂળતા મેં લીધી માટે મારે નિર્જરા થાશે. એમ. .. છોડી દીધું, ખાવું-પીવું નહિ.

એ આત્મા પરના ગ્રહણત્યાગ વિનાનો છે એને પરના ગ્રહણત્યાગવાળો માન્યો. એટલે આત્માની જ મિથ્યા દૃષ્ટિ એને મિથ્યા દૃષ્ટિપણું ઊભું થયું. કહો, સમજાણું કાંઈ? રતિભાઈ! લ્યો, આવા અર્થ આકરા પડે હોં માણસને. લોકો .. આ શું પછી? આ બધું કરીએ છીએ, આ કરે છે એ બધું ફોક? ફોક કોણ કહે છે? લાભ છે મિથ્યાત્વનો. વસ્તુ જ્ઞાનની મૂર્તિ ભગવાન ચૈતન્ય સૂર્ય છે. એની તેં કામ સોંપ્યું એની પાસે કે મેં આ છોડ્યું ને મેં આ લીધું. મેં આ છોડ્યું ને મેં આ લીધું. એવું કામ સોંપ્યું. સમજાણું કાંઈ? ચક્રવર્તી પાસે કામ સોંપ્યું કે આ ઝાડુ છે. બે મહિનાથી ઘર.. કાઢી નાખજો. મૂરખો છો? સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમાત્માએ આત્મા એવો જોયો એવો એમણે માન્યો. એવો અહીં માનવામાં ન આવે અને પરના ગ્રહણ ત્યાગના કારણકાર્યવાળો છું (એમ માને) એ તો આત્મા ન માન્યો એણે. અણાત્માને આત્મા માન્યો. અણાત્માને આત્મા માન્યો અને એનો જ્યાં ગ્રહણત્યાગમાં જો રાગ મંદ થાય તો મિથ્યાત્વસહિત એ અનંત સંસાર વધતો જાય. સમજાણું? કેમ કે જે આત્મા પરના ગ્રહણત્યાગના એક ગુણ (વાળો છે), એવા અનંતા ગુણો ગ્રહણત્યાગ વિનાના અકારણકાર્યકારવાળા છે. ભાઈ! શું કીધું સમજાણું?

આત્માનો એક ગુણ એવો છે કે કોઈ રાગને ગ્રહે કે છોડે નહિ પરને, એવો એક ગુણ. એવા અનંતા ગુણો એવા છે. તો એવા અનંતા ગુણનો એણે અનાદર કર્યો. ગ્રહણત્યાગવાળો માન્યો. એવા અનંતા ગુણોનો અનાદર અને અનંતા ગુણોનું (એકરૂપ) એક દ્રવ્ય-આખા તત્ત્વનો જ એને અનાદર થઈ ગયો. રાજમલજી! સમજાણું કાંઈ આમાં? ઝીણું પાછું બહુ. એને સોંપ્યું તેં કામ આ? પરના ત્યાગનો કર્તા, પરના ગ્રહણનો કર્તા. વસ્તુમાં નથી ને કોને માન્યું તેં આ? સમજાણું કાંઈ?

એટલે અજ્ઞાનીને રાગનું વેદન હોવા છતાં તેમાં તેની પોતાપણાની બુદ્ધિ છે. રાગ એના સ્વરૂપમાં નથી. તેનું કારણકાર્ય આત્મામાં નથી. છતાં એ માને છે તો મિથ્યાદૃષ્ટિને અશુદ્ધતા ટળે છે ખરી. આવી એ તો ટળે જ ને પર્યાયમાં. એક સમયનો પર્યાય છે (એટલે). નવો સંસાર બનતો જાય છે. કહો, સમજાણું આ? સત્યાગ્રહી બધા હોય છે ને ઘણાં? એ મિથ્યાત્વને પુષ્ટિ કરે છે એમ કહે છે અહીં. એય.. સુમનભાઈ! શું કહે છે આ? આ સત્યાગ્રહીઓ અપવાસ કરે ને? અમારે આમ કરવું ને અમારે આમ કરવું. આ કામ થાય તો આમ કરવું. આરે.. આરે..! ભારે વાત આકરી પણ, હોં! કહે છે કે અસત્યનો આગ્રહ છે. સત્યનું આગ્રહ સત્યનું ભાન કે દિ' છે તને? અમારે આમ જ થવું જોઈએ, અમારે આમ જ થવું જોઈએ. એનો અર્થ શું? પરપદાર્થની કઈ પર્યાય થાય એ તો એને કારણે. એય..! શશીભાઈ! દુનિયા વખાણ કરે તો અહીં કહે છે...

મુમુક્ષુ :- એ તો વખાણ જ કરે ને. એને શું છે?

ઉત્તર :- વખાણ કરે કે આહાહા..! ભાઈ! એને તત્ત્વની ખબર નથી. તને ખબર નથી એટલે તું એની પ્રશંસા કરે છે. સમજાય છે? એને પણ ખબર નથી એટલે ગ્રહણત્યાગમાં આત્મા છે, ગ્રહણત્યાગમાં આત્માને લાભ થાય એમ એ અજ્ઞાની માને છે. કહો, માસ્તર! ભારે કામ આકરું. હળવે.. હળવે.. હળવે.. ...

ભાઈ! તારું સ્વરૂપ છે ને પ્રભુ! એક વસ્તુ છો ને. વસ્તુની એવી ચીજ છે કે પરચીજને લાવવામાં કારણ ન થાય અને પરચીજને જવામાં કારણ ન થાય અને પરચીજ અનુકૂળ થઈ માટે અહીં કાર્ય કાંઈક થાય એમ વસ્તુના સ્વભાવમાં નથી. આહારાદિ છૂટ્યો માટે અહીં લાભ થાય એવું વસ્તુમાં નથી એમ કહે છે. અને આહાર લેતો હતો અને વિકલ્પ હતો માટે તેને નુકસાન થાય છે એવું વસ્તુમાં નથી. એણે વિકલ્પને પોતાનો માન્યો છે, ગ્રહણત્યાગવાળો માન્યો એ મિથ્યા દૃષ્ટિનું એને નુકસાન છે. અને એમાં ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાયકસ્વરૂપ છું, કોઈ રજકણ અને રાગનું કારણ નથી, કોઈ રજકણ અને રાગથી મારામાં કાર્ય નથી. મારો કોઈ ગુણ એવો છે નહિ એટલે હું દ્રવ્ય જ એવું નથી. એમ. એવી જ્યાં દૃષ્ટિ છે એને અશુદ્ધતા થોડી આવે છે. એને મારે કારણે આવી છે અને મારું કાર્ય છે એમ એ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'સમ્યગ્દૃષ્ટિને રાગાદિક નહિ હોવાથી આગામી બંધ કર્યા વિના જ તે ભાવ નિર્જરી જાય છે તેથી નિર્જર્યો કહી શકાય છે; માટે સમ્યગ્દૃષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં નિર્જરા જ થાય છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિને ભાવનિર્જરા થાય છે.'** લ્યો! ઓહોહો..! બધું આવી ગયું છે ઓલામાંથી. આ ઝટ વંચાઈ ગયું એમ કહે છે. ભાવ તો આવી ગયો

પહેલો. સમજાણું કાંઈ? ન્યાય આપ્યો એમાં તો એ બધી વાત આવી ગઈ છે.

**'હવે આગળની ગાથાઓની સૂચનારૂપ શ્લોક કહે છે :-'**

જુઓ! છે ને શ્લોક ૧૩૪.

**तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।**
**यत्कोऽपि कर्मभिः कर्म भूञ्जानोऽपि न बध्यते।।१३४।।**

'**શ્લોકાર્થ :- ખરેખર તે (આશ્ચર્યકારક)...**' ખરેખર તે જ્ઞાન નામ આત્માના અનુભવનું જ સામર્થ્ય છે. '**ખરેખર તે સામર્થ્ય જ્ઞાનનું જ છે...**' આત્માનો જ્ઞાનસ્વભાવ, એનો જે સમ્યગ્દર્શનમાં જે અનુભવ વર્તે છે એ અનુભવનું જ સામર્થ્ય છે. સમજાણું કાંઈ? એનું જોર બહુ વર્તે છે. '**ખરેખર તે (આશ્ચર્યકારક)...**' (છે). જગતને એમ થઈ જાય કે આ શું? સમજાણું કાંઈ? છ ખંડનો રાજા ચક્રવર્તી બેઠો હોય. એને એમ કહે કે આ તો કર્મ નિર્જરે છે. અને ત્યાગી થઈને બેઠો નગ્ન મુનિ થઈને જંગલમાં પણ અંતરમાં એ રાગના કણને પોતાના લાભને માટે માને છે, કહે છે કે એવું મિથ્યાત્વનું કોઈ સામર્થ્ય છે કે તે બંધને જ કરે છે. જંગલમાં એકલો બાવળ અને કાંટા હેઠે બેઠો હોય. નાગો એકલો નગ્ન. પણ જેના આત્માના અનંત ગુણનું જે સ્વરૂપ છે તેનો અનાદર છે અને રાગનો એક કણ છે તેનો આદર છે એવી દૃષ્ટિમાં એ દૃષ્ટિનું કોઈ એવું સામર્થ્ય છે કે એવા સ્થળમાં પણ અનંત સંસારને બાંધે છે.

અને જ્ઞાનનું-અનુભવનું કોઈ (એવું) સામર્થ્ય છે... આહાહા..! સમજાણું કાંઈ? '**અથવા વિરાગનું જ છે કોઈ (સમ્યગ્દષ્ટિ જીવ)...**' એમ. બેયનું સામર્થ્ય. જ્ઞાનનું સામર્થ્ય અનુભવનું અને પરથી અશુદ્ધતા ટળી એનું સામર્થ્ય. એમ. પોતાનો શુદ્ધ આનંદ પૂર્ણ સ્વભાવ એના અનુભવનું સામર્થ્ય અને અશુદ્ધતા ટળી છે એનું સામર્થ્ય. સમજાણું કાંઈ? ધર્મીને રાગની એકતાબુદ્ધિની અશુદ્ધતા મિથ્યાત્વ અને અનંતાનુબંધી એ અશુદ્ધતા ટળી છે એનું માહાત્મ્ય છે. સમજાણું કાંઈ?

'**ખરેખર તે (આશ્ચર્યકારક) સામર્થ્ય જ્ઞાનનું જ છે અથવા વિરાગનું જ છે...**' લ્યો, બેય આવ્યું ને? બેય સામર્થ્ય છે. અસ્તિ-નાસ્તિથી કહ્યું. આહાહા..! ભગવાન આત્મા જ્યાં અનુભવમાં આત્મા આવ્યો એ અનુભવનું સામર્થ્ય છે અને કાં એ અનુભવકાળમાં અશુદ્ધતાનો અભાવ છે એ વૈરાગ્યનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? '**કે કોઈ (સમ્યગ્દષ્ટિ જીવ) કર્મને ભોગવતો છતો...**' એમ કહે કે ત્યારે (કોઈ એમ કહે કે) અમારે પણ કર્મ ભોગવે અમારે વાંધો (નથી). પણ મૂઢ છો, સાંભળને! તને ભાવમાં પ્રેમ છે ત્યાં દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે આગળ આવશે. અમે પણ જ્ઞાની

છીએ, અમારે શું વાંધો છે? કળશ આવશે. મરી જઈશ. સાંભળને! વસ્તુના આનંદના સ્વભાવના ભાન અને આદર વિના જ્યાં તને પ્રેમ રાગમાં, ભોગમાં ઉલ્લાસ વૃત્તિ વર્તે છે અને તું કહે અમે જ્ઞાની (છીએ), અમારે ભોગમાંથી નિર્જરા થાય છે. મરી જઈશ. સમજાણું કાંઈ?

આ તો આત્મા એના સ્વરૂપના અનુભવનું સામર્થ્ય, વૈરાગ્યનું સામર્થ્ય. '**કર્મને ભોગવતો છતો કર્મોથી બંધાતો નથી! (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે.)**' એમ અર્થ છે, લ્યો. અજ્ઞાનીને તો આશ્ચર્ય ઊપજે કે આહાહા..! સિંહાસન ઉપર. હીરાના સિંહાસને બેઠો રાજા ભરત વૈરાગી. ભરત ઘરમાં વૈરાગી. અજ્ઞાની બાહ્યમાં ત્યાગીમાં સમકિતનો ત્યાગી અને રાગનો ભોગી. અજ્ઞાનીને આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે. એની ગાથા આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૦, સોમવાર તા. ૧૭-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૯૫-૧૯૬, પ્રવચન-૨૭૯**

સમયસાર, નિર્જરા અધિકાર. ગાથા ૧૯૫. જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે.

**जह विसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि।**
**पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झदे णाणी।।१९५।।**
**જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,**
**ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.**

શું કહે છે? દાખલો પહેલો (આપે છે).

'**ટીકા :- જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવતો છતો પણ, અમોઘ (રામબાણ) વિદ્યાના સામર્થ્ય વડે...**' એની પાસે વિદ્યા હોય ને ઝેર મારવાની. '**વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, મરતો નથી,...**' આ દૃષ્ટાંત છે. '**તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું કારણ જે...**' શું કહે છે? જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે. આત્મા, જેને અંતરમાં દૃષ્ટિમાં પરિપૂર્ણ શુદ્ધ આનંદ અખંડ અભેદ છે એવી દૃષ્ટિ જ્યાં થઈ છે, પરિપૂર્ણ પરમાત્મા હું છું એવી દૃષ્ટિ થવી એને અહીંયાં જ્ઞાનદશા અને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મૂળ તો એ છે ને? જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે. એ તો પછી દાખલો આપ્યો છે. અજ્ઞાનીનો દાખલો આપ્યો છે. મૂળ તો આ છે. જ્ઞાનની અનુભૂતિ એટલે કે આત્મા અંદર શુદ્ધ પરિપૂર્ણ એકરૂપ અખંડ પરમાત્મ શુદ્ધ અભેદ અખંડ છું. એવી દૃષ્ટિ થવાથી પોતે પરિપૂર્ણ છે આત્મા, વસ્તુએ-સ્વભાવે-પરિપૂર્ણ છે એવી દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે, તેને ધર્મી કહે છે. અને એને જ્ઞાનના સામર્થ્ય દ્વારા 'હું પરિપૂર્ણ છું' એના લક્ષે જે જ્ઞાનદશા-અનુભૂતિ-પ્રગટ થઈ એ દ્વારા એને કર્મનું ગળવું (થાય છે). અજ્ઞાનીઓને કર્મના ઉદયથી જે ભોગવટામાં બંધ નવો અજ્ઞાન દ્વારા થાય છે, એ ધર્મીને તેનો પ્રેમ નથી કર્મના ઉદયના ફળમાં કે ઉદયમાં, સંયોગમાં. જેને આત્માના પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય અભેદ અખંડ સ્વસંવેદ્ય-જે જ્ઞાનના અનુભવથી જણાવા યોગ્ય એવો હું આત્મા પરિપૂર્ણ છું, એવી દૃષ્ટિ થઈ ત્યાં કહે છે... સમજાણું? જેમ વૈદ્ય બીજાને મરવાનું કારણ એવું ઝેર ખાવા છતાં તે ઝેરની મારણશક્તિને કારણે મરતો નથી. એમ ધર્મી પૂર્વના કર્મના ઉદય આવ્યા એવા સંયોગમાં ભળતો નથી. સમજાણું કાંઈ? સોમલ આદિ ખાય છે તો રોગાદિ એવો હોય તો. સોમલ-બોમલ ખાય છે એવું. નથી

સાંભળ્યું? સોમલને મારીને સોમલ ખાય. આ તો દૃષ્ટાંત છે.

ધર્મ એને કહીએ અને ધર્મી એને કહીએ અને નિર્જરા એને થાય. એ અહીં શબ્દ છે ને? નિર્જરા નામ કર્મનું ગળવું, નિર્જરા નામ અશુદ્ધનું ટળવું, નિર્જરા નામ શુદ્ધતાની દશાનું વધવું. એ ધર્મીને નિર્જરા થાય છે. કેમ? કે આત્મા પૂર્ણ શુદ્ધ એકરૂપ સ્વભાવ એવી પરિપૂર્ણતાના આનંદના વર્તમાનમાં અનુભૂતિના વેદનને કારણે એને રાગાદિનો ભાવ સંયોગના ફળમાં થતો નથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! લોકો માને છે ધર્મ-ધર્મ. એ ધર્મ એ ચીજ નહિ. આ તો વીતરાગમાર્ગમાં બીજી ચીજ છે.

જેને... કીધું ને? '**અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્ભાવથી...**' વસ્તુ શુદ્ધ ચૈતન્ય અરાગી વીતરાગી સ્વરૂપ હું છું એવું જેને ભાન નથી, એને આ રાગ અને પુણ્ય-પાપના જે વર્તમાન ભાવ તેટલો હું એવા અજ્ઞાનીને એ રાગની એકતાબુદ્ધિની હયાતીથી બંધનું કારણ થાય જે કર્મનો ભોગ. '**પુદ્ગલકર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતો છતો...**' સમજાણું કાંઈ? વસ્તુ સ્વભાવ ભગવાન આત્મા. અહીં તો જ્ઞાનાનુભુતિ (છે). અજ્ઞાનીને અનાદિથી રાગ અને પુણ્ય-પાપના વિકારનો અનુભવ છે. એ સંસાર છે, એ અધર્મ છે, એ દુઃખરૂપ છે.

જ્ઞાનીને તે કર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતો છતો. એટલે? ભોગવતો છતો એટલે દુનિયાની દૃષ્ટિએ કથન કર્યું છે. ધર્મીને અંતર આનંદ સ્વભાવની પરિપૂર્ણતાનો ભાવ અને વેદન થયું છે. સમજાણું કાંઈ? આત્મા પુણ્ય-પાપના વિકલ્પ રહિત એ ઝેરના ભાવ રહિત છે. આત્મા તો એકલો અનાકુળ અમૃતસ્વરૂપ ભગવાન આત્મા છે. એવી અંતરમાં જ્ઞાનદશા અને શ્રદ્ધાના ભાનમાં, એને-અજ્ઞાનીને જે કર્મના ભોગવટામાં નવું અજ્ઞાનથી બંધન પડે, એ જ્ઞાનીને તે કાળમાં તે નિર્જરા કરે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! વીતરાગનો માર્ગ અનંત કાળમાં એણે સાંભળ્યો નથી, જાણ્યો નથી, જોયો નથી. પહેલા સમ્યગ્દૃષ્ટિથી અહીં વાત છે, હોં! શશીભાઈ! આહાહા..!

કહે છે કે, જે અજ્ઞાનીને રાગ અને દ્વેષની હયાતીને કારણે. એની હયાતી ત્યાં જ છે અને એને કારણે તે કર્મના બંધનને જ કરે છે. જ્ઞાનીને આત્મા પૂર્ણાનંદની હયાતીને કારણે. સમજાણું કાંઈ? ચૈતન્ય અનાદિઅનંત એકરૂપ વસ્તુ અખંડ વસ્તુ (છે) એ પરિપૂર્ણ પદાર્થ (છે) એવી જ્યાં દૃષ્ટિ થઈ છે. એની દૃષ્ટિમાં પરવસ્તુ, રાગ અને અલ્પજ્ઞતાનું કાંઈ માહાત્મ્ય નથી. કહો, પ્રવિણભાઈ! સમજાય છે કાંઈ? આરે..! આવી વાતું શું છે આ તે?

મુમુક્ષુ :- સમજાય છે કાંઈ, શું કરવા કહો છો?

ઉત્તર :- કાંઈ સમજાય છે કે નહિ? એમ કે આ શું કહેવા માગે છે? એમ. એય.. સુમનભાઈ! ત્યાં ક્યાં સુમનભાઈ ઓલી મોટી મોટી વાતું કરતા હશે ત્યાં તેલમાં. કરતા હશે

કે નહિ મોટા? એય..! ઓફિસર. દસ હજારનો પગાર મહિને. મોટો ઓફિસર કહેવાય. લ્યો. એ તો અહીંયાં આપશે. એટલું બધું કાંઈ ઉતારી નહિ નાખે. એ તમારે ક્યાં પૂછવું છે? એટલે એને પૂછ્યું કે કેટલો પગાર? મને ખબર નથી. લોકો કહે છે કે આમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. તે દિ', તે દિ'. તે દિ' ખબર નહોતી. કો'કે કરી હતી. આપણને ક્યાં ખબર છે? પણ એમાં આ બહારમાં ડહાપણ કરે છે કે નહિ જીવ અનંત કાળથી?

અહીં તો અંતરનું ડહાપણ પ્રગટ્યું છે. ધર્મી પછી ભલે ગૃહસ્થાશ્રમમાં હો. અરે..! દેડકું હોય સમકિતી. આહાહા..! એય.. પોપટભાઈ! દેડકું-દેડકું. અંદર આત્મા છે. આ તો માટી છે, ધૂળ છે. આ તો જડ પુદ્ગલ માટી અજીવ છે. એ કાંઈ આત્મા નથી અને અંદરમાં કર્મ છે એ જડ છે અને પુણ્ય-પાપના ભાવ થાય છે તે વિકાર અને આસ્રવતત્ત્વ અને મેલ છે. એ કાંઈ આત્મા નથી.

આત્મા તો મેલ અને અજીવતત્ત્વથી તદ્દન જુદી વસ્તુ અને તે પણ વસ્તુ પોતે પરિપૂર્ણ એકરૂપ અખંડ એકરૂપ વસ્તુ છે. સમજાણું કાંઈ? ભારે! એની દૃષ્ટિમાં-જ્ઞાનીની દૃષ્ટિમાં-આત્મા પરમાત્મા છે એમ ભાસ્યો છે. કહો, શશીભાઈ! હું અલ્પજ્ઞ છું ને રાગવાળો છું એ વાળો ભાસ્યો જ નથી, માન્યો જ નથી. સમજાણું કાંઈ? પોપટભાઈ! એવી દૃષ્ટિનું માહાત્મ્ય છે. જે દૃષ્ટિમાં વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ, જેવો પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ જેવો જાણ્યો, માન્યો એવો હું છું એમ માન્યું છે જ્ઞાનીએ.

મુમુક્ષુ :- બેયની માન્યતા સરખી?

ઉત્તર :- બેયની માન્યતા સરખી છે. કેવળજ્ઞાની પરમેશ્વર તીર્થંકરદેવ કે ચોથે ગુણસ્થાનમાં રહેલો જીવ. બેના સમ્યક્ શ્રદ્ધામાં-દર્શનમાં-પ્રતીતમાં, અનુભવમાં, જ્ઞાનમાં ફેર નથી. પૂર્ણ જ્ઞાન ભલે જાણે વિશેષ, એ જુદી વાત છે. સમજાણું કાંઈ? અપ્રયોજને પણ આવે છે ને એમાં? અપ્રયોજને પણ ઘણું જાણી એથી કરીને કાંઈ નથી, એમ કહે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે પાછળ.

અહીં તો આત્મા પોતે જ પૂર્ણ ઈશ્વર છું. ઈશ્વર એટલે? મારામાં જ બધી મોટપ મારા આત્મામાં જ પડી છે. ઈશ્વરતા એટલે મોટપ, મોટપ એટલે મહિમા. હું એક આત્મા. જ્ઞાન ઈશ્વર, દર્શન ઈશ્વર, આનંદ ઈશ્વર, શાંતિ ઈશ્વર, સ્વચ્છતા ઈશ્વર, અસ્તિત્વ ઈશ્વર એવી અનંતી શક્તિઓ ઈશ્વરમય હું આત્મા છું. આહાહા..! અનંત શક્તિ એક એક ઈશ્વર એનો ધણી એ. ઓલામાં કહ્યું હતું ને એક ફેરી? શક્તિનું કહ્યું હતું. એક ઓલા મોરબીમાં નથી? શક્તિ દેવી. અમારી શક્તિ મોટી દેવી. શક્તિ આ કાઠી માને ને ગરાસિયા. મોરબી જતાં આવે છે, સનાળા

સનાળા. શું કહેવાય એ? ત્યાં ઉતર્યા હતા ને બહાર. પાનાચંદભાઈનું મકાન હતું ને આ? .. શક્તિની દેવી છે. આ શક્તિ દેવી. એ શક્તિ નહિ. શક્તિ વિના ઈશ્વરને ન ચાલે એ કઈ શક્તિ? બાવો હતો બિચારો. કહે, ઓહો..! પધારો.. પધારો.. પધારો.. એ તો બિચારો કહેતો હોય ને. ત્યાં ફરતા હોય. સમજ્યાને? સાંજનું ટાણું, થોડું ફરીએ. નજીક હતું. પધારો, પધારો, પધારો. મેં કીધું, શક્તિ તો એવી કહેવાય કે આ આત્મામાં એક એક જ્ઞાનશક્તિ વિના આત્માને ન ચાલે. એ કહે, અમારી શક્તિ વિના ઈશ્વરને ન ચાલે. કીધું, સાચી વાત છે. પણ કઈ શક્તિ?

આ આત્માને અંદર જ્ઞાનની પૂર્ણ શક્તિ વિના ચાલે નહિ એટલે રહી શકે જ નહિ. સમજાણું? પૂર્ણ આનંદની શક્તિ વિના આત્મા હોઈ શકે જ નહિ. પૂર્ણ શ્રદ્ધાના, પૂર્ણ ઈશ્વર પૂર્ણ સમ્યગ્દર્શન-શ્રદ્ધા હોં! ત્રિકાળી. અનંત શક્તિ જેની, અનંત શક્તિ ઈશ્વર શ્રદ્ધા શક્તિ, એના વિના આત્મા રહી શકે જ નહિ. એવી અનંત શક્તિઓનો સ્વામી આત્મા છે. પણ લોકોને ખબર નહિ કે આત્મા એટલે શું. બહારની ચીજ જરી જ્યાં દેખે, પાંચ-દસ લાખ રૂપિયા જ્યાં આવે ત્યાં કહે ઓહોહો..! શું થયું? એમ થઈ જાય એને. એમ અહીં બધું છે. એય.. પોપટભાઈ! ધૂળમાંય નથી એમાં. દુઃખ છે એકલું દુઃખ, હોળી છે. પૈસા, લક્ષ્મી દેખે આ. એ તો બધા આકુળતાના નિમિત્ત છે. પોપટભાઈ! સાચું હશે આ?

મુમુક્ષુ :- સાચું છે પણ નાખી નથી દેતા.

ઉત્તર :- પહેલું દૃષ્ટિમાંથી નાખી દેવું જોઈએ કે એ ચીજ મારી નથી અને મને લઈને એને સુખ નથી. આ એની અહીં વાત ચાલે છે. મારી ચીજ છે આનંદ અને જ્ઞાન અને મને મારાથી સુખ છે. સમજાણું કાંઈ? રાજમલજી!

જુઓ! આ દાખલો. આ કાંઈ... ઝેર ઝેર મરી ગયું છે. દૃષ્ટિમાંથી ઝેર, દૃષ્ટિમાંથી ઝેર મરી ગયું. પુણ્ય-પાપના ભાવ, એની હોંશું, એના ફળમાં હોંશ એ બધી મિથ્યાદૃષ્ટિ પાખંડ અજ્ઞાનદૃષ્ટિ છે, અધર્મદૃષ્ટિ છે. ધર્મદૃષ્ટિ એને કહીએ કે જ્યાં ઝેર મરી ગયું (છે). રાગ હું નહિ, પુણ્ય હું નહિ. હું તો એકલો ભગવાન જે સિદ્ધ ભગવાન પર્યાયમાં પૂર્ણ થયા એ બધી પૂર્ણ શક્તિઓનું સત્ત્વ તે હું આત્મા છું. એવા પોતાના પરિપૂર્ણ (સ્વભાવ) આગળ બીજી કોઈ ચીજની અંતરમાં અધિકતા ભાસતી નથી. સમજાણું કાંઈ? સંયોગોની અધિકતા ભાસતી નથી ધર્મીને, પુણ્ય-પાપના ભાવની અધિકતા ભાસતી નથી. આ ચાર જ્ઞાન પ્રગટ્યા તો એની અધિકતા ભાસતી નથી. સમજાણું કાંઈ?

એવો જે ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ બેહદ શક્તિ, એની અંતરમાં દૃષ્ટિ થઈ અને અનુભવ થયો એ અનુભૂતિ જ્ઞાનનું એટલું બળ છે જ્ઞાનનું સામર્થ્ય કે અજ્ઞાની જે ભોગ

ભોગવતા બંધના કારણથી અનંતા બંધ કરે, તે જ બંધના કારણમાં પડ્યો જ્ઞાની નિર્જરા કરે છે. દૃષ્ટિ ફેરે સૃષ્ટિ ફેર થઈ ગઈ. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ કહે છે ને? ..

**'અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું કારણ જે પુદ્ગલકર્મનો ઉદય...'** એમ કહે છે. **'તેને જ્ઞાની ભોગવતો છતો પણ, અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...'** જુઓ આ ભાષા. અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા એટલે? જેના જ્ઞાનકિરણમાં ભગવાન ભાળ્યો છે-ભાસ્યો છે. અંતર જ્ઞાનની દશામાં ભગવાન પરિપૂર્ણ આત્માની પ્રતીત થઈ છે. એવા અમોઘ જ્ઞાનના સામર્થ્ય આગળ જ્યાં ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલા તરણા જેવા દેખાય. સડેલા તરણા દેખાય. પોપટભાઈ! આ બધા શેઠિયાઓ દુઃખી દેખાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ શું છે એ નક્કી કરવું પડશે કે નહિ? સુખ ક્યાં છે અને કોને લઈને છે? શરીર, પૈસા, બાયડી, છોકરા એ પરવસ્તુ છે. એને લઈને સુખ છે? પરમાં સુખ છે આનું? આનું સુખ ત્યાં છે? એ તો મૂઢ થઈને અજ્ઞાની અનાદિ કાળથી પોતાનો આનંદસ્વભાવ એનો અનાદર અને અશાતના કરે છે કે હું એ નહિ. સુખ મારામાં નહિ. એટલે કે હું આત્મા જ નહિ એમ કહે છે. મારો આનંદ મારામાં નહિ, મારું જ્ઞાન મારાથી નહિ, મારો ભરોસો મારાથી નહિ. મને કાંઈ આને લઈને સુખ, આને લઈને જ્ઞાન. એ જીવને પોતાના સ્વભાવની અશાતના અનાદર (કરીને) મારી નાખે છે. મૃત્યુ કર્યું, જીવના જીવનનું મૃત્યું કર્યું. આ તો જીવતો આત્મા થયો. સમજાણું કાંઈ?

એ ત્રણ ખંડના રાજ હોય બળદેવ, વાસુદેવને. છ ખંડના રાજ ચક્રવર્તીને. અરે..! અમે જ્યાં છીએ ત્યાં આ નહિ. એને લઈને અમને જરીએ સુખ નથી, હોં! સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રીઓ આમ પદમણી જેવી આમ લાલચમાં લલચાવે. અમારા રાગની વૃત્તિ જરી અસ્થિર છે એથી જરી લક્ષ તમારામાં જાય છે. બાકી અમારા સ્વરૂપમાં આનંદ છે. એ આનંદ અમને તમારામાં અને તમને લઈને અમને ભાસતો નથી. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

જ્ઞાની નામ ધર્મી. ધર્મી નામ આત્માના શુદ્ધ પરિપૂર્ણ આનંદસ્વભાવના જાણકને વેદનાર એને ધર્મી કહીએ. ધર્મી એટલે બાહ્ય કોઈ બે-પાંચ પચાસ લાખ ખર્ચી નાખ્યા, મંદિર બે-ચાર બનાવી દીધા. સામાયિક અને પોષા પડિક્કમણા કર્યા આ અજ્ઞાનીના. એ ધર્મ- બર્મ છે નહિ. સમજાણું કાંઈ?

જ્ઞાની, એ જ કર્મ એમ કહે છે ને? જે કર્મનો ઉદય જે અજ્ઞાનીને છે એ જાતનો ઉદય તેને જ્ઞાનીને ભોગવતો છતો પણ. એ ભોગવતો કહ્યું. સંયોગને જ દેખાડ્યું છે. એક રાગનો કણ છે ત્યાંનું એને વેદન નથી અંદરમાં. રાગનો કણ એક થાય છે એનાથી ભિન્ન આત્માનું

જ્યાં વેદન છે એને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'બંધનું કારણ જે પુદ્‌ગલકર્મનો ઉદય...'** જુઓ! **'અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્‌ભાવથી બંધનું કારણ જે પુદ્‌ગલકર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતો છતો...'** એમ. તે જ સંયોગમાં, તેટલા જ સંયોગમાં અને તે પ્રકારમાં દેખાય. બહારના સંયોગો ઢગલા. ખમ્મા-ખમ્મા (થાતું હોય). આમ શરીર સુંદર જાણે... સમજાણું? મણિરત્નની પૂતળી જેવું શરીર. કપડા માથે અબજો રૂપિયાના અંદર દાગીના આદિ હોય. બહારના સિંહાસનો હીરાના હોય અને સોળ હજાર તો દેવ જેની સેવા કરતા હોય. જ્ઞાનીને આ બધા મડદા છે. કારણ કે મારા ચૈતન્યના જીવનમાં આ ચીજ બિલકુલ મદદગાર નથી. મારામાં નથી તે મને મદદગાર કેમ હોય? સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ! શશીભાઈ!

અરે..! આત્મા પોતાનો સ્વભાવ, જેની એક એક શક્તિ અનંત અનંત શક્તિવાન ઈશ્વરતા ધરાવે છે. એવું ઈશ્વરી તત્ત્વ તે હું છું. હું પામર તત્ત્વ નથી. એવી અંતરમાં દૃષ્ટિનું ભાન થવું તેને સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કહેવામાં આવે છે. એને ધર્મી કહેવામાં આવે છે. એને અજ્ઞાનીને જે કર્મનો ઉદય બંધનું કારણ રાગ માનેલો રાગ તે હું છું, રાગ તે હું છું ત્યાં દૃષ્ટિ પડી છે એ રાગીને બંધનું કારણ સંસાર, એ જ સંયોગો એને સ્વભાવની હયાતીની દૃષ્ટિને લઈને બંધનું કારણ નથી, નિર્જરાનું કારણ છે. બેયની હયાતીનો સ્વીકાર ફેર છે. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ! આવો ધર્મ કાંઈ વીતરાગનો હશે? એય.. ન્યાલચંદભાઈ! કહો, આવો ધર્મ હશે? આ પોષા ને પડિક્કમણા એ બધા ક્યાં ગયા નિર્જરામાં? આ નિર્જરાનો અધિકાર ચાલે છે. તમે બધા શેઠિયા હતા ત્યાં તમારા ગામના નગરશેઠ. સામાયિક કરો, પોષા કરો, પંચરંગી કરો, એને આપો કાંઈક પાછું પાછળથી. ખરચાવે છે. ઈ કહે છે કે એ ધર્મ-બર્મ નથી. લે. તને ખબર નથી ધર્મની રીતની.

ઓલા કાલે વાત કરતા હતા કે આ. અમારે કહેતા હતા કાલે હોં! દાનાદિ કરવા એ પુણ્ય છે અને સામાયિક, પોષા કરવા એ સંવર-નિર્જરા છે. અમારે હીરાજી મહારાજ બધાને કહેતા. દાન કરવું દાન. અને સામાયિક, પોષા, પડિક્કમણા, અપવાસ ને ચોવિહાર કરવો એ સંવર અને નિર્જરા છે. અહીં તો કહે છે કે તારા ચોવિહાર ને ફોવિહાર લાખ કરને કરોડ. એ રાગની મંદતાનું નિમિત્ત રાગ છે. ભગવાનભાઈ! ત્યાં શેઠિયા ન આવ્યા.

મુમુક્ષુ :- કિંમત થઈ ગઈને બધે?

ઉત્તર :- ક્યાંથી થાય? ભાઈ! કોને કહેવી એને ખબર નથી. સામાયિકનો અર્થ સમતાનો લાભ. તો સમતાની ખાણ કઈ ચીજ છે? એ ખાણમાં શું છે? અને એનું ભાન થયા વિના એમાં ઠરવું કયે ઘરે? ક્યા ઘરમાં ઠરવું? જે ઘર ભાળ્યું નથી ત્યાં ઠરશે શી રીતે? એ તો

રાગનો વિકલ્પ આવ્યો અને એક મંદ થઈને આમ બેઠો એક કોર. એટલે જાણે સામાયિક (થઈ ગઈ). પણ એમાં સામાયિક ક્યાં આવી? એ તો રાગ આવ્યો. એ તો રાગનો લાભ થયો. સમજાણું કાંઈ? એવી સામાયિક તો અનંત વાર કરી છે. અનંત વાર કરી બહારના લક્ષવાળી, રાગવાળી. કંઈ આત્માનું વળ્યું નહિ.

અહીં તો કહે છે, ભગવાન આત્મા સમતાનો એકલો રસ પિંડ પ્રભુ. પૂર્ણ સમતાનો પિંડ આત્મા. એવી અંતરમાં દૃષ્ટિમાં પૂર્ણ સમતાનો રસકંદ આત્મા આવ્યો છે. એને સમતાના પરિણામ અંતરને આશ્રયે પ્રગટ થાય છે. એને બહારની ચીજથી કાંઈ બંધન છે નહિ. સમુળગું પૂર્વનું કર્મ આવ્યું ખરી જાય છે અને અશુદ્ધ જરી થયું એ પણ બળી જાય છે. આહાહા..! શું થાય? એવી વાત છે આ તો. કહો, સમજાણું?

**'અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...'** જુઓ ભાષા! રામબાણ. જેમ બાણ ન ફરે. આહાહા..! શાશ્વત પ્રભુ ધ્રુવ અનાદિઅનંત આનંદ અને જ્ઞાનનો મોરચો માંડીને પડ્યો છે પ્રભુ. એને જ્યાં અંદરમાં દૃષ્ટિમાં, જ્ઞાનના અનુભવમાં આવ્યો (તો) કહે છે કે એ અમોઘ જ્ઞાનના બળ અને સામર્થ્ય દ્વારા **'રાગાદિભાવોનો અભાવ...'** એમાં પરની એકતાબુદ્ધિ, એ અસ્થિરતાનો રાગ એ ખરેખર એનામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે આમ કહ્યો છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્રોની હાજરીમાં દિવ્યધ્વનિ દ્વારા ભગવાન આમ ફરમાવતા હતા. કહો, સમજાણું? એ જ વાત વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર તીર્થંકર દેવ બિરાજે છે ત્રિલોકનાથ તીર્થંકર દેવ. એની વાણીમાં નિર્જરાનું આવું સ્વરૂપ આવ્યું છે.

**'અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...'** જેમ વૈદ એ સોમલ આદિને મારે હોં! ઝેરને. બહુ વીંછી એવા હોય તો મારી દે. ઘણાં વર્ષ પહેલા તો એવું સાંભળ્યું હતું. એક સોની હતો. ભૂલી ગયા છીએ ગામ. એક એવું કરતો કે એ ઘીમાં... સમજાય છે ને? પારામાં .. સુંઘાડી દેતો. કો'ક હતું. એ ક્યાંક નામ લીંબડી કો'ક... ૪૫-૫૦ વર્ષ પહેલા. દીક્ષા પછી સાંભળેલું, દીક્ષા પછી સાંભળ્યું હતું. ઓલો આકાશનો દાખલો આવે ને જ્યારે તો કો'ક કહેતું હતું. એક સોની એવો છે એક જણો. અહીં તો ૫૪ વર્ષ થયા. કેટલા ૫૦ વર્ષ પહેલાની વાત હશે.

એક સોની છે. એ વખતે હતો. તે આમ ઘીમાં એક રૂપિયાભાર પારો નાખે. પારામાં. પારામાં દસ રૂપિયાભાર સોનું સમાડી દે. તોલે એક રૂપિયાભારે. અને એમાંથી સોનું કાઢે તો પાછું રૂપિયાભાર એનો એ રહે અને સોનું કાઢે. સમજાણું કાંઈ? એટલી..

મુમુક્ષુ :- બદલાઈ ગયું.

ઉત્તર :- બદલાઈ ગયું આખું. એમ આત્મા આખી ચીજ બદલાઈ ગઈ આખી. દૃષ્ટિ ફરી ગઈ. હું રાગ ને અલ્પજ્ઞ ને આ નહિ. મારામાં નહિ. હું નહિ, મારામાં નહિ, મને એને લઈને કંઈ લાભ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ દૃષ્ટિ ફર્યા વિના સૃષ્ટિ બદલાય નહિ. સૃષ્ટિ એટલે ઉત્પત્તિ. સૃષ્ટિ એટલે ઉત્પત્તિ.

મુમુક્ષુ :- નવી નવી પર્યાય.

ઉત્તર :- નવી નવી અવસ્થા. જ્યાં રાગ ને પુણ્યને પોતાના સ્વીકાર્યા છે અને જેમાં એની પ્રીતિ અને રુચિ છે. કહો, સમજાણું? એક શરીર સુંદર અને કાંઈક સારા ઘડતરવાળું શરીર દેખાય, એમાં દાગીના-બાગીના સરખા પહેર્યા હોય ને આમ લલચાય. પણ શું છે? શું છે? જો તો ખરો. તેં નક્કી કર્યું છે ક્યાંય? એ બધા પરમાણુ આ માંસના, હાડકાના ઘડતર છે એ તો બધી પર્યાય. એમાં તને આમ થાય છે. એનો અર્થ કે તારા આત્મામાં શાંતિ નથી પણ અહીંને લઈને કાંઈક સુખ મળે છે. એમ મૂઢ માને છે. દૃષ્ટિ ફેર. સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવ ત્રિલોકનાથ એણે જે આત્મા કહ્યો કે આ આત્મા તો ભાઈ! તારા આત્મામાં એ પરથી લલચાયને તને સુખબુદ્ધિ થાય એવું તારા સ્વરૂપમાં જ નથી. એવી ચીજોમાં આકર્ષિત થઈને તને રાગ થાય અને એમાં તને સુખ થાય એવું તારા સ્વરૂપમાં જ નથી. નથી એમાં તે આ માને છો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! પદાર્થથી વિપરીત માન્યતા છે એ તો. ભાઈ! આહાહા..!

ભગવાન આત્મા એ સુખનો સાગર છે, સુખસ્વભાવી છે. આનંદસ્વભાવી આત્મા છે. નિત્યાનંદ પ્રભુ છે. એવી જ્યાં અંતરમાં અનુભૂતિ જ્ઞાનમાં સામર્થ્ય પ્રગટ્યું. આ તો આત્મા જ આનંદ અને શાંતિ છે. એને કયે પળે જગતના પદાર્થો લલચાવે અને તેને પદાર્થમાં એકતાબુદ્ધિ કરે? એથી જ્યાં સ્વભાવમાં એકતાબુદ્ધિ થઈ છે એને સંયોગોમાં એકતાબુદ્ધિ નથી. માટે સંયોગો અને અશુદ્ધતા કોઈ થાય એ બધી ખરી જાય છે. અશુદ્ધતામાં પણ એકતાબુદ્ધિ નથી. આહાહા..! ભારે એની રીત. એના ફળ પણ કેવા! સાદિઅનંત સિદ્ધ થાય. સિદ્ધ ભગવાન. લ્યો. આમ બોલે તો બહુ લોગસ્સમાં નથી બોલતા? 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' હરામ એના અર્થની ખબર ન હોય. લોગસ્સમાં આવે છે કે નહિ? 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' શું હશે કોણ જાણે? સિદ્ધા શું હશે? સિદ્ધિ શું? મમ દિસંતુ.

હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ દેખાડો. દયો. દેખાડવાનો અર્થ દેખાડો એટલે જ્ઞાનમાં. મહારાજ! હું કાંઈ માગતો નથી. ફક્ત આપની ૠદ્ધિ જ હું કેવળજ્ઞાન વડે જાણું એટલું માગું છું. એનો અર્થ કે મારો પૂર્ણ સ્વભાવ જે છે એને મેં દૃષ્ટિમાં લીધો છે. હવે પૂર્ણ

મારું કેવળજ્ઞાન થાય એ મારી ભાવના છે. આહાહા..! દિપચંદજી! આવી વાત છે. લોકોને ખટકે છે. બાહ્ય ત્યાગ જ્યાં ઠેકાણા ન હોય ને એને પણ જ્યારે બહુ માને તો આહાહા..! આને સાચી શ્રદ્ધા છે. પણ હજી અંતરના ભાન, મિથ્યાત્વના ત્યાગ વિના બીજો ત્યાગ આવ્યો ક્યાંથી? સમજાણું?

'**અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...**' ધર્મીને પોતાના જ્ઞાનનું જ્ઞાન થયું છે. પોતાના આનંદનું જ્ઞાન થયું છે. ધર્મીને પોતાના પવિત્ર અનંત ગુણનું ધામ ભગવાન એનું જ્ઞાન થયું છે. એની કિંમત થઈ છે. એનું માહાત્મ્ય આવ્યું છે, તેની અધિકાઈ ભાસી છે. એથી જ્ઞાનીને, જે અજ્ઞાનીને કર્મનો ઉદય રાગાદિભાવને લઈને અનંત સંસારનું કારણ બંધ થાય, તે જ બંધના કારણોમાં પડ્યો છતાં તેને નિર્જરા થાય છે. આહાહા..!

અજર પ્યાલા પીઓ મતવાલા, ચિન્હી અધ્યાતમ વાસા,
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોગ તમાસા.

'**રાગાદિભાવોનો અભાવ હોતાં (-હોઈને) કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ હોવાથી,...**' શક્તિ એટલે? એ શક્તિ એટલે ઓલા કર્મ થાય અને અહીં રાગ થાય તો કર્મની ઉદય શક્તિ કહેવાય. અહીં તો રાગ જ નથી. વીતરાગ આત્મા છે એવો અનુભવ થયો છે. વીતરાગતા જ ક્ષણે ક્ષણે ઊભી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? તેથી '**કર્મોદયની શક્તિ...**' ઓલામાં કીધું હતું ને? ઝેરની શક્તિ રોકાઈ ગઈ છે. આ ઉદયની શક્તિ રોકાઈ ગઈ છે. ઉદય તો ઉદય જ છે પણ એના જોડાણમાં જે રાગ થતો તે જ્ઞાનીને સ્વભાવની એકતા દ્વારા જોડાણ નથી. એટલે શક્તિ ઉદયની રોકાઈ ગઈ છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

તેથી '**બંધાતો નથી.**' જ્ઞાનીને નિર્જરા થાય. નિર્જરા થાય એટલે ધર્મ થાય એમ કહે છે. સમજાણું? માટે કોઈ પણ રીતે મરી ફિટીને પણ આત્માનું દર્શન અને શ્રદ્ધા કર, એમ કહે છે. એ વિના તારો આરો જન્મ-મરણનો કોઈ દિ' આવે એવો નથી. મરી ફિટીને એટલે? આ દુનિયા ગણે, ન ગણે, શરીરમાં ઠીક પડે, ન પડે પણ એકવાર લગની લગાડ. છો કોણ તું? છો કોણ? આ તે છે શું? આટલા આટલા વખાણ કરે શાસ્ત્રકાર. સમજાણું કાંઈ? જેની વાણીમાં એના વખાણ પૂરા આવતા નથી પરમેશ્વરના-એવા આત્માના. એ તે આવો આત્મા ક્યાં સંતાઈ બેઠો? આ શું છે? સમજાણું કાંઈ? એણે અંતર્મુખ, સન્મુખ થઈને અંદર પ્રતીત કરવી, ભાન કરવા, અનુભવ કરવો એવા જ્ઞાનીને બહારના સંયોગથી બંધન નથી પણ નિર્જરા છે કહે છે. લ્યો! એ બધું છૂટ્યું એટલું ગયું. થઈ રહ્યું. છૂટ્યું એ છૂટ્યું.

'**ભાવાર્થ :- જેમ વૈદ્ય મંત્ર, તંત્ર, ઔષધ આદિ પોતાની વિદ્યાના સામર્થ્યથી...**'

કોઈ મંત્ર હોય, કોઈ તંત્ર આદિ હોય. ઔષધ હોય. સમજ્યાને? એવી ઔષધિ થાય છે ને, ઔષધિ. એવી વનસ્પતિ થાય. નહોતો ઓલો કહેતો? વિલાયતમાં ગયો હતો ને પેલાએ કીધું હતું ને. દાદભાવાળા ચંપકભાઈ કહેતા હતા ને? શિરો બનાવ્યો. વિષ્ટાનો શિરો બનાવ્યો. વિષ્ટાનો શેરો. પાયખાનામાંથી વિષ્ટા લઈ આવ્યા એક આટલો ટોપલો. ચંપકભાઈ છે ને? ચંપકભાઈ નહિ તમારા વઢવાણવાળા? દાદભાવાળા. ચીમન કેવા? ચુનીલાલનો દીકરો. ચુનીભાઈ બધા મારી પાસે બધાએ બાધા લીધી હતી ને હાથજોડ. એ વખતે તો બધા ફીદા હતા ને. અત્યારે તો બધા.. (સંવત) ૧૯૮૨ની સાલ તો ઓહોહો..! મહારાજ! ચુનિલાલ હોં એનો બાપ. આમ જરી સાધારણ માણસ. અહીં તો મોટી વસ્તી હતી. બહુ પ્રેમ બિચારાને, બહુ પ્રેમ હોં! આ જ્યાં વેષ ફર્યો અને કાંઈ .. ત્યાં થઈ રહ્યું. આપણને ... બહુ ખાનદાન માણસ હોં! પહેલાથી એને કામધેનુ ગાય હતી. ગાય. હતું કે નહિ? ખબર છે ને. અહીં ૫૪ વર્ષથી જાણીએ. કામધેનુ ગાય હતી. પૈસા બહુ નહિ પણ આમ આબરૂ ઘણી. વિસાશ્રીમાળી. એ બિચારો છોકરો કહેતો હતો. અમે ગયા હતા. આટલી વિષ્ટા લઈ આવ્યા ટોપલો (ભરીને). એક જ્યાં ઔષધ નાખ્યું ત્યાં ગંધ ઊડી ગઈ. બીજું ઔષધ નાખ્યું ત્યાં આખી ઘઉંની ગંધ આવવા માંડી. લોટ જેવી. અને ત્રીજી જ્યાં નાખી ત્યાં લસલસતો શિરો. લ્યો શેઠ! ખાવ. અરે..! અમે પણ.. પંદર રૂપિયા લીધા. પંદર રૂપિયા લીધા ઓલા ઔષધના. દવાના. એને આ બતાવ્યું હતું ને એ તો ઓલા પંદર રૂપિયા લાવો શેઠ. અને આ શિરો લઈ જાવ ઘરે. સુમનભાઈ! એવા ઓષડ આવે છે કે આમ શિરો હોં! લસલસતો તમારે.

મુમુક્ષુ :- .. આત્મામાં ક્યાં આવ્યું?

ઉત્તર :- આ આત્માનો શિરો. એ માટે તો વાત ચાલે છે અહીં તો. ત્રણ કીધી એમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ ત્રણ કહેતા હતા. ત્રણ ઔષધિ કહેતા હતા, ત્રણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળનીય વાત નથી. એ તે ખાતો હશે કોઈ? આમ નજરે ટોપલો લાવીને શિરો કર્યો. કહ્યું, ગરીબોને આપી દેજો. આ તમને ઔષધના રૂપિયા કેટલા? પંદર આપો. પંદર રૂપિયા આપી દીધા.

અહીં તો આ આત્મામાં શેરો આનંદકંદનો શિરો બને એવું છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એક શ્રદ્ધાનું પહેલું (ઔષધ) નાખ કે હું પૂર્ણાનંદ છું. જ્ઞાન એનું બનાવ અને એમાં સ્થિરતા બનાવ એટલે કેવળજ્ઞાનનો શિરો થયા વિના રહેશે નહિ. આ ઔષધ છે એની પાસે એમ કહે છે. જુઓને! ઓલાને ઔષધ છે એમ આ જ્ઞાનનું, દર્શનનું ઔષધ છે. સમજાણું કાંઈ? ધૂળમાંય કાંઈ નથી હવે. મોટા હેરાન-હેરાન દુઃખી થઈ જાય છે. સુમનભાઈ! ત્યાં

ભણવા જાતા હતા ત્યાં કહેતા હતા. ..માં છે. એમ કહેતા હતા. ખબર છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે આટલા આટલા રૂપિયા લાવે મહિને દસ હજારના મોટા થોકડા તોપણ હજી ચાલુ છે? ધૂળમાંય નથી. આહાહા..! પરમાત્મા એકલા ચૈતન્યના રતનથી ભરેલો ખજાનો. જેમ સ્વયંભુરમણ સમુદ્રમાં એકલા રતન ભર્યા છે, હોં! સ્વયંભુરમણ સમુદ્ર છેલ્લો. રત્ન. વેળુને ઠેકાણે રતન ભર્યા છે ત્યાં. કુદરતી એવા.

મુમુક્ષુ :- કોણ જાય લેવા?

ઉત્તર :- લેવા કોણ જાય? ઈ જ કહે છે કે અહીં રતન ભર્યા પણ કોણ જાય એમાં? એમ કહે છે.

ભગવાન આત્મા... ક્ષેત્ર મોટા અને નાનો એમ પ્રશ્ન અહીં નથી. સ્વયંભુ સમુદ્ર છે. આવે છે ને ભાઈ એ. ૧૫-૧૬ ગાથા. ૧૬મી ગાથા. સ્વયંભુ ભગવાન. પ્રવચનસાર. સ્વયંભુ પોતાથી થયો અંદરથી. આહાહા..! અંદર વસ્તુમાં દૃષ્ટિ દેતાં એનું જ્ઞાન થતાં સ્વરૂપાચરણ સ્થિર થતાં આખી દિશા બદલાઈ જાય. ધર્મીની દિશા બદલાઈ ગઈ. એ સંસારના બંધનના કારણમાં પડ્યો એને નિર્જરાનું કારણ થાય છે. સમજાણું કાંઈ? એ બધું અમોઘ સમર્થ જ્ઞાનના સામર્થ્યનું છે. એમ કહે છે.

'**વિષની મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે તેથી વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી, તેમ જ્ઞાનીને...**' ધર્મીને. જ્ઞાનીનો અર્થ એવો નથી કે બહુ ભણ્યો હોય અને જાણ્યું હોય એમ જ્ઞાની નહિ. એ આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યનું જેને અંતરમાં રાગ વિનાનું જ્ઞાન થયું તેને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા જ્ઞાનીને જ્ઞાનનું સામર્થ્ય એવું છે કે '**કર્મોદયની બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે...**' કર્મનો ઉદય આવે તેની શક્તિ એવી છે કે રાગ થાય. રાગ થાય તો બંધન નવો થાય. પણ અહીં તો રાગ થાતો જ નથી. વીતરાગભાવ જ વધે છે, કહે છે. આહાહા..! અસ્થિરતાનો અંશ થોડો હોય એની ગણતરી નથી. '**બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે...**' ભગવાન અબંધસ્વરૂપ આત્મા એકલો મોકળો રાગથી ત્રિકાળ મોકળો હતો એવો આત્મા. મોકળો કહો કે મુક્ત સ્વરૂપ કહો. આહાહા..! એવા આત્માનું ભાન અને પ્રતીત થતાં જ્ઞાનીને '**કર્મના ઉદયને ભોગવવા છતાં જ્ઞાનીને આગામી કર્મબંધ થતો નથી. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય કહ્યું.**' કહો, સમજાણું?

'**હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે :-**' બે છે ને આમ? સ્વરૂપનું પૂર્ણ અસ્તિત્વ. અહીં પૂર્ણ-પૂર્ણ કેમ લીધું? કે જ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપનું અસ્તિત્વ અને વૈરાગ્ય હવે આ બાજુ

રાગનો અભાવ એમ લે છે. સમજાણું કાંઈ?

૧૯૬.

**जह मज्जं पिबमाणो अरदीभावेण मज्जदि ण पुरिसो।**
**दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव।।१९६।।**
**જ્યમ અરતિ ભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,**
**દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.**

નિર્જરા અધિકાર છે આ.

'**ટીકા :- જેમ કોઈ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે...**' આ હોય છે ને કેટલાક બિચારા મદિરા પીનારા. કોઈ એવું ટાણું હોય કે મદિરા પીવા વખતે એને પ્રેમ હોતો નથી. સમજાણું? મદિરા પીનારની વાત છે, હોં! પીનારનો દાખલો છે. '**જેમ કોઈ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે...**' મદિરા પીધો પણ કોઈ દિકરો મરી ગયેલો, કોઈ કાંઈ પૈસાની ચિંતામાં અંદરમાં ક્યાંય મદિરા પીતા વખતે પ્રેમ છે નહિ. '**એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ, તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે...**' તેના પ્રત્યે અરતિભાવના સામર્થ્યને લીધે. સમજાણું? અપ્રેમ છે એમકે. '**મત્ત થતો નથી,...**' રુચિ નથી. રુચિ નથી. એને લઈને મત્ત થતો નથી.

'**તેમ જ્ઞાની પણ, રાગાદિભાવોના અભાવથી...**' ઓલા અરતિભાવની સામે લીધું. રુચિ નથી માટે. અહીં રાગાદિભાવનો અભાવ જ છે. ધર્મીને વીતરાગ શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટાના ભાવના સદ્‌ભાવને લીધે. અને રાગ ભાવના અભાવને લીધે. સમજાણું? '**સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે...**' ભાષા જુઓ! આહાહા..! જોયું! ત્યાં તો .. છે. છતાં આખું લીધું. જોયું! આખું લીધું. આખું છે ને આમ તો આખું લીધું. સર્વ દ્રવ્ય. આમ તો '**दव्वुवभोगे अरदो**' એમ છે ને? પણ એ સર્વ એમ. એમ લીધું અહીં તો. એ ઠીક પણ સર્વ એટલે? આખું. આત્મા સિવાયના બીજા બધા દ્રવ્યો પ્રત્યે, સર્વ પ્રત્યે. એમ. અહીં સર્વનો જાણનાર છે તો સર્વ પ્રત્યે જેને પ્રેમ નથી. કહો, સમજાણુ આમાં? '**સર્વ દ્રવ્યોના...**' એટલું વધારે નાખ્યું ટીકાકારે સ્પષ્ટ કરવા માટે.

'**સર્વો દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે...**' પોતાના પરમ પવિત્ર પૂર્ણ સ્વભાવના પ્રેમ આગળ એને આ બધા અનંત પદાર્થો પ્રત્યે જેનો પ્રેમ નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ? તેના પ્રત્યે વૈરાગ્ય છે, ઉપેક્ષા છે, અપેક્ષા નથી. કોઈપણ આત્મ સિવાયના પદાર્થ બધા પ્રત્યે તેને ઉપેક્ષા વર્તે છે. વૈરાગ્ય.. વૈરાગ્ય. મારી કોઈ ચીજ એમાં નથી. એ ચીજમાં મને કાંઈ લાભ નથી. તેથી બધા પદાર્થ પ્રત્યે જેને અંતર વૈરાગ્ય

છે. આમ પરિપૂર્ણ સ્વભાવ પ્રત્યે રુચિ છે અને આમ બધા પ્રત્યેથી જેને વૈરાગ્ય નામ ઉપેક્ષા છે. સમજાણું કાંઈ? આમ સર્વ સંપૂર્ણ પ્રભુ સર્વગુણસંપન્ન. એના પ્રત્યે રુચિ છે તો આમ આત્મા સિવાય અનંતા બીજા પદાર્થ પ્રત્યે જેને રુચિ નથી. સમજાણું?

**'સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, વિષયોને ભોગવતાં છતાં...'** એક જણો કહે કે આવી ભાષા શું? ભાઈ! એ તો સામર્થ્ય બતાવે છે. સાંભળ! ભોગવે છે ક્યાં પણ? **'તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે...'** ઉદાસ.. ઉદાસ.. કીધું ને? ઓલો કાલે દાખલો આપ્યો હતો. છોકરો એક મરીને બાળી આવ્યા. ચુરમાના લાડવા ખાધા. ખોરાક બીજો ખાધેલો નહિ. એય.. પોપટભાઈ! વિસાશ્રીમાળી વાણિયા હતા જામનગરમાં. આપણા જૈન. લાડવા ખાધેલા ચુરમાના. રોટલો-રોટલી નહિ વર્ષો વર્ષ સુધી. છોકરો મરી ગયો. બાળી આવ્યા. હવે કરવું શું? કોઈ દિ' રોટલો રોટલી ખાધેલો નહિ. ચુરમુ જ એકલું. એ લાડવા બનાવ્યા. બનાવ્યા. સગાવ્હાલા ભેગા થયા. ભાઈ! તમે આ ખાવ, હોં! તમે રોટલો-રોટલી ખાશો તો પાછું તમારા છોકરા પાછળ તમારું બધું જાશે, નુકસાન થશે, રોગ થશે, હોં! તમને રોગ થાશે, હોં! ચુરમાનો લાડવો ખાધો. એય..! મોહનભાઈ! કેટલો પ્રેમ હશે એને? આહાહા..!

એમ ધર્મીને આત્માના સિવાયના અનંત પદાર્થનો ઉપભોગ છતાં તેમાં વૈરાગ્ય.. વૈરાગ્ય.. આ નહિ, આ નહિ. મારામાં એ છે નહિ. આહાહા..! આઠ વર્ષની કન્યા હોય સમકિતી. પરથી તો વૈરાગ્ય છે એમ કહે છે, લ્યો. આહાહા..!

**'સામર્થ્યને લીધે (કર્મોથી) બંધાતો નથી.'** લ્યો! એને નવું કર્મ બંધાતું નથી. ઓલા જ્ઞાન સામર્થ્યની વાત કરી અસ્તિના પરિપૂર્ણની પ્રતીતની અને એના જ્ઞાનની. અહીં પરથી ઉપેક્ષા રાગના અભાવની. અશુદ્ધતાના અંશો ટળ્યા છે. શુદ્ધતાના ભાવ પ્રગટ થયા છે માટે પરથી વૈરાગી જીવને નવું કર્મબંધન થતું નથી.

**'ભાવાર્થ :- એ વૈરાગ્યનું સામર્થ્ય છે કે જ્ઞાની વિષયોને સેવતો છતો પણ કર્મોથી બંધાતો નથી.'** (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૨, મંગળવાર તા. ૧૮-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૯૭, શ્લોક-૧૩૫, પ્રવચન-૨૮૦**

સમયસાર, નિર્જરા અધિકાર છે. ૧૩૫ કળશ. ૧૯૬ ગાથાનો કળશ છે, કળશ.

**नाश्नुते विषयसेवनेऽपि यत्**
**स्वं फलं विषयसेवनस्य ना।**
**ज्ञानवैभवविरागताबलात्**
**सेवकोऽपि तदसावसेवकः।।१३५।।**

શું કહે છે? '**શ્લોકાર્થ :- કારણ કે આ (જ્ઞાની)...**' ધર્મી પુરુષ. જ્ઞાની એટલે ધર્મી. ધર્મી એને કહીએ કે જેને આત્માના આનંદનો રસ આવ્યો છે. પોપટભાઈ! આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એનો જેને સ્વાદ આવ્યો છે-રસ. એથી ધર્મીને પોતાના આનંદના સ્વાદની મીઠાશને કારણે વિષયો સેવતો છતો પણ. એમ શબ્દ પહેલો છે. સમજાય છે કાંઈ? આ આત્મા દેહ આ તો રજકણ છે એનાથી જુદું તત્ત્વ છે. અને એ તત્ત્વમાં જ્ઞાન, શાંતિ અને આનંદ પડ્યા છે. આત્મતત્ત્વમાં એકલું જ્ઞાન, એકલી શાંતિ એટલે ચારિત્ર અને આનંદ એટલે આહ્લાદ સુખસ્વરૂપ. એવું જેને અંતર દૃષ્ટિ, અંતર દૃષ્ટિ થઈ છે અને આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે એવું જેને ભાસ્યું છે, વેદાણું છે અને પ્રતીતમાં આવ્યું છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દૃષ્ટિ કહીએ-એને જ્ઞાની કહીએ.

'**આ (જ્ઞાની) પુરુષ...**' એટલે આત્મા, ગમે તે આત્મા હોય, સ્ત્રીનો આત્મા હોય. એ આત્મા કાંઈ સ્ત્રી દેહનો નથી. આત્મા તો આત્માનો છે. સ્ત્રીનું શરીર હો કે પુરુષનું હો. આ તો માટી જડ છે. એ કાંઈ આત્મા નથી. અહીંયાં આત્મા છે એ વસ્તુ આત્મામાં શાંત, આનંદ અને જ્ઞાન એવું જે અંતરના સ્વરૂપમાં પડ્યું છે, એનું અંતર્મુખ થઈને જેને આત્માનું જ્ઞાન, આત્માનો સ્વભાવ, શ્રદ્ધા, આત્માની શાંતિ ને આત્માનો સ્વાદ દૃષ્ટિમાં આવ્યો છે તેને સમકિતી કહીએ, તેને જ્ઞાની કહીએ, તેને ધર્મી કહીએ. પોપટભાઈ! બહુ વાતું આકરી. લોકો માને છે એ ધર્મ બીજી ચીજ છે. વીતરાગ કહે છે એ બીજું કાંઈક છે. દીપચંદજી! આહાહા..!

ધર્મીને '**આ (જ્ઞાની)...**' છે ને કૌંસમાં? આત્મા ધર્મી એટલે અંતર્મુખ શુદ્ધ આનંદસ્વરૂપ અનાદિઅનંત સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયું આ, એવો આત્મા અંતરમાં અનુભવમાં, દૃષ્ટિમાં લઈ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ શાંતિ પ્રગટી છે. એને સમ્યગ્દૃષ્ટિ કહીએ, એને જ્ઞાની

કહીએ, તેને ધર્મી કહીએ. કહો, સમજાય છે કાંઈ? એને '**વિષયોને સેવતો છતો...**' એને પૂર્વના કર્મના ઉદયથી પંચેન્દ્રિયના વિષયો મળ્યા હોય એને ભોગવતો છતાં. ભોગવતાનો અર્થ? એટલે સંયોગમાં એને આવતાં છતાં. સમજાણું કાંઈ?

'**પણ જ્ઞાનવૈભવના અને વિરાગતાના બળથી...**' બે શબ્દ પડ્યા છે. જ્ઞાનવૈભવ અને વૈરાગતાનું બળ. બે શબ્દ છે. પાઠ જ છે ને, જુઓને! '**ज्ञानवैभवविरागताबलात्**' સમ્યગ્દૃષ્ટિને આત્મા શુદ્ધ આનંદના અનુભવના જ્ઞાનનું બળ વર્તે છે. જ્ઞાનનો વૈભવ વર્તે છે એમ કીધું ને? વૈભવ. ધર્મીને આત્મા આનંદસ્વરૂપ, આનંદરૂપ લક્ષ્મી જેનામાં પડી છે. એવા આનંદનો વૈભવ જેની વર્તમાન દશામાં જ્ઞાન સાથે આનંદનો વૈભવ પ્રગટ્યો એટલે જ્ઞાનનો વૈભવ પ્રગટ્યો છે. આ તમારે પૈસા-બૈસા ને ધૂળ કહે છે ને વૈભવ? શેઠી!

મુમુક્ષુ :- કાંઈ નહિ.

ઉત્તર :- કાંઈ નહિ? એ ધૂળ છે. એ વૈભવ-બૈભવ છે જ નહિ.

મુમુક્ષુ :- ધૂળનો વૈભવ.

ઉત્તર :- ધૂળનો વૈભવ.

આ તો ભગવાન આત્મા અનંત શાંત અને અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત વીર્ય એવા અંતર સ્વરૂપમાં એનું આત્મસ્વરૂપ છે એવું અંતરમાં દૃષ્ટિ કરીને અંતર ઉપયોગ કરીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ, સમ્યક્આનંદ, સમ્યક્વીર્ય એવું જેની વર્તમાન દશામાં પ્રગટ થયું છે એને સમકિતી અને જ્ઞાની કહીએ.

એ '**જ્ઞાની પુરુષ વિષયોને સેવતો...**' આમ નજરે તો એમ દેખાય. સ્ત્રીઓ છે, ધંધા-વેપાર હોય, ક્રિયાઓ બધી બહારની જડની છે. એમાં જરીક રાગ થોડો થાય તેનો પણ એ અંતરમાં સ્વામી નથી. સમજાણું કાંઈ? એ આવી ગયું છે પહેલું ૯૭માં. ૯૭ શું ૯૫. ૯૫ ને? ૯૪. વૈરાગ્ય. આ સુખ-દુઃખ થાય છે થોડા. એ આવી ગયું છે ને? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

ભગવાન આત્મા વસ્તુએ નિર્લેપ રાગરહિત, વ્યવહારરહિત, નિમિત્તરહિત, કર્મરહિત અને આનંદસહિત, શાંતસહિત, જ્ઞાનસહિત અને શ્રદ્ધાસહિત. એવો આત્મા અંતરમાં પ્રતીતમાં, વેદનમાં, આનંદના ભાનમાં, જ્ઞાનમાં વીર્યથી રચના શાંતિની, એવું જે ભાન થયું છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે, એને જ્ઞાની કહેવામાં આવે છે અને એને ધર્મી કહેવામાં આવે છે. બાકીને ધર્મી-બર્મી કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ જ્ઞાની વિષયોને સેવતો. એમ દેખાય કે આ તો વિષય સેવે છે એમ દેખાય. સૌ ખાય, ભેગો એ લાડવા ખાય. એમ દેખાય. લાડવા સમજો છો? લડુ. સ્ત્રી સાથે હોય,

રાજપાટ હોય. એવા કર્મના ઉદયને લઈને એ સામગ્રી હો. એના તરફનું જરી રાગનું વલણ અલ્પ પણ હો. પણ એનો એ સ્વામી નથી, એનો એને સ્વાદ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ આવે એનો એ સ્વામી નથી. કારણ કે સહજાત્મ સ્વરૂપ પોતાનું શુદ્ધ, ધર્મી પોતાના આનંદનું સ્વસ્વરૂપ એનો એ સ્વામી છે. કહો, શેઠી!

આત્મામાં આત્મામાં એવો એક ગુણ છે અનાદિઅનંત. સ્વસ્વામીસંબંધ. અહીં તો સ્વસ્વામીસંબંધ (લેવો છે). આત્મા જ્યાં સુધી અજ્ઞાની હોય છે ત્યાં સુધી એને દયા, દાન, વિકલ્પ જે ઉઠે છે રાગ એનો સ્વામી થાય છે અને પુણ્યના ફળરૂપ સામગ્રી મળે એનો એ સ્વામી થાય છે. તો એ મિથ્યાદષ્ટિ છે. એની દૃષ્ટિ સાચી નથી. સમજાણું? પણ સમ્યગ્દર્શન થયું એટલે આત્મા અનંત ગુણનો પિંડ છે એવું જે ભાન થયું, એમાં એક ગુણ એવો છે કે સ્વસ્વામીસંબંધ. કે મારી લક્ષ્મી જે આત્મા છે જ્ઞાન, દર્શન, આનંદરૂપ એ મારું સ્વ છે અને એનો હું સ્વામી છું. આહાહા..! ભારે કઠણ હોં, શેઠી! આ બંગલા બંગલા કર્યા એ બધા ક્યાં ગયા?

ભાઈ! આ આત્મા છે કે નહિ? તો આત્મા છે કાયમ તો એમાં કાયમ કોઈ સ્વભાવ છે કે નહિ? કાયમી સ્વભાવ નિત્ય. આત્મા નિત્ય છે તો એનો કાયમ નિત્ય સ્વભાવ જ્ઞાન, આનંદ, શાંતિ, શ્રદ્ધા આદિ એવા સ્વભાવ અનંત પોતે એનો ધણી છે એ આત્મા. એવું જ્યાં અંતર ભાન થયું ત્યારે હું શુદ્ધ પવિત્ર આનંદ અતીન્દ્રિય છું. એ મારું સ્વધન અને એનો હું સ્વામી. સમ્યગ્દૃષ્ટિને વ્યવહારરત્નત્રય રાગ આવે એનો એ સ્વામી નથી. આહાહા..! જરી ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં, સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ એક એવો ગુણ દીઠો છે કે સ્વસ્વામીસંબંધ. અનાદિઅનંત. જેમ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... અનાદિઅનંત આનંદ... આનંદ... આનંદ... અનાદિઅનંત. શ્રદ્ધા... શ્રદ્ધા... શ્રદ્ધા... શક્તિ હોં! અનાદિઅનંત. શાંતિ... શાંતિ... શાંતિ... અનાદિઅનંત. એમ સ્વસ્વામીસંબંધપણાનો ગુણ પણ આત્મામાં અનાદિઅનંત છે. ભારે ઝીણું પણ એને લાગે. રાજમાં પડ્યો છતાં એને એવું લાગે, જુઓ! આ પણ રાજ કરે છે ને. હવે સાંભળને. જ્ઞાની રાજ કરતો જ નથી. પડ્યો બેઠો દેખાય છે. દેખાય છે બહારમાં તને. એ ધર્મી જીવ તો પોતાના અતીન્દ્રિય આનંદના સ્વરૂપનો સ્વામી છે. શુદ્ધ દ્રવ્યનો, શુદ્ધ ગુણનો અને પર્યાય નિર્મળ શુદ્ધ પ્રગટી તેનો એ સ્વામી છે. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! આવું ધર્મનું રૂપ છે. લોકોને ધર્મ કોને કહેવો એની ખબર જ ન મળે. આ તો દયા, દાન અને વ્રત, ભક્તિ કર્યા થઈ ગયા ધર્મ. ધૂળેય નથી. એ તો રાગ છે. સમજાણું કાંઈ?

કહે છે, જે ધર્મી થાય છે તેને આત્માના નિજસંપદાનો અનુભવ હોય છે. ધર્મી થાય છે, ધર્મી હોય છે એને આત્માના અંતરના આનંદ, જ્ઞાન અને શાંતિનો આ હું, મારી ચીજ આ છે એનું વેદન હોય છે. એનું એને વેદન હોય છે, અનુભવ હોય છે. એ કારણે ધર્મી વિષયોના સેવનના અનુભવનો એ સ્વામી છે નહિ. સમજાણું કાંઈ? ભારે!

'**એ સેવતો છતો પણ...**' એમ. ન સેવતો હોય એની તો શું વાત કરવી, કહે છે. એમ કહે છે. આમ દેખાય છે સંયોગમાં. ક્યાંય મીઠાશ નથી એને લાગતી. આત્માના આનંદની મીઠાશ આગળ. મીઠાશ સમજો છો? શું કહે છે તમારે? મીઠાશ.. મીઠાશ. સ્વાદ એ ઠીક છે. લગાવ. લગાવ ભાષા. પોતાનો આનંદ જે આત્મા છે, આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે. એની મીઠાશ. મીઠાશ નામ પ્રેમ, એનો સ્વાદ આવે છે. તો એ મીઠાશને કારણે જેમ સાકરનો સ્વાદ આવે છે સાકર. એને કોઈ જુવારની ફોતરી-છીલકા એના રોટલા આપે. નહિ.. નહિ. એમ ધર્મીને, એને ધર્મી કહીએ કે જેને આત્માના આનંદનો સ્વાદ આવે છે. સમજાણું કાંઈ? એ સ્વાદની મીઠાશ પાસે વિષય સેવતો છતાં પણ જ્ઞાનવૈભવ પ્રગટ્યો છે. એ જ્ઞાનલક્ષ્મી પ્રગટી છે એમ કહે છે. આહાહા..! કહો, મલૂકચંદભાઈ! આ પૈસાનો વૈભવ અને ફલાણાનો વૈભવ એ નહિ, અહીં કહે છે. હજી એ શબ્દનો અર્થ જ ચાલે છે. પાનું ફેરવશો નહિ. હિન્દીમાં ફેર હશે.

'**જ્ઞાનવૈભવના...**' બળથી. જુઓ! જ્ઞાનવૈભવના બળથી. ઓલા '**વિરાગતાના બળથી...**' એમ બે લીધા. સમજાય છે કાંઈ? અજ્ઞાનીને આત્માના શુદ્ધ આનંદ સ્વરૂપની શ્રદ્ધા નથી. તેમ આત્માના આનંદનો સ્વાદ નથી અજ્ઞાનીને. એથી એને એ વિષયમાં રાગના પ્રેમ અને રંજીત પરિણામ વિકારના થયા વિના રહેતા નથી. તેથી તે મિથ્યાદષ્ટિ તે નવા અનંત સંસારને બાંધે છે. સમજાણું કાંઈ? પછી ત્યાગી હો, મુનિ હો દિગંબર બહારથી, પણ અંતરમાં જેને આનંદસ્વરૂપ આત્માનો સ્વાદ આવ્યો નથી, અતીન્દ્રિય આનંદ અનુભવ્યો નથી એને ઓલી ક્રિયાકાંડ જ્યાં દયા, દાનના વ્રતના પરિણામ આવે છે ને? એનો સ્વાદ એને આવે છે અને એ એને માને છે કે આ ધર્મ છે. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું પણ. વીતરાગમાર્ગનું સ્વરૂપ જ અનંત કાળે એણે સાંભળ્યું નથી. શું વસ્તુ છે આ. એને સાંભળ્યું નથી તો એને રુચિ અને શ્રવણ થઈને, જાણવું થઈને રુચિ તો ક્યાંથી થાય? અને રુચિ થાય ત્યારે એનો અનુભવ થાય.

અહીં તો જ્ઞાનીની વાત નિર્જરાની વાત છે. સમ્યગ્દષ્ટિ તે આત્માના આનંદના સ્વાદને અનુભવ્યો છે. એથી એને વિષયના સેવનમાં પ્રેમ આવતો નથી. આમ રોગ દેખે છે, રોગ. ભોગના પરિણામને અને ભોગને રોગ દેખે છે, ઉપસર્ગ દેખે છે. ધર્મી એને રાગ આવે,

ભોગનો. ભોગનો રાગ દુઃખ દેખે છે, દુઃખ દેખે છે. કાળો નાગ દેખીને જેમ ભય પામે છે એમ ધર્મી રાગથી ભય પામે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ!

માટે તેને જ્ઞાનવૈભવનું બળ છે. જ્ઞાનનો વૈભવ પ્રગટ્યો છે. શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એવું જ્ઞાન, એવી શ્રદ્ધા, એવી શાંતિ, એવો આનંદ, એવી સ્વચ્છતા, એવી પ્રભુતા. એ બધો જ્ઞાનનો વૈભવ છે. એ જ્ઞાનનો વૈભવ પર્યાયમાં પ્રગટ્યો છે. ભાઈએ કહ્યું નહિ? પાંચમી ગાથામાં નહિ? હું મારા જ્ઞાનવૈભવથી કહીશ. ભાઈ! લ્યો વળી ઈ આવ્યું આમાં. આહાહા..! કુંદકુંદાચાર્યે કહ્યું છે ને? કુંદકુંદાચાર્ય મહારાજ. પાંચમી ગાથામાં. સમયસાર શરૂ કર્યું ત્યાં. હું મારા જ્ઞાનવૈભવથી આ સમયસાર કહીશ. મારા આત્માનો શુદ્ધ અનુભવ સ્વસંવેદન પ્રચુર મુનિ. સ્વસંવેદન પ્રચુર ઘણું આનંદનું વેદન એવા આત્મ વૈભવથી, જ્ઞાન વૈભવથી હું સમયસાર કહીશ. એમ કુંદકુંદાચાર્ય મહારાજ પાંચમી ગાથામાં સમયસારમાં દિગંબર સંત મુનિ ભાવલિંગી અંતરના આનંદના ભાવમાં પ્રચુર સ્વસંવેદન છે. એવા વૈભવથી હું તમને સમયસાર કહીશ. સમજાણું કાંઈ? કહે છે... લ્યો, વળી ત્યાંથી ત્યાં આવી ગયું.

આ તો હજી ચોથા-પાંચમા ગુણસ્થાનની વાત છે, હોં! મુનિને તો વૈભવ અલૌકિક પ્રગટ્યો છે અંદર. શુદ્ધ વીતરાગતા, શુદ્ધઉપયોગ. પુણ્ય-પાપના પરિણામ છે એ અશુદ્ધ ઉપયોગ છે. વ્રત, અવ્રતના ભાવ બે અશુદ્ધ ઉપયોગ છે. મેલા છે, બેય આસ્રવ છે. શુદ્ધઉપયોગ અંદર આત્માના આનંદનો ઉપયોગ પ્રગટ્યો છે એવા શુદ્ધઉપયોગને ચારિત્ર કહીએ, એને સ્વસંવેદન વૈભવ કહીએ. એવા જ્ઞાનના વૈભવથી '**અને વિરાગતાના બળથી...**' જુઓ! બે વાત છે. આનું વૈભવનું અસ્તિત્વ કીધું અને આ રાગનું જે કાંઈ અશુદ્ધતા છે ને રાગની? એનો અભાવ વર્તે છે એમાં. ધર્મીને જેટલા પુણ્ય-પાપના પરિણામ વર્તે છે એનો અભાવ વર્તે છે દૃષ્ટિમાં. કારણ કે પુણ્ય-પાપના ભાવ એ આસ્રવતત્ત્વ છે અને આત્મામાં એ નથી એવું અંતર ભાન થતાં જ્ઞાન વૈભવ પ્રગટ્યો એની સાથે અશુદ્ધતાના રાગનો અભાવભાવ એ એનો છે. રાગભાગ જે બાકી છે એ એનો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**વિરાગતાના બળથી...**' વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય. ઓલા છોકરાનો દાખલો નથી આવતો? લાડવો ખાતો હતો એ. પ્રેમચંદભાઈએ આજ બીજો દાખલો આપ્યો. ઈ કહે, બોટાદમાં કોઈ ગાંધી હશે. હશે કો'ક, આપણને બહુ ખબર નથી. એ પણ ચુરમાના લાડવા (ખાતા). છોકરાની પાછળ લાડવો ખાતા. છોકરો મરી ગયો. શું (કરે) પણ? ખોરાક જ લાડવાનો એકલો. કોઈ દિ' ખાધેલું નહિ રોટલી રોટલો. રોટલી રોટલા ખાધા જ નથી. ચુરમાના લાડવા હંમેશા. એમાં દીકરો ગુજરી ગયો. મરી ગયો. શું કરે? ચુરમાનો લાડવો ખાધો. પ્રેમ છે? આહાહા..! એ તો રોટલી-રોટલો હોય કે લાડવો બધું એક જ છે.

એમ ધર્મીને આત્માના નિજવૈભવ આત્માના આનંદનો અને અશુદ્ધતાનો અભાવ વર્તે છે એ વૈરાગ્યબળ છે. વિરાગબળ. આમ જ્ઞાનના પૂર્ણ અસ્તિત્વની શક્તિનો વિકાસ એ વૈભવ છે અને આ બાજુ રાગના અશુદ્ધ પરિણામનો અભાવ છે. એવા વૈરાગ્યબળને લઈને.. આહાહા..! '**વિષયસેવનના નિજફળને...**' એટલે વિષય સેવનમાં રાગમાં રંગાઈ જવું. વિષય સેવનનું ફળ કે રાગના રસમાં રંગાઈ જવું. એ '**ભોગવતો નથી-**' એવું રાગમાં રંગાઈ જવું ઈ એને થતું નથી. રંગાઈ જવું શું કહે છે? સમજાય છે? રાગ રાગમાં એકાકાર થઈ જવું. એકાકાર થઈ જવું. સમ્યગ્દૃષ્ટિ રાગમાં કદી એકાકાર થતો જ નથી. રાગમાં એકાકાર થાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાય છે કાંઈ? વાત... માર્ગ એવો છે કાંઈ...

નિજફળનો અર્થ કર્યો છે ને? '**(-રંજિત પરિણામને)...**' રંજિત એટલે? રાગનો રંગ થવો. એ રાગનો રંગ જ્ઞાનીને થતો નથી. રંગ લાગ્યો છે આત્માનો. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ થતાં ચોથે ગુણસ્થાને. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન થતાં આત્માના આનંદ અને શાંતિનો અંદર રંગ લાગ્યો છે. એવા રંગથી રંગાયેલું જ્યાં હૃદય છે-જ્ઞાન છે એને અશુદ્ધ ભાવ જે ભોગનો અને રાગનો એનો એને અભાવ વર્તે છે. એવું વૈરાગ્યનું ત્યાં બળ છે. ભારે વાત આ! સમજાણું કાંઈ?

'**નિજફળને ભોગવતો નથી-**' એટલે કે રાગથી રંગાતો નથી. જ્યાં રંગ ચડ્યા આત્માના. ધર્મીને આત્માનો રંગ લાગ્યો છે. રંગ કહે છે ને? સમ્યગ્દૃષ્ટિ થતાં આત્માની શાંતિ અને આનંદનો અંદર રંગ લાગ્યો છે. એને રાગનો રંગ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો સમકિતી રાગમાં રંગાતો નથી. વૈરાગ્ય.. વૈરાગ્ય. આ નહિ. મારો આનંદ મારી પાસે છે. હું આનંદના વેદનમાં રાગનું વેદન એ મારી ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

તેથી એ સેવક થતાં. તેથી સમ્યગ્દૃષ્ટિ તે ભોગના સેવનમાં દેખાતો છતાં. દેખાતો ભાષા, પણ સેવક છે એમ દેખાય છે ને. અસેવક છે. ખરેખર વિષયોને સેવતો નથી. કહો, સમજાણું કાંઈ? જેનો પ્રેમ રાગમાંથી ખસી ગયો છે. જેનો પ્રેમ સ્વરૂપના આનંદમાં જામી ગયો છે. ક્યાંય પ્રેમ લાગતો નથી. આહાહા..! એ છ ખંડના ચક્રવર્તીના રાજ એ આત્માના આનંદથી સ્મશાન જેવા ખાલી લાગે છે. એ રાગ આવે છે એમાં આત્માના આનંદથી રાગને ખાલી દેખે છે. એટલે એને રંગ ચડતો નથી. આહાહા..! એ શ્લોકનો અર્થ થયો. એ અમૃતચંદ્રાચાર્યનો શ્લોક છે.

ભગવાન કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલા થઈ ગયા, દિગંબર મુનિ. પોન્નુર હિલ. મદ્રાસ પાસે છે ને? ત્યાં હતા. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. એમના પછી આ એક

હજાર વર્ષે અમૃતચંદ્રાચાર્ય થયા દિગંબર મુનિ. એમનો આ કળશ છે.

'**ભાવાર્થ :- જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે...**' છે ભાવાર્થ? જ્ઞાન એટલે આત્માનો અનુભવ. પાછો જ્ઞાન એટલે એકલી ભાષા એમ નહિ. જ્ઞાન એટલે આત્માનો અનુભવ. અને વૈરાગ્ય એટલે અશુદ્ધતાના અભાવનું બળ. અભાવનું, હોં! '**એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે જ્ઞાની ઈન્દ્રિયોના વિષયોને સેવતો હોવા છતાં તેને સેવનારો કહી શકાતો નથી, કારણ કે વિષયસેવનનું ફળ જે રંજિત પરિણામ...**' રંગાયેલો રાગ. તે રંગમાં રાગનો રંગ જ્ઞાનીને હોતો નથી. '**તેને જ્ઞાની ભોગવતો નથી-પામતો નથી.**' એ વાતને કુંદકુંદાચાર્ય કહે છે હવે.

'**હવે આ જ વાતને પ્રગટ દૃષ્ટાંતથી...**' કુંદકુંદાચાર્ય મહારાજ '**બતાવે છે :-**' ૧૯૭ ગાથા.

**सेवंतो वि ण सेवदि असेवमाणो वि सेवगो कोई।**
**पगरणचेट्ठा कस्स वि ण य पायरणो त्ति सो होदि।।१९७।।**

નીચે હરિગીત.

**સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,**
**પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.**

ટીકા. એની ટીકા. ટીકા છે ને?

'**ટીકા :- જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં...**' પ્રકરણ એટલે જેમ કોઈ લગન, કોઈ વેપાર. સમજાય છે? એમાં '**પ્રવર્તતો હોવા છતાં...**' પ્રકરણ એટલે એ જાતના કાર્યમાં સ્વામીપણું નહિ હોવાથી. દાખલો આપશે, હોં! સમજાણું? શેઠ, શેઠનો દાખલો આપે છે ને. શેઠનો નોકર છે એ કાર્ય-બાર્ય બધું કરે છે એમ દેખાય છે. બોલે પણ એમ કે અમને ખોટ જાય છે. અમે આમ નહિ માનીએ, આમ લાવો આઠ આના, બાર આના વ્યાજ આપો. આ મોડા લાવ્યા. સાડા આઠ વાગે લાવ્યા છે. મુંબઈમાં આઠ વાગ્યા પહેલા પતે છે. આના માટે કાલમાં નોંધાશે. આજે નહિ નોંધાય. અમારે પણ ભરવું પડે છે. એમ બોલે. અંદરમાં એ સ્વામી છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નોકર છે ને? ધંધા-વેપારનું ફળ કાંઈ મારે નથી. ખોટ જાય તોપણ શેઠને અને લાભ મળે તોપણ શેઠને. મારે કાંઈ છે નહિ. છતાં બોલે એવું. સમજાણું કાંઈ? નોકર શેઠના વેપારમાં જોડાણો મોટા ધંધા વેપારમાં. પણ એના લાભ-ખોટનું ફળ કાંઈ એને નથી. છતાં વેપારમાં એમ કહે.

'**કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં...**' તે કામનો સ્વામી નથી, ધણી નથી. પ્રાકરણિક નથી એટલે એ કાર્યનો ખરેખર સ્વામી તરીકે કર્તા નથી. '**અને બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા છતાં...**' લ્યો. બીજો એ કાર્યમાં નહિ પ્રવર્તતા છતાં તે '**પ્રકરણનું સ્વામીપણું હોવાથી પ્રાકરણિક છે,...**' ઓલો શેઠ કામમાં નથી, ઘરે બેઠો છે અને પાંચ-પચ્ચીસ લાખનો ધંધો કર્યો હોય. ખોટનો-લાભનો એને છે. આને કાંઈ-નોકરને કાંઈ નથી. કહો, સમજાણું આમાં?

'**તેવી રીતે સમ્યગ્દ્દષ્ટિ...**' ધર્મીજીવ, સમ્યગ્દ્દષ્ટિ જીવ '**પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવાં છતાં...**' લ્યો. અહીં તો ચોખ્ખું કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયો એમ કહે છે. ભાઈ! પૂર્વના ઉદયથી મળેલું એમ કહે છે. મળેલું એમ કહે છે. એનાથી મળે છે. સમજાણું કાંઈ? પૂર્વના કર્મને લઈને ઉદય આવતા પરદ્રવ્યો મળે. એમ કહે છે જુઓને. જે સ્વસ્વામી સિદ્ધ કરવા માગે એ જ અહીં કહે છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે. એ જ કુંદકુંદાચાર્ય કહે છે.

'**પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને...**' વિષયો એટલે સામગ્રીની વાત છે અહીં. '**રાગાદિભાવોના અભાવને લીધે...**' ધર્મીને રાગની એકતા નથી. સમ્યગ્દ્દષ્ટિને રાગની એકતાબુદ્ધિ નથી. ધર્મીને આત્માના આનંદની એકતાબુદ્ધિને કારણે રાગની એકતાબુદ્ધિ નથી. તેથી તે વેપારમાં જોડાયો દેખાય છતાં તે એનો સેવક છે નહિ. એનો કર્તા કહેવાતો નથી. '**રાગાદિભાવોના અભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી અસેવક જ છે...**' સેવતો છતાં અસેવક છે. '**અને મિથ્યાદૃષ્ટિ...**' જેની અંતરદૃષ્ટિમાં એ શુભ-અશુભ રાગ મારા છે એમ માનીને પડ્યો છે મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? એથી તો બહારની ચીજ મારી છે એમ કહે છે. બાયડી મારી છે, છોકરા મારા છે, આ પૈસા મારા છે, આ મકાન મારું છે.

મુમુક્ષુ :- માન્યતા...

ઉત્તર :- માન્યતામાં ફેર છે. મારા બાયડી-છોકરા ક્યાં તારા છે? એ તો પરદ્રવ્ય છે. એ તો કો'કનું ધન છે. મારામાં ખતવે છે તો મૂઢ છે એમ કહે છે. છ ખંડના રાજમાં પડ્યો સમ્યગ્દ્દષ્ટિ એક રજકણને, રાગને પોતાનો માનતો નથી. અને અજ્ઞાની બાહ્યથી ત્યાગી હોવા છતાં એક રાગનો કણ જે દયા, દાનનો, વ્રતનો ઉઠે એ મારું સ્વરૂપ છે અને મને લાભ છે (એમ માને છે એ) મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

'**મિથ્યાદૃષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં...**' ત્યાગી છે એમ કહે છે. સેવતો નથી. રાણીઓ છોડી, રાજ છોડી, કુટુંબ છોડી ત્યાગી થયો છે. જુઓ! વિષયોને સેવતો

નથી. '**છતાં રાગાદિભાવોના સદ્ભાવને લીધે...**' આત્માના શુદ્ધ આનંદનો અનુભવ નથી, શુદ્ધ આનંદની દૃષ્ટિ થઈ નથી. એથી જે કાંઈ રાગ આવે તેનો સ્વામી થઈને તે ભોગવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! વીતરાગદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ તે વીતરાગદૃષ્ટિ છે. આહાહા..!

આત્મા સમરસીસ્વરૂપ છે. આત્મા એકલો સમરસ. ચારિત્ર એટલે સમરસ વીતરાગસ્વરૂપ છે. એની અંતર દૃષ્ટિ થતાં પર્યાયમાં વીતરાગપણાની પ્રતીત થઈ, વીતરાગદૃષ્ટિ ખીલી. વીતરાગદૃષ્ટિ ખીલી ત્યાં વીતરાગભાવ પ્રગટ થયો. એથી તે રાગાદિનો સ્વામી છે નહિ. અધર્મીને વીતરાગભાવની જ ખબર નથી અજ્ઞાનીને. અધર્મીને ખબર નથી. અધર્મીને ખબર નથી કે આ વીતરાગસ્વરૂપ ચૈતન્ય આનંદ ભગવાન છે. એની ખબર વિના અજ્ઞાનીને જે કંઈ બાહ્ય ત્યાગમાં વર્તતો હોય, વિષયને સેવતો ન હોય. છતાં તેને સેવક કહેવામાં આવે છે. એક રાગના કણને પણ પોતાનો માનીને મીઠાશથી અનુભવે છે એ બહારના વિષયને સેવતો નથી છતાં સેવનાર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલા નહોતું થયું? નોઆખલી. એ શું કહેવાય? નોઆખલી. નોઆખલીમાં નહિ? ગાંધીને બહુ થયું હતું ને બધું? ગાંધી બિચારા ગયા હતા. મુસલમાનોએ બહુ જોર કર્યું હિન્દુ ઉપર મારફાટ. નગ્ન કરે. માતા, પુત્ર, બહેન, દીકરીયું બધાને નગ્ન કરે. વીસ વર્ષનો જુવાન, બહેન હોય વીસ વર્ષની નગ્ન કરે. બેને ભેગા કરે. આહા..! પ્રભુ! આ શું કરે છે આ? માથે તલવારના ઓલા મૂક્યા હોય બે બાજુ. શું કહેવાય? અણી. પોપટભાઈ! એનું જોવું મને પાલવે નહિ. એ આ શું કરે છે? હે નાથ! આ જમીન ફાટે તો સમાઈ જઈએ એમ થઈ જાય એને. અરે..! મારી મા, મારી બહેન. આ શું કરે છે આ લોકો? લુગડા નગ્ન કરાવે. સ્વતંત્ર બહુ થાતું હતું ને. છે પ્રેમ? જોવાનો પ્રેમ છે? જોઈ લઉં. અવયવો જોવાનો પ્રેમ છે? ભોગવવાનો પ્રેમ છે? આહાહા..! સમજાણું કાંઈ?

એમ સમ્યગ્દૃષ્ટિને બહારની સામગ્રી મારી છે એમ જોવાનો પ્રેમ જ ઊડી ગયો છે. રાગ હું છું, રાગ પણ મારો છે એ પ્રેમ ઊડી ગયો છે. રાગને પોતાનો માનીને જાણવું એ વાત ઊડી ગઈ છે. આહાહા..! આત્માના, સમ્યગ્દર્શન થતાં આત્માના જેટલા ગુણો છે એ બધા અંશે પ્રગટ થઈ જાય છે. શેઠી! ત્યાં કહ્યું હતું. ત્યાં આવ્યા હતા કે નહિ તમે? શું કહેવાય? મુલતાની મંદિર. જયપુર. ત્યાં વ્યાખ્યાન આપ્યું હતું ને? આવ્યા હતા ને? ત્યાં કહ્યું હતું. પંડિત લોકો હતા બધા. જયપુર-જયપુર. રાજમલજી હશે. એ વખતે આવ્યા નહોતા? આવ્યા હતા. નહિ ઓલું નિરાશ્રિતનું મંદિર? ત્યાં વ્યાખ્યાન વાંચ્યું હતું ને. વ્યાખ્યાન વાંચ્યું હતું ત્યાં આગળ બહાર. ઘણું માણસો. બધા પંડિતો બેઠા હતા. કૈલાસચંદજી. બધા બેઠા. કીધું,

જુઓ! આ લેખ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ? બોલી શું શકે? એને બતાવ્યું કે જુઓ! આ રહસ્યપુર્ણ ચિઠ્ઠીમાં આવે છે ને? એમાં છે પાઠ. જુઓ! આમ કહે છે અને એમ જ હોય. ત્યાં વસ્તુદૃષ્ટિ અનંત ગુણનો પિંડ આત્મા એમ જ્યાં અંતર અનુભવમાં આવ્યો એટલે જેટલા ગુણો છે તેટલા અંશે વ્યક્ત પરિણમ્યા વિના એ દ્રવ્યદૃષ્ટિ થઈ શકે જ નહિ. સમજાણું? અને આ લેખ .. આ. ભાઈએ કહ્યું હતું. સર્વગુણાંશ તે સમકિત. ત્રણ બોલ કહ્યા હતા. સર્વગુણાંશ તે સમકિત.

સમ્યગ્દૃષ્ટિને સર્વગુણાંશ પ્રગટ્યા છે. જેટલા અનંતા અનંત ગુણ છે આત્માના એ બધા અંશે પ્રગટ થયા છે. અંશે પ્રગટ ન થાય તો દ્રવ્યદૃષ્ટિ જ થઈ નથી. સમજાણું કાંઈ? બધા સાંભળતા હતા. શું કહે? છે ને આમાં? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. આમાં છે ને? એ બતાવ્યું હતું. ત્યાં બતાવ્યું હતું, હોં! માણસ તે દિ' ઘણાં હતા. ચોથા ગુણસ્થાનવર્તી આત્માને. રહસ્યપુર્ણ ચિઠ્ઠી ટોડરમલજીની. ત્યાં આ તો એક દિ' એ વાંચી હતી. કારણ કે ત્યાં..

એ પ્રમાણે ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિને આત્માના જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે. અને તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો સર્વદેશે પ્રગટ થયા છે. કેવળજ્ઞાનીને બધા ગુણો વ્યક્ત પૂર્ણ થઈ ગયા છે. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિને, અવિરતીને, નરકમાં હોય છતાં. જેટલા અનંતા ગુણો છે એની એકતા આમ થઈ, દૃષ્ટિ અંદર ઉપયોગ (થઈ) એકતા થઈ તે અનંતા ગુણોની શક્તિનો વ્યક્ત અંશ એકદેશરૂપે અનંતા ગુણો પ્રગટ્યા છે. એમાં આનંદનો સ્વાદ, જ્ઞાનનો સ્વાદ, શ્રદ્ધાનો સ્વાદ, ચારિત્ર શાંતિનો સ્વાદ, સ્વચ્છતાનો સ્વાદ અનંતા ગુણનો સ્વાદ છે. એને લઈને એને ક્યાંય વિષય પ્રત્યે પ્રેમ આવતો નથી. કહો, સમજાણું કાંઈ?

દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય કેવડો છે એ લોકોએ અંતરથી સાંભળ્યું નથી. ભગવાન આત્મા.. સમ્યગ્દર્શન એટલે? આહા..! અનંત કાળમાં એક સેકન્ડ પણ નહિ પ્રગટેલો અપૂર્વ અનુભવ. એ સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાનમાં. હવે શ્રાવક તો પછી રહ્યો. સમ્યગ્દર્શન વિના શ્રાવક-બાવક હોઈ શકે નહિ. અને સમ્યગ્દર્શનમાં સાધુ તો શેનો જ હોય?

કહે છે, જ્ઞાની વિષયના સેવનના ફળમાં રંજિત રાગ થતો નથી. તેથી તેને અસેવક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! મિથ્યાદૃષ્ટિ એ ત્યાગી હોય છે, વિષયને સેવતો નથી. '**છતાં રાગાદિભાવોના સદ્ભાવને લીધે...**' અહીં હયાતી જ્ઞાનીને હયાતી છે. અનંતા ગુણની સત્તાની હયાતીનો અનુભવ છે. અજ્ઞાનીને રાગાદિની સત્તાનો અનુભવ છે. આત્મા શું છે એની દૃષ્ટિ, અનુભવ છે નહિ. સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે હોં કોલેજવાળાને.

ન સમજાય એવું નહિ. ભલે ન બેસે એ જુદી વાત, પણ શું કહે છે એ તો સમજાય કે નહિ આ?

આ તો વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના જ્ઞાનમાં આવ્યું કે આ વસ્તુ આ રીતે છે. તે રીતે અહીંયાં મુનિ કહેવા માગે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને વિષયનું સેવન હોવા છતાં અસેવક કહેવામાં આવે છે. કેમ કે અંદરમાં પ્રેમ નથી ત્યાં. પ્રેમ જામ્યો છે આનંદમાં. અજ્ઞાની વિષય સેવતો નથી. દિગંબર મુનિ થયો છે નગ્ન, હજારો રાણીને છોડીને જંગલમાં વસે. પણ અંદરમાં રાગ શુભ, દયા, દાન, વ્રતનો રાગ આવે છે એ મારું કર્તવ્ય છે અને એ મારું આચરણ છે અને એ હું છું. એવી માન્યતાને લઈને મિથ્યાદષ્ટિ વિષય સેવતો નથી છતાં વિષય સેવે છે. ભારે આકરી વાત. સમજાણું કાંઈ?

એક જણો કહેતો હતો, આવી વાત ખુલ્લી કેમ મૂકે? આવી વાતું! પણ વસ્તુ સ્વરૂપ છે એ ન સમજાવે? આબુમાં થયું હતું. ઓલો હતો ને એક? શાંતિસાગર? શાંતિવિજય. દેરાવાસી સાધુ. કાંઈ શ્રદ્ધા-બદ્ધાનું ભાન નહિ. બધા ભેગા કર્યા. દેવીને માનતો દેવીને. મરી ગયો એમાં ને એમાં. લોકો પણ રાજા અને શેઠિયાઓ હવા ખાવા જાય તો કોઈ ન હોય તો જાય એની પાસે એટલે બસ.. બસ.. ઓહોહો..! મહારાજ કાંઈક વાત કરે છે થોડીઘણી. વળી કો'ક ભાવ બતાવે.

મુમુક્ષુ :- .. કાગળ લખે. અને કાગળ આવ્યો બરાબર ..

ઉત્તર :- આવ્યા. એમાં શું થઈ ગયું? ધૂળનું કાંઈ એમાં ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી વાતું કરતો હશે ત્યાં ઈ. એવી વાતું ત્યાં ચાલતી હતી.

મુમુક્ષુ :- દાદભાના...

ઉત્તર :- દાદભા લીંબડીના? એમાં શું થયું? આહાહા..!

આત્મા શું છે વસ્તુના ભાન વિના.. હવે એવો કોઈ ઉઘાડ હોય ને ગણિત ને જ્યોતિષ ને હોય તો હોય એમાં શું છે?

મુમુક્ષુ :- અટકળે કહેતો હોય...

ઉત્તર :- અટકળે કહેતો હોય અને મેળ આવી ગયો હોય એમાં. આના બધાના કાંઈ ઠેકાણા નહિ. એક જણો કહેતો નહોતો? મણિભાઈ કહેતો હતો ને. મણિભાઈ કહેતો હતો. ઉદાણી. એમ કે હું ગયો હતો. મણિભાઈ કહેતા હતા, લ્યો. તમને આ દિવાનપદ મળશે. પણ મહારાજ! હું તો વાણિયો છું. મને દિવાનપદ નહિ મળે. એ કીધું હતું, લ્યો. એ શાંતિસાગર હતા ને ત્યાં? શાંતિવિજય. એ મણિભાઈ કહેતા હતા. ઓલા મણિભાઈ નહિ ઉદાણી? એ

કહેતા હતા, હું ત્યાં ગયો હતો. બોલે ને સફાઈથી. તમને દિવાનપદ મળશે. પણ મહારાજ! હું વકીલ છું. મને દિવાનપણું (ન મળે). હું વાણિયો છું. નહિ, મળશે. કાંઈ આવ્યું નહિ. ખોટા આવા ને આવા ગપ્પા મારે. એ મણિભાઈ કહેતા હતા, હોં! પોતે કહેતા હતા. હું ત્યાં ગયો હતો આવું આ બોલ્યા. ખોટે ખોટું આવા ને આવા ગપ મારે. કો'કને કાંઈક આવી જાય, થઈ જાય તો આહાહા..! એનો અર્થ શું?

વીતરાગમાર્ગ આત્માનો જ્યાં જાણ્યો નથી, જોયો નથી, અનુભવ્યો નથી એના વિના બધા થોથાં છે તારા. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિ, ઓલો જેમ નોકર શેઠના કામ કરે છે છતાં નથી કરતો. અને શેઠ કામ દુકાને આવીને નથી કરતો છતાં તે કરતો કહેવામાં આવે છે. શેઠ એક કોર બેઠો રહે પણ બધું જોખમ એને છે. સંભળાવે કે આમ થયું. ધક્કો એને લાગે. સ્વામી છે ઈ. નોકર ક્યાં સ્વામી છે? અહીં શું છે અમારે? કહો, સમજાણું? આ વકીલ હોય શું ત્યાં બે જણા સામે, ઓલો સામે અને ઓલો સામે. કોર્ટમાં કરે કે નહિ, આમ હોય. બહાર નીકળે તો લાડવા સાથે ભેગા ખાય. અમારે શું છે? એય..! ચીમનભાઈ! ત્યાં સામે સામા ઊભા હોય. નહિ આમ છે.. આમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત અત્યારે એ. કો'કના વતી દલીલ કરે છે. એને કાંઈ લેવાદેવા નથી. ઓલા પૈસા આપે. વકીલને પૈસા આપે ફક્ત. બહાર આવે તો પછી કાંઈ ન મળે. બેય જણા સાથે ખાય. વિશીમાં ખાય. પણ ત્યાં એકબીજા સામે દલીલ વિરોધ કરતા હતા ને? અહીં શું છે? એ તો કો'ક માટે કરતા હતા. અમારે અહીં ક્યાં હતું?

એમ અહીંયાં સમ્યગ્દષ્ટિ, વિકલ્પ ઉઠ્યો છે એ મારો નથી એમ ધારીને પડ્યો છે ત્યાં. ત્યાં પડ્યો છે ને આમ. નથી મારા, સાંભળને! મારું છે એ તો આનંદ જ્ઞાન સ્વરૂપ છે. ચૈતન્ય જ્યોત ચૈતન્ય સૂર્ય છું હું તો. મારા જ્ઞાનના પ્રકાશમાં રાગ કેવા? વિષયો કેવા? સમજાણું કાંઈ? હું તો પ્રકાશનો જાણનાર છું. સ્વને-પરને જાણનાર હું છું. જ્યાં સ્વપર જાણવું એ મારા હોવામાં છે પણ પર રાગ અને એ ચીજ મારામાં નથી.

આસ્રવતત્ત્વ દયા, દાન, વ્રતના વિકલ્પો અને શરીરાદિ બહાર, એ બે અજીવ અને આસ્રવ એ મારા તત્ત્વમાં નથી. એમ જ્યાં અનુભવ સમ્યક્‌નો થયો છે તેથી તે રાગનો સ્વામી કહેવાતો નથી. અજ્ઞાનીને તે રાગ અને અજીવ એ મારા (એમ લાગે છે). અહીં તો તત્ત્વ જોયું નથી. અંદર કોણ છે? શું છે ચૈતન્ય ભગવાન? સર્વજ્ઞ પરમેશ્વરે જે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું એ બધું ક્યાંથી લાવ્યા? બહારથી આવે છે? અંદરમાં પડ્યું છે. એ નિજ સ્વરૂપ સંપદાની જેને ખબર નથી, નિજ સ્વભાવ સ્વરૂપ સંપદાની જેને ખબર નથી, એને એ રાગની દયા, દાન-વ્રતના

પરિણામ એ મારા માનીને પડ્યો એ મિથ્યાદષ્ટિ છે. એ મિથ્યાદષ્ટિ વિષયને સેવતો નથી છતાં તેને વિષયનો સેવનાર કહેવામાં આવે છે. કારણ કે રાગના ફળ પુણ્ય અને પુણ્યા બંધાશે અને એના ફળ એ. અહીં સારું જાણે છે તો બધાને સારું જાણે છે. સમજાણું કાંઈ? એ રાગ શુભ છે એને સારો જાણે છે તો એનું બંધન પણ ખરેખર સારું જાણે છે અને એનું ફળ પણ સારું જાણે જ છે. સમજાણું કાંઈ?

'**વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી સેવક જ છે.**' લ્યો! અજ્ઞાની તો ન સેવતો હોય તોપણ સેવક જ છે.

'**ભાવાર્થ :- કોઈ શેઠે પોતાની દુકાન પર કોઈને નોકર રાખ્યો.**' લ્યો. શેઠે.

મુમુક્ષુ :- શેઠ જ નોકર રાખે ને.

ઉત્તર :- બીજું કોણ રાખે?

'**દુકાનનો બધો વેપાર-વણજ-ખરીદવું, વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે...**' ઓલો તો બેઠો હોય. રાણપુરમાં નહોતો એક કો'ક? એક કરસનજીવા હતો પણ બીજો કો'ક, નહિ? એ દુકાને જાય. શેઠ જો બોલે તો કહે, બોલશો નહિ કાંઈ. બેસવું હોય તો બેસો. નહિતર વયા જાવ. એ રાજકોટમાં. ઠીક. મણિલાલ હતો એ. મણિલાલ હતો ને? આ નારણભાઈના બાપ. બહુ બડબડ કરે. મણિલાલ નોકર હતો. ઘરે વયા જાવ. તમને ખબર ન પડે. નારણભાઈનો બાપ. લંગડા હતા ને. એને તો ધણીપતું કામ કરતો હોય કે તમને ન ખબર પડે આમાં. કેમ સામા સાથે વાત કરવી, કેમ કરવું બધું. ઘરે વયા જાવ. શેઠ! ઘરે વયા જાવ. કહે. વયા જાય. શું કરે પણ? કારણ કે એ કામ બરાબર કરે છે અને આપણને કાંઈ ખબર નહિ પડે તો કાંઈકનું કાંઈક વેતરી નાખશું. બોલાઈ જશે કાંઈક તો ... જશે. જાવ જાવ, શેઠ હમણાં જાવ. હમણાં તમારું કામ નથી. વયા જાવ. અમે પતાવી દેશું. છતાં એનો સ્વામી નથી. સમજાણું કે નહિ?

'**દુકાનનો બધો વેપાર-વણજ-**' વેપાર-વણજ એટલે શું વળી? બધો વેપાર-વણજ આખો શબ્દ લીધો છે. વેપાર-વણજ એવી ભાષા કેમ અહીં મૂકી? કોઈ એમ કહે. અમારે પંડિતને પૂછવું પડે, વેપારવણજ એટલે શું પાછું? વેપારનો વેપાર, વેપાર વણજ. ભાષા એવી જ હોય ને, વેપાર કરવો હોય એમ કરે. ખરીદવું. લાવો. પાંચ હજારનો માલ લાવો, દસ હજારનો માલ લાવો. '**વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે...**' અહીં તો દૃષ્ટાંત આપે છે, હોં! એ કરી શકે છે એ અહીં સિદ્ધ નથી કરવું. અરર..!

આ તો કહે છે કે એને ભાવમાં એનું સ્વામીપણું નથી અને અહીં ક્રિયા થાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કરી શકે છે? રજકણને કોણ હલાવી શકે છે? જડને

હલાવે કોણ? આંગળી હલે છે એ આત્માથી હલે? આ તો જડ છે, માટી છે. આમ આમ હલે છે એ જડથી હલે છે. આત્માથી હલે છે ત્રણ કાળમાં? આ તો પરમાણુ છે, રજકણ છે. એની દશા થવી એ જડથી થાય છે. આત્માની દશા આત્માથી થાય. બેય તત્ત્વ ભિન્ન ભિન્ન તત્ત્વ છે. જુદા તત્ત્વની દશા જુદું તત્ત્વ કરી શકે નહિ. જુદું કરી શકે તો બે તત્ત્વ એક થઈ જાય છે. ઝીણું બહુ ઝીણું. અહીં તો ભાષા એવી આવે, જુઓ કર્તૃત્વ (આવ્યું). ભાઈ! કઈ અપેક્ષા અહીં સિદ્ધ કરવી છે, સાંભળને!

મુમુક્ષુ :- ચોખ્ખું લખ્યું છે.

ઉત્તર :- લખ્યું છે શું પણ? એ તો દાખલો છે.

‘**તોપણ તે વેપારી નથી...**’ લ્યો. વેપાર કરે, ખરીદે, લાવે તોપણ એ વેપારી નથી. ‘**કારણ કે તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો સ્વામી નથી;...**’ ત્રણ-ત્રણ. વેપારનો સ્વામી નથી અને લાભ નુકસાન જાય ધંધામાં એનો સ્વામી નથી. ‘**તે તો માત્ર નોકર છે, શેઠનો કરાવ્યો બધું કામકાજ કરે છે. જે શેઠ છે તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી, ઘેર બેસી રહે છે...**’ ઘરે બેસી રહે છે. ‘**તોપણ તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો ધણી હોવાથી તે જ વેપારી છે.**’ કહો, સમજાણું આમાં?

‘**આ દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પર ઘટાવી લેવું. જેમ નોકર વેપાર કરનારો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી,...**’ લ્યો. નોકર ખરેખર વેપાર કરતો છતાં કરનારો નથી. કારણ કે એનું ધણીપતું નથી. એમ સમ્યગ્દૃષ્ટિ વિષયમાં પડ્યો દેખાય પણ વિષયમાં છે નહિ. ભોગવતો છતાં ભોગવતો નથી. કેમ કે અંદરમાં આનંદ અને જ્ઞાન સ્વરૂપમાં (એનું હોવાપણું માન્યું છે). સમ્યગ્દૃષ્ટિનું હોવાપણું પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. અને એ પણ પર્યાય શુદ્ધ છે એમાં હોવાપણું છે. અશુદ્ધ પર્યાયમાં સમ્યગ્દૃષ્ટિ છે નહિ. સમજાણું કાંઈ?

દ્રવ્ય એટલે અનંત શુદ્ધ ગુણનો પિંડ. ગુણ એટલે અનંત ગુણ શુદ્ધ. અને એની નિર્મળ દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ થઈ, બસ! એ ત્રણ તેના છે. એ સિવાય રાગનો વિકલ્પ ઉઠે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ સમકિતીનો નથી. પરનો છે, પરભાવ છે. એનો એ સ્વામી નથી, રાગનો સ્વામી થાય તો તો મૂઢ થઈ જાય એમ કહે છે. રાગ તો મેલ છે. ભગવાન આત્મા શુદ્ધ નિર્મળ છે એની જ્યાં પ્રતીત-જ્ઞાન થયું છે તો એ ભાવનો સ્વામી નથી. લ્યો! ઓલો તો હોંશથી કામ કરે છે. એ હોંશ જ નથી, સાંભળને! એ તો ચૈતન્ય સ્વરૂપની ભાવના ભાવે કે રાગની ભાવના ભાવે?

**'સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ પર ઘટાવી લેવું. જેમ નોકર વેપાર કરનારો નથી તેમ સમ્યગ્દષ્ટિ વિષય સેવનારો નથી, અને જેમ શેઠ વેપાર કરનારો છે તેમ મિથ્યાદષ્ટિ વિષય સેવનારો છે.'** લ્યો! સમજાણું કાંઈ? એ દૃષ્ટિ ફેરે સૃષ્ટિ ફેર. રાગ અને પુણ્યના ભાવ અને પુણ્યના ફળને પોતાનું માનનાર. હતું ને ઓલામાં? ભાગ્યોદયને વિષ્ટા સમાન માને સમકિતી. સમ્યગ્દષ્ટિ પૂર્વના પુણ્યના ઉદયને વિષ્ટા સમાન માને.

મુમુક્ષુ :- રાડે રાડ પાડશે, સાહેબ!

ઉત્તર :- રાડ પાડશે ઓલા કહે. આમાં છે નહિ બનારસીદાસમાં? (બંધ દ્વાર, પદ-૧૯). બનારસીદાસ. છે ને? સમ્યગ્દષ્ટિ જીવ આત્માની શુદ્ધ સંપદા આનંદ સ્વરૂપ એનું ભાન હોવાથી 'કીચસૌ કનક જાકૈ...' કીચસૌ કનક. કંચનને કિચડ સમાન માને. એ સોનાના ઢગલાને કાદવ માને, કાદવ. 'નીચસૌ નરેસ પદ.' રાજ પદ મળે એને નીચપદ માને. એય..! શેઠાઈ મળે એને નીચપદ માને એમ કહે છે.

મુમુક્ષુ :- શેઠાઈ નથી લખી, રાજપદ લખ્યું છે.

ઉત્તર :- રાજપદ (લખ્યું ત્યાં) શેઠાઈ તો હલકું થઈ ગયું. ઓલો નરનો ઈષ કીધો. ચાહે તો ઘણા માણસો હોય ને શેઠ? સંઘના સેઠ કહે. નીચપદ છે. 'મીચસી મીતાઈ.' છે ને? અને 'લોગોંકી મિત્રતાકો મૃત્યુ સમાન માને.' આહાહા..! 'પ્રશંસાકો ગાલીકે સમાન' લ્યો. 'ગુરુવાઈ જાકૈ ગારસી...' મોટપ-મોટપ બતાવે છે. ગુરુવાઈ એટલે મોટપ.

**જહરસી જોગ-જાતિ, કહર સી કરામાતિ,**
**હહરસી હૌસ પુદ્ગલ-છબિ છારસી.**
**જાલસૌ જગ-વિલાસ ભાલસૌ ભુવન-વાસ,**
**કાલસૌ કુટુંબ-કાજ, લોક-લાજ લારસી.**
**સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ વખત માનૈ,**
**ઐસી જાકી રીતિ તાહિ વંદત બનારસી. ૧૯.**

સમજાય છે? એ યોગની ક્રિયાને ઝેર સમાન. મંત્ર-જંત્રાદિ. **'મંત્રાદિ કરામાતકો દુઃખકે સમાન, લૌકિક ઉન્નતિકો અનર્થકે સમાન.'** લૌકિક ઉન્નતિ-લોકમાં મોટો થયો, શેઠ થયો, પૈસા મળ્યા, પાંચ-પચ્ચીસ કરોડ. **'અનર્થ કે સમાન.'** અનર્થ થયું. અર્થ મળ્યો એ અનર્થ થયું એમ કહે છે. આહાહા..! **'શરીરકી કાંતિકો રાખ કે સમાન.'** છે? **'સંસારકી માયાકો જંજાલકે સમાન. ઘરકે નિવાસકો વાણકી નોંકકે સમાન.'** ઘરમાં રહેવું એ બાણની ધારા ઉપર રહેવા સમાન છે. અણી.

**'કુટુંબકે કાર્યકો કાલકે સમાન.'** એય..! કુટુંબના કાર્ય કાળ. હાય..હાય! કાળ.

**'ભાગ્યોદયકો વિષ્ટાકે સમાન,'** એ પછીનું આવ્યું. **'લોકલાજકો લાર સમાન...'** આબરૂ વધી. લાર.. લાર.. લાર.. નાકની લાળ. **'સુયશકો નાકકે મૈલકે સમાન.'** સુજસ વધ્યો. મોટા મોટા... **'ભાગ્યોદયકો વિષ્ટાકે સમાન જાનતા હૈ.'** પૂર્વના પુણ્યના ઉદયને વિષ્ટા માને છે. બનારસીદાસ કહે છે આમાં. એય..! ન્યાલચંદભાઈ! બહારમાં મજા કેટલી પડે આમ. અરે..! એના કાકા કહે ત્યાં ઓલાને એમ થઈ જાય કે આહાહા..! ચાલીસ હજાર આપ્યા અને ઓલા ખર્ચ્યા. કાકા! આવો આવો. એમના કાકા તો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કહેતા હતા કે આ મફતની બેડી આવી. બધું તમારે સંભાળ કરવું પડશે અને આ કરવું પડશે.

અહીં તો કહે છે, ભાઈ! ધર્મી જીવને એક રાગનો કણ અને રજકણ પણ મારા નથી. એવા ભાન વિના એને સમ્યગ્દર્શન હોતું નથી. અને અજ્ઞાનીને બાહ્ય ત્યાગ બધો હોવા છતાં એક રાગનો કણ પણ પુણ્યને મીઠાશથી વેદે છે અને રાગની મંદતા, કષાયની મંદતા એ મારો ધર્મ છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ વિષયને સેવતો ન હોય છતાં સેવક કહેવામાં આવે છે. એની વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૩, બુધવાર તા. ૧૯-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૯૮-૧૯૯, શ્લોક-૧૩૬, પ્રવચન-૨૮૧**

નિર્જરા અધિકાર. ૧૩૬ કળશ છે. ૧૯૭ ગાથા થઈ ગઈ. ૧૯૮નો ઉપોદ્‌ઘાત છે.

**सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः**
**स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।**
**यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च**
**स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।१३६।।**

એનો અર્થ નીચે. ધર્મીને અધર્મદશા અવસ્થા ટળતી જાય છે અને કર્મ ઝરતા જાય છે. અને શુદ્ધતા વધતી જાય છે. એનું નામ નિર્જરા કહેવામાં આવે છે.

'**શ્લોકાર્થ :- સમ્યગ્દષ્ટિને...**' ધર્મી કહો કે સમ્યગ્દષ્ટિ કહો. આત્મા અખંડ અભેદ જેને અંતર અનુભવ દષ્ટિમાં આત્મા આવ્યો છે. પોતાના પરમેશ્વરને (જેણે) અંતર દષ્ટિમાં પ્રાપ્ત કર્યો છે. એવા '**સમ્યગ્દષ્ટિને નિયમથી...**' નામ નિશ્ચયથી. '**જ્ઞાન...**' એટલે આત્માનો અનુભવ. '**વૈરાગ્ય...**' એટલે રાગના અશુદ્ધતાના અભાવરૂપ ભાવ. એ શક્તિ નિયમથી હોય છે. વસ્તુ પરિપૂર્ણ આનંદ અને શુદ્ધ (છે), એની દષ્ટિ અંતર હોવાથી અનુભવનું જ્ઞાનબળ છે અને એને કારણે અશુદ્ધતાનો અભાવ ક્ષણે ક્ષણે થતો જાય છે, વૈરાગ્યનું બળ પણ ક્ષણે ક્ષણે વધતું જાય છે. કહો, શેઠી! આહાહા..!

પોતાનો આત્મા એક જ આતમરામ. એ સિવાય આખું બધું પર. રાગથી માંડીને વિકલ્પ (આદિ) બધું પર. એકલો આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ એવી જ્ઞાનની અનુભવશક્તિ પ્રગટી છે તે જ્ઞાન. અને અનુભવ થતાં અશુદ્ધ ભાવ રાગ આદિ એનો ત્યાં અભાવ વર્તે છે. સમજાણું કાંઈ? એને અહીંયાં જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ કહેવામાં આવે છે.

'**સમ્યગ્દષ્ટિને નિયમ...**' નામ નિશ્ચયથી ખરેખર આત્મઅનુભવ અને અશુદ્ધતાના પરિણામનો વૈરાગ્ય નામ અભાવ એ બે શક્તિ હોય છે. કહો, શેઠી! આહાહા..! રાગના ભાગથી માંડીને બધા રજકણોથી જેની અંતર દશામાં પરથી ઉપેક્ષા વર્તે છે અને સ્વ સ્વરૂપનો અનુભવ વર્તે છે. આત્મા શુદ્ધ પરિપૂર્ણ છું એનો અનુભવ નામ પરિણમન (વર્તે છે). સમજાણું કાંઈ? એ સમ્યગ્દષ્ટિને નિયમથી વસ્તુની સ્થિતિ પ્રાપ્ત હોવાથી અનુભવ છે અને વસ્તુની સ્થિતિ પ્રાપ્ત હોવાથી પરથી ઉપેક્ષા વર્ત્યા કરે છે. શું છે?

મુમુક્ષુ :- અનુભવ કહ્યો.

ઉત્તર :- અનુભવ કહ્યો ને.

આત્મા શુદ્ધ ચૈતન્ય એને અનુસરીને અંદર જ્ઞાનનું વેદન, શ્રદ્ધાનું પ્રગટ થવું, શાંતિ અને સ્વરૂપની સ્થિરતાનું વેદન (થાય) એને અહીંયાં અનુભવ કહેવામાં આવે છે-એને જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાનનું બળ એટલે કે આત્માનો અખંડ સ્વભાવ પરિપૂર્ણના અનુભવનું બળ. સમજાણું કાંઈ? અસ્તિપણે આખો આત્મા પૂર્ણ પ્રભુ મહાન પદાર્થ જ્યાં અંતર્મુખ દૃષ્ટિમાં અને જ્ઞાનમાં જ્ઞેય તરીકે અંતર અનુભવ થયો એટલે, ઉપયોગ ભલે કદાચિત્ રાગાદિ (માં હોય) પણ વસ્તુની લબ્ધમાં એની દૃષ્ટિ તો સ્વભાવ સન્મુખ જ પડી છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દૃષ્ટિ કહીએ અને એને પરથી ઉદાસીન એવો રાગથી અભાવભાવ હોય છે તેથી તેને ક્ષણે ક્ષણે નિર્જરા થતી જાય છે. એમ કહે છે. કેટલા અપવાસ કર્યા અને કેટલો (ત્યાગ કર્યો) એ ઉપર એની નિર્જરાનું માપ નથી એમ કહે છે. એના સ્વભાવમાં અસ્તિત્વ ઉપર પૂર્ણ અસ્તિત્વની સત્તાનો અંતર અનુભવ (છે) અને પર તરફની બિલકુલ ઉપેક્ષા, રાગાદિથી માંડીને (સમસ્ત પરપદાર્થ). એ કારણે ક્ષણે ક્ષણે ત્યાં નિર્જરા થતી જાય છે. ભારે વાત, ભાઈ! સમજાણું?

'**કારણ કે...**' હવે એનું કારણ આપે છે. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ હોય છે, બે ભાવ હોય છે એનું કારણ શું? કારણ શું? '**કે તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે...**' પોતાનો પરમસ્વભાવ જ્ઞાયકભાવ પવિત્ર આખું ધામ ચૈતન્યપ્રભુ, એની દૃષ્ટિમાં, જ્ઞાનમાં ગ્રહણ, સ્વરૂપનું ગ્રહણ, સ્વરૂપ એટલે પૂર્ણ શુદ્ધતા એનું દૃષ્ટિમાં, અનુભવમાં ગ્રહણ અને પરનો ત્યાગ. રાગના વિકલ્પથી માંડીને શુભભાવ જે જાતના હોય, (એ) બધાનો જેમાં અભાવ છે. અસ્તિપણાના જ્ઞાનનું ગ્રહણ થવું અને રાગના નાસ્તિપણે પરિણમવું, આ કારણે તેને જ્ઞાન અને વૈરાગ્યનું બળ વર્તે છે. આ ભારે વાત. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કીધું આ? વસ્તુનું પરિણમન છે સ્વભાવ પૂર્ણ તેનું અને રાગના અભાવનું પરિણમન એમ ત્યાં ગ્રહણ છે. ત્યાગગ્રહણની શક્તિનું પૂછ્યું. એ નહિ. આ અસ્તિ પૂર્ણ વસ્તુ છે, એકરૂપ વસ્તુ છે, એ તરફની દૃષ્ટિની પરિણમન દશામાં આખા સ્વરૂપનું ગ્રહણ થયું અને રાગાદિનો અભાવ, તેના ત્યાગરૂપ પરિણમન, એનું નામ અહીં ગ્રહણ-ત્યાગ છે. રાગને છોડું અને સ્વરૂપને ગ્રહું એવા ભેદની અહીંયાં કાંઈ વાત છે જ નહિ. સમજાણું કાંઈ?

વસ્તુ એક સમયમાં પૂર્ણ અંતર સ્વરૂપ છે એ અંતર્મુખ દૃષ્ટિમાં આખા અસ્તિત્વનું ગ્રહણ થયું અને બહિર્મુખના જેટલા વિકલ્પો આદિ છે તેના અભાવરૂપ પરિણમન થયું. એનું નામ ગ્રહણ અને ત્યાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ એની રીત છે-સમ્યગ્દૃષ્ટિની વિધિ.

એને પામવાની વિધિમાં પહેલા સ્વભાવનું ગ્રહણ થાય અને રાગનો અભાવ થાય ત્યારે એને પામવાની વિધિ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ક્યાંય પણ લાલે લાતરે રાગમાં, પરમાં મીઠાશ વર્તે અંદર, આત્માના પરમાનંદ સિવાય ક્યાંય એક રાગ-શુભરાગથી માંડી પર વસ્તુમાં ક્યાય ઉલ્લાસવૃત્તિ, કંઈક ઠીકવૃત્તિ, સુખવૃત્તિ એવી દશા થાય તે બધું મિથ્યાદષ્ટિપણું છે. સમજાણું કાંઈ? મિથ્યા એટલે અસત્ય. કેમ કે આત્માના પૂર્ણ આનંદના આહ્લાદ સ્વભાવ આગળ કોઈ ચીજમાં આનંદ છે જ નહિ. ચક્રવર્તીના પદ હો કે ઈન્દ્રના પદ હો, ત્યાં બધી આકુળતા છે. એક આત્મપદમાં જ આનંદ છે. કહો, મૂળચંદભાઈ! આ બધું કહેવાય છે ને, આ બધા સુખી પૈસાવાળા. 'શરીરે સુખી તો પછી સુખી સર્વ વાતે.' એમ કહે છે દુનિયા, લ્યો. ગોળા મારે છે ને. આમાં એકલો શબ્દ નાખ્યો તો છે, હોં! શરીરાદ્ય ખલુ ધર્મ સાધનમં. આવશે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. આમાં નાખ્યો છે નાનીમાં. ધૂળમાંય (ત્યાં સુખ) નથી. આહાહા..!

આખો પદાર્થ જ્યાં ચૈતન્ય સત્ત્વ આખું, વસ્તુ સ્વભાવ સ્વરૂપ છે ને આખું! એવા સ્વભાવનો અંતરમાં દૃષ્ટિનો જ્યાં સ્વીકાર થયો, એને એક રાગના કણમાં અને એના બંધમાં ક્યાંય પ્રેમ અને સુખબુદ્ધિ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? છ ખંડના રાજમાં પડ્યો દેખાય પણ ક્યાંય એને સુખ ભાસતું નથી. દુનિયા એને બહારથી એમ કહે કે, જોયું! આ સામગ્રી અને આવું મળ્યું માટે સુખી છે. સમજાણું? મોહનભાઈ! કેટલા સાધન! ઓહોહો..! બેઠો હોય ત્યારે હુકમ કરે તો હાજર. સેંકડો માણસ થાય. કરોડ કરોડના મોટા બંગલા હોય. એવા નાખ્યા હોય નળિયા ને ફળિયા ને આમ માથે પંખા ફરતા હોય. ખમ્મા અન્નદાતા! શરીરો મણિરત્નના પૂતળા જેવા શરીર હોય રૂપાળા. પણ એ તો માટી ને ધૂળ છે કે તે આત્મા છે? આ તો વળી આ .. યાદ આવી ગયા તમારા. નવનીતભાઈના. એય..! આ મકાન કરાવ્યું છે ને? છેટેથી તો જૂના નળિયા જેવું લાગે છે, હોં! જૂના નળિયા નાખ્યા હોય એવું લાગે. નજીક જઈએ તો કાંઈક બીજી જાતનું લાગે. સમજાણું?

આત્માની નજીક જાય તો આખી દુનિયા દુઃખરૂપ લાગે. છેટેથી એને લાગે કે આ સુખ છે. આત્માથી ખસી ગયો અને પરમાં માને છે. સમજાણું કાંઈ? શેઠી! આહાહા..! દુઃખી.. દુઃખી.. દુઃખી દુનિયા એકલી દુઃખી (છે). છે ને અધિકારમાં, નહિ? મોક્ષમાળામાં. એકેન્દ્રિયથી માંડીને (બધા જીવો) દુઃખી. ચાર પ્રકારની .. આવે ને? ચાર પ્રકારની. પુણ્યવંતને ઈચ્છા હોય અનુકૂળ આમ કરે ને આમ તો એ પણ દુઃખી. ઈચ્છામાત્ર દુઃખરૂપ છે. એના ભેદ પાડ્યા છે ચાર. સમજાણું કાંઈ? પણ આપણે છેલ્લામાં છેલ્લી ઈચ્છા કે તારા પૂર્વના પુણ્યને લઈને આમ ગંજ પડ્યા હોય અબજો રૂપિયાના. સમજાણું? અબજોની અને કરોડોની પેદાશ

દિવસની હોય. દુઃખી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈચ્છા પ્રમાણે બહાર પરિણમતું હોય (એ) એને કારણે સ્વતંત્ર. આને કારણે નહિ. મૂઢ માને કે મારે કારણે આ છોકરા મને માને છે. છોકરા માને છે મારું. છોકરા ક્યાં? છોકરા તો શરીરથી ઉત્પન્ન થયેલા છે. તારાથી ઉત્પન્ન થયેલા છે? શરીર એમાં નિમિત્ત છે. તું તો એમાં કાંઈ છે જ નહિ. એવા છોકરા મારા, આ મારા ડાહ્યા, આ મારા રળાવ, આ કમાઉ, એવી જેની દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. મહેન્દ્રભાઈ! કેવા? મહેન્દ્રભાઈ કેવા હુશિયાર હશે?

મુમુક્ષુ :- આપે પાસ કર્યા છે એવા.

ઉત્તર :- અરે..! એ તો કેવી રીતે બોલે! પિતાજી સાહેબ! એમ બોલે. .. એમ કહે.

અરે..! ભગવાન! કોના દીકરા? કોની વાત? ભાઈ! અહીં નજીક રહેલો એક એક પરમાણુ અહીં ભૂમિ ક્ષેત્રાવગાહમાં સ્વતંત્ર પરિણમે એને કોનો કહેવું આમાં? સમજાણું? અહીં નજીકમાં રહેલા. છે ભિન્ન, હોં! નજીક એટલે તે આકાશના એક ક્ષેત્રની અપેક્ષાએ. એક એક રજકણ એને કારણે પલટીને ઊભા છે. એને કોને કહેવા મારા અને ક્યાં છે એ મારામાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પૃથક્ થઈ ગયો છે ઈ. જુદા થઈ ગયા. ... જુદા થઈ ગયા. પણ જુદા થયા એમાં પ્રશ્ન શું થયો? જુદા છે એને મારા માનવા એ જ મૂઢતા છે. ઈ કહે છે અહીં.

મુમુક્ષુ :- એને મારા ન માને, સંયોગરૂપે માને.

ઉત્તર :- એમાં સંયોગરૂપનો અર્થ શું થયો? પૃથક્ છે એમ જાણો. અહીં તો કહ્યું, રાગ મારામાં નથી. એમ પૃથક્ રાગને જાણે. મારામાં રાગ નથી. હું તો ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છું. મારામાં રાગ પૃથક્ તરીકે ન જાણે એનો અર્થ થયો કે એ જાણે છે એ તો કે આ છે એક જગતની ચીજ. મારી છે ને મારામાં છે, મને એને લઈને કાંઈક સુખ છે. એ દુઃખી તો મિથ્યા છે, અસત્ય છે. કારણ કે એમ બનતું નથી અને એમ છે નહિ, એમ માને એનું નામ અસત્ છે, જૂઠું છે. મહા જૂઠાને સેવે અને એ સુખી થાય એમ માને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ... એ તો પૂર્વના રજકણ હોય. પણ દુનિયાને રજકણ હોય તો એ તો જગતની ધૂળ ક્યાંક પડી હોય અને આવે. એમાં એને શું આવ્યું ધૂળ? પોપટભાઈ! આહાહા..!

અહીં તો આનંદલક્ષ્મી જ્યાં આત્માની છે. છે એવી પ્રતીત અને છે એવો અનુભવ

થયો અને જેમાં નથી એનામાં એ રાગાદિ ચીજ તેને પૃથક્ તરીકે સ્વરૂપના અસ્તિત્વમાં રહીને જાણે છે એને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ સાથે હોય છે. કેમ? કેમ કે સ્વરૂપમાં ઠરે છે અને પરના અભાવરૂપ પરિણમે છે. એમ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિધિ. આહાહા..! એ સ્વરૂપનું ગ્રહણ થયું છે. ... સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં આવ્યું ઈ? **'स्वं अयं'**, **'स्वं कलयितुमयं'**, **'स्वान्यरूपाप्तिमुक्त्या'**. ત્યાગ કરી એની વિધિ વળી. લ્યો. એ વિધિ કોનો શબ્દ કર્યો? એ કેનો કાઢ્યો? **'मुक्त्या'** ઠીક. આહાહા..!

અહીં તો કહે છે કે ભાઈ! જેને સત્યનું શરણ મળ્યું છે. સત્ય વસ્તુ પરમાત્મા પોતે આનંદ જ્ઞાનનો અમૃતનો સાગર. એવો ભગવાન આત્મા અમૃતનું સ્વરૂપ કહ્યું છે આત્મામાં. એની અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાન થયું પછી ભલે ગૃહસ્થાશ્રમમાં પડ્યો દેખાય. સમજાય છે? પણ ક્યાંય તેને અંતર મીઠાશ નથી. ક્યાંય નથી આવતી, ક્યાંય નથી આવતી. ક્યાંય પડ્યો નથી. એ પોતાની દૃષ્ટિમાં જ છે, પોતાની વસ્તુસ્થિતિમાં જ છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

**'સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો)...'** વસ્તુત્વ એમ છે ને? વસ્તુમાં વસ્તુપણું, યથાર્થ ભાવપણું. આનંદપણું, શાંતપણું, સ્વચ્છતાપણું, પ્રભુતાપણું. એનો **'અભ્યાસ કરવા માટે,...'** અંતર સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેથી અંતર્મુખમાં એકાગ્રતાના અનુભવના અભ્યાસ દ્વારા **'આ સ્વ છે અને આ પર છે...'** અર્થાત્ ભગવાન આત્મા આ સ્વ. જ્ઞાન, આનંદ, શુદ્ધતા એ સ્વ છે અને આ પર છે. રાગાદિ બધો પર છે વિકલ્પ. સમજાણું કાંઈ?

**'એવો ભેદ પરમાર્થે જાણીને...'** એવી રાગથી અને આત્માના સ્વભાવની બેની વચ્ચેનો ભેદ જાણીને એ પર છે અને આ સ્વ છે. **'સ્વમાં રહે છે...'** ધર્મીનું રહેવું આત્મામાં હોય છે. કહો, સમજાણું કાંઈ? મકાનમાં રહેતો નથી, શરીરમાં રહ્યો નથી, કર્મમાં રહ્યો નથી, રાગમાં રહ્યો નથી. સ્વ અને પર એવી જુદાઈ જાણીને ખરેખર સ્વમાં રહે છે. સમજાણું? **'स्वस्मिन्नास्ते'** **'અને પરથી...'** **'विरमति परात्सर्वतो रागयोगात्'** દેખો ભાષા! **'विरमति परात्सर्वतो रागयोगात्'** એ વિકલ્પ જે તીર્થંકરગોત્રનો આવે એનાથી પણ રાગના સંબંધથી, વિકલ્પના સંબંધથી, એ રાગની એકત્વતાથી પૃથક્ થયો છે જે. **'સર્વ પ્રકારે વિરમે છે.'** અંશ જે પ્રકારનો રાગ એ સર્વ પ્રકારના રાગથી વિરમેલો જ છે. દૃષ્ટિ, વસ્તુના અંતર સ્વભાવ

સન્મુખમાં દૃષ્ટિ હોવાથી એમાં રહ્યો છે અને બહિર્મુખના વિકલ્પોથી વિરામ પામી ગયો છે. સમજાણું કાંઈ? બહુ અલૌકિક વાત છે. પોપટભાઈ! ઓલા પથરામાં તો રૂપિયા જ્યાં મળે ત્યાં માણસને એમ થાય કે આહાહા..! શું થયું અને જાણે શું થયું? એય.. મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- રૂપિયા ક્યાં મળે છે?

ઉત્તર :- આ માને છે ને દુનિયા.

મુમુક્ષુ :- અવતાર આખો ફરી જાય, નવો અવતાર થાય.

ઉત્તર :- નવો અવતાર મિથ્યાત્વનો થાય, અજ્ઞાનનો. એય.. પોપટભાઈ! શું છે? એ પોપટભાઈ કહેતા હતા. એક લાખની પેદાશ છે દરરોજની. હોય, એમાં શું? ચાલીસ કરોડવાળાને ચાર કરોડની ઊપજ હોય. એમાં શું? એય.. મોહનભાઈ!

મુમુક્ષુ :- એક લાખની, એક કરોડની...

ઉત્તર :- એને હોય. પણ અત્યારે સાધારણ.. પહેલા ગણાતું ને ભાઈ, ને આમ ગણાતું. વીસ હજારની મૂડીમાં એક હજારનું વ્યાજ આવે એમ ગણતા આઠ આની તરીકે વ્યાજ. વેપાર કરે તો વધારે આવે. અત્યારે તો ટકાનું વ્યાજ દોઢ ટકાનું થાય આ લોકોને. વ્યાજ કરે તો ઝાઝું આવે, તો વેપાર કરે તો વધારે આવે. પૈસા વધી ગયા ને બધું વધી ગયું ને ભાવ વધી ગયા. દોઢ ટકો લે. ઓલું તો એમ ગણાતું, એક કરોડ મુડી હોય તો પાંચ લાખ એને આવે. વીસમો ભાગ કરવો. એમ ગણતા હોં! પહેલા. વીસ હજારની મૂડી હોય એને એક હજાર આપવું.

મુમુક્ષુ :- બાર મહિના ...

ઉત્તર :- હા. ચાલે. પહેલા જેટલું ચાલતું હતું હવે તો.. અને .. સમજાણું ને? અત્યારે તો એક ટકો ગણો. કેટલું... અને વીસ હજારમાં બે હજાર આવે એમાં એમ ગણે. વીસ હજારે બે હજાર થયા કે નહિ બે ટકે? .. ઉપલું ગણતા નથી. એ તો ઓલા બારે આવે ને. એમ. હજાર ગણ્યા હતા ને. એમ ગણ્યા. આ તો .. ભણતા ઘણાં વખતે, હોં! ભણે ત્યારે વીસ હજારની મૂડી હોય, રાંડીરાંડ બાઈ હોય. એને એક હજાર આવતા હોય બિચારીને. બાર મહિને .. ખાય. હવે જેની પાસે ચાલીસ કરોડ હોય એને .. ચાર કરોડ તો પેદાશ એના વ્યાજ તરીકે આવવી જોઈએ. એય..! શેઠી! અને હેરાન-હેરાન થાય. મને ચાર કરોડનું વ્યાજ આવે, ચાર કરોડનું. આકુળતા છે એની. આકુળતા છે એની પાસે તો.

મુમુક્ષુ :- આકુળતા .. રૂપિયા તો આવે છે.

ઉત્તર :- ધૂળેય આવ્યા નથી. કોણ કહે છે આવ્યા છે? પૈસા ક્યાં? પૈસા તો એને ઠેકાણે પડ્યા છે. એના રજકણની અવસ્થામાં હવે ઈ સત્તામાં પડ્યા છે. એની સત્તામાંથી

આત્માની સત્તામાં આવ્યા છે ઈ? એની દૃષ્ટિએ માને છે કે મને, મારા. એ તો માન્યતામાં આવી. એ વસ્તુ ક્યાં આવી ગઈ? એય..! મલૂકચંદભાઈ! એ માન્યતા તો જૂઠી છે. અસત્ય માન્યતા છે. જે એ વસ્તુ અહીં આવી નથી અને મારામાં આવી અને એ મારી છે, એ માન્યતા જ અસત્ય, મહાપાપ અને મહા આત્માનું ખૂન કરે છે. આહાહા..! પ્રવિણભાઈ! ભઈ, અહીં તો બીજી જાતની વાત છે આ. આહાહા..!

ભગવાન આત્મા.. આહાહા..! જેની વાત સાંભળ્યે, નજર કરે નિધાન દેખાય. એના અનુભવ કર્યે આનંદ આવે. એવું જે આ તત્ત્વ, જગતમાં છે જ ક્યાં કોઈ ચીજ એવી? સમજાણું કાંઈ? જુઓને! શ્લોક મૂક્યો છે કેવો! **'स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।'** **'सर्वतो रागयोगात्'** પરની તો વાત પણ ક્યાં છે અહીં. સમજાણું કાંઈ? પરનું તો એક સમયમાત્ર પણ આત્માના હોવાપણામાં કોઈ દિ' આવ્યું નથી. એક સમયમાત્ર. એક સમયમાત્રનો નિમિત્તના આધીન થયેલો ઉપાધિભાવ સમયમાત્રમાં છે. એ સ્વભાવ દૃષ્ટિ કરતાં તે સમયમાત્રનો રાગ પણ મારા સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ?

કહે છે, એવો સ્વમાં રહે છે. બસ! થઈ ગયું? સ્વમાં જ રહે છે. આ બાયડી, છોકરા, કુટુંબ બધું દેખાય, ખાવા-પીવામાં દેખાય, શીખંડ-પૂરી ઉડાડતો હોય દેખાય. ક્યાંય નથી. કોઈના અસ્તિત્વમાં હું છું જ નહિ. મારા અસ્તિત્વમાંથી હું ખસ્યો જ નથી. અજ્ઞાનીએ એમ માન્યું છે કે આ અસ્તિત્વ મને આવે છે અને મારું અસ્તિત્વ ખસીને ક્યાંક પરમાં જાય છે. સમજાણું કાંઈ? પોતાની સત્તાનું હોવાપણું જાણે પરને લઈને છે અને પરનું હોવાપણું જાણે મારે લઈને છે. આ બધા નભે છે છોકરાઓ, આ બધા, આ બધા આ પ્રમાણે હોશિયાર (થયા). સમજાણું? રળતા આવડે નહિ. શકોરુ માગીને ભીખ માગશે. સમજાય છે ને? એવા હોય છે ને બોલનારા? ધૂળેય વડીલ (નથી), મૂર્ખા છે મોટા. કહો, સમજાણું આમાં?

આત્મા પોતાના હોવાપણામાં અંદર વસ્તુ છે તો એનામાં જ્ઞાન, દર્શન અને આનંદનું હોવાપણું (છે). હોવાપણાવાળાની દશા થઈ તે એમાં હોવાપણું. જેમાં એ વસ્તુ નથી એનું હોવાપણું મારામાં આવ્યું ક્યાં? અને એનામાં હું ક્યાં આવ્યો? એમ જ્યાં રાગનું હોવાપણું પણ જ્યાં સ્વભાવમાં નથી. આ તો હવે સ્વભાવની વાત છે. ઓલી તો પરથી એટલી વાત કરી. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે ઉઠે, એ રાગમાં આત્મા નથી. અનાત્મસ્વરૂપ વિકાર છે. ધર્મી અણાત્મામાં નથી. અણાત્માથી સર્વથા સંબંધ તોડ્યો છે એમ કહે છે. આહાહા..! દિપચંદજી! વાત સાંભળવી કઠણ પડે માણસને. એના ઘરની છે, બાપુ! આ એવું કઠણ છે જ નહિ. પણ હવે એના ઘરને જોવા માટે પણ કોઈ દિ' (નવરો થયો નહિ). એનું હોવાપણું કેમ છે અને બીજાપણે નથી, એની એણે ખ્યાલમાં જ

વાત લીધી નથી. સમજાણું કાંઈ? ઇન્દ્રિયાદિ ને જ્ઞાનથી પરમાં લક્ષ કરીને પડ્યો છે અનાદિનો. હેરાન-હેરાન થઈને. શેઠી! આહાહા..! પૈસા કાંઈક વધે ને બે-પાંચ લાખના બંગલા. બાયડી ને આમ ને તેમ ને એમાં કપાટ, નીચે લાકડા, ઉપર અરિસા. આમ જ્યાં જુઓ ત્યાં. ઓહોહો..! શું છે પણ? ક્યાં ગયો તું?

અહીંથી જઈને બહારમાં તો ગયો નથી એક સમયમાત્ર. માન્યું છે કે આ મને અને આ મારા. ભૂલ્યો ભગવાન! તું ભૂલ્યો છો, ભાઈ! સમજાણું કાંઈ? આ અનંત જ્ઞાન, આનંદ સ્વરૂપ તે મારું અને રાગ તે મારો નહિ. એનું નામ સત્ય દૃષ્ટિ અને સત્ય અનુભવ કહેવામાં (છે). એ સાચો થયો એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. ઓલો ખોટો હતો એ તો. આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આનંદ અને સુખ, ..

ઉત્તર :- સુખ. આ કહ્યું ને. જાણનાર જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જ્ઞાન, જેને પોતામાં રહી, આસ્તિ રહી-અસ્તિમાં રહી, રાગ મારામાં નથી. આ તો એક સમજાવે છે. બાકી જ્ઞાનમાં રહ્યો છે એ રાગમાં રહ્યો નથી એનું પરિણમન જ હોય છે ત્યાં. આનંદસ્વરૂપ મારું છે. આ જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન અને અંદર આનંદ છે. જ્ઞાનથી વધારે કેમ બતાવ્યું? કે જ્ઞાન પ્રગટ છે, સુખ આનંદ પ્રગટ અનાદિથી નથી. એથી જ્ઞાન તે આત્મા, જાણનાર સ્વભાવ તે આત્મા એમ જ્યાં ભાન થયું ત્યાં આનંદનો અંશ પણ પ્રગટ થયો. એ આનંદ તે આત્મા. રાગ ઉત્પન્ન થાય તે આત્મા નહિ. સમજાણું કાંઈ?

અહીં શું શબ્દ કર્યો છે? '**रागयोगात् स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो**' સમજાણું કાંઈ? કો'કની પુંજીને પોતામાં કેમ ખતવે ડાહ્યો માણસ? આમ જોવે માણેક ચોકમાં ઘણાં ઝવેરાત દેખાય ને આ દેખાય. આ મારા છે.. આ મારા છે, હોં! મૂરખ છે. કહો, શેઠી! અમદાવાદની માણેક ચોક. મુંબઈમાં એવું હશે કાંઈક? એકસાથે બધી ઝવેરાતની (દુકાનો). આખી ઝવેરી બજાર. આ તો માણેક ચોકમાં આવ્યો છે ને ઓલો. અમદાવાદમાં. એક જણો કહેતો હતો કે મહારાજ સાહેબ મોક્ષનું વાતું કરે છે, અમારે નથી જોઈતો. શું કરવું તમારે? આપણે તો માણેક ચોકના ઝવેરી થાવું છે અમદાવાદમાં. કીધું, ગધેડા થાશો ત્યાંના. એક રામસ્વરૂપના ભાઈ હતા એ. મશ્કરીયા હતા. મશ્કરા હતા. કાલીદાસભાઈ હતા. અહીં રામ શ્રીપાળની મોટી પેઢી. દશાશ્રીમાળીની. લાખોપતિ. પછી ઘસાઈ ગયા. કાંઈ ન મળે. અને પછી પગે લૂલા હતા, કાળીદાસભાઈ. શેઠીયાના દીકરા, માણસ ખાનદાન, હોં! પણ ઘસાઈ ગયેલા બધા. બાયડી-ભાયડો બે જ હતા. સાંભળવા આવે. સાંભળીને કહે, ઓહો..! તમે મોક્ષ-મોક્ષની વાતું કરો પણ અમારે મોક્ષ જોતો નથી. લ્યો! ત્યારે શું જોવે છે તમારે? મશ્કરી

હોં! અમારે તો માણેક ચોકના ઝવેરી થાવું છે. એવા પુણ્ય જોઈએ છે અમારે. નામ સાંભળ્યું હશે ભાઈએ. ન્યાલચંદભાઈ! બગસરામાં રામસ્વરૂપની પેઢી હતી. રામ શ્રીપાળ.

મુમુક્ષુ :- મેઘાણી...

ઉત્તર :- મેઘાણી? કાલીદાસભાઈ મેઘાણી. પગે લૂલા હતા. પગે લૂલા હતા. બૈરા બહુ ખાનદાન, હોં! બૈરા બહુ ખાનદાની હતા. રૂપાળા બહુ. એ બિચારા સાંભળે. બહુ પ્રેમથી આવે. વહોરાવવા ગયા ત્યાં. પછી ખાતા. ખાતા હતા તો ગારુ કરાવવાના પૈસા ન મળે. ગારુના પૈસા નહિ. ગાર સમજો છો? લીપવાના પૈસા નહિ. પણ ગૃહસ્થ માણસ મોટા. મકાનો મોટા થઈ ગયેલા. હવે ગારમાં ખાડા પડી ગયેલા. .. ખાડા. ખાવા બેસે તો ... હું વહોરવા ગયો. બિચારા માણસ બહુ ખાનદાન. બૈરા તો બહુ ખાનદાની. બહુ ઊંચા અમીર માણસ. ભલે બેય જણા હોય, ગરીબ માણસ. ચોખા થોડા નાખેલા ઓસરી ઉપર. થોડા નવટાક આમ પા શેર. રાંધેલા. કીધું, આ કેમ? મહારાજ! શું કહું? મારા બાપ હતા પૈસાવાળા. અહીંથી નીકળે વાણિયો કોઈક એવો ઘોડે, ખાધા વિના ન જાય.

મુમુક્ષુ :- દરરોજ ઉભા રહે.

ઉત્તર :- ઉભા રહે. ખાધા વિના ન જાય. જમાડીને જાય. દસ વાગ્યાના ટાણા હોય અને પરદેસી માણસ એમ ન જાય. દસ-વીસ માણસ, પચ્ચીસ હોય જ તે. મારે સાધન બીજું નહિ. આ કાગડા ખાય અને હું ખાઉં. મહેમાન માનું. શું કરું હું? આને વાણિયા ખાય ભેગા. શું કરવું? મારી પાસે... પણ માણસ બહુ નરમ. બિચારા કહે, મહારાજ! વાત તો સાચી છે. એમ બિચારા કહે. પણ આ વાત અમને સાંભળવા મળે નહિ. પુણ્ય-બુણ્ય નહિ અને .. ઉત્તરાધ્યયન. (સંવત) ૧૯૮૪ની સાલ. એ હેરાન થવાના રસ્તા બધા પૈસા માગવાના. સમજાય છે? આ હોય તો ઠીક ને આ હોય તો ઠીક. ધૂળેય નથી, કીધું. રહેવા દ્યો. માણેક ચોકમાં મારે (ઝવેરી) થાવું છે. મેં કીધું, ગધેડા, ઘોડા થાશો. આવી માંગણી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ઝવેરાત ઝાઝી હોય ને. ઘરે લેવા.. ઘરેથી બહાર ન .. બાપા! ભાઈ! એ ઝવેરાતમાં પ્રેમ શેના તને? સમજાણું?

પછી ઓલું આ નાટક આવે છે ને? બત્રીસ સૂત્રમાં નથી આવતું? ભગવાનનું નાટક પાડે છે ઓલા. દેવો નાટક પાડે છે. તો એક ફેરી બાવાને લઈને આવ્યા. .. ભગવાનનું નાટક .. ભગવાને ના પાડી હતી? આ વૈરાગી ઓલો બાવો બહુ વૈરાગી. સાંભળો. તમારે ક્યાં .. કીધું છે? ભગવાનનું નાટક નહોતા પાડતા? પણ શું આમાં? તત્ત્વની વસ્તુની ખબર નથી એને. બાવા અને શું ગાશું ગાયન? વૈરાગના ગાશું. મૂળ તત્ત્વના તો ખબર નથી એને.

અહીં તો કહે છે, બાપુ! શેની માગણી? અહીં તો સિદ્ધાલયની માગણી છે. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' આવે છે કે નહિ? જ્યાં સિદ્ધના મંડળ બેઠા છે. જ્યાં સિદ્ધિની નગરીયું વસી છે. એ નગરીમાં હું તો પર્યાયમાં પૂર્ણ થઈને ત્યાં જાઉં. એવી સમ્યગ્દષ્ટિને ભાવના હોય છે. સમજાણું કાંઈ? લોગસ્સમાં આવે છે ને? લોગસ્સમાં નહિ? 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ'. મને દેખાડો. દેખાડોનો અર્થ કે હું કેવળજ્ઞાન પામું. ત્યારે સિદ્ધપદ દેખાય. નહિતર દેખાય નહિ. એવી ભાવના હોય છે. રાગની, ધૂળની, પૈસાની, આવા છોકરા થાય અને આવી દુકાન (થાય એવી ભાવના), મૂઢ છે. પરદ્રવ્યની માગણી અને પરદ્રવ્યની સગવડતાની ઈચ્છા મિથ્યાત્વ છે. કોઈપણ પરદ્રવ્યની આ અનુકૂળતા આમ રહે ને તેમ રહે, એ અભિલાષ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો સ્વદ્રવ્યની ભાવના (છે). ઓહો..! જ્ઞાનસ્વભાવી ભગવાન, અનાકુળ સ્વભાવી સ્વરૂપ. એની અંતરદષ્ટિ થઈ. એ આનંદના અનુભવની આગળ અસ્તિ એટલે એમાં રહેલ છે. પોતાની અસ્તિ, સત્તા, મોજૂદગી, જ્ઞાન અને આનંદ એમાં છે. અને રાગથી, રાગના સંબંધથી, રાગ યોગાત્, અહીં સ્વભાવના સંબંધમાં રહ્યો છે તે રાગના સંબંધથી સર્વથા વિરામ પામ્યો છે. પરથી વિરામ પામ્યો છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

'**સર્વ પ્રકારે વિરમે છે.**' સમજાણું? સર્વ પ્રકાર છે ને? આ તો .. મારે તો જૂનું હતું ને પહેલું. '**सर्वतो**' લ્યો. સર્વથા. લ્યો! સમ્યગ્દષ્ટિ તો સર્વથા વિરમી ગયો રાગથી? હવે સાંભળને. સર્વથા વિરમી ગયો. મારા અંશ પણ રાગનો આદર હોય તો ત્યાં દષ્ટિ મિથ્યાત્વ છે. સત્યદષ્ટિ ક્યાં છે એની. સમજાણું કાંઈ?

'**(આ રીતે જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.)**' આ .. રાખીને વાત કરી.

'**હવે પ્રથમ, સમ્યગ્દષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે– એમ ગાથામાં કહે છે :–**' ૧૯૮.

**उदयविवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं।**
**ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमेक्को।।१९८।।**
**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.**

'**ટીકા :– જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા...**' ભગવાન આત્મા આનંદની ખાણ, આનંદનું ક્ષેત્ર. આત્મા અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર છે. એના ક્ષેત્રના પાકમાં રાગનો પાક એનો ન હોય. સમજાણું કાંઈ? જે જમીનમાં ઊંચા વાંસાવડના... કુલઠાના ચોખા પહેલા

આવતા. પણ બહુ .. કુલઠાના અમારે હતા એ વખતે. બહુ ઊંચા ચોખા. આ વાંસાના નથી કહેતા અત્યારે? બાસમતી કહે છે. એ કુલઠાના આવતા અમારે દુકાનમાં. ઘરે લાવતા. ઝીણા બહુ પાતળા બહુ ઝીણા.

મુમુક્ષુ :- ... ચોખા.

ઉત્તર :- એ તો લાંબા. આ તો નાના-નાના પાતળા. કુલઠાના ચોખા. બહુ મને યાદ. ઘરે દુકાન અને ખોરાક એ હતો. દાળ-ભાત રોટલી અને કુલઠાના ચોખા. ઊંચા. ખાવાનું બધું ઊંચું હતું ત્યાં ઘરે. કુલઠા-કુલઠા આવતા. બહુ ઊંચી ચીજ. ઝીણા-પાતળા ચોખા. હવે એ ચોખા જે ઠેકાણે પાકે ત્યાં કાંઈ કળથી પાકતી હશે? કળથી સમજ્યા? કુલથી કુલથી નથી હોતી?

ભગવાન આત્મા, જેના અસંખ્ય પ્રદેશમાં અનંત આનંદનું ધામ ભગવાન, એના પાકમાં તો અતીન્દ્રિય આનંદ હોય સમ્યગ્દ્દષ્ટિને. એના પાકમાં કાંઈ રાગ હોય? બે ખેતર (-ક્ષેત્ર) જુદાં, બે ભાવ જુદાં. સમજાણું કાંઈ? રાગનું ક્ષેત્ર જુદું અને રાગનો ભાવ જુદો. ભગવાન આત્માનું ક્ષેત્ર જુદું આનંદનું અને ભાવ આનંદ તે રાગથી જુદો.

'**કર્મના ઉદયના વિપાકથી...**' સામાન્ય વાત કરીને પછી એના પડખાં ફેરવશે. '**ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે...**' એટલે સામાન્ય બધી વાત થઈ. વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અશુભભાવ, આ કર્મથી મળેલી બાહ્ય સામગ્રી, બાયડી, છોકરા, બધી કર્મથી મળેલી ચીજ. દુશ્મનથી મળેલો બધો ભાવ. સમજાણું કાંઈ? '**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા...**' એમ કહે છે કે આત્માના પ્રગટપણે પાક થઈને ઉદય પામેલો એ રાગ નથી. '**ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે...**' અનેક પ્રકાર. પછી (એમાં) શુભભાવ, અશુભભાવ, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી, આબરૂ, મકાન, ઝવેર.. બધું કર્મના પાકથી મળેલી ચીજો છે. સમજાણું કાંઈ? '**તે મારા સ્વભાવો નથી;...**' ધર્મીને એમ દૃષ્ટિમાં આવ્યું છે કે આ રાગાદિનો પાક એ બધા ભાવો એ મારા સ્વભાવ નથી. મારામાં નથી. મારામાં એ ઉત્પન્ન થયા નથી, મારે લઈને એ થયા નથી. સમજાણું કાંઈ? '**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે...**' એ બધું બાહ્યમાં જાશે. રાગાદિ અને બાહ્ય બધું લઈ લેવું, હોં આમાં. જેટલી કર્મના પાકની સામગ્રી ઘાતિના નિમિત્તથી અંદરમાં અને અઘાતિના નિમિત્તથી બહારમાં (મળે તે બધી). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાતાનો..

ઉત્તર :- શાતાનું શાતા અંદર જડ, એનો પાક આવે અને બાહ્ય સામગ્રી મળે એ બધી કર્મની સામગ્રી. એમ કહે છે. એ આત્માનો ભાવ નથી. પર ભાવ છે, અજીવભાવ છે. એ

જીવભાવ નથી. રાગાદિથી માંડીને બધાય શાતાના ઉદયથી મળે, સામગ્રી, પૈસા, આબરૂ, કીર્તિ, શરીર બધું જડ અને પર. એ કર્મના પાકનું ફળ એ મારું ફળ નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટિ થતાં આમ આત્માને માને છે. એની દૃષ્ટિમાં, બહુ પૈસે વધી ગયો માટે અધિક વધી ગયો અને સુખી થયો એ દૃષ્ટિ એની નથી. સમજાણું કાંઈ? આ પાંચ-પચ્ચીસ કરોડ મળી ગયા માટે સુખી થયો, અધિક થયો. મૂઢ છે અધિકને માને ઈ. અધિક ક્યાં હતો?

'**તે મારા સ્વભાવો નથી;...**' નથીથી વાત કરે છે. સમજાવે છે ને? '**હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર)...**' જ્ઞાનથી, જ્ઞાનથી જ્ઞાનને વેદનારો આત્માનો જાણનાર '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.**' હું તો જ્ઞાયક જાણનાર દૃષ્ટા-જ્ઞાતા તે હું છું. એ સિવાય મારી ચીજ કોઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? .. શરીર મળ્યા કાળાકુબડા કે એવા. સોળ રોગથી. સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે કર્મના પાકની ચીજ છે, મારી નથી. અને કર્મના પાકથી ચક્રવર્તીના પદ મળ્યા. સમજાણું કાંઈ? સોળ-સોળ હજાર દેવ સેવા કરે. છન્નું હજાર. એ બધા કર્મના પાક. મારા દ્રવ્ય સ્વભાવનો પાક એ નથી. સમજાણું કાંઈ? એ દુશ્મનની બધી પ્રજા છે. મારી સજ્જનની પ્રજા એ નહિ.

'**હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર)...**' જ્ઞાનથી જણાઉં છું એવો જે આત્મા, તે જ્ઞાતા-દૃષ્ટા એ જ હું છું. એ સિવાય મારામાં કોઈ બીજી ચીજ છે નહિ. જુઓ! આ સામાન્યની વ્યાખ્યા છે આમાં. એક કોર ભગવાન જ્ઞાયકસ્વભાવ તે હું, એક કોર કર્મના પાક ઘાતિથી, નિમિત્તથી અંદર હીણી આદિ દશા જ્ઞાન-દર્શન-વીર્યની કે વિપરીત દશા રાગાદિની. કે અઘાતિના નિમિત્તથી બહારની સ્થિતિ શરીરની છે. અનુકૂળ સામગ્રી પ્રતિકૂળની, બધામાં હું નથી. એ બધામાં હું નથી, એ બધા મારા નથી.

વસ્તુમાં રાગાદિ નથી અને કર્માદિના ફળથી મળેલી સામગ્રી ચાહે સો ઈન્દ્રપદ હો, ચાહે તો નરકની, સાતમી નરકનો નારકી અને પાંચસો ધનુષનો દેહ હો. ચાહે તો રોગીષ્ટ હો, ચાહે તો સુંદર હો. એ બધા કર્મના ભાવ છે. મારા ભાવ એ નહિ. મારા સ્વભાવમાંથી આવેલા નથી. દુશ્મનની પ્રજાનો વિસ્તાર છે. આહાહા..! ..માં નાખ્યું બધું. કહો, સમજાણું? .. રળે ને સારો થાય. એ કહે છે કે માન્યતા ખોટી છે, એમ કહે છે અંદર. ... .. એક ફેરી મેં જોયું હતું. આમ નીકળે. કો'ક દિ .. એને એમ કે બાપા, તમે બહુ સારી ટેવ. માને છે, રાખે છે.. છોકરા મોટા થયા એટલે સરખા જોઈએ ને. મિત્ર જેવા હોય ને. એમ કહે છે ને? કોના છોકરા અને કોના રાગ? કોના ઘર અને કોની મૂડી અને પુંજી બહારની? એ બધા કર્મના પાક છે. મારા નહિ. કહો, સમજાય છે કાંઈ? એક લીટીમાં તો આખું.. એક કોર આતમરામ અને એક કોર કર્મના પાકનો બાગ બધો. બધો ખીલ્યો ખાલ્યો હોય

તે કર્મનો પાક ખીલ્યો છે. મારામાં એ નથી, એનામાં હું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મારામાં નથી. બે શબ્દ એના માનેને તો.. પિતાજી! આપની આજ્ઞા શિરોધાર્ય છે. હું તો આપનો પુત્ર છું. તો કહે હા, મારું માન્યું. માન્યું નથી તારું. સાંભળને! સમજાણું? ત્યાં ને ત્યાં બેઠા છો, ક્યાંથી આવ્યા? સાંભળવા. છેટે એને સાંભળવું (થતું) નથી બરાબર, એટલે નજીક આવ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. ઠીક કર્યું. કહો, સમજાય છે આમાં? આહાહા..!

જડનું પરિણમન પણ એની ઈચ્છા પ્રમાણે દેખાય ત્યારે કહે, હા. એમ બીજા આત્માઓ દીકરા-બાયડી-છોકરા એનું માને ને ત્યારે એને એમ થઈ જાય કે આ મને માને છે. મૂઢ છો? તને માનતા નથી. સાંભળને! મને માને છે, હું કહું એમ માને છે. ના ના, ત્રણ કાળમાં નહિ, સાંભળને! એને ઠીક લાગે એમ એણે માન્યું છે. આવી વાતું ભારે, ભાઈ! અસત્ય માન્યતા ધારી છે કે મને આ માને છે, મને આમ કરે છે. એમ નથી. પરદ્રવ્ય સ્વતંત્ર એની પર્યાયની માનેલી પરિણમી રહ્યો છે. સમજાણું કાંઈ? બધા કર્મના પાકના કાર્યો છે. મારા નહિ. એ માને છે તોપણ એના કારણે માને છે, મારે કારણે નહિ.

એ કર્મના ઉદયના પાકથી આ બધું મળેલું. ઉત્પન્ન થયું એમાંથી ખાણ ઝેરની બધી. અનેક પ્રકારના ભાવો તે મારા સ્વભાવ નહિ. ભગવાન આત્મા તો જ્ઞાયક સ્વભાવ છે. રાગથી માંડીને અનંત બાહ્ય પદાર્થ. તેના હોવાપણામાં મારું સ્વરૂપ નથી, મારા સ્વભાવમાં એ નથી. એ સંબંધીનું જ્ઞાન એ મારા હોવાપણાથી મને પ્રગટ્યું છે તેમાં હું છું. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યક્‌નો વિષય, બાપુ! ઝીણી વાત છે. એ તો થયો, ત્રિકાળ થઈ ગયો. ગ્રંથિભેદ થઈને જ્યાં ભાન થયું આત્માનું, નિકળી ગયો. એ દુકાન બદલાઈ ગઈ આખી.

‘**હું તો આ...**’ એમ શબ્દ પડ્યો છે ને? જુઓ! ઓલામાં તો એમ કીધું, વિપાક થયેલો અનેક પ્રકારનો ભાવ છે તે મારા નથી એટલું. હવે આ પૃથક્ કર્યું અહીં તો. ‘**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ...**’ જાણનાર.. જાણનાર... જાણનાર.

મુમુક્ષુ :- ટંકોત્કીર્ણ.

ઉત્તર :- એકરૂપ.

‘**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ...**’ એવો ને એવો. ટાંકણાથી જેમ અણઘડ મૂર્તિ નીકળે છે ને? એવો ને એવો અનાદિ ચિદાનંદ મૂર્તિ ધ્રુવ એકલો. જ્ઞાયક સ્વભાવની વજ્રમય મૂર્તિ ચૈતન્ય છું. એ હું, એ સિવાય મારું કોઈ છે નહિ. આહાહા..! (સમ્યક્) દૃષ્ટિમાં ક્ષણે ક્ષણે

નિર્જરા થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અપવાસ કરી નાખ્યા બે-ચાર દસ અને નિર્જરા થાશે. ફલાણું છે. બાપુ! કાળ જાય છે, ભાઈ!

મનુષ્યનો એક સમય, ભવ અનંત રૂપિયા આપે અને મણિ મળે પણ આ મળે એવી ચીજ નથી. એવી ચીજ છે. અંદર આ ચૈતન્ય રતન, ચૈતન્ય રતનની કીંમતું કરતા પોતાની મોટપને જોતાં બીજાની રાગાદિની મોટપ દૃષ્ટિમાંથી ઊડી ગઈ. કોઈ મોટું છે જ નહિ. મોટો હું પરમેશ્વર જ્ઞાયક છું. મારે માટે મોટપ મારે માટે હું જ આપનારો છું. મારે માટે પર ચીજ કોઈ મોટપ આપે મને કે હું એને મોટપ દઉં તો બહુ સારું અધિક છું, (એવી) વસ્તુ નથી ક્યાંય. સમજાણું કાંઈ?

એવા સ્થાનમાં ક્ષણે ક્ષણે કોઈ અશુદ્ધતાનો અંશ છે એ મને સંબંધ નથી. એમ છતાં જે રાગાદિ થયો છે એ છૂટતો જાય છે. અને સંયોગો જે નિમિત્ત નિમિત્તમાં મળ્યા છે એ પણ ક્ષણે ક્ષણે તેનો અભાવ થતો જાય છે. છૂટતો જાય છે એમ કહે છે. સંબંધ નથી મારે અને એને એવી દૃષ્ટિમાં એ સંબંધ છૂટતો જાય છે.

‘**ભાવાર્થ :- આ પ્રમાણે સામાન્યપણે...**’ એટલે બહુ સંક્ષેપમાં. સંક્ષેપમાં સિદ્ધાંત કીધો. એક કોર ભગવાન આત્મા અને એક કોર રાગાદિથી માંડીને પર. ‘**સમસ્ત કર્મજન્ય ભાવોને સમ્યગ્દૃષ્ટિ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયકસ્વભાવ જ જાણે છે.**’ આહાહા..! કહો, સમજાણું કાંઈ?

‘**હવે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે-એમ કહે છે :-**’ ૧૯૯.

એક એક ભેદ પાડે છે. કારણ કે ભિન્ન-ભિન્ન કાળે ભિન્ન ભિન્ન હોય છે ને ભાવ અને સંયોગો.

**पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।**
**ण दु एस मज्झ भावो जाणगभावो दु अहमेक्को।।१९९।।**
**પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,**
**આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.**

જુઓ! આ સત્યનું સ્વરૂપ. સત્ય પરમેશ્વર. સમજાણું કાંઈ?

‘**ટીકા :- ખરેખર રાગ નામનું પુદ્‌ગલકર્મ છે,...**’ લ્યો ઠીક! ઓલા લગાવી દે, જુઓ! રાગ કર્મને લઈને (થાય). એ અહીં વાત નથી. અહીં બીજી વાત છે. સ્વભાવ છે પોતાનો એમાં રાગ એ આત્મામાંથી પાક છે નહિ. એમ કહીને રાગ નામનું પુદ્‌ગલકર્મ છે એ. ‘**તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે,...**’ રાગના વિકલ્પથી

ભિન્ન પડેલું તત્ત્વ, દૃષ્ટિમાં જ્ઞાયક સ્વભાવના ભાનને લઈને એ રાગનો પાક મારા દ્રવ્યનો પાક નથી. એ પુદ્‌ગલ કર્મનો પાક રાગ છે તે મારું સ્વરૂપ નથી. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એને અડતો નથી. એ મારું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

'**આ રાગરૂપ ભાવ છે, મારો સ્વભાવ નથી;...**' અસ્તિ-નાસ્તિ કરી. એને લઈને ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૪, ગુરુવાર તા. ૨૦-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૯૯, પ્રવચન-૨૮૨**

આ સમયસાર અધિકાર છે, નિર્જરા અધિકાર. સુખને પંથે પડેલો આત્મા નિર્જરા કરે છે એની વ્યાખ્યા ચાલે છે આ. સમજાણું? અનાદિ રાગ અને દ્વેષ એ મારા એવી માન્યતાથી પ્રવૃત્તિ કરે છે એ દુઃખને રસ્તે, દુઃખને પંથે પડ્યો છે. સમજાણું? આત્માના શુદ્ધ સ્વરૂપની સંપદા નિજ લક્ષ્મીને છોડીને જેણે વિકારના પુણ્ય-પાપના ભાવ બંધન આદિ મારા માનીને દુઃખને પંથે પડેલો અનાદિથી એ દુઃખને રસ્તે છે. એને ક્ષણે ક્ષણે નવા કર્મો બંધાય છે અને બંધનનું એને પરિભ્રમણ છે.

સુખને રસ્તે ચડેલો, ભગવાન આત્મા મારી પુંજીમાં તો આનંદ અને શાંતિ પડી છે. એવી જેને પોતાના સ્વરૂપની સંપદાનું ભાન થયું છે... સમજાણું? એને ક્ષણે ક્ષણે શુદ્ધિ એટલે આનંદ વધે છે અને રાગાદિના ભાવો પોતાના સ્વરૂપમાં એ માનતો અને ખતવતો નથી તેથી તે ટળતા જાય છે. કહો, સમજાય છે આમાં કાંઈ? જુઓ! ૧૯૯.

ધર્મી જીવ. એટલે કે સાચા સુખને પંથે પડેલો આત્મા **'ખરેખર રાગ નામનું પુદ્ગલ કર્મ છે એમ જાણે છે.'** મારા હોવાપણામાં તો આનંદ અને શાંતિ છે. હું એટલે આત્મા. અને આત્મા એટલે કે જ્ઞાન અને આનંદનું સ્વરૂપ પૂર્ણ. એવું જેને અંતરમાં પોતાની શુદ્ધતા અને પોતાના સ્વભાવની નિજ લક્ષ્મી જેને અંતરમાં બેઠી છે, કહે છે કે એને રાગજનિત દેખાય છે ને. પૂર્વના કર્મના નિમિત્તમાં કંઈક દેખાય રાગભાગ. કહે છે કે એ ખરેખર રાગ નામનું પુદ્ગલકર્મ છે. મારું દ્રવ્યસ્વરૂપ એ નથી. સમજાણું કાંઈ? કોઈપણ શુભ અને અશુભ રાગ થાય, આત્મદ્રવ્ય વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાન શાંતિનું પૂર એ હું છું એમ જ્યાં અંતર અનુભવમાં, દૃષ્ટિમાં આવ્યું છે, તેથી ધર્મી, એ કર્મનું ફળ રાગ એ કર્મનું કાર્ય છે. એ પુદ્ગલ કર્મનો રાગ છે. મારો એ રાગ નથી (એમ માને છે). આહાહા..! સમજાણું કાંઈ?

**'ખરેખર રાગ નામનું પુદ્ગલકર્મ છે, તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો...'** ભગવાન આત્મા, મારામાં શરીરાદિ નથી, કર્મ આદિ નથી, પુણ્ય-પાપ નથી. મારી વૈભવ-વિભૂતિ તો આનંદ અને શાંતિ છે. સમજાય છે કાંઈ? એવા શાંતિ અને આનંદના પોતાના વૈભવની દૃષ્ટિમાં રાગનો વૈભવ એ પુદ્ગલનું કાર્ય છે. મારું કાર્ય નહિ. કહો, સમજાણું કાંઈ? આનું નામ ધર્મ અને એનું નામ ધર્મીનું કાર્ય. ખરેખર ધર્મીની દૃષ્ટિ આત્માના પૂર્ણ શુદ્ધ અને

આનંદ ઉપર જ છે. ચાહે સો વાણી આદિ ક્રિયા હો, પુણ્ય-પાપના વિકલ્પ હો પણ અંતર દષ્ટિમાં નિજ સ્વરૂપની સંપદાની દૃષ્ટિ પડી છે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! આ બધી ધૂળ-બુળ સંપદા મારી નથી એમ માને છે. એ નોકર્મમાં આવશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..

ખરેખર ભગવાન આત્મા... આ તો ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન ભાવ હોય છે ને? એટલે પહેલી સામાન્ય તો વાત કરી ગયા કે હું, આત્મા એટલે હું અને હું એટલે જ્ઞાન અને આનંદના સ્વભાવવાળું તત્ત્વ. સમજાણું? એવું જે આત્મતત્ત્વ. હું આનંદનો સ્વામી અને શુદ્ધતાનો સ્વામી છું. એવું જેને ધર્મનું ભાન થયું છે, એને એ પુદ્ગલ કર્મનો જે રાગ છે એ કર્મથી ઉત્પન્ન થયેલો ઉપાધિભાવ છે. મારો સ્વભાવભાવ નથી. કહો, સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે ઉઠે એ પણ કર્મનું કાર્ય છે, મારું સ્વરૂપ નથી. કેમ કે રાગ છે. રાગ એ મારા સ્વરૂપમાં નથી. એ રાગ કર્મસ્વરૂપ જ છે. પુદ્ગલકર્મનું એ કાર્ય (છે). એ રાગ પુદ્ગલકર્મ છે. તેનાથી ઉત્પન્ન થયેલું. મારો શુદ્ધ સ્વભાવ આનંદ છે એનાથી રાગ કેમ ઉત્પન્ન થાય? સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપ આત્મા ચૈતન્યસૂર્ય અને શાંતિ.. શાંત ઉપશમ સમરસસ્વરૂપ, એમાંથી ઉત્પન્ન તો નિર્મળ આનંદ અને શાંતિ થાય. સમજાય છે કાંઈ? એથી ધર્મીને પોતાના જ્ઞાનના સમાધાનમાં શાંતિ અને સંતોષના આનંદના પર્યાયની ઉત્પત્તિ દેખતો, જાણતો, અનુભવતો, વેદતો એ રાગ કર્મનું કાર્ય છે, મારું છે નહિ (એમ અનુભવે છે). આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે,...**' પાછો ભાવ કહ્યો. આ મારો સ્વભાવ નથી, મારો સ્વભાવ નથી. આહાહા..! ચાહે તો દેડકું હોય ધર્મી સમ્યગ્દૃષ્ટિ, એ એમ જાણે છે કે આ આત્મા તો આનંદ અને શાંત જ્ઞાન, જ્ઞાન એટલે જાણનાર-દેખનાર સમાધાન આનંદસ્વરૂપ છે એ મારી ચીજ છે. એવી દૃષ્ટિને લઈને ધર્મીને ક્ષણે ક્ષણે જ્ઞાતા-દૃષ્ટાપણામાં શાંતિની જ ઉત્પત્તિ એને થાય છે. એની સામે આ રાગ એ અશાંત છે, એ મારો ભાવ નથી. ઓહોહો..! કહો, દરબાર! આ હવે તમારા સંચા-બંચા ક્યાં ગયા હશે? આહાહા..! ભ્રમણાએ મારી નાખ્યા છે ને જગતને. મારી નાખ્યા છે.

પોતાનું જાગતું ચૈતન્ય ચૈતન્યતત્ત્વ, પોતાના શુદ્ધ સ્વભાવના જીવનથી જીવનારું એ તત્ત્વ છે. એવું જીવન જેની દૃષ્ટિમાં આવ્યું છે એને સાચું જીવન (છે) અને તે સુખને પંથે પડ્યો છે અને તેને સુખી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવે જોયું, જાણ્યું અને છે તેમ વર્ણવ્યું છે. કહો, સમજાણું?

'**હું તો આ..**' પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ અનુભવગમ્ય છું. .. વિકલ્પથી જણાઉ નહિ એવો. હું તો જ્ઞાનથી જ્ઞાનને જણાઉં, વેદાઉં એવો આત્મા છું. સમજાણું કાંઈ? '**હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર)...**' વર્તમાન જ્ઞાન વડે જ્ઞાનનું સ્વરૂપનું જાણવું, વેદવું એવો હું આત્મા એક જ્ઞાયકભાવ '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.**' એમ ને એમ અણઘડી મૂર્તિ જેમ હોય અંદરથી. એવો ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવથી, આનંદથી ભરેલો. ઓહો..! એવો ને એવો હું જ્ઞાતા અને દૃષ્ટા જ છું. એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવને આવું ભાન હોય છે. કહો, સમજાણું કાંઈ?

'**(આ રીતે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે.)**' લ્યો! હું તો એક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય જ્યોતિસ્વરૂપ, આનંદરૂપ શાંત સ્વભાવ-વીતરાગસ્વરૂપ એ હું છું. એમ અંતર જ્ઞાની અનુભવતો અથવા જાણતો, એ રાગને પોતાનું સ્વરૂપ માનતો નથી. બેની વહેંચણી છે. એટલે એ રાગ ક્ષણે ક્ષણે ખરતો જાય છે. આહાહા..! શેઠી! આ ધર્મ છે. લોકો ધડા ધડ કરે, ધમાધમ. જાણે અહીં ધર્મ થાશે, અહીં ધર્મ થાશે. શેત્રુંજયે ધર્મ થાશે કાં સમ્મેદશિખરે થાશે. ક્યાંય ધર્મ નથી, ભાઈ! સાંભળ! એ તો એક શુભભાવ છે.

ધર્મ તો આત્મા જ્યાં વસે છે ત્યાંનો આશ્રય કરતાં જે દશા પ્રગટે ત્યાં ધર્મ હોય. ધર્મ બીજે ક્યાંય હોતો નથી. આહાહા..! સમજાણું? લ્યો! આનું નામ ધર્મ અને આનું નામ ધર્મી. એનું નામ મોક્ષને માર્ગે સુખને રસ્તે પડેલો પથિક. આહાહા..! એ સુખને રસ્તે પડેલો... પંથ પંથ કીધો ને? મોક્ષમાર્ગ છે ને. પંથનો પથિક છે. એ એવા પંથનો પથિક છે. આહાહા..! મારું કોઈ નથી. મારામાં બીજું કાંઈ નથી. હું છું ત્યાં તો જ્ઞાન ને શાંતિ ને આનંદ છે. એમ ભાનમાં એને કર્મનું જે ફળ એ કર્મનું ફળ મારામાં ક્યાં (છે)? હું તો આનંદની ભૂમિકા, આનંદનું ક્ષેત્ર છું હું તો. આહાહા..! અસંખ્ય પ્રદેશી એક દ્રવ્ય અનંત ગુણના ધામમાં આનંદરૂપ હું છું. મારા ક્ષેત્રમાંથી, મારા સ્વકાળમાં મને આનંદ જ પાકે છે. આહાહા..! એમ ધર્મીને, ભગવાન સર્વજ્ઞદેવે જાણ્યું છે, જોયું છે તેમ તેનું પરિણમન છે એમ ધર્મી માને છે. સમજાણું કાંઈ?

આઠ વર્ષની બાલિકા હોય ધર્મી તોપણ એને આવું જ અંતર વર્તતું હોય છે. આહાહા..! બહારની સાથે કાંઈ સંબંધ નથી. શરીર મોટું હોય કે નાનું હોય કે પૈસાવાળો હોય કે ઘર હોય. પણ એ ચીજ જ એનામાં નથી ને એની નથી પછી પ્રશ્ન શું? સમજાણું કાંઈ? શ્વાસની ક્રિયા ચાલે છે એ જડ છે. મારામાં નથી, હું નથી. આ શ્વાસ ચાલે એ મારામાં નથી અને હું હલાવતો નથી અને એ મારામાં છે જ નહિ. આહાહા..! આ બહાર ધૂળ, મકાન અને પૈસા, બાયડી-છોકરા ક્યાંય રહી ગયા. એ તો જડમાં એનામાં છે. અહીં ક્યાં હતા? મારામાં

છે જ ક્યાં? ઓહોહો..! સમજાણું કાંઈ?

**'વળી આ જ પ્રમાણે 'રાગ'પદ બદલીને તેની જગ્યાએ દ્વેષ,...'** લેવો. કોઈ વખતે... અહીં તો સ્વકાળમાં, સ્વકાળમાં દ્વેષને કાળે પણ સ્વભાવ સન્મુખનું એકાગ્રપણું વર્તે છે એથી તેને તેની નિર્જરા થાય છે અને તે મારું નથી એમ કહેવામાં આવે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શાંત અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એવી અંતરની દૃષ્ટિનું ભાન અને અનુભવ થયો તેથી કોઈ કાળે અંદરમાં દ્વેષ થયો તો કહે છે કે ખરેખર દ્વેષ નામનું પુદ્ગલકર્મ છે. એ મારામાં છે નહિ અને મેં ઉત્પન્ન કર્યું નથી. આહાહા..! સમજાય છે? રાજકુમાર સમ્યગ્દૃષ્ટિ હોય અને રાજની વિરૂદ્ધતામાં લડાઈ ચડી હોય એમાં પોતે જતો હોય છે. દેખાય આમ હાથીને હોદ્દે. દ્વેષનો અંશ આવ્યો છે તેને પોતાના અસ્તિત્વમાં રહી અને દ્વેષ ભિન્ન છે તેમ તેનું જ્ઞાન કરે છે.

મુમુક્ષુ :- એનું ફળ...

ઉત્તર :- ફળ કીધું ને. દ્વેષને ભિન્ન રહીને જ્ઞાન કરે છે માટે શુદ્ધિ વધે છે. નિર્જરા કહેવી છે ને અહીં? સમજાણું કાંઈ? સ્વસ્વભાવની સન્મુખતાની એકતામાં ધર્મીને દ્વેષનો અંશ જે જણાય તે ભિન્નપણે જણાતા પોતાનું જ્ઞાનનું, શાંતિનું એકપણું જે થાય છે એનાથી તે દ્વેષનો અંશ ભિન્ન છે. એમ જાણી પોતાની એકાગ્રતાની શાંતિને વેદતો નિર્જરા કરે છે. શુદ્ધિને વધારે છે, અશુદ્ધતાનો અંશ ટળે છે અને તે પ્રકારનું કર્મ પણ ખસી જાય છે. સમજાણું કાંઈ?

'**દ્વેષ,...**' એ અંશ આવ્યો એ મારું સ્વરૂપ નથી. કર્મ મારો સ્વભાવ નથી. ભાષા આમ લીધી છે હોં! કે રાગરૂપ ભાવ છે, એમથી લીધું છે. કર્મના રજકણનો ઉદય એને ઘરે રહ્યો. ઉદયના સંબંધમાં જરી જે દ્વેષનો કે રાગનો ભાવ થયો એ. આહાહા..! એનાથી ભિન્નપણે, અધિકપણે ચૈતન્ય મારું આનંદ અને શુદ્ધ છે એવા ભાનને લઈને તે રાગ અને દ્વેષને પોતામાં માનતો નથી. પોતાપણે માનતો નથી, પોતામાં માનતો નથી, પોતાપણે તેનું સ્વામીપણું કરતો નથી. સમજાણું કાંઈ?

'**મોહ,...**' સામાન્ય રીતે સમ્મુચય (લીધું). પરમાં જરી સાવધાની થવી એવો જે ભાવ. મિથ્યાત્વનો ભાવ તો અહીં છે જ નહિ. પરમાં જરી સાવધાનીનો ભાવ (થાય). રતિ, અરતિ આદિ ઘણા પ્રકારનો ભાવ પર તરફનો, એ બધો મોહકર્મ જે ચારિત્રમોહ છે તેનું કાર્ય એ ઉત્પન્ન થયેલો ભાવ છે. મારો ભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની સરાણે ચડ્યો છે ને. એને, કહે છે કે કોઈ મોહ નામ રતિ, અરતિ આદિનો વિકલ્પ કે ભાવાદિ સામાન્યપણે મોહ આવે, કહે છે કે એ ભાવ મારો નથી, મારાથી

ઉત્પન્ન થયેલો નથી, મારો છે નહિ, મારામાં આવતો નથી, મને તેનું વેદન નથી. સમજાણું કાંઈ? આત્મા, આત્મા એટલે? આહાહા..! જેમ આ હજાર-બે હજારનું... શું કહે છે ઓલા કિરણો નિકળે મોટું આવું? સર્ચ લાઈટ. ત્યાં હતી ને ઓલાપણે નહિ? બાહુબલીજી. બાહુબલીજી. ૫૭ ફૂટ. રાતે ગયા હતા. પ્રકાશ તો એમાંથી આ નીકળે છે. એમાંથી અંધારું નીકળે? એ તો હજાર-બે હજાર... શું કહેવાય તમારે ભાષા એ?

મુમુક્ષુ :- વોલ્ટ.

ઉત્તર :- એ હજાર-બે હજારનું હશે. આ તો અનંતાઅનંત ચૈતન્યના કિરણનું સત્ત્વ આખો આત્મા, એમાંથી જે કિરણ નીકળે એ તો શુદ્ધ ને જ્ઞાન ને આનંદના જ નીકળે એમાંથી તો. શેઠી! એ બાહુબલીજી જોયા છે? બાહુબલીજી. બાહુબલીજી નહિ? સુમનભાઈ ગયા છે કે નહિ કોઈ દિ'? કે દિ'? મદ્રાસમાં ત્યાં હતા ને નજીક એટલે. ખાસ કરીને નહિ. ત્યાં તો નજીક હતું ને એટલે. કહો, સમજાણું આમાં? આ મોટા લાઈટ મૂક્યા છે.

આ તો સર્ચ લાઈટ અનંતા અનંત જ્ઞાન-દર્શનની અનંતી સર્ચ લાઈટ આત્મા. આહાહા..! સમજાય છે? એમાંથી એની પર્યાય એટલે અવસ્થા તો જ્ઞાન ને દર્શન ને શાંતિ આદિના કિરણોની લાઈટ નીકળે. એમાંથી કાંઈ રાગ-દ્વેષ નીકળતા હશે આત્મામાંથી? આહાહા..!

વસ્તુના સ્વભાવનું અચિંત્યપણું, અનંતપણું આનંદ અને જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણનું અચિંત્યપણું, અનંતપણું જ્યાં ભાનમાં આવ્યું છે એવા ધર્મી... એને ધર્મી કહીએ. અને એ ધર્મીને અંતરના અનંત જે ગુણોનું સત્ત્વ છે એના અંશો-કિરણો અંદર પ્રગટ થાય છે. આહાહા..! એમાં જે આ મોહ થોડો દેખાય એ મારા સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલો નથી. કર્મથી ઉત્પન્ન થયેલો મોહ છે. એમ ભિન્ન પાડી તે સંબંધીનું પોતાનું જ્ઞાન તે પોતામાં ઉત્પન્ન કરતો સાથે જ્ઞાતા-દૃષ્ટા અને શાંતિને ઉત્પન્ન કરે છે. એથી તેને નિર્જરા કહેવામાં આવે છે. આ નિર્જરા. ઓલા કહે કે અપવાસ કર્યા, બે અપવાસ કર્યા (એટલે) નિર્જરા (થઈ). ધૂળમાંય નથી. મિથ્યાત્વ છે અજ્ઞાન. અંધકારના અંશો પ્રગટ થાય છે ત્યાં તો. આ મેં છોડ્યું, આ મેં મૂક્યું, આ મેં લીધું. એ તો બધા ચૈતન્યના સૂર્યને અજાણપણે રાખી, આખી મૂડીને અજાણપણે રાખી અને આનો જાણકાર (નહિ થઈને) એનો જાણકાર થઈને રોકાય છે ત્યાં તો અજ્ઞાન અને અંધકાર એકલો ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મોહ,...**' એ મારો નથી. મોહ નામનું એ કર્મ છે તેનો એ ઉત્પન્ન થયેલો પાક છે. ભગવાન આત્મા એક દ્રવ્ય અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ, એની અનંતી પર્યાય પ્રગટ વર્તમાન થાય એ તો બધી શુદ્ધ હોય છે. સમજાણું કાંઈ? એને લઈને જે મોહ છે તે મારો નથી. એમ ધર્મીને અંતરમાં સ્વ-પરનો વિવેક વર્તતો હોય છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભારે ભઈ ધર્મ આવો. આ તો પણ નિશ્ચયની વાત છે. પણ પાછું બીજું કાંઈ હશે કે નહિ? એ નિશ્ચય તે જ ધર્મ છે. સાંભળને! વ્યવહાર ધર્મ છે જ નહિ. કહો, સમજાણું કાંઈ?

અહીં શું કહે છે? પર તરફનો રાગ થયો શુભ, એ મારાથી ઉત્પન્ન નથી થયો એમ કહે છે. આ ભક્તિનો રાગ, પૂજાનો રાગ, પરમેશ્વરના સ્મરણનો રાગ એ ભાવ છે, પણ મારાથી ઉત્પન્ન થયેલો નથી. એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિ સ્વભાવની નિજ પુંજીને પોતાની માનતો, અનુભવતો તે રાગની ઉત્પત્તિ મારાથી થઈ નથી (એમ પરિણમે છે). આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! વીતરાગનો માર્ગ, અંતર આત્માનો માર્ગ કહો કે વીતરાગનો માર્ગ કહો, અલૌકિક છે. એ કાંઈ લૌકિકની રીતથી પકડાય એવી ચીજ નથી. સમજાણું કાંઈ?

એમ '**ક્રોધ,...**' ક્રોધભાવ. એ ક્રોધ નામનું કર્મ છે તેનાથી ઉત્પન્ન થયેલો ક્રોધ છે. આત્મા નામનો સ્વભાવ દ્રવ્ય છે એનાથી ઉત્પન્ન થયેલો એ ક્રોધ નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત બેહદ જ્ઞાન-આનંદ, શાંતિનું સરોવર સાગર પ્રભુ (છે), એવી જ્યાં અંદર આસ્થામાં એ આવ્યો, શ્રદ્ધામાં આવ્યો, જ્ઞાનમાં આવ્યો. જેવા અનંતા ગુણ છે તેની પ્રતીત થતાં પ્રગટ અંશ બધાના થયા ત્યાં આ ક્રોધભાવ મારો નહિ. મારાથી ઉત્પન્ન નહિ. મારાથી ઉત્પન્ન થાય એ તો શાંતિ અને અરાગી પરિણામ ઉત્પન્ન થાય. મારાથી ઉત્પન્ન થાય (એ તો) હું પોતે સમભાવી વસ્તુ, તો મારાથી ઉત્પન્ન થાય તે જ્ઞાતા-દૃષ્ટા કહો કે અરાગી પરિણામ ઉત્પન્ન થાય. આ ક્રોધ તે મારું ઉત્પન્ન કાર્ય જ નથી. ઉત્પાદ જ નથી અહીં કહે છે. જુઓ! ભાષા જુઓ. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! બહુ ઝીણું છે આ. જૈનદર્શનને સમજવું, વીતરાગ માર્ગને. જગતને કાને પડ્યો નથી. આહાહા..!

ભગવાન સહજાનંદ પ્રભુ આત્મા પોતે શુદ્ધ પોતે આત્મા પરમાત્મા છે. એવી જ્યાં દૃષ્ટિ અનુભવ થયો, કહે છે કે એમાં તો ઉત્પત્તિ શાંતિની, અરાગપણાની, અદ્વેષપણાની, વીતરાગપણાની, આનંદપણાની, સ્વચ્છતાપણાની, પ્રભુતાપણાની ઉત્પત્તિ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ક્રોધ. ક્રોધ નામનું કર્મ છે બીજી ચીજ. એ બીજા દ્રવ્યની બીજી પર્યાય બીજા દ્રવ્યથી ઉત્પન્ન થયેલી. મારા દ્રવ્યથી ઉત્પન્ન થયેલું એ કાર્ય છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એમ '**માન,...**' માનનો ભાવ એ માન નામનું ખરેખર કર્મ છે. પુદ્‌ગલકર્મ. તેના ઉદયથી, તેના ઉદયના પાકથી ઉત્પન્ન થયેલો ઉત્પાદ માન છે. એ ઉત્પાદ મારો સ્વભાવ નથી. એ ઉત્પાદને કાળે મારો તે સંબંધીનું જ્ઞાન, દર્શન, શાંતિની પર્યાય ઉત્પન્ન (થાય) તે મારો ઉત્પાદ છે. સમજાણું કાંઈ? અહીં તો અહીંથી નકાર કરીને વાત કરી છે. અહીંથી આમ છે માટે આ મારું નથી. સમજાણું કાંઈ?

'**માયા,...**' એમ જરી માયા આવી. છળપણાનો ભાવ દેખાણો. કહે છે કે એ માયા નામનું કર્મ એનાથી ઉત્પન્ન થયેલી માયા છે. હું કાંઈ કર્મ નથી. હું તો આત્મા છું. સમજાણું કાંઈ? આવો તે કેવો ધર્મ વળી આ? આ તો હોંશ ઉડાડી દે. આ તો બધા પરના કામ કરીએ તો ધર્મ થાય એ તો વાત જ ઉડાડી દે છે. એય.. દિપચંદજી! હોંશ શેને કહેવી? એ દયા, દાન, ભક્તિના પરિણામ કરવાની હોંશ નહિ રહે આમાં તો. ઈ જ કહે છે કે પણ જેની પ્રીતિ તૂટીને આત્માનો પ્રેમ થયો ત્યારે એને રાગાદિ વ્યવહાર આવવા છતાં તેનો પ્રેમ રહેતો નથી. એ વ્યવહારનો ઉત્પાદક તો કર્મ ઉત્પાદક છે, હું નહિ. એમ કહે છે અહીં તો. કહો, શેઠી! આહાહા..!

એમ '**લોભ,...**' લોભનો અંશ રાગ, જરી ઈચ્છા. એ લોભ નામનું કર્મ એના ઉદયથી વિપાક થયેલો એ લોભ છે. મારા દ્રવ્યનો પાક એ વિકાર હોઈ શકે નહિ. દ્રવ્યનો પાક એટલે ઉત્પત્તિ તો નિર્વિકારી દશાની ઉત્પત્તિ હોય. આહાહા..! એ વિકાર લોભ જડનું કાર્ય છે. આહાહા..! ચૈતન્ય જાગૃત જ્યોત ભગવાન ચૈતન્યસૂર્ય, એનામાંથી આવતા કિરણો-પર્યાય-તે કાંઈ આવી જડ હોય? એ તો જડ અંધારું છે. આહાહા..! એ દયા, દાનના, ભાવ તે અંધકાર છે. એમ કહે છે. શુભરાગ. રાડ નાખી જાય એવું છે અજ્ઞાની તો. એય.. ન્યાલભાઈ! આવો તે ધર્મ કેવો ભગવાનનો?

મુમુક્ષુ :- ભક્તિની વાત હજી કાંઈ કરી નહિ.

ઉત્તર :- આ ભક્તિ કીધી ને. ભક્તિનું શું કીધું? આ ભક્તિનો શુભરાગ, ધર્મી જાણે છે કે એ અંધકાર છે. મારા સ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલો નથી. એ પહેલામાં કહેવાઈ ગયું. શુભાશુભભાવમાં કહેવાઈ ગયું. સમજાણું કાંઈ? આહાહા..!

ત્રણ લોકનો નાથ ચૈતન્યપ્રભુ જ્યાં અનુભવમાં આવ્યો એને શું ખામી રહી હવે? એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા, જેની એક દશામાં ત્રણ કાળ ત્રણ લોક, અનંત કેવળીઓ જણાય એવી તો એની એક સમયની પર્યાય. એવી અનંતી પર્યાયનો પિંડ એવો ગુણ અને એવી એવી અનંતી પર્યાયનો ગુણ. એક એક શ્રદ્ધા આદિ ગુણ એવા અનંતા ગુણનું એકરૂપ તત્ત્વ. એ દ્રવ્યમાંથી લોભ કેમ ઉત્પન્ન થાય? સમજાણું કાંઈ? એવા દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં તો દ્રવ્યની શક્તિઓ છે તેની ઉત્પત્તિ નિર્મળની થાય. લોભાદિનો ભાવ મારો નથી, મારામાં નથી, મેં કર્યો નથી. મને એ, એને હું અડતો નથી. આહાહા..! ગજબ વાત! સમજાણું કાંઈ?

'**કર્મ,...**' એ આઠેય કર્મ કર્મનું છે. મારા સ્વરૂપમાં એ આઠેય નથી. આહાહા..! એ કર્મ જડની પરમાણુની પર્યાય (છે). એના ખ્યાલ વખતે એ મારું જ્ઞાન જ ઉત્પન્ન થાય

છે મારા સ્વભાવથી. સમજાણું કાંઈ? આ આઠ કર્મ છે, હો. એનું અસ્તિત્વ ભિન્ન છે. એ આઠ કર્મ છે. આ ગુણસ્થાને આટલા કર્મની પ્રકૃતિ હોય, એ ટાણે તે કર્મ મારામાં નથી પણ એ સંબંધીનું જ્ઞાન તે પણ તેને કારણે ઉત્પન્ન થયેલું નહિ. મારા જ્ઞાયક સ્વભાવને આશ્રયે ઉત્પન્ન થયેલું જ્ઞાન, એની શાંતિ, શ્રદ્ધાની પર્યાય, તેમાં કર્મનો ઉત્પાદ અને કર્મનું કાર્ય છે નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ સાચો થયેલો, સત્યના પંથે પડેલો સાચા સત્યનો સેવક, સાચનું સત્ય પરમેશ્વર આત્મા એનો સેવક પર્યાયમાં. શેઠી! એવો આત્મા સહજાનંદ મૂર્તિ પ્રભુ, હું પોતે આનંદનો કંદ અતીન્દ્રિયથી ભરેલો છું. એવું જ્યાં અંતર ભાન થયું (તો) કહે છે કે કર્મની ઉત્પત્તિ મારામાં છે જ નહિ. કર્મને નિમિત્ત થવું એવું મારા સ્વરૂપમાં જ નથી. સમજાણું કાંઈ?

પછી આવ્યું '**નોકર્મ,...**' આહાર, શરીર, શ્વાસ, ઇન્દ્રિય, ભાષા, મન, આ ધૂળ-પૈસા, મકાન-હજીરા. હજીરા એટલે આ મકાનો દસ-દસ લાખના, વીસ-વીસ લાખના. નોકર્મ (છે). ધર્મી જાણે છે કે એ મારામાં નથી. મારા નથી, મારામાં નથી, મેં એને ઉત્પન્ન કર્યા નથી. આહાહા..! જુઓ, ભાષા જુઓ! મેં એને ઉત્પન્ન કર્યા નથી. મલૂકચંદભાઈ! એય.. હિંમતભાઈ! શું હશે આ બધા પૈસા ઊભા કરે છે ને તમારે છોકરાઓ?

મુમુક્ષુ :- આપ તો ના પાડો છો.

ઉત્તર :- ધૂળ છે. કોઈ કરતું નથી. કોણ કરે? એ તો પુદ્ગલની પર્યાય પુદ્ગલમાંથી ઉત્પન્ન થાય છે. તારાથી ઉત્પન્ન થાય છે? એય.. દરબાર! આ દરબાર આવ્યા છે ને. એ બધા પૈસાવાળા છે ને? પૈસાવાળા એટલે શું પણ?

મુમુક્ષુ :- આપ તો ઘણી વાર ના પાડો છો.

ઉત્તર :- એ શું? એટલે શું પણ? એ તો કહેવાની વાત છે. આત્મા પૈસાવાળો? ધૂળવાળો? આહાહા..!

મુમુક્ષુ :- સોનાવાળો થયો ને?

ઉત્તર :- સોનાવાળો એ ધૂળ છે. સોનાવાળો. સોનાવાળો. ..આપ્યું છે ને ત્યાં બોટાદમાં. પૈસા આપીને.

મુમુક્ષુ :- હાઈસ્કુલ.

ઉત્તર :- હાઈસ્કુલ. સોનાવાળાની હાઈસ્કુલ. ધૂળેય નથી આત્મા. સાંભળને! સોનું કોનું? અને સોનાનો સ્વામી કોણ? સોનું તો પરમાણુ એનો સ્વામી છે. સોનાનો સ્વામી તો પુદ્ગલ જડ છે. એ આવશે આમાં. એ જડનો સ્વામી જડ હોય. કહો, સમજાણું? ભેંસનો સ્વામી પાડો હોય. એનો એ ધણી હોય. જડની પર્યાયનો સ્વામી જડ હોય. હવે તું સ્વામી થા

છો એનો? શેઠી!

ધર્મી સત્યના પંથે પડ્યો, સત્યના પંથે પડ્યો, સાચા સ્વરૂપના શરણે ગયો. એ કહે છે કે નોકર્મ મારા જરીએ નથી. આહાહા..! એ પૈસા, મકાન, આબરૂ એ મારા છે નહિ, મેં એને ઉત્પન્ન કર્યા નથી અને મારાથી તે ઉત્પન્ન થાય એવું એનામાં નથી. આહાહા..! એય.. પોપટભાઈ! ભારે વાત, ભાઈ! નોકર્મ મેં ઉત્પન્ન કર્યા એવો ભાવ તે તદ્દન ચૈતન્યના જ્ઞાતા-દૃષ્ટાનું ખૂન કરનારો મિથ્યાત્વભાવ છે. સમજાણું? આત્માના જીવનની, જીવન જે આત્માનું છે તેને લૂંટનારો એ ભાવ છે. આહાહા..! ભારે વાત! મેં પૈસા ઉત્પન્ન કર્યા, પૈસા એ મારા, મેં મકાન ઉત્પન્ન કર્યા, મકાન એ મારા. નોકર્મમાં બધું આવી જાય છે, હોં! એ બધું. સ્ત્રી, કુટુંબ, પરિવાર મેં ઉત્પન્ન કર્યા, મારા (છે). કહે છે કે, ચૈતન્યના જાણકસ્વભાવની જ્યોતનું જીવન એણે લૂંટી નાખ્યું. પોતે પોતાનું ખૂન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતે પોતાનું ખૂન કરે અને થાય રાજી. કહો, પોપટભાઈ! મોટો મૂરખો છે. આહાહા..! ભાઈ! દુનિયાથી વીતરાગનો માર્ગ કાંઈક આખો જુદો છે. ક્યાંય આખી દુનિયા સાથે મેળ ખાય એવો નથી. આ શેમાંથી અર્થ ચાલે છે આ? ક્યા શબ્દનો અર્થ ચાલે છે?

મુમુક્ષુ :- નોકર્મ.

ઉત્તર :- નોકર્મ એટલે આત્મા સિવાયની બાહ્ય ચીજો જેટલી (છે એ) બધા નિમિત્તોને નોકર્મ કહેવામાં આવે છે. કર્મ એ જડ, ભાવકર્મ એ વિકારી પરિણામ, નોકર્મ બાહ્યમાં બધા નિમિત્તો જેટલા (છે એ બધા). આબરૂ, કીર્તિ, લક્ષ્મી, લૂગડાં, દાગીના બહારના સમજ્યાને? આ સાબુ અમારો. હોય છે ને? પાંચ-પાંચ રૂપિયાના સાબુ નહાવાના. આ સાબુ (મારો). મૂઢ છો. ઉત્પન્ન સાબુની પર્યાય તેં કરી છે? તારી છે? કોની કહેવાય? ભાષા બોલે એટલે શું? ભાષા જ એની નથી તો બોલે છે કોણ? આહાહા..!

નોકર્મમાં બીજું આવશે. એ પછી આવશે. આ તો નોકર્મની વાત. મન, વચનની પછી આવશે. સમજાણું કાંઈ? એક કોર રામ અને એક કોર ગામ. એમ છે અહીં તો. એક કોર ભગવાન આત્મા જ્ઞાનના સૂર્યથી બિરાજમાન પ્રભુ, એમાંથી તો પ્રકાશના કિરણો જ આવે. એમાંથી તો શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આદિ જ એની પર્યાયમાં-હાલતમાં આવે. એને આત્મા કહીએ. આ બહારના નિમિત્તો એમાંથી આવતા હશે? એણે નિમિત્ત ઊપજાવ્યા હશે? કહો, સમજાણું? એ તો બધા પુદ્ગલો છે, પરમાણુઓ માટી. એની વર્તમાન પર્યાયે ઉત્પન્ન થતાં તેને દેખો. તેને દેખવો એ પણ વ્યવહાર છે. આત્માને જાણો કે આત્મા જ્ઞાયકરૂપી છે, એના ભાનમાં એને દેખવાનો પર્યાય પણ તેના લક્ષે ઉત્પન્ન થતો નથી. એ લક્ષ્મી આદિ જે છે મકાન આદિ, એને દેખવાથી આત્માનું જ્ઞાન ઉત્પન્ન થતું નથી. અથવા સ્વપરપ્રકાશક જ્ઞાન

પરને લક્ષે ઉત્પન્ન થતું નથી. એ તો જ્ઞાનજ્યોત પોતે સ્વપરપ્રકાશક વસ્તુ છે તેમાંથી તે સ્વપરપ્રકાશનો પર્યાય પોતાના અવલંબને નિમિત્તની અપેક્ષા વિના, એના અસ્તિત્વની હયાતી વિના પોતાનું પૂર્ણ સ્વરૂપ જ્ઞાન સ્વપરપ્રકાશની હયાતીને લઈને ઉત્પાદ પર્યાય થાય છે. સમજાણું કાંઈ? આ બીજી વાત છે, રમણિકભાઈ! આમ કરી દઈએ, આમ કરીએ. બહુ હુશિયાર થયા માટે આમ કરીએ છીએ. ધૂળેય નથી, સાંભળને!

મુમુક્ષુ :- એટલા પૂરતું...

ઉત્તર :- એટલા પૂરતું જ અહીં સમજવાનું છે. એમ કે, ત્યાં એટલું બધું કરે છે ને. બે દિ' માંડે એને તો કાંઈક... કહો. આહાહા..! કહો, આ સમજાય છે? લાખોપતિ અને કરોડોપતિ ને પત્નીનો પતિ, નરનો નરેન્દ્ર ને બધો મિથ્યા ભ્રમ છે, એમ કહે છે. એમ કહે છે. આહાહા..! નરનો નરેન્દ્ર, પત્નીનો પતિ, લક્ષ્મીનો પતિ ને ધૂળપતિ, જંગમ.. આવે છે ને? સ્થાવર ને જંગમ ને બધું બહુ, ભાઈ! એને તો બહુ ચીજ બાપા એને તો. ઓહોહો..! પડ્યા પાથર્યા આમ પડ્યા હોય તો.. ઓહોહો..! બહુ...

કહે છે કે એ મારાથી ઉત્પન્ન વર્તમાન પર્યાય જ્યાં થઈ છે તે મારાથી થઈ છે એમ માનનાર મૂઢ મિથ્યાદષ્ટિ પોતાના ચૈતન્યના જ્ઞાતા-દષ્ટાના પ્રાણને હણી રહ્યો છે. પોપટભાઈ! આ સમજવું પડશે. ત્યાં છ છોકરા ને બધા પૈસા થઈ ગયા પચાસ લાખ, ત્રીસ લાખ ને. ધૂળ લાખ પથરામાં, એ પૈસા કોઈએ કર્યા નથી. એ તો ધૂળની ચીજ હતી.

મુમુક્ષુ :- ત્યાં...?

ઉત્તર :- ક્યાં રહી છે? કોણે કીધું અહીં આવી? જ્યાં એટલે શું? લોકમાં છે અને લોકમાં રહે છે. શેઠી! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના હૂંફે કામ થાય. એય..! મલૂકચંદભાઈ! અહીં શાતા-અશાતા... મલૂકચંદને ઘણું ટળવળ કરે છે. બેય છોકરા પાસે.. કાંઈ કોઈ આપતું નથી. ત્યાં ટળવળ તો ઘણું કરે છે ત્યાં. કહો, સમજાણું આમાં? એની ઉત્પત્તિ ત્યાં થાય છે તે તેને કારણે થાય છે એમ કહે છે. આહાહા..! મંદિરની પ્રતિમાની ત્યાં ઉત્પત્તિ થવી, ત્યાં રહેવું, તેનું ઊપજવું એ એને કારણે થાય છે. બીજો આત્મા કહે કે મારે કારણે આની ઉત્પત્તિ થઈ. તો શું દ્રવ્ય છે તારું એનું? કે દ્રવ્યની ખાણમાં એ ચીજ છે કે એ પર્યાય તારાથી થઈ? આહાહા..! ગજબ વાત છે ને! શું તારી ખાણમાં એ જડની પર્યાય પડી છે તો એ ખાણમાંથી પ્રગટ થાય? એ તો પરમાણુમાં, એનામાં પરમાણુમાં એ પર્યાય તે કાળે આવી થવાની એવું સત્‌પણે તે પરમાણુમાં પડ્યું છે અનાદિથી. એય..! રાજમલજી! એ પરમાણુમાં, એક એક પરમાણુમાં

જે પર્યાય ત્યાં થવાની છે એ પર્યાયનું અંદર સત્ પડ્યું છે. નથી ને પ્રગટે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એક પૈસો, એક રૂપિયો છે કે સોનામહોર છે, કહે છે કે સોનામહોરની એ પર્યાય છે એનું આમ જવું, એનો ઉત્પાદનો પર્યાય એનામાં પરમાણુમાં શક્તિરૂપ હતો, સત્‌રૂપ હતો એ પ્રગટ્યો છે, એનાથી પ્રગટ્યો છે. આત્માથી છે નહિ. સમજાય છે કાંઈ?

'**નોકર્મ,...**' આહાહા..! મારા સિવાય જેટલા બાહ્ય પદાર્થો છે એ બધા એને કારણે એના પાકથી, એના ઉદયથી, એના પાકથી, એને કાળે એ પર્યાય આવી છે. એ પર્યાયનો ઉત્પાદક હું નથી, મારામાં નથી અને મેં એને કરી નથી. આહાહા..! એ વખતે જાણવામાં આવ્યું કે અહીં છે. એ જાણવાનો પર્યાય પણ એને લઈને ઉત્પન્ન થયો નથી. આહાહા..! એ તો મારા જ્ઞાનનો સ્વભાવ તે કાળે તેને અને મારે જાણવાનો જે પર્યાયનો અંશ છે તે જ્ઞાનગુણમાં પડ્યો છે તે અહીંયાં આવે છે. સમજાય છે કાંઈ? વસ્તુની દૃષ્ટિ થવાથી જે જ્ઞાનમાં તે કાળે તે પર્યાય, તે પ્રકારનો સ્વપર જાણવાનો છે, એ પર્યાયનું સત્ ગુણમાં પડ્યું છે. એ દૃષ્ટિ થવાથી વસ્તુની તે કાળે તે પર્યાય થઈ. એનો અને પરનો એ જાણનાર જ છે. સમજાણું કાંઈ?

જુઓ! આ નિર્જરાનો અધિકાર ચાલે છે ભાઈ! આવું જ્યાં અંતર આત્મદર્શન અને જ્ઞાન વર્તે ત્યાં નિર્જરા હોય છે. બાકી અપવાસ કરે, ફલાણું કરે, લાંઘણ કરે, મરી જાય ને નિર્જરા થાય નહિ. ધૂળમાંય નથી. આત્માની પર્યાય ઉત્પન્ન થવી જોઈએ. એને ઠેકાણે આ મેં કર્યું, આ મૂક્યું અને લીધું એણે પોતાની પર્યાયનું ખૂન કરીને મિથ્યાત્વ પર્યાયને ઉત્પન્ન કરે છે. આહાહા..! ગજબ વાત પણ ભાઈ! સાંભળતા કેટલાકને તો આમ પરસેવા ઉતરી જાય છે. આ..! એય..! જયંતિભાઈ! તાકડે વળી આજ આવ્યા છે તો બધું આ આવ્યું તો સાંભળે તો ખરા કે નહિ? સમજાણું કાંઈ? એ કાપડ-બાપડની દુકાન ને ફલાણું, હરામ આત્મા કરતો હોય તો. અજ્ઞાની પણ કરતો નથી એમ કહે છે અહીં તો.

જ્ઞાની કહે છે કે એની ઉત્પત્તિ એને કારણે (થાય છે), એમ ભાનમાં આવ્યો. ચૈતન્યના સ્વભાવની સંપદાની દૃષ્ટિના સાવધાને ચડેલો. સ્વભાવની સાવધાની(માં આવ્યો કે) જ્ઞાનસ્વભાવ છું, જ્ઞાનસ્વભાવ છું, શુદ્ધ સ્વભાવ છું, આનંદસ્વરૂપ છું. એવી પર્યાય પ્રગટ થતાં આ બધા પર્યાયોને વ્યવહારે જાણનાર છું. વ્યવહારે જાણનાર છું. એનો ઉત્પાદક નથી. પણ તેના કારણે મારા જ્ઞાનનું ઉત્પાદક નથી. ફક્ત મારા સ્વપરપ્રકાશક જ્ઞાનને કારણે એ પર્યાયનો ઉત્પાદક દ્રવ્ય છે. સમજાણું? દ્રવ્ય સ્વદ્રવ્ય છે. ત્યાં નિર્જરા થાય છે. શુદ્ધિ વધે છે, અશુદ્ધતા ટળે છે અને તે પ્રકારના નિમિત્તનો સંબંધ તૂટી જાય. બસ, આ હેતુ. સહજ બની જાય છે.

સમજાણું કાંઈ?

એક જણો કહે, તમે શું કહો છો એ કાંઈ સમજાતું નથી. ઓલા આવ્યા હતા ને મહેસાણાના? આ વાત જ આખી... ચૈતન્યતત્ત્વ આખો પદાર્થ મહાન પ્રભુ, જે અનંતા કેવળીઓને ગળી જાય એવો એનો એક સમયનો પર્યાય. એવો ભગવાન આત્મા અંતરમાં સ્વસન્મુખ થઈને જે ભાન થયા, કહે છે કે એ ભાનમાં આ બધા નિમિત્તોની ઉત્પત્તિ મારામાં નથી, મેં કરી નથી. એને કારણે મારું જ્ઞાન વર્તે છે અંદર એને જાણવાનું, એ જાણવાનું વર્તે માટે તે ઉત્પન્ન થયા નથી. એ ઉત્પન્ન થયા માટે મને જાણવાનું વર્તે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? નોકર્મ આવ્યું. દુકાનમાં જેનો ધંધો જે હોય, ... આમ રચના ફલાણું, ઢીકણું. હરામ એના આત્માથી થયું હોય તો.

મુમુક્ષુ :- માલની ગોઠવણી કરે.

ઉત્તર :- ગોઠવણી.. એય..! પાર્ટ-બાટ ગોઠવે કે નહિ તમારે ત્યાં? મોટરના પાર્ટ કહેવાય? શું કહેવાય? ભાગ-ભાગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ત્યાં પડ્યા હોય ને કેટલાક. બતાવવાનું પડ્યું હોય. એ છોકરાઓને કીધું હોય, જો કો'ક આવે તો આ બતાડવું. જુઓ આ. એવું ત્યાં ગયા હતા ને. જોયું હતું એક ફેરી. એની દુકાને નહોતા ગયા. ભોપાલમાં ગયા હતા ને. પ્રાણભાઈનો દીકરો ત્યાં રહે છે ને? ઘીયા. એનો દીકરો ત્યાં રહે છે. દુકાને પછી પ્રાણભાઈ આવ્યા હતા. દુકાને ગયા હતા. બધા પાર્ટ-બાટ ગોઠવ્યા હતા. હોય ને ધંધો? જોયું હતું. ભોપાલ-ભોપાલ. ચીમનભાઈ આપણે નહિ? મોહનલાલ ઘીયામાં નોકર છે. પ્રાણભાઈ, પ્રાણલાલ નહિ? જૂના .. જૂના. એનો દીકરો છે. એની વહુ પાસે દેવી આવે છે. સાંભળ્યું છે? દેવી આવે છે. પૈસા મૂકી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો એ પોતે કહેતા હતા, હોં! અમે માનતા નથી કોઈને, હોં! દેવી-બેવી આવે તો માનતા નથી. અમે કોઈને માનનારા નથી એમ કહે. અમે વીતરાગને માનનારા છીએ. પૈસા મૂકી જાય છે. ૧૬-૧૭ હજાર થયા અત્યાર સુધી. પ્રાણભાઈ કહેતા હતા. એ બહાર વાત આવી હતી. આવે. કોણ છે એ નજર ન પડે પણ અવાજ કરે, બસ. જુઓ! અહીં પૈસા છે લઈ લ્યો. બસ એટલું. કોણ છો? જૂઠું બોલે છે. અંબાજી છું એમ બોલે. જૂઠું. કો'ક હશે એવું ભૂતડું.

મુમુક્ષુ :- એ તો સારો રસ્તો છે.

ઉત્તર :- શું ધૂળનો રસ્તો સારો? એ આવ્યું એમાં કોણ આને લાવ્યું છે? દેવી લાવી છે ઈ? એ તો પરમાણુની પર્યાય તે ટાણે ઉત્પન્ન થવાની તે ક્ષેત્રે, તે કાળે આવે છે એને કારણે. જયંતિભાઈ! આહાહા..!

અરે..! આત્માનું હોવાપણાના સ્વીકારમાં આ બધું આવી જાય છે. આત્મા છે એવો સ્વીકાર થાય ત્યારે એને અંતર દૃષ્ટિમાં આ બધા હોવાપણાના ભાવ મારામાં નથી અને એ હોવાપણાના ભાવ મેં ઉત્પન્ન કર્યા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા આવો માને ત્યારે માન્યો કહેવાય. આમ આત્મા આત્મા કરે શું કામ આવે? સમજાણું કાંઈ? આત્મા માન્યો ત્યારે કહેવાય કે જે આત્મા સ્વપરપ્રકાશની મૂર્તિ જ્ઞાન, દર્શનની શક્તિમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય ત્રિકાળ પડ્યું છે. ત્રિકાળ પડ્યું છે. સમજાણું કાંઈ? સ્વપરનું પોતાનું સ્વસામર્થ્ય છે. એ કાંઈ પરને (લઈને નથી). એવો આત્મા અંતરદૃષ્ટિમાં હોવાવાળો શ્રદ્ધા-જ્ઞાનમાં-અનુભવમાં આવ્યો ત્યારે એ હોવાવાળું આવું તત્ત્વ છે કે એમાં આ બધા હોવાવાળા તત્ત્વો અહીંથી નથી આવ્યા, આણે નથી કર્યા. અને એને લઈને આ હોવાવાળાનો વર્તમાન પર્યાય પ્રગટ થાય છે (એ) એને હોવાવાળાને લઈને નહિ. સમજાણું કાંઈ? એય..! રતિભાઈ! આવું સાંભળ્યું પણ ન હોય ત્યાં. ત્યાં બે-પાંચ-દસ હજાર પેદા કરે ત્યાં ઓહોહો..! અમે જાણે મહેનત કરીને કર્યું, આમ કર્યું, ધ્યાન રાખ્યું માટે આમ થયું. ધૂળેય નથી. એય..! આહાહા..! એ તો અજ્ઞાનપણે પણ નથી. અહીં તો ભાનપણાથી (વાત છે). એકની ઉત્પત્તિ એની, એ કાળે મારી ઉત્પત્તિ ભિન્ન છે એવા ભાનના કાળની વાત છે આ તો. સમજાણું કાંઈ? આહાહા..! કેટલી નિર્જરાના અધિકારમાં (વાત કરી છે)!

હું જ્ઞાયકભાવ છું એનો અર્થ શું થયો? એનો અર્થ આ ચાલે છે. હું તો એક જ્ઞાયકભાવ છું. હું તો એક જાણનાર-દેખનાર સત્ત્વ તત્ત્વ છું. જાણનાર, દેખનારના હોવાપણામાં જાણવા-દેખવાની દશા ઉત્પન્ન થાય. પણ જાણનાર-દેખનારના તત્ત્વમાં એ બીજાને ઉત્પન્ન કરે એમ ક્યાં વસ્તુમાં છે? રાગાદિ ઉત્પન્ન ન કરે તો આ પરને ઉત્પન્ન કરે એ તો વાત છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા હોવાપણે આવો છે. એ આત્મા ભગવાન અનંત ગુણનો મહિમાવંત પદાર્થ, એવી અંતર અનુભવમાં પ્રતીત સ્વલક્ષે આવી. સમજાય છે કાંઈ? ત્યારે એ આત્મા એ રીતે પ્રતીતમાં, અનુભવમાં આવ્યો કે આ બધા રાગાદિનું કાર્ય અને ઉત્પાદ એ મારાથી નહિ. પરવસ્તુ છે એ. પણ ઓલું ભિન્ન પડીને આમ રાગ કરે અને રાગ કર્તાબુદ્ધિએ કરે અને મીઠાશથી કરે અને કર્મથી રાગ (થયો એમ માને). એ તો મૂઢ થયો, વધારે મૂઢ થયો. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે ને કે રાગ તો આવે ને અમારે? ક્યાં તારી દૃષ્ટિ પડી છે?

મુમુક્ષુ :- એ ચારિત્રનો દોષ છે.

ઉત્તર :- ચારિત્રદોષ છે એમ કરીને કાઢી નાખે. મૂઢ થાઈશ, મરી જઈશ. સમજાણું કાંઈ? રાગ થયો ને આવ્યો એમ કહેનારને રાગથી ભિન્ન પડેલું જ્ઞાયક સ્વરૂપ તેની ઉત્પત્તિમાં, રાગ પરિણામની ઉત્પત્તિના કાળમાં આ રાગ પરથી આવ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! અરાગ પરિણામનો ધરનાર એવો ભગવાન, એ તો પ્રતીતમાં, અનુભવમાં, શ્રદ્ધામાં ભરોસે લીધો નથી અને કહે કે આ રાગ આવ્યો, ભાઈ! એ તો પૂર્વનું... શાસ્ત્રમાં નથી કહેતા? શું કહે છે? એલા! સાંભળ તો ખરો. મરી જઈશ એમાં. મરી ગયો એમાંથી. આખા ચૈતન્યના જીવન, વીતરાગી જીવન એનું જીવન છે. એવો એ હોવાવાળો આત્મા છે. એને એવા રાગના કાળમાં, રાગના અભાવસ્વભાવરૂપ પરિણતિનો ઉત્પાદક એ છે. ત્યારે એને આ રાગ પરનું કાર્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આ કાંઈ પોપાબાઈનું રાજ નથી કે ત્યાં સમજાવી દે બીજાને અને આમ કરી દે. ઉદય આવે, કર્મનો ઉદય આવે એટલે .. આમ હોય. શું છે ઉદય આવે એટલે? શેમાં રહીને તું કહે છો ઉદય આવે ઈ? ક્યાં પડ્યો તું ઉદય આવે એને જો છો? રાગમાં એકત્વ થઈને પડ્યો છો ત્યાં ઉદય આવે એ ક્યાંથી આવ્યું? ઉદયમાં તું જ પોતે એમાં આવ્યો છો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, જે કાંઈ રાગાદિનો પર્યાય કર્મનું કાર્ય (છે) એમ જાણતો, પોતાના આનંદની ઉત્પત્તિના પર્યાયના કાળમાં એમ કહે છે કે આ મારું નહિ. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપા! આસ્રવતત્ત્વ છે તો એ કર્મનું કાર્ય છે અને કર્મથી થયું ક્યારે કહ્યું? કે અહીં જ્યારે સંવરતત્ત્વની સાથે નિર્જરાતત્ત્વ ઊભું થાય છે ત્યારે. એમ કહે છે અહીં. નિર્જરાતત્ત્વની વ્યાખ્યા છે ને? આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વિકલ્પ વિનાનું, કર્મ વિનાનું આખું તત્ત્વ છે એમ કરીને સમ્યગ્દર્શનથી સંવર તો થયો છે. ત્યારે સંવરની જ ઉત્પત્તિ ક્ષણે ક્ષણે થાય એમાં નિર્જરાની ઉત્પત્તિ વિશેષ શુદ્ધિ કરે છે. એ દ્રવ્યના અનુભવની એકતાને લઈને શુદ્ધિ વધે છે એ એમ જાણે કે હું જ્ઞાયક સ્વભાવ છું. આ નિમિત્તાદિ, રાગાદિ હું છું નહિ. એને એ લાગુ પડે છે, અજ્ઞાનીને લાગુ પડતું નથી. એને નિર્જરા થાય છે એમ કહે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૫, શુક્રવાર તા. ૨૧-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૯૯-૨૦૦, પ્રવચન-૨૮૩**

આ સમયસાર, નિર્જરા અધિકાર છે. નિર્જરા એટલે આત્માને ધર્મ થાય અને ધર્મની શુદ્ધિની વૃદ્ધિ થાય એનું નામ નિર્જરા કહેવામાં આવે છે. એ કેમ નિર્જરા થાય? કોને કઈ રીતે? એમ કહે છે. આપણે અહીં સુધી આવ્યું છે-નોકર્મ. છે ને ૧૯૯ ગાથા?

વાત એમ છે કે આ આત્મા પુણ્ય-પાપના વિકલ્પ રાગ દયા, દાન, આદિના, શરીરાદિથી ભિન્ન છે એમ ક્યારે જાણવામાં આવે? કે એના અંતર સ્વરૂપ શુદ્ધ તરફની અંતર દૃષ્ટિ કરે, એમાં એકાગ્ર (થાય), વસ્તુના સ્વભાવમાં એકાગ્ર થાય ત્યારે તેને સમ્યગ્દર્શન અને આત્માનું ભાન થાય. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજો કોઈ ઉપાય નથી?

ઉત્તર :- બીજો કોઈ એનો ઉપાય ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- અનેકાંત થાય?

ઉત્તર :- અનેકાંત છે ને. એનાથી થાય, બીજાથી થાય નહિ. એનું નામ અનેકાંત છે.

મુમુક્ષુ :- કથંચિત્?

ઉત્તર :- કથંચિત્ થયું ને. પોતાથી થાય અને પરથી ન થાય. શેઠી!

આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ અનાકુળ આનંદની ચીજ એ પોતે છે નિત્યાનંદ. એ આત્મા નિત્યાનંદ છે એને અંતરમાં દૃષ્ટિ કરી, અનુભવ કરી અને આનંદનું વેદન કરીને આ આત્મા જ્ઞાયક છે એમ અનુભવમાં પ્રતીત થાય એને સમ્યગ્દર્શન થયું કહેવાય. કહો, શેઠી! ત્યારપછી એની શુદ્ધિની વૃદ્ધિ થાય એની આ વ્યાખ્યા છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુદ્ધિની વૃદ્ધિ વ્યવહારથી થાય?

ઉત્તર :- એ જ કહે ને. શુદ્ધિની વૃદ્ધિ શી રીતે થાય એ તો કહે છે. જુઓ! અહીં શું આવ્યું છે?

'**નોકર્મ,...**' એટલે શું? કે આ આત્મા આનંદ અને જ્ઞાયકભાવ છે એમ નિર્વિકલ્પ અનુભવ દૃષ્ટિ થઈ છે. ત્યાં કહે છે કે આ મારાથી બધા નિમિત્તો, બધા પરપદાર્થ છે એ મારાથી તદ્દન જુદા છે. એને અને મારે કાંઈ સંબંધ નથી. મારે સંબંધ મારા ચૈતન્યદ્રવ્ય સાથે છે. ચૈતન્ય વસ્તુ, એની સાથે મારો સંબંધ છે. વર્તમાન જ્ઞાનની દશા દ્વારા અંતરનો સંબંધ સ્વભાવ સાથે છે. રાગ, પુણ્ય-પાપના રાગ એની સાથે મારો સંબંધ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

એવું અંતરમાં આત્માનું ભાન થયે એને ક્ષણે ક્ષણે સ્વભાવ તરફની શુદ્ધિ, એનો આશ્રય ક્ષણે ક્ષણે વર્તે છે એમાં શુદ્ધિ વધે છે. એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. પછી અશુદ્ધતા ખરે અને કર્મનું ખરવું એ વ્યવહારથી વાત છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. સુખ.

ઉત્તર :- સુખ વધે છે, કીધું ને. સંસારમાં જ્યાં સુધી.. ઓલો શ્લોક કહ્યું હતું ને? બપોરે કીધું હતું. શ્રીમદ્‌માં નથી શ્લોક આવતો? ભાવનામાં.

'અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં...' સુમનભાઈ! વાંચ્યું છે? આ તો બહુ નાની ઉંમરમાં સોળ વર્ષની વાત છે, લ્યો. શ્રીમદ્‌ની.

અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા.
અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા.

જુઓ! એ શબ્દ. 'અનંત દુઃખ...' પુણ્ય-પાપના રાગ અને આ શરીરાદિ મારા, એવી માન્યતાના પંથે જાવું એ અનંત દુઃખ છે. નામ સુખ. દુનિયા કહે કે આ સુખી છે. પૈસાથી ને આ ધૂળથી, એ સુખી નામ કહેવામાત્ર છે. વસ્તુતઃ સુખ છે નહિ. બરાબર હશે? મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રત્યક્ષ દુઃખ છે. આત્મા આનંદસ્વરૂપ છે એની જ્યાં દૃષ્ટિ કરી નથી, પોતાના સ્વભાવનું હોવાપણાનું અસ્તિત્વ અંતર્મુખ થઈને પ્રતીતમાં, દૃષ્ટિમાં-શ્રદ્ધામાં, જ્ઞાનમાં લીધું નથી ત્યાં સુધી દુઃખી છે.

મુમુક્ષુ :- કોણ?

ઉત્તર :- એ જીવ. પછી પૈસાવાળો હોય, રાજા હોય કે ચક્રવર્તી હોય, નારકી હોય કે પશુ હોય.

મુમુક્ષુ :- સુખનું નામ તો છે ને.

ઉત્તર :- નામનો અર્થ? કોથળીમાં નામ લખ્યું કે સાકર. અંદર હોય કરિયાતું. તો થઈ ગયું સાકર?

મુમુક્ષુ :- આ તો કોથળીમાં રૂપિયા લખ્યું તો રૂપિયા જ હોય.

ઉત્તર :- રૂપિયા તે રૂપિયા છે ને? એ ક્યાં સુખ છે? આહાહા..! કેમ હશે આ? જયંતિભાઈ! આ બધા તમારા કેમ હશે આ બધા ધૂળના?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય સુખી નથી, દુઃખી છે એકલા. આકુળ-વ્યાકુળ, સંકલ્પ-વિકલ્પ-સંકલ્પ. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એના હોવાપણાના અંતર અનુભવની દૃષ્ટિ વિના બહારના

હોવાપણે હું છું એ માન્યતા જ એકલી આકુળતામય દુઃખ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખી છે બધા. સાલિયાણા બંધાણા શું? આહાહા..!

ભગવાન આત્મા..! જૈન સાધુ થયો દિગંબર. અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય છતાં જ્યાં આત્મદર્શન અને આત્મ સ્વરૂપસન્મુખનો અનુભવ નથી તો દુઃખી છે. દુઃખી છે અને દુઃખને પંથે છે. આહાહા..! આવે છે ને રત્નકરંડ શ્રાવકાચારમાં? 'ગૃહસ્થ મોક્ષમાર્ગો નિર્મોહો...' મોહી મુનિ પણ મૂઢ છે. જેને ભગવાન આત્મા...

મુમુક્ષુ :- આચાર્ય પાસે તો રૂપિયા ન હોય એટલે એમ જ કહે ને.

ઉત્તર :- રૂપિયા કોની પાસે હતા? કોઈ પાસે છે નહિ રૂપિયા. કોણ કહે છે રૂપિયા છે? એય.. શેઠી! કોની પાસે રૂપિયા છે? કોણ કહે છે? કોની પાસે જડ છે? કોની પાસે જડ છે? જડ જડમાં છે. આત્મામાં છે જડ? શું છે? મલકૂચંદભાઈ!

મુમુક્ષુ :- અહીં ચાર દિવાલમાં તો ... બહાર નીકળ્યા પછી...

ઉત્તર :- પણ બહાર અને અહીં એક જ વાત છે કે વળી બીજી વાત થઈ જતી હશે? આત્મા એ આનંદનું ઘર છે. સાંભળો! ભગવાન આત્મા એ આનંદનું ઘર છે. એ ઘર મૂકીને જેટલા વિકલ્પ અને સંકલ્પ કર્યા કરે છે, એ ચાહે તો પૈસાવાળો હો, નિર્ધન હો, સાધુ હો કે ભોગી હો, એ બધા દુઃખને પંથે અને દુઃખી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી. મફતનો માનીને મૂઢ. મૂઢતામાં ભાન નથી એને કે હું કોણ છું? ક્યાં છું? કેમ છું? શું છે આ? ધર્મક્રિયા કરનારા નામના જે રાગ દયા ને દાન ને વ્રત એ પાળનારા છે એ પણ શુભભાવ છે. એ પણ દુઃખરૂપ ભાવ છે. આહાહા..! એ આત્માના આનંદના સ્વભાવની અંતર રુચિના પ્રેમમાં આનંદ આવ્યો નથી અને બહારના પરિણામમાં પુણ્ય-પાપ અને ફળમાં પ્રેમ વર્તે છે (એ) મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**નોકર્મ,...**' ધર્મી-સમકિતીને નોકર્મ એટલે બાહ્યની ચીજો-લક્ષ્મી હો, મકાન હો, સ્ત્રી હો, કુટુંબ હો. એ બધા દુઃખના નિમિત્ત હતા. મારા છે નહિ. મારા નથી તો છું કોણ? અંદર આવી જાય છે આ. હું જ્ઞાયકભાવ છું. ઓલો જરી શબ્દ છે ને આમાં? આવ્યું હતું ને આમાં? એ આવશે. એવો જ શબ્દ આવશે હજી આગળ, હોં! કળશમાં આવ્યો છે ને? ૧૩૬. સ્વનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે. ૧૩૬. એ તો આ ને? '**स्वान्यरूपाप्तिमुक्त्या**' એનું ને? એવી જ ટીકા આવશે હવે. એ જ શબ્દો અને એ જ ટીકા. છે ને ૧૩૬ કળશ? '**स्वं वस्तुत्वं कलयतुमयं स्वान्यरूपाप्तिमुक्त्या**' આ તો એ

શબ્દ હમણાં લક્ષમાં આવ્યો. આ બે શબ્દ છે. એ જ શબ્દ ૨૦૦મી ગાથામાં આવશે. એ જ શબ્દ. ત્યાં પણ એ વસ્તુત્વને વિસ્તારતો '**સ્વભાવના ગ્રહણ અને પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય પોતાના વસ્તુત્વને વિસ્તારતો...**' ૨૦૦મી ટીકા. આ એનું આ ઉપરનું છે ને ઓલું? સમજાણું કાંઈ?

ભાઈ! જુઓ! આ તો માર્ગ એવો છે કે કાં સ્વાધીન અને કાં પરાધીન. બે વાત છે. બીજો અંદર વચલો રસ્તો નથી. આ આત્મા અંદર જ્ઞાનનું તેજ, જ્ઞાનના તેજના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. અને જેનામાં શક્તિ જેની છે, શક્તિ જેની છે એનું શું? વસ્તુ છે. સવારમાં કહ્યું હતું રસ્તામાં. સવારમાં. આ શક્તિવાન છે તો એની શક્તિ શું? વસ્તુ છે એ તો શક્તિવાન છે. વસ્તુ શક્તિ નથી. જેમ સાકર એ શક્તિવાન છે. પણ એની શક્તિ? ગળપણ, સફેદાઈ એ એની શક્તિ છે. એમ આત્મા એ શક્તિવાન છે. પણ શક્તિ શું એની ત્યારે? કે શક્તિ એની જ્ઞાન, આનંદ એ અનંત અનંત શક્તિનું સામર્થ્ય તત્ત્વ છે. વસ્તુનો એ સ્વભાવભાવ છે. સમજાણું કાંઈ?

આત્મા એ અસ્તિ. એની જ્ઞાન શક્તિ, આનંદ શક્તિ, સ્વચ્છતા શક્તિ, વીર્ય-બળ શક્તિ એ બધી શક્તિઓ એ વસ્તુનું તત્ત્વ છે, ભાવ છે. એ ભાવનું સામર્થ્ય અનંત છે. એવા સ્વભાવ ઉપર જેની દૃષ્ટિ નથી, એવી સત્તાનો અંતરમાં સ્વીકાર અનુભવમાં-જ્ઞાનમાં નથી અને જેને ફક્ત પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, વિકલ્પ, શરીર, વાણી, મન, આ બધું આખું લંગર. સમજાણું કાંઈ? એમાં હું અને એનો મને લાભ, એવો જે મિથ્યાત્વભાવ એકલો દુઃખના પંથે પડેલો પથિક છે. એય..! જયંતિભાઈ! કહ્યું હતું ને આ વખતે? છોકરા ન હોય એ છોકરા માટે વલસે. છોકરા ને હોય એ આમ વલખા કર્યા જ કરે છે. કોણ જાણે શું છે આમાં? એય..! હિંમતભાઈ! ભાઈ! આ તો વિચાર આવે એટલે ઘણાં આવે છે. ફરતા હતા ત્યારે નહોતું કહ્યું? કહ્યું હતું. જયંતિભાઈને કહ્યું હતું. શું છે પણ હોળી કાંઈ ન મળે. પાપના પથરા ખોળામાં નાખવા છે. આહાહા..! માને કે મારે દિકરા વિના ચાલે નહિ, બાયડી વિના ચાલે નહિ, છોકરા વિના ચાલે નહિ, પૈસા વિના ચાલે નહિ, શરીર વિના ચાલે નહિ, આબરૂ વિના (ચાલે નહિ). મૂઢ છે. મારા આત્માના આનંદ વિના ચાલે! આહાહા..!

આત્મા આનંદ સ્વરૂપ છે. પોતાનું સ્વરૂપ જ એ છે. પોતાની સ્થિતિ જ એ છે. પોતાનું સત્ત્વ જ આનંદ અને શાંત શક્તિ-સ્વભાવ-જેનો સ્વભાવ, જેનો અમાપ સ્વભાવ એના વિના ચાલે. પણ મારે પુણ્યના ભાવ વિના, પાપના ભાવ વિના, આ સામગ્રી વિના ન ચાલે. આ જ એની મિથ્યાદૃષ્ટિપણું દુઃખરૂપ અને દુઃખના ફળરૂપે છે. કહો, સમજાણું આમાં?

એય.. પોપટભાઈ! એમાં કાંઈ પૈસા પાંચ-પચાસ લાખ, બે-પાંચ કરોડ, દસ કરોડ થઈ ગયા. હું પહોળો ને શેરી સાંકડી થઈ ગયું. મૂઢ છો, હેરાન થઈને દુઃખને પંથે પડ્યો છો. કહો, સમજાણું કાંઈ? એય..! શેઠી!

અહીં તો કહે છે, ભગવાન આત્મા એને બાહ્ય પદાર્થનો કોઈપણ કણ (હોય), મારે ને એને કાંઈ સંબંધ નથી. મારામાં એ નથી, મને એ સહાયક નથી, મને એ સુખનું કારણ નથી. મારે રાગ હતો ત્યારે રાગમાં નિમિત્ત દુઃખનું કારણ હતું. એ ધર્મીને-સમ્યગ્દષ્ટિને-સુખને પંથે પડેલો પંથી... સમજાય છે કાંઈ? હું તો આત્મા છું. મારામાં તો આનંદ અને જ્ઞાન છે. મારામાં એ સંબંધીનું જ્ઞાન હો પણ એ ચીજ મારામાં નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? મણિભાઈ સાંભળે છે, ધ્યાન રાખે છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

હવે અહીં કહે છે કે '**મન,..**' એ અહીં મન છે ને એ મારું નથી એમ ધર્મી અનુભવે છે. અહીં મન છે મન, છાતીમાં. મન છે ને આઠ પાંખડીનું? અહીં મન. જેમ આ કોડો છે ને આંખનો, એવું એક મન છે. એ હું નથી. એ મન મારામાં નથી, એ મન મને સહાય થાય તો મને લાભ થાય એવું મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? મન ભઈ સારું હોય તો સગવડતા તો થાય ને સારી? કહે છે કે મન જ મારું નથી. આહાહા..!

ભગવાન આત્મા આનંદનું પૂર પ્રભુ આત્મા, પણ એને આત્મા શું એની ખબર જ નથી. અનુમાનથી પણ આ શું કેવી ચીજ હોય એવો કોઈ દિ' એણે વિચારથી નિર્ણય કર્યો નથી. પણ છે શું આ તે વસ્તુ આવા આટલા વખાણ કરે છે? પોપટભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મરી ગયો કામ કરી કરીને, જુઓને! અનંત કાળ શું કર્યા? રાગ-દ્વેષ કર્યા છે જન્મથી. શું કર્યું છે શું એણે? એક ફોતરું પણ, આંખની પાંપણને પણ ફેરવી શક્યો નથી. એ તો જડ છે. આ ધંધા-બંધા એ કરી શકે છે? કેમ હશે? જયંતિભાઈ! આ કાપડના પોટલા આડાઅવળા કરે છે. કોણ કરે છે?

મુમુક્ષુ :- વિકલ્પ કરે છે.

ઉત્તર :- વિકલ્પ-રાગ કરે છે. અને ન ઠીક પડે તો દ્વેષ કરે છે. રાગ-દ્વેષ સિવાય એણે કાંઈ કર્યું નથી. અનંત કાળમાં નિગોદથી માંડીને, નવમી ગ્રૈવેયકે ગયો. જૈન દિગંબર સાધુ મિથ્યાદષ્ટિ. એણે કર્યું હોય તો ફક્ત રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના વિકલ્પો કર્યા છે. કંપન્ન છે એ જુદી વાત છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે મન મારું નથી. મનને અને મારે કાંઈ સંબંધ નથી. હું તો એક જ્ઞાનસ્વરૂપ છું ને. જાણનાર આનંદ સ્વરૂપ છું. એવા ભાનમાં સમ્યગ્દષ્ટિને મન મારું નથી. આહાહા..!

સમજાણું કાંઈ? એ તો મન કર્મના પાકનું ફળ એક છે. નામકર્મ છે ને? એનું ફળ મન છે. એમાં હું ક્યાં છું? મારા હોવાપણામાં મન નથી અને મનના હોવાપણામાં હું નથી. કહો, પોપટભાઈ! ઘરમાં હું છું અને પૈસામાં હું છું. ક્યાંય વાત રહી ગઈ, મફતનો મુરખ હેરાન-હેરાન થાય છે. એય.. સુમનભાઈ! મફતનો મુરખ.

મુમુક્ષુ :- મફતનો એટલે?

ઉત્તર :- કાંઈ પણ પ્રયોજન ન મળે, કાંઈ લાભ ન મળે. નુકસાનનો પાર ન મળે અને લાભમાં કાંઈ ન મળે. આહાહા..! મલોખાની કીધી હતી ને બપોરે .. મલોખાની સાંઢડીયું. મલોખા નથી થતા આ? મલોખા અમારે કહે છે. આ સાંઠા થાય ને સાંઠા જુવારના? એના સૂકા રાડા. છોલ ઉતારીને પછી છોકરાઓ કરે. છોલ નાખી નાખીને સાંઢડી કરે, પગ મૂકવામાં કામ આવે?

મુમુક્ષુ :- રમવામાં કામ આવે.

ઉત્તર :- રમવામાં આવે તો શું રાગનું નિમિત્ત થાય. એમ આ જગતની ચીજો મલોખાના પાંખડા છે બધા. આત્મા ને અને કાંઈ સંબંધ નથી. ત્રણ કાળમાં એ આત્મા પરવસ્તુને કોઈ દિ' અડ્યો નથી ને. આહાહા..! સમજાણું કાંઈ? અડ્યો નથી સમજો છો? સ્પર્શતો નથી, સ્પર્શતો નથી. આ શરીરને અડ્યો જ નથી, સ્પર્શ કર્યો નથી. ત્રણ કાળમાં સ્પર્શ કર્યો નથી. અત્યારે આત્માએ શરીરને સ્પર્શ કર્યો છે એ વાત તદ્દન જૂઠી છે. માટી છે આ તો. આત્મા અરૂપી છે.

મન મારું નથી, મનને મેં સ્પર્શ કર્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? હું તો આત્મા જ્ઞાયક ચૈતન્ય છું. એવા સ્વભાવના હોવાપણાના અનુભવને લઈને મન મારું નથી તે કાળે તેને સંવર અને નિર્જરા થયા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મૂરખાના આંકડા હોય છે ને.

ઉત્તર :- કોનો?

મુમુક્ષુ :- મુરખાનો.

ઉત્તર :- મુરખાનો આંકડો શું કહેવો? નિર્ધનનો અંક શું કહેવો? એય..! નિર્ધનનો આંકડો શું હશે? સુમનભાઈ! નિર્ધનનો આંકડો શું કહેવો? પાઈ પણ કહેવી એ તો સધન થયું. નિર્ધનનો આંકડો શું? શૂન્ય. આહાહા..!

આ ભગવાન આત્મા ચૈતન્યજ્યોત બિરાજમાન ધ્રુવ, એના સમીપનો અનુભવ અને દૃષ્ટિ નહિ કરીને, આ મન મારા એ માનીને રહ્યો છે એ મિથ્યાદૃષ્ટિ ક્ષણે ક્ષણે બંધન અને દુઃખ ઉત્પન્ન કરે છે. ત્યારે મન મારું નથી. મારું તો આનંદ અને જ્ઞાન છે. એવા ભાનમાં સમકિતીને

ક્ષણે ક્ષણે શુદ્ધિ શુદ્ધ દ્રવ્યને આશ્રયે વધતી જાય છે. કહો, સમજાણું કાંઈ?

વાણી મારી નથી. '**વચન,...**' વચન. આ વાણી કોણ બોલે?

મુમુક્ષુ :- જીવ બોલે.

ઉત્તર :- જીવ ધૂળેય બોલે નહિ. શરીર પણ બોલે નહિ. આ શરીર તો આહાર વર્ગણા છે. ભાષા વર્ગણાના વચન જુદા છે, આ જુદી ચીજ છે, એ જુદી ચીજ છે. આ શરીરથી વાણી નીકળે નહિ. તો વળી આત્માથી વાણી ક્યાંથી આવી? વાણી તો જડ છે. મીઠો સ્વર, સુંવાળા ... જેવી વીણા વાગે. આહાહા..! મીઠું મધુરું. ધૂળેય નથી. સાંભળને! એ તો જડ છે. આ કંઠ ધ્રુજે છે અને અવાજ નીકળે એ તો જડ છે. એ આત્મા ક્યાં છે? આત્મામાંથી અવાજ આવે છે? સમજાય છે કાંઈ? એ વચન-વચન. એ વચન મારા નથી. વચનમાં હું નથી. કેટલાક એમ કહે છે ને કે આપણે ઉપદેશ આપીએ તો લાભ થાય. મૂઢ છો? ઉપદેશ વાણી છે. વાણીથી તને લાભ થાય? વાણી હું બોલું છું એ માન્યતા જ મિથ્યાદષ્ટિ મૂઢ અજ્ઞાનીની છે. બહુ છોડવું પડે અભિપ્રાયમાં, હોં! આહાહા..!

વાણી આવી હતી. અમારી વાણી આવી હતી. અમે આમ લાખ લાખ માણસની અંદર અવાજ કરીએ તો આમ થંભી જાય છે બધા માણસો. વાહ..! જડનો ધણી તું ખરો. ખરો એટલે ધણી એટલે માન્યતા તારી કે હું આનો આ. સમજાણું? વચન મારું નથી. વચનથી મને લાભ નથી. ઉપદેશ આપે છે માટે મને કાંઈક લાભ થશે (એમ) ત્રણ કાળમાં નથી. આરે.. આરે..! સમજાણું કાંઈ? વચનનો ઉપદેશ આત્મા કરી શકતો જ નથી. ઉપદેશ જડની અવસ્થા છે. આત્માની ક્રિયા એ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- નિર્જરા છે.

ઉત્તર :- શેની? નિર્જરા માને છે. ઉપદેશ દેતા નિર્જરા થાય. બીજા ધર્મ સમજે. ધૂળેય નથી. મિથ્યાદષ્ટિ થાય. સાંભળને! ઉપદેશ દેવાથી સભા સમજે અને એનાથી મેં ઉપદેશ દીધો. તું કોણ પણ? તું તો આત્મા. આત્મામાં વાણી છે તે વાણી આત્મા કરે? ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ? હુશિયાર માણસ સમજાવી જાણે બધાને, લ્યો. ઘરના સગાવ્હાલાને બધાન એમ હોય કે હું ઘરમાં ઉઠા ભણાવીશ બધાને. ઓલાને આમ કરાવ્યું, ઓલાને આમ કરાવ્યું, ઓલાને આમ કરાવ્યું. હવે ઠેકાણે પડી ગયું. લ્યો. બાયું હોય તો ઘરમાં કો'ક તકરાર થઈ, કોઈ વેવાઈવેલામાં કોઈ સગપણ તૂટવાની તૈયારી થઈ થઈ હોય કે એવું થયું હોય કે ફલાણું થયું હોય તો એમાં બધું સરખું પાડી દે. લ્યો. હુશિયાર માણસ હોય ઈ. ધૂળમાંય નથી, સાંભળને મૂરખ. વાણી તારી નથી, તું ક્યાંથી બોલીશ ત્યાં? વાણી તો જડનો અવાજ ઉઠે છે. આ વાણી તો જડ રજકણો છે.

ધર્મી માને છે કે એ વાણીના રજકણો મારા નથી. મારામાં તો તે સંબંધીનું જ્ઞાન અને મારા સંબંધીનું જ્ઞાન મારાથી થાય તે હું છું. આહાહા..! બહુ ફેર. ઘણો ફેર. અત્યારે સાધારણ માણસને વ્યવહારના પક્ષકારને (એમ થાય).. હાય.. હાય, આ!

એ '**કાયા,...**' મારી નથી. સમજાણું? 'કાયાની વિસારી માયા સ્વરૂપે સમાયા એવા.' શ્રીમદ્ નાની ઉંમરમાં વાત કરી છે. આ તો પાછળથી બનાવ્યું, 'જડ ને ચૈતન્ય...'

કાયાની વિસારી માયા સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.

જડ અને ચૈતન્ય એમાં એ છે. જડ અને ચૈતન્ય બંને પ્રગટ .. જડ તે જડ ત્રણ કાળમાં.. એવું આવે છે. કડીયું આવે છે ને? આત્મસિદ્ધિ જુદી. 'કાયાની વિસારી માયા સ્વરૂપે...' કાયાની વિસારી માયા. ભાષા જુઓ પાછી. કવિત્વ પણ કેવું લઈને આવ્યા છે!

કાયાની વિસારી માયા સ્વરૂપે સમાયા,
નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.

આ સેવા-બેવાનું કાંઈ ન આવ્યું આમાં? ..રાયજી! આહાહા..!

કાયા મારી નથી પછી કાયાની ક્રિયા કરે કોણ? અને પરની સેવા કરે કોણ? ધૂળ કરે, સાંભળને! આ તો બધી જડની અવસ્થા, માટી છે આ તો. માટીનું હાલવું-ચાલવું એ તો માટીને કારણે, આત્માને કારણે બિલકુલ છે નહિ. આહાહા..! મોટા મોટા બંધ કર્યા અને શું કહે છે તળાવ બાંધે એ? મોટા બંધ બાંધ્યા, એક કરોડનો બંધ બાંધ્યો, ફલાણે આ કર્યું. ધૂળેય કર્યું નથી, સાંભળને! એક રજકણ પણ ફેરવી શકે એવી તારામાં તાકાત છે જડનો સ્વામી થઈને? સમજાણું કાંઈ? કાયા હું નથી. કાયાની ક્રિયા એટલે પર્યાય હું નથી. હું તો જ્ઞાન સ્વરૂપ છું, મારામાં આનંદ છે. એમ આનંદના હોવાપણાના ભાનમાં રહેતો સંવર અને નિર્જરાની ઉત્પત્તિ કરે છે. કાયાની ઉત્પત્તિ પરથી થાય છે. આ ઉત્પત્તિથી આવ્યું હતું ને માથે નહિ બધું? ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો, આવ્યું હતું ને? એનાથી આ બધું ચાલ્યું આવે છે ને. ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ કાયા. એમ લેવું.

'**શ્રોત,...**' શ્રોત આ કાન હું નથી. આ તો માટી છે. કાન હું નથી. આ કાન તો જડની પર્યાય છે. શરીરનું અંગ છે માટી-ધૂળ છે, અજીવ છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ સત્ય સ્વરૂપને સ્વીકારનાર અને સત્ય સ્વરૂપના સુખને પંથે પડનાર એમ માને છે કે કાન હું નથી. મારામાં કાન નથી, કાનમાં હું નથી. સમજાણું કાંઈ? શ્રોત-શ્રોત. આ શ્રોત છે ને-કાન? આ તો માટી છે. અજીવતત્ત્વ છે. અજીવ-અજીવ. સમજો છો ને? આ કાન છે કાન? એ અજીવતત્ત્વ છે. આત્મામાં છે નહિ. કાનની ક્રિયા આત્માની નહિ. કાન સરખા રાખવા, બરાબર ધ્યાન

રાખવું, ઢીકણું (કરવું). કાન મારા જ નથી ને. આહાહા..! લ્યો!

એમ આંખ. આંખ આત્માની નહિ. આ તો માટીની-ધૂળની છે. કોડાના આકારની. આ પણ માનવું... સમજાણું કાંઈ? આંખ નહિ. હું તો જ્ઞાનનેત્રની આંખવાળો છું. જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ. આંખ એવી સારી હોય તો દયા પળે. કહો! કાન હોય સારા તો સંભળાય. કહે છે કે કાન ને આંખ હું નથી પછી સાંભળે કોણ અને વાંચે કોણ? જોવે કોણ? હું તો મારા જ્ઞાન દ્વારા જાણું અને દેખું. સમજાણું કાંઈ? સમ્યગ્દ્રષ્ટિ થતાં એ આંખ અને કાનના કામ મારા નહિ. એ મારી ચીજ નહિ, એમાં હું નહિ, એ મારામાં નહિ. એમ આંખ થઈ.

'**ઘ્રાણ,...**' નાક-નાક. એમ '**રસન...**' એટલે જીભ. એ જીભ હું નહિ. જડની છે આ પર્યાય. માટીની અજીવની છે. હલે ચલે તોપણ અજીવને લઈને, આત્માને લઈને નહિ. '**અને સ્પર્શન-**' એ સ્પર્શ એ જડ છે જડ. એને હું હલાવી શકું, પરથી કામ કરી શકું એ મારા સ્વરૂપમાં છે જ નહિ. એમ સમ્યગ્દ્રષ્ટિને પરથી ભિન્નપણાનું સ્વરૂપના ગ્રહણનું ભાન હોવાથી ક્ષણે ક્ષણે નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી જાય છે. તેને અહીંયાં નિર્જરા કહેવામાં અને ધર્મ કહેવામાં આવે છે.

'**આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' એટલે નોકર્મની સાથે આ બધું. આ પૈસા ને ધૂળ ને ધાણી બધું વિચારવું. એ બધાં મારા નથી.

'**આ રીતે સમ્યગ્દ્રષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો...**' રાગને છોડતો ભેગું બધું લઈ લેવું. '**નિયમથી જ્ઞાન-વૈરાગ્ય સંપન્ન હોય છે-એમ હવેની ગાથામાં કહે છે :-**'

**एवं सम्मद्दिट्ठी अप्पाणं मुणदि जाणगसहावं।**
**उदयं कम्मविवागं च मुयदि तच्चं वियाणंतो।।२००।।**

આ ગાથાનો વિસ્તાર બહુ આવશે અર્થમાં. નીચે.

**સુદ્રષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.**

બહુ ટૂંકામાં પાછું કહ્યું.

'**ટીકા :- આ રીતે સમ્યગ્દ્રષ્ટિ...**' આત્માના શુદ્ધ ચૈતન્યના ભાનવાળો. સમજાણું કાંઈ? હું તો ચૈતન્યસૂર્ય આનંદની મૂર્તિ છું. એવું જ્યાં અંતરમાં ભાન થયું તે સમ્યગ્દ્રષ્ટિ '**સામાન્યપણે અને વિશેષપણે...**' સામાન્ય એટલે પહેલું કહ્યું હતું કે જેટલા કર્મના પાકના ભાવો રાગથી માંડીને પર એ બધું મારું એ સામાન્ય. વિશેષપણે ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન પ્રકારના રાગ અને સંયોગ જે દેખાય એ બધાથી મારું સ્વરૂપ ભિન્ન છે.

**'સર્વ ભાવોથી વિવેક કરીને,...'** સમ્યગ્દષ્ટિ આત્મામાંથી એક દયા, દાનનો રાગ પણ મારો નથી. એનાથી માંડી શરીર, કર્મ, પૈસા, લક્ષ્મી, આબરૂ બધું. શિષ્ય ને.. સમજાણું? એનો વિવેક કરીને સર્વ ભાવોથી ભિન્નતા કરીને **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે...'** ત્યારે ભિન્ન કરીને છું કોણ હું? એવો ને એવો જેમ વગર ટાંકણે ઘડ્યા વિનાની જેમ મૂર્તિ હોય છે-અણઘડ, એવો ચૈતન્ય અરૂપી વિજ્ઞાનઘન જ્ઞાયક સ્વભાવ જેનો સ્વભાવ છે. **'એવું જે આત્માનું તત્ત્વ...'** લ્યો! આત્મા એનું તત્ત્વ એટલે સ્વભાવ. જાણવું, દેખવું, આનંદ આદિ આત્માનું તત્ત્વ, એ આત્માનું સત્ત્વ, એ આત્માનો ભાવ. **'તેને (સારી રીતે) જાણે છે;...'** આ ધાર્મિક ક્રિયાની વાત ચાલે છે આ. આહાહા..! જડની ક્રિયા આત્માની નહિ. દયા, દાન, પુણ્ય-પાપના ભાવ વિકલ્પ થાય એ આત્માની ક્રિયા નહિ, એ વિકારી ક્રિયા. પરથી ભિન્ન ભાસવું આત્માનું, એ ધાર્મિક ક્રિયા. સમજાણું કાંઈ?

**'ટંકોત્કીર્ણ...'** પરથી ભિન્ન એવો ભગવાન **'એક જ્ઞાયકભાવ...'** એકલો ચૈતન્ય સ્વભાવ જાણક... જાણક... જાણક... એ મારી સંપદા, એ મારું સ્વરૂપ, એ મારી લક્ષ્મી, એ મારું ધન. એને **'એવું જે આત્માનું તત્ત્વ તેને (સારી રીતે) જાણે છે; અને એ રીતે...'** બેની વાત કરી. હવે એ રીતે (કહીને) એનો સરવાળો કરે છે. **'તત્ત્વને જાણતો,...'** પોતાના સ્વભાવને આત્માનું તત્ત્વ તે જ્ઞાન, દર્શન, આનંદ તેને જાણતો. **'સ્વભાવના ગ્રહણ,...'** જુઓ! આ શબ્દ આવી ગયો હતો ઓલા કળશમાં. ૧૩૬. પોતાનો શુદ્ધ સ્વભાવ, પવિત્ર સ્વભાવ તેનું ગ્રહણ અને પરભાવનો ત્યાગ. પુણ્યના વિકલ્પ દયા, દાન આદિ પરભાવ તેનો ત્યાગ.

મુમુક્ષુ :- ઓલામાં તો વિધિ આવી, આમાં તો વિસ્તાર કર્યો.

ઉત્તર :- હા. એ તો શબ્દો આટલા છે. પણ ઓલી વિધિ વડે અને અહીં નીપજાવવા યોગ્ય વસ્તુને નીપજાવે છે એમ કહેવું છે. એટલો ફેર, બીજો કાંઈ ફેર નથી. કહો, સમજાણું કાંઈ? કળશ હતો ને જ્યાં? ત્યાગ કરવાની વિધિ વડે પોતાને વસ્તુત્વનો અભ્યાસ કરવા માટે. એમ હતું ત્યાં.

અહીંયાં. શબ્દ તો એના એ છે. સત્‌નું ગ્રહણ, પરનો ત્યાગ, વસ્તુત્વને અભ્યાસતો. વસ્તુત્વ શબ્દ પણ બેયમાં પડ્યા છે સરખા. શું કહે છે? આત્મા વસ્તુ છે. તો એનું વસ્તુત્વ એટલે જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ શુદ્ધ એ બધું વસ્તુત્વ છે. એ સ્વભાવ મારો અને પુણ્ય-પાપના રાગાદિ મારા નહિ. એમ સ્વનું ગ્રહણ અને પરના અભાવરૂપ ત્યાગ. એને પરભાવના ત્યાગથી નીપજવા યોગ્ય. એ નીપજવા યોગ્ય. **'પોતાના વસ્તુત્વને વિસ્તારતો...'** જુઓ! આ નિર્જરા. શું કહે છે?

આત્મા પોતાનું તત્ત્વ કાયમનું સત્ત્વ જાણવું, દેખવું, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા આદિ. એવા સ્વભાવમાં, એવા સ્વભાવમાં એકાગ્ર થતો એટલે કે સ્વભાવને ગ્રહતો અને વિકલ્પ દયા, દાનથી માંડીને પર મારામાં નથી એમ પરભવના ત્યાગનો, '**ત્યાગથી નીપજવાયોગ્ય...**' વસ્તુ. જુઓ ભાષા. એ સ્વભાવના ગ્રહણથી અને વ્યવહારના અભાવથી વસ્તુત્વને નીપજાવતો એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર.. વ્યવહાર.

ઉત્તર :- વ્યવહારના ત્યાગથી નીપજાવતો વસ્તુત્વને. એમ કહે છે. સમજાણું કાંઈ?

સ્વભાવનું ગ્રહણ. ચોથે ગુણસ્થાને ચાહે તો આઠ વર્ષની કન્યા હો કે ચાહે તો દેડકો હોય કે ચાહે તો સાતમી નરકનો નારકી હો. આહાહા..! એ પોતાના વસ્તુના સ્વભાવનો એકવાર પહેલો શરૂઆતમાં અનુભવ આનંદનો થયો, એ આનંદમય છે એમ કાયમ એને દૃષ્ટિમાં રહ્યા કરે છે. સમજાણું કાંઈ? એથી સ્વભાવનું ગ્રહણ... જુઓ! આ નિર્જરા. કાંઈ અપવાસ કરીને મરી જાય તો નિર્જરા થાય એવી નથી. એ આવશે હજુ હોં આમાં. એક કળશ આવશે. એ કળશ આવે છે.

મુમુક્ષુ :- અપવાસ કરીને મરી જાય.

ઉત્તર :- અપવાસ કરીને મરી જાય એટલે આમ મહિના મહિનાના.. હવે ખપે નહિ. છોડી મરી ગઈ નહિ? હમણાં જોરાવર નગરમાં એક. કેટલા અપવાસ કર્યા અને મરવાની તૈયારી. બધા ભેગા થઈને પછી સવારે આહાર લેવો. નક્કી કર્યું ત્યાં તો સવારમાં તો મરી ગઈ. બહુ લાગી ગયું હશે. બહુ જોર એટલા કરે છે ને, ખોટા આત્માના ભાન વિના. આઠ-આઠ અપવાસ, પંદર પંદર અપવાસ મહિના અને મહિનાના. લાંઘણું. દુનિયામાં માન લેવા, મોટપ લેવા, ગણાવા જગતમાં. મરી જાય છે. ઈ કહેશે અહીંયાં આગળ. મરી જાને, મરીને ચૂરો થાને. એમ કહેશે. પછી આવશે. સમજાણું? છે ને? પછી આવશે ને? આગળ આવશે. પછી આવશે. જુઓ! '**क्लिश्यन्तां स्वयमेव**' આવશે. ૧૪૨ કળશ આવશે. '**महाव्रततपोभारेण भग्नाश्चिरम्**' મરી જા, સૂકાઈ જા, તું ચૂરણ થઈ જા શરીરનું. પણ આત્માના ભાન વિના તને સંસાર.. સંસાર... સંસાર... સમજાણું કાંઈ? આત્માની કિંમત કરતા આવડી નથી અને એને પરની કિંમત અંદરથી ખસતી નથી. કહો, દિપચંદજી! આહાહા..! એ આગળ આવે છે. મરીને ચુરો થાય. સમજ્યાને? એમ કહેશે. જુઓને! '**ભગ્ન થયા થકા (-તૂટી મરતા થકા)**' તપના ભારથી ઘણા તપી મરી ગયા બિચારા આમ. મહિનાના અપવાસ કર્યા છે. આ વ્રત પાળ્યા છે. આ ખપતું નથી. પણ એ તો બધા વિકલ્પ છે. સાંભળને! ભગવાન આત્મા રાગથી રહિતના અંતર અનુભવ વિના કંઈપણ જન્મ-મરણનો અંત આવવાનો નથી.

સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એ નિર્જરા કોને થાય? કે, આત્માના સ્વભાવ તત્ત્વને જાણનારો અને તે સ્વભાવમાં એકાગ્રતાથી સ્વભાવને ગ્રહનારો. અને તે સ્વભાવમાં એકાગ્રતાથી રાગાદિના પરભાવના અભાવભાવવાળો, પરભાવના ત્યાગ... જોયું! ઓલું વ્યવહારના અભાવથી વસ્તુનું ઊપજવું થાય છે. વસ્તુપણું. પોતાના વસ્તુત્વને વિસ્તારતો. કહે છે કે ભગવાન આત્મા પોતામાં આખો ભંડાર ભર્યો છે. વસ્તુત્વ. વસ્તુનું વસ્તુપણું. જ્ઞાન, આનંદ આદિ. એવા સ્વભાવમાં ધર્મી એકાગ્ર થયો, ગ્રહણ કરતો અને રાગાદિ વ્યવહારમાં ત્યાગરૂપ-અભાવરૂપ પરિણમન કરતો. વ્યવહારના અભાવને કરતો, વસ્તુત્વને નિપજાવતો. આત્માના શુદ્ધ સ્વભાવરૂપ ભાવને ઉત્પન્ન કરતો. સમજાય છે કાંઈ આમાં?

વળી વસ્તુત્વને વિસ્તારતો. એટલે વસ્તુ ક્યાં વિસ્તરીને ક્યાં જાતી હશે? લાંબી થઈ જતી હશે? એટલે શું? કે વસ્તુ જે ભગવાન આત્મા, એનું વસ્તુત્વ એટલે જ્ઞાન ને દર્શન આનંદ સ્વભાવ, એની ઉપર નજર એકાગ્ર હોવાથી તે સ્વભાવમાં ગ્રહણ છે અને વિકલ્પ આદિ વ્યવહાર, દયા, દાન આદિનો તેમાં ત્યાગ-અભાવ છે. તેનો ત્યાગ છે. એના અભાવથી આત્માના સ્વભાવને શુદ્ધતાને વિસ્તારતો. આત્માના શુદ્ધ સ્વભાવની પર્યાયમાં વિસ્તારતો. શુદ્ધ સ્વભાવને નિર્મળપણે ઉત્પન્ન કરતો. એને નિર્જરા કહેવામાં આવે છે. હજી તો ગ્રાહ્ય થવું મુશ્કેલ. એ ક્યાં એણે સાંભળ્યું ન હોય બિચારાએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પડથારો વધતો જાય.

ઉત્તર :- પડથારો વધતો જાય ઓલા મૂઢનો. અહીં આ પડથારો અંદરનો વધતો જાય, એમ કહે છે. ઓલો પડથારો વધે ને? આ હોળી વધી, પચાસ લાખ, કરોડ, પચ્ચીસ લાખ, કરોડ, પચ્ચીસ કરોડ ને પચાસ કરોડ. એય..! પથારો વધી જાય છે. એય..! જયંતિભાઈ! શું કહે છે ઈ?

મુમુક્ષુ :- પથારા.

ઉત્તર :- પથારો, પથારો-મોટો વિસ્તાર. કેમ પોપટભાઈ! આ જુઓ, એના સાળાને કેટલો પથારો છે ન્યાં ગોવામાં. દોઢ અબજ રૂપિયા. કહો! એક અબજનું એલ્યુમિનિયમ નીકળશે. અને ચાલીસ કરોડ ઊપજ. એક લાખની પેદાશ દરરોજની.

મુમુક્ષુ :- એ કોને કામ આવશે?

ઉત્તર :- જડને. આત્માને ક્યાં કામ આવતી હતી? સમજાણું કાંઈ? એય..! લાગે સારા મોટા હોં! દીકરી-બીકરી લે તો ઠીક પડે. લલચાય. ધૂળ જેની પાસે ઝાઝી હોય. છોકરો પણ ત્યાં પરણે તો ઠીક. અંદર આ શું હશે આ? આહાહા..! દુઃખી. દુઃખીને રસ્તે પડ્યા

એના દુઃખના પંથમાં આપણે પણ જઈએ ભેગા. ક્યે પંથે જવું અને ક્યાંથી ખસવું એ અહીં કહે છે, જુઓ!

શુદ્ધ સ્વભાવના પંથે અંતર જા અને વિભાવના પંથથી ખસી જા. વિભાવ હોં! પરની વાતું તો ક્યાંય રહી ગઈ. આહાહા..! એને ધર્મ થાય છે કે, એટલે કે એને સુખ થાય છે કે, એટલે કે એને સ્વતંત્રતાના મોક્ષમાર્ગની દશા ઉત્પન્ન થાય છે કે આત્મા શુદ્ધ પવિત્રતાના અંતરમાં એકાગ્ર થાય છે અને રાગાદિ ભાવથી નિવર્તે છે ત્યારે તેના વસ્તુનું વસ્તુત્વ નામ શુદ્ધપણું વિસ્તાર નામ નિર્મળતાને વધારે છે. એ વસ્તુનો વિસ્તાર કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાષા કથન... કોઈ દિ' સાંભળ્યું ન હોય. માથાકૂટ કરીને મરી ગયો હોય બધા આટલા વર્ષમાંથી.

અહીં તો કહે છે, કેટલો ન્યાય મૂક્યો છે, જુઓને! આ રીતે એટલે કે આત્માના અંતર સ્વભાવને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડેલું ભેદજ્ઞાન, એવો આત્મા પોતાના સ્વભાવને અંતરમાં ગ્રહતો અને વિકલ્પાદિ દયા, દાન, વ્રતના વિકલ્પો છે તેને ત્યાગતો, તેના અભાવરૂપ થતો પોતાના વસ્તુનો શુદ્ધ સ્વભાવ છે તેને પર્યાયમાં નિર્મળપણે ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! અષાઢી મેઘ ચડે ત્યારે નથી કહેતા? આ જુઓને આમ. આજ અષાઢ સુદ પુનમ છે. એમ અંદરથી ચડે આખો, વાદળુ આનંદનું કંદ ઝરણા થાય, જ્યાં ઝરણા. એમ કહે છે અહીં.

વસ્તુત્વને વિસ્તારતો. આ શું? વસ્તુત્વને વિસ્તારતો એટલે? ટીકા પણ કેટલી ગજબ છે ને! દિગંબર મુનિ જંગલમાં રહીને આત્માના કામ કર્યા છે પણ ક્ષયોપશમ એટલો વિકાસ છે જગત પાસે મૂકી ગયા વાત. માર્ગ આ છે. નિર્જરાનો માર્ગ, મોક્ષનો માર્ગ અંતર પવિત્રતાનું ધામ ભગવાન, એને પકડીને એકાગ્ર થવું. જેટલો વિકલ્પ વ્યવહાર દયા, દાન, અરે..! વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્રના જાણપણાના પરલક્ષી ભાવ એના અભાવભાવ ત્યાગભાવ કરતો '**પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય...**' ભાષા પાછી શું છે? કે પોતાના સ્વભાવનું ગ્રહણ, પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય. એના ત્યાગથી નીપજવાયોગ્ય. સ્વભાવના ગ્રહણથી અને રાગના ત્યાગથી, નિશ્ચય સ્વભાવના ગ્રહણથી અને વ્યવહારના ત્યાગથી નીપજવાયોગ્ય. સમજાણું કાંઈ?

'**પોતાના વસ્તુત્વને...**' આહાહા..! ભગવાન આત્મા આ નિજલક્ષ્મીને વિસ્તારતો, એમ કહે છે. ભગવાન આત્મા ચૈતન્યની મૂર્તિ આનંદનું પૂર એણે અંતરમાં દૃષ્ટિ લીધી છે એથી સ્વભાવનું ગ્રહણ છે અને વ્યવહારના જેટલા વિકલ્પો છે, એના ત્યાગથી, એના અભાવથી, એના અવલંબનના અભાવથી, એના આશ્રયથી નીપજવાયોગ્ય વસ્તુ નથી. પણ એના અભાવથી

નીપજવાયોગ્ય એવો આત્માનું વસ્તુત્વ નામ જ્ઞાન, આનંદ સ્વભાવ તેને વિસ્તારતો નામ નિર્મળ પર્યાયને ઊપજાવતો. કહો, સમજાણું કાંઈ? છે કે નહિ? સામે પાઠ છે એનો અર્થ ચાલે છે આ.

‘**વસ્તુત્વને વિસ્તારતો...**’ પણ એના બે (ભાવ). સ્વભાવનું ગ્રહણ, પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય વસ્તુત્વ. એ વ્યવહારના દયા, દાનના, અપવાસના વિકલ્પ ઉઠ્યા એનાથી વસ્તુત્વ નામ આત્માના ગુણની પર્યાય વધતી નથી. એ તો રોકે છે એને. આહાહા..! સમજાણું કાંઈ? ટીકા પણ ક્યાંથી કાઢી, લ્યો! ‘**मुणदि जाणगसहावं**’ લ્યો, એટલું આવ્યું ને? ‘**अप्पाणं मुणदि जाणगसहावं**’ અને ‘**उदयं कम्मविवागं च मुयदि**’ બસ, છે ને બે પાઠ મૂળ? મૂળ શ્લોકનું આ રીતે કાઢ્યું અંદરથી. ‘**सम्मद्दिट्ठी**’ સમ્યગ્દૃષ્ટિ જીવ ‘**अप्पाणं मुणदि**’ પોતાના આત્માના સ્વભાવભાવને જાણે છે. જાણકસ્વભાવ પાછો. કેવો સ્વભાવ? જાણકસ્વભાવ. અને ‘**उदयं कम्मविवागं**’ કર્મના પાકનો વિકલ્પ દયા, દાન વ્રતાદિનો જે ભાવ તેને ‘**मुयदि तच्चं वियाणंतो**’ સ્વભાવને ગ્રહણ કરતાં તેનો અભાવ કરીને તત્ત્વને નીપજાવે છે. વસ્તુત્વને નીપજાવે છે. કહો. શેઠી! કેટલું ભર્યું છે એમાં એક શ્લોકમાં!

દરિયાના પાણી જેમ અંદર ભર્યા હોય છે ને પછી કાંઠે લાવે છે ને દરિયો, આમ પહોળાઈ-વિસ્તાર કાંઠે. એમ ભગવાન આત્મા મધ્યબિંદુ એના સ્વભાવમાં તો બેહદ જ્ઞાન, આનંદાદિ છે. એને વર્તમાન દૃષ્ટિએ અંતરમાં અનુભવતા રાગના અભાવથી અને સ્વભાવના ગ્રહણથી, વ્યવહારના અભાવથી અને સ્વભાવની ઉત્પત્તિ કરતા વસ્તુત્વ ઊપજે છે (અર્થાત્) વસ્તુનો સ્વભાવ નિર્મળ પર્યાયપણે ઊપજે છે. એને વસ્તુત્વ વિસ્તારતો એમ કહેવામાં આવે છે.

‘**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા...**’ ઓહો..! કર્મના જડ, દુશ્મન, અજીવ, પર. એનાથી ઉત્પન્ન થયેલો દયા, દાન, વ્રતનો રાગ કે એનાથી ઉત્પન્ન થયેલા બહારમાં લક્ષ્મી આદિ. પૈસા, શરીરાદિ, વાણી આદિ, મન આદિ એ બધાને ‘**સમસ્ત ભાવોને છોડે છે.**’ એટલે કે અંતરમાં પોતાના સ્વભાવમાં તેને મેળવતો નથી. બહુ ઝીણી ક્રિયા. ધીરજની ક્રિયા. સમજાણું?

‘**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવોને છોડે છે. તેથી તે (સમ્યગ્દૃષ્ટિ) નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે...**’ શુદ્ધ સ્વરૂપના ભાનવાળો અને અશુદ્ધતાના અભાવવાળો એવો જ્ઞાન અને વૈરાગ્ય સંપન્ન હોય છે. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એના ભાવના અભાવથી આત્માના વસ્તુનો વિસ્તાર પામે, એમ કહે છે. ષોડષકારણ ભાવના એ રાગ છે. એ પરભાવ છે. વિભાવ છે, ઉદયભાવ છે. સમ્યગ્દૃષ્ટિ સ્વભાવને ગ્રહણ કરતો અને ઉદયભાવના ત્યાગ-અભાવથી-એના અભાવથી વસ્તુના નિર્મળ

સ્વભાવને ઊપજાવતો. સમજાણું કાંઈ? ત્યાં વળી (એમ કહે), તીર્થંકરગોત્ર બાંધે, એનાથી પછી આ પુણ્ય થાય, એનાથી વળી સમવસરણ મળે. જુઓ! પણ કોને વાત છે? સાંભળ તો ખરો. જે સમ્યગ્દૃષ્ટિ છે એને એવા વિકલ્પ હોય એનો એ ત્યાગ માને છે, હેય માને છે. આહાહા..! એ રાગને ઉપાદેય માને તો એ સ્વભાવનો અનાદર કર્યો. રાગને ઉપાદેય માને તો સ્વભાવને અણાદેય માન્યો-આદરવાયોગ્ય ન માન્યો. અહીં તો સ્વભાવનો આદર અને રાગનો અનાદર અથવા અભાવ એનો ત્યાગ. એ વિકલ્પના અભાવથી વસ્તુપણાને નીપજાવતો એમ કહ્યું છે. આહાહા.! જુઓ! તીર્થંકરગોત્ર ભગવાને કહ્યું છે. તીર્થંકર પ્રકૃતિ આત્માને મદદ કરે. સાંભળને. જડ છે, જડ પ્રકૃતિ તો જડ માટી છે. નામકર્મની ધૂળ છે ઝીણી. એ આત્માને મદદ કરતી હશે મોક્ષમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ નિમિત્ત નિમિત્તનો પોકાર કરે છે અનાદિનો.

અહીં તો બહુ જ સરસ વાત ટૂંકામાં ભગવાન આત્મા જેનો જ્ઞાયક સ્વભાવ, આનંદ સ્વભાવ, પવિત્ર સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, સમ્યગ્દૃષ્ટિ તેને ગ્રહણ કરતો અને એ રાગાદિ ભાવના અભાવરૂપ કરતો, આત્માના સ્વભાવને, શુદ્ધતાને વિસ્તારતો એ રાગને દૃષ્ટિમાંથી, સ્થિરતામાંથી છોડે છે. કહો, સમજાણું કાંઈ?

'**તેથી તે (સમ્યગ્દૃષ્ટિ) નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે.**' જ્ઞાન એટલે પૂર્ણ સ્વભાવના હોવાપણાનો અનુભવ. વૈરાગ્ય એટલે રાગાદિના અભાવસ્વભાવરૂપ પરિણતિ એવા જ્ઞાન અને વૈરાગ્ય સ્વભાવસંપન્ન જ્ઞાની સમકિતી હોય છે. કહો, સમજાણું કાંઈ? '**(એમ સિદ્ધ થયું.)**' લ્યો! પહેલેથી ઉપાડ્યું હતું એ જ્ઞાન વૈરાગ્ય.

'**ભાવાર્થ :- જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે...**' જુઓ! ભાષા. આનંદ તો ભેગો જ છે. જ્યારે આત્માને જાણનાર અને આનંદ જાણે. આ તો સુખમય તે હું જ છું. આનંદ અને સુખમય જ આત્મા છે. '**અને કર્મના ઉદયથી થયેલા ભાવોને આકુળતારૂપ દુઃખમય જાણે...**' જ્ઞાયકભાવરૂપ સુખમય, આ આકુળતારૂપ દુઃખમય. કર્મના નિમિત્તથી થયેલો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે છે એ પણ આકુળતારૂપ દુઃખમય છે. સમજાણું કાંઈ? તો અશુભભાવ આ રળવાનો, ખાવાના, પીવાના, ભોગના, વિષયના, માનના, આબરૂના, વ્યાજ ઉપજાવવાનો (ભાવ) મહાદુઃખમય ભાવ છે. હોંશુ ઊડી જાય એવું છે આમાં તો. માણસ હરખ કરતા હોય કે કાંઈક મળ્યું. નહોતું ને મળ્યું લ્યો. એય..! હિંમતભાઈ! ડોસા પાસે હતા સાત કરોડ રૂપિયા? કહેવાતા કરોડ, હોં! ... એક ભાવસાર કહેતો. ઓલો નહોતો ભાવસાર? ભુદર. એ કહેતો હતો. ઓહો..! નારણશેઠ તો બાપા કરોડપતિ.

ઓલો નહિ ભુદર-ભુદર ભાવસાર. અપાસરાની સામેની શેરીમાં રહેતો. અહીં આવતો નહિ? કો'ક દિ' પહેલા. નારણશેઠ તો કરોડપતિ. કારણ કે કોઈને પચ્ચીસ-પચાસ અને પચ્ચીસ-પચાસ સોંપે, એવા ઘણાં (હોય). ઓહોહો..! કરોડ કેટલાએ થતા હોય એ ખબર ન હોય. હવે સાચું થયું એમ કહે છે. એય.. જયંતિભાઈ! પણ ઈ કહેતો હતો મને એક ફેરી, હોં! નારણશેઠ બાપા.. આ છોટાભાઈના બાપ કરોડપતિ છે. મેં કીધું, આને કરોડની ખબર લાગતી નથી. સો હજારે લાખ અને સો લાખે કરોડ. હવે સાચું થયું, આ કહે છે. મમતાના પોટલા થયા હવે.

કહે છે કે આત્મા જ્ઞાયક અને સુખરૂપ. આકુળતાના પરિણામ દુઃખરૂપ. '**ત્યારે જ્ઞાનરૂપ રહેવું અને પરભાવોથી વિરાગતા એ બન્ને અવશ્ય હોય જ છે. આ વાત પ્રગટ અનુભવગોચર છે. એ (જ્ઞાનવૈરાગ્ય) જ સમ્યગ્દષ્ટિનું ચિહ્ન છે.**' લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧, શનિવાર તા. ૨૨-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૦, શ્લોક-૧૩૭, પ્રવચન-૨૮૪**

આ સમયસાર, નિર્જરા અધિકાર. ત્યાં એમ છે, જુઓ! ૨૦૦ ગાથા છે ને ૨૦૦? એનો ભાવાર્થ.

પહેલી વાત એ કરી છે કે આ નિર્જરા કોને થાય? સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય-શુદ્ધિ થાય. એમ. શુદ્ધિ કેમ થાય? કે આત્મા શુદ્ધ જ્ઞાયક સ્વભાવ છે એમાં એ વિકારનો પણ પ્રેમ નહિ, પરનો પણ પ્રેમ નહિ. એકલો આત્મા આનંદ અને શુદ્ધ સ્વરૂપ છે તેની રુચિનો પ્રેમ છે. એના હોવાપણાનો અનુભવ છે અને રાગનો નહિ હોવાપણાનો ત્યાં વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિનું એ ચિહ્ન છે. ત્યાં આવ્યું છે ને? જ્ઞાન વૈરાગ્ય સમ્યગ્દષ્ટિનું ચિહ્ન છે. એ આવ્યું છે. ક્યાં છે શેઠી? ભૂલી ગયા હશે.

મુમુક્ષુ :- ભાવાર્થમાં છે.

ઉત્તર :- હા. પણ એની આંગળી ઉપર ગઈ હતી, એ તો હિંમતભાઈએ ઠેકાણે પાડ્યું.

આત્મામાં... ધર્મી જીવને આત્મા પરિપૂર્ણ શુદ્ધ આનંદ એના અસ્તિત્વના ભાવનો અનુભવ છે અને પર તરફના રાગ અને પરદ્રવ્ય તરફનો વૈરાગ્ય છે. એને સમ્યગ્દષ્ટિ કહીએ. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દષ્ટિને સ્વભાવનો અનુભવ છે, પર પ્રત્યેનો અભાવ-રાગાદિનો પ્રેમ જ નથી. હોય તો તે જ્ઞાતાદષ્ટા તરીકે જાણે છે. તેથી ધર્મીને ક્ષણે ક્ષણે શુદ્ધતા થાય છે, અશુદ્ધતા જાય છે, કર્મ ગળે છે. સમજાય છે કાંઈ?

'**જે જીવ પરદ્રવ્યમાં આસક્ત-રાગી છે...**' હવે ત્યાંથી શરૂ થાય છે. જે જીવ આ આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાયક સ્વભાવ છે એના પ્રેમ ને રુચિ મૂકીને, જે જીવ પુણ્ય-પાપના ભાવ અને આત્મા સિવાય પરદ્રવ્યનો પ્રેમ છે જેને. પરદ્રવ્યનો રાગ નામ એ મારા અને હું એનો એવી એકત્વબુદ્ધિ છે. સમજાણું? ધર્મ એને હોય છે કે આત્મા શુદ્ધ ચૈતન્ય પૂર્ણ આનંદનો જેને અનુભવ છે. આ હું છું, આ હું છું. અને રાગાદિ અને પરદ્રવ્ય પ્રત્યે તેની પ્રીતિ અને રુચિ નથી. એથી તેના સ્વભાવમાં એકાગ્રતા હોવાથી ધર્મીને શુદ્ધિ હોય છે. અજ્ઞાનીને જે પરદ્રવ્યમાં આસક્ત (છે). હવે આમ ગુલાંટ ખાય છે વાત.

પોતાના આત્માના શુદ્ધ સ્વભાવ, પવિત્ર સ્વભાવ, તેની રુચિ, તેનું પરિણમન, તેની શ્રદ્ધા જેને નથી. અને આત્મા સિવાય પરવસ્તુનો જેને પ્રેમ છે. પ્રીતિકર વસ્તુ પર છે અને રાગ પણ પ્રીતિકર અને રુચિકર જેને છે, એ સમ્યગ્દષ્ટિ નથી. એ રાગી છે. એ પરવસ્તુનો

પ્રેમી છે. જે એમાં નથી તેનો એ પ્રેમી છે. ધર્મી જે એમાં છે આનંદાદિ તેનો એ પ્રેમી છે. રાગ અને પરપદાર્થનો ધર્મી પ્રેમી નથી. સમજાણું કાંઈ?

**'અને સમ્યગ્દૃષ્ટિપણાનું અભિમાન કરે છે...'** આત્માના આનંદ સ્વરૂપ જ્ઞાયકભાવના પ્રેમ સિવાય, આત્મા સિવાય અન્ય પદાર્થમાં પ્રીતિ, રુચિ, રાગ કરે છે તે અભિમાન (કરે છે). **'તે સમ્યગ્દૃષ્ટિ છે જ નહિ,...'** સમજાણું કાંઈ? **'વૃથા અભિમાન કરે છે એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :-'** ૧૩૭ કળશ છે.

**सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-**
**दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।**
**आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**
**आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः।।१३७।।**

શું કહે છે? **'શ્લોકાર્થ :- આ હું પોતે સમ્યગ્દૃષ્ટિ છું,...'** એમ જેને પોતાના આત્માનું ભાન નથી અને રાગભાવ શુભ કે અશુભ રાગ જે મલિન અને જે બંધના કારણ (રૂપ) ભાવ છે તેની રુચિમાં, તેમાં હિતબુદ્ધિમાં પડ્યો છે અને કહે છે કે હું સમ્યગ્દૃષ્ટિ છું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓળખાણ... શાસ્ત્રથી કહે છે કે આત્મા રાગ વિનાનો છે. બસ, રાગ વિનાનો છે. હું રાગ વિનાનો માનું છું. શાસ્ત્ર કહે છે તો માનું છું. પણ તને માનવાનું અંદરમાં ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? રાગનો કણ એ વીતરાગ સ્વભાવથી ભિન્ન છે એ આત્મામાં નથી એમ શાસ્ત્રમાંથી વાંચ્યું. વાંચીને થઈ ગયું એને જાણે કે બસ! હવે અમને ખબર છે કે આત્મામાં રાગ નથી. રાગ નથી તો રાગની પરસન્મુખતાની જે દૃષ્ટિ છે એ આત્મામાં નથી, ત્યારે સ્વસન્મુખ દૃષ્ટિ થાય, ત્યારે એને રાગ આત્મામાં નથી એવો અનુભવ થાય. શેઠી! આહાહા..! સમજાય છે કાંઈ?

**'આ હું પોતે સમ્યગ્દૃષ્ટિ છું, મને કદી બંધ થતો નથી...'** એમ વિચારે છે કે મને કાંઈ બંધ છે નહિ. શાસ્ત્રે કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિને બંધ હોતો નથી. માટે અમે સમ્યગ્દૃષ્ટિ છીએ. એમ અજ્ઞાની રાગના પ્રેમમાં પડ્યા, શુભરાગથી ધર્મ માનનારા અને દેહની ક્રિયા તે મારી હિતકર છે મને જડની ક્રિયા એમ માનનારા એમ માને કે હું સમ્યગ્દૃષ્ટિ છું, મને બંધન છે નહિ. સમજાણું કાંઈ? **'(કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટિને બંધ કહ્યો નથી)'** એમ કહ્યું છે ને? શાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટિને બંધ કહ્યો નથી. જાણવાની ભાષાએ વર્તે. જાણે કે અમે આમ નથી. પણ એમ શું કામ આવે? સમજાણું કાંઈ? **'એમ માનીને જેમનું મુખ ગર્વથી ઊંચું...'**

છે. અભિમાનથી ઊંચું છે. રાગથી અધિક ભિન્ન મારી ચીજ છે એમ ભાન થયું નથી. પણ આત્માથી અધિક રાગ અને પર વસ્તુ મારાથી અધિક છે એમ અંદરમાં રુચિ અને દૃષ્ટિ વર્તે છે. સમજાણું કાંઈ?

**'જેમનું મુખ ગર્વથી ઊંચું તથા પુલકિત (રોમાંચિત) થયું છે...'** બસ! અમે તો હવે જ્ઞાની છીએ. અમારે કાંઈ બંધન છે નહિ. **'એવા રાગી જીવો...'** અહીં વજન અહીં છે. **'(-પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષમોહભાવવાળા જીવો-)'** અનુકૂળ દેહની ક્રિયા હોય તો મને લાભ થાય, પ્રતિકૂળ હોય તો મને નુકસાન થાય અને રાગ છે તે શુભરાગથી મને, શુભરાગથી મને ધર્મ થાય, અશુભરાગથી મને બંધ થાય. આવો જેને રાગનો અને પરદ્રવ્ય પ્રત્યેનો પ્રેમ વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે.

**'ભલે મહાવ્રતાદિનું આચરણ કરો...'** ભાષા જુઓ. મહાવ્રત પાળતા હોય. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય શુભભાવ. પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ જૈનના જે દિગંબરના સાધુના હોય એ પાળતો હોય, પણ એને પ્રેમ છે પરદ્રવ્ય અને રાગ ઉપર. એ મહાવ્રતના પરિણામ એ મને હિતકર છે, મને ધર્મ છે. સમજાણું કાંઈ? **'મહાવ્રતાદિનું આચરણ કરો...'** આદિ એટલે સમિતિ આદિ વગેરે. **'તથા સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો...'** જુઓ! સમિતિનું ઉત્કૃષ્ટ આલંબન. એવું જોઈને ચાલે, મૌનપણે રહે, ઓછું બોલે. સમજાય છે? મહિના મહિનાના મૌનપણા ધારણ કરે પણ અંદરમાં સ્વભાવ ચૈતન્ય સન્મુખની અનુભવદૃષ્ટિ નથી અને રાગના પ્રેમમાં ફસ્યો અને માને છે કે હું સમકિતી છું. અને મહાવ્રતાદિ સમિતિ પાળતો હોય **'તોપણ હજુ તેઓ પાપી જ છે,...'** રાજમલજી! શું લખ્યું છે? પાપી છે. મહાવ્રત પાળે, બાર અણુવ્રત પાળે, સેંકડો અપવાસ કરે, સ્ત્રી-કુટુંબ છોડી દઈ અને સમિતિ જોઈને ચાલે પણ જેને અંદરમાં આત્માના અંતર સ્વરૂપ સન્મુખનું સમ્યગ્દર્શન નથી અને આત્માના વિરૂદ્ધ ભાવ એવા એ દયા, દાનના પરિણામથી મને ધર્મ છે એમ માનનારો એ પાપી મિથ્યાદૃષ્ટિ છે. શેઠી! આકરું આવ્યું, હોં!

મુમુક્ષુ :- કડક શબ્દ વાપર્યા છે.

ઉત્તર :- કડક શબ્દ વાપરે મુનિ?

મુમુક્ષુ :- શ્લોકનો જ અર્થ છે ને?

ઉત્તર :- શ્લોકનો અર્થ છે ને? પૂછોને તમારા ભાઈબંધને. આ અંદર લખ્યું છે કે નહિ? જુઓ! **'ते यतोऽद्यापि पापा'** ત્રીજી લીટી છે કે નહિ? એનું કારણ છે કે પાપ તે ખરેખર મિથ્યાત્વ છે. અને આત્મા સ્વભાવ સન્મુખનું માહાત્મ્ય આવ્યું નથી, દૃષ્ટિ થઈ નથી, અનુભવ નથી. ફક્ત પર તરફના માહાત્મ્યના રાગાદિ શુભરાગની ક્રિયા અને દેહની ક્રિયા, જોઈને ચાલવું,

આ કરવું, બસ! એમાં જેનો પ્રેમ જામ્યો છે એ ભલે મહાવ્રત અને સમિતિ પાળે તોપણ પાપી મિથ્યાદૃષ્ટિ છે. છે એમાં? જુઓ! ઓહો..!

કેમ કે પોતાના શુદ્ધ સ્વરૂપનો તો જ્યાં અનાદર કર્યો છે અને બહિર્મુખના ભાવ પ્રત્યે જેની આસક્તિ અને રુચિ ને પ્રેમ વર્તે છે. એવો આત્મા મહાવ્રતના પરિણામ પાળતો હોય, મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, જોઈને ચાલે, વિચારીને આમ બોલે બહારનું. આહાર પાણી પણ નિર્દોષ (લે), એને માટે કરેલા હોય એ ન લે. એવા આચરણ પાળતો છતાં એને પરદ્રવ્યની ક્રિયાની અનુકૂળતા એ મારાથી છે અને એને મને લાભ છે અને રાગભાગ છે પુણ્યનો, દયા-દાનનો એ ભાવ મને હિતકર છે, એમ જેણે પરસન્મુખના ભાવને હિતકર માન્યો છે એ મહાવ્રત પાળતો હોય છતાં પાપી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? છે? એમાં છે ને? લખ્યું છે કે નહિ અંદર? ખુલાસો કરશે હોં વધારે. જુઓ! નીચે સમિતિ છે ને?

'**વિહાર, વચન, આહાર વગેરેની ક્રિયામાં જતનાથી પ્રવર્તવું તે.**' ઈર્યા એમ. ઈર્યા, ભાષા, એષણા એમ ત્રણ લીધું છે. અર્થ નીચે. ઈર્યા-જોઈને ચાલે, વચન પણ.. વ્યવહારથી સમિતિ હોય, આહાર-નિર્દોષ આહાર-પાણી એને માટે બનાવેલા લેતા ન હોય, એવી સમિતિથી વર્તતા હોય તે પણ કેવું? કે '**સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન...**' એમ ભાષા છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સમિતિ. આમ જોઈને ચાલે, એને માટે પ્રાણ જાય તો આહાર કરેલો લે નહિ. એવી ક્રિયા હોવા છતાં ભગવાન આત્માની અંતર સન્મુખ દૃષ્ટિનો અનુભવ નથી અને સ્વભાવથી વિમુખ રાગ અને પરદ્રવ્યની જેને પ્રીતિ છે તેને મિથ્યાદૃષ્ટિ અને પાપી કહેવામાં આવે છે. શ્લોક એવો આવ્યો છે, નિર્જરા અધિકારમાં.

મુમુક્ષુ :- ખરું પાપ તો ઈ છે, ઉઘાડું થાય છે.

ઉત્તર :- ખરું પાપ આ છે, એ ઉઘાડું થાય છે આ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેઓ પાપી (મિથ્યાદૃષ્ટિ) જ છે,...**' એમ છે ને? '**यतोऽद्यापि पापा**' ઓહોહો..! એય.. ન્યાલચંદભાઈ! શું આમાં?

મુમુક્ષુ :- છ કાયના

ઉત્તર :- છ કાયના પિયર.

અહીં તો કહે છે કે છકાય એ જીવ જ નથી. લ્યો. એ કાલે કો'ક કહેતું હતું ને? કહેતું હતું, કોણ નહિ? છ કાયના પિયર. આ ભાઈ. દુલેરાઈ. પણ આને શું કહેવું? છ કાય એ જીવ જ નથી, કહે. તને ખબર નથી. છ કાય એ તો અજીવ છે કાય. અંદર જ્ઞાનસ્વરૂપ તે આત્મા છે. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં કહ્યું, છ કાય એ છ કાય, એ કાયા છે એ

જીવ જ નથી. એ તો શરીર છે. એ આત્મા છે?

આત્મા અંદર જ્ઞાનાનંદ મૂર્તિ શુદ્ધ ચૈતન્ય એને આત્મા કહે છે. હવે એ આત્માની રક્ષા કરવી. તો એ રક્ષા કેમ થાય? એવો આત્મા પુણ્ય-પાપ વિનાનો છે, પર વિનાનો છે એવી એની દૃષ્ટિ અને જ્ઞાન કરે તો તે આત્માની રક્ષા થાય. પણ એવા આત્માને રાગથી લાભ માને, બહિર્મુખ ભાવ જે છે એનાથી લાભ માને તો એ તો આત્માની રક્ષા ન થતાં હિંસા થઈ. કહો, સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, જેમાં કર્મની સામગ્રી બેય બાજુની બધી આત્માથી પર છે. બે બાજુની સમજાણું? અંદર કર્મ છે એક વસ્તુ. એને આ બાજુમાં અંદરમાં એમાં જોડાણથી શુભાશુભ ભાવ થાય એ તો કર્મની સામગ્રી છે, આત્માની નહિ. અને એ કર્મથી શરીર, વાણી અને આ બહાર સાધન આવે એ પણ કર્મની સામગ્રી છે. એ કર્મની કોઈપણ સામગ્રીને આત્મદ્રવ્યની છે એમ માનવી, એ આત્માના સ્વભાવના આદરનું ખૂન કરે છે અનાદર કરીને. આહાહા..! એય..! આરે.. આરે..! ભારે વાત!

ચૈતન્ય વસ્તુ એકલો જ્ઞાયક સ્વભાવ, આનંદ સ્વભાવ. એવા સ્વભાવને પરદ્રવ્ય એવું જે કર્મ, એનાથી ઉત્પન્ન થતી સામગ્રીઓ પુણ્ય-પાપના ભાવ કે બાહ્ય શરીરાદિ બધું એનાથી મને લાભ માનવો એ પરદ્રવ્યથી લાભ માનીને મિથ્યાદૃષ્ટિ મહાવ્રત પાળતો હોય તોપણ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? '**કારણ કે આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી...**' જુઓ! આત્મા તો ચૈતન્ય આનંદ, જ્ઞાન સ્વરૂપ છે અને પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિ એ તો અણાત્મા છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ બધો અણાત્મા છે, આત્મા નહિ. રાગ છે.

'**આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી...**' ભગવાન આત્મા કોણ છે અને અણાત્મા પરવસ્તુ, વિકારાદિ શું છે, એવા બે પદાર્થની ભિન્નતાનું જેને ભાન નથી '**તેઓ સમ્યક્ત્વથી રહિત છે.**' એ ધર્મી નથી. તેને સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? એટલે સત્યના સ્વીકારવાળો સાચો થયો નથી. ખોટો છે. સમજાણું કાંઈ? જુઓ ભાઈ! એનો ખુલાસો કરે છે હોં! અંદરમાં છે એનો. જયચંદ્ર પંડિત ખુલાસો કરે છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ સત્ય અને અસત્ય શું છે એની વાત કરે છે. જે કોઈ આ આત્મા સ્વભાવ સિવાય, આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે એના સિવાય કોઈપણ અંદર દયા, દાન, ભક્તિના ભાવ રાગનો કે શરીરાદિની ક્રિયા, એ બધામાં જેને પ્રેમ છે કે આ મને હિતકર છે એ પરદ્રવ્ય પ્રત્યે રાગી છે. એ મહાવ્રત પાળે, સાધુ થાય, સમિતિથી ચાલે તોપણ તે પાપી મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? છે એમાં? દેખો. મહાવ્રત પાળે, સમિતિમાં તત્પર હો તોપણ

તે મિથ્યાદષ્ટિ છે, પાપી છે. એય.. દિપચંદજી! ક્યાં પાપ કર્યા? કોઈ પ્રાણીને હણતા નથી, યત્નાથી ચાલે છે. સમિતિથી ચાલે, વિચારીને બોલે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાપથી ડરે. પણ પાપ ક્યાં થાય છે એની ખબર ન મળે. આહાહા..!

'**ભાવાર્થ :- પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ હું સમ્યગ્દષ્ટિ છું, મને બંધ થતો નથી એમ માને છે તેને સમ્યક્ત્વ કેવું?**' આત્મદ્રવ્યના શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપની અનુભવ દષ્ટિ અંતરના પ્રેમમાં પડ્યો નથી અને જેને આત્માના સ્વભાવ સિવાય પુણ્ય-પાપનો વિભાવ અને પર પ્રત્યેનો રાગ-આ મને લાભદાયક છે, આ મારી ચીજ છે એ મને લાભ કરશે-એવો જે જીવ (પોતાને) સમ્યગ્દષ્ટિ માને, એ સમ્યગ્દષ્ટિ કેવો? એ ધર્મી કેવો? એ ધર્મી હોઈ શકે નહિ.

'**તે વ્રત-સમિતિ પાળે...**' છે ને? એ વ્રત પાંચ મહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે, એને માટે નિર્દોષ આહાર (ન હોય તો) મરી જાય તોપણ એને માટે કોઈએ કરેલું પાણીનું બિંદુ હોય એ લે નહિ. એવું પાળે. પણ એ રાગની ક્રિયા જે છે એ મારી છે અને મને ધર્મ થાય છે, એમ માનનારો તે વ્રતનો પાળનાર પણ મિથ્યાદષ્ટિ છે. કહો, સમજાય છે કાંઈ? આહા..! ભગવાનની ભક્તિ કરે ત્રિલોકનાથ પરમાત્માની આમ સમવસરણમાં. મણિરત્નના થાળે, કલ્પવૃક્ષના ફૂલ. જય પ્રભુ! એ રાગ છે ભક્તિ, ધર્મ નથી. એ રાગની જેને રુચિ છે એ આવી ભક્તિ કરે છતાં તે મિથ્યાદષ્ટિ છે. કહો, રાજમલજી! જુઓ! શ્લોક એવો આવ્યો છે. કવિ છે કવિ. ભોપાલ. સવારમાં નહોતા ભજન બોલ્યા? સમજાય છે કાંઈ?

'**વ્રત-સમિતિ પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી...**' દેખો! વ્રત, પંચ મહાવ્રત, સમિતિ પાળે એ તો શુભભાવ છે. એવું પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી. એ રાગ છે એ પર છે અને આત્મા એનાથી ભિન્ન આનંદ સ્વરૂપ છે એવું જેને અંતર ભેદજ્ઞાન નથી એને બેની એકતાનું જ્ઞાન છે તે પાપી છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- હું બચી ગયો.

ઉત્તર :- બચી ગયા. એ અનાદિથી ચાલે છે એમાં ક્યાં. અનાદિથી ચાલે છે. વસ્તુ સમજવી લોકોને કઠણ પડે છે. આખો દિ' એક જ વાત કહ્યા કરે, શુભયોગથી આમ થાય, શુભયોગથી આમ થાય. ભગવાન! સાંભળ તો ખરો. બહુ લખે છે. આજે લખ્યું છે. જવાબ આમ છે ને તેમ છે. ભાઈ! શુભયોગ તે તો પરસન્મુખનો ભાવ છે. અને શુદ્ધભાવ એ તો સ્વસન્મુખનો ભાવ છે. બે દિશા ફેરના બે ભાવ છે. એમાં પરસન્મુખના ભાવથી આત્માને

કલ્યાણ થાય, નિર્જરા થાય (એમ) ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? કારણ કે શુદ્ધતાનો સાગર ભગવાન તો પરિપૂર્ણ પોતે છે. એ શુભભાવ તો એના સ્વરૂપમાં જ નથી. સમજાણું? પુરુષાર્થસિદ્ધિમાં આવી ગયું, ૧૪મી ગાથામાં. આત્મા કર્મ અને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા વિકારી ભાવ, એનાથી રહિત હોવા છતાં '**युक्त इव प्रतिभाति**' એના સહિત છું એમ જે ભાસે છે એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- એ સંસારનું મૂળ છે.

ઉત્તર :- એ સંસારનું બીજ છે. સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ. એ કર્મના અને કર્મના નિમિત્તથી થતાં શુભાશુભ રાગ. એટલે અજીવ અને આસ્રવ. બેથી આત્મતત્ત્વ ભિન્ન છે. છતાં '**युक्त इव प्रतिभाति**' છતાં રાગ અને શરીરવાળો છું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ '**बालिशानां**' અજ્ઞાનીઓને આ ભાસ થાય છે તે મિથ્યાદૃષ્ટિનો ભાસ છે. એ સંસારનું બીજ છે. સમજાણું કાંઈ? આવી વાત.

'**પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે...**' મને બંધ થતો નથી, બંધ થતો નથી ક્યારે? ભાઈ! એ શાસ્ત્ર કહે છે એમ નહિ, તારો આત્મા અંદરમાં બોલે-જાગે. હું તો બંધરહિત વસ્તુ છું. રાગ અને કર્મ ભાવબંધ અને દ્રવ્યબંધ એનાથી રહિત મારી ચીજ અબંધ છે. એવી અનુભવદૃષ્ટિ થાય ત્યારે કહ્યું કે અબંધ પરિણામી આત્મા થયો એને હવે બંધ છે નહિ. સમજાણું કાંઈ? અબંધ પરિણામી સમજો છો? આત્મા છે ને આત્મા? પુણ્ય-પાપ ભાવ એ બંધ છે, ભાવબંધ. શુભ-અશુભભાવ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ એ ભાવબંધ છે. કર્મ દ્રવ્યબંધ છે. તો દ્રવ્યબંધ અને ભાવબંધથી રહિત આત્મા અબંધ છે. તો પરથી રહિત અબંધ છે એવી દૃષ્ટિ અંતરમાં, પર્યાયમાં સ્વસન્મુખ થઈને એકાગ્ર થાય ત્યારે અબંધ પરિણામ ઉત્પન્ન થયા. તો અબંધ પરિણામ થયા તો એને બંધન છે નહિ. શાસ્ત્રે એને અબંધ પરિણામીને બંધ નથી એમ કહ્યું છે. આહાહા..!

અહીં તો કહે કે અમે તો આ સમકિતી છીએ, અમે વિષય ભોગવીએ, ગમે તે દેહની ક્રિયા થાય એ તો એને કારણે (થાય છે). દેહનો ધર્મ દેહ કરે. અને રાગ થાય એ તો વિકાર છે, એ તો કર્મજન્ય ઉપાધિ છે એમ માને છે. પણ રાગમાં પ્રેમ અને રુચિનો રસ છે એને, એથી તે મિથ્યાદૃષ્ટિ મહાવ્રત ને સમિતિ ને ભક્તિ આદિ કરતો હોય તોપણ તે મિથ્યાદૃષ્ટિ પાપી છે. બહુ કામ આકરું. સમજાણું કાંઈ?

સમ્યક્ નામ જેવું સત્ય છે, જેવું સત્ય સત્ આત્માનું છે એવું ન માનતા જેમાં એ નથી એમાં એ માને છે. હું તો રાગની ક્રિયા કરું, પુણ્યની ક્રિયા કરું, દયા, દાનના ભાવ

કરું, ભક્તિના ભાવ કરું. પણ ભગવાન આત્મા એ વિકાર કરે એવું એનું સ્વરૂપ જ નથી. જે સ્વરૂપ નથી એવું માન્યું, તે પછી ભલે મહાવ્રત ને સમિતિ ને અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય સાધુ થઈને (તોપણ એ) મિથ્યાદૃષ્ટિ પાપી છે. સમજાણું કાંઈ? જુઓ! એ લખ્યું છે. પાપી. પાઠમાં છે, જુઓ! '**समितिपरतां**' '**रागिणोऽप्याचरन्तु। आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**'. હજી પાપ કોને કહેવું મૂળ એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

'**કારણ કે જ્યાં સુથી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી ચારિત્રમોહના રાગથી બંધ તો થાય જ છે...**' સમ્યગ્દૃષ્ટિને પણ અસ્થિરતાનો જેટલો રાગ છે એથી બંધન છે. અહીં તો એ લેવું છે. અને જ્યાં સુધી રાગ રહે છે. '**રાગ રહે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ તો પોતાની નિંદા-ગર્હા કરતો જ રહે છે.**' ધર્મીને રાગ થાય પણ એ રાગ હિતકર નથી, એમ નિંદા-ગર્હા એને હોય છે. આ રાગ મારી ચીજ નહિ, મારું સ્વરૂપ નહિ. મારી નબળાઈથી મને આ રાગ શુભાશુભ થાય છે એની એને નિંદા-ગર્હા હોય છે. એની પ્રશંસા ન હોય. સમજાણું કાંઈ? ભારે વાત વીતરાગ માર્ગની. એવું સ્વરૂપ કે બિચારા પ્રાણી જન્મ્યા-જન્મ્યા જૈનમાં જન્મ્યા એને ખબર ન મળે. અજૈનમાં તો છે જ ક્યાં? વીતરાગ માર્ગ સિવાય બીજે તો ક્યાંય આ વાત, આ સ્વરૂપ ક્યાંય ત્રણ કાળમાં છે જ નહિ. વાડામાં જન્મ્યા એને સાંભળવાનું મળે નહિ. અને માને કે અમે ધર્મી છીએ, વ્રત પાળીએ છીએ. જુઓ! સંસાર, બાયડી, છોકરા છોડીને બેઠા, દુકાનના ધંધા છોડીને બેઠા તો કાંઈ અમે ધર્મ કરવા માટે બેઠા હઈશું કે મફત? એ કહે છે કે ભાઈ! તને હજી પરદ્રવ્ય મેં છોડ્યા અને પરદ્રવ્યના સંસર્ગથી થતી ક્રિયા અને રાગાદિ ભાવ, એને અભિપ્રાયમાં, રુચિમાં, પ્રેમમાં એકત્વપણે જ્યાં સુધી બુદ્ધિ છે ત્યાં સુધી તારા બધા આચરણ અને સમિતિ પાપ બધા મિથ્યાત્વમાં જાય છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન થવામાત્રથી બંધથી છુટાતું નથી,...**' સમ્યગ્દર્શન થયું એથી કરીને તદ્દન અબંધ પરિણામી થઈ ગયો એમ નથી. સમ્યગ્દર્શન પૂરતું મિથ્યાત્વનું બંધન એને નથી. પણ બીજા અસ્થિરતાના પરિણામનું બંધન સમકિતીને છે. '**જ્ઞાન થયા પછી તેમાં જ લીનતારૂપ શુદ્ધોપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે.**' જુઓ ભાષા. એ સમ્યગ્દર્શન થયું કે હું રાગના પરિણામથી રહિત છું, છતાં જે રાગ રહે છે એને શુદ્ધઉપયોગ દ્વારા, અંતરના શુદ્ધ આચરણ દ્વારા ટાળે છે ત્યારે તે અબંધ પરિણામી સર્વથા થાય છે. સમજાણું કાંઈ? શુદ્ધઉપયોગરૂપ ચારિત્રથી. લ્યો, ભાષા તો અહીં એવી લીધી છે એણે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધઉપયોગરૂપ ચારિત્ર કીધું. શુદ્ધઉપયોગરૂપ ચારિત્ર કીધું અહીં તો. શુભ ક્યાં

કીધું છે?

મુમુક્ષુ :- એ તો પછી કહેશે.

ઉત્તર :- ના. પછી કહેશે જ નહિ.

મુમુક્ષુ :- પ્રવચનસારમાં કીધું છે.

ઉત્તર :- એ કહ્યું જ નથી ત્યાં. શુભઉપયોગને ચારિત્ર કહ્યું નથી. એ તો વ્યવહાર ચારિત્ર કહ્યું છે. ચારિત્ર કેવું? શુભઉપયોગ તો રાગ છે, ચારિત્રનો દોષ છે. મહાવ્રત પરિણામ એ ચારિત્રનો દોષ છે. એ ચારિત્ર નથી. એ તો રાગ છે. ભારે વાત, ભાઈ! વીતરાગનો માર્ગ અંતરમાં એને સમજવો અને અંતર અનુભવવો મહાપ્રયત્ન માગે છે. બહારની ક્રિયાકાંડથી જાણે ધર્મ સમજી ગયો અને ધર્મ કરું છું એવો માર્ગ વીતરાગનો નથી. અજ્ઞાનીઓએ માન્યો હોય તો એના ઘરનો છે. આહાહા..! છે?

'**શુદ્ધોપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે.**' એમ પાછું. જે રાગ રહ્યો એ રાગની ક્રિયાથી કપાતો નથી એમ કહે છે. શુદ્ધ સ્વભાવ... જુઓને! હજી તો વાંધા એ. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ છે કે નહિ એના વાંધા. આટલા વર્ષથી જાગ્યા હવે? આહાહા..! અરે..! ભગવાન! પોતે આમ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એની દૃષ્ટિ થાય અને સ્વરૂપાચરણ ન થાય તો ત્યાં અનંતાનુબંધી ટળીને કર્યું શું એણે? સમજાણું કાંઈ? વસ્તુ તત્ત્વની ખબર ન મળે, જ્ઞાન ન મળે, શ્રદ્ધા ન મળે અને આચરણ કરો, આ આચરણ કરો. વ્રત પાળો ઝટ છોડીને બેસો. પડિમા લઈ લ્યો ઝટ. કાં સાધુ થઈ જાવ, કાં ક્ષુલ્લક થઈ જાવ, એલ્લક. શેના પણ? મિથ્યાત્વના પાપ છૂટ્યા વિના અસ્થિરતાના પાપ છૂટે નહિ. કહો, સમજાય છે કાંઈ? જુઓ! અહીં શું કીધું?

પહેલું તો એમ કહ્યું, '**જ્ઞાન થયા પછી...**' આત્માનું શ્રદ્ધા-સમ્યગ્દર્શન થયા પછી. સમ્યગ્દર્શન કેમ થાય? કે રાગ પુણ્યનો વિકલ્પ જે છે એનાથી જુદો (પડે). જુદો ક્યારે થાય? કે સ્વસન્મુખ થાય ત્યારે થાય. જુદો છું એમ થાય ક્યારે? રાગના સન્મુખ રહીને જુદો, રાગથી જુદો એમ થાય? થઈ રહ્યું. એ તો અભિપ્રાય અંતર દૃષ્ટિમાં ગયો, અંતર વસ્તુમાં ગયો. સમજાણું કાંઈ? '**જ્ઞાન થયા પછી...**' એટલે સમ્યગ્દર્શન આવું થયા પછી પણ રાગની ક્રિયા મારી નહિ, રાગથી ધર્મ નહિ, દેહની ક્રિયાથી ધર્મ નહિ. આ પંચ મહાવ્રતના પરિણામથી ધર્મ નહિ. પરમાર્થે ધર્મ નહિ. એવી દૃષ્ટિ થયા પછી રાગ જે રહ્યો એને શુદ્ધઉપયોગરૂપ ચારિત્રથી બંધ કપાય છે. સમજાણું કાંઈ? '**માટે રાગ હોવા છતાં, બંધ થતો નથી એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદૃષ્ટિ જ છે.**'

'**અહીં કોઈ પૂછે છે...**' જુઓ! હવે આવ્યું '**કે વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે,...**' એ વ્રત પાળવા, દયા, દાન, ભક્તિ, પૂજા ભાવ એ તો શુભભાવ છે, શુભકાર્ય છે. '**તો**

**પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?**' છે ને એમાં? ભાઈ! છે? લખ્યું છે? જુઓ! જયચંદ્ર પંડિતે ખુલાસો કર્યો છે. '**અહીં કોઈ પૂછે છે કે વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે,...**' અહિંસા, સત્ય બોલવું, દત્ત પાળવું, બ્રહ્મચર્ય પાળવું, પરિગ્રહ છોડી દેવો, લંગોટી ન રાખવી, આવો ભાવ તો બધો શુભભાવ છે. અને સમિતિ (પાળે). નિર્દોષ આહાર લેવા, જોઈને આમ ચાલે, કહો સમજાણું? બહારથી વિચારીને બોલે. કોઈપણ ચીજ .. હોય, નાખવી હોય તો જોઈને ધીમેથી જતનાથી મૂકે. આવા કામ તો શુભભાવ છે. એ તો બધા શુભકાર્ય છે. એ '**શુભકાર્ય છે તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?**'

'**તેનું સમાધાન :- સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે;...**' સમજાણું કાંઈ? સિદ્ધાંતમાં મુખ્ય પાપ મિથ્યાત્વને જ કહ્યું છે. મિથ્યાત્વ જેવું મોટું પાપ એકેય છે નહિ. જુઓ! '**સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે;...**' અહીં તો એટલી વાત લીધી. અસ્થિરતાની વાત જ લીધી નથી. મિથ્યાત્વને જ પાપ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? પહેલી વાત કરી. જરી યથાખ્યાત ન થાય ત્યાં સુધી રાગ છે. એને શુદ્ધોપયોગ દ્વારા કાપે. રાગથી રાગ કપાય નહિ. આગમમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે. વિપરીત માન્યતા, વિપરીત શ્રદ્ધા તેને જ મુખ્ય પાપ કહેવામાં આવ્યું છે. મુખ્ય હું નાખું છું હોં! ઈ તો કહે છે, પાપ જ છે. મિથ્યાત્વને જ પાપ કહ્યું છે.

'**જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.**' જ્યાં સુધી મિથ્યાત્વ રહે એટલે કે આત્માના સ્વભાવનો અનાદર કરી, દયા, દાન વ્રતના પરિણામ મારા કાર્ય છે, એ મને ધર્મ થાય છે એવો મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી એની શુભ-અશુભ ક્રિયા બધી પરમાર્થે પાપ જ કહેવામાં આવે છે. કહો, ભગવાનભાઈ! આ બધું શું નાખ્યું આ? એમાં મિથ્યાત્વ એ જ પાપ છે ખરું. છેલ્લું મૂક્યું છે પણ છે પહેલું. એમાં છેલ્લું મૂક્યું. આમાં ક્યાં છેલ્લું? આમાં તો પહેલું છે.

મુમુક્ષુ :- ૧૮માં.

ઉત્તર :- ૧૮માં એ વાત જ ખોટી હતી. પહેલું મિથ્યાત્વ જોઈએ. પહેલું મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એમ છે. બંધના કારણમાં તો એમ છે પહેલું. પહેલેથી .. મૃષાવાદ છોડો, પછી મિથ્યાત્વ છેલ્લું રહે. વાત જ ઊંધી છે બધી. અહીં છેલ્લે મૂક્યું છે. અહીં પહેલું મૂક્યું છે.

મુમુક્ષુ :- એમાં ૧૮મો નંબર છે.

ઉત્તર :- ૧૮મો નંબર. ૧૭ ઓલા ચારિત્રમોહના. એમ વાત જ ખોટી છે. શાસ્ત્ર તો

કહે છે, પહેલું મિથ્યાત્વ બંધન. એ મિથ્યાત્વ છૂટ્યા વિના અવ્રત છૂટે નહિ. મિથ્યાત્વ ટળ્યા વિના અવ્રત છૂટે નહિ અને અવ્રત ટળ્યા વિના પ્રમાદ કષાય ટળે નહિ. સમજાણું કાંઈ?

**'જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયા...'** એ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા એ બધાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.

મુમુક્ષુ :- કોઈ બચ્યા નહિ.

ઉત્તર :- કોઈ બચ્યા નહિ? કહે છે, કોઈ બચ્યો નહિ.

**'વળી વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે.'** કથંચિત્ કોઈ પ્રકારે. એ અપેક્ષાએ ઓલું અશુભ છૂટ્યું છે, એ અપેક્ષાએ શુભને પુણ્ય વ્યવહારનયથી કહેવાય છે. પરમાર્થે શુભ અને અશુભ બેય પાપ છે. સમજાણું કાંઈ? 'પાપ પાપને સહુ કહે પણ, અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' યોગસાર. પાપ પાપ તો સહુ કહે પણ પુણ્યને પાપ કહે અનુભવી. પુણ્ય પરિણામ પણ આત્માની શાંતિને હણનાર છે એ લોકોને વાંધા આવ્યા છે સૌને. પુણ્યને વિષ્ટા કહે છે. અરે..! ભગવાન! સાંભળને. ભાઈ! જિનવાણીને પરસ્ત્રી કહે છે. અરે..! એમ નથી. સાંભળ ભાઈ! ક્યાંકનું ક્યાંક લગાવી દે છે. એ તો રાગ છે તે વ્યભિચાર છે એ અપેક્ષાએ એને દોષ છે, એમ કહ્યું છે. સમજાણું?

રાગ સ્વરૂપ... એ નિર્જરામાં આવશે આગળ. વ્યભિચાર છે. રાગ છે એ તો વ્યભિચાર છે. આમાં આવશે આ ગાથામાં. ૨૦૩. ૨૦૩. ૨૦૩માં છે, જુઓ! ત્રણે ગાથામાં છે. અને વ્યભિચારી ભાવો છે એ. ૨૦૩ ગાથા. એમાં ટીકામાં છે ટીકામાં. ચોથી લીટી. **'વ્યભિચારી ભાવો છે.'** એ પુણ્ય-પાપના ભાવ વ્યભિચારી ભાવ છે. શેઠીને હાથ નહિ આવે. ટીકાની શરૂઆતમાં ચોથી લીટી. ટીકાની શરૂઆતની ૨૦૩ ગાથાની ટીકા, એની ચોથી લીટી. છે? કોણ? જેટલા શુભ અને અશુભ ભાવ છે તે વ્યભિચાર છે. કેમ કે આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ (છે) માટે વ્યભિચાર કહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરી વાત. એ મહાવ્રતના પરિણામ એ વ્યભિચાર છે એમ કહે છે. રાડ નાખી જાય. સંયોગીભાવ. ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ એમાં એ સંયોગીભાવ એને એકત્વબુદ્ધિ મિથ્યાત્વનું મૈથુન છે એમ કહે છે. સમજાય છે કાંઈ? **'સર્વ ક્રિયાને અધ્યાત્મમાં...'** વ્યવહારે કહે છે. **'આમ કહેવાથી સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.'** કહો, સમજાણું કાંઈ?

**'વળી કોઈ પૂછે છે કે-પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ.'** અમે કાંઈ સમજ્યા નથી. ખુલ્લું અમને બતાવો. ચોખ્ખી જ વાત કરે છે ને. **'પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં**

**અમે સમજ્યા નહિ. અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે,...**' સમ્યગ્દૃષ્ટિને પણ રાગ તો હોય છે અને તમે કહો છો કે પરદ્રવ્યનો રાગ તે મિથ્યાદૃષ્ટિ છે. અમે કાંઈ સમજતા નથી એમાં. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, પાંચમા ગુણસ્થાનવાળા, છઠ્ઠા ગુણસ્થાનવાળા વગેરે. એને ચારિત્રમોહના ઉદયથી રાગ, દ્વેષ તો હોય છે. '**તેમને સમ્યક્ત્વ કેમ છે?**' એને સમ્યગ્દર્શન તો છે અને તમે કહો છો કે પરદ્રવ્યમાં રાગ (હોય) ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ. અને આને રાગ તો ચોથે, પાંચમે, છઠ્ઠે તો છે. તો એ મિથ્યાદૃષ્ટિ થયા. સમકિતી કેમ એને કહેવા? સમજાણું કાંઈ? પહેલા પ્રશ્નનું રૂપ સમજાય છે?

'**પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ.**' કેમ? કે ચોથે, પાંચમે, છઠ્ઠે રાગ તો છે અને તમે કહો છો કે પરદ્રવ્યમાં રાગ હોય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ. તો આ સમ્યગ્દૃષ્ટિ કહ્યો ને ચોથા, પાંચમા, છઠ્ઠાને? એનું શું કહેવું? એને કેમ મિથ્યાદૃષ્ટિ ન કહેવો રાગ છે ને? સમજાણું?

'**તેનું સમાધાન :- અહીં મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે.**' છે? મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગને મુખ્યપણે કહ્યો છે. '**જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં...**' જુઓ હવે. ખુલાસો કરે છે. જેને પરદ્રવ્યમાં આત્મા સિવાય બધી પરવસ્તુ અને પરદ્રવ્યથી થતાં ભાવ, શુભાશુભભાવ, એમાં '**આત્મબુદ્ધિપૂર્વક...**' એ આત્મબુદ્ધિપૂર્વક (અર્થાત્) એ રાગ મને લાભ કરશે, એ મને હિતનું કારણ છે એવી આત્મબુદ્ધિપૂર્વક '**પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી-ભેદજ્ઞાન નથી એમ સમજવું.**'

ફરીને. શું કીધું? શિષ્યનો પ્રશ્ન છે કે પરદ્રવ્યમાં રાગ કરે તે મિથ્યાદૃષ્ટિ છે. તો અમારો પ્રશ્ન છે એ વાતને સમજતા નથી. કેમ કે સમ્યગ્દૃષ્ટિ હોય ચોથાવાળા, પાંચમાવાળા, મુનિ ધર્માત્મા એને રાગ તો હોય છે. અને તમે કહો છો કે પરદ્રવ્યમાં રાગ તે મિથ્યાદૃષ્ટિ. અમને કાંઈ સમજાતું નથી. શેઠી! ત્યારે એને કહ્યું, ભાઈ! મિથ્યાત્વ સહિત જે અનંતાનુબંધીનો રાગ (છે) એને અહીં ગણવામાં આવ્યો છે.

'**જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે,...**' મિથ્યાદૃષ્ટિને પરદ્રવ્ય એટલે આત્મા સિવાય પરવસ્તુ અને આત્મા સિવાય પરદ્રવ્યના નિમિત્તથી થતા શુભાશુભભાવ, એમાં એને પ્રીતિ, રુચિ વર્તે છે. કહો, સમજાણું? શુભ તે ભલો અને અશુભ તે ભલો નથી એમ અજ્ઞાનીને મનાય છે. મિથ્યાદૃષ્ટિ એમ માને છે. શુભરાગ તે ભલો અને અશુભરાગ તે ભલો નહિ. દ્વેષ થયો એને. અને દેવ-ગુરુ-શાસ્ત્ર તે મારા ઈષ્ટ પ્રિય અને બીજા બાયડી-છોકરા તે અપ્રિય.

એમ મિથ્યાદૃષ્ટિ માને છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરદ્રવ્ય પ્રત્યેનો રાગ...

ઉત્તર :- પરદ્રવ્ય પ્રત્યે રાગની વ્યાખ્યા ચાલે છે આ. પરદ્રવ્ય પ્રત્યે રાગ કઈ રીતે કહેવામાં આવ્યો છે? કે આત્મા સિવાય પરપદાર્થ પ્રત્યે રુચિ વર્તે અને પરદ્રવ્યના નિમિત્તથી થતો ઉપાધિભાવ રાગનો, એની પ્રીતિ વર્તે એને આત્મબુદ્ધિપૂર્વક વર્તે. એમ કહ્યું છે ને? એ ભાવોમાં આત્મબુદ્ધિ. આત્મબુદ્ધિ એટલે? એ મારા છે. શુભરાગ મારો છે. એ દયા, દાન, વ્રતના, ભક્તિના પરિણામ મારા છે, મને હિતકર છે એણે આત્માને રાગવાળો માન્યો છે. સમજાણું કાંઈ?

'**તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી-**' સ્વ તો ભગવાન જ્ઞાનમૂર્તિ છે અને પર તો રાગ અને પરદ્રવ્ય તે પર છે. તો પર પ્રત્યેની પ્રીતિ વર્તી રાગ ઉપર એને સ્વ-પરનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? તેને '**ભેદજ્ઞાન નથી એમ સમજવું.**' એને રાગથી, વિકલ્પથી આત્મા જુદી ચીજ છે અને આત્માથી વિકલ્પ જુદી ચીજ છે. આત્માથી શરીર જુદું છે અને શરીરથી આત્મા જુદો છે એવું એને ભાન નથી. કેમ કે તે રાગમાં પોતાપણું માને છે અને શરીરમાં પણ પોતાપણું માને છે. મારું આ શરીર. એનાથી આ ક્રિયા થાય છે બધી. કહો! શરીર મારું સારું હોય ને ધર્મ (કરવો) બહુ ઠીક પડે. શરીરને લઈને શું ધર્મ થાતો હતો? ધૂળ?

મુમુક્ષુ :- શરીર સારું ન હોય તો આવે ખરા?

ઉત્તર :- આવે ન આવેનો પ્રશ્ન ક્યાં છે? એના અંતરમાં આવે અને કાં બહારમાં આવે. એની અંદરમાં છે. રાગ રહિત અંતરમાં જાય તો ધર્મ થાય અને આત્માને છોડીને રાગમાં રહે તો અધર્મ થાય. આવવું-જાવું ક્યાં હતું? એય..! આહાહા..! કહો, સમજાણું આમાં?

'**એમ સમજવું. જીવ મુનિપદ લઈ...**' મુનિપદ લઈ મુનિ થાય. છે? દિગંબર થાય, નગ્ન થાય, આ વ્રત સમિતિ પાળે, બરાબર પંચ મહાવ્રત પાળે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, લંગોટી ન રાખે. '**તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા,...**' દેખો! સમજાણું? એ પર જીવોની રક્ષા, એનાથી મોક્ષ માને. સમજાણું? આ પર જીવોની રક્ષાથી મને ધર્મ થાય, મોક્ષ માને એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- કાયદા-કૂટામાંથી બહાર નીકળ્યો એટલે..

ઉત્તર :- કાયદો-કૂટો કોને કહેવો પણ? આહાહા..!

'**વ્રત-સમિતિ પાળતાં પર જીવોની રક્ષા, શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું...**' બરાબર જોઈને પગ ક્યાંય મૂકે નહિ. શરીરની ક્રિયા. એવું કરે. સમજાય છે? '**ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયા...**' એ પરદ્રવ્યની ક્રિયા છે બધી. સમજાણું? પરજીવની રક્ષા કોણ કરી શકે છે? એ

તો પરવસ્તુ સ્વતંત્ર છે. પરજીવની હું રક્ષા કરી શકું. જુઓ! આવી ભાષા ચોખ્ખી છે. પરજીવની હું દયા પાળી શકું છું એ તો પરદ્રવ્યનો સ્વામી તે મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- બીજે ...

ઉત્તર :- એ તો બીજે વ્યવહારથી લખ્યું હોય. શુભભાવ હોય તો પરની રક્ષા છે એમ કહેવામાં આવે. રક્ષા કોણ કરી શકે? પરપર્યાય, એનો પર્યાયનો ઉત્પાદક એ દ્રવ્ય છે. એના ઉત્પાદનું રક્ષણ ત્યાં થયું છે. આ ક્યાં એનું રક્ષણ કરી શકતો હતો? એમ એને મારી ક્યાં શકે છે? એવું ઊંધું ભરાવ્યું છે, જુઓ! પરને મારી શકે નહિ માટે હવે ગમે તેમ હિંસા કરો. પણ મારી શકતો નથી.. આહાહા..! અહીં તો કહે છે કે પરજીવની રક્ષા એ પરદ્રવ્ય થયું. એ પરદ્રવ્યની ક્રિયા રક્ષા મેં કરી (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વનું તો કાંઈ...

ઉત્તર :- સ્વનું શું હોય? પરની છે એમાં સ્વ ન હોય. હજી આવશે હવે. હવે પછી આવશે. એ ભાવ પછી આવશે. આ તો હજી પરદ્રવ્યની રક્ષા. આ જીવોને મેં માર્યા નહિ, મેં જીવાડ્યા, મેં આ કર્યા... મેં આ કર્યું. પરદ્રવ્યની પર્યાય જે થઈ ન મરવાની એની મેં રક્ષા કરી. તો પરદ્રવ્યની રક્ષા તારાથી થાતી હશે? સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યના નિમિત્તે થતા...**' હવે બીજી વાત. એ પરદ્રવ્યની ક્રિયા થઈ. '**પર જીવોની રક્ષા, શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું...**' વાણીથી બરાબર બોલાય એ બધી પરદ્રવ્યની ક્રિયા છે.

મુમુક્ષુ :- શરીરની જતના તો એણે કરી કે નહિ?

ઉત્તર :- ના ના. શું જતના ધૂળ કરે છે? શરીર તો એની મેળાએ બરાબર આમ રહ્યું છે. શરીરની જતના રાખી શકે? પગ ઊંચો કરી શકે? કે આ જીવ, મને લે પગ ઊંચો. એ તો જડની પર્યાય છે. એ ક્રિયા મેં કરી એમ માન્યું છે તો મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભ ભાવોથી પોતાનો મોક્ષ માને છે...**' દેખો! પરદ્રવ્યના નિમિત્ત. ઓલી પરની ક્રિયા હતી. પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભભાવ, એનાથી મોક્ષ માને. દયા, દાન, પુણ્ય એ પરદ્રવ્યના નિમિત્તે થતો ભાવ શુભ. એનાથી મોક્ષ માને. સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ છે. એની સામે બીજી વાત (કરશે)...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૨, રવિવાર તા. ૨૩-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૧-૨૦૨, શ્લોક-૧૩૭, પ્રવચન-૨૮૫**

આ સમયસાર અધિકાર, નિર્જરા અધિકાર છે. કળશ છે ૧૩૭, એનું વિશેષ સ્પષ્ટીકરણ ચાલે છે. એમાં એમ કહ્યું, કોઈ પોતાને સમ્યગ્દૃષ્ટિ માને અને જેને હજી પરદ્રવ્ય પ્રત્યેનો પ્રેમ અને રાગ વર્તે છે અને એ પછી મહાવ્રતાદિ પાળતો હોય, સમિતિ આદિનું ઉત્કૃષ્ટ આચરણ કરતો હોય છતાં જેને પરદ્રવ્ય પ્રત્યેની ક્રિયાનું અભિમાન અને રાગ છે તે મિથ્યાદૃષ્ટિ છે, એ પાપી છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત પાળવા છતાં પાંચ સમિતિનું વર્તન આચરણ કરવા છતાં જેને આત્મા સિવાય પરદ્રવ્યમાં રાગ છે એ મિથ્યાદૃષ્ટિ અને પાપી કહેવામાં આવ્યો છે.

ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે '**પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ.**' શિષ્ય કહે છે. કારણ કે રાગ તો સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને, સમ્યગ્દૃષ્ટિને, મુનિને પણ રાગ તો હોય છે અને તમે કહો છો કે પરદ્રવ્યમાં રાગ હોય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ (છે). એ વાત અમને સમજમાં આવી નહિ. કહો, સમજાય છે કાંઈ? ત્યારે વાત પહેલી કરી. અહીં સુધી આવ્યું છે આપણે.

'**પોતાનો મોક્ષ માને છે...**' ત્યાં સુધી આવ્યું છે. કહે છે કે આ આત્મા સિવાય મુનિપદ પાળવા છતાં પંચ મહાવ્રત, સમિતિ પાળે પણ પરજીવોની રક્ષા, પરજીવની રક્ષા એ પરદ્રવ્યની ક્રિયા એનાથી પોતાને લાભ માને. સમજાણું કાંઈ? પર જીવની રક્ષા એ કંઈ આત્મા કરી શકતો નથી. કારણ કે એ તો પરદ્રવ્ય છે. છતાં પરદ્રવ્યની રક્ષા હું કરું છું અને એનાથી મને મુક્તિ થશે (એમ માનતો હોય અને) એ વ્રતને પાળતો હોય છતાં પાપી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ?

'**શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું...**' આ શરીર, બીજા જીવને દુઃખ ન થાય એમ હાલવા-ચાલવાની ક્રિયા શરીરની થાય એ મારાથી થાય છે એમ માનનાર અને એનાથી-એ જતનાથી શરીર સરખું રહે, બીજા જીવને દુઃખ ન થાય એમ શરીર રહે તો મને ધર્મ થાય. એમ માનનાર વ્રત ને સંયમ પાળતો હોય ક્રિયાકાંડની છતાં એ મિથ્યાદૃષ્ટિ છે, પાપી છે. વલ્લભદાસભાઈ! શું છે? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહે છે ને પરજીવની રક્ષા એ કરી શકતો જ નથી. પરદ્રવ્યની પર્યાય

આત્મા ત્રણ કાળમાં કદી કરી શકતો નથી.

મુમુક્ષુ :- કરવી કે ન કરવી?

ઉત્તર :- કરે કોણ? પણ કરી શકતો નથી (પછી) કરવી ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં તો આવે છે.

ઉત્તર :- શું આવે છે? શાસ્ત્રમાં કાંઈ આવતું નથી.

પરપદાર્થ સ્વતંત્ર પદાર્થ છે. એનો ઉત્પાદ-ઊપજવું, વ્યય થવું એ પરને આધીન છે. એને ઠેકાણે પરજીવની રક્ષા હું કરી શકું છું, એ માન્યતા પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની એકતાબુદ્ધિનો મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કહે છે? એ ક્યાં પ્રશ્ન છે? એ તો પછી આવશે હજી. હું પરની હિંસા કરી શકું છું, એ પણ મિથ્યાત્વ છે. એ પછી આવશે. હજી તો રક્ષાની વાત ચાલે છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં ઠરવું, આત્મામાં ઠરવું.

અહીં તો કહે છે, જુઓ! આવ્યું છે ને ત્યાં? '**મુનિપદ લઈ વ્રત-સમિતિ પાળે તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા,...**' હું કરી શકું છું, શરીરની જતનાથી મારું કલ્યાણ થશે, શરીરનો સદુપયોગ થાય, જીવ ન મરે એનાથી મને લાભ થાય એમ માનનાર મિથ્યાદૃષ્ટિ બે દ્રવ્યની એકતાબુદ્ધિવાળો છે. સમજાણું કાંઈ? '**પરદ્રવ્યની ક્રિયાથી..**' જે મોક્ષ માને અથવા '**પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવોથી...**' જુઓ! પોતામાં દયા.. ઓલી તો ક્રિયા પરની થઈ. હવે પરદ્રવ્યની રક્ષાના કાળમાં પોતાને શુભભાવ થાય દયા, દાન આદિનો ભાવ એનાથી મારો મોક્ષ થાશે. એ શુભભાવથી મારી મુક્તિ થશે અથવા શુભભાવથી મને સંવર અને નિર્જરા થશે. એમ માનનાર મિથ્યાત્વી પાપી છે એમ કહે છે. શું થયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રક્ષા કોઈ કરી શકતું નથી ત્રણ કાળમાં. શું કરી શકે છે? પરની રક્ષા કરી શકે છે? છ કાયના જીવ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યની પર્યાય આત્મા કરી શકે ત્રણ કાળમાં? પોતામાં શુભભાવ હોય એને નહિ મારવાનો આદિ. બસ. પણ એ શુભભાવથી સંવર-નિર્જરા માને તો મિથ્યાદૃષ્ટિ છે. શેઠી! વાત એમ છે. જયપુરમાં ફૂંકીને બહુ આવ્યા. હમણાં મુંબઈમાં બધુ ખાઈ-પીને લહેર કરીને પછી આ ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છ કાયની દયાની વાત જ નથી. છ કાયનો જીવ છે એ કાય એ જીવ નથી. અંદર આનંદસ્વરૂપ છે એ જીવ (છે). એમ જ્ઞાની જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે છે, બસ એટલું. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? એ ન્યાલચંદભાઈ! આ લ્યો તમારાથી મોટા છે .. આમ છે પણ એમાં લખ્યું છે કે નહિ?

મુમુક્ષુ :- એ તો સોનગઢથી છપાયેલું...

ઉત્તર :- સોનગઢથી છપાયેલું (પણ લખાણ) કોનું છે? આ જયચંદ્ર પંડિતનું છે. જયચંદ્ર પંડિતનું લખેલું છે આ. ન્યાયથી લખ્યું છે, જુઓ!

પોતાનો શુભભાવ. કર્મના નિમિત્તથી થતો ભાવ પોતાનો શુભ. પણ એ શુભભાવથી- મહાવ્રતના પરિણામથી, વ્રતના પરિણામથી મારો મોક્ષ થશે એમ માનનાર પાપી મિથ્યાદષ્ટિ છે. આકરી વાતું બહુ. દિપચંદજી! શું કર્યું અત્યાર સુધી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભૂલ કરી? પહેલું સમજવું તો જોઈએ કે યથાર્થ વસ્તુ શું છે? ભગવાન! આત્મા કોણ.. આહાર વખતે કોણ કહેતું હતું? ઉત્પાદ-ઉત્પાદની વાત ચાલતી હતી ને? શું હતું? .... કાંઈક વાત ચાલતી હતી. પરદ્રવ્યનું કરી શકાય નહિ. કાંઈ પ્રશ્ન થયો હતો ને, ભાઈ? જયંતિભાઈ! આમ ફરતા હતા ત્યારે કાંઈક થયો હતો ને? ઉત્પાદ કોણ કરી શકે? કીધું. કાંઈક પ્રશ્ન ઉઠ્યો હતો ને એવો. આપણે આહાર કરીને ફરતા હતા ત્યારે. આહાહા..! સાચી વાત. એ વસ્તુ વિજ્ઞાન છે ને આપણું પુસ્તક આ. ભોગીભાઈને આપ્યું છે. ભોગીભાઈ, આ મિલમાલિક. એ કહે કે..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે?

મુમુક્ષુ :- જ્યાં અંધારું છે ત્યાં અજવાળું થવું જોઈએ.

ઉત્તર :- હા. એ તો બરાબર છે. અંધારુ એ અજ્ઞાન છે. એ વસ્તુવિજ્ઞાનમાં એમ લખ્યું છે ને કે મોટર મોટરથી ચાલે છે. એમ લખ્યું છે ને. તો શેઠ ... આ બધી વાત બેસે છે પણ આ વાત બેસતી નથી. આપણે વસ્તુ વિજ્ઞાનસાર પુસ્તક છે ને? હિન્દીમાં છે ને? હિન્દીમાં છે. હિન્દીમાં નથી. હિન્દીમાં છે? હિન્દી? આમને આપજો એકાદ. વસ્તુ વિજ્ઞાનસાર મળ્યું છે તમને? વસ્તુ વિજ્ઞાનસાર. મળ્યું છે? ક્યારે? વસ્તુ વિજ્ઞાનસાર પુસ્તક છે. આપજો એમને. લઈ લેજો. ભેટ. વાંચવા જેવું છે. હિન્દીમાં છે હિન્દીમાં. બહુ સારું છે. તો એને વાંચીને એ કહે છે કે પણ મોટર ચાલે મોટરથી? પણ પ્રભુ! મોટરની વાત નહિ પણ એમાં એક પરમાણુ પરમાણુ એક. તો એ પરમાણુમાં અનંત ગુણ છે તો એ ગુણના સ્વકાળે પોતાનો

ઉત્પાદ થાય છે કે નહિ? તો ઉત્પાદ કહો કે એનું કાર્ય કહો. તો એનું કાર્ય એનો પરમાણુ કરે છે. બીજા પરમાણુ એનું કાર્ય કરતા નથી અને બીજો આત્મા કરી શકતો નથી. વસ્તુ આવી છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ચાલ્યું એની.. એની દૃષ્ટિ સંયોગ ઉપર છે. એનો સ્વભાવ જોયો છે એણે? કે આ પરમાણુ છે. એ પરમાણુ અસ્તિ છે અને પરમાણુમાં અનંત ગુણ છે. હવે એ ગુણનું વર્તમાન પરિણમન ક્ષેત્રાંતર-રૂપાંતર થાય છે. એમ એણે જોયું છે સ્વભાવ? એને ખબર ન મળે ને. જોવે છે શું? આ પરમાણુ એક એક પરમાણુ એના અનંત ગુણ છે. અનંત ગુણનું અંદર પરિણમન, રૂપાંતર થાય છે, આમ થોડું ક્ષેત્રાંતર થાય છે. એ એનો પોતાનો પર્યાય તેનાથી થાય છે એમ પ્રત્યક્ષ દેખાય છે એના કાર્યમાં. સમજાણું કાંઈ? પોપટભાઈ! શું થાય છે (એમ કહે છે).

અનંત દ્રવ્ય છે એ માન્યું નથી ને. અનંત છે તો અનંતપણે રહીને કાર્ય કરી શકે છે. હવે એમાં બીજો એને કરે તો એ પોતે ક્યાં નવરો કાર્ય વિનાનો છે કે બીજાનું કરે. અને બીજો ક્યાં નકામો છે કે એનું કામ બીજો કરી દે? નટુભાઈ! ન્યાયથી તો સમજાય છે કે નહિ?

અહીં એ કહે છે, જુઓ! પરદ્રવ્યની જે દયા પળી. એ મેં એને રાખ્યો તો દયા પળી. કહે છે કે ભાઈ! એની પર્યાયનો ઉત્પાદ શરીર અને આત્માનો સંયોગ રહેવાનો હતો એ તો એના ઉત્પાદે રહ્યો છે. તારે કારણે રહ્યો છે? કહો, સમજાણું? તો એમ માને કે એ પરદ્રવ્યની ક્રિયાની રક્ષા (હું કરું છું એ મિથ્યાત્વ છે). આ બહુ આકરું પાડે છે બધાને. પંડિતો રાડ પાડે છે કે અરે..! આ ધર્મ આવો! અરે..! સાંભળને હવે તને ખબર નથી. વસ્તુ તે વસ્તુ છે એ વસ્તુના કાર્યને કરે કે એ તે બીજાનું કાર્ય કરે કે બીજાથી કરે? સમજાણું કાંઈ? પ્રત્યક્ષ ખબર પડતી નથી આ પરમાણુમાં શરીરની? એની અવસ્થા જે કાળે જે બનવાની તે બન્યા જ કરે છે. તારી ઈચ્છા શું કામ કરે? કહો, સમજાણું કાંઈ? રજકણે રજકણ એની અવસ્થાને (કરે છે). અને પર્યાય વિનાનું દ્રવ્ય હોય? તો કાર્ય વિનાનું દ્રવ્ય કહો કે પર્યાય વિનાનું દ્રવ્ય કહો. પર્યાય વિનાનું દ્રવ્ય નહિ એટલે કાર્ય વિનાનું દ્રવ્ય નહિ. તો કાર્ય વિનાનું દ્રવ્ય નહિ તો એ કાર્ય બીજો એનું કરે એ લાવ્યો ક્યાંથી પણ આ? રાજમલજી! લોજિકથી છે કે નહિ ન્યાયથી? આહાહા..! એ અહીં કહે છે, જુઓ!

‘**પરદ્રવ્યની ક્રિયા...**’ એનાથી મોક્ષ માને. અને બીજી વાત હવે આવી. ‘**પર જીવોનો ઘાત થવો,...**’ જુઓ! પર જીવ હણાવા, એ મારાથી હણાય છે એમ માનવું એ પરદ્રવ્યની

પર્યાયથી પોતાની હિંસા માને છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ચાલે છે ને એના ઉત્તરનું શું ચાલે છે આ? શેઠી .. ગોળા માર્યા છે. બે-ચાર મહિના ત્યાં રહી આવે એટલે. ઓલા છોકરાઓમાં. પિતાજી-પિતાજી કરે ત્યાં દાદા-દાદા કરે ત્યાં હું હું થઈ જાય એને, લ્યો. આ પાછું રહી જાય છે અંદરથી. કહો, સમજાણું આમાં? આહાહા..!

પણ વસ્તુ જ આમ છે અને આમ.. વસ્તુ જ્યારે એમ કહે છે કે અનંત દ્રવ્ય છે. દ્રવ્ય એટલે વસ્તુ. ત્યારે અનંત છે એ અનંતપણે પૃથક્ પૃથક્ રહીને કાર્ય કરે? કે બે ભેગા મળીને કરે? ભેગા મળીને કરે તો અનંત રહેતા નથી. વાત સમજાય છે? આ બે આંગળી છે તો એ આંગળી આંગળીનું કામ કરે, આ આંગળીનું કામ કરે. બે ભેગા થાય તો બે એક થઈ જાય, બે જુદા રહેતા નથી. ખબર ન મળે. આહાહા..!

એક પણ રજકણ, મોટરનો પૈડાનો એ જુદો રજકણ છે. એ એક એક રજકણ પોતાથી ત્યાં રહે છે અને રૂપાંતર થાય છે. બીજા પરમાણુથી નહિ, ગેસના દબાણથી નહિ, પેટ્રોલથી નહિ, ઓલાના હાથથી નહિ અને એની ઇચ્છાથી નહિ. આવી વસ્તુ છે, ભાઈ! આવું ન માને એ અનંત દ્રવ્યને જ માનતો નથી. અનંત દ્રવ્યને માનતો નથી એનો અર્થ કે એક સમયની પર્યાય અનંત પૃથક્ પૃથક્‌ને કબુલનારી પર્યાય છે, એ પોતાની પર્યાયને માનતો નથી. સૂક્ષ્મ વાત છે પણ યથાર્થને માટે વિચારમાં બેસી શકે એવી વાત છે. સમજાણું કાંઈ? ન બેસી શકે એવી વાત નથી.

કહે છે કે '**પર જીવોનો ઘાત થવો,...**' જોયું! સમજાણું? અને '**અયત્નાચારરૂપે પ્રવર્તવું ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી...**' આ શરીર અયત્નાચારે પ્રવર્ત્યું. બીજા ઉપર પગ આવી ગયો એ તો અયત્નાચાર દેહની પર્યાય છે. આત્માની એ નથી અને આત્માએ કરી નથી. ભારે વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અચેતના નહિ અયત્ના. અયત્નાચાર એટલે કે આ શરીર આમ બરાબર ન રહ્યું. આમ રહ્યું. એ અયત્નાચાર એ જ એનો પર્યાયનો કાળ થઈને થાય છે. આ કહે કે અયત્નાચારથી મને બંધન થયું. પરદ્રવ્યની ક્રિયાથી મને બંધન થાય. મિથ્યાદૃષ્ટિ છે. મહાપાપી છે. આહાહા..! પાપી કહ્યા ને? '**यतोऽद्यापि पापा**' જુઓને! આહાહા..! જેવું સત્ છે તેને ન માનતા સત્‌ને અસત્ માને અને અસત્‌ને સત્ માને એ જ મહા મિથ્યાત્વ છે અજ્ઞાન. કહો, સમજાણું આમાં?

**'પર જીવોનો ઘાત થવો, અયત્નાચારરૂપે પ્રવર્તવું...'** શરીર એમ પડી ગયું નિગોદમાં કે આમ થઈ ગયું, કીડી ઉપર આવી ગયું. તો એ કીડી ઉપર શરીર આવ્યું એ આત્માથી નથી આવ્યું. આમ કીડી હોય ને કીડી ઉપર શરીર (આવી ગયું). એ આત્માથી નથી આવ્યું. એ તો એનો પર્યાય તે જ કાળનો એવો હતો એમ થઈ ગયું છે. એને એમ કે આ યત્નાચારની ક્રિયા મેં કરી. એ પરદ્રવ્યનો સ્વામી થાય છે. શશીભાઈ! ક્યાં ગયા ભાઈ ગયા? કહો, સમજાય છે કાંઈ આમાં? આમ આવે, અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. એ ગડીયામાં આવે. પણ એનો સરવાળો પાછો એની સંખ્યાનો ન્યાય પૂછે તો આવડે નહિ પાછો.

મુમુક્ષુ :- ન્યાય કાઢે કોણ?

ઉત્તર :- એને માટે તો આ કહેવાય છે.

**'પર જીવોનો ઘાત થવો, અયત્નાચારરૂપે પ્રવર્તવું ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવોથી જ પોતાને બંધ થતો માને છે...'** જુઓ! પર જીવ હણાણો એનાથી બંધ થતો માને છે. સમજાણું કાંઈ? ખોટી વાત છે. પર જીવના હણવાની ક્રિયાથી બંધ નથી. એના પોતાના ભાવથી એને બંધ થાય છે. બંધનું કારણ પરદ્રવ્ય નથી. બંધનું કારણ તારો ભાવ છે. સમજાણું કાંઈ? આ શાસ્ત્રના લખાણ આવ્યા, લખાણ લખ્યા લ્યો ને આમ. આ ક્રિયા મેં કરી, એનાથી મને લાભ થશે એમ માને છે એ પરદ્રવ્યની ક્રિયાથી પોતાને લાભ માનનારો મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :- લાભ માને એટલે સુધી રાખો, મિથ્યાદષ્ટિ શું કરવા...?

ઉત્તર :- પણ એના માટે તો આ વાત ચાલે છે. ઓલો કહે, પણ અમને સમજાણું તમે કહો છો ઈ. એ આ રીતે છે, સાંભળને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લહિયાની ક્યાં વાત છે અહીંયાં.

**'પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવો...'** જોયું! વિકારી ભાવ. પર જીવ મર્યો એને કારણે. પણ અહીં મારવાનો ભાવ હતો અશુભ. તો એ અશુભથી મને બંધન છે અને આનાથી જ મને બંધન છે. એમ માનનાર શુભભાવથી પણ બંધન છે એમ માનતો નથી. સમજાણું કાંઈ? માર્ગ અંદર મુશ્કેલ છે, બાપુ! આ તો અલૌકિક માર્ગ છે. વીતરાગ માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞનો કહેલો. સર્વજ્ઞસ્વરૂપ જ આત્મા છે. સ્વભાવ જ એનો જાણવા-દેખવાનો છે. કોઈનું કરે કે રાગ કરે એ આત્માનો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ?

પરદ્રવ્યની ક્રિયા... આકાશના ફૂલ તોડું. પણ ફૂલ જ હોય નહિ તોડ ક્યાંથી? એમ પરદ્રવ્યની

ક્રિયા કરું એવી વાત છે. અજ્ઞાની એમ માને છે. કહો, નટુભાઈ! આ દલીલ આપે ને બરાબર વકીલ આમ કોર્ટમાં? કહે છે કે એ દલીલ વાણી મેં કરી. મૂઢ છે એમ કહે છે અહીં તો. પાપી છે એમ કહો. મૂઢ ન કહો તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેમ હશે ત્યારે? મેળવોને. દાખલો અને સિદ્ધાંત મેળવવા છે કહે છે.

વાણી છે એ જડ છે. એ વાણી જડની ક્રિયા છે, આત્માની ક્રિયા છે? એ પરદ્રવ્યની ક્રિયા આત્મા કરે છે એ માન્યતા અજ્ઞાન-મિથ્યાત્વ છે. પછી વ્રત પાળતો હોય, બ્રહ્મચર્ય પાળતો હોય, મુનિ થઈને બેઠો હોય પણ એ પાપી મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ભગવાનની સ્તુતિ કરતો હોય તો?

ઉત્તર :- ભગવાનની સ્તુતિ કરતો હોય અને એ વાણી મેં કરી છે એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે. કહો, શેઠી! વાણી તો જડ છે, ભાઈ! તારામાં ક્યાં પરમાણુ હતા તો એ અવાજ નીકળે? એ પરદ્રવ્યની ક્રિયાથી બંધન માને હિંસાદિથી અને પરદ્રવ્યની ક્રિયા દયા થઈ ત્યાં એનાથી મુક્તિ માને અને શુભભાવથી મુક્તિ માને અને અશુભભાવથી જ બંધ માને, શુભભાવ પણ બંધ છે એમ ન માને (તો એ) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

જુઓ! '**અશુભ ભાવોથી જ...**' એમ પાછું. શુભ ભાવ પણ બંધનું કારણ છે. પર જીવના દયાના (ભાવ), સત્ય બોલવાના થયા, ભાવ થયા એ બધો શુભભાવ છે. અને શુભભાવ તે બંધનું જ કારણ છે. કહો, ન્યાલચંદભાઈ! એમાં છે, હોં અંદર. છે ને? આ રસ મેં ન ખાધો. એ કહે છે કે જડની ક્રિયાનો સ્વામી થાય છે એમ કહે છે. આપણે ઘરે ઉતારીએ ને. એય.. શેઠી! આ રસ મેં છોડ્યો. કહે છે કે એ જડની ક્રિયા એણે અહીં નહોતી આવવાની એને ઠેકાણે મેં છોડ્યો, એ જડની ક્રિયાથી મને લાભ થશે એમ એણે માન્યું છે. અને એમાં ત્યાગમાં જરી શુભભાવ થયો એનાથી મારો મોક્ષ થાશે. એ પણ આસ્રવને સંવર માન્યો છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છોડ્યું નથી. છોડે-બોડે કોણ? શુભભાવ. એને આવ્યો શુભભાવ એટલી વાત. પણ શુભભાવ એ બંધનું કારણ છે. અને પરની ક્રિયા મેં છોડી એ મિથ્યાત્વનું કારણ છે એવી માન્યતા. શેઠી! આકરું કામ છે. આ તો વીતરાગ માર્ગની વ્યાયામ શાળા છે. આહા..!

કહે છે, '**ત્યાં સુધી તેને...**' આ રીતે માને છે '**ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું;...**' છે? સ્વપરનું જ્ઞાન નથી એમ જાણવું. શું કીધું? એ પર જીવની દયા પળી એનાથી મને મોક્ષ થશે, પર જીવની હિંસા થઈ એનાથી મને બંધ થશે,

અશુભભાવથી મને બંધ થશે, શુભભાવથી મને મોક્ષ થશે, એમ માનનારને સ્વપરની જુદાઈનું સાચું જ્ઞાન છે નહિ. ભેદજ્ઞાન નથી એટલે મિથ્યાદષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

એક તો આત્મા સ્વભાવ અને એનાથી પર તે વિભાવ. અને એનાથી પર તે પરદ્રવ્ય. ત્રણ વાત. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવ આત્મા એ સ્વ. પુણ્ય-પાપના ભાવ એ સ્વભાવની અપેક્ષાએ પર. અને એની અપેક્ષાએ પરદ્રવ્ય એ પર. તો પર જીવની રક્ષા દયા પળી કે હિંસા થઈ એ ક્રિયા પરની છે. એને ઠેકાણે મેં કરી, એની દયાથી મને લાભ થયો. એ બચ્યો માટે મને લાભ થયો, મરી ગયો માટે મને નુકસાન થયું. એણે પરને, સ્વને જુદા માન્યા નથી. પોપટભાઈ! બહુ પણ આકરું કામ. એમ અશુભ ભાવથી જ બંધ માને અને શુભ ભાવથી બંધ ન માને એને પણ સ્વસ્વભાવ અને વિભાવ બેનું જુદાનું એને જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ...**' દેખો! બંધ તો અશુદ્ધ પરિણામથી હતો. અશુદ્ધ એટલે શુભ અને અશુભ ભાવ. આત્મામાં બંધન પર જીવ મર્યો માટે નહોતો. પોતાના અશુદ્ધ પરિણામથી બંધ હતો. શુભ અને અશુભ બેય ભાવ અશુદ્ધ છે. શુભભાવ અને અશુભભાવ બેય અશુદ્ધ છે. બંધ તો પોતાના અશુદ્ધ ભાવથી અને મોક્ષ તો પોતાના શુદ્ધ ભાવથી થતા હતા. મોક્ષ તો શુદ્ધ ભાવથી થાય છે. એ પુણ્ય-પાપના ભાવ રહિત આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એનો શુદ્ધતાનો અંશ પ્રગટ્યો શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

'**બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા હતા,...**' શું કહ્યું? બહુ સ્પષ્ટ કર્યું છે સરસ. આત્માને બંધન તો અશુદ્ધ ભાવથી હતું. અને મોક્ષ તો શુદ્ધ આત્માના સ્વભાવ આશ્રયે શુદ્ધભાવથી હતો. એ આણે વિપરીત માન્યું. પર જીવની હિંસાથી મને બંધન, પર જીવની રક્ષાથી મને મુક્તિ, અશુભ ભાવથી મને બંધન, શુભ ભાવથી મને મુક્તિ. એમ વિપરીત માન્યું. શેઠી! હવે આ બધું સમજવા જેવું છે. કોઈ સાદ નાખે એવું નથી ન્યાં, મહેન્દ્રભાઈ ને મહેન્દ્રભાઈ ત્યાં ક્યાંય.

ઓહો..! સ્વતંત્ર ભગવાન આત્મા અને સ્વતંત્ર એ પદાર્થો સ્વતંત્ર છે બધા. પોતાની ઈશ્વરતા રાખીને એ કામ કરી રહ્યા છે. પોતાની ઈશ્વરતા કોઈને સોંપતા નથી. કોઈપણ પદાર્થ દરેક ઈશ્વર છે. પરમાણુ પણ પોતાની અનંત શક્તિનો ઈશ્વર છે. જડેશ્વર છે. એક એક પરમાણુ જડેશ્વર છે. અહીં જડેશ્વર મંદિર છે, વાંકાનેરમાં. આ તો આ જડેશ્વર છે બધા. એક એક રજકણ. ભાઈ! એના અનંત અનંત ગુણ છે. નાનું નાનું એમ ન ગણો. નાનું એમ ન ગણો. નાનો નાગ પણ માથું ફાડીને તોડી નાખે. એમ નાનું દ્રવ્ય એમ ન ગણો. પણ એ દ્રવ્યમાં

ભાવ-સ્વભાવ અનંત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેમ અસંખ્ય પ્રદેશી છે, આકાશ અનંત પ્રદેશી, પરમાણુ એક પ્રદેશી (છે). પણ છે ગુણો એમાં પૂરા અનંતાઅનંત બધામાં. એવો પરમાણુ અતીન્દ્રિય. એને ઠેકાણે .. ઇન્દ્રિયગ્રાહ્ય. એની પર્યાયને હું કરું. બીજાના જીવને હું અહીં રાખી શકું. એ મરતો હતો એને મેં બચાવ્યો. અને બચતો હતો, બચતો હતો જીવતો હતો એને મેં માર્યો. બેય વાત તદ્દન જૂઠી છે. આહાહા..! કહો, જયંતિભાઈ! આકરું લાગે, ભાઈ! બીજી વાત બેસે છે, પણ આ એક પેટ્રોલ વિના મોટર ચાલે એ વાત બેસતી નથી.

મુમુક્ષુ :- પણ એ બેસે છે ત્યારે પેટ્રોલ વિના તો ચાલતી નથી. પછી બિચારા કરે શું?

ઉત્તર :- આ પેટ્રોલ પડ્યું હોય તો પણ ચાલતી નથી એનું શું કરવું ત્યારે? પેટ્રોલ પડ્યું હોય ને ચાલતી નથી. થઈ રહ્યું ત્યારે. એની પર્યાય નહોતી થવાની માટે નથી થઈ એમ છે. મશીનનો અર્થ પરમાણુ. એ ગતિ થવાની ક્રિયા એનામાં નહોતી થવાની, સ્થિર થવાની હતી તો એમ થઈ. કરી કોણે? આહાહા..! કેમ હશે આમ? પ્રવિણભાઈ! સાંજે ... ગયા હતા. કહો, સમજાણું કાંઈ?

શું કહે છે? ઓહોહો..! બંધ અને મોક્ષ તો એક જ પંક્તિ. આત્માને ભાવબંધ અને ભાવમોક્ષ. એ અશુદ્ધ પરિણામથી બંધ અને શુદ્ધ પરિણામથી મોક્ષ. આમ હતું. સમજાય છે? '**શુભાશુભ ભાવો તો બંધનાં જ કારણ હતા...**' છે? એ દયા, દાન, ભક્તિ, વ્રત, તપના શુભ ભાવ એ તો બંધના જ કારણ હતા. આહાહા..! પછી ઓલા કહે, તદ્ હેતુ ક્રિયા, અમૃત હેતુ ક્રિયા, ફલાણા હેતુ ક્રિયા. નાખે લાકડા ઊંધા. સમજાણું? આવે છે કે નહિ? અમૃત હેતુ ક્રિયા, અમૃત પોતાનું નિર્મળ.. તદ્ હેતુ ક્રિયા. ઢીંકણું મારીને ઊંધા માર્યા છે બધાને. અહીં તો કહે છે કે શુભ ભાવ, ચાહે સો ભક્તિનો હો, પૂજાનો હો, દાનનો હો, દયાનો હો. એ બંધનનું કારણ છે. સંવર-નિર્જરા જરીએ નહિ. કહો, સમજાણું આમાં? શાંતિભાઈ! આમાં શું સમજવા? બધા માને છે એમ કે પરની દયાથી લાભ થાય. કહો! દયા તે સુખની વેલડી નથી આવતું? આહાહા..! 'દયા ધર્મનું મૂળ છે, પાપ મૂળ અભિમાન. તુલસી દયા ન ખંડિયે, જબતક ઘટમેં પ્રાણ.' એ તો બધી બહારની વાતું છે. એને કે દિ' ખબર હતી તત્ત્વની?

દયા તો એને કહીએ, આત્માના સ્વભાવમાં પુણ્ય-પાપના વિકલ્પથી જીવને રાખે જુદો, એને દયા કહીએ. સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપના ભાવ એ આત્માની હિંસા છે. વાત વાત તે વાત અને જેના ફળ પણ મોટા! આહાહા..! અનંત અનંત કાળથી .. રહ્યો છે દુઃખમાં ચાર ગતિમાં. ક્યાંય, આકુળતા વિના ક્યાંય એણે જોયું નથી. આકુળતા... આકુળતા.

સધન દુઃખી, નિર્ધન દુઃખી, રોગી દુઃખી, નિરોગી દુઃખી, આ શરીર સહિત અહીં દુઃખી, અને શરીર આ ઔદારિક રસ્તામાં નથી ત્યાં પણ દુઃખી. એક ભવથી બીજા ભવમાં જાય રસ્તામાં દુઃખી છે ઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શરીર થયો. તૈજસ, કાર્મણ છે ભેગા. પણ એને કારણે ત્યાં દુઃખી નથી. મિથ્યા માન્યતા અને કષાયને કારણે દુઃખી છે. તૈજસ, કાર્માણ સાથે છે માટે દુઃખી નથી. શરીર રહિત થયો માટે, આ શરીર રહિત થયો પણ અંદર ક્યાં શરીર રહિત થયો છે? આ શરીર મારું, હું એનો એવા જે પરિણામ છે, એવું ભાવશરીર તો એની સાથે છે વિકારનું. આહાહા..! દુનિયાની સાથે ભાઈ આ વાત (મેળ ખાય એવું નથી). જેને આત્માનું હિત કરવું છે એને તો આ રીતે સમજે છૂટકો છે જગતને. દુનિયા સાથે મેળ નહિ ખાય અને દુનિયા રાજી નહિ થાય. દુનિયા ઘણી રાજી નહિ થાય. કહો, સમજાણું?

'**શુભાશુભ ભાવો તો બંધનાં જ કારણ હતા અને પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું,...**' જોયું! બેય ખુલાસો કરી નાખ્યો છે. શુભાશુભ ભાવ થાય એ તો બંધના કારણ છે. પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર હતું. '**તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું.**' તેમાં તેણે ઊલટું માન્યું. પરદ્રવ્યની ક્રિયા હિંસાથી મને બંધ થાય, દયાથી મને મુક્તિ થાય (એ) વિપરીત માન્યું. સમજાણું કાંઈ? '**આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે...**' જોયું! આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુભુંડું માની રાગદ્વેષ કરે છે. એ પરદ્રવ્યની દયા પળી એથી મને ભલું થશે. પરદ્રવ્ય મર્યો માટે ભુંડું થાશે. એ પરદ્રવ્યથી ભલુંબુરું માન્યું છે. સમજાણું કાંઈ? શરીર જતનારૂપે રહ્યું તો મને લાભ થયો. શરીર અજતનામાં ગયું તો મને નુક્સાન થયું. એ પરદ્રવ્યથી ભલુબૂરું માન્યું છે. સમજાણું કાંઈ?

'**ત્યાં સુધી તે સમ્યગ્દષ્ટિ નથી.**' સાચી સ્વભાવદષ્ટિનું ભાન નથી. '**સમ્યગ્દષ્ટિ જીવ તો જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે...**' ધર્મીને પણ રાગદ્વેષના અંશો નબળાઈના કારણે હોય છે '**ત્યાં સુધી તે રાગાદિક વિષે તથા રાગાદિકની પ્રેરણાથી જે પરદ્રવ્યસંબંધી શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે...**' એમ દેખાય છે. રાગમાં પ્રવર્તે છે અને રાગના નિમિત્તથી અંદર જાણે પરની હિંસા થાય છે ને એમાં પ્રેરણારૂપ નિમિત્તરૂપે દેખાય છે. '**તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે-આ કર્મનું જોર છે;...**' રાગનું જોર છે. મારા સ્વભાવનું જોર નથી. '**તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે.**' એ રાગાદિ ભાવથી અને પરદ્રવ્યનું લક્ષ છોડું ત્યારે મારું કલ્યાણ છે. સમજાણું કાંઈ?

'**તે તેમને રોગવત્ જાણે છે.**' ધર્મીને શુભરાગ આવે એ પણ રોગવત્ જાણે છે.

અશુભ રાગ થાય એને પણ રોગ સમાન જાણે છે. જેને રોગ સમાન જાણે તેના પ્રેમ કેમ હોય? સમજાણું કાંઈ? '**પીડા સહી શકાતી નથી તેથી તેમનો ઈલાજ કરવારૂપે પ્રવર્તે છે...**' રાગ થાય છે ત્યારે સમાધાન થતું નથી એટલે આમ દેખાય છે કે જાણે આ વિષય સેવે છે. આ આવું બોલે છે, આ ચાલે છે, આની પાસે જાય છે, લેણું લેવા જાય છે. સમજ્યાને? વગેરે આમ દેખાયને? દેણું પૈસા દેવા જાય છે, ક્રિયા આદિ થાય છે. એ પ્રવર્તે પણ ઓલું રાગનું સમાધાન થતું નથી એટલી રાગની ક્રિયા થાય છે. એમ કહે છે. માને છે તે દુ:ખરૂપ અને રોગ સમાન જાણે છે. કહો, સમજાણું?

'**તોપણ તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી;...**' ધર્મીને રાગમાં પ્રવર્તે છતાં રાગમાં એકતાબુદ્ધિ નથી. રાગથી લાભ માનતો નથી, નુકસાન માને (છે). માટે તેને ખરેખર રાગી કહેવાતો નથી. રાગથી લાભ માને તો રાગી કહેવાય. રાગથી લાભ માને નહિ માટે તેને રાગી કહેવાતો નથી. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ જૈન પરમેશ્વર કેવળજ્ઞાનીએ કહેલો, જગતને સત્ સાંભળવા મળે નહિ પછી અંદર કુતર્ક કર્યા કરે. લ્યો, આમ થાશે તો આમ થઈ જશે. આમ થાશે તો નિષ્ક્રિય થઈ જશે. કોઈનું કાંઈ કરશે નહિ પછી કોઈની દયા પાળશે નહિ. તો સામે મરતો હોય તો અમારે જોઈ રહેવું? વળી એમ પ્રશ્ન કરે છે. પણ જોઈ રહેવાનો અર્થ શો? તું તો જાણે છો આમ થાય છે. દેહની ક્રિયા થવાની હોય તો થાય, કાંઈ તું કરી શકે છો? સમજાણું કાંઈ? પહેલો પ્રશ્ન એક ફેરી લાવ્યા હતા તમારે ઓલા બેચરભાઈ હતા ને કાળાવડવાળા. ભાવનગર રહેતાને પહેલા? કાળાવડવાળા બેચરભાઈ.

મુમુક્ષુ :- એમના પિતા ઈન્જિનયર હતા ને.

ઉત્તર :- પિતા ઈન્જિનિયર હતા ને. પ્રવિણભાઈ અહીં સણોસરા હતા. પછી બીજે ક્યાંક (હતા). ગુજરી ગયા. પણ એ પહેલા લાવેલા, પહેલા પ્રશ્ન કે આ પ્રાણી આ મરે... શાંતિભાઈ ઓળખતા? કાળાવડવાળા બેચરભાઈ હતા. નિવૃત્તિ હતી એને. અને અભ્યાસ કરતા. પણ પહેલું સાંભળતા... પછી એને.. પહેલું તો સાંભળીને એવા .. આવે ખરા અહીંયાં. (સંવત) ૧૯૮૬ની સાલથી. અમરેલી ચોમાસુ હતુ ત્યારથી આવે. દમનો રોગ હતો. પછી ઈંજેક્શન લેતા. આવે. પછી એક ફેરી કહે, શું ત્યારે કોઈ પ્રાણી મરતો હોય અને દુ:ખી થતો હોય તો અમારે જોઈ રહેવું? અમારે કાંઈ કરવું કે નહિ? પણ તમારે કરવું એટલે તું કોણ? અમારે કરવું કે નહિ? એટલે તું એટલે કોણ? અને કરવું એટલે કોણ? તું તો આત્મા. તને રાગ થાય. એ કરવું. કહો! દેહની ક્રિયા એ વખતે થવી ન થવી, એ કંઈ તારા રાગને આધીન છે? એ આહાર-પાણી એને દેવા કે દેહની ક્રિયા એની સામું જઈ અને પડ્યો છે પાણીમાં તે ઉપાડવી. બસ, તણાવા દેવી? પણ સાંભળ તો ખરો. તને ખ્યાલમાં આવે

કે આમ છે, બસ! એટલું તારું કાર્ય. બહુ તો દયાનો ભાવ હોય. હવે એમાંથી આ હાથ આમ ચાલવો અને એનાથી ક્રિયા (થાય) એ કાંઈ તારી ક્રિયા છે કે તું કર એને? ભારે આકરી વાત, ભાઈ! સમજાણું કાંઈ? શેઠી!

જુઓને! કહે છે, રાગ કરી શકાતો નથી. રાગીને આ કરું છું, કરું છું, આ ક્રિયા મેં કરી. પર જીવના દુઃખને મટાડવાની ક્રિયા મેં કરી એમ માને છે. જ્ઞાની કહે છે કે પરનું ત્યાં દેખાય ત્યારે જરી રાગ થાય. કાં એને એમ થાય કે અરે..! આ પ્રાણી આવા જન્મ, જરા, મરણમાં રખડે છે. અરેરે..! એનું શું થશે? એમ ભાવદયા આવે. ઉપાય કરી દઉં, એકદમ કરી દઉં, એકદમ કરી દઉં. એમ જડથી કરી દઉં, શરીરથી કરી દઉં, આહાર-પાણી લાવીને કરી દઉં એવું એને અભિમાન હોય નહિ. સમજાણું કાંઈ?

જગતની સાથે વીતરાગ માર્ગના ન્યાયને મેળવવો બહુ કઠણ છે. આહાહા..! એક વચન એવું આવતું. તો કહેતા સંપ્રદાયમાં. .. એવો શબ્દ છે આચારાંગમાં. .. પછી તો એને લડાવતા ને એ જાતનું. હે ગૌતમ! મહાવીર એમ કહે છે કે હે ગૌતમ! એ શબ્દ હતો એક. આચારાંગના ટૂકડા પહેલા બહુ (વાંચતા). ... લોકના માર્ગની સાથે મારા માર્ગને હે ગૌતમ મેળવીશ નહિ. એ આવતું ઓલા તમારા વીરવાણીમાં. નહિ ૮૨માં? વીરવાણી છપાતી હતી ને? બોટાદ બોટાદનું વાંચન હતું એમાં. નો લોયસ્સ એસણે.. આચારંગ છે ને આ લોકોનો બનાવેલું? એમાં આવા શબ્દ ઘણાં છે. નો લોયસ્સ એસણે. લોકની એષણા કરીશ નહિ. દુનિયા આમ માને છે, દુનિયા એમ કહે છે. હે ગૌતમ! મારા માર્ગને દુનિયાની સાથે શોધીશ નહિ, મેળવીશ નહિ, એની સાથે સમન્વય કરીશ નહિ. સમજાણું કાંઈ? તે દિ' લાગતું લોકોને એવું સરસ. .. આનો અર્થ કરતા ત્યારે. લોકો તો આમ.. ણો લોયસ્સ એસણે.. ભગવાન એમ કહે છે કે હે ગૌતમ! મારા માર્ગની સાથે કોઈ જગતના માર્ગને ક્યાંય મેળવીશ નહિ. મારો માર્ગ તદ્દન નિરાળો જગતથી છે. શાંતિભાઈ! એવો એક ટૂકડો આવે છે આચારાંગમાં, શ્વેતાંબરમાં. એવા એવા ટૂકડા ઘણા છે. આહાહા..! નટુભાઈ! સમજાય છે આમાં?

કહે છે, '**કારણ કે જેને રોગ માને તેના પ્રત્યે રાગ કેવો?**' રોગ આવ્યો તો રહેજો અને એના બાટલા ભરી રાખજો દવાના. એમ ભાવના કરતો હશે? સમ્યગ્દૃષ્ટિને રાગ આવે. અરે..! આ ક્યારે છોડું? અને ક્યારે ઠરું? એવી ભાવના હોય છે. રાગને રાખવાનો ભાવ હોતો નથી. '**તે તેને મટાડવાનો જ ઉપાય કરે છે...**' શું કહે છે? ધર્મી જીવ રાગ આવે તેને મટાડવાનો, ટાળવાનો, છોડવાનો ઉપાય કરે છે. '**અને તે મટવું પણ પોતાના જ જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી માને છે.**' એ રાગ શુભાદિ આવે એને મટાડવા માટે આત્માના આનંદ અને જ્ઞાનનું પરિણમન તે જ એને મટાડવાનો ઉપાય છે. કોઈ ક્રિયા કરું

અને મટી જાય, શુભરાગ મટી જાય એમ છે નહિ. ભારે અત્યારે ગડબડ ચાલી છે. કોઈ વાંચનારા ભણેલા પણ અંદરમાં લાકડા પેઠા છે હોં અંદર. સમજાણું કાંઈ? આજે લેખ આવ્યો છે મોટો. ખાણિયાની ચર્ચાના વખાણ કર્યા છે. પણ કોઈ મધ્યસ્થી એવો આવે કે બેયને બરાબર સમતોલ કરીને ન્યાય આપે એવું પુસ્તક બનાવો. ...

મુમુક્ષુ :- એ નવો..

ઉત્તર :- નવો ... કાઢ્યો. એવો એ શબ્દ છે અંદર. અરે..! ભગવાન! આમ વખાણ કર્યા છે કે બહાર પાડ્યું એ બહુ સારું કર્યું. કેમ કે આગમના રહસ્યો બેય જણા શું કહે છે એને બહાર પ્રકાશમાં આવ્યા. સામાવાળા નહોતા કાઢવાના પણ ફૂલચંદજીએ આ કર્યું. અભિનંદનને પાત્ર છે એમ કરીને (લખ્યું છે). લેખ આવ્યો છે. જૈન સંદેશ. પણ પાછા એમ કે એમાંથી કોઈક નીકળે.. .. મધ્યસ્થ વ્યક્તિ મધ્યસ્થ ભાવસે ઈસ સમુદ્રકા મંથન કરકે. આ બે મોટા ગ્રંથ છે ને? તમને તો આપ્યા છે. નહિ? સંક્ષિપ્ત કરકે પ્રમાણિક, સંક્ષિપ્ત સંસ્કરણ તૈયાર કર સકે જિસમેં દોનોં પક્ષો કે સાથ ન્યાય કિયા ગયા હો તો બહુત લાભ હો સકતા હૈ. ઠીક! બેયને ન્યાય મળે. જિસમેં દોનોં પક્ષોકે સાથ ન્યાય કિયા ગયા હો તો બહુત લાભ હો સકતા હૈ. દો .. મસાલા એક .. મેં આ સકતા હૈ. બે પુસ્તકમાંથી એક પુસ્તક બની શકે.

મુમુક્ષુ :- તો શું કામ?

ઉત્તર :- ના ના. પણ એમાંથી એમ કે બેયને ન્યાય મળે. ન્યાય ક્યાંથી બેને પણ મળે?

સંક્ષિપ્ત સંસ્કરણ તૈયાર કરકે એ બીજી વાત. અને દોનોં પક્ષોંકે સાથ ન્યાય કિયા ગયા હો તો બહુત લાભ હો સકતા હૈ એ બીજી વાત. ટૂંકું કરવું બીજી વાત અને બેને પાછો ન્યાય આપવો. સમજાણું કે નહિ? એ બધી વાત છે સમજવા જેવી. ન્યાય તો એક જ આપી શકાય. ન્યાય છે એને. બીજાને ન્યાય ક્યાંથી આપી શકતો હતો? સમજાણું કાંઈ?

અહીં તો ધર્મીજીવને રાગ અશુભ અને શુભ આવે છે તેને રોગ સમાન માને છે અને એનો મટાડવાનો ઉપાય કરે છે. પણ તે ઉપાય પણ આત્માના જ્ઞાનપરિણમન એટલે શુદ્ધઉપયોગ દ્વારા ટાળવા માગે છે. એ એનો ઉપાય છે. સમજાણું કાંઈ? ભારે વાત. કેટલું પાટીયું ભર્યું છે સરસ. '**મટવું પણ પોતાના જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી જ...**' એટલે ઓલા રાગપરિણામથી ભિન્ન પડી. જ્ઞાન એટલે આત્માનું શુદ્ધ પરિણમનથી તે રાગને મટાડવાનો ઉપાય સમજે છે. આહાહા..! અરે..! અંદર વીર્ય અને રુચિથી હા તો પાડ કે માર્ગ આ છે. એમ તને અંદર રુચિ તો કર. આ તો ગડબડ.. ગડબડ કરે, માને મિથ્યાત્વ અને માને કે અમે કાંઈક હવે સાધુ થયા, વ્રત ધારી થયા. બૂડ્યા ઊંડા જવામાં સમુળગા. સમજાણું કાંઈ?

કાલે કહ્યું નહોતું? બહુજન સંમતનું આવ્યું છે. જેમ જેમ બહુસુત બહુજન સંમત બહુ ... પરવરીઓ. એવા છ બોલ આવે છે ઠાણાંગમાં. તેમ તેમ જૈન શાસનનો વેરી, જો નવિ નિશ્ચય દરિયો. નિશ્ચય સત્ય સ્વરૂપ શું છે જો એનું જ્ઞાન નથી, તો જેમ જેમ ઝાઝા શિષ્ય થયા, ઝાઝું ભણ્યો, ઝાઝા પરિવાર મળ્યા, આબરૂ મોટી વધી, જેમ જેમ બહુજન સંમત, ઘણાંએ માન રાખ્યું... ઊંડો ઉતરશે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આખી દુનિયા છે, ભાઈ! અનાદિથી છે એમાં કોનું શું...? આખો આત્મા સંકેલવો અંદરમાં, વિકલ્પથી સંકેલીને અંદરમાં આવવું છે. આ માર્ગ છે આખો. એમાં પરની ક્રિયાની વાત પણ ક્યાં અને રાગથી લાભ થાય એ વાત પણ ક્યાં છે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શાંતસાગરસ્વરૂપ વીતરાગ. એમાં એ વિકલ્પ આવે એને છોડીને આમ સમાવાનું છે. એ માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. કરવાનું તો ક્યાં છે પરનું અને પરથી પોતાનું? પણ આ વિકલ્પ ઉઠે એને અંદર છોડીને, વિકલ્પ છોડીને અંતર સમાવાનું, જ્ઞાનનું પરિણમન કરીને છોડવાનું એ કાર્ય છે. જ્ઞાની એમ સમજે છે કે શુભભાવ આવ્યો છે માટે આમ ... અથવા શુભભાવ આવ્યો તો વેદી લઉં, ભોગવી લઉં તો પછી ટળી જશે. એમ નહિ. સમજાણું કાંઈ? એને ટાળવાનો માર્ગ તો જ્ઞાનનું પરિણમન, જે રાગરૂપ પરિણમન છે તેને જ્ઞાનના પરિણમનથી ટાળે એમ માને છે. સમજાણું કાંઈ?

'**આ રીતે સમ્યગ્દૃષ્ટિને રાગ નથી.**' જોયું! એ રીતે મિથ્યાદૃષ્ટિને રાગ છે અને આ રીતે સમ્યગ્દૃષ્ટિને રાગ નથી. એમ કહ્યું. પરદ્રવ્યની વાત કરી નથી. કેટલું મૂક્યું છે, જુઓ! જેણે લખ્યું એણે. આર્ષ વાક્ય, આર્ષનું જે હૃદય છે એ તો ખોલે છે. '**આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદૃષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું.**' આ પ્રમાણે ખરેખર સાચી દૃષ્ટિથી અહીંયાં વ્યાખ્યાન જાણવું. '**અહીં મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે,...**' મિથ્યાદૃષ્ટિના રાગને જ રાગ કહ્યો છે. જેની દૃષ્ટિ રાગથી લાભ થાય (એમ છે), એવા અજ્ઞાનીને જ રાગ કહ્યો છે અહીંયાં. જ્ઞાનીને રાગ છે જ નહિ. ધર્મી તો રાગથી મુક્ત છે, સ્વભાવમાં યુક્ત છે, રાગથી મુક્ત છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ સ્વભાવથી યુક્ત છે, રાગથી મુક્ત છે. આહાહા..!

'**મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી; માટે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે.**' સમજાણું કાંઈ? જ્ઞાની આમ ભોગમાં દેખાય. એ એને પ્રેમ નથી, ભાઈ! એ ઝેર જાણે છે કે આહાહા..! મારો આનંદ લુંટાય

છે. મારો આત્માનો આનંદ ત્યાં હણાય છે. આ રાગ શુભ કે અશુભ મારી શાંતિને હણે છે, હણે છે. સમજાણું કાંઈ? એને રાગ પ્રત્યે પ્રેમ નથી.

'**મિથ્યાત્વસહિત રાગ સમ્યગ્દષ્ટિને હોતો નથી અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દષ્ટિ નથી.**' કહો. બેમાંથી એક હોય. રાગની રુચિ હોય અને સમ્યગ્દષ્ટિ કહેવાય એમ છે નહિ. માટે રાગની રુચિ નથી તેને સમ્યગ્દષ્ટિ કહે છે. '**આવા (મિથ્યાદષ્ટિના અને સમ્યગ્દષ્ટિના ભાવોના) તફાવતને સમ્યગ્દષ્ટિ જ જાણે છે.**' અજ્ઞાનીને પત્તો ખાતો નથી. સમજાણું? '**મિથ્યાદષ્ટિને અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી...**' અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રવેશ (એટલે) શું કહેવા માગે છે અધ્યાત્મ શાસ્ત્ર એની ખબર પણ ન પડે એને. સમજાણું? '**અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજે છે-વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે...**' શુભભાવને છોડી દઈને ભ્રષ્ટ થઈ જાય. શુભભાવને છોડીને ભ્રષ્ટ થઈ જાય. એમ.

'**અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના વ્યવહારથી જ મોક્ષ માને છે,...**' બેય વાત છે. નિશ્ચયને અંતરમાં રાગથી ભિન્ન પાડ્યા વિના એ વ્યવહારથી જ મોક્ષ માને. રાગથી મોક્ષ થશે, ક્રિયા કરશું, વ્રત પાળશું, હળવે હળવે આગળ મોક્ષ થાશે. એમ અધ્યાત્તમ શાસ્ત્રમાં પ્રવેશ અજ્ઞાનીનો છે નહિ. હોય તો આવું ઊંધું કાઢશે. '**પરમાર્થ તત્ત્વમાં મૂઢ રહે છે.**' જ્ઞાયક તત્ત્વ, રાગ તત્ત્વ, અજીવ તત્ત્વ એમાં એની મૂઢતા રહે છે. સ્વપરનો ભેદ કરતો નથી. '**જો કોઈ વિરલ જીવ યથાર્થ સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય...**' યથાર્થ સ્યાદ્વાદન્યાયથી. નિશ્ચયથી લાભ છે, ઠરી શકતો નથી તો રાગ આવે છે તો વ્યવહાર આવે છે એમ કહેવાય. પણ વ્યવહારથી લાભ છે નહિ. એમ '**સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય તો તેને અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે - તે અવશ્ય સમ્યગ્દષ્ટિ બની જાય છે.**' કહો, સમજાણું કાંઈ? કેટલું ભર્યું છે આમાં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જયચંદ્ર પંડિત.

'**હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દષ્ટિને ન હોય? તેનો ઉત્તર કહે છે:**'

**परमाणुमित्तयं पि हु रागादीणं तु विज्जदे जस्स।**
**ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि।।२०१।।**
**अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो।**
**कह होदि सम्मदिट्ठी जीवाजीवे अयाणंतो।।२०२।।**
**અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,**

**તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.**
**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.**

**'ટીકા :- જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે...'** જુઓ ભાષા આ છે. અજ્ઞાનમય ભાવ. રાગ ક્રિયા મારી છે, રાગથી મને લાભ થાય છે. પરની ક્રિયાથી મને નુકસાન થાય છે અને પરની ક્રિયાથી લાભ થાય છે. એવો જે રાગાદિ અજ્ઞાનમય ભાવ, એના લેશમાત્રનો પણ સદ્‌ભાવ અજ્ઞાનીને છે **'તે ભલે શ્રુતકેવળી જેવો હો...'** કહે છે કે અગિયાર અંગ ભણ્યો હોય. અગિયાર અંગ ભણ્યો હોય શાસ્ત્ર. પણ એ રાગથી મને લાભ થાય એમ માનનારો તે મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? જેને રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી (લાભ માને છે) એ અજ્ઞાનમય ભાવ છે. એવા ભાવનો લેશમાત્ર પણ સદ્‌ભાવ છે **'તે ભલે શ્રુતકેવળી જેવો હો...'** શાસ્ત્ર અગિયાર અંગને ભણી ચૂક્યો હોય. કરોડો શ્લોકો. એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એવા અઢાર હજાર પદનું એક આચારાંગ. એવું ૩૬ હજાર પદનું એક સૂયગડાંગ, ૭૨ હજાર પદનું એક ઠાણાંગ, એવા .. શાસ્ત્ર ભલે ભણ્યો હોય, કહે છે. અગિયાર અંગ. શ્રુતકેવળી જેવો (હોય).

**'તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે...'** ભગવાન આત્મા, એ રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન આત્મસ્વરૂપ છે એવા જ્ઞાનમય ભાવના અભાવને લીધે. જ્ઞાનમય ભાવના અભાવને લીધે **'આત્માને નથી જાણતો;...'** જ્ઞાનમય એટલે દયા, દાનના વિકલ્પથી ભિન્ન એવો જ્ઞાનમય ભાવ તે આત્મા અને રાગમય ભાવ તે અણાત્મા. સમજાણું કાંઈ? એ અણાત્માના રાગથી કાંઈ પણ આત્માને, અણાત્મરૂપ રાગથી ચૈતન્યના સ્વભાવને લાભ માનનાર કે પરદ્રવ્યની ક્રિયાથી નુક્સાન માનનાર એ અગિયાર અંગનો ભણનાર હો તોપણ જ્ઞાનસ્વભાવના ભાવના અભાવને લીધે એ નથી જાણતો રાગરહિત આત્માના સ્વરૂપને, નથી જાણતો આત્માના સ્વભાવથી અભાવરૂપ અણાત્મા રાગને. સમજાણું કાંઈ? એલએલબીની પરીક્ષા કરતાં બહુ મોંઘી પરીક્ષા છે આ. કહો, સમજાણું કાંઈ? શું કહે છે?

રાગનો લવમાત્ર પણ, એક અંશમાત્ર પણ જેણે લાભ માન્યો છે એવા અજ્ઞાનીને શ્રુતકેવળી જેવો ભલે ભણ્યો હોય, પણ એ રાગરહિત જ્ઞાનમય આત્મસ્વભાવ છે એટલે આત્મા છે એને એ જાણતો નથી. અને રાગભાવ જે અણાત્મા છે તેને લાભ માનનારો છે. તો એ અણાત્માને પણ જાણતો નથી કે અણાત્મા છે. અને રાગરહિત જ્ઞાનસ્વભાવ છે એને જાણતો નથી કે આ આત્મા છે. આહાહા..! સમજાણું? એની વ્યાખ્યા અસ્તિ-નાસ્તિથી કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૩, સોમવાર તા. ૨૪-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૧-૨૦૨, પ્રવચન-૨૮૬**

આ સમયસાર. નિર્જરા અધિકાર છે. ૨૦૧ અને ૨૦૨ ગાથા. એની ટીકા. શું કહે છે અહીંયાં? નિર્જરા અધિકાર છે. નિર્જરા કોને થાય? જેણે આ આત્માને પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે એનાથી આત્માનું સ્વરૂપ ભિન્ન જેણે જાણ્યું છે. શરીર, વાણી, કર્મથી તો જુદું છે પણ પુણ્ય અને પાપ, દયા-દાન, વ્રત, કામ, ક્રોધના શુભાશુભભાવ થાય એ આસ્રવ છે એનાથી જુદું આત્મતત્ત્વ છે એવું જેને અંતર દૃષ્ટિમાં સમ્યગ્દર્શન થયું છે એને ક્ષણે ક્ષણે શુદ્ધિ વધે છે, અશુદ્ધિ ટળે છે અને કર્મ ગળે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નથી સમજાતું.

ઉત્તર :- ફરીને કહીએ. ન સમજાય તો ક્યાં આપણે...

મુમુક્ષુ :- નિર્જરાનો અધિકાર છે.

ઉત્તર :- નિર્જરા અધિકાર છે.

આ આત્મા... જુઓ! અહીં આવશે એનાથી વિરૂદ્ધની વાત પહેલી. આત્મા એ વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ આ આત્મા એવો જોયો છે અને છે કે તે શરીર અને કર્મ અજીવતત્ત્વ છે એનાથી તો જુદું જ છે ઈ.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું અત્યારે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં શરીર જડ છે, આત્મા ભિન્ન છે. આ તો માટી છે. આ તો માટી જડ પુદ્ગલ છે. એને ભગવાન છ દ્રવ્યમાં પુદ્ગલ કહે છે. આ પુદ્ગલ છે અને આત્મા ચૈતન્ય છે. બે જાત જ જુદી તદ્દન છે. અને એમાં થતાં પુણ્ય-પાપના ભાવ, શુભ કે અશુભભાવ, ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રતનો ભાવ હોય તો શુભરાગ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષયની વાસના તો અશુભ રાગ છે. બેય રાગ છે એ આસ્રવ છે. નવા આવરણનું કારણ છે. એ આસ્રવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભગવાને જુદું જોયું છે.

મુમુક્ષુ :- સંવર તત્ત્વમાં...

ઉત્તર :- કોને સંવર? શુભરાગ છે એ આસ્રવ છે. એ જ અહીં કહેવા માગે છે.

અનાદિથી અજ્ઞાની... કોણ છે? પહેલેથી અંદર આવવું જોઈએ. વાર લાગે છે કેમ? પાછા

વળી બહાર બેસે. એટલે એને બોલાવવા પડે. શેઠી! પાછું બોલાવવું પડે. એની મેળાએ આવવું જોઈએ ને. કહો, સમજાણું કાંઈ? ભાઈ! અહીં તો બધું... પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એ પરમેશ્વર એમ કહે છે કે મેં આત્માને એવો જોયો છે તારો અને મારો બધાનો.

મુમુક્ષુ :- બેયનો?

ઉત્તર :- બેયનો. સમજાય છે કાંઈ? કે આ આત્મા અંદર છે એ તો જ્ઞાનાનંદ મૂર્તિ શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વભાવ છે. એને આત્મા કહીએ. અને જેટલો એમાં પુણ્ય અને પાપ, શુભ-અશુભ રાગ વૃત્તિઓ ઉઠે છે એ બધો અણાત્મા, અણાત્મા એટલે આસ્રવ છે. અને શરીર, વાણી, મન તો જડ અજીવ પ્રત્યક્ષ છે. આ તો માટી આ જડ છે, પુદ્ગલ છે. અંદર કર્મ પણ આઠ કર્મ ઝીણી ધૂળ છે એ અજીવતત્ત્વ છે, માટી અજીવ છે. એ અજીવ અને પુણ્ય-પાપના વિકલ્પો જે રાગ એ આસ્રવ છે એનાથી આત્મતત્ત્વ ભિન્ન છે. કારણ કે આસ્રવતત્ત્વ જુંદું, અજીવતત્ત્વ જુદું, આત્મતત્ત્વ જુદું. નહિતર ત્રણ તત્ત્વ એક થઈ જાય છે. મૂળ વાતની ખબર ન મળે. જૈનમાં જન્મ્યા હોય એને પણ ખબર ન મળે. ભોગીલાલભાઈ!

આ આત્મા એટલે શું એ જ અહીં કહેવા માગે છે. એણે અનંત કાળમાં ભગવાન આત્મા જેવા પરમાત્મા સિદ્ધ કેવળજ્ઞાની થયા એવો જ આત્મા અંદરમાં આ છે. વર્તમાનની દશામાં ફેર છે. વસ્તુ તો અંદર શુદ્ધ ચિદાનંદ મૂર્તિ રાગ અને પુણ્યના ભાવથી રહિત છે. કર્મ, શરીર રહિત છે અને પુણ્ય-પાપના ભાવથી પણ રહિત છે. એવું જેણે અંતરમાં આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એને ક્ષણે ક્ષણે કર્મનું ગળવું અને અશુદ્ધતાનું ટળવું અને નિર્મળતાનું વધવું એને નિર્જરા કહે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહાહા..!

હવે અહીં એનાથી ઊંધું છે. જુઓ ટીકા. ટીકા છે ને એની? '**જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે...**' ટીકા છે. ભાઈને બતાવો. ૨૦૧-૨૦૨ ગાથા. એની ટીકા. એ જ છે ને? ૨૦૧-૨૦૨ ગાથાની ટીકા. જરી વાત સૂક્ષ્મ છે પણ સત્ છે. પરમેશ્વરે કહી એવી જ છે અને એવો જ અનુભવ થાય ત્યારે એને નિર્જરા થાય, એમ કહે છે. પણ અજ્ઞાની અનાદિથી '**જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે...**' એ લીટી પહેલી. હવે એનો અર્થ.

જે આત્મામાં પુણ્ય-પાપનો વિકલ્પ-રાગ જે ઉઠે છે એ મારો છે એવી માન્યતાવાળો જે જીવ છે એને અજ્ઞાનમય રાગ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? જેને રાગાદિ-રાગદ્વેષાદિના વિકલ્પો વિકાર અજ્ઞાનમય (છે). એ વિકાર છે તેમાં જ્ઞાનસ્વરૂપ નથી. ચૈતન્ય સ્વરૂપ જે ચૈતન્ય પ્રકાશ આત્મા, કેવળજ્ઞાનનો કંદ છે એનાથી રાગમાં અજ્ઞાન એટલે જ્ઞાનનો

ભાવ નથી. ચાહે તો દયા, દાન, વ્રતનો ભાવ હો કે ચાહે તો હિંસા, જૂઠુંનો (ભાવ હો), એ રાગમાં ચૈતન્ય સ્વરૂપ નથી. એ અંધકારરૂપ છે. ભગવાન આત્મા ચૈતન્ય નૂર પૂર છે. ત્યારે રાગભાગ તે આત્માના પ્રકાશથી વિરૂદ્ધ છે. તેથી તેને અજ્ઞાનમય (કહેવામાં આવે છે). એ રાગ મારો એવું માનનારાને એ રાગ અજ્ઞાનમય ભાવ છે. સમજાણું કાંઈ? એણે કોઈ દિ' આત્મા શું છે એવું એણે એક સમયમાત્ર પણ એણે અનુભવ દૃષ્ટિ કરી નથી. બાકી તો કરીને મરી ગયો બધું અનંત વાર. સમજાણું કાંઈ?

'**જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે તે ભલે શ્રુતકેવળી જેવો હો...**' કહે છે કે શાસ્ત્રના અગિયાર અંગ ભણ્યો હોય અને મોટો વિદ્વાન હોય, લાખો માણસને સમજાવવાની કળા પણ એની પાસે હોય. '**તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે...**' આત્મા ભગવાન એ પુણ્ય-પાપના રાગથી રહિત જ્ઞાનસ્વભાવ આનંદમૂર્તિ છે. એવી જેને દૃષ્ટિ અને જ્ઞાન નથી તેને જ્ઞાનમય ભાવનો અભાવ છે. તેથી '**આત્માને નથી જાણતો;...**' એ આત્માને જાણતો નથી. કહો, ન્યાય સમજાય છે? આ તો સીધી-સાદી વાત છે. એમાં કાંઈ બહુ શાસ્ત્રો ભણવા પડે એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- ઈ તો સારું.

ઉત્તર :- સારું એટલે? કે બહુ શાસ્ત્ર ભણે તો જ સમજાય અને થોડામાં ન સમજાય એવું કાંઈ નથી, એમ કહેવું છે. માટે ભણવું નહિ એનો પ્રશ્ન અહીં નથી.

આત્મા જે છે,... આ દેહના પરમાણુ આ તો માટી છે. આ તો અજીવતત્ત્વ છે. છ દ્રવ્યમાં પુદ્ગલ આ દેખાય છે. ભગવાને છ દ્રવ્ય જોયા. કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવે છ દ્રવ્ય (જોયા). અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુ છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ એવા છ દ્રવ્ય છે. જાતિએ છ અને સંખ્યાએ અનંત. અનાદિઅનંત પડ્યા છે છ. ભગવાનના જ્ઞાનમાં આવ્યા. એમાં આ આત્મા કેવો આવ્યો છે? કે રાગના અભાવમય આત્મા છે. એ જ્ઞાનમય ભાવના અભાવને લીધે. જેને જ્ઞાનમય ભાવ નથી ને હું રાગમય છું, એ પુણ્યવાળો વિકલ્પ જે છે એ મારો છે એનાથી મને લાભ છે, એમ માનનાર છે તેને જ્ઞાનમય આત્મા, રાગના અભાવસ્વરૂપ એવો જ્ઞાનમય આત્મા, એનું એને ભાન નથી. કહો! આ તો વાત સીધી છે. સમજાય છે કાંઈ?

'**આત્માને નથી જાણતો;...**' કેમ કે ભગવાન આત્મા એ ચૈતન્ય પ્રકાશનું પૂર, પ્રકાશનું નૂર ચૈતન્ય છે. એનાથી આ પુણ્ય અને પાપ, દયા, દાન વિકલ્પ જે ઉઠે એ બધો રાગ છે. એ રાગ આસ્રવ છે, ભગવાન એમ કહે છે. પોપટભાઈ! આ શરીર માટી તો અજીવ છે. અને પુણ્ય-પાપના ભાવ ઉઠે છે તે આસ્રવતત્ત્વ છે. નવ તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ,

પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. ત્યારે આ શરીર ને કર્મ તો અજીવ છે. આ વાણી અજીવ છે-ધ્વનિ ઉઠે જડ. આ અજીવ છે. અંદર આઠ કર્મની ધૂળ જે છે ઝીણી એ અજીવ છે, કર્મ જડ છે ઈ. હવે એમાં થાય છે જે પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ એ આસ્રવ છે. એ આત્મા નથી. આત્માનું હોય તો એનાથી છૂટું પડે નહિ. સિદ્ધમાં નથી. એ આત્મા નથી. એને અણાત્મા કહે છે પરમાત્મા. આહાહા..! ભારે ઝીણું. જગતને વીતરાગ શું કહે છે એને સાંભળવું મળે નહિ. કહે, અમારે ધર્મ થાશે. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ સમજવાનું પ્રયોજન શું?

ઉત્તર :- આ સમજવાનું પ્રયોજન સુખી થાવું હોય તો સમજવાનું પ્રયોજન છે. આ દુઃખી થઈ રહ્યો છે ચોર્યાસીના અવતારમાં. અનાદિથી એકેન્દ્રિયથી માંડી, નિગોદના ભવથી બટાટા, શક્કરકંદથી માંડી નવમી ગ્રૈવેયકમાં અનંત વાર ગયો, સ્વર્ગમાં ગયો અનંત વાર જીવ. અનાદિનો છે ને. એ ક્યાં નવો છે? એવા અનંતા અનંતા ભવ નરકના કર્યા. નારકી (થયો). નીચે છે સાત પાતાળ. ત્યાં અનંત વાર ગયો ત્યારે. આત્મદર્શન અને આત્મ સમ્યગ્દર્શનના ભાન વિના. અનંત વાર નિગોદના ભવ, અનંત વાર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને આ બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિયના અનંતા અનંતા ભવ કર્યા છે. આ શેઠના અનંતા ભવ અને રાજના અનંતા (ભવ કર્યા). બધા દુઃખી છે ઈ.

મુમુક્ષુ :- શેઠ કાંઈ દુઃખી કહેવાય?

ઉત્તર :- શેઠ એટલે શું પણ?

જેને આત્મામાં આનંદ છે તેવી દૃષ્ટિ અને અનુભવ નથી અને જેને પુણ્ય-પાપના ભાવ જ એકલા વર્તે છે એ વિકારી ભાવ આકુળતા છે. એ આકુળતા તે દુઃખ છે. ચાહે તો શેઠ હોય ને ચાહે તો રાજા હોય ને ચાહે તો ચક્રવર્તી હોય. એ વિકારના પરિણામ કરે છે તે દુઃખ. ભોગીલાલભાઈ! આરે.. આરે..! અરે..! ભાઈ! પરમેશ્વર..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ દુઃખ નથી. એ વળી સરખું હોય તો દુઃખ ન કહેવાય. ભાઈ! ઓલો કાગળ આવી ગયો સાંભળ્યોને? વાંચ્યો હતો? ઠીક. હું દિશાએ જઈને આવ્યા પછી.

મુમુક્ષુ :- એમણે જ મોકલાવ્યો હતો.

ઉત્તર :- એમ. ઠીક. હું ત્યારે દિશાએ જઈને આવ્યો હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક. એક ગોદિકા છે, જયપુરના. કાલે આવ્યા. હું જયપુર ગયો હતો ને.

એણે સોળ લાખ ખર્ચ્યાં. સોળ લાખ. એક પાંચ લાખનો હોલ બનાવ્યો હતો ને, એનું ઉદ્‌ઘાટન હતું. એટલે .. છ લાખનો ખરચો કર્યો. પાંચ લાખનો હોલ બનાવ્યો. એને જરીક ઓલું થયું હતું. શું કહેવાય તમારે? હાર્ટ એટેક. હળવું થયું બિચારાને. ઉદાર માણસ ઘણો. સોળ લાખ. અગિયાર દિ' ત્યાં રહ્યા અને સોળ લાખ ખર્ચ્યા હતા. ફાગણ સુદ પાંચમનો મહોત્સવ હતો. એનું ઉદ્‌ઘાટન હતું. એને આ ઓલું આવ્યું છે. ... બતાવ્યું હતું. તાર સમાચાર નહિ આવ્યા હોય. ક્ષણમાં શું દેહનું થાય? દેહ કાંઈ આત્માનો છે? અને એ રાખ્યો રહે એવો છે? એ જડ છે, માટી છે, ધૂળ છે, મૂર્ત છે, પુદ્‌ગલ છે. એ સ્વતંત્ર જગતના પદાર્થ છે. ભોગીભાઈ! આ તમારું સાંભળ્યું હતું કાલે જરી. મોટર તેલ વિના ચાલે એ જરી મુશ્કેલ પડે છે એમ કહે.

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ કહે છે કે આ એક એક પરમાણુ (છે) તેને અમે દ્રવ્ય કહીએ છીએ. આ તો ઘણા રજકણનો પિંડ છે. આ કાંઈ મૂળ ચીજ નથી. ઘણાં રજકણ પરમાણુનો પિંડ છે. છેલ્લામાં છેલ્લો પોઈન્ટ જે ટૂકડો કરતા કરતા રહે એને ભગવાન પરમાણુ કહે છે. પરમ અણુ. નાનામાં નાનો. એનામાં અનંતા ગુણ છે. એ પોતાને કારણે બદલીને પરિણમી રહ્યો છે. એને બીજો કોઈ બદલાવે એવું એનામાં છે નહિ.

મુમુક્ષુ :- બદલાવે નહિ, આ તો ચાલવું છે ને.

ઉત્તર :- પણ ચાલવું છે ઈ બદલવું છે કે નહિ? એ પરમાણુ બદલે છે, આમ આમ રૂપાંતર થાય છે. એ પરમાણુને બીજો પરમાણુ બદલાવી દે કે બીજો આત્મા ફેરવી શકે, ત્રણ કાળમાં નહિ એમ ભગવાન પરમાત્મા કહે છે. કેમ કે વસ્તુ ભિન્ન ભિન્ન છે એનો કોઈ કર્તા છે નહિ. સમજાણું કાંઈ? પણ વસ્તુ મૂળ વસ્તુ છે એ સાંભળવા મળી નથી અને એમ ને એમ ઓઘે ઓઘે આંધળી દોડે પડ્યા અને એમ ને એમ જીંદગી વ્યર્થ ચાલી જાય છે બિચારાની.

ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા બિરાજે છે વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં. સીમંધર પરમાત્મા. ચોવીસ તીર્થંકર તો મોક્ષ પધાર્યા. એ તો સિદ્ધ થઈ ગયા. અત્યારે કાંઈ અરિહંત નથી હવે. સમવસરણ નથી, કાંઈ નથી. મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે સીમંધર પરમાત્મા વીસ તીર્થંકરો. વર્તમાન મહાવિદેહમાં મનુષ્યપણે પાંચસો ધનુષનો દેહ. દિવ્યધ્વનિ (છૂટે છે). ઈન્દ્રો આવે (છે). દિવ્યધ્વનિ થાય છે અત્યારે. મહાવિદેહ ક્ષેત્રમાં અહીંયાં સીધું. એ ભગવાનની વાણી અને ત્રણ કાળના તીર્થંકરોની એક જ વાણી છે. એ ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે ભાઈ! અનંત દ્રવ્યો છે, અનંત પદાર્થ છે. એક તું નથી, તેમ આત્મા એક નથી. આત્મા અનંત છે. તેમ રજકણો એથી અનંતગુણા અનંત છે. જીવની સંખ્યા કરતા પોઈન્ટ

પરમાણુ ધૂળ અનંતગુણા રજકણ છે. એ સ્વતંત્ર પદાર્થ છે. એની અવસ્થાનું થવું, પર્યાયનું થવું, એ દ્રવ્ય-વસ્તુથી પર્યાય થાય છે. એ બીજી વસ્તુથી એનું કાર્ય થાય એમ ત્રણ કાળમાં બનતું નથી.

કહો, મોટરના પૈડાનો એક રજકણ એને કારણે ચાલે છે. પેટ્રોલને લઈને એમ કહે છે ભગવાન. ભોગીલાલભાઈ! એ કાલે શબ્દ આવ્યો હતો. એ રાતે ખુલાસો કર્યો હતો. વસ્તુ વિજ્ઞાનસાર છે એ વાંચો છો ને. વસ્તુ વિજ્ઞાનસાર દસ હજાર પુસ્તક છપાવ્યા હતા. (સંવત) ૨૦૦૨ની સાલમાં. આ લોકોને જરી ખ્યાલ આવે. શું વીતરાગ કહે છે? તત્ત્વો શું છે? એમ ને એમ સમજ્યા વિના આંધળી દોડે પડ્યા છે આંધળા થઈને.

આ માર્ગ તો વીતરાગનો છે. કેવળજ્ઞાની, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એણે જે દ્રવ્ય કહ્યા એ દ્રવ્યમાં ગુણો અનંતા છે, એ ગુણોની અવસ્થા ક્ષણે ક્ષણે અનંતી થયા કરે છે અને બીજો અવસ્થા કરે એમ ત્રણ કાળમાં બને નહિ. જેમ ઈશ્વર જગતનો કર્તા નથી, એમ એક દ્રવ્ય બીજા દ્રવ્યની અવસ્થાનો કર્તા નથી. વલ્લભદાસભાઈ! જુઓ! આ શરીરની આંગળી ચાલે છે એ આત્માથી નહિ એમ કહે છે. એ અજીવતત્ત્વ છે આ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જાણે આત્મા કે આમ થાય છે. આ જડ છે, રજકણ છે આ તો. એ પરમાણુ છે. એનું હલવું, ગતિ થવું, રૂપાંતર થવું એ પરમાણુ પોતાને કારણે થઈ રહ્યું છે. ભગવાન આત્મા ભિન્ન છે. આત્મા બીજાનું કરે તો તો બે દ્રવ્ય એક થઈ જાય. એમ છે નહિ ત્રણ કાળમાં.

એટલે અહીં કહે છે કે જેને હજી અજીવથી આત્મા જુદો એનું ભાન નથી અને પુણ્ય-પાપના ભાવ મારા છે અને એ મારું સ્વરૂપ છે, મને લાભદાયક છે એમ માનનારો તેને જ્ઞાનમય ભાવનો અભાવ છે. 'હું એકલો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું' એવી શ્રદ્ધાનું એને ભાન નથી. '**આત્માને નથી જાણતો;...**' એ આત્માને ઓળખતો નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

રજકણે રજકણની ક્રિયા આત્માની નહિ અને આત્મામાં થતાં પુણ્ય અને પાપ એ વિકાર છે, આસ્રવ છે, મેલ છે, બંધનું કારણ છે. એવા મેલથી પણ ભગવાન આત્મા જ્ઞાયક જ્યોત ચૈતન્ય સ્વરૂપ (ભિન્ન છે) એવું જેને ભાન નથી અને એ રાગ મારો છે અને રાગને ભલો જાણે છે, કહે છે કે રાગ છે તે અણાત્મા છે, મેલ છે, એ અણાત્મા છે. એને ભલો જાણે એ અણાત્માને જાણતો નથી. અને એને ભલો જાણનાર અણાત્મા સિવાય જ્ઞાનમૂર્તિ આત્મા છે એને પણ એ જાણતો નથી. કહો, ન્યાયથી સમજાય છે કે નહિ? આ તો લોજિકથી

વાત (કહેવાય છે). ભગવાનનો માર્ગ ન્યાયથી છે એમ ને એમ ઢસડી-બસડીને બેસાડવું એમ નથી. '**न्या-वयम**'. ન્યાયથી વાત છે. ધાતુ છે. નિ-ન્યાય નિ-લઈ જવું. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું જ્ઞાનને દોરી જવું તેને ન્યાય કહે છે.

પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરે જે તત્ત્વો કહ્યા તે ન્યાયથી સિદ્ધ થઈ શકે છે. સમજાણું કાંઈ? જેને રાગનો કણ પણ જે છે એ મારો છે અને હું એનો છું એમ માનનાર એ અજ્ઞાની રાગને પોતાનો માને છે. તે અણાત્માને પોતાનો માને છે. તેથી તેને અણાત્મા એવો રાગ તેનું જ્ઞાન નથી અને રાગ વિનાનો આત્મા જ્ઞાનમય (છે) તેનું પણ એને જ્ઞાન નથી. એને સમ્યગ્દર્શન નથી, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એક તત્ત્વમાં બીજા તત્ત્વને ભેળવી દે છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ અનાદિનો પરને પોતાનું માને અને પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે. પોપટભાઈ! બહુ વાત આકરી માણસને લાગે છે. આ આખો દિ' આ બધું કરીએ, આ મીલનું કરે, આ બધું કરે છે ધૂળનું. ધૂળેય કરતો નથી. કરે શું?

મુમુક્ષુ :- એ તો ખબર છે ને ઘણી વાર નથી કરી શકતા.

ઉત્તર :- ઓલા પાડે હડતાળ. તે દિ' અમે ગયા હતા ને. એમ થયું હતું ને ત્યાં? આ દાલમિયા ગયા ને જે દિ'? આ ભાઈ દાલમિયા. આ શાહુજી. ચાલીસ કરોડ રૂપિયા. એનું નગર છે ને દાલમિયા. ચાલીસ કરોડ રૂપિયા. ત્યાં ગયા હતા એટલે બિચારાને બહુ આવવાનો ભાવ શેઠને. પણ અહીંયાં લોકોએ હડતાલ પાડી મહિનાથી કે આટલું વધારો ને કાંઈક હતું, નહિ? શું હતું? પગાર વધારો. અમે એના ગામમાં ગયા. દાલમિયા નગર છે ને. એનું ગામ, આખું ગામ એનું છે પોતાનું. શાહુજી, શાહૂ શાંતિપ્રસાદ. ચાલીસ કરોડ રૂપિયા. પછી ..માં મળ્યા એને. ગયા હતા એના .. અહીં ઘણું આવવું હતું. ટળવળે. શું કરે? માણસે હુકમ કર્યો કે ભાઈ મહારાજ આવ્યા છે માંડ એક દિ' રહેવાના છે. બરાબર ધ્યાન રાખજો. માણસો સાથે સાડા ચારસો હતું. આવી ન શક્યા. બધા કહે, હડતાલ મહિના સુધી છે. એક મહિનાથી હડતાલ. કરોડોનું નુક્સાન. મોટા કારખાના, કરોડોના કારખાના છે મોટા. શું કરે એમાં? જે થવાનું બહારની ક્રિયાને રોકે કોણ? અને એને રાખે કોણ? ને બનાવે કોણ?

મુમુક્ષુ :- એમ નહિ. શેઠિયા ઝાઝા રૂપિયા લઈ જાય છે માટે હડતાળ છે.

ઉત્તર :- એને કાંઈ નથી. એ તો પડવાનું હોય ત્યારે પડે છે. રૂપિયા કોણ લઈ શકે છો? ધૂળ. રૂપિયા તો જડ માટી છે. અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વ આત્મામાં આવી જાય છે? આત્મા એને લઈ શકે છે? આત્મા પાસે આવે છે? એ તો ધૂળ છે. દૂર રહે છે. એને આવ્યું શું? એ કહે છે કે મને આવ્યું એવી મમતા એની પાસે આવી છે. પેલી ચીજ તો પર છે, અજીવતત્ત્વ છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ સારી વાત છે.

ઉત્તર :- સારી વાત છે? આ બધા રૂપિયા તમારી પાસે લાવ્યા છે અત્યારે? આહાહા..!

અરે..! ભગવાન! અહીં તો એમ કહે છે પરમેશ્વર કે, અજીવતત્ત્વ જુદું, આસ્રવતત્ત્વ જુદું, આત્મતત્ત્વ જુદું. એ જુદા તત્ત્વને જુદાં ન માનતા એ અજીવ મારું છે, હું અજીવનો છું, એ પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે એ આત્માનું છે અને આત્મા એનો છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ વીતરાગને માનતો નથી. આહાહા..! ભગવાને કહ્યા તત્ત્વોને એ માનતો નથી. સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખના વળી ડુંગરા બીજા ક્યા હશે? એ રાગ પુણ્ય છે એ મારું છે. એ પુણ્ય છે એ રાગ છે. રાગ છે તે આકુળતા છે, આકુળતા તે દુઃખ છે. આત્મા દુઃખરહિત આનંદમૂર્તિ છે. એ જ દુઃખને પોતાનું માન્યું છે એ દુઃખી છે. દુઃખીની વ્યાખ્યા એવી નથી કે પ્રતિકૂળ સંયોગો હોય તો દુઃખી હોય. એવું ભગવાન કહેતા નથી. સમજાણું કાંઈ? સાતમી નરકનો નારકી પણ સમ્યગ્દૃષ્ટિ સુખી છે. સાતમી નરકે પડ્યો. સમ્યગ્દર્શન ભાન (થયું છે). આ રાગનો વિકલ્પ ઉઠે એ મારી ચીજમાં નથી. હું તો શુદ્ધ આનંદ છું. એવા ભાનમાં સમ્યગ્દૃષ્ટિ સાતમી નરકે પડેલો સુખી છે. અને કરોડો અબજો રૂપિયાના ગંજમાં પડેલો (દુઃખી છે). એય..! એ તો ભાઈ! એને કહ્યું હતું મેં શાહુજીને. મેં કીધું, શાહુજી! તમારું નામ શાંતિપ્રસાદ અને અમારે આ શાંતિલાલ ખુશાલ. નહિ? ગોવાવાળા નહિ? ચાલીસ કરોડ એની પાસે છે અત્યારે. ચાલીસ કરોડ તમારે (છે). ઓલાને અબજનું હમણા નીકળ્યું છે, એલ્યુમિનીયમ નીકળ્યું છે. શાંતિલાલ ખુશાલને. સાડી અઠ્યોતેર લાખ.. શાંતિલાલ ખુશાલ, દશાશ્રીમાળી વાણિયા ગોવામાં છે. જૈન સ્થાનકવાસી. ચાલીસ કરોડ રૂપિયા છે, એક લાખની પેદાશ દરરોજની. એક લાખની. ઓલું નીકળે છે, મેંગનીઝ કહે છે ને કાંઈક લોઢું? એવું એક લાખ નીકળે. દરરોજ એક લાખ. ચાલીસ કરોડ. એક અબજનું હમણાં અલ્યુમિનિયમ નીકળ્યું. સાડી અઠ્યોતેર લાખની જમીન લીધી એમાં. શું મળ્યું એને? મારા એ માન્યું એ મમતા મળી એને. ધૂળ તો ધૂળમાં રહી છે. એને કીધું, મેં કીધું, તમારા બેના નામ સરખા ક્યાંથી આવી ગયા? તમારું નામ શાંતિપ્રસાદ, ઓલાનું નામ શાંતિલાલ. બેયને શાંતિ તો નથી દેખાતી આમાં ક્યાંય. પૈસા તો દુઃખનું નિમિત્ત છે. આ મારા એ મમતા છે. 'આ મારા' એનું નામ ભગવાન મિથ્યાત્વ કહે છે. અજીવ આત્માનું હોય કોઈ દિ' તત્ત્વ? અજીવ અજીવનું છે. અજીવ મારા એવો અજીવનો સ્વામી થાય તેને ભગવાન મિથ્યાદૃષ્ટિ મૂઢ અજૈન કહે છે, એને વીતરાગના માર્ગની શ્રદ્ધા નથી એમ કહે છે. આહાહા..! ભારે આકરું કામ.

મુમુક્ષુ :- સમજવું પડશે.

ઉત્તર :- સમજવું પડશે? નથી, સાંભળવા મળતી નથી. લોકો એકબીજાને માખણ ચોપડીને સરખા રાખે છે સૌને. બધા શેઠિયાઓને રાજી રાખે. કાંઈક પાંચ-પચાસ હજાર ખર્ચેને. લાખ-બે લાખ. ઓહોહો..! શું છે? ધૂળ. હવે તારા લાખ-બે લાખ શું, આખા દઈ દે તોપણ ધર્મ નથી. લે. કહો, સમજાણું કાંઈ? એ તો ભાઈને કહ્યું હતું મેં તે દિ'. આ સોળ લાખ ખર્ચ્યાંને હમણા ફાગણ સુદ બીજે. આ ગોદિકાએ. કીધું, શું તમે ખર્ચ્યા છે આ? એ તો જડ છે, ધૂળ છે. ધૂળનું એવી રીતે બદલવાનું હતું એ બદલ્યું છે. મહારાજ! મેં ક્યાં ખર્ચ્યા છે? એમ બોલ્યો બિચારો. તમારા રાગની મંદતા હોય શુભભાવ. શુભભાવ ભક્તિનો. બસ, એ તમારો. એ શુભભાવ પણ પુણ્ય છે. ધર્મ નહિ. પણ સોળ લાખ ખર્ચ્યા માટે ધર્મ થઈ ગયો (એમ) ત્રણ કાળમાં નહિ. ભોગીલાલભાઈ! ભારે આકરી વાત. હમણાં અમે ગયા હતા ને જયપુર. સોળ લાખ ખર્ચ્યા અગિયાર દિ'માં. અગિયાર દિ' રહ્યા એમાં. પાછળ હોલ.

મુમુક્ષુ :- ભાવનગર થઈને ગયા હતા.

ઉત્તર :- હા. પહેલા ભાવનગર આવ્યા હતા ને આપણે. પછી ગયા. ફાગણ સુદ બીજનું મુહૂર્ત હતું. પાંચ લાખનો એક મોટો હોલ કર્યો છે મોટો. ૧૦૫ ફૂટ આમ અને ૬૫ ફૂટ આમ. ટોડરમલજી થઈ ગયા છે એક, મોક્ષમાર્ગ પ્રકાશકના કરનાર. એના કુટુંબી છે ઈ. એટલે પૈસા (ખર્ચ્યા). ઉદાર માણસ છે. કરોડો રૂપિયા હશે કે નહિ પણ પચાસ લાખ હશે પણ સોળ લાખ ખર્ચ્યા. એ લોકોએ છૂટું મૂકી દીધું હતું બધું. કીધું, આ તમે ખર્ચ્યા? મહારાજ! હું ક્યાં ખર્ચું છું. એ તો ધૂળ છે, અજીવ છે. અજીવની પર્યાયનું કાર્ય આત્મા કરી શકે? મકાન-બકાન આત્મા કરી શકે? એય.. વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- શેઠિયા ન કરે, મિસ્ત્રી કરે.

ઉત્તર :- ધૂળેય કરે નહિ. શેઠિયો પણ કરે નહિ અને મિસ્ત્રી પણ (કરે નહિ). શેઠિયો કોને કહેવો આમાં? સમજાણું કાંઈ? શેઠિયાનું યાદ આવી ગયું. નહિ? આમાં લખ્યું નથી? અનુચર છે. વલ્લભદાસભાઈ પાસે નહિ હોય ઈ ચોપડી. નહિ?

એક શેઠ છે, સરદાર શહેરના. બહુ અધ્યાત્મી છે અને એણે આ ગાયન બનાવ્યું છે. બહુ નીતિવાળો માણસ બહુ છે. તદ્દન નિવૃત્તિ. ૬૦ લાખ રૂપિયા એને ૩૫ વર્ષ પહેલા એના મામા પાસે હતા. ૬૦ લાખ. ૪૦ વર્ષ પહેલા એને દેતા હતા. ૪૦ વર્ષ એટલે તમારો રૂપિયો તો અત્યારે બે આનાનો થઈ ગયો છે. બે આનાનો રૂપિયો. પહેલાના દસ લાખ અને તમારા કરોડ. કરોડ તો સરખા નથી. એની પાસે ૬૦ લાખ આપતા હતા. ન લીધા એણે. મામા! શું કરવું ૬૦ લાખનું? ૪૦ વર્ષ પહેલા, હોં! ઉંમર ૩૦ વર્ષની. વૈરાગ્ય. હું

શું કરું? મહારાજ! મારી પાસે બે-ત્રણ લાખ છે. તે દિ' ... હું શું કરું? મારે પરલોકમાં જાવું. મારું કામ તો મારે કરવાનું. આ ધૂળમાં હું રોકાઉં તો મારે જાવું ક્યાં? ન લીધા. ૪૦ વર્ષ પહેલા ૬૦ લાખ ૩૦ વર્ષની ઉંમરે ન લીધા. વૈરાગ્ય કેવો હશે? આ એણે ગાયન બનાવ્યા છે. સરદારશહેરના છે. સમજ્યાને? ૬૩ પાને જુઓ આ. એને આપોને ભાઈ. આવ્યા છે તો લે તો ખરા એક. આ ૧૬મો શ્લોક છે આની કોર. ૧૬મો. એ બનાવ્યું છે ને. બહુ સારું છે. 'ગુણીજન સંભાળે સો હી છે શેઠ.' એ શેઠિયા છે. એની ઓળખ શેઠિયા છે. ... ઓળખ એની શેઠિયાની છે.

'ગુણી જન સંભાળે સો હી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' આ ક્યારે બનાવ્યું છે? એના દીકરાનો દીકરો મરી ગયો હતો અઢી વર્ષનો. ગૃહસ્થ માણસ મોટા. મોટી બિલ્ડીંગ છે. મોટો વેપાર છે. અઢી વર્ષનો છોકરો (મરી ગયો). એ આખું ઘર જ કોઈ આખું જુદી જાતનું છે. ધર્મ-ધર્મ વાતાવરણ. એટલે અઢી વર્ષનો છોકરો મરી ગયો. એની વહુ પાસે ગયા. કેમ દીકરી? રોવું છે? ના પિતાજી. પિતાજી જ કહે ને વહુ એટલે તો. રોવું શું કરવા? આપણે રોવું? ત્યારે હું ગાયન બનાવું બોલો. આ છોકરાનું મડદું પડ્યું હતું. અને ગૃહસ્થ માણસ. બાયું બાયું બધી આવવા માંડી. આ ગાયન બનાવ્યું. આપણે રોવે છે કે નહિ મારા પેટ? નથી કરતા? ઓલી બાયું રોવેને જ્યારે મરે ત્યારે કહે, મારા પેટ. એ અહીં મારા જ્ઞાન બનાવ્યું.

'ગુણી જન સંભાળે...' આ ગુણીજન એટલે આત્મા. એ પુણ્ય-પાપના રાગ વિનાનો, શરીર વિનાનો એવો આત્મા તેને સંભાળે તેને શેઠ કહેવાય. ભોગીલાલભાઈ! એ રાખજો ચોપડી હવે તમે. 'ગુણીજન સંભાળે સો હી છે શેઠ. અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' ઓલા મારા પેટ કરે છે ને બાઈયું? ઓલી બાઈને કહ્યું કે બોલ મારું જ્ઞાન. આ જ્ઞાન તે હું છું. રાગ ને બાયડી-છોકરા ક્યાંથી તારા આવી ગયા? અંતર અનુચર. એ બીજા બધા ભિખારી. અનુચર એટલે ભિખારી. રાંકા છે બધા રાંકા. એય..! ભારે આકરી વાત આવી. બધા કરોડોપતિ હોય આવા. ધૂળમાંય નથી કરોડપતિ. ધૂળ તો જડ છે. એનો પતિ તું છો જડનો? સમજાણું કાંઈ? એ આખું ગાયન છે. એ ચોપડી રાખજો. આખું ગાયન છે. એ ચોપડી તમારી પાસે છે. કહો, સમજાણું કાંઈ? બહુ ગાયન સારા છે બધા. પણ અધ્યાત્મના છે, હોં! જરી ઝીણા છે. જરી જરી વાંચીને.. છે ને તમારે વલ્લભદાસભાઈ? છે ને તમને આપ્યું છે ને?

અહીં એ કહે છે, જુઓ! બહુ અભ્યાસ સારો છે અને અધ્યાત્મમાં બહુ મશગુલ રહે છે. ગૃહસ્થ માણસ છે. ... શું કહે છે અહીંયાં? કે શેઠ કોને કહેવો? શ્રેષ્ઠ. શેઠનો અર્થ શ્રેષ્ઠ.

એને કહેવો કે ગુણીજન નામ ભગવાન અનંત જ્ઞાન, દર્શન, આનંદનો આત્મા કંદ છે એને સંભાળે અને એને પોતાનો માને. પુણ્ય-પાપને સંભાળે નહિ એને શેઠ કહેવામાં આવે છે. એ સમકિતી તે શેઠ છે અને મિથ્યાદષ્ટિ ભિખારી છે એમ કહે છે. ...ભાઈ! અહીં તો વાત રોકડી છે, ભાઈ! વલ્લભદાસભાઈ! હવે તો નવરા થઈને બેઠા છો ને. હવે શું છે? આહાહા..! અને ટીકા એવી આવી છે તાકડે.

ભાઈ! રાગાદિનો અજ્ઞાનમયભાવ લેશમાત્ર પણ સદ્ભાવ છે. એ રાગનો અંશ છે દયા, દાન, વ્રત, ભક્તિ શુભ એને મારો માનનાર એટલો લેશ પણ જેને મિથ્યાત્વ ભાવ છે તે શ્રુતકેવળી જેવો હો. અગિયાર અંગનો ભણનાર હો, લાખો માણસને ભેગા કરીને ભાષણ આપતો હોય. '**તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે...**' પણ ભગવાન આત્મા રાગરહિત જ્ઞાનમય ભગવાન આતમા છે. ચૈતન્ય સ્વરૂપ છે. તેનું તેને અજ્ઞાનને લીધે '**આત્માને નથી જાણતો.**' એ આત્માને ઓળખતો નથી. એને આત્માની શ્રદ્ધા નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ! વલ્લભદાસભાઈ! અત્યારે તો સંપ્રદાયમાં એવી વાતું ચાલે કે એને આકરી લાગે એવી છે આ બધી. અને અમને તો ત્રણે સંપ્રદાયની બધી ખબર છે કે નહિ? આખું હિન્દુસ્તાન જોયું છે બધું. સમજાણું કાંઈ?

વીતરાગદેવ ત્રિલોકનાથ પરમેશ્વર દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, ચક્રવર્તીની ઉપસ્થિતિ સમવસરણમાં હતી એમાં ભગવાન આમ ફરમાવતા હતા. એ સંતો, મુનિઓ કહી રહ્યા છે. કહો, સમજાણું કાંઈ? '**અને જે આત્માને નથી જાણતો...**' જુઓ! કીધું. શું કીધું? કે જે રાગ ભાવ છે એ મારો છે એમ માનનારો આત્માને જાણતો નથી. આત્માની એને શ્રદ્ધા નથી, આત્માનું એને જ્ઞાન નથી. '**અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો...**' અણાત્મા એટલે રાગને પણ એ જાણતો નથી. આ રાગ છે એવું પણ એને જ્ઞાન નથી. રાગ પોતાનું સ્વરૂપ માન્યું છે. સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શન નથી મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. ચાહે તો બાહ્ય ત્યાગી વર્તતો હોય, મહાવ્રત પાળતો હોય, બહારમાં દેખાતો હોય પણ મૂઢ અને મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. ન્યાલચંદભાઈ! ભારે આકરી વાતું.

આવું પરમેશ્વર કહેતા હશે જૈનમાં? આ પરમેશ્વર ત્રિલોકનાથ ફરમાવે છે, એ સંતો કહે છે. અને તે ન્યાય-લોજિકથી વાત કરે છે. ન્યાયથી વાત કરે છે કે જો ભાઈ! તું કોણ છો? અંદર વસ્તુ છે કે નહિ કોઈ? અને છે એ અનાદિઅનંત છે કે નહિ? નવી થાય છે? બનેલી છે? કર્તા છે કોઈ? છે. ભૂતકાળમાં હતી, અત્યારે છે અને (ભવિષ્યમાં રહેશે). કોણ? વસ્તુ આત્મા. તો આત્મા છે તો એની શક્તિ શું? વસ્તુ જેમ ત્રિકાળ છે તો એની શક્તિ શું? એનો સ્વભાવ શું? કે એનો સ્વ પોતાનો ભાવ જ્ઞાન, દર્શન, આનંદ એ એનો સ્વભાવ

છે. આ રાગ ને પુણ્ય-પાપ એનો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે? થોડું થોડું આવે છે. હિન્દી છે, હિન્દી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... થાય છે. અચ્છા! આહાહા..!

અરે..! ભગવાન! આવો મનુષ્યદેહ મળ્યો. એમાં વીતરાગ પરમેશ્વર જે તત્ત્વો ભિન્ન ભિન્ન કહે છે એનું જો ભાન ન કર્યું, ભેદજ્ઞાન ન કર્યું (તો) કાંઈ કર્યું નથી. હેરાન થઈને મરી જવાનો છો ચોર્યાસીના અવતારમાં. સમજાણું કાંઈ? પછી સાધુ થયો હોય કે ત્યાગી થયો હોય અને બ્રહ્મચારી (રહ્યો હોય). પણ જેને અંતર શ્રદ્ધામાં એ રાગભાવની ક્રિયા મને ભલી છે અને લાભકારક છે એમ માનનાર રાગને જ આત્મા માને છે. મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ તે આત્માને જાણતો નથી. આહાહા..! આંખ્યું ઉઘડી જાય છે એવી છે થોડી, હોં!

અરે.. ભગવાન! આ તો ત્રણ લોકના નાથ ચૈતન્ય પ્રભુ કેવળજ્ઞાની, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞપદ ખીલ્યું. ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એ ક્યાંથી જાણ્યા? ક્યાંય બહારથી આવ્યું હતું જ્ઞાન ઈ? કે અંદરમાં પડ્યું છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. આત્મામાં સર્વજ્ઞ શક્તિ તત્ત્વ પડ્યું છે. સમજાણું કાંઈ? ત્યાં આપણે દાખલો આપ્યો હતો, ભોગીલાલભાઈ! ઓલો પીપરનો. લીંડીપીપરનો. એ ઘણી વાર (આપીએ છીએ).

આ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તિખાશ ભરેલી છે. ત્યારે ઘૂંટવાથી આવે. પથરાથી નથી આવતી. પથરાથી આવે તો તો કોલસાને ઘૂંટવા જોઈએ. એમાં છે એમાંથી આવે છે. ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ. કાળો દેખાય પણ એ કાળી નથી, અંદર લીલો છે. અત્યારે થોડી દેખાય કાળી, તીખાશ. અંદર ચોસઠ પહોરી (પડી છે). ચોસઠ એટલે રૂપિયો. ચોસઠ પૈસે રૂપિયે રૂપિયો તીખાશ છે.

એમ ભગવાન આત્મા રાગ અને પુણ્યની પાછળ ચૈતન્ય પ્રભુ (બિરાજે છે). એમાં સર્વજ્ઞપદ ચોસઠ પહોરું પૂર્ણ જ્ઞાનશક્તિ પડી છે. રાગ એનો નથી. આહાહા..! તો વળી શરીર એનું, આ બાયડી-છોકરા એના ને મીલ ને માલિક ને ધૂળ એ કાંઈ નથી, એમ કહે છે અહીં. ભોગીદાસભાઈ! અરે..રે..! ભાઈ! આવો મનુષ્યદેહ મળ્યો એમાં પરમેશ્વર ત્રિલોનાથ તીર્થંકર દેવનું જે કથન છે, જે અભિપ્રાય છે, જે આશય છે એને પણ સમજવાનો જેણે પ્રયત્ન કર્યો નથી, એણે શું કર્યું?

અહીં ભગવાન ત્રિલોકનાથ ફરમાવે છે તેમ સંતો ફરમાવે છે. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય છે. ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. પરમેશ્વર સીમંધર પ્રભુ બિરાજે છે ત્યાં. બે હજાર વર્ષ પહેલાની વાત છે. આ એમણે બનાવેલું શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? પોન્નુર

હિલની આજ વાત આવી છે. ભાઈએ વખાણ કર્યા છે. ઓલો નથી દિલ્લીવાળો કૈલાસચંદ. દિલ્લીવાળો કૈલાસચંદ છે ને? ૨૫-૩૦ લાખ રૂપિયા. ત્યાં વ્યાખ્યાનમાં આવતો હતો. લેખક હતા. આમાં લેખ આવ્યો છે. એમ કે ત્યાં પોન્નુર હિલ આમ છે ને તેમ છે ને બહુ સારું છે. ત્યાં કુંદકુંદચાર્ય રહેતા હતા ને એ બધું. વાત કરી હતી ખરી ને અમે. ત્યાં દિલ્લી કરી હતી. ગયા હશે, જોયું હશે. પોન્નુર હિલ છે ને? મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ. ત્યાં પોન્નુર હિલ નામની ટેકરી છે. વંદેવાસ નામનું ગામ છે ત્યાંથી પાંચ માઈલ છેટે. ત્યાં કુંદકુંદાચાર્ય રહેતા બે હજાર વર્ષ પહેલા. ધ્યાનમાં રહેતા. અને ત્યાંથી ભગવાન પાસે (ગયા હતા). સીમંધર પરમાત્મા ત્યારે બિરાજતા અને અત્યારે બિરાજે છે. કારણ કે એમનું આયુષ્ય તો મોટું છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે ભગવાનનું. તો એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ વયા જાય. ભોગીદાસભાઈ! એટલું ખબર નથી? આ ભગવાન બિરાજે છે મહાવિદેહમાં અહીંયાં. મનુષ્યપણે છે. પાંચસે ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. સાંભળ્યું નથી? એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એને એક પૂર્વ કહે. એવા એવા કરોડ પૂર્વ. સાંભળ્યું છે કે દિ'? વિચાર્યું છે કે દિ'? ઘરમાં સળિયા કેટલા એની ખબર હોય એને. ગોદડા કેટલા અને ગાદલા (કેટલા). આ ભાન ન હોય. વલ્લભદાસભાઈ! આહાહા..!

કહે છે, એ પરમાત્મા બિરાજે છે એની પાસે ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ બધા શાસ્ત્રો રચ્યા છે. પોન્નુર હિલ ટેકરીમાં. અમે બે વાર જઈ આવ્યા છીએ. સાથે સંઘ હતો હજાર હજાર માણસ. બે વાર ગયા હતા. એ ભગવાને કહેલું, અનુભવેલું ચારિત્રવંત સંત હતા, આનંદકંદમાં ઝુલતા હતા. મહામુનિ દિગંબર જંગલમાં વસનારા. આનંદમૂર્તિ આત્મા. અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ ઉત્કૃષ્ટ આવે એને ચારિત્રવંત મુનિ કહીએ. એ મુનિ અહીં ફરમાવે છે કે ભગવાન આમ કહેતા હતા. કહો, સમજાણું કાંઈ?

'**તે આત્માને પણ નથી જાણતો...**' આત્માને નહિ જાણતો તે અનાત્માને પણ નથી જાણતો. '**કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા-**' જુઓ! જરી સિદ્ધાંત. લોજિક ન્યાય મૂક્યો છે. શું કહે છે? ચોથી લીટી. મહાસિદ્ધાંતો એકલા ન્યાયના ભરેલા છે. '**સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા-**' એટલે શું કહ્યું? છે ચોથી લીટી ભોગીલાલભાઈ? જુઓ! મહાસિદ્ધાંતો છે. આ કાંઈ વાર્તા નથી. આ તો મહાસાગરના મોતી છે. ભગવાનની વાણીમાં મોતી ભરેલા છે આ તો.

કહે છે કે, જેને રાગનો ભાગ, પુણ્યનો ભાગ વિકલ્પ છે, આસ્રવ છે એ મારો છે એમ માનનાર રાગ અણાત્મા છે, એ આત્માનું સ્વરૂપ નથી, એને એ જાણતો નથી. તો આત્માને પણ રાગ રહિત છે એને જાણતો નથી. કેમ કે સ્વસત્તા સ્વરૂપે સત્તા (અર્થાત્) ભગવાન

આત્મા જ્ઞાનસ્વરૂપે છે અને રાગસ્વરૂપે નથી. કોઈપણ ચીજ સિદ્ધ કરવી હોય. આ આંગળીને સિદ્ધ કરે. આ આંગળી સ્વસ્વરૂપે છે અને આ આંગળીના સ્વરૂપે એ નથી. આ સ્વથી છે અને પરથી નથી. એમ એના બે ગુણો છે પોતાના. સમજાણું કાંઈ? જેને ભગવાનના શાસનમાં અસ્તિ-નાસ્તિની સપ્તભંગી કહે છે. ઝીણી વાતું બહુ, બાપુ! અસ્તિ. કોઈપણ ચીજ પોતાથી છે અને પરથી નથી. પરથી જો હોય તો પોતે રહેતી નથી. પોતાથી છે અને પરથી નથી.

એમ આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્ય જ્યોત અનંત ગુણનો પુંજ સ્વસત્તાથી છે અને રાગાદિ આસ્રવથી નથી. અને આસ્રવ છે તે રાગરૂપે છે, એ આત્માના જ્ઞાન અને આનંદરૂપે નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ! આવો તે વીતરાગમાર્ગ? ભાઈ! અહીં તો કંદમૂળ ન ખાવા, ચોવીહાર કરવો, જાત્રા કરવી એવું હોય, કહે છે. ભાઈ, સાંભળને! એ તો શુભભાવની વાત છે, હોય ત્યારે. હજી માર્ગ શું છે એના ભાન વિના તારી ક્રિયા કઈ તોળાતી હતી? સમજાણું કાંઈ? આહાહા..!

શું કીધું? '**સ્વરૂપે સત્તા...**' ઓલી વાત કીધી ને? કે આત્માને જાણતો નથી તે અનાત્માને જાણતો નથી. અનાત્માને જાણતો નથી તે આત્માને જાણતો નથી. કેમ? કે જે સ્વસત્તા છે તે પરથી અસત્તા છે. જ્યારે આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જ્યોત છે એ પોતાથી સત્તા છે હોવાપણે અને રાગાદિ વિકાર છે એ પણે અસત્તા છે. એ પણે આત્મા નથી. વિકાર તત્ત્વપણે આત્મા નથી. નિર્વિકાર તત્ત્વપણે આત્મા છે. ભારે વાતું, ભાઈ! સમજાય છે કાંઈ?

જેને આત્મા રાગ રહિત શુદ્ધ ચિદાનંદ મૂર્તિ (છે) એવું જેને ભાન નથી અને રાગ મારો છે એમ ભલો કરીને માને છે એને રાગનું પણ અજ્ઞાન છે અણાત્માનું. એનું પણ ભાન નથી તેમ રાગ રહિત ભગવાન આત્મા છે એનું એને સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી. કેમ કે સ્વસત્તા પોતાથી હોય અને સ્વસત્તા પરથી હોય નહિ. સમજાણું કાંઈ? સ્વરૂપે સત્તા. ભગવાન આત્મા જાણનાર ચૈતન્ય જ્યોત પ્રભુ, જાણક-દેખન શક્તિનું આખું તત્ત્વ એ સ્વરૂપે છે. સ્વ સ્વરૂપે છે. અને રાગ જે વિકલ્પ અને મેલ છે એનાથી નથી. સમજાણું કાંઈ? 'વિહુયરયમલા' નથી આવતું? એમાં આવે છે.

મુમુક્ષુ :- લોગસ્સમાં.

ઉત્તર :- હા. એનો અર્થ પણ ન આવડતો હોય. રય એટલે શું અને મલ એટલે શું? ભગવાન જાણે. એ તો એને સોંપી દીધું. અમારે કાંઈ ભાન ન મળે. અર્થ ન આવડતા હોય લોગસ્સના. એય..! કહ્યું હતું ને એક ફેરી? વિશા અને દશાને તકરાર થઈ લીમડીમાં. ડોશીને ભાન ન મળે આ વિહુયરયમલાની. એટલે એમ બોલી. દશાશ્રીમાળીની બાઈ હતી.

વીશાશ્રીમાળી સાથે વાંધા હતા. અર્થ આવડે નહિ. વિહુયરયમલા. વિશા રોઈ મળ્યા. ઓલા કહે કે આવો પાઠ આમાં ક્યાંથી આવ્યો લોગસ્સમાં? વિહુયરયમલા આવે છે ને? વિહુયરયમલા. એ ત્રણેના અર્થ જુદા છે આખા.

હે પરમાત્મા! હે ત્રિલોકનાથ પ્રભુ! આપે વિ-વિશેષે, હુય-ટાળ્યા છે. શું ટાળ્યા છે? રયમલા-રજ એટલે કર્મ ધૂળ ઝીણી અને મળ એટલે પુણ્ય-પાપના મેલ ભાવ વિકારી ભાવ. એ ભાવકર્મ છે. મેલ તે ભાવકર્મ છે અને રજ તે જડ કર્મ છે. બેને ટાળીને આપ પરમાત્મા થયા છો. સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! ભગવાન જાણે શું હશે? ... હાંકે રાખે ગાડા. કાંઈ ખબરું ન મળે. માંડ કલાક-બે કલાક ગયા હોય, ખબરું ન મળે. સાંભળનારને ખબર નહિ અને સંભળાવનારને ખબર ન મળે શું આ છે?

કહે છે કે હે નાથ! આપ તો ચૈતન્યમૂર્તિ પ્રભુ છો. આપે આત્માના આનંદમાં એકાકાર થઈ અને આપે તો વિહુય નામ વિશેષ હુઈ-ટાળ્યા છે. શું? રયમલા-રજ એટલી ઝીણી ધૂળ કર્મની માટી અજીવ અને મળ એટલે પુણ્ય-પાપના મેલ ભાવ. બે ટાળીને આપ વીતરાગ વિજ્ઞાન સિદ્ધ થયા છો. કેમ કે તમારા સ્વરૂપમાં એ મેલ આસ્રવ અને અજીવ હતું નહિ.

એમ અહીં કહે છે કે પહેલેથી જેણે એમ માન્યું નથી કે આસ્રવ અને અજીવ મારામાં નથી અને મને લાભદાયક નથી. એમ માન્યું નથી તે આત્માને જાણતો નથી. તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ કહેવાય છે કે નહિ? બધું સમજાય તો તો એ ન્યાલ થઈ જાય એવી આ વાત છે. આહાહા..! ભગવાન જાણે. બે ઘડી, ચાર ઘડી જઈ આવે. એક સામાયિક કરી આવ્યા, પોષા કરી આવ્યા. ધૂળનાય સામાયિક નથી. હજી સમ્યગ્દર્શન વિના સામાયિક કેવી તારી? એય..! સામાયિક એટલે સમતાનો લાભ. તો હજી સમતાસ્વરૂપ આનંદ કોણ છે, રાગ વિષમ સ્વરૂપ છે. બેની હજી વિવેકની ખબર ન મળે. ક્યાંથી તું સામાયિક કરતો હતો? એય..! જયંતિભાઈ! ઘણી કરી હશે, થોથા. ભગવાનભાઈ! ..વાળા છે. ત્યાં ભાવનગર રહેતા ને.

પ્રભુ કહે છે કે ભાઈ! આત્મા સમરસ આનંદસ્વરૂપ છે, એમાં શાંતિ પડી છે અને પુણ્ય-પાપના ભાવ ભગવાન એ તો અશાંતિ છે, એ આકુળતા છે. એ આકુળતા સહિત આત્મા માનવો, એ આકુળતા રહિત આત્મા આનંદ છે એને જાણતો નથી. સમજાણું કાંઈ? વાત તો સાદી સીધી છે. આમાં કાંઈ મોટા ગડીયા ભણવા પડે એવા નથી. પણ કોઈ દિ' દરકાર જ કરી નથી. આહાહા..! કેમ જયંતિભાઈ!

મુમુક્ષુ :- અમારે પછી કરવું શું?

ઉત્તર :- આ સમજવું આ કરવું. શું કહે છે?

આત્મા રાગ ને પુણ્ય-પાપ વિકલ્પ રહિત એવો અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના શ્રાવક હોઈ શકે નહિ. કોથળીમાં કરિયાતા નાખ્યા અને માથે લખ્યા સાકર. એટલે કાંઈ કરિયાતા મીઠા થઈ જાય નહિ. એમ માથે લખે શ્રાવક અને સાધુ અને અંદરમાં ગોટા મિથ્યાત્વના. એય..! પોપટભાઈ! અહીં તો ચોખ્ખી વાત છે. માખણ-બાખણ નથી અહીં કાંઈ કોઈને સારું લગાડવાનું. આહાહા..!

અરે..! પ્રભુ! તું કોણ છો તને ખબર ન મળે. પરમેશ્વર તને કહે છે કે તું તો પવિત્ર આનંદકંદ છો. પુણ્ય-પાપના ભાવ તો આસ્રવ છે. બાપુ! એ તારું તત્ત્વ નહિ. નહિતર બે તત્ત્વ જુદા હોઈ શકે નહિ. તો '**સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા-એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે;...**' જોયું! મહાસિદ્ધાંત. આ પંક્તિ આખા વીતરાગમાર્ગનો મહાસિદ્ધાંત છે. '**સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા...**' વસ્તુ ભગવાન આત્મા એ દેહ વિનાનો અભાવવાળો અને પુણ્ય-પાપના અભાવવાળો અને પોતાના સ્વભાવથી સત્તાવાળો. એ સ્વરૂપે હોવાપણે અને રાગાદિથી નહિ હોવાપણે. એ રીતે વસ્તુનો બે રીતે નિર્ણય થઈ શકે છે. '**બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે;...**' સમજાણું કાંઈ?

અહીં તો હજી પહેલું સમ્યગ્દર્શન કોને કહેવું અને સમ્યગ્દર્શન કેમ થાય એની વાત છે. પછી સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં રમણતા કરવી એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? ચારિત્ર કાંઈ લૂગડા ફેરવી નાખે તો ચારિત્ર થઈ જાય? ધૂળ છે. એમાં કાંઈ છે ચારિત્ર? હજી આત્મા કોણ છે એની ખબર વિના ચારિત્ર આવ્યું ક્યાંથી? એય..! અહીં ભગવાન કહે છે, ભાઈ! સ્વરૂપે સત્તા, પ્રભુ! કોઈપણ વસ્તુનો નિશ્ચય કરવો હોય તો સ્વરૂપે છે અને પરરૂપે નથી. તો એ બે વડે એક વસ્તુનો નિશ્ચય થાય. તને તો કાંઈ ખબર નથી. રાગ વડે પણ આત્મા, પુણ્યથી પણ લાભ થાય, આત્માથી આત્માને લાભ થાય, પુણ્ય વડે (લાભ થાય) તો બે થઈને એક માન્યું. સ્વરૂપે છે અને પરરૂપે નથી. એ વડે તો તેં નિર્ણય કર્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

આ તો પરમાત્મા ત્રિલોકનાથની દિવ્યધ્વનિના અવાજ છે આ. વીતરાગ દેવ ઈન્દ્રો અને ચક્રવર્તીની સમીપમાં આમ કહેતા હતા. પણ લોકોને એ માનવામાં આવ્યું નથી. ઓળખવાની દરકાર કરી નથી. એમ ને એમ અવતાર મજૂરી કરી કરીને મરી ગયો. રાગ-દ્વેષની મજૂરી. શેની મજૂરી? પરની નહિ. પુણ્ય ને પાપ.. પુણ્ય ને પાપ.. શુભ ને અશુભ રાગ એ મજૂરી છે. દુઃખને કરીને મરી ગયો છે અનંત કાળથી. દુઃખરહિત ભગવાન આત્મા આનંદ સ્વરૂપે આત્મા છે એ સ્વસત્તાએ છે અને પુણ્ય-પાપ દુઃખરૂપ છે એ પરસત્તાએ નથી. એમ બે વડે વસ્તુનો નિર્ણય થાય. સમજાય છે કાંઈ? આવું સત્ અંધારામાં રહ્યું હશે? અનાદિકાળથી

રહ્યું છે. મરી ગયો. નવમી ગ્રૈવેયકે ગયો તોય. જૈન સાધુ થયેલો નગ્ન દિગંબર. જંગલમાં હજારો રાણી છોડીને. પણ ઓલી ક્રિયા દેહની થાય એ મારી અને ઓલો રાગ થાય પુણ્ય એ મને ભલો છે એ માન્યું. એણે આત્મા રાગ રહિત છે એને ભલો માન્યો નથી. મિથ્યાદષ્ટિપણે એ ક્રિયાકાંડ કરીને મરીને ચાર ગતિમાં રખડ્યો. નરક અને નિગોદ પાછો ત્યાંથી જવાનો નવમી ગ્રૈવેયકથી. સમજાણું કાંઈ? સજ્ઝાયમાં આવે છે 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો.' અમારે ત્યાં દુકાન ઉપર હું આ વાંચતો બધું હોં ત્યાં. ૫૫-૬૦ વર્ષ પહેલા. એય.. વલ્લભદાસભાઈ! આ સ્વાધ્યાય આ છે ને? સજ્ઝાયમાળા આવે છે. નહિ? ચાર આવે છે. સજ્ઝાયમાળા ચાર આવે છે, ચાર. એ વાંચી નહિ હોય. અમારે ત્યાં દુકાન ઉપર મગાવી હતી ચારેય. પાલેજ. ૭૦ (વર્ષ) પહેલા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હા. અંદર આવ્યું હતું આ. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' રાગની દયા, દાન, વ્રતના પરિણામ કર્યા. પણ એ મારા છે એમ માનીને મિથ્યાદષ્ટિ રહ્યો. નવમી ગ્રૈવેયકે ગયો જરી શુભભાવ થયો એટલે. ફેર પીછો પટક્યો. મિથ્યાત્વને લઈને ચાર ગતિમાં નરક અને નિગોદમાં (ગયો). સમજાણું કાંઈ? બહુ વાત ભાઈ આકરી. પણ કલાકે, બે કલાકે સમજાય એવી નથી, હોં! ભોગીલાલભાઈ! આ તો બહુ પરિચય કર્યો હોય તો સમજાય એવી છે. નહિતર લાગે, આ શું આ? સાંભળતા હોય બીજું અને નીકળે બીજું અહીંથી.

મુમુક્ષુ :-

ઉત્તર :- એ વળી જુદી વાત છે. આવે એને... આ તો એક વાત છે. આ તો સમજાય એવી વાત છે. આમાં કાંઈ કોઈ એવી વાત નથી. ન સમજાય એવું કાંઈ નથી. ન્યાયથી સાધારણ સાદી વાતથી ચાલે છે અહીં તો. સમજાય છે?

ભાઈ! અહીં તો પરમેશ્વર કહે છે કે તું છો કે નહિ? અને બીજું પુણ્ય-પાપનું તત્ત્વ છે કે નહિ? આસ્રવતત્ત્વ છે કે નહિ? અને અજીવ શરીરાદિ અજીવતત્ત્વ છે કે નહિ? તો ત્રણ જુદા છે એમાં એક તત્ત્વને બીજા સાથે માનવું (એમાં) ત્રણ જુદા રહેતા નથી. એ તારો મિથ્યાત્વ ભાવ વિપરીત દષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે. ઓલો શ્લોક પણ સારો આવી ગયો હોં આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સરસ આવી ગયો ને.

**'સ્વરૂપે સત્તા...'** આ એક જ લીટી વીતરાગના માર્ગની બસ છે. **'સ્વરૂપે સત્તા અને**

**પરરૂપે અસત્તા-**' ભોગીદાસભાઈ! એક લીટી છે મહાસિદ્ધાંત છે, મહાસિદ્ધાંત. એક પોઈન્ટ રજકણ છે રજકણ. એ સ્વરૂપે છે અને બીજા રજકણ અને બીજા આત્માની સત્તાપણે એ નથી. પોતાપણે અસ્તિ, પરપણે નાસ્તિ. એવું જે વસ્તુનું સ્વરૂપ (એ) બન્ને વડે એક વસ્તુનો નિર્ણય થાય છે. માટે એ મોટરના પરમાણુની પર્યાય પરમાણુથી છે અને બીજા પરમાણુથી અને ઓલા પેટ્રોલથી એ નથી. તો એ વસ્તુનો બે પ્રકારે નિશ્ચય થાય છે. એ કાલે વાત કરી હતી ભાઈએ. થોડી વાત કરી હતી. વસ્તુ વિજ્ઞાન સાર પુસ્તક છે ને? વસ્તુ વિજ્ઞાન (સાર) છે આપણે? બીજા છે ને ગુજરાતી? એક આપજો ભાઈને. ..ભાઈને. એક પુસ્તક તો લઈ જજો. વાંચજો તો ખરા કાંઈક. આ બધી જુદી જાતની મુડી છે આ. ધૂળની બધી.... ગુજરાતી આપજો, ગુજરાતી. ભાઈને. એક વસ્તુ વિજ્ઞાન સાર (પુસ્તક છે). ભાઈ હમણાં વાંચે છે. ૨૦ વર્ષ પહેલા દસ હજાર છપાવ્યા હતા. ફક્ત પ્રચાર માટે. મફત. દસ હજાર. પાંચ હજાર હિન્દી અને પાંચ હજાર ગુજરાતી. લોકો વીતરાગ માર્ગ શું છે એને સમજ્યા નથી અને એમ ને એમ પડ્યા છે ઊંધેકાંધ અને માને છે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. હવે ખલાસ થયા, થોડાક રહ્યા. એક કાઢી આપજો, હોં! તરત હમણાં. ભાઈ વાંચે છે ત્યાં.

એ વ્યાખ્યાન છે. ૨૦૦૨ની સાલમાં માગશર સુદ ૧૨નું વ્યાખ્યાન છે. એનું એ આખું ૧૯ બોલનું વ્યાખ્યાન છે તે દિ'નું. ૨૦૦૨ની સાલના માગસર સુદ ૧૨નું. એનું પછી આ પુસ્તક છપાણું. ૧૯ બોલ પહેલા છે. વસ્તુવિજ્ઞાનના પહેલા ૧૯ બોલ. એક કલાકનું વ્યાખ્યાન ચાલતું. છે અહીં ક્યાંય? બહુ સારી વાત છે. દસ હજાર પુસ્તક છપાણા. થોડા રહ્યા. બધા ખલાસ થઈ ગયા. પણ જરી વિચારીને મનનથી વાંચે તો. એ કાંઈ કથા નથી કે કોઈ વાર્તા વાંચી જાય. એક રાજા હતો અને રાણી હતી. આ તો વીતરાગ માર્ગના મર્મના રહસ્યો છે. સમજાણું કાંઈ?

કહે છે, ઓહોહો..! '**સ્વરૂપે સત્તા...**' એટલે શું? કે જેને એ રાગ છે તે મેલ છે. પુણ્ય હો કે પાપ હો, બેય આસ્રવ છે. એની જેની ખબર નથી કે મારાથી જુદા છે અને આસ્રવથી હું જુદો છું. એવી ખબર નથી તેને સ્વસત્તાએ વસ્તુ છે, પરથી નથી એવા બે વડે વસ્તુનો નિર્ણય કરવો એ એની પાસે હોતો નથી. એ તો રાગથી મને લાભ થાય (એમ માને એમાં) સમજે છે કે દિ' આત્મા કોને કહેવો એ. એ રાગક્રિયા કરીએ, દયા, દાન, વ્રત, ભક્તિ કરતા કરતા આપણને કલ્યાણ થશે. તો રાગ તો આસ્રવ છે. એ કરતા સંવર થશે? કહો, વલ્લભદાસભાઈ! આસ્રવ આસ્રવપણે છે અને આસ્રવ સંવરપણે નથી. સંવર તો એને કહીએ કે આત્મા આનંદ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ રાગથી ભિન્ન પાડીને અંદર દૃષ્ટિ અનુભવ કરી અંતરમાં શાંતિની સ્થિરતા પ્રગટ કરે એને સંવર કહે છે. એ સંવર સંવરપણે છે અને

આસ્રવપણે નથી. અને એ આસ્રવ આસ્રવપણે છે અને સંવરપણે નથી. ભારે ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! આ તો તારી ચીજ છે, બાપુ! એને ખબર ન મળે એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? સમજાણું? ત્રણ લોકના નાથ અનંત તીર્થંકરો અનંત કાળથી કહેતા આવે છે. એ કાંઈ નવા તીર્થંકર હોતા નથી. કોઈ દિ' ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનાર તીર્થંકરનો કોઈ દિ' વિરહ હોઈ શકે નહિ. અનાદિથી તીર્થંકરો કેવળીઓ થતા આવે છે, અનાદિથી સાધક જીવો થતા આવે છે. વર્તમાન બિરાજે છે. આહાહા..! પણ એને અનાદિથી શું અને આ તીર્થંકરો શું? શું એ ક્યાંથી લાવ્યા કેવળજ્ઞાન? એ પૂર્ણાનંદની પ્રાપ્તિ ક્યાંથી આવી? ક્રિયા ક્રિયા કરતા કરતા આવી જશે. ખબર નથી. બાપા! એ અંદરમાં વસ્તુ છે, પ્રભુ! આત્મા જ્ઞાન અને આનંદના બેહદ સ્વભાવનું એ સત્ત્વ છે. ચોસઠ પહોરી પીપર જેમ શક્તિની તીખાશ અને લીલા રંગથી ભરી છે. પૂરેપૂરી ચોસઠ પહોરી એટલે. ભગવાન આત્મા મધ્યબિંદુમાં શક્તિમાં ધ્રુવમાં સર્વજ્ઞ અને પૂર્ણ આનંદ પડ્યો છે. રાગાદિ એનામાં છે જ નહિ. એવા તત્ત્વની જેને ખબર નથી તેને સ્વસત્તાએ હું છું અને પરસત્તાએ નથી, એ વડે નિશ્ચય કરી શકતો નથી. રાગથી હું છું એમ માનનારા અજ્ઞાનીને મિથ્યાદષ્ટિ મૂઢ છે, એમ કહે છે. એય..! શેઠી!

પછી કહ્યું ને? જેને અનાત્માનો. અનાત્મા એટલે રાગ. જોયું! લીટી કરી છે ને. '**(જેને અનાત્માનો-રાગનો-નિશ્ચય થયો હોય તેને અનાત્મા અને આત્મા-બન્નેનો નિશ્ચય હોવો જોઈએ.)**' આહાહા..! જેના જ્ઞાનના અંતર ભાનમાં આ ચૈતન્ય સ્વભાવ પ્રકાશ તે હું છું અને આ રાગ છે તે હું નહિ. અને રાગ છે તે અણાત્મા છે, એ આત્માની જાત નહિ એવું જેને ભાન નથી એ મિથ્યાદષ્ટિને આત્માનું ભાન નથી, રાગનું ભાન નથી એટલે મિથ્યાદષ્ટિ છે. અને એકનું જેને ભાન હોય એને બેયના ભાન (હોય). રાગરહિત ભગવાન આત્મા હું છું એવી જે દષ્ટિ કરી તો સમ્યગ્દષ્ટિ પોતાના સ્વરૂપે છે એમ માને છે અને રાગરૂપે હું નથી એમ માને છે. એનું નામ ભગવાન સમ્યગ્દષ્ટિ કહે છે. પછી સમ્યગ્દષ્ટિ પછી... એ સમ્યગ્દષ્ટિ ચોથું ગુણસ્થાન છે. પછી પાંચમુ ગુણસ્થાન શ્રાવકનું સ્વરૂપમાં ઠરે ત્યારે આવે. એ વિશેષ વાત કરશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૪, મંગળવાર તા. ૨૫-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૧-૨૦૨, શ્લોક-૧૩૮, પ્રવચન-૨૮૭**

.. થાય છે. અહીં એ લીધું છે, અજ્ઞાનીને ધર્મ થતો નથી. એટલે શું? જેને પુણ્ય-પાપનો ભાવ પુણ્યાદિનો રાગ છે એ બહિર્મુખ વૃત્તિનો ભાવ છે. એ રાગને પોતાનું સ્વરૂપ માને છે અથવા એ રાગથી અંતર્મુખ ચૈતન્યને લાભ માને છે, એ રાગને જ આત્મા માને છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ અંતર્મુખ, જ્ઞાનસ્વરૂપ અંતર્મુખ આનંદરૂપ (છે). એને ભૂલીને જે બહિર્મુખની વૃત્તિ દયા, દાન, વ્રતાદિના પરિણામ થાય છે એ રાગથી મને ભલું થશે અથવા રાગ પોતે ભલો છે, એમ બહિર્દૃષ્ટિથી જે માને છે તે રાગને જાણતો નથી. એટલે રાગ તો અણાત્મા છે. કારણ કે આત્મા જે જ્ઞાનસ્વરૂપ અંતર્મુખ વસ્તુ (છે) એ કાંઈ આત્મા રાગ નથી. સમજાય છે કાંઈ? શુભરાગ. એ રાગને પણ જે ભલો માને છે તે, કહે છે કે, એ અણાત્માને જ ભલો માને છે. એ રાગથી અંતર્મુખ ચીજ તદ્દન ભિન્ન છે એવું એને જ્ઞાન અને શ્રદ્ધા નથી. એથી તે અણાત્માને ન જાણતો આત્માને પણ જાણતો નથી. સમજાય છે કાંઈ? ૨૦૧-૨૦૨ની ટીકા છે. હવે ત્રણ લીટી છે છેલ્લી.

'**એ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો...**' એટલે કે આત્મા... પુણ્યના વિકલ્પની લાગણી બહિર્મુખની ઉઠે છે એ અણાત્મા છે અને એનાથી અંતર્મુખ ચૈતન્ય તે જ્ઞાયક સ્વરૂપ ભિન્ન છે. એમ જે નથી જાણતો એ આત્માને અને અણાત્માને બેયને જાણતો નથી. '**તે જીવ અને અજીવને નથી જાણતો;...**' એ જીવ-અજીવ બેયને જાણતો નથી. પણ રાગ છે તે અજીવ છે. ચૈતન્ય સ્વરૂપ તે એનાથી ભિન્ન તે જીવ છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ કે શુભરાગ કે દયા-દાનના ભાવ કે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ-એ રાગ છે એ બહિર્મુખ વૃત્તિથી ઉત્પન્ન થયેલો છે. એ અણાત્મા છે, એ અજીવ છે, અચેતન છે. એને જે જાણતો નથી કે આ ચીજ મારા આત્મ સ્વરૂપથી ભિન્ન છે. તે આત્માને જાણતો નથી કે આત્મા રાગથી ભિન્ન છે એને જાણતો નથી. તેમ આત્માના સ્વભાવથી રાગ ભિન્ન છે, એને-અજીવને પણ જાણતો નથી. જીવ અને અજીવનું બેયનું એને જ્ઞાન નથી. સમજાણું કાંઈ? એ ગાથા એવી આવે છે આ લોકોને પણ સ્થૂળ આવે છે. ચોથા અધ્યયનમાં આવે છે. દશવૈકાલિકમાં. 'જીવાજીવે... ...' પણ એ સ્થૂળ વાત છે. અહીં જીવ-અજીવની વ્યાખ્યામાં રાગ તે અજીવ અને ચૈતન્યનો સ્વભાવ તે જીવ. એમ વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયક વસ્તુ અંતર્મુખ દૃષ્ટિનો એ વિષય છે. એવા આત્માને ન જાણતા,

ન માનતા, ન ઓળખતા જે બહિર્મુખ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે આવે છે એ અજીવ છે. કેમ કે જીવના અંતર્મુખ સ્વભાવમાંથી ઉત્પન્ન થયો નથી. સમજાણું કાંઈ? એ અજીવ છે. આ અજીવ છે એમ જાણતો નથી અને એ મને લાભદાયક છે એમ જાણે છે, એ જીવ જ છે એમ માને છે એને. અને એને જીવ માનતા-રાગને જીવ માનતા-અણાત્માથી ભિન્ન અંતર ચૈતન્ય સ્વભાવ છે એવા આત્માને પણ એ માનતો નથી. સમજાણું કાંઈ?

'**અને જે જીવ-અજીવને નથી જાણતો તે સમ્યગ્દૃષ્ટિ જ નથી.**' ભગવાન આત્મા તો જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ અને રાગ તે વિભાવ અજીવ-અચેતન ભાવ (છે). બેમાં એકને જાણતો નથી તો બીજાને પણ જાણતો નથી. કહો. આ શરીર, બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉકળાટ એ ખોટી વાત છે. એ ના પાડે છે હીરાભાઈને. એ તો પેલા ઉકળાટ કરે ત્યારે એ નિમિત્ત કહેવાય છે. ઉકળાટ એ કરાવતા નથી.

અહીં તો કહે છે કે રાગભાગ છે તે ઉકળાટ છે. સમજાય છે? ચાહે સો તીર્થંકરગોત્રનો ભાવ હોય રાગ, તે આકુળતા અને ઉકળાટ છે. આહાહા..! એ રાગ અણાત્મા છે. ભગવાન આત્મા જાણક સ્વભાવ, આનંદ સ્વભાવ રાગના અભાવસ્વભાવવાળું પૂર્ણ ચૈતન્યતત્ત્વ છે. ત્યાં ઊભું રહેવું એમ કહે છે. હમણાં આવશે, ૨૦૩માં આવે છે.

અહીં તો કહે છે કે ધર્મ આને કેમ થતો નથી? નિર્જરા કેમ થતી નથી? એનું કારણ મૂક્યું છે. અજ્ઞાનીને નિર્જરા ધર્મ કેમ થતો નથી? કે એના કારણમાં એને અંતર્મુખ ચૈતન્ય સ્વભાવમાં રાગ જે બહિર્મુખની વલણવાળી દશા એને એ લાભદાયક માને છે. એટલે આત્માને લાભદાયક એટલે એ એને જ આત્મા માને છે. અને એને આત્મા માનતા એનાથી રહિત આત્મા છે એને પણ એ માનતો નથી. એટલે સત્ય દૃષ્ટિ નથી એટલે એને અજ્ઞાનમાં એકલો બંધન ભાવ થાય છે. નિર્જરા જરીએ નથી.

પંચ મહાવ્રત પાળતો હોય. સમજાય છે? બાર અણુવ્રત પાળતો હોય પણ એ રાગ છે. અને રાગને જે બહિર્મુખ ભાવને આકુળતારૂપ, અજીવરૂપ ચૈતન્યના જાગૃત સ્વભાવથી એનાથી વિરુદ્ધ ભાવરૂપ એવા અજીવને જીવ તરીકે સ્વીકારે છે એટલે કે એ મને લાભદાયક છે એમ સ્વીકારે છે, એ ભલો છે એમ સ્વીકારે છે એને રાગનું જ્ઞાન નથી એટલે કે અજીવનું જ્ઞાન નથી. અને અજીવનું નથી એટલે રાગ રહિત ચૈતન્ય રાગ વિનાનો ચૈતન્ય સ્વભાવ

છે એનું પણ એને જ્ઞાન નથી. બેના જ્ઞાનના અભાવે તે સમ્યગ્દૃષ્ટિ નથી તેથી તેને જરીએ ધર્મનો લાભ નથી. પંચ મહાવ્રતને પાળતો હોય છતાં. સમજાણું કાંઈ? એ રાગને પાળે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનના અભાવને લીધે...**' '**માટે રાગી (જીવ) જ્ઞાનના અભાવને લીધે...**' એટલે કે રાગને પોતાના સ્વરૂપનો માનનારો એવો જે રાગી જીવ, એને જ્ઞાનનો અભાવ નામ રાગ વિનાની ચૈતન્ય ચીજ છે તેનો તેને શ્રદ્ધા અને જ્ઞાનનો અભાવ છે. '**સમ્યગ્દૃષ્ટિ હોતો નથી.**' એ સમ્યગ્દૃષ્ટિ હોતો નથી. કહો, શેઠી! આહાહા..!

'**ભાવાર્થ :- અહીં રાગ શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે.**' રાગ શબ્દથી અજ્ઞાનમય આત્માના ભાન વિનાનો મિથ્યા અભિપ્રાય સહિતનો અનંતાનુબંધીવાળો તેને અહીંયાં રાગ ગણવામાં આવ્યો છે. '**અજ્ઞાનમય કહેવાથી મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા રાગાદિક સમજવા,...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી વિપરીત માન્યતાવાળો જીવ એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી ઉત્પન્ન થયેલો રાગ એને અહીંયાં રાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો;...**' આત્મા, એ રાગથી અંતર્મુખ દૃષ્ટિએ આત્મા ભિન્ન છે એમ ભાન થયું. એવા ભાનમાં જ્ઞાનીને જરી નબળાઈનો રાગ છે એ રાગને અહીંયાં ગણવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ? કેમ કે તે રાગ સાથે એકત્વબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? એ રાગમાં ભલાપણું માન્યું નથી. એને-રાગને રોગ સમાન જાણીને રોગ રહિત નિરોગ ચૈતન્ય ભગવાન આત્મા તેની દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિને છે. તેથી તે રાગને પોતાનો માનતો નથી. એવા રાગને અહીંયાં રાગ તરીકે ગણવામાં આવતો નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને...**' ચોથે, પાંચમે, છઠ્ઠે '**ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે;...**' એટલે કે રાગનો અભાવ મારામાં છે અને રાગમાં મારા સ્વભાવનો અભાવ છે એવું ત્યાં જ્ઞાન છે. '**રાગ છે તે જ્ઞાનસહિત છે;...**' જ્ઞાનસહિત એટલે? રાગનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન એવું જ્યાં ભાન છે ત્યાં રાગનું જ્ઞાન વર્તે છે કે રાગ તે પર છે, અંતર્મુખ ચીજ ભગવાન તે સ્વ છે. એવામાં જે રાગ હોય તેને જ્ઞાનના ભાનસહિત, વિવેક સહિત, પૃથક્રૂપે રાગ છે તેને જ્ઞાનસહિત રાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તે રાગને સમ્યગ્દૃષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે...**' અજ્ઞાનીને એ રાગમાં મીઠપ અને .. ને એકત્વબુદ્ધિ છે. ચાહે તો શુભ વિકલ્પ .. મહાવ્રતનો, દયા, દાનનો, સ્મરણનો,

ભગવાન આદિનો ભક્તિનો એ વિકલ્પ છે એને એ ભલો જાણે છે અજ્ઞાની. ભલો જાણે છે એટલે એની દૃષ્ટિ એનાથી છૂટીને ચૈતન્યમાં જતી નથી. સમજાણું કાંઈ? અને જ્ઞાનીને એ રાગ રોગ સમાન છે. ઉપસર્ગ સમાન છે. રાગથી ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપે ભિન્ન છે એવું ભાન છે એવા ભાવનું ભાસન છે. રાગથી રહિત ચૈતન્ય સ્વભાવનું ભાવનું ભાસન-જ્ઞાન છે અને રાગ તે આ ભાવથી ભિન્ન છે એવું એનું પણ જ્ઞાન છે. એથી તે રાગને જ્ઞાની રોગ જાણે છે. ચાહે તો શુભરાગ, અશુભ તો ઠીક પણ શુભરાગ હો એ રોગ છે. સમજાય છે?

'**તેને મટાડવા જ ઈચ્છે છે;...**' જે પોતાની જાતમાં નથી તેને રાખવા માગતો નથી. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન સ્વરૂપે જ્યાં ભાસ્યો છે, તેમાં રાગને રાખવા માગતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મીને પોતાનો ચૈતન્ય સ્વભાવ તેની એકતાની ભાવના છે. રાગની ભાવના નથી. એ રાગને મટાડવા જ ઈચ્છે છે. જુઓ! રાગને મટાડવા જ. અજ્ઞાની તો જેમ રાગ વધે અને રાગ ઠીક થાય એમ વધારવા માગે છે. કારણ કે એને રાગ જ (સર્વસ્વ થઈ પડ્યો છે). એને વસ્તુ રાગથી ભિન્ન છે એને વધારવું, એકાગ્ર થવું તો છે નહિ. એથી (જ્ઞાની) તે રાગને મટાડવા જ ઈચ્છે છે. '**તે રાગ પ્રત્યે તેને રાગ નથી.**' જેને દુઃખરૂપ જાણે છે. ધર્મી આત્માની શાંતિ સ્વભાવ સિવાય એ રાગને દુઃખરૂપ રોગ જાણે છે. રોગ જાણે એનો રાગ શો? રોગ જાણે એનો પ્રેમ શો? સમજાણું કાંઈ? '**વળી સમ્યગ્દૃષ્ટિને રાગનો લેશમાત્ર સદ્‌ભાવ નથી એમ કહ્યું છે...**' કહ્યું છે ને અંદર? રાગાદિનો પરમાણુમાત્ર પણ. એમ કહ્યું છે ને. પરમાણુ મૂળ ગાથામાં. અણુમાત્ર. પરમાણુ એટલે થોડો પણ. થોડો પણ રાગ હોય તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહ્યું છે.

'**તેનું કારણ આ પ્રમાણે છે :- સમ્યગ્દૃષ્ટિને અશુભ રાગ તો અત્યંત ગૌણ છે...**' ઘણો ગૌણ છે. કોઈવાર જ થતો હોય છે. '**અને જે શુભ રાગ થાય છે તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી-**' ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપથી વિરૂદ્ધ રાગ, તે શુભરાગ પણ ચૈતન્ય સ્વભાવથી વિરૂદ્ધ છે. બંધનું કારણ છે. એ અબંધ સ્વભાવી આત્માની દૃષ્ટિવાળો એને જરાય ભલો જાણતો નથી. સમજાણું કાંઈ?

'**તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી.**' રાગ હોય તેને રાખવા માગતો નથી, રાગને રોગ જાણે છે, રાગને ભલો જાણતો નથી. એથી જરીએ પણ રાગનો રાગ, રાગનો પ્રેમ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. સમજાણું કાંઈ? માટે તેને નિર્જરા થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી.**' એ રાગ સ્વમાં છે એમ નથી એટલે એનો સ્વામી છે નહિ. સમ્યગ્દૃષ્ટિનું સ્વામીપણું, ધણીપણું, ધણીપણું પોતાના શુદ્ધ

દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ધણીપતું વર્તે છે. સમ્યગ્દૃષ્ટિનું સ્વામીપણું, ધણીપણું, પોતાપણું પોતાનો ભગવાન શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાય તેમાં તેનું સ્વામીપણું વર્તે છે. એ રાગનો સમ્યગ્દૃષ્ટિ સ્વામી નથી. કહો, શેઠી! તો આ મકાનનો સ્વામી, આ દીકરાનો સ્વામી, પત્નીનો પતિ ક્યાંથી લાવવું આમાં? આહાહા..!

મુમુક્ષુ :- બહુ દૂર રહ્યા.

ઉત્તર :- બહુ દૂર રહી ગયા? મહેન્દ્રભાઈ જેવા સારા પુત્ર તો રહી ગયા કે નહિ નજીકમાં? આહાહા..!

ભગવાન! તારું સ્વરૂપ તો અંદર આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એમાં રાગ જે ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિનો એ પણ રોગ છે, દુઃખ છે, ઝેર છે, અજીવ છે, અચેતન છે. એનો ધર્મી સ્વામી નથી. સ્વામી ચૈતન્ય પુંજીનો-પુંજનો હોય, સહજાનંદ ભગવાન આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવ ત્રિલોકનાથે આ આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ જોયો છે. એમ ધર્મી પોતાના ભાવમાં તેનું જ્ઞાન છે તેને. મારો ભાવ શુદ્ધ ચૈતન્ય તેનું જ્ઞાન. રાગ મારો ભાવ તે જ્ઞાનીને હોઈ શકતું નથી. આહાહા..! એથી ધર્મી એવો આત્માના સ્વભાવનો જાણનાર અને રાગ તે દુઃખદાયક અને અણાત્મા છે તેનો વિવેક કરનાર તે રાગને પોતાપણે માનતો નથી. એ રાગનો સ્વામી જ નથી. એ રાગનો ધણી જ નથી. આહાહા..! કહો, પોપટભાઈ!

એક જણા (પાસે) ૩૦ લાખની કાપડની પેટીઓ આવી હતી ૩૦ લાખની રૂપિયાની. ૩૦ લાખ, હોં! ખંભાતને નાકે. લેવા ગયો ત્યાં ઓલા અમલદાર ઉભેલા. ચોરીની હતી. શું કહેવાય તમારે કાળાબજાર કે એવું. આ તમારી છે? કહે, ના. મારી છે જ નહિ. સમજાણું? ના પાડી. અમારી નથી. આ તો ગુનો છે. આવ્યો લેવા. આવી હતી તે. અમલદાર ઉભો હતો. કોની છે આ? ક્યાંથી આવી છે? સમજી ગયો કે આ થઈ રહ્યું. મારી નથી. એમ રાગ છે એ ચોર છે, નુકસાન કરનાર આત્માના સ્વભાવને, એ મારો છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

કેટલી ધીરજ, કેટલો વિવેક, કેટલો પરથી ભેદજ્ઞાનનો પુરુષાર્થ, કેટલી અંતર જાગૃતિની વર્તમાન કેળવણી દશા! રાગ મારો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? તો પછી રાગનું બંધન અને એના ફળ આ બધા ધૂળાદિ મળે આબરૂ ને પૈસા, એનો સ્વામી તે કોણ થાય? મિથ્યાદૃષ્ટિ સ્વામી થાય, કહે છે. જેણે સહજાત્મ સ્વરૂપનું સ્વામીપણું જોયું નથી. હું એક આત્મા જ્ઞાનાનંદ છું. એ મારી સ્વ-પુંજી છે. એનો સ્વામી હું અનાદિનો છું. એવું જેને ભાસ્યું નથી એ અજ્ઞાની રાગ અને રાગના બંધન અને એના ફળનો સ્વામી માને છે. કહો, પોપટભાઈ!

શું પણ આ બધા તમારા રૂપિયા આટલા લાખો? પાછા કેવા લૂગડા મળે છે એને લઈને આ જુઓ! ધોળા લૂગડા, સોનાના બટન. એ પૈસા હોય તો મળે. ગરીબને મળે બિચારાને? લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. અમે જોયેલું જામનગરમાં. સિપાઈ હતો સિપાઈ. તે દિ' શરીરને ઠીક નહોતું ને. જામનગરનો છે ને ઓલો લાખો. લાખો.. નાકે. હળવે હળવે ચાલતો હતો. ત્યાં બેઠા હતા. એમાં એક પોલીસ નીકળ્યો સાઈકલમાં. કેટલા ઊંચા જોડા, માથે ફેટો ફર્સ્ટ ક્લાસ, હોં! પણ ત્યાં પાછી લાખોટાની પાસે નાની નાની ઓરડીયું .. જૂની. ત્યાં ગર્યો. કીધું, આ ક્યાં ..? એ કાંઈક પહેર્યા હતા લૂગડા. બાકી ચારેય ખુણા ખાલી. .. પણ આ તો મોટો ગરાસિયો, મોટો ગરાસિયો. અઢાર રૂપિયાના જોડા. આ તો વાત છે.. સમજ્યાને? (સંવત) ૧૯૮૮ની. ૩૫ વર્ષ થયા. પણ જ્યાં ગર્યો. હું ત્યાં જ બેઠો હતો ત્યાં ઝાડ હેઠે. દરવાજો છે ને. ત્યાં આમ અંદર ગર્યો અને સાધારણ લૂગડા-બુગડા ઉતારીને નીકળ્યો અને એક હાંડી તૂટેલી સાધારણ. ખીચડી-બીચડી રાંધવી હશે. બાયડી નહિ, છોકરા નહિ, કાંઈ નહિ. એ બધું જે હોય એ ખડક્યું અહીં. એ મૂકીને નીકળ્યો તો .. ખલાસ અને હેઠે હાંડલી કાઢીને ધોતો હતો બહાર. કીધું, પણ આ શું? એ હતો ઈ. આવા મૂઢ જીવો. અને પોતાને ઓહોહો..! અમે બાદશાહ છીએ એમ માને. એમ આ રાગને પોતાનું સ્વામીપણું માને છે. મૂઢ માને છે. એ તો બહારનો ભેખ છે. ચૈતન્યની દશા ક્યાં છે ઈ? સમજાણું કાંઈ? આહાહા..!

કેટલી અંદરમાં કોમળતા, કેટલા પ્રયત્નની જાગૃતિ સ્વભાવ સન્મુખ, કેટલી વિભાવ પ્રત્યેની ઉપેક્ષા! સમજાણું કાંઈ? કહે છે કે રાગનો સ્વામી ધર્મી નથી. આહાહા..! ઊડી ગઈ વાત બધી. હું તો સહજ આનંદ સ્વરૂપ છું. એ મારું સ્વ અને હું એનો સ્વામી. એવી નિત્યાનંદની પુંજી પાસે એ રાગનો માલિક કોણ થાય? સમજાણું કાંઈ? એને ધર્મ થાય અને એને નિર્જરા થાય. બાકી મરી જાય અપવાસ કરી કરીને સૂકાઈ (જાય) તો મિથ્યાત્વનું બંધન અનંત સંસાર વધારે એમ કહે છે. સમજાણું કાંઈ? ન્યાલચંદભાઈ! આ બધા વર્ષીતપ કરે એને નિર્જરા થાતી હશે ને? એ કાળની. શેઠિયાની વહુ કરે તો લાખોપતિની? એમાં તો ઉજવવું પડે ઘરમાં છોકરાની વહુ કરે તો. તમારે ઉજવવું પડે અંદર ભેગા રહીને. આહાહા..!

ભાઈ! કહે છે કે જે રાગના બંધન વિનાની ચીજનું તને ભાન નથી. એ વિકલ્પ ઉઠે કે અપવાસ કરું, એ વિકલ્પ છે એ રાગ છે. રાગથી આત્મા ભિન્ન છે. એવા આત્માનું જેને અંતરમાં રાગથી ભેદજ્ઞાન અને પરથી ભિન્ન પડીને સ્વરૂપમાં સાવધાની કરી નથી, એવા જીવના એ રાગને સ્વામીપણે માનીને મૂઢ મિથ્યાદષ્ટિપણે બાર બાર મહિનાના અપવાસ કરીને બેઠો

હોય તોપણ અનંત સંસાર ક્ષણે ક્ષણે વધારે છે. આહાહા..!

જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહ્યો. સમજાય છે કાંઈ? આમ લાડવા, દાળ-ભાત ખાતો દેખાય. પણ અંદરમાં રાગ છે એનાથી ભિન્ન મારી ચીજ છે. રાગનો સ્વામી થતો નથી. તેને ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે. એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? '**રાગનું સ્વામિત્વ જ નથી. માટે તેને લેશમાત્ર રાગ નથી.**' આ રાગ નથી એના કારણ મૂક્યા કેટલાક. સમજાય છે? સમ્યગ્દષ્ટિને રાગ અશુભ તો ગૌણ છે. શુભરાગને તે ભલો જાણતો નથી જરાય. તેના પ્રત્યે રાગ નથી જ્ઞાનીને અને તે રાગનું સ્વામીત્વ નથી. આટલા કારણે લેશમાત્ર પણ સમકિતીને રાગ કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**જો કોઈ જીવ રાગને ભલો જાણી તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરે તો-ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય,...**' એ શાસ્ત્રો ભણીને મોટો પાવરધો થયો હોય પંડિત અને ચતુર. અગિયાર અંગ ભણેલા કરોડો, અબજો શ્લોકો જેને કંઠસ્થ. શાસ્ત્રો ભણ્યો હોય, અરે..! મુનિ હોય, મુનિ હોય. પંચ મહાવ્રતના પરિણામ. સમજાય છે? '**વ્યવહારચારિત્ર પણ પાળતો હોય...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના શુભભાવ બરાબર કરતો હોય. સમજાય છે કાંઈ? '**તોપણ-એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું,...**' કેમ? કે રાગનો અંશ એ પંચ મહાવ્રતના પરિણામ પણ રાગ છે. આત્મા નહિ, ધર્મ નહિ, નિર્જરા નહિ, સંવર નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગને ભલો જાણે તેના પ્રત્યે રાગ કરે તો એ રાગનો રાગી એણે શાસ્ત્ર લાખ ભણ્યો હોય અને કરોડો ભણ્યો હોય, કંઠસ્થ કર્યા હોય અને ચારિત્ર એટલે પંચ મહાવ્રતના પરિણામ પણ બરાબર હોય. તોપણ તે મૂઢ જીવ છે. એને આત્મા અને અણાત્માના જ્ઞાનના વિવેકની ખબર નથી. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શાસ્ત્રની વાતનો ભાવ અર્થ કાઢ્યો છે. એ પડ્યું છે. '**परमाणुमित्तयं पि हु रागादीणं**' એનો અર્થ કરે છે. ભેંસની આવમાં દૂધ હોય છે ને. એને દોહીને બહાર કાઢે છે. એ કાંઈ ઘરનું નથી. અંદર પડ્યું એને કાઢે છે. એમ આ પાઠમાં જે ભાવ ભર્યો છે એને તર્ક દ્વારા, ઓલો ભીંસ દઈને કાઢે આમ, આ તર્ક દ્વારા કાઢે છે, બસ. ઘરનું કાંઈ છે નહિ આમાં. આ ભાવાર્થ જોયો તે... આહાહા..! ઘણાં એવા પણ જાગ્યા છે ને કે આર્ષ વાક્ય લાવો. પણ આ.. અરે..! ભગવાન! સાંભળને બાપા! ભાઈ! આર્ષની વ્યાખ્યા શું? ભાઈ! સમ્યગ્દષ્ટિ પણ આર્ષ જ છે. સાંભળને! હિત માટે, હિત માટે માનવા લાયક છે. આહાહા..! પછી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ આદિના પ્રકાર હો. ઈ કોણે ના પાડી. આહાહા..!

સમજાણું કાંઈ?

કહે છે કે એ મુનિવ્રત પાળતો હોય. સમજાણું? બે વાત કરી. શાસ્ત્રનો ભણેલો હોય કરોડો શાસ્ત્રોનો અને સાધુ થયેલામાં પંચ મહાવ્રત પાળતો હોય. '**તોપણ-એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું,...**' કારણ કે આત્મા એ રાગના વિકલ્પ વિનાની ચીજ છે. એ રાગ છે તો આસ્રવ અણાત્મા છે. એ અણાત્માને જેણે જાણ્યો નથી અને અણાત્માથી મને લાભ થાય એમ માનનાર છે, એ અણાત્મા-રાગથી ભિન્ન ભગવાન આત્મા છે એને જાણતો નથી. સમજાણું કાંઈ?

'**પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું,...**' પરમાર્થ એટલે? એ રાગ છે તેનાથી લાભ માનનાર છે એ આત્માનું રાગ રહિત આનંદ સચ્ચિદાનંદ શુદ્ધ પ્રભુ આત્મા છે, એનો લાભ તો એની એકાગ્રતામાં થાય છે. એમ જાણતો નથી માટે તે પરમાર્થે આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, તપના શુભરાગ એનાથી મને લાભ માનનારો, એ રાગથી ભિન્ન ભગવાન આત્મા છે એને એ ઓળખતો નથી, માનતો નથી અને અનાદર કરે છે. કહો, સમજાણું આમાં?

'**કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે...**' જે કર્મના નિમિત્તની ઉપાધિ છે. આગંતુક રોગ છે એ. આહાહા..! સ્વભાવની સામગ્રી નથી એ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્યોત ચૈતન્ય સૂર્ય અનાકુળ આનંદનો પિંડ આત્મા છે. એવા આત્મામાં જેણે આવા શુભરાગને કર્મોદયજનિત-કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા, એનો બાપ કર્મ છે એનો એ પુત્ર છે રાગ. આત્મા એનો બાપ નથી. આહાહા..! આ તો જનિત શબ્દ આવ્યો ને. જનિત-જનક. એય..! આહાહા..! એ રાગ એ બાપનો બેટો આત્માનો નથી.

આત્માની પ્રજા તો દૃષ્ટિ જ્ઞાનની થઈ અને રાગરહિત આત્મા શુદ્ધ થયો તો એની પ્રજા તો આનંદ ને શાંતિ ને શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનો ભાવ તે આત્માની પ્રજા અને આત્માનો પર્યાય અને એનો બાપ આત્મા છે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ! એય.. ભગવાનભાઈ! શું આ બધું કેવું કર્યું અત્યાર સુધી તમે આ? પોષા ને પડિક્કમણા કરીને મરી ગયા ... પોષા કર્યા, પડિક્કમણા કર્યા, સામાયિકું કરી. ધૂળેય કરી નથી, સાંભળને હવે. માર્ગ ખબર ન મળે. સામાયિક ક્યાં થાતી હશે અને શેમાં થાતી હશે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? મરી જા છો હોં! ત્યાંથી ભયંકર રોગ લાગુ પડે છે ત્યાં. દિગંબર સાધુ થવાના હતા ને? ધૂળમાંય દિગંબર સાધુ કોને કહેવા એની ખબર ન મળે. લૂગડા કાઢી નાખ્યા, લ્યો, સાધુ થઈ ગયા. લૂગડા વિનાના તો ઢોરેય ફરે છે.

અહીંયાં તો લાગણીનો શુભરાગનો લૂગડા વિનાનો ભગવાન છે. એ લૂગડાને પહેલી દૃષ્ટિમાંથી

નથી કાઢ્યો અને આત્મા એના વિનાનો છે અને એ રાગ આત્મ સ્વભાવમાંથી આવ્યો નથી. એ રાગ કર્મોદયની ઉપાધિ છે. એમ જ્યાં સુધી અંતરમાં ભેદજ્ઞાન કર્યું નથી એને કાંઈ પણ બાહ્યના ત્યાગથી લાભ છે નહિ. સમજાણું કાંઈ? અપવાસ કરીને મરી જાય, મહિના મહિનાના વર્ષીતપ કરીને. સૂકાઈ જાય ઊભા ઊભા. તો જવાના ચાર ગતિમાં રખડવાના. આરે..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તપ હતું કે દિ'? એ તપ ક્યાં હતું? એ તો મૂઢતા અજ્ઞાન હતું. તપ તો એને કહીએ કે જ્યાં ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, એને રાગથી ભિન્ન જાણીને આત્માની શાંતિની શોભા અંતર વધે એને તપ કહેવામાં આવે છે. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એને તપ કહે છે. આહાહા..! વાડામાં જન્મ્યા એને ખબર ન મળે. આ બધા શેઠિયા હતા, હોં! બધા ત્યાં. ન્યાલભાઈ ત્યાં શેઠ હતા. બધું હાંક્યું. ઓલા લૂગડા પહેરીને બેઠા, જય મહારાજ! જય જય. પણ ત્યાગ તો છે ને કાંઈક. આપણા કરતા તો સારા હશે કે નહિ? ન્યાલભાઈ!

મુમુક્ષુ :- માનતા હતા.

ઉત્તર :- એમ જ અનાદિનું માન્યું છે. આહાહા..!

કહે છે, ભાઈ! ભગવાન! તું ક્યાં અને તું ક્યાં નહિ? ભાઈ! એ રાગમાં તું નહિ. એ રાગનો ભાવ ઉઠે પંચ મહાવ્રતનો એમાં તું નહિ અને એ રાગમાં રાગમાં તું નહિ અને તારામાં રાગ નહિ. આહાહા..! સમજાય છે? ભાઈ! એવો વીતરાગ માર્ગ આત્માનો. વીતરાગ માર્ગ વીતરાગ માર્ગ વીતરાગ ભાવથી શરૂ થાય છે એમ કહે છે. ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ, એનો માર્ગ રાગથી ભિન્ન પડેલો આત્મા એવી વીતરાગી દૃષ્ટિથી એના માર્ગની શરૂઆત થાય છે. રાગથી ધર્મની શરૂઆત માનનારા વીતરાગ માર્ગથી વિરોધી દૃષ્ટિવાળા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? મારી શરૂઆત અહીંથી થાશે. પહેલા રાગની મંદતાની ક્રિયા કરીએ અને પછી વીતરાગતા થાશે. કહે છે કે મૂઢ છો. તું વીતરાગ માર્ગને અને વીતરાગને તું જાણતો નથી. તેં અજ્ઞાનીના માર્ગને પકડીને અજ્ઞાન એવો રાગ તેને પકડીને તું ધર્મ માની રહ્યો છો. આહાહા..! આકરું તો માણસને લાગે હોં! બિચારા કરતા હોય અપવાસ અને એને કહે કે તમને કાંઈ લાભ નહિ. નિર્જરા નહિ, બંધ થાય. હાય.. હાય..! તો આ લાખોપતિની બાયડીયું... એય..! ઘરે વર્ષતીપ કર્યો હતો કે નહિ કોઈ દિ'? પણ કર્યું હતું કે ને નહિ કોઈ દિ'? કર્યું હતું. આ અમારે મોહનભાઈના ઘરે કર્યા હતા. વર્ષીતપ કર્યા. પછી ઉજવ્યું હશે કે નહિ કાંઈ? આહાહા..! અરે..! ભગવાન! ભાઈ! તને ખબર નથી.

આત્મા કેમ ઉજળો થાય? અને આત્મા કેમ મેલો થાય એની તને ખબર નથી. આહાહા..!

એ પંચ મહાવ્રતના અને દયા, દાનના વિકલ્પમાત્રને લાભ માનનારાનો આત્મા મેલો થાય છે. મિથ્યાત્વના ભાવથી ત્રિકાળ સ્વરૂપનો અનાદર કરીને મિથ્યાત્વ ભાવ, અસત્ય ભાવ દુઃખદાયક ભાવથી મેલો થાય છે. સમજાણું કાંઈ? અને એ રાગને અંતરમાં પૃથક્ જાણી જેનું સહજાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એકલો સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ... સ્વભાવ... વ્યાપક સ્વભાવ. પોતાના ક્ષેત્રમાં હોં! એ હું, એ મારું સ્વ અને હું એનો સ્વામી. રાગનો વિકલ્પ કર્મોદય ઉપાધિ એનો હું સ્વામી નહિ, એ મારી ચીજ નહિ. એવું જ્યાં ભેદજ્ઞાન છે ત્યાં તેને ધર્મ થાય છે અને નિર્જરા-તેને કર્મ પૂર્વના ગળે છે. કહો, સમજાણું આમાં?

'**વ્યવહારચારિત્ર પણ પાળતો હોય...**' વ્યવહાર ચારિત્ર તો મોક્ષનો માર્ગ માને છે ઓલા તો, લ્યો. ચોથે પાંચમે, છઠ્ઠે વ્યવહાર ચારિત્ર. અરે..! ભગવાન! આહાહા..! પૂંછડેથી ઊંધુ માર્યું છે આખું. '**તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું, કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે...**' જે રાગને ભલો માને એ રાગ રહિત વીતરાગસ્વભાવને ભલો માની શકે નહિ. બેમાંથી એકને ભલો માને. '**તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે.**' જોયું! એ રાગની ક્રિયા પંચ મહાવ્રતની આદિ પરિણામ એનાથી મને સંવર થશે અને મોક્ષ થાશે. એમ મૂઢ જીવે આવું અનાદિથી માન્યું છે. સમજાણું કાંઈ?

'**આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને...**' જુઓ. પોતાનું પરમાર્થ અને પરનું પણ પરમાર્થ. પાછું બેય છે ને પરમાર્થ? એને '**નહિ જાણતો હોવાથી...**' કારણ કે રાગનું પરમાર્થ સ્વરૂપ બંધનું કારણ છે. એટલે પરમાર્થ એવા રાગને પણ પરમાર્થ સ્વરૂપ શું છે બંધ એને પણ જાણતો નથી. '**જીવ-અજીવના પરમાર્થ સ્વરૂપને જાણતો નથી.**' જોયું! એ રાગ જ ખરેખર જીવ નથી એમ કહે છે અહીં તો. આહાહા..! અજીવ-અજીવ. રાડ નાખે બિચારા પોકાર કરે. અરે..! આ પણ ક્યાંથી કાઢ્યું આવું? એ તમારા જૈનશાસન .. આના માટે જ કાઢ્યું. લહેર કરને. વાંધો નહિ બહાર વાંચે તો ખરા. આહાહા..! ભાઈ! કોનો કોણ વિરોધ કરે, બાપા! તને ખબર નથી. સમજાય છે કાંઈ? એણે અનાદિથી ભગવાન આત્મા, જેમાં તો અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. એવો જેનો મહાન સ્વભાવ છે પ્રભુ આત્માનો. એવા સ્વભાવને જે નથી માનતો તે રાગથી લાભ માનનાર આવા મહાન સ્વભાવની તે અશાતના-અનાદર કરે છે. એ પોતે પોતાનો અનાદર અને અશાતના કરે છે. કોઈ કોઈનું કોણ કરે?

'**જ્યાં જીવ અને અજીવ-બે પદાર્થોને જ જાણતો નથી ત્યાં સમ્યગ્દષ્ટિ કેવો?**' રાગમાં ચૈતન્યનો કણ નથી અને ભગવાન આત્મામાં ચૈતન્યની અપૂર્ણતા નથી. એવો જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ એટલે એકલો જાણવાનો સ્વભાવ-જાણવું. એમાં

અપૂર્ણ નથી, વિપરીત નથી. અને રાગમાં એક અંશ ચૈતન્યનો નથી. સૂરજનું કિરણ અંધારામાં ન હોય. એમ રાગ છે એ અંધારું છે. આહાહા..! ક્યો રાગ? એ પંચ મહાવ્રતનો, દયા, દાનનો રાગ, ભક્તિનો એ અંધારું છે, કહે છે. એ ચૈતન્યના સૂર્યનું કિરણ નહિ. એ ચૈતન્ય ભગવાનનું એ કિરણ નહિ. સૂર્યનું કિરણ તો પ્રકાશરૂપ હોય. એમ ભગવાન આત્મા રાગથી ભિન્ન વસ્તુને અંતરમાં ભાન કરતાં એની દશાની પર્યાયમાં તો શુદ્ધતાના અંશો આવે. તેને આત્મા કહેવામાં આવે. સંવર-નિર્જરા. '**માટે રાગી જીવ સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ.**' લ્યો.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જે કાવ્ય દ્વારા આચાર્યદેવ અનાદિથી રાગાદિકને પોતાનું પદ જાણી સૂતેલાં રાગી પ્રાણીઓને ઉપદેશ કરે છે :-** '

**आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः**
**सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।**
**एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः**
**शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।१३८।।**

સ્થાયી ભાવને પામેલું તત્ત્વ અંદર ભગવાન પડ્યો છે, કહે છે.

'**શ્લોકાર્થ :- (શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :) હે અંધ પ્રાણીઓ!**' અરે..! આવું રાગ વિનાનું ચૈતન્ય નિધાન એને જોવાને નવરો થતો નથી. આહાહા..! આંધળો છે. છતી આંખે આંધળો કહે છે કે નહિ? છતી આંખે સમજતા નથી? છતી આંખે નથી સમજતા? વિદ્યમાન હોવા છતાં પણ. છતી છતી એટલે વિદ્યમાન. અહીં અમારે કાઠિયાવાડમાં છતી આંખે આંધળો (કહે છે). આમ આંખે દેખે નહિ. આ છોડ્યુંનું આંધળાનું નથી આ રાજકોટમાં? એક છોડી એવી હતી દેખાય, એવી સરસ દેખાય. શરીર સારું. આંખ આવી. મેં કીધું, આ કેમ આંધળામાં બેઠી છે? તો કહે, તદ્દન આંધળી છે. આંખ જુઓ તો આમ ફર્સ્ટ ક્લાસ. શરીર ફર્સ્ટ ક્લાસ, બધા કહે, આંધળીમાં આ કેમ બેઠી છે? કીધું, એ આંધળી છે, તદ્દન આંધળી છે. કાંઈ દેખાતું નથી. ત્યારે કહે, આ આંખ (છે ને). આંખ એવી ને એવી ચોખ્ખી. કાંઈ જરીએ દેખતી નથી. આ આંધળામાં લઈ ગયા હતા ને એક ફેરી. જોવા ગયા હતા.

'**હે અંધ પ્રાણીઓ!**' આહાહા..! સંબોધન કરુણાનું છે, હોં! આચાર્યનું કરુણા હૃદયનું સંબોધન છે. હે આંધળાઓ! આહાહા..! હે પુણ્યના રાગના પદમાં પોતાપણે માનીને સૂતા. હે આંધળા! આ સૂવાનું પદ એ તારું નહિ, બાપા! સમજાણું કાંઈ? '**હે અંધ પ્રાણીઓ! અનાદિ સંસારથી માંડીને...**' નિગોદની દશાથી માંડીને. નિગોદમાં હતો અનાદિ કાળથી,

(ત્યાંથી) માંડીને '**પર્યાય પર્યાયે...**' ક્ષણે ક્ષણે જ્યાં જ્યાં શરીર જે મળ્યું ત્યાં ત્યાં '**આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા...**' એ રાગના વિકલ્પમાં સૂતા છે ગાંડા થઈને. પાગલ થઈ ગયા છે કહે છે. આહાહા..! ઘેલછાઈ છે, પ્રભુ! તને આ શું થયું? તારું સ્વરૂપ તો અંદર છે આનંદકંદ અને આ રાગમાં મારાપણા માનીને પ્રભુ! ત્યાં સૂતો છો સોડ તાણીને. સોડ તાણીને કહે છે? શું કહે છે? સોડ. આ તો હિન્દીમાં શું કહેતા હશે? સોડ સમજો છો?

'**અનાદિ સંસારથી માંડીને પર્યાયે પર્યાયે...**' એટલે શરીરે શરીરે ક્ષણે ક્ષણે અવસ્થાએ '**આ રાગી જીવો સદાય મત્ત...**' અહો..! ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ એનાથી વિરુદ્ધ જે વિકલ્પ ઉઠે છે રાગ, એમાં મારો અને એ હું અને એ મારું કર્તવ્ય. મત્ત થઈ ગયો છે, મત્ત. મત્ત થઈ ગયો છે. સમજાણું? '**સદાય મત્ત વર્તતા થકા...**' એક સમય માત્ર પણ તારો રાગની એકતાબુદ્ધિ (વિનાનો) કોઈ દિ' ગયો નથી. સમજાણું? એકેન્દ્રિયને પણ રાગનો વિકલ્પ છે એ હું છું એવું મિથ્યાદષ્ટિપણું વર્તે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ બધા જીવ છે ને. અનંતા અનંતા નિગોદના. બધાય અનાદિથી ભગવાન ચૈતન્યના સ્વભાવના નિધાનને નહિ નિરખતા. એ રાગ ઉપર જ્યાં અનાદિની પ્રવૃત્તિ પડી છે અંદર એ મત્તવાળા છે. મત્ત-દારુ પીધો છે દારૂ. મિથ્યાત્વનો દારૂ પીધો છે. ઊંધી માન્યતાનો દારૂ પીધો છે તો રાગને તું તારો માનીને સૂતો છે. કહો, સમજાણું?

'**જે પદમાં સૂતા છે-ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે-અપદ છે,...**' ભગવાન! એ રાગનું પદ તે તારું સ્થાન નહિ. તારો ભાવ નહિ, તું તેમાં નહિ, એ પદમાં તું નહિ. અને એ પદ તારામાં નહિ. આહાહા..! વિકલ્પ ઉઠે રાગ દયા, દાન, ભક્તિ એ પદ તારું નહિ. એ ભાવ તારો નહિ, એ સ્થાન તારું નહિ, એ દશા તારી નહિ, એ ભાવ તારો નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**સૂતા છે-ઊંઘે છે. તે પદ અર્થાત્ સ્થાન અપદ છે-**' ભાઈ! ત્યાં સૂતો પણ અપદ છે. દાખલો આપશે ને નીચે? રાજાનો દાખલો આપશે. મોટો રાજા જ્યાં દારૂ પીને છોકરા હંગતા હોય ને પેશાબ કરતા હોય ત્યાં સૂઈ જાય. ખબર ન રહે. રાજા હોય દારૂના ઘેનમાં. આમ આમ હાથમાં બાટલી હોય અને આમ આમ નીકળે. એક ફેરી અમે જોયો હતો. ત્યાં રાજકોટ રાજકોટને? પારસીનું દારૂનુંય ચૌધરીનું. એની કોર અમારે દિશાએ જવાનું હતું. તો એક નીકળ્યો આમ દારૂ પીને નીકળ્યો. મેં કીધું, આણે દારૂ પીધો છે.

અહીં કહે છે કે રાગરૂપી દારૂ તેં પીધો છે. રાગ મારો એ મિથ્યાત્વનો દારૂ તેં પીધો છે. એમ રાજા દારૂ પીધેલો હોય, પેશાબ જ્યાં કરતા હોય ભીંતની ઓથે આમ. ત્યાં કૂતરો

આવીને મોઢામાં પેશાબ કરે તો મીઠો લાગે એને. દારૂનું ઘેન છે ને? એમ જેને રાગ મારો એમ મિથ્યાત્વમાં સૂતા છે એને આ બધું સારું લાગે. આહાહા..! ધૂળ સારી, આ સારું, પૈસા સારા. પેશાબ છે કૂતરાનો, સાંભળને! એમાં વળી બાયડી સરખાયની હોય, છોકરા સરખાયના બોલકા નીકળ્યા હોય. ... નીકળ્યા. એમ રાખો લ્યોને. કોણ? બાપા! તારા ક્યાં હતા અને તું ક્યાં ત્યાં છો? એ તો પર ચીજ છે.

મુમુક્ષુ :- અહીં તો રાગમાં..

ઉત્તર :- અહીં તો રાગમાં સૂતો છો એને (કહે છે), સૂતો છો આ ઘેનમાં. મિથ્યાત્વના ઘેનમાં સૂતો ત્યાં મરી ગયો. તારું સૂવાનું પદ તો અંદર ચૈતન્યમૂર્તિ છે. ત્યાંથી ખસીને અહીં ક્યાં આવ્યો તું ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધી સલામત રાખીને કહે છે. એ કૂતરાના પેશાબ છે બધા. મીઠાશ લાગે એને મીઠાશ.

રાગની જેને મીઠાશ વર્તે છે એના ફળ પુણ્ય અને પુણ્યના ફળની એને મીઠાશ.. મીઠાશ (લાગે છે). ગાંડો-મત્ત થઈ ગયો છે. એમાં વળી પાંચ-પચાસ લાખ, કરોડ બે કરોડ આવે. હું પહોળો ને શેરી સાંકડી. થઈ રહ્યું. હવે તો કરોડનો આંકડો નથી. નાના લાખ-બે લાખનો પત્તો ખાતો નથી. લાખ-બે લાખનો તો કયાંય પત્તો નથી ખાતો. હવે તો કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ, વીસ કરોડ, ચાલીસ કરોડ ત્યાં ગયા છે. ઓલો અબજે પહોંચ્યો વળી. સમજાણું? ... આવ્યો હતો લેવા. એના નાના ભાઈની સાથે. બિપીનને લેવા આવ્યો હતો. એકલો ખરો ને. નહિ ગોઠતું હોય. સાંજે ઓલા દૂધને બદલે કઢી આપે છે એ ઠીક પડતું નથી. એમ બિચારા રાડું પાડતા હતા કો'ક. અહીં ગૃહસ્થના દીકરાને ન ગોઠે તો ભાગે. અહીં ત્યાં બોર્ડિંગમાં કાંઈક પહેલા દૂધ આપતા, પછી કઢી આપે છે, દૂધ નથી આપતા. કેટલાકને ઠીક ન પડતું હોય છોકરાઓને. બિપીનને તેડવા આવ્યો હતો. આ સંસાર. એવો સળગી ઉઠ્યો ચારે કોરથી. ક્યાંય અનુકૂળતાકર જો ન હોય તો મઝા ન પડે. એ અનુકૂળતાની મીઠાશ જ પેશાબ છે કૂતરાનો. એમ કહે છે. પણ મિથ્યાત્વના જોરે મૂઢને કાંઈ ભાસતું નથી. આહાહા..!

કહે છે કે હે જીવ! એ '**(તમારું સ્થાન નથી,) એમ તમે સમજો.**' અપદ-અપદ બે વાર આવ્યું ને? '**(બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.)**' ભાઈ! આ નહિ, આ નહિ. '**આ તરફ આવો-આ તરફ આવો,...**' જુઓ! એ. એ રાગ જે વિકલ્પ દયા, દાન, વ્રતનો ઉઠે પ્રભુ! એ તારું પદ નહિ. એ ત્યાંથી ખેંચાઈ વળ ને આમ

આવ અને આમ આવ. એ અંતરમાં ભગવાન બિરાજે છે ત્યાં આવ, એમ કહે છે. આહાહા..!

'**આ તરફ આવો-આ તરફ આવો, (અહીં નિવાસ કરો,) તમારું પદ આ છે-આ છે...**' એ પણ બે વાર કહ્યું છે ને? '**પદમિદમિદં**' ઈ ને? આહાહા..! બે વાર અપદ-અપદ કીધું. ભાઈ! ચૈતન્ય સ્વભાવની જ્યોત પ્રભુ આત્મા. એના સિવાયનો રાગ તે અપદ છે-અપદ છે. તારું સ્થાન નહિ, તારું ઘર નહિ, તારું રહેઠાણ નહિ. રહેવા યોગ્ય તારે માટે એ નહિ. ભગવાન આત્મા એ રાગના વિકલ્પથી ભિન્ન ભગવાન છે એ તારું પદ છે, એ તારું પદ છે, એ તારું સ્થાન છે, એ તારે રહેવા માટેનું એ ઘર છે. અહીં તો મકાન બંગલા કરે, જુઓને કેવા! કેટલા ત્રણ ત્રણ પટા ને એય.. હિંમતભાઈ! આ .. છે ને. બપોરે નીકળ્યા હતા થોડું જોવા. ચાર દિ'થી નીકળવાનું નહોતુ ને. પછી ત્યાં ભાઈના ઘરમાં જઈ આવ્યા. નવનીતભાઈના. આ બંગલો થાય છે ને. ચાર દિ' તો બહાર નીકળવાનું નહોતું ને. આ વરસાદ ને બહાર હવા. અહીં જંગલ જવાણું નથી. અગ્યાર વાગે. ત્યાં વળી ભાઈ હતા ને. મિસ્ત્રી હતા અને આ પણ હતા. જોયું પણ ત્રણ પટ્ટી વાત. ઓહોહો..! એક કાચ, એક બારણા, પછી પાછા કપડા. ત્રણ પટ્ટું છે ને, દર્શન, જ્ઞાન ને ચારિત્ર. ત્રણ ત્રણ નાખ્યું છે. પોણા બે લાખ થયા છે લગભગ. રહેવાના ઘર તો જુઓ! પોલા પોલા બધા કાચવાળા.

અહીં કહે છે, પ્રભુ! તારું સ્થાન તો અહીં છે ને. એ તો નહિ, રાગ પણ નહિ એમ કહે છે અહીં તો. રાગ વિનાનો ભગવાન છે ને પ્રભુ. એ શુદ્ધ ચૈતન્યઘન છે ત્યાં તારું પદ છે, ત્યાં તારું ઘર છે, ત્યાં તારું સ્થાન છે. આવ રે આવ ત્યાં. એમ આમંત્રણ આપે છે, જુઓ! સમજાણું કાંઈ? આ છે.. આ છે. શુદ્ધ ચૈતન્ય ધાતુ. ભગવાન આત્મા રાગના કણ વિનાનો વીતરાગી સ્વરૂપ વર્તમાનમાં બિરાજે છે અંદર.

'**શુદ્ધ-શુદ્ધ...**' ત્યાં પણ બે વાર (લીધું). '**ચૈતન્યધાતુ નિજ રસની અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે-અવિનાશી છે.**' કેવો છે ભગવાન આત્મા? શાશ્વત, સ્થિર, ધ્રુવ, ચૈતન્યબિંબ પડ્યો છે. ત્યાં નજર કર, ત્યાં સ્થિર થા. તને આત્માની પદ પ્રાપ્તિ થશે. તને નિર્જરા થશે, એમ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૬, ગુરુવાર તા. ૨૭-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૩, શ્લોક-૧૩૯-૧૪૦, પ્રવચન-૨૮૯**

સમયસાર. ૨૦૩ ગાથા. શું કહ્યું? અહીંયાં કહે છે કે નિર્જરા એટલે ધર્મ, શુદ્ધિ અને શાંતિ કોને થાય? અને અધર્મ અને અશાંતિ કોને થાય? બે વાત છે આમાં. સમજાણું? આ આત્મા છે એમાં જે આ પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એ બધા અતત્ સ્વભાવ છે. આત્માનો સ્વભાવ નથી. અને એના સંબંધમાં જેટલા કર્માદિ જે સંબંધ છે દ્રવ્ય દ્રવ્ય, જીવના સંબંધમાં આવતા દ્રવ્ય. બીજા નહિ. બહારથી ન લેવા બીજા, આત્માના સંબંધમાં આવતા દ્રવ્યો એટલે કર્મ, શરીર, સંહનન આદિ. અને અંતરમાં રાગ અને દ્વેષાદિ. એ બધા આત્મામાં અતત્ સ્વભાવ છે. સમજાણું કાંઈ? અને તેથી તે '**અનિયત અવસ્થાવાળા,...**' છે. કાયમ રહેનારા નથી. '**અનેક,...**' છે. રાગાદિ, શરીરાદિ, કર્માદિ, સંહનન, સંસ્થાન એ બધા અનેક વસ્તુ છે. અને એ '**ક્ષણિક,...**' છે. આત્મા જ્ઞાયક ચિદાનંદ નિત્ય ધ્રુવ સત્ સ્થિર ધ્રુવ એની અપેક્ષાએ એ દયા, દાનના વિકલ્પો કે શરીર, સંહનન આદિ વર્ણ ગંધ, એ બધા ક્ષણિક છે, નાશવાન છે. અને '**વ્યભિચારી ભાવો છે,...**' એ બધા દોષવાળા છે.

ભગવાન આત્મા જ્ઞાયક અને અરાગી વીતરાગી સમરસ આત્માના આનંદ સ્વરૂપવાળું જે તત્ત્વ છે એનાથી આ બધા ભાવો વ્યભિચારી છે. '**તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે...**' સ્થિર રહેનારા નથી. '**સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી...**' જેને રહેવું છે એને એ રહેઠાણ થવા લાયક એ છે નહિ. સમજાય છે કાંઈ?

'**અપદભૂત છે;...**' અસ્થાન છે. અપદ છે, અભાવ છે, તારું એ સ્વરૂપ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એવા અપદમાં જેની દૃષ્ટિ છે તે અધર્મી છે, તે મિથ્યાદૃષ્ટિ છે, તેને ક્ષણે ક્ષણે બંધાતા ભાવવાળો જીવ નવા આવરણને બાંધે છે. સમજાણું કાંઈ? એ શુભભાવ હો, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો પણ એ બધો વ્યભિચારી સંયોગી ભાવ છે. એમાં ટકનારો, એમાં રહેનારો, રહી શકવા યોગ્ય સ્થાન નથી. છતાં ત્યાં રહેનાર 'હું આ છું અને એ મને લાભદાયક છે' એમ માનનારો નિર્જરા-ધર્મથી વિરૂદ્ધ દૃષ્ટિવાળો છે. સમજાણું કાંઈ?

'**અને જે તત્સ્વભાવે અનુભવાતો,...**' ભગવાન આત્મા તો જ્ઞાન સ્વભાવ, આનંદસ્વભાવ એનું ધ્રુવ સ્વરૂપ, એનું અસલી સ્વરૂપ ત્રિકાળ ટકનારું સ્વરૂપ આત્માનું તો જ્ઞાન અને આનંદ એનું ટકનારું નિત્ય ધ્રુવ સ્વરૂપ છે. એ '**તત્સ્વભાવે અનુભવાતો,...**'

એ પોતાના જ્ઞાન અને આનંદના સ્વભાવે અનુભવાતો એ આત્માનો ભાવ છે. સમજાણું કાંઈ? '**નિયત અવસ્થાવાળો,...**' એ નિશ્ચય અવસ્થાવાળો છે. જ્ઞાયક ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ નિશ્ચય અવસ્થા છે. એને અવલંબીને થતી દશા એ આત્માનો સ્વભાવ અને આત્માનો ભાવ છે. સમજાણું કાંઈ?

'**એક, નિત્ય,...**' છે. ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, તેને અવલંબતો ભાવ એ એકરૂપ છે. વસ્તુ એકરૂપ છે, તેને આશ્રયે થતો ભાવ એકરૂપ છે અને તે નિત્ય છે. વસ્તુ ત્રિકાળ નિત્ય છે. એને અવલંબતી પર્યાય પણ નિત્યમાં અભેદ ભળી જાય છે. '**અવ્યભિચારી ભાવ (ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ) છે,...**' ત્રિકાળી જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા એક, નિત્ય, અવ્યભિચારી એટલે કે પરના સંબંધના સંગ વિનાનો, એવું ચૈતન્યતત્ત્વ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ. એને અવલંબીને થતી પર્યાય એ પર્યાયને ત્યાં રહેવાનું સ્થાન છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ પર્યાયને-ધર્માત્માને પર્યાયરૂપ ધર્મ એને રહેવાનું સ્થાન એ ધ્રુવ છે. કહો, આ મકાન-બકાનની વાત એ કાંઈ રહેવાનું નથી કીધું. બધું ચાલ્યું છે ઘણું. આ શરીર પણ રહેવાનું સ્થાન નથી, રાગ રહેવાનું સ્થાન નથી ને, અહીં તો કહે છે. આહાહા..! ધર્માત્માને રહેવાનું સ્થાન ત્રિકાળ ધ્રુવ છે. એમાં ટકી શકે અને ઠરી શકે છે. એવા ધ્રુવમાં ટકવું એનું નામ ધર્મ અને એનું નામ નિર્જરા છે. કહો, સમજાણું કાંઈ? છેલ્લે છે ને? છેલ્લે લેશે. એનું કૌંસમાં લઈ લીધું પહેલાં.

'**એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું...**' પરમાર્થ રસપણે સ્વાદમાં (આવતું). આનંદમૂર્તિ આત્મા છે. એ આનંદ અતીન્દ્રિય સ્વાદ, પરમાર્થ આનંદ સ્વભાવ સ્વાદ એનો છે. એમાં ઠરતા એને પરમાનંદ રસનો અનુભવ આવે છે. '**આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.**' કહો, સમજાણું કાંઈ? એ નિયત છે અવસ્થાવાળું એક નિત્ય છે. '**તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે...**' ધ્રુવ ભગવાન આત્મા નિત્ય સ્થિર બિંબ જ્ઞાયકમૂર્તિ એક જ રહેનારને રહેવા યોગ્ય સ્થાન છે. સ્થિરતા કરનારને સ્થિરતાનું સ્થાન તો એ છે. આ મકાન-બકાન બનાવે છે ને? શું કહેવાય? આવા-જા કરે ઈ? ગામડા ને શહેરમાં આવ જા કરે ને? એવું કાંઈક કહે છે ને?

મુમુક્ષુ :- અધવારું.

ઉત્તર :- અધવારું. હા. એ ભાષા. અધવારા વિનાની આ ચીજ એવી છે, કહે છે. લ્યો. અધવારું કહે છે સમજાય છે? જાય શહેરમાં ધંધો કરવા અને રાત્રે અહીં વયા આવે. દિવસે ત્યાં (રહે). પછી મકાન બનાવે કાંઈક બે-પાંચ-દસ લાખનું. ત્યારે કહે, આ અમારું સૂવા-બેસવાનું (સ્થાન છે). ધૂળેય સ્થાન નથી, કહે છે.

અહીં તો દયા, દાનના વિકલ્પ ઉઠે એ પણ રહેનારને રહેવાને યોગ્ય સ્થાન નથી. કહો, સમજાણું કાંઈ? જેને જેમાં ઠરવું છે એ રહેવાનું સ્થાન તો નિત્ય આનંદકંદ છે. એકલો જ્ઞાયકભાવ, એકલો સ્વભાવ, શુદ્ધ ધ્રુવ નિત્ય અવિનાશી એવું રહેનારને રહેવાનું સ્થાન તે એક જ છે. સમજાણું કાંઈ? એ ધર્મી જીવની દશાને ટકવામાં સ્થાન તે નિત્ય ધ્રુવ છે. ત્યાં દૃષ્ટિ આપે તો તે ટકી શકે એમ છે. એનું નામ ધર્મ અને નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવા યોગ્ય હોવાથી પદભૂત છે;...**' એ પદ છે તારું, એમ કહે છે. સ્થાન છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જ્ઞાનરસ, આનંદરસ, આત્મરસ, સ્વભાવભાવ. એ જ તારું પદ છે. એ પદમાં ઠર એનું નામ ધર્મ અને શાંતિ છે. સમજાણું કાંઈ? ભારે નિર્જરા. આ તો કહે, અપવાસ કરે તો નિર્જરા થાય, છઠ કરે તો નિર્જરા. અને એક છઠ ઉપર એક પોરસી કરે તો? કેટલાનો લાભ થાય? અઠમ કરે અને એક પોરસી કરે તો કેટલાનું કાંઈક કહેતા હતા તો ખરા.

મુમુક્ષુ :- ૨૫ અપવાસ.

ઉત્તર :- ૨૫ અપવાસ લ્યો એ ભગવાનભાઈ ન્યાં કરતા. હા, હા. અઠમ કરે ત્રણ દિ' અને એક પોરસી ચડાવે તો ૨૫ અપવાસનો લાભ થાય. કહે છે કે લાંઘણ છે તારી બધી. સાંભળને! તારું લક્ષ જ પર ઉપર છે. આ મૂક્યું, લીધું એવો વિકલ્પ છે એમાં ઠરે છો. મિથ્યાત્વ ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી,...**' જુઓ! એ પુણ્યના વિકલ્પો આદિ, રાગાદિ નિમિત્તનું લક્ષ છોડી દઈને. '**જે સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું...**' એ સ્થિર... સ્થિર... ધ્રુવ નિત્ય અવિનાશી એવો જે ભગવાન આત્મા કાયમનું બિંબ છે સ્વભાવ, '**સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે...**' ખરેખર આનંદના રસપણે '**સ્વાદમાં આવતું...**' એ સ્વાદમાં આવતું. ઓલો રાગનો સ્વાદ એ તો આકુળતા, દુઃખ અને અપદ છે. આકરી વાત લોકોને લાગે કે આ નિર્જરા આવી, લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ છોકરા મારા નહિ ત્યાં તો ઠીક હવે. કર્મ મારું નહિ અને રાગ મારો નહિ. કહો. શુભભાવ પ્રવૃત્તિ ઘટાડી .. શુભભાવ કરે તો કહે, એ તારું પદ નહિ. એ તારું બંધનું પદ છે એટલે અપદ છે.

ખરેખર તો '**પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન...**' જોયું! એ જ્ઞાન સ્વાદમાં આવતું ત્રિકાળ. સ્વાદ તો પર્યાય છે પણ એ ત્રિકાળ સ્વાદમાં આવે છે ને. ઓલો રાગ સ્વાદ હતો આ આનંદનો સ્વાદ છે. એમ. આનંદના સ્વાદરૂપી જે દશા એને ધર્મ કહે છે

અને એને નિર્જરા કહે છે. સમજાણું કાંઈ? લ્યો, એને સામાયિક કહે છે અને એને પોષા કહે છે આ દશાને. બાકી બધા લાંઘણુંના અને મજૂરી કરવાના રાગ છે. કહો, સમજાણું આમાં? '**પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ...**' એક જ. ઓલા અનેક અને આ એક જ '**આસ્વાદવાયોગ્ય છે.**' એ અનુભવવા યોગ્ય આત્માનો સ્વભાવ તે જ અનુભવવા યોગ્ય છે. એ જ એ ધર્મીનું કર્તવ્ય છે અને એ જ ધર્મની વિધિ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પૂર્વે...**' જુઓ! આમાં છે ભાવાર્થમાં. આવ્યું છે ને? ૫૦ ગાથાથી ૫૫. '**પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા...**' એ બધા જીવના સંબંધવાળા છે આ. સમજાણું? વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંહનન, સંસ્થાન, કર્મ, નોકર્મ પણ એ લીધું ત્યાં. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન. ત્યાં એમ લીધું. બહારનું નહિ. '**તે બધાય, આત્મામાં અનિયત,...**' છે. એ શુભભાવ, અશુભભાવ, આ લબ્ધિસ્થાન આવ્યા હતા ને એમાં? ગુણસ્થાન, માર્ગણાના પ્રકાર એ બધા આત્મામાં અનિયત છે, અચોક્કસ રહેનારા છે '**અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે.**'

'**આત્મા સ્થાયી છે (-સદા વિદ્યમાન છે)...**' વસ્તુ છે. ભગવાન મહિમાસ્વરૂપે સદા વિદ્યમાન છે પ્રભુ આત્મા. '**અને તે બધા ભાવો અસ્થાયી છે (-નિત્ય ટકતા નથી), તેથી તેઓ આત્માનું સ્થાન-રહેઠાણ-થઈ શકતા નથી...**' લ્યો! આત્માને રહેવાને યોગ્ય તે સ્થાન નથી. આત્માને રહેવું. હવે આત્મા તો છે. સમજાણું કાંઈ? આત્માને અંદર સ્થિર થવાનો રાગ તે આત્માનું સ્થાન નથી એમ કહે છે. સમજાણું? '**તેઓ આત્માનું પદ નથી.**' એ આત્માનું સ્થાન નથી, આત્માનો ભાવ નથી.

'**જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે,...**' જે જ્ઞાન જ્ઞાનથી જણાય, વેદાય તેવું ત્રિકાળી જ્ઞાન તે નિયત છે. સ્વસંવેદનરૂપ. એ જ્ઞાન જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ એને સ્વ નામ પોતાથી રાગ વિના પ્રત્યક્ષ વેદનમાં આવે એવું જે ત્રિકાળી સ્વરૂપ એ જ આત્મા છે. તે નિયત છે. તે '**એક છે, નિત્ય છે, અવ્યભિચારી છે. આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી ભાવ છે...**' એની સાથે મેળવ્યું. વસ્તુ જેમ સ્થિર છે, વસ્તુ ધ્રુવ દ્રવ્ય છે, બસ! એનો જ્ઞાન સ્વભાવ પણ સ્થિર છે. એમ. કાંઈ વસ્તુ છે તો વસ્તુનો સ્વભાવ જોઈએ ને. વસ્તુ આત્મા, એનો સ્વભાવ, સ્થાયી, નિત્ય જ્ઞાન આનંદ સ્વરૂપ તે સ્થાયી ભાવ છે. '**તેથી તે આત્માનું પદ છે. તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.**' ધર્મીઓએ આત્માના આનંદનો સ્વાદ લેવા યોગ્ય છે. બાકી કોઈ ચીજ કરવા જેવી એને નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મી એવો આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વભાવવાળું તત્ત્વ, એને ઓળખનાર, જાણનાર, માનનાર એવા ધર્માત્મા એને એ ધર્મ વસ્તુ સ્વભાવસ્વરૂપ આત્મા, તેમાં તેનો સ્વાદ લેવા લાયક છે. વસ્તુ આમ રાગ અને પર તરફથી લક્ષ છોડી અને સ્થિરરૂપ વસ્તુ છે ધ્રુવ, તેનો આસ્વાદ એકાગ્ર થઈને રસનો સ્વાદ લેવાય છે. આત્મરસનો સ્વાદ લેવો તે આત્માનું કર્તવ્ય છે. આહાહા..! એનું નામ અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અપવાસ કરે અને ખેદ થાય, માંડ માંડ સહન કરે, સવારની વાટું જોવે ખીચડી ને કઢીની. સવાર પડે એટલે ઝટ (ખાઈ લઈએ). એ પણ ન હોય કદાચ. લ્યોને. કોઈ કષાયની મંદતાથી. પણ દૃષ્ટિ જ જ્યાં પર ઉપર છે એને દુઃખનું જ વેદન છે. એ અપવાસી જીવ પણ દુઃખી છે. દુઃખના વેદનને વેદે છે. સમજાય છે કાંઈ? અપદમાં એ પડ્યો છે. આટલા અપવાસ કરે, કેટલા વ્રત પાળે, જાવજીવનું બ્રહ્મચર્ય, આ ફલાણું એવા જે વિકલ્પો એ આકુળતામય વિકલ્પ છે. એને વેદે છે. એ એને એકાંત બંધનું જ કારણ છે. જરીએ એને નિર્જરાનું કારણ નથી.

મુમુક્ષુ :- આત્માથી દૂર ...

ઉત્તર :- આત્માથી દૂર રહે છે, વિકલ્પમાં રહે છે. મેં ખાધું નહિ, પીધું નહિ. એ આત્માથી દૂર રહે છે. મેં આજે ખાધું નહિ, આટલા અપવાસ કર્યા, મેં પીધું નહિ એવા જે વિકલ્પ છે એ આત્માથી દૂર છે. એ દૂરમાં રહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં રાગની મંદતા થાય, આહાર ન કર્યો એ મંદતાનો જો ભાવ હોય તો એ પુણ્ય છે. પણ એ અપદ છે. એમાં રહેલો ભાવ મિથ્યાત્વ ભાવ છે. એ હું છું, એ મને લાભદાયક એ મિથ્યાત્વ ભાવ છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે કહે, અમે નહિ કરીએ. લ્યો. ઓલું આવ્યું હતું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું હતું. પણ જો તું માનાદિક (માટે) કરતો હોય તો કર કે ન કર એમાં તને કાંઈ ફેર નહિ. પણ જો તારે અંદર રાગની મંદતા થઈ હોય આહાર ન કરવો, તો એટલું તને પુણ્ય છે. ધર્મ ન માનીશ, નિર્જરા ન માનીશ. બહુ ખુલાસો કર્યો છે ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ પ્રકાશક તમારે બહાર પાડ્યું છે ને ત્યાંથી બધું. હોલ કર્યો છે ને હોલ.

મુમુક્ષુ :- એમણે જ બહાર પાડ્યું છે.

ઉત્તર :- એણે જ પાડ્યું છે. પછી શું કરશે, એમ ને એમ પડ્યો છે હોલ. કહો, સમજાણું કાંઈ? એ અહીં વાતું ચાલતી હતી ઘણી વાર. ચાલે ત્યારે બધું ચાલે ને. બધા પાંચ લાખ, દસ લાખ, સોળ લાખ પણ હવે શું? હવે શું? ત્યાં જાય. હવે ત્યાં કોણ આવતું હતું?

આ તો વળી એ કારણ હતું એટલે. હવે ક્યાં બહાર નીકળવાનું હિન્દુસ્તાનમાં. એ તો બધો છેલ્લો રસ્તો. સમ્મેદશિખર ને બધું બંધ હવે. એય.. પોપટભાઈ! જવાનું બધું બંધ હવે. પોપટભાઈ તે દિ' આવ્યા નહોતા. કહો, સમજાણું આમાં? તમે આવ્યા હતા? આ બધા શેઠિયાઓ નહોતા, ભાગ્યા હતા.

અહીં કહે કે એ બધા ભાવો આસ્વાદવા લાયક નથી. પુણ્યાદિ વિકલ્પ થાય. એ મારા માનીને વેદવા લાયક નથી. આત્મામાં આનંદ વેદીને એ રાગાદિ હોય તેને જાણવા લાયક છે, વેદવા લાયક નથી. એમ છે અહીં તો. સમજાણું કાંઈ? એય..! મોહનભાઈ! આ સોળ લાખ ખર્ચ્યા સોળ. સોળ કોણે ખર્ચ્યા હતા?

મુમુક્ષુ :- ગોદિકાજીએ.

ઉત્તર :- ના, બિલકુલ નહિ. એ તો પૈસા પરમાણુ છે. જડની પર્યાય છે. વ્યવહારની એ તો બોલવાની વાત છે કે આમાં કોણ હતું. એટલી વાત. બીજું કાંઈ છે નહિ. નિમિત્ત જણાવવું હોય તો (એમ કહેવાય). આ પર્યાય થઈ ત્યારે કોનો ભાવ નિમિત્ત હતો એ જણાવવા માટે વાત છે. એ ભાવ હતો માટે થયું છે એમ નથી.

મુમુક્ષુ :- થયું શું કામ?

ઉત્તર :- પણ એ તો એને કારણે થયું છે. આને કારણે થયું છે? એય..! ગોદિકા સાથે વાત થઈ હતી. બે વાર થઈ હતી. કોણ કરે? કોણે કરી? પરમાણુની પર્યાય, પાંચ લાખનો હોલ ને ભગવાનના પ્રતિમાને આમ પધરાવે ને એ પરની ક્રિયા આત્મા કરી શકે કોઈ દિ'?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... જાય કોણ ને આવે કોણ? એય..!

અહીં તો કહે છે, **'એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.'**

**'હવે આ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :-'**

**एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।**
**अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।१३९।।**

**'શ્લોકાર્થ :- તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...'** કરવા યોગ્ય તારે આ છે, ભાઈ! આહાહા..! પરના કાર્ય તો કરી શકતો નથી. એ દેરાસર ને મંદિર ને શરીર ને ચલાવું, જાત્રામાં પગને ચલાવવા એ આત્મા કરી શકતો નથી. એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એના માટે તો વાત ચાલે છે આ.

વિકલ્પ જે આવ્યો એ પણ આસ્વાદવા યોગ્ય નથી. આહાહા..! કેમ કે એ તો આકુળતારૂપ છે. ભગવાન આત્માને ત્યાં સ્થિર રહેવાલાયક એ નથી. વસ્તુ સ્વરૂપ અંદર ચૈતન્યબિંબ ભગવાન, આનંદકંદ દરબારમાં પેઠીને સ્વાદ લેવા લાયક છે એમ કહે છે. રાગમાંથી ખસી જા. આમ વસ્તુ જ્ઞાયકભાવ શુદ્ધ ભાવ, ધ્રુવ ભાવ એનો આસ્વાદ લે. એમાં એકાગ્ર થઈને આનંદનો અને જ્ઞાનનો આસ્વાદ લેવો, વેદવું, અનુભવવું. બસ, એને આત્માનો ભાવ અને ધર્મ કહેવામાં આવે છે. બાકી બધી વાતું, ધર્મ-ધર્મ કરે છે અને આણે કર્યું. ધૂળેય નથી.

મુમુક્ષુ :- છાપામાં આવશે.

ઉત્તર :- આટલા અપવાસ કર્યા હતા અને આટલું આ કર્યું હતું. આંકડા ચડાવે બધા. આહાહા..! ધર્મ તે ધર્મીની દશામાં થાય, ધર્મી એવો આત્મા એની દશામાં ધર્મ થાય. ધર્મ તે બહાર થતા હશે ક્યાંય? આહાહા..!

'**તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...**' એક આનંદમૂર્તિ પ્રભુ, શુદ્ધ અતીન્દ્રિય આનંદરૂપ નિજ પદ. તેને જ આસ્વાદવા એટલે અંતરમાં દૃષ્ટિ કરી એ વેદવા લાયક છે. આહાહા..! એનું નામ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ધર્મ કહે છે. એને નિર્જરા કહે છે. શુદ્ધ ભાવ થયો તેને નિર્જરા કહે છે. અશુદ્ધતા હોય એને નાસ્તિ... સમજાણું કાંઈ? '**તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે કે જે વિપત્તિઓનું અપદ છે (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી)...**' એ રાગ અને પુણ્યરૂપી આપદા એનું સ્થાન આત્મા નથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આપદારૂપ છે, અપદરૂપ છે. એ અપદનું આત્મા સ્થાન નથી. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા '**अपदान्येव**' '**વિપત્તિઓનું...**' વિપદ વિપદ વિપદ. પુણ્યનો ભાવ એ વિપદ છે. વિપદા છે, આપદા છે. આહાહા..! એનું એ આત્મા અપદ છે, અસ્થાન છે. આપદાનું આત્મા અપદ છે, અસ્થાન છે. સમજાણું કાંઈ? આ એક જ પદ. એક જ. એકાંત થઈ જાય છે આમાં. આ પણ આસ્વાદવા યોગ્ય અને રાગ પણ આસ્વાદવા યોગ્ય (કહો) તો અનેકાંત થાય. એમ નથી, ભાઈ! અનેકાંતની વ્યાખ્યા એમ જ નથી. આ અનેકાંતને નામે ભારે ફૂદડો ચડાવી દીધો. ફૂદડીવાદ કરી નાખ્યું.

અહીં શું કહે છે? એક ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવની મૂર્તિ પ્રભુ, એ એક જ આસ્વાદવા લાયક છે, બીજું નહિ. એનું નામ અનેકાંત છે. આ તો (એમ કહે), આત્મા પણ આસ્વાદવા લાયક છે, અનુભવવા લાયક છે અને રાગ પણ અનુભવવા લાયક છે. સમજાણું કાંઈ? અરે..! એની શ્રદ્ધાના દોર તો પાકા કર. એને સન્મુખ થયે લાભ છે. એ સિવાય ત્રણ કાળમાં લાભ નથી. એવી શ્રદ્ધાનો દોર પાકો કરે. શ્રદ્ધાનો સ્તંભ રોપે પાકો. એના સ્વાદને લેતા

જ આત્માને સુખ છે, બાકી ક્યાંય સુખ છે નહિ. હજી તો અહીં સ્વર્ગના સુખ, દેવના સુખ. એક જણો કહેતો હતો. અરે..! સ્વર્ગના સુખ ભોગવવા તો દ્યો. મહારાજ! તમે આ બધું શું કરવા કહો છો? નાગલપુરનો હતો. બોટાદમાં આવ્યો હતો ને. વિસાશ્રીમાળી. હાડકાનું કરતા. એનો બાપ પણ કરતા અને આ પણ કરતા. દશાશ્રીમાળી. .. ઈ કહે, મહારાજ! આ બધું તમે.. એ બધા બોટાદના ઓલા કહેવાય ..વાદી. પુણ્ય કરશે તો સ્વર્ગ મળશે. પહેલું સ્વર્ગ મળશે અને પછી મોક્ષ મળશે. સુખ માણવા તો દયો. લ્યો ઠીક. આ બધા જૂના હતા હીરાજી મહારાજના. નાગલપર છે ને? બોટાદથી બે ગાઉ.

કહે છે, એક જ પદ. '**તે એક જ પદ...**' '**કે જે વિપત્તિઓનું અપદ...**' (છે). તે આસ્વાદ લાયક છે. આમ સિદ્ધાંત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન અને આનંદના સ્વરૂપથી બિરાજમાન છે. એ એક જ પદ આસ્વાદવા યોગ્ય છે કે જે પદ વિપત્તિઓનું અપદ છે. જે પુણ્યના વિકલ્પનું આકુળતાનું પદ છે એ એમાં નથી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ શુભયોગ તે આપદા છે. એ આપદાનું આત્મા સ્થાન નથી એમ કહે છે. ભારે વાત. રાડ નાખી જાય છે. એય..! દીપચંદજી! આહાહા..!

ભગવાન આત્મા વિપદા, આપદા એનું તે અસ્થાન છે. ઓહોહો..! '**(જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી)...**' એ શુભ-અશુભ જે વિકલ્પ ઉઠે છે રાગ, એ આપદા છે, આકુળતા છે, અપદ છે, દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જેની આગળ અન્ય (સર્વ) પદો અપદ જ ભાસે છે.**' ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ ધ્રુવ ચૈતન્ય આનંદમૂર્તિ ધ્રુવ. એના આસ્વાદ આગળ, એના અનુભવ આગળ બધા પદો અપદ જ છે. જુઓ! તીર્થંકર ગોત્રનો ભાવ એ અપદ છે, ઈન્દ્રના ઈન્દ્રાસનના સુખો તે અપદ છે, દુઃખરૂપ છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! મોટા મોટા પદ નથી મળતા? પાંચ હજારનો પગાર ને દસ હજારનો ને પચ્ચીસ હજારનો ને પચાસ હજારનો, લાખનો પગાર લ્યો. મોટા પદે બેસાડ્યા. મોટા પદે બેસાડ્યા. પદ ક્યાં હતા? અપદ છે એમ કહે છે. એ આપદાનું પદ છે. આહાહા..! કહો. સમજાણું? '**જેની આગળ અન્ય પદો...**' ભગવાન આત્મા... આ નિર્જરાની વ્યાખ્યા ચાલે છે. નિર્જરા એને થાય છે કે જે પોતાના નિજ પદનો સ્વાદ આનંદનો લે છે અને એ સ્વાદ આગળ વિકલ્પથી માંડીને બધા પદો તે અપદ ભાસે છે. એને નિર્જરા થાય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી...**' ભગવાન નિત્યાનંદ પ્રભુ સહજાનંદની મૂર્તિ આત્મા એમાં વિકલ્પનો પ્રવેશ નથી. વિકલ્પ જે આપદારૂપ છે એ અપદનો નિજપદમાં પ્રવેશ નથી. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે કે વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય. અહીં કહે છે, વ્યવહાર જે છે તે અપદ છે. એ નિશ્ચય નિજપદમાં એનો પ્રવેશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ વ્યવહાર અપદથી પદ પ્રાપ્ત થાય એવું પદ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એ વાદવિવાદ ચર્ચા ઘણા હોય. સમજાણું? શુભ આવે ત્યારપછી પુરુષાર્થ કરીને શુદ્ધ કરવું. એ બધી વાતું આવે. અશુભ ટાળીને શુભ અને શુભ ટાળીને શુદ્ધ. શુભ હોય એને શુદ્ધ થવાનો અવકાશ છે. એવી વાતું આવે. વ્યવહારની વાતમાં માલ કાંઈ નથી. ખરેખર તો એવી વાત છે. મીઠાશ જેને વ્યવહાર ને રાગ ને પુણ્યની છે ને. એને આ આત્માની મીઠાશ એ વડે આવતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ અને નિર્જરા. આ વાતું દુનિયા કરે કે અમે પરોપકાર કર્યા અને કો'કની દયા પાળી, કો'કને મદદ કરીએ, પૈસા દીધા. ધૂળેય નથી દીધા. સાંભળને હવે. પર ચીજને આપે કોણ અને લે કોણ? પર ચીજને મેં આપી દીધી એ જ મિથ્યાત્વનો ભાવ છે. ન્યાલચંદભાઈ! હમણાં જઈ આવ્યા ન્યાલભાઈ. નથી જઈ આવ્યા? સમજ્યાને? એને સંભળાવી આવ્યા છે પાછા. એ પણ કાંઈ ઓછા નથી. આ તો નાખ્યું ગળામાં માટે હવે એને નભાવવું પડશે. એ તો એને કારણે થાય છે. કોઈએ પૈસા આપ્યા એથી આ બને છે? અને આ પૈસા આત્મા આપી શકે છે? એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને મેં આપ્યું એ મિથ્યાત્વ ભાવ છે અને પરદ્રવ્ય મેં રાખ્યું, એ મારું એ મિથ્યાત્વ ભાવ છે. આખા પરમ સત્‌નો અનાદર કરીને અસત્‌ને માને છે એમ કહે છે અહીં. કહો, મહેન્દ્રભાઈ! આહાહા..! એ આત્માની જે લીલા.. આ વીતરાગની લીલા છે, આ તો વીતરાગભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શેની વાત ચાલે છે આ? એ મંદ કષાય તે આપદા છે. એ આપદાથી નિજપદ ખ્યાલમાં આવે. એ તમે સમજી લ્યોને, ઝેર ખાતા અમૃત આવે. પણ ઝેર છે ને? એ શુભરાગ ઝેર છે. ભગવાન અમૃતસ્વરૂપ છે. કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી એટલે શું? પછીની વ્યાખ્યા શું? પહેલાં જ એ રાગ છે એ ઝેર છે, અપદ છે, મારા સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપનો આશ્રય કરીને આસ્વાદ લે એનું નામ ધર્મ અને નિર્જરા છે. આ વાત એવી છે. લ્યો, તમારા ચિરંજીવી...

જેમાં રાગનો વિકલ્પ છે ને, ભાઈ! એ અપદ અને આપદા છે. ચાહે સો રાગની મંદતા, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો શુભભાવ એ અપદ છે, આપદા છે અને દુઃખરૂપ છે. એની નજર છોડીને નિજ ભગવાનની અંદર નજર કર. આત્માનો આસ્વાદ આવે એનું નામ ધર્મ છે. લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો. આવે છે ને. ક્યાં વિચારે છે ક્યાં? પણ

ઓલું ત્યાં આવે ને એક. નિશ્ચયનો વ્યવહાર હેતુ છે અને કારણ.. આવે છે ને? એ ચોંટે ત્યાં. અરે..! ભગવાન! એ તો નિમિત્ત તરફનું આવું એ જ્ઞાન કરાવ્યું છે. ઝેર તે અમૃતના કારણ થાતા હશે? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એકદમ નહિ, એમ જ છે. વળી એકદમ નહિ ને હળવે-હળવે બે ક્યાં પ્રકાર હતા એમાં? વસ્તુ અનાદિની એવી છે કે રાગનો પ્રવેશ એમાં નથી. અને રાગ દ્વારા તે જણાય એવી એ ચીજ નથી. અને રાગમાં એ તાકાત નથી કે તે જણાવામાં સહાયક થાય એવી રાગમાં તાકાત નથી. કહો, બેયનો આવો સ્વભાવ છે. રાગ તે અપદ છે, આપદા છે, એની તાકાત નથી કે આપદા વિનાની ચીજ એ દ્વારા અનુભવાય. અને આપદા વિનાની ચીજ એની તાકાત નથી કે રાગના પદ દ્વારા અનુભવ થાય. એવો એનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનની સીધી પર્યાય એ જ્ઞાયકને પકડે. અને એકાકાર એ સ્વાદ આવ્યો જ્ઞાનનો એનું નામ નિર્જરા અને ધર્મ છે. બાકી બધી વાતું છે. કહો. પોપટભાઈ! આહાહા..!

**'પદો અપદ જ ભાસે છે.'**

**'ભાવાર્થ :- એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે (કારણ કે તેઓ આકુળતામય છે-આપત્તિરૂપ છે).'** આહાહા..! એ વિકલ્પ છે વાંચવાનો, ભણવાનો, સાંભળવાનો એ વિકલ્પ છે એ આપદારૂપ છે. એમ કહે છે. આહાહા..! એ અપદસ્વરૂપ ભાસે છે, તેઓ આકુળતામય છે-આપત્તિ છે-આપદા છે. આહાહા..! કહો, અગ્નિ સળગતો હોય. એમ આ રાગનો સળવળાટ એ અગ્નિ આપદા છે. ભગવાન ચિદ્‌બિંબ છે.

અનાદિ સત્ તેનું સત્ત્વ વીતરાગભાવથી ભરેલું સત્ત્વ છે. એવો સમભાવસ્વરૂપ પ્રભુ, એ સમભાવની પર્યાય દ્વારા વેદવા લાયક છે. સમજાણું? વ્યવહાર તે વિષમભાવ છે. આપદા છે, આકુળતા છે, અપદ છે, આપત્તિ છે. કહો. આહાહા..! અહીં તો વ્યભિચાર કહ્યો પછી પ્રશ્ન શું? સેઠી! જેને માનવું હોય એને અનુભવવા માટે આ વાત છે. બાકી બધે રખડે ચાર ગતિમાં. ચોર્યાસીના અવતાર. ત્યાગી થયો, મુનિ થાય, મુનિ દીક્ષા અનંત વાર લીધી. પણ એ રાગની ક્રિયા તે મને હિતકર છે એ દૃષ્ટિ ત્યાં રહી ગઈ. સમજાણું કાંઈ? એકદમ રાગ વિનાની ચીજ મારી સહજાનંદ મૂર્તિ ભિન્ન છે, એને કોઈ રાગની, વ્યવહારની અપેક્ષા જ નથી. ઝેરની અપેક્ષાવાળું અમૃત એ વસ્તુ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ!

'**હવે કહે છે કે આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છે :-**' ૧૪૦.

**एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्**
**स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं वदन्।**
**आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं।**
**सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्।।१४०।।**

'**શ્લોકાર્થ :- એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો,...**' ભગવાન આત્મા અનાકુળ આનંદના સ્વાદથી ભરેલો મહાસ્વાદને લેતો. '**(એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી માટે)...**' જાણક સ્વભાવ જે જાણક સ્વભાવ ત્રિકાળ, તેની સાથે જાણક સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ છે. એમાં એકાગ્ર થઈને આનંદનો સ્વાદ લેતો '**દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' છે. આહાહા..! '**(અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ),...**' જુઓ! ત્રણ મૂક્યું. વર્ણ, ગંધ, સ્પર્શનું પણ લક્ષ નથી. એનો સ્વાદ લેવાને અસમર્થ છે. રાગાદિનો સ્વાદ લેવાને અસમર્થ છે. એ ખંડ ખંડ જ્ઞાન તરફનું લક્ષ નથી એટલે એનો સ્વાદ લેવાને પણ અસમર્થ છે. આહાહા..! વસ્તુ પરમ સ્વભાવભાવ ભગવાન આત્મા. અહીં તો ક્ષયોપશમ ભાવનો સ્વાદ ક્ષાયોપશમિકના જ્ઞાનના ભેદ ભેદ આ મતિ અને આ શ્રુત એવો ભેદ છે ને? અને હવે એ આવવાનું છે ને.

મુમુક્ષુ :- એ જ આવવાનું છે.

ઉત્તર :- હા. એ ઉપરથી એનો ઉપોદ્‌ઘાત થાય છે. સમજાણું કાંઈ?

રાગનો સ્વાદ લેવાને અસમર્થ છે. ભગવાનનો સ્વભાવ આત્માનો જ એવો નથી. સમજાણું? ચક્રવર્તીનો ખોરાક એવો હોય કે જેનો એક કોળિયો છન્નું કરોડ પાયદળ ન પચવી શકે. એવો એનો ખોરાક હોય. એ રોટલા-રોટલી ન ખાય. એનો સ્વાદ જ એવી જાતનો હોય છે ઊંચો. વાસુદેવના સિંહ કેસરીયા લાડુ હોય છે. સાંભળ્યા છે ને? વાસુદેવ. ચક્રવર્તીનો એવો ખોરાક એ તો વળી બહુ ઊંચી. સિંહ કેસરીયા લાડુ. એ જ પચવી શકે. એને બીજા સૂકા રોટલા અને દાળ, ભાતના ... એને ન હોય.

મુમુક્ષુ :- ચુરમાના લાડવા ન હોય?

ઉત્તર :- ના. ના. આ તો બધા સૂકા ખડ જેવા ચુરમાના લાડવા એને લાગે. ઉત્તમ પુરુષો છે.

એમ ભગવાન આત્મા ઉત્તમ સ્વરૂપી પદ છે. એનો સ્વાદ તો જ્ઞાન અને આનંદનો એ સ્વાદ છે. સમજાય છે? એ સ્વાદના સ્વાદ આગળ ભગવાન આત્માના આનંદમાં એકાગ્ર થઈને જે સ્વાદ આત્માનો આવે એની આગળ એ આત્મા '**દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ**

**છે...**' એમાં યોગ્યતા રહેતી નથી. રંગ, ગંધનો સ્વાદ, રાગનો સ્વાદ કે ભેદજ્ઞાનના ભેદથી પડતો વિકલ્પ એનો ભેદ, એનો સ્વાદ લેવાને અભેદમાં એકાકાર થયેલો અલાયક છે. આવી વાત છે. આ સમ્યગ્દષ્ટિથી માંડીને વાત ચાલે છે આ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દેહના દેવળમાં બિરાજતું ભિન્ન તત્ત્વ છે. એવો આનંદ અને જ્ઞાનસ્વભાવી નિત્ય પ્રભુ એ પોતાના સ્વભાવમાં એકાગ્ર થઈને સ્વાદ લેતો એવો આત્મા, તેને દ્વંદ્વમય સ્વાદ લેવાને એ આત્મા અલાયક-અયોગ્ય છે. સ્વભાવના સ્વાદને લેવાને પાત્ર છે. મારગ એવા છે, બાપા! સમજાણું કાંઈ? વાતું બધી આકરી લાગે માણસને. આ શું છે?

ભાઈ! આ નિર્જરાની વ્યાખ્યા ચાલે છે. એને અશુદ્ધતા ટળે છે, કર્મ ગળે છે અને પવિત્રતાની વૃદ્ધિની દશા પ્રગટ થાય છે. એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! બહારમાં ધમાધમમાં મીઠાશ આવી જાય. આ મીઠાશ... શિખર ઉપર આમ ચડે તો લોકો કેવા બોલતા હોય. ચલો ભાઈ.. ક્યાં જાતા હોય જાણે. રસ આવે, ભગવાનને ભાળવા જાય, માથે જોવા. ભાઈ! એ વિકલ્પ હોય છે. હો. પણ જ્ઞાની એના સ્વાદ લેવાને અસમર્થ છે. આહાહા..! બહુ વાતું, ભાઈ! જગતને વીતરાગમાર્ગ સાંભળ્યો ગયો નથી. સાંભળ્યો જાય એવો નહિ. અરર..! આવું? આ તો એકાંત થઈ જાય છે.. એકાંત. રાડ નાખે. સમજાણું કાંઈ? મહાપ્રભુ ચૈતન્ય બિરાજે છે ને, કહે છે. એ મહાપ્રભુના સ્વાદ લે. એ ચૈતન્યનો એકાગ્ર સ્વાદ લે. એ જ નિર્જરા છે. અને એ સ્વાદ લેવાને યોગ્ય છે. એ દ્વંદ્વ સ્વાદ લેવાને અલાયક છે. અસ્તિ-નાસ્તિ કરી. સમજાય છે?

જુઓને! '**મહા સ્વાદને લેતો દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' અસ્તિ-નાસ્તિ કરી, ભાઈ! સમજાય છે કાંઈ આમાં? આહાહા..! એ છન્નું હજાર ચક્રવર્તીની રાણી પદમણિ જેવી. એના વખતના ભોગનો વિકલ્પ એને આમ ઝેર લાગે છે.. ઝેર લાગે છે. આપદા લાગે છે. સમજાણું કાંઈ? અરેરે..! આ તો અપદ આપદા છે. આહાહા..! દુનિયા એને કહે કે આ સુખી છે. બાબુભાઈ! અબજોના મોટા બંગલા હોય. રાણી.. વચમાં એનો હોલ હોય. ચારેય બાજુના ઓલા હોય. બારણા ઉઘાડે ત્યાં અંદર.. દેવતાઈ મહેલ પાંચ. એનું શરીર એવું, રાણીનું એવું. મહા પદમણિ. જેને શરીરમાંથી સુગંધ નીકળે અને ભમરા ફરે જેના શરીરમાં. એ તરફનો આમ વિકલ્પ ઉઠે છે એને. આપદા છે, આપદા છે. મારા આનંદના સ્વાદની પાસે આ બધી આપદા છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય અમૃતના ઓડકાર સ્વાદ લીધા. 'ચાખ્યો રસ .. દુરિજન ચોરી.' એ દેવતાના ટોળા ઉતરે પણ એ આનંદનો સ્વાદ જોયો એ સ્વાદ ક્યાંય બીજે નથી. કોણ એને લલચાવી શકે? આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર અનાકુળ શાંતરસનો કંદ વજ્ર બિંબ પ્રભુ, એના સ્વાદ આગળ ધર્મી એના સ્વાદ લેવાને સમર્થ છે. સ્વાદને લેતો એનો અર્થ કે એના માટે સમર્થ છે. '**દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ છે...**' અસ્તિ-નાસ્તિ કરી નાખી. આહાહા..! જ્ઞાતા તરીકે રાગ જાણે ભલે પણ એને પોતામાં ખતવીને સ્વાદ લેવાને જ્ઞાની અસમર્થ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

જેને દૂધપાકના સ્વાદ આવ્યા, એને એ જુવારની ફોતરી લાલ ફોતરી કસ વિનાના રોટલાનો સ્વાદ લેવાને અસમર્થ છે. જુઓને! ઓલો મરી ગયો. દીકરો મરી ગયો તો લાડવા ખાધા. ...ચંદભાઈ! સાંભળ્યું છે કે નહિ તમારા ગામમાં એ? અપાસરા પાસે હતા, વસા.. વસા. વિશાશ્રીમાળી વસા. અપાસરા પાસે નહિ? ઓલી કોર ઘર છે. લાડવા ખાધા ચુરમાના. છોકરો મરી ગયો તોપણ ચુરમું. પણ એ ચુરમું અને રોટલો અને રોટલી બધા સરખા એને તો.

અહીં કહે છે કે જેને આત્માના આનંદનો સ્વાદ સમ્યગ્દર્શનમાં આવ્યો, એકાગ્ર થઈને આનંદ આત્માના રસને ચાખ્યો અને વેદ્યો, એની પાછળ આ રાગ ને વર્ણ-ગંધ ને રૂપાળા શરીર ને લાડવા અને પદમણિ જેવી સ્ત્રીઓ અને ઈન્દ્રાણીઓ. સમજાય છે? એના તરફનો સ્વાદ અને જ્ઞાનના ભેદનો સ્વાદ. જ્યાં અભેદ સ્વભાવના સ્વાદ આગળ એના ભેદ, ભેદ તો વિકલ્પ પડે છે. ભેદ ઉપર લક્ષ જાય તો વિકલ્પ ઉઠે છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ વીતરાગનો પંથ. આ વીતરાગનો માર્ગ. સમજાય છે? વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ બ્રહ્મ આનંદસ્વરૂપ પ્રભુ, એમાં એકાગ્ર થઈને આસ્વાદવા લાયક આગળ દ્વંદ્વમય સ્વાદ લેવાને એ વસ્તુ પર્યાયમાં જ અયોગ્ય છે. કહો, સમજાણું?

'**આત્માના અનુભવના-સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી...**' ભગવાન આત્મા પોતાના નિજઘરમાં જવાથી પોતાના આત્માના અનુભવના સ્વાદના પ્રભાવને આધીન થયો થકો '**નિજ વસ્તુવૃત્તિને...**' નિજ વસ્તુવૃત્તિ. નિજ '**(આત્માની શુદ્ધપરિણતિને)...**' નિજ વસ્તુવૃત્તિ. નિજ-પોતાની વસ્તુ તેની પરિણતિ. આનંદરૂપી પરિણતિ તે તેની પરિણતિ છે. '**જાણતો...**' એ નિજ વસ્તુવૃત્તિને આસ્વાદતો, એ નિજ વસ્તુવૃત્તિને આસ્વાદતો. નિજ ભગવાન આત્મા વસ્તુ. એની વૃત્તિ એટલે આનંદરૂપી પરિણતિ, એને આસ્વાદતો. સમજાય છે કાંઈ? બહુ અલૌકિક વાત છે. જુઓ! આ નિર્જરા આને થાય છે, બાપા! તને ખબર નથી. લ્યો, ત્યારે અમારા અપવાસ કર્યા એ બધા ખોટા? આ વર્ષીતપ કર્યા, આ ... ના અપવાસ કર્યા, મહિનાના ચાર ચાર પોષા કર્યા. ભગવાનભાઈ! એય.. ન્યાલચંદભાઈ! ભારે વાતું પણ આકરી. સાંભળવી એને આમ ઓલી પડી જાય. અર..ર..! આ કર્યું એમાં કાંઈ નહિ? કાંઈ નહિ એમ હોય? રાગનો રસ હતો મિથ્યાત્વનો. નુકસાનનો રસ હતો. આહાહા..!

સમજાણું કાંઈ?

વસ્તુવૃત્તિ. છે ને? **'स्वां वस्तुवृत्तिं विदन्' 'स्वां वस्तुवृत्तिं विदन्'**. પોતાના વસ્તુની પરિણતિને વેદતો. આમ શબ્દ છે. ભગવાન આત્મા નિજ પાડ્યું છે કેમ? વળી બીજા બધા આત્મા એમ નહિ. નિજ. જુઓને, એક નિર્જરાની વ્યાખ્યા કરતાં... કોઈ એમ કહે, બધા આત્મા એક છે એનો સ્વાદ. એમ નહિ. એક જ-નિજ વસ્તુ પોતે તેની વૃત્તિ, પરિણતિ. જુઓ! આ તે.. નિજ ભગવાન આત્મા એની વસ્તુ. જ્ઞાન-આનંદના સ્વભાવથી ભરેલી વસ્તુ, એમાં એકાગ્ર થયેલો એ પોતાના વસ્તુની વૃત્તિ. વૃત્તિ એટલે પરિણતિ, પરિણતિ એટલે પર્યાય. એવા શુદ્ધ પરિણતિને જાણતો અથવા આસ્વાદતો. જાણતો કહે છે.

'**(આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો)...**' આહાહા..! આનંદમાં પડ્યો હોય એ બાહ્ય કેમ આવે? જેના અતીન્દ્રિય આનંદના સ્વાદ, એવી જે આત્મામાં એકાગ્રતા એ આત્માના અદ્વિતીય સ્વાદના અજોડ સ્વાદ. એની સાથે દુનિયામાં કોઈ સ્વાદ છે નહિ. કહો, સમજાણું કાંઈ? સિદ્ધને જે આનંદ છે એ માંહ્યલો આનંદ છે. વિષય છોડવો કે એની વાત નથી અત્યારે. સમજાણું કાંઈ? જુઓ! એને સમ્યગ્દૃષ્ટિ અને એને આસ્વાદનનો ભાવ તેને ધર્મ કહે છે, ભાઈ! આ વાત છે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં?

'**(આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો) આ આત્મા જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો,...**' જ્ઞાનની પ્રગટ અવસ્થા થાય તેના તરફથી લક્ષ છોડતો અને ગૌણ કરતો એનો અર્થ અહીં અભેદમાં એકાકાર થાય છે. આહાહા..! '**સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો,...**' એકલું જ્ઞાનમાત્ર ધ્રુવ તેને અભ્યાસતો એટલે અનુભવતો '**સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે-**' જ્ઞાનની અનેક પર્યાય હોવા છતાં તે અભેદમાં એકાકાર કરે છે. બહુ ઝીણું. આ '**એકરૂપે પ્રાપ્ત કરે છે.**' એનું નામ નિર્જરા અને એનું નામ આનંદ અને એનું નામ મોક્ષનો માર્ગ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૭, શુક્રવાર તા. ૨૮-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૪, શ્લોક-૧૪૦, પ્રવચન-૨૯૦**

૧૪૦ કળશ છે. ૨૦૩ ગાથાની સાથે. એ શ્લોક છે. જુઓને! ફરીને થોડો (લઈએ). આ નિર્જરા અધિકાર છે. નિર્જરા (નામ) આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ એમાં એકાગ્ર થતાં આત્માના આનંદનો સ્વાદ આવે એને અહીંયાં નિર્જરા ગણવામાં આવી છે. શુદ્ધ પરિણતિ અને શુદ્ધ પરિણામ વધ્યા એને નિર્જરા કહે છે. સમજાણું? શુભભાવ એને ભૂમિકા પ્રમાણે હોય પણ એ જ્ઞાન જેના સ્વને સ્પર્શે છે એ વ્યવહારનય જ્ઞાન સ્પર્શતું જ નથી એવી વાત છે. એટલે કોઈને એમ લાગે કે આ તો અમારો વ્યવહાર ઉથાપે છે. ઉથાપવા એટલે જ્ઞાન સ્વરૂપ આત્માને અંદર વેદતા એનો પોતાનો સ્વભાવ છે શુદ્ધ એને વેદે છે. એમાં એ રાગ આવતો જ નથી. વ્યવહાર એમાં હોતો નથી અને એ આત્માનો અનુભવ-સ્વાદ વ્યવહારને સ્પર્શતો જ નથી. તેથી વ્યવહાર નથી એમ નહિ. એટલે કે એને યોગ્ય હોય છે. પણ સ્વભાવનો અનુભવ તેને અડતો નથી-સ્પર્શતો નથી. સમજાણું કાંઈ? એટલે એ વ્યવહાર, સ્વભાવના વેદનમાં નથી. એ અપેક્ષાએ વ્યવહારને ઉથાપ્યો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- હયાતી ધરાવે છે.

ઉત્તર :- હયાતી ધરાવે છે. વસ્તુ નથી? આ વાંધા એ છે ને સૌને બધાને કે આ વ્યવહાર આવો હોય તો એ કરે તો એને નિશ્ચય થાય. અને નિશ્ચય કરે એને આવો વ્યવહાર કરવો જોઈએ. કરવો જોઈએ. એમ નથી. વાતમાં એ ફેર. સમજાણું કાંઈ?

એક જ્ઞાયકભાવથી ભરેલો ભગવાન આત્મા, જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનંત મહાન પડ્યો છે. જેમ જ્ઞાનશક્તિ આત્માની અનંત છે અને કેવળજ્ઞાન થાય છે એવી કેવળજ્ઞાન દશાઓ પણ જ્ઞાનગુણમાં અનંત છે. સમજાય છે કાંઈ? એ જે કેવળજ્ઞાન થાય છે પરિપૂર્ણ દશા, એ દશાઓ જે સાદિઅનંત પ્રગટ થાય છે એ બધી જ્ઞાનગુણમાં પડી છે શક્તિ. એમ અનંત જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ જે કેવળીને પ્રગટે છે, એવો અતીન્દ્રિય આનંદ એક સમયનો એવો બીજાનો એવો સાદિઅનંત, એટલી અનંતી અનંતગુણી પર્યાય ભૂતકાળ કરતાં પણ અનંતગુણો આનંદના પર્યાયનો જે ભાવ, એ બધો આનંદ સ્વભાવ શક્તિમાં એ સ્વરૂપમાં પડ્યો છે. એવું મોટું તત્ત્વ જ્ઞાયકભાવ.

જુઓ! જ્ઞાયકથી ભરેલો. એનો અર્થ કે જ્ઞાનથી ભરેલો. ભાવ છે એમ લીધું છે ને? વસ્તુ છે તે જ્ઞાયકથી ભરેલી અથવા આનંદસ્વભાવથી ભરેલી. એવા મહાસ્વાદને લેતો. મહાસ્વાદને

લેતો. મહાસ્વાદ છે ને? મૂળ પાઠમાં છે. સમજાય છે? જગતના રાગાદિનો સ્વાદ, પુણ્ય-પાપના વિકલ્પ, વિષય વાસના, રાગાદિ ભાવ એ તો ક્લિષ્ટ સ્વાદ છે, દુઃખરૂપ સ્વાદ છે. સમજાણું? કડવો સ્વાદ છે. વિકલ્પો છે ને વ્યવહારના, એનો સ્વાદ કડવો સ્વાદ છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું દળ પિંડ પ્રભુ આત્મા છે. એની અંતર દૃષ્ટિ થઈને જ્યાં જ્ઞાયકનો સ્વાદ આવ્યો તો એ મહાસ્વાદને લેતો. '**(એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી માટે)...**' એમ વાત છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આમાં પેલા વ્યવહારની વાત આવતી નથી એટલે લોકોને એમ થઈ જાય કે.. એ વચ્ચે હોય છે વિકલ્પો. પણ એ આશ્રય કરવા લાયક નથી, તેમ વેદવા લાયક નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે કે '**જ્ઞાનમાં દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' છે. જુઓ! એ જ આવ્યું ને? સામે એ જ આવ્યું. વસ્તુ... આ તો ધર્મની વાત છે. અપૂર્વ ધર્મ, અપૂર્વ શાંતિ, અપૂર્વ વેદન, અપૂર્વ નિર્જરા. અકામ નિર્જરા આદિ તો અનંત વાર થઈ. સમજાણું? અહીં તો ક્ષણે ક્ષણે શુદ્ધતાના સ્વભાવમાં શુદ્ધ પ્રભુ આત્મા પૂર્ણ પવિત્ર, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન એવું જેનું હોવાપણું છે. એની અંતરમાં એકાગ્રતાથી તે મહા શાંત અનાકુળ ઉપશમરસના સ્વાદને લેતો જીવ દ્વંદ્વમય સ્વાદને લેવા અશક્ય છે. અહીં તો એમ આવ્યું. વ્યવહારના સ્વાદને લેવા અશક્ય છે એમ કહે છે અહીં તો. આહાહા..! બહુ માણસને લાગે આકરી. ભાઈ! એ તત્ત્વ જ એવું છે. બીજું ભલે ગમે તેટલું ઓછું-વત્તું જાણપણું હોય... સમજાણું કાંઈ? પણ આ આત્માના વેદનની દશા આગળ બીજી જાણપણાની, બીજી વાતની કાંઈ કિંમત જ નથી. પોપટભાઈ! આત્મજ્ઞાનના સ્વાદ વિના અગિયાર અંગનું જ્ઞાન, રાગની મંદતાના વ્રતાદિના પરિણામ... સમજાય છે? વ્યવહારુ શ્રદ્ધા એની કાંઈ કિંમત જ નથી. મહેન્દ્રભાઈ! તમારે ત્યાં પ્રકાશ કરવું છે ને મોક્ષમાર્ગનું?

અરે..! એણે પોતાની સ્વરૂપની કિંમત ન કરી. સમજાય છે? લોકો હીરા માણેકની કિંમત કરવા જાય છે ત્યાં ઊંચી ચીજ આમ ને તેમ ને. એય.. મહેન્દ્રભાઈ! મહેન્દ્રભાઈ બેઠા હતા એક ફેરી. હેઠે નહિ ઓલા? શું કહેવાય તમારા? પન્ના. એ કહેતા હતા કે જરી આટલો હોય એને આમ ઘસવા જાય, લાખનું હોય તો પચ્ચીસ હજારનું થઈ જાય. ગોદિકા બેઠા હતા અને ઈ બેઠા હતા. ઈ આ બેય બેઠા હતા. બેય ભાઈબંધો હતા. ત્યાં નહિ? ગોદિકાના મકાનમાં ઉપર. હમણાં પાછળથી ચાર દિ' છેલ્લા રહ્યા હતા ને. આમ થાય તો આમ થાય, આમ થાય તો આમ થાય. આટલો હોય ત્યાં અમે કહીએ, અમે કારીગરને કહીએ. એને ખબર હોય કે આટલું ઘસવાનું જરીક એટલું. બસ. એનો વળ હોય ને. વળ એવો હોય

છે ને એમાં પણ વળ હોય છે એવા.

મુમુક્ષુ :- સ્કંધો જુદા જુદા.

ઉત્તર :- સ્કંધો જુદા જુદા અને વળ હોય છે. એટલે એમાં પણ જ્યાં આમ કરવા જાય તો ઓલું નીકળે ફટ દઈને. શેઠી! તમારા ચિરંજીવી તે દિ' કહેતા હતા ત્યાં. લાખની કિંમતના પચ્ચીસ હજાર થઈ ગયા. આવું હોય. ઊંચી ચીજ. એમાં પણ આવી જ્યાં ચીજને... આ તો મહારતન ભગવાન. આહાહા..! એ તો જેમાં નજરું જેને પોગે એને ખબર પડે. આપણને તો અહીં પથરા જેવું લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને હીરા-માણેકની વાતમાં...

મુમુક્ષુ :- સિદ્ધાંત તો બધે લાગુ પડે.

ઉત્તર :- એ તો પછી એમ કે, આપણને એમાં કાંઈ ખબર ન પડે. અંદરની વાત હોય તો ઠીક. પણ આ તો લ્યો, આવો કટકો છે ને ફલાણું છે ને ઢીંકણું છે. હશે, કીધું. તમે કહો એમ અમે માનીએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ ચોસલું જુદું છે. એમ રાગનો વળ જ જુદો છે. ચૈતન્યના અંતર સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલો વિકલ્પ વ્યવહાર છે જ નહિ. વસ્તુ આખી પિંડ અરૂપી પણ ઘન પડ્યો છે ને આખો. સમજાણું કાંઈ?

અરે..! પોતાને પોતાની કિંમત કરતા ન આવડી. જુઓને! બીજાની કિંમતું કરવા ગયો. લાદીમાં એવું કરતા હશે કે નહિ? આમ નાખે, ભુકો નાખે, ધૂળ નાખે. .. નાખે. ઝીણી રેતી નાખે તો આ થાય. કંઈક જાતની લાદીયું આવે છે ને. એ જોઈ છે તમારી હોં! જામનગરમાં. જામનગરમાં નહિ? બહાર એક છે. મોટો વેપારી છે લાદીનો. બહાર છે. બહુ જાતની રાખે આમ દેખાવ. ત્યાં ઉતર્યા હતા. એમાં બધા પાવરધા. એ વાતું કરવા બેસે તો જાણે...! આપણને તો કાંઈ ખબર પડે નહિ એવી વાતું. આમ કરે તો આમ થાય. આમ કરે તો આમ થાય. ભગવાન! તું કેવડો? તારે કેમ કરતા તને આનંદ આવે એ કાંઈ ખબર છે? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, આ બે લીટીમાં કેટલું ભર્યું છે! એક જ્ઞાયકભાવ. જ્ઞાયકભાવ જુઓ! ભાવ પાછો, હોં! વસ્તુ છે એ વસ્તુ છે અને એનો જ્ઞાયક સ્વભાવ. આહાહા..! વસ્તુ છે આત્મા. સમજાણું? કાલે પેલા છોકરાને કહ્યું હતું. આ દૂધપાક ચોંટ્યો હોય કડાઈએ. ઉખડીને કેવો સ્વાદ આવતો હશે?

મુમુક્ષુ :- ઈ ખબર ન હોય.

ઉત્તર :- એની ખબર ન હોય. દૂધપાક ક્યાં એવા જોયા છે અત્યારે? દૂધપાક ખાઈ લીધો હોય ને પછી કડાઈએ ચોંટ્યો હોય ને? દૂધપાક-દૂધપાક હોય ને. પછી ઉખેડીને ચોંટ્યો હોય. પહેલા તો દૂધપાક સોંઘો હતો ને. પૈસાના શેર ગાયનું દૂધ હતું. એક પૈસાનું શેર. પહેલા તો એવું હતું. કણબીમાં અમારે ઘર જોડે ખરા ને. એટલે મહેમાન આવે ને દૂધ લેવા જાય તો પૈસા-બૈસા લે નહિ. એક ... ભરી દે. એક પૈસામાં. ભેંસનું શેર (દૂધ). એનો જે... શું કહેવાય? દૂધપાક. એ પાછો કડાઈએ ચોંટ્યો હોય. તાવેથે ઉખેડીને ખાય. એમ કીધું, ભાઈ! આત્મામાં આનંદ ચોંટ્યો છે. ઓલા છોકરા આવે ને સવારમાં જરી એને બિચારાને ક્યાં.. શેના રોવો છો? કેટલાક રોવે. સાંજે દૂધ ન આપે ને કઢી આપે તો કંટાળો કરે. કાંઈક ઓછું થાય છે. અરે..! શું છે પણ? અહીં રાડ નાખે બિચારા.

મુમુક્ષુ :- બીજું કોણ સાંભળે?

ઉત્તર :- એક છોકરો તો એવો ટાઢો છે તો હળવે હળવે કહે. હળવે હળવે. સાંજે દૂધ આપતા. પછી ... હળવે. હળવે. કેટલાક ભાંગી જાય છે.

અહીંયાં આ તો દૂધપાક પડ્યો છે એને ખાવને. એનું શું કામ છે તમારે? ત્યારે શું દુનિયાને કહેવા જઈએ? આ કહીએ, લે. આહાહા..! વસ્તુ છે કે નહિ? આત્મા વસ્તુ છે કે નહિ? છે કે નહિ? છે કડાયું મોટું એમાં... ઈ ચીજ અને ઈ ચીજ જુદી છે. આ કડાઈ અને દૂધપાક. આ તો એ વસ્તુ છે અને એમાં અતીન્દ્રિય આનંદ આમ ચોંટેલો અનંત સ્વભાવથી ભરેલો આખું દળ પડ્યું છે. સમજાણું કાંઈ? એને સ્વાદ લેતો. આહાહા..! જુઓ! આ નિર્જરા. નિર્જરા કોઈ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રતના પરિણામથી કાંઈ નિર્જરા-બિર્જરા થાતી નથી. એ તો બંધ છે. બંધના ભાવ. અબંધસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપ આત્મા અબંધસ્વરૂપ છે. આહાહા..!

અબંધ સ્વભાવનો ભરેલો અબંધ સ્વભાવ ભરેલો એટલે જ્ઞાયકભાવ અબંધસ્વભાવ આનંદભાવ એ બધો. એવું જે છે એને એકાગ્ર થઈને સ્વાદ લેતો. દ્વંદ્વમય સ્વાદને લેવાતો અયોગ્ય થઈ ગયો. આહાહા..! ધ્યાનમાં જ્યારે લીનતા જામી છે એ વખતની વિશેષ વાત છે. માટે સદાય પણ સ્વભાવની સામાન્ય તરફની એકાગ્રતા હોય છે. સમજાય છે કાંઈ? કહે છે, વર્ણ, રંગ, ગંધનો પણ સ્વાદ ક્યાં છે? અમથોય અજ્ઞાનીને ક્યાં છે? આ શરીરના પૂતળાની આ ચામડી આવી રૂપાળી ને કાળી-ધોળી ને આમ પુષ્ટિ. એ બધું જડ છે. આનો સ્વાદ અજ્ઞાનીને નથી કે જ્ઞાનીને નથી. આ તો માટી છે. એનો સ્વાદ છે? એનો સ્વાદ તો રસનો સ્વાદ છે. એ રસનો સ્વાદ તો જડ રૂપી છે. રૂપીનો સ્વાદ અહીં આવે?

આ શરીરમાં, દાળ, ભાતમાં, સાકરમાં જે રસ છે એ તો રૂપી જડ રસ છે. એનો રસગુણ છે ને? એના મીઠા સ્વાદની પર્યાય એ તો જડ રૂપી છે, મૂર્ત છે. ભગવાન આત્મા અરૂપી છે. એના મીઠાનો સ્વાદ અહીં ક્યાં આવે છે? અડતો પણ નથી. અડ્યો પણ નથી કોઈ દિ'. આહાહા..! અંધારા માન્યા છે ને. ભગવાનની સામું આંખ બંધ કરીને અને આમ એને જોવા ગયો. જોવા ગયો છે. જોવા ગયો ત્યાં ટગ ટગ ટગ જોઈને રાગ ને દ્વેષ કરે છે, બસ. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! આ નિર્જરા.

ભગવાન આત્મા શુદ્ધ આનંદને લેતો, અસમર્થ છે દ્વંદ્વ (સ્વાદને) લેવા માટે. '**આત્માના અનુભવના-સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી...**' ભગવાન આત્મા પોતાની નિજ વસ્તુવૃત્તિ કીધી છે ને? '**નિજ વસ્તુવૃત્તિ...**' આહાહા..! ભાષા જુઓ. નિજ વસ્તુ પરિણતિ. સમજાણું? ભગવાન આત્મા જ્ઞાયક અને આનંદ એ વસ્તુ, એની વૃત્તિ. વૃત્તિ એટલે એની પરિણતિ. રાગાદિ કાંઈ એની પરિણતિ નથી. સમજાણું કાંઈ? એવી વૃત્તિને જાણતો એટલે આસ્વાદતો. આહાહા..!

'**(આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો) આ આત્મા જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો,...**' જ્ઞાનની પર્યાયો અને એ ભેદો જે પ્રગટ થાય તેના ઉપર લક્ષ નહિ કરતો. અંતર સામાન્ય આનંદ ઉપર લક્ષ કરીને અનુભવતો. '**સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો,...**' એકલું જ્ઞાન, એકરૂપ ધ્રુવ સ્વરૂપ... ધ્રુવ સ્વરૂપ.. ધ્રુવ સ્વરૂપ... નિત્ય સ્વરૂપ.. અસલી વસ્તુ એને અભ્યાસતો. અભ્યાસતો એ પર્યાય છે. '**સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે-**' જેટલા પ્રકારો ભેદના શુદ્ધિના ઉત્પન્ન થાય એ બધાને અંદરમાં અભેદપણે પ્રગટ કરે છે. અભેદપણે લાવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ૨૦૪ ગાથાનો ઉપોદ્‌ઘાત છે ને આ. '**એકરૂપે પ્રાપ્ત કરે છે.**' વસ્તુ જ્ઞાનસ્વભાવ આનંદસ્વભાવ એની એકાગ્રતાથી અનેક અંશે પ્રગટ થાય છતાં તે અભેદમાં ભળી જાય છે. તેનો ભેદ રહેતો નથી.

'**ભાવાર્થ :- આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ...**' આ પ્રત્યક્ષ એવો ભગવાન. એક સ્વરૂપજ્ઞાનનો રસીલો સ્વાદ. સ્વરૂપજ્ઞાનનો રસીલો સ્વાદ. જ્ઞાનસ્વરૂપ વસ્તુ શક્તિ, વસ્તુ તત્ત્વ એના રસીલા સ્વાદ આગળ '**અન્ય રસ ફિક્કા છે.**' સમજાણું? ઈન્દ્રના ઈન્દ્રાસનમાં બેઠો, ઈન્દ્રાણીના લક્ષ, એ બધો રસ ફિક્કો છે, ઝેર છે. આહાહા..! .. સ્વાદ આવે છે ને? ૯૭મી ગાથામાં નહિ? ૯૭ ગાથામાં આવે છે. મધુર સ્વાદ, કષાયેલો સ્વાદ એવી ભાષા આવે છે. આચાર્યે તો ઓહોહો..! સાદી સીધી ભાષામાં આત્માને ચીતર્યો છે.

આવો ભગવાન આત્મા, ભાઈ! એ છે. આહાહા..! આ ... ભગવાન રામ. રામ. ભાઈ!

.. દીધો. નાગ્નેશમાં એક ભરવાડ હશે ભરવાડ. એકનો એક જુવાન દીકરો. ..ભાઈ! એકનો એક જુવાન દીકરો મરી ગયો. ગાયું લઈને ગયો હશે જંગલમાં. ઘાસ ચરાવે ને ગીરમાં. કોઈ સર્પ કરડ્યો તો મરી ગયો. આને ખબર નહિ ... જુવાન હતી. એ મા આમ વાળતી હતી ફળિયામાં. એટલે ઓલો આવીને કહે, ફલાણી બા! એમ કાંઈક નામ આવે. જુમા. જુમા બા! ભાઈ! તમારો દીકરો મરી ગયો. કહો, હજી અત્યારે સાંભળ્યું નહોતું, કોઈએ કહ્યું નહોતું. રામ. ભાઈ! એય..! રામ. ભાઈ! અકસ્માત સાંભળે છે. છોકરો ગયો હતો ઢોર લઈને બહાર ચરાવા. ઢોરને ચરાવા. એમાં મરી ગયો. કોઈ સર્પ કરડ્યો કે શું થયું, એ તો બિચારા ભદ્રિક જીવો હોય છે. બા! છોકરો મરી ગયો. તમને ખબર નથી આપી? રામ. ભાઈ! એય..! વાણીયા હોય તો રાડ પાડે. હાય.. હાય.. મારો દીકરો... શું છે પણ? સાંભળને! .. આવે છે, હોં! આહાહા..! જોરદાર તો આ ચાલે છે. અમૃતના સ્વાદના વરસાદની વાત છે. એ ધૂળની શું (વાત)?

**'આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા છે.'** ઝેર જેવા. ફિક્કો કરીને જરી માલ વિનાનો બતાવ્યો છે. આહાહા..! એ વિષયની વાસનાનો રાગ ઝેર.. ઝેર.. દુ:ખરૂપ (છે). સમજાય છે કાંઈ? પાંચ-દસ લાખ મળ્યા એ સારા એવો હરખ આવ્યો, ઝેરનો સ્વાદ છે. શેઠી! આહાહા..! **'વળી સ્વરૂપજ્ઞાનને અનુભવતાં સર્વ ભેદભાવો મટી જાય છે.'** ભગવાન આત્મા પોતાના જ્ઞાનને વેદતા સર્વ ભેદભાવો મટી જાય છે. જ્ઞાનની અવસ્થાઓ અનેક થાય તે લક્ષમાં રહેતી નથી. એકાકાર થાય સ્વભાવ સન્મુખ. ઓહોહો..! સમજાય છે કાંઈ?

**'જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે. જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે ત્યારે જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે, એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.'** સ્વરૂપ સામાન્ય જ્ઞેયરૂપ થાય છે એમ કહે છે. પર્યાયનો ભેદ તે જ્ઞેયરૂપ રહેતું નથી. શું કીધું? અંતરનું જ્ઞાન અંતર પૂર્ણ ઉપર લક્ષ આપતાં એક સામાન્ય જ્ઞાન જ જ્ઞાનની પર્યાયનું જ્ઞેય થાય છે. એનો ભેદ જ્ઞાનમાં જ્ઞેયરૂપે રહેતો નથી. સમજાણું?

**'અહીં પ્રશ્ન થાય છે કે છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે? આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે...'** બે-ચાર ઠેકાણે. **'કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે.'** સમજાણું? ત્રિકાળ જ્ઞાનનો સ્વાદ તો છે નહિ અહીંયાં. સ્વાદ તો પર્યાયનો આવે છે. પણ અહીં કહે છે કે ઓલા પૂર્ણ કેવળજ્ઞાનનો સ્વાદ પર્યાયનો અહીં કઈ રીતે? એમ. સમજાણું કાંઈ? ધ્રુવ જે સ્વરૂપ છે એનો સ્વાદ કહેવો પણ

એ તો પર્યાયનો સ્વાદ છે. ધ્રુવનો સ્વાદ નથી કાંઈ. એમાં કહે છે કે પણ પૂર્ણ કેવળદશાનો સ્વાદ, પૂર્ણ સ્વાદ એનો અહીંયાં નિશ્ચય કેમ આવે? કે એના જ્ઞાનમાં પૂર્ણ અભેદ જોયો છે ને એટલે પૂર્ણ આવું હોય, એવા જ્ઞાનમાં વલણ છે એથી એને સ્વાદ પરોક્ષ રીતે (આવે છે). પ્રત્યક્ષ પૂર્ણ સ્વાદ નથી એનો. આ વસ્તુ આવી પૂર્ણ થાય ત્યારે આવું હોય એમ એને સ્વાદ આવે છે. આહાહા..! કારણ કે આમ હજી વળવું પડે છે. એ વળવું પડે નહિ એવું પૂર્ણ વળવું થઈ જાય ત્યારે જે દશા થાય, એવી હોય એવો એને સ્વાદ આવે છે પરોક્ષ, એમ કહે છે. બહુ ઝીણું. સમજાણું કાંઈ?

**'હવે, કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે એવા અર્થની ગાથા કહે છે :-'** ગાથા-૨૦૪.

**आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।**
**सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।२०४।।**

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.**

**'ટીકા :- આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે...'** જુઓ! ત્યાંથી ઉપાડ્યું. સ્વભાવનું વર્ણવ્યું છે ને. સમજાણું? તેથી શ્રીમદ્દે એમ કહ્યું ને? જુઓને! જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. એ તમને ન આપ્યું. એ ખૂણામાં છે. દેખાય નહિ. ... જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી. અદ્ધરથી થોડું થોડું, હોં! આંકડા આંકડા છે ને જુઓ. જીવ એક ... ન દેખાય. એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. એમ અહીં વર્ણવે છે. જુઓ આમાં.

**'આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે...'** એમ વર્ણવે છે પહેલું, જુઓ! સમજાણું કાંઈ? વસ્તુ આમ આત્મા તે પરમ પદાર્થ, પરમ પદાર્થ, પરમાર્થ પદાર્થ છે. પરમાર્થ એટલે પરમ પદાર્થ. **'અને તે (આત્મા) જ્ઞાન છે;...'** હવે જુઓ! કેવી વાત વર્ણવે છે. ભગવાન આત્મા પરમ પદાર્થ છે. મહાપદાર્થ, ઉત્કૃષ્ટ પદાર્થ, સર્વોત્કૃષ્ટ પદાર્થ, પરમ પદાર્થ. **'અને તે (આત્મા) જ્ઞાન છે;...'** હવે જુઓ એ. એ તો આત્મા થયો અખંડ પણ સ્વભાવ શું? જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન. સમજાણું? **'અને તે જ્ઞાન છે;...'** વસ્તુ હોય એક પણ એનો કાંઈક સ્વભાવ હોય ને? એ તો વસ્તુ થઈ. વસ્તુ સ્વભાવવાન. તો સ્વભાવ શું? પરમાણુ એક. ત્યારે એનો વર્ણ, ગંધ એક સ્વભાવ છે. સ્વભાવ એનો. સમજાણું કાંઈ? એમ આત્મા વસ્તુ છે એક પરમ પદાર્થ. અને તે આત્મા જ્ઞાન છે. હજી એટલી વાત કરે છે. એક પછી લેશે.

સમજાણું? જુઓ! એ જ ભાષા ભાઈ આ છે ને. જીવદ્રવ્ય એક અખંડ, જુઓ! જીવ જ્ઞાન અખંડ જીવ, જ્ઞાન અખંડ, જીવ એક, જ્ઞાન એક. સમજાણું કાંઈ? પહેલું હજી એ લેવું છે. પછી બેય ઉપર લગાડશે. બહુ સિદ્ધાંત છે ઘણો જ. સ્વ સિદ્ધાંતને સિદ્ધ કરવાનો ન્યાય અલૌકિક ન્યાય!

ભગવાન આત્મા ખરેખર પરમાર્થ પરમ પદાર્થ છે. અને તે જ્ઞાન છે. જેમ સાકર એક વસ્તુ છે તો તે ગળપણ છે. એમ. ગળપણ છે. હવે પછી એક સિદ્ધ કરશે. આત્મા પરમ પદાર્થ છે. આ તો ધૂળ. કોણ એની એને ખબર નથી ચીજ. આ તો એનો જાણનાર ભગવાન પરમ પદાર્થ વસ્તુ છે. એ જ્ઞાન છે. ભગવાન આત્મા પરમ વસ્તુ છે તો તેનું જ્ઞાન, તેની પરમ વસ્તુ છે, એનો પરમ સ્વભાવ છે.

**'વળી આત્મા એક જ પદાર્થ છે;...'** જોયું! એક જ એટલે આ એક હોં! એમ. બધા થઈને એક નહિ. આમાં જરી મૂંઝાય છે ને કેટલાક વાંચીને. આ બધું એક કહ્યું છે, સર્વવ્યાપક છે. ધૂળેય નથી, સાંભળને. તને ખબર નથી. આવો પદાર્થ મહાન એકમાં કેવળજ્ઞાન લઈને પડ્યો છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની શક્તિવાળું તત્ત્વ તું એક જ આખો છો. સમજાણું કાંઈ?

**'આત્મા એક જ પદાર્થ છે;...'** ત્રીજો બોલ લીધો. પહેલો એમ કે **'આત્મા ખરેખર...'** નિશ્ચયથી, સત્યથી **'(પરમ પદાર્થ) છે...'** સત્ જેનું પરમ પદાર્થ છે. **'અને તે જ્ઞાન છે;...'** વસ્તુ છે તે જ્ઞાન છે. **'આત્મા એક જ પદાર્થ છે;...'** આહાહા..! ભગવાન આત્મા એક જ પદાર્થ છે. **'તેથી જ્ઞાન પણ એક જ પદ છે.'** જ્ઞાનનું એક રૂપ જ સ્વભાવ છે એમ કહે છે. વસ્તુ એક છે તો જ્ઞાન પણ એકરૂપ જ સ્વભાવ છે. વસ્તુ એક છે, વસ્તુ પરમ છે, એનું જ્ઞાન સ્વરૂપ છે, વસ્તુ એક છે તો જ્ઞાન એક છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું જેનું હોવાપણું વસ્તુ છે.

**'જે આ જ્ઞાન નામનું એક પદ છે...'** જ્ઞાનથી વર્ણવવું છે ને? સ્વભાવથી વર્ણવવું છે ને? એ જ્ઞાન નામનું પદ સ્વભાવ છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન.. એવો જે સ્વભાવ પદ છે **'તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** ઠીક! એ જ્ઞાન નામનું એક પદ છે. તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે. એટલે જ્ઞાનસ્વરૂપ જે છે તેમાં એકાગ્ર થવું એ પણ એકરૂપ જ્ઞાન પ્રગટ થાય એ મોક્ષનો ઉપાય છે. વસ્તુ એકરૂપ છે. હવે એમાં એકરૂપની એકાગ્રતા થવી, એ એકાગ્રતા એકરૂપ થવી એ મોક્ષનો ઉપાય છે. એમ કહેવું છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ સિદ્ધ કરવા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય**

**છે.**' એ જ્ઞાનસ્વરૂપ જે વસ્તુ છે એ પરમાર્થ મોક્ષસ્વરૂપ છે. મોક્ષ ઉપાય છે. એનો અર્થ કે એકરૂપ આત્મા છે, એકરૂપ જ્ઞાન છે એની એકતાનું એકરૂપપણું પ્રગટ થાય એ મોક્ષનો ઉપાય છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા પરમ પદાર્થ. એ તો જ્ઞાન છે. એટલું. આત્મા એક છે. જ્ઞાન એક પદ છે, એક સ્વરૂપ છે એમ કહે છે. એક ભાવ. એકરૂપ પદ છે, એકરૂપ ... એકરૂપ ભાવ છે. હવે? એ એકરૂપ દ્રવ્ય અને એકરૂપ જ્ઞાન, એનો અંતર સ્વીકાર કરતાં, આ એકરૂપ છે અને આ એક છે, એનો અંતર સ્વીકાર કરતા જે એકરૂપ દશા, અભેદ દશા જે પ્રગટે છે એ એક જ મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

એક વાત એવી આવી હતી ત્યાં. સિદ્ધ ભગવાન એમ માને છે કે સંવર-નિર્જરા વડે મોક્ષ થાય. એમ આવે છે ને ભાઈ? મોક્ષમાર્ગમાં. એમ કે નીચે છે એ સંવર-નિર્જરાથી મોક્ષ થાય છે એમ માને છે. એ કહે કે મને મોક્ષ સંવર-નિર્જરાથી થયો. એમ જ્ઞાન કામ કરે છે. માને છે એનો અર્થ ઈ. સમજાય છે? સિદ્ધમાં નવ તત્ત્વ કરવા છે ને સાત તત્ત્વની શ્રદ્ધા. તત્ત્વાર્થશ્રદ્ધાન સિદ્ધ કરવું છે ને. તત્વાર્થશ્રદ્ધાન. ઘણું વર્ણન કર્યું છે ને એમાં તો. આ એક જ કેમ કહ્યું? સ્વપરમાં, સ્વના જ્ઞાનમાં કો'કને ભ્રમ ઉપજે. પણ તત્ત્વાર્થશ્રદ્ધાનમાં એવું છે કે બધું, સ્વ, પર, સાતેય બધું આવે છે એમાં. માટે એ લક્ષણમાં એ જાતનો કોઈને ભ્રમ ન થાય માટે. સિદ્ધમાં પણ છે? હા. સિદ્ધમાં શું? એણે શ્રદ્ધામાં એમ માન્યું કે આને શ્રદ્ધામાં એમ હતું કે, મારા સ્વભાવની એકતાના એ સંવર-નિર્જરાના ભાવો દ્વારા મારી મુક્તિ થશે એટલે પૂર્ણ દશા થશે. શુદ્ધ સ્વભાવની એકતા દ્વારા એટલે આ સ્વભાવની એકતા સ્થિરતા દ્વારા પૂર્ણ દશાનું કાર્ય થશે. એવી અહીં શ્રદ્ધા હતી તો અહીં સિદ્ધને શું છે? કે એને એમ જ્ઞાનમાં આવ્યું હતું કે મેં સંવર, નિર્જરા દ્વારા મોક્ષની પર્યાય પ્રગટ કરી છે. સમજાણું? વ્યવહાર અને વિકલ્પ દ્વારા આવી છે એમ નથી, એમ કહે છે અહીં. સિદ્ધ પણ એમ માને છે. મારે તો એ સિદ્ધ કરવું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ બહુ ભાવ ભર્યા છે, હોં! એય.. ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તમારે બાબુભાઈ ને ઈ છે ને. શેઠ અને બે શેઠિયા છે એ. ત્રણ. નેમિચંદભાઈ ત્રણ છે ત્યાં. .. ત્રણ કર્તાહર્તા છે ત્યાં. આવું મોટું બધું કર્યું હોય તો કાંઈક કરવું પડશે ન તમારે? નાની નાની ચોપડીઓ સાતમા અધ્યાયના ટૂકડા મૂક્યા છે. જુઓ! જુઓ! માર્ગ આવો છે. સાતમા અધ્યાયમાં નિશ્ચય-વ્યવહારના વર્ણનમાં ઓહોહો..! ગજબ વાત છે! એને તો .... અક્ષર કરીને, ચોપડી કરી મોટી. મોક્ષમાર્ગની ....

કહે છે, ભગવાન આત્મા... સમજાણું? આત્મા વસ્તુ છે એનો સ્વભાવ પણ એક છે વસ્તુ એક છે, સ્વભાવ એક છે. એકમાં એકાગ્ર થતાં એક ઉપર જ જેની દૃષ્ટિ છે. એથી એકતામાં જેટલા પર્યાયો ભેદરૂપ થાય પણ બધા એકપણાને પામે છે. એકપણાની અભેદતા થાય એ મોક્ષનો ઉપાય છે. રાગાદિનું કારણ .. વ્યવહાર તો નહિ પણ જ્ઞાનના પર્યાયો સમયે સમયે અનેકરૂપ થાય ભેદ ભેદ .. શુદ્ધ, હોં! છતાં એ અનેકરૂપ ઉપર એનું લક્ષ નથી. જે સ્વરૂપ એકરૂપ છે એમાં અંતર્મુખ એકાગ્રતા છે. એકમાંથી એકરૂપ જ દશા પ્રગટ થાય છે. વસ્તુ એક, સ્વભાવ એક, અવસ્થા .... એકરૂપ. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- અમારે ...

ઉત્તર :- .. એને બેસાડવું પડશે કે નહિ એણે અંદરમાં? એણે પ્રતીતમાં બેસાડવું પડશે કે નહિ? આમ ને એમ અદ્ધરથી એમ નહિ પણ એને ભાવમાં આ વસ્તુ એકરૂપ, એનું જ્ઞાન એકરૂપ, એ તો ... એની અંદરની એકાગ્રતા, બસ! એકમાંથી એકાગ્રતા એકરૂપે જ પ્રગટે છે. અભેદ જ થાય છે. ન્યાયથી પણ એણે વિચારવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? પણ વસ્તુ એવી છે ત્યાં બીજું શું કરે? શું થાય? કોઈ દઈ દે એવું છે ક્યાંયથી? 'તે જિજ્ઞાસુ જીવને થાય સદ્‌ગુરુ બોધ.' પછી એવું આવ્યું ને ત્યાં... હવે એનું થવાનું થાય. આમાં ધ્યાન કેમ ગયું અહીંથી ત્યાં?

મુમુક્ષુ :- .. જાય ને?

ઉત્તર :- હવે શરીર ક્યાં રહ્યું? એને ઠેકાણે પડ્યું છે. ત્યાં સામું જોવું છે શું કરવા તો? એય..! આહાહા..! શરીર છે કે નહિ એ તો અહીં વાતમાં ખબર પડતી નથી. છે કે નહિ? રાગ છે કે નહિ? શરીર નથી. એની તો વાત ચાલે છે આ. શરીર છે કે નહિ? આ છે.. આ છે.. એમ તો ચાલે છે અત્યારે અહીંયાં. આ છે એ તો અહીં છે જ નહિ. સમજાણું કાંઈ? એકરૂપ વસ્તુ છે, એનું જ્ઞાન એકરૂપ છે, તેની એકાગ્રતા એકરૂપથી પ્રગટે છે. આહા..! એમાં આ છે એ આવ્યું ક્યાં? શરીર ક્યાં ને રાગ ક્યાં ને કર્મ ક્યાં? પોપટભાઈ! આહાહા..! આ હીરા સરેણે ચઢે છે.

જુઓને! કેવી વાતું! પાઠમાં ઓલા પાંચ બોલ છે ને? એક જ છે. એમ કહેવું છે. '**आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।**' '**एक्कमेव पदं।**' આ પાઠ. પાંચ છે પણ એ પાંચની એકમ હોય એ પદમ. '**सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।**' એમાંથી કાઢ્યું, લ્યો. એવો પરમાર્થ ભગવાન આત્મા.. અરે..! એના હોવાપણાની અનંત શક્તિવાળો મહાન સ્વભાવ પદાર્થ, એની અંતરમાં પ્રતીત થતાં તે સ્વરૂપ તરફની એકાગ્રતા, એકમાં એકાગ્રતા થતાં જે નિર્મળ દશાઓ પ્રગટી એનો ભેદરૂપે ભાવ રહેતો નથી. કહો, એ

અભેદપણું સ્વરૂપમાં એકાગ્ર થાય, એ અભેદપણાની દશાઓ નિર્મળ થાય એમાં એકપણું જ પદ છે. એમાં બેપણાનું ભેદરૂપ પદ છે નહિ. આહાહા..! સમયસાર... સમજાણું?

'**જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ...**' પદ તો ત્રિકાળ કીધું. '**તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' એ જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે. એનો અર્થ કે જ્ઞાનપદ છે તેની એકાગ્રતા તે જ મોક્ષનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય મોક્ષનો છે નહિ. સમજાણું? '**એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' જુઓ! આમાં તો એક જ મોક્ષમાર્ગ આવ્યો. મોક્ષમાર્ગ એક આવ્યો, બીજો બે આવ્યા નહિ. '**એક પદ છે તે...**' એક પદ છે તે. '**આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' એક જ મોક્ષનો માર્ગ એટલે પરમાર્થપદમાં એકાગ્ર થાય એ એક જ મોક્ષનો માર્ગ. વ્યવહાર મોક્ષમાર્ગ છે અને ફલાણું એ તો બધા નિરૂપણના કથન છે. વસ્તુ બીજી છે નહિ. સમજાણું કાંઈ? માણસને એમ થઈ જાય કે તો આ બધું શું? આ બધા મંદિરો ને આ.. ને આ.. એ ભાઈ એને કાળે હો. એ પણ અસ્તિત્વ-વસ્તુ છે કે નહિ? એ પણ હોવાવાળા તત્ત્વ છે તો એના હોવાવાળાની પર્યાય કાળે એ હોવાવાળા થાશે. એ તારાથી થાય છે? સમજાણું? અને તને પણ તે પ્રકારના એ ભાવનું હોવાપણું પ્રગટે છે એ છે. એ કાંઈ વસ્તુના સ્વરૂપની પરિણતિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અડતી નથી, નિશ્ચય પરિણતિ એ રાગને અડતી નથી. આહાહા..!

અંતર વળેલી દશા બહારને કેમ સ્પર્શે? બે કટકા ભિન્ન પડી ગયા. હવે એને રાગ નથી. અરે..! આ તો વ્યવહાર (ઉડાડે છે). વ્યવહાર ખરેખર તો સ્થપાય છે કે એને હોય, આમાં નથી. અહીં હો. હો તે અહીં હોનું પણ તારે કામ શું છે? તું છે અને ... અનંતા અજીવ છે. તો ભલે હો. કોણે ના પાડી? અહીં જ્ઞાન અનંતુ જ્ઞાન જાણ્યું એવો પોતાનો સ્વભાવ અનંત જાણવાની જે શક્તિ એના ખ્યાલમાં આવી તો એકાગ્રતા આમાં આવી. અનંતનું જ્ઞાન આવ્યું અહીંયાં. હવે આ હોય છે અને આ હોય છે માટે થાય. એ વાતનું અહીં કામ શું છે? કહે છે. સમજાણું કાંઈ? .. ત્યારે આવે. પરમાર્થસ્વરૂપ જ જ્યાં કહેવાય છે એકલો, ભગવાન પરમાર્થ, એનું જ્ઞાન પરમાર્થ, એની એકાગ્રતા એ પરમાર્થ. એમાં એ રાગાદિ હોતું નથી.

'**આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.**' વળી એમાંથી કાઢે કો'ક પાછું. આ સાક્ષાત્ મોક્ષ ઉપાય છે, બીજો પરંપરા મોક્ષનો ઉપાય હશે. પણ એનો અર્થ શું? બીજો એક વિકલ્પ છે. હો, એને કહો વ્યવહાર. એથી શું છે? વિકલ્પ છે ને. નિરપેક્ષનયા મિથ્યા થાય છે. એકલો નિશ્ચયનો મોક્ષમાર્ગ કહો તો એક વ્યવહારનો નય જે છે એની અપેક્ષા

વિનાનો તે મિથ્યા થાય છે. એય..! પણ બીજું છે. છે તો એ તો અનંતા જડ ચૈતન્ય દ્રવ્ય નથી જગતમાં? એ તો છે. તારી વસ્તુ આગળ એ નથી. લે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. .. તો એક શુદ્ધનું અસ્તિત્વનું શ્રદ્ધાનું પરિણમન અને રાગના અભાવરૂપ પરિણમન એને મૈત્રી કહે છે. એ એની મૈત્રી છે. નિશ્ચયથી તો ઈ મૈત્રી છે. રાગ અને આ બે મૈત્રી કેવી? એ તો વિરોધ છે. સ્વજાતમાં મૈત્રી હોય કે પરજાતમાં મૈત્રી હોય? એમ કીધું છે ?. જયચંદ્ર પંડિતે એ લખ્યું છે. જયચંદ્ર પંડિતે એ લખ્યું છે. પણ આપણે અહીં લખ્યું છે. કળશટીકાકાર.. મૈત્રી નહિ ઓલા કળશમાં? છે ને? એ છે. એ ક્રિયા અને જ્ઞાનની મૈત્રી.

મૈત્રી એટલે વસ્તુ અખંડ અભેદ છે એવું જે જ્ઞાન. એ રાગના અભાવરૂપ પરિણમન છે એવી જે ક્રિયા-ચારિત્ર. એની એ મૈત્રી છે. સ્વસ્વભાવ અને પાછો ઓલો રાગનો વ્યવહાર મૈત્રી. એ તો વ્યવહાર મૈત્રી છે એ વ્યવહારનયથી કથન છે. આહાહા..! આમણે કળશકારે એમ કર્યું છે હોં! સમજાણું? એમ કહ્યું. કળશટીકા છે ને? કળશટીકા. મૈત્રી નહિ પાછળ? મૈત્રી આવે છે ને? ૨૬૭ કળશ. જુઓ!

'**ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-पात्रीकृतः**' કળશટીકા છે. '**શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા છે તે સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે,...**' હવે ક્રિયાનય. '**રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત થયા વિના જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે છે તે સમસ્ત જૂઠો છે,...**' એનો અર્થ રાગાદિ પરિણામનો અભાવ અને શુદ્ધ સ્વભાવના અસ્તિના શ્રદ્ધા-જ્ઞાનનો સદ્‌ભાવ. એને જ્ઞાન અને ક્રિયાની મૈત્રી કહેવામાં આવે છે. એવો અર્થ લીધો છે.

મુમુક્ષુ :- એ કયો ..

ઉત્તર :- એ ઠીક છે. પણ મૂળ વસ્તુ આ છે.

'**રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત થાય..**' અહીંયાં અનુભવ થયો કે આમ વળ્યો છે ત્યારે રાગનો અભાવ પરિણમ્યો છે. એમ કહે છે. જ્ઞાન વૈરાગની શક્તિની મૈત્રી એને કહે છે. સમજાણું કાંઈ? પણ કાંઈ બીજું હોય ને. દુશ્મન હોય તો ઠીક પડે છે એને. એ કહ્યું, જુઓને! '**પરસ્પર અત્યંત મિત્રપણું-શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તે રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને છે, રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ શુદ્ધ સ્વરૂપના અનુભવસહિત છે, એવું અત્યંત મિત્રપણું-તેનો પાત્ર થયો છે અર્થાત્ જ્ઞાનનય ક્રિયાનયનું એક સ્થાનક છે.**' વસ્તુ, એના તરફનું જે જ્ઞાન થયું તો આ બાજુના રાગના

અભાવનું પરિણમન થયું. એનું નામ જ્ઞાન-ક્રિયાની મૈત્રી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** એ પર્યાયને અભેદ લઈ લીધી. **'અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી...'** કહે છે કે જે સ્વભાવ એકરૂપમાં એકાગ્ર થતાં જે નિર્મળતાના અંશો મતિ-શ્રુત આદિ પ્રગટ થાય એ ભેદતા નથી. સમુળગો અભિનંદે છે. સ્વભાવ તરફની એકતાને પામે છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમયસારમાં ગાયો છે એ પોતાનો આત્મા ગાયો છે. સમજાણું? આમ ભગવાને કહ્યું છે ને આમ છે એમ નહિ. આત્મા આવો, આત્મા આવો એમ પોકાર ઉઠે છે અંદરથી. સમજાણું? નિજ વૈભવથી કહીશ. ભગવાન આત્મા પરિપૂર્ણ પદાર્થ સ્વભાવ એની એકતા થતાં સ્વસંવેદન જે પ્રગટ્યું એનાથી હું આ સમયસાર કહીશ. ભગવાને કહ્યું માટે આમ છે એમ નહિ. સમજાણું કાંઈ?

(અહીંયાં) કહે છે કે મતિ આદિના ભેદો પ્રગટે ને? હો. તેઓ આ પણ એક, **'આ જ એક પદને અભિનંદે છે (-ટેકો આપે છે).'** વસ્તુમાં એકતાની શુદ્ધતા વધે છે, એકતાને જ ટેકો આપે છે. અનેકતાપણું પ્રાપ્ત થતું નથી, ભેદ પડતો નથી. ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ? **'તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે (-ટેકો આપે છે). તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :- જેવી રીતે આ જગતમાં વાદળાંના પટલથી ઢંકાયેલો સૂર્ય કે જે વાદળાંના વિઘટન અનુસારે પ્રગટપણું પામે છે,...'** ભાષા જુઓ! નિમિત્તથી કથન લીધું. **'આ જગતમાં વાદળાના પટલથી...'** પડળ-પડળ **'ઢંકાયેલો સૂર્ય કે જે વાદળાંના વિઘટન...'** **'છૂટું પડવું તે; વિખરાઈ જવું તે; નાશ.'** **'પ્રગટપણું પામે છે, તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી,...'** નિર્મળ સ્વભાવ પ્રકાશ શુદ્ધ થતો ગયો એમાં અભેદપણું જ પ્રકાશે છે. એમાં કાંઈ ખંડપણું થાતું નથી. અહીંયાં તો દૃષ્ટાંત છે, હોં! નહિતર એમ નથી કે વાદળા ઘટતા જાય એમ ત્યાં ખીલવું છે તો પ્રગટતું જાય. એકાગ્ર થતો જાય છે તેમ પ્રગટતું જાય. ત્યારે ઓલા વાદળા ઘટતા જાય એમ એમાં કહેવામાં આવ્યું છે. સૂર્યનો દાખલો છે. સૂર્ય તો પ્રકાશ આખો પડ્યો છે એમ ને એમ. પર્યાયરૂપે. પર્યાયરૂપે. સમજ્યાને? અહીંયાં તો એકરૂપ દ્રવ્ય, એકરૂપ પદાર્થ, એમાં એકાગ્રતા જે થતી જાય છે એટલું એટલું .. થતું જાય છે. એકાગ્ર થતો તે નિર્મળ પર્યાય એકપણાને પામે છે. સમજાણું?

**'તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા...'** ભાષા જુઓ! એ તો નિમિત્ત છે ને? ઉપાદાનની પર્યાય તારી છે. એમાં લખ્યું છે હોં! આ. વિભાવિક શક્તિમાં આવ્યું

છે. વિભાવિક શક્તિ છે. ઓલા .. છે લખાણ. વિભાવિક શક્તિ છે તો નિમિત્ત સમજ્યાને? નિમિત્ત વિના થાય નહિ એ વાત સાચી છે અને ઉપાદાન વિના થાય નહિ એ વાત સાચી છે. સોનગઢવાળા નિમિત્તની ના પાડે તો એકાંત છે અને ઉપાદાન વિના થાય, જો વિકાર પોતાની શક્તિમાં ન હોય અને પોતાથી .. નિમિત્તથી થાય એ એકાંત છે. એમ લીધું. લીધું ને કે નિમિત્તથી થાય. ઓલાએ એમ સ્થાપ્યું છે ને? કે આ કર્મના નિમિત્તે અશુદ્ધતા પ્રગટી. એમ રતનચંદજીએ નાખ્યું છે. વિભાવિક શક્તિ છે ને એનું પરિણમન એમ નથી .. એ વખતે બંધનના નિમિત્તના લક્ષે પરિણામ પ્રગટ્યા. બસ. આ કહે, એમ નહિ. વિભાવ શક્તિ ઉપાદાન એની છે. એ પોતે નિમિત્તને આધીન થાય. ... નિમિત્ત વિના પણ ન થાય અને ઉપાદાન વિના પણ ન થાય. .. પણ નિમિત્ત ક્યાં નથી? સાંભળને! બેયને ખોટા ઠરાવશે.

ઉપાદાન વિભાવિક નામનો ગુણ છે. અનંત ગુણો માંહ્યલો એક આત્મામાં ગુણ છે. એ ગુણ જીવ અને પુદ્ગલ બેમાં જ હોય. બીજે હોય નહિ. એનું પરિણમન.. લીધું કે એનું પરિણમન નિમિત્તને આધીન થાય છે. વિકાર. નિમિત્તને આધીન પોતે થાય તો (વિકાર થાય), આમ આધીન થાય તો સ્વભાવ પરિણમે છે. પોતાને કારણે છે કે પરને કારણે છે? સમજાણું કાંઈ? ઠીક પણ હવે એ વાતને ચર્ચાવા તો ઘો. આ હતું નહિ. હહળ્યા બધા હવે. ઉપાદાન વિભાવ શક્તિથી થાય તો ઉપાદાનનું સિદ્ધપણું થાય છે. સમજાણું? વિભાવશક્તિ નામનો ગુણ છે એ જ પોતે પર્યાયપણે નિમિત્તાધીન થઈને પરિણમે છે. નિમિત્તાધીન થઈને. નિમિત્ત એને કરાવતો નથી. ઉપાદાન એની પોતાની વાત છે. .. ન ગણો તો સ્વભાવિકપણે શક્તિ થાય. ત્યાં ઓલાએ ના પાડી છે. ઓલાએ કીધું છે. એ તો સ્વભાવિક જોઈએ. ના પાડી છે પંચાધ્યાયીએ. એક જ શક્તિમાં બે રૂપ છે. વિકારરૂપ અને અવિકારરૂપ. વસ્તુ એમ છે ને. માંહોમાંહે આ તો હવે....

અહીં તો કહે છે કે આત્મા પોતાના જ્ઞાનમાં એકાગ્ર થતો જેટલો એકાગ્ર થાય તેટલી પર્યાય નિર્મળ થાય. અભિનંદે એટલે એકતાને અભિનંદે છે. અનેકતા ને ભેદ થતાં નથી. સમજાયું? '**કર્મપટલના ઉદયથી ઢંકાયેલો...**' એટલે નિમિત્તથી વાત છે ને ત્યાં? પોતાના સ્વભાવમાં પરિણમ્યો છે ત્યારે તો પોતાને.. પણ વિકારમાં પરિણમવું છે ત્યાં નિમિત્તને આધીન પરિણમે છે.

'**આત્મા કે જે કર્મના વિઘટન અનુસારે...**' લ્યો! એટલે કે અહીં જેટલી એકાગ્રતા થાય છે એટલું કર્મનું વિઘટન ત્યાં થાય છે. '**પ્રગટપણું પામે છે, તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી...**' નિર્મળતા જે પ્રગટ થતી જાય એમાં એકતાપણું ટળતું નથી. ભગવાન આત્મા એક, ગુણ એક, અવસ્થા એક. બસ! એકપણું

પામે છે. સમજાણું? '**ઊલટા તેને અભિનંદે છે.**' એકતાની પુષ્ટિ થાય છે. આ શાંતિથી, ધીરજથી આગ્રહ છોડીને સમજે તો એને સમજાય એવું છે. આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. સમજાણું કાંઈ?

'**માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.**' લ્યો. માટે જેમાં સમસ્ત ભેદો દૂર થયા છે. જુઓ! રાગ તો ક્યાંય રહી ગયો, નિમિત્ત ક્યાંય રહી ગયું. પોતામાં જે ભેદ પડે છે તેને દૂર થયા છે. '**એવા આત્મસ્વભાવભૂત જ્ઞાન...**' આત્મસ્વભાવભૂત જ્ઞાન. એમ. '**નું જ...**' જુઓ! તો અહીં તો નું જ. એકાંત ઠરાવ્યું.

મુમુક્ષુ :- પર્યાય છે ઈ.

ઉત્તર :- પર્યાયની જ વાત છે આ.

'**જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.**' કહો, સમજાણું? એ તો પર્યાયનું... આલંબન તો ત્રિકાળીનું છે પણ એમાં જ્ઞાનનું જ અવલંબન છે. '**તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...**' આ સિદ્ધાંત. ભગવાન એકરૂપ જ્ઞાનસ્વરૂપ સ્વભાવ પદ, એની એકાગ્રતાથી એ નિજપદની પૂર્ણની પ્રાપ્તિ થાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૮, શનિવાર તા. ૨૯-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૪, શ્લોક-૧૪૧-૧૪૨, પ્રવચન-૨૯૧**

સમયસાર નિર્જરા અધિકાર છે. નિર્જરા એટલે આત્માની શુદ્ધિની વૃદ્ધિ થવી. એમાં દસ બોલ મૂકે. કહે છે કે આ આત્મા જે જ્ઞાનની અનેક પર્યાયોરૂપે પરિણમે છતાં તે ભેદોને ગૌણ કરી એકલો જ્ઞાયક સ્વભાવ જે શુદ્ધ ધ્રુવ શુદ્ધ છે તેનું અવલંબન લેતા અનેક પ્રકારના પ્રયોજનની સિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? પરવસ્તુ છે એનું અવલંબન તો આત્માને આમાં કાંઈ કામ કરતા નથી. રાગાદિ થાય એ પણ આત્માને કાંઈ કાર્ય કરતા નથી. એમ આત્માની પર્યાયો અનેક થાય તેનો આશ્રય લેતા પણ કાંઈ કાર્ય થતું નથી. કારણ કે એનો આશ્રય લેવા જાય તો વિકલ્પ ઉઠે છે. પુણ્યબંધ થાય.

જેને ધર્મ કરવો છે, દુઃખને ટાળવું છે;... ચોર્યાસી લાખના અવતારમાં અનંત અનંત અવતાર કરીને દુઃખી... દુઃખી... દુઃખી થઈ રહ્યો છે. સમજાણું? નરકમાં, નિગોદમાં અનંત અવતાર કર્યા, પરાધીન દૃષ્ટિ કરી, પોતાના શુદ્ધ સ્વભાવની સંભાળ કરી નહિ, એથી અનંત કાળમાં છેદન-ભેદન વગેરે અનંત દુઃખો સહન કરતો, રખડતો આવે છે. દુઃખી થતો રખડતો આવે છે, હોં! આ પૈસાવાળા હો કે રાજા હો. બધા દુઃખી... દુઃખી.. દુઃખી...

મુમુક્ષુ :- પૈસાવાળા ઓછા દુઃખી.

ઉત્તર :- ધૂળેય દુઃખી ઓછા નથી. પૈસાવાળા આકુળતા છે એના પ્રમાણે દુઃખી (છે). કહો, મહેન્દ્રભાઈ! પૈસાવાળા ઓછા દુઃખી છે એમ હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વાતેય નથી. એને લઈને નથી. પરમાં અપેક્ષા કરીને જે આકુળતા ઉત્પન્ન કરે છે એ આકુળતાથી દુઃખી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ, આનંદમૂર્તિ આત્મા છે. એના તરફના આશ્રય અને લક્ષ વિના પરનો આશ્રય કરી, રાગાદિનો, નિમિત્તનો આશ્રય કરીને આકુળતા જ એણે ઉત્પન્ન કરી છે. નિર્જરા અધિકાર છે ને. એની સામે બંધનો ભાવ જ એણે ઉત્પન્ન કર્યો છે. સમજાણું કાંઈ? અનંત અનંત ભવ નરક, નિગોદ ક્યાં હતો? કોની સામું જોયું નહિ. કેવા દુઃખો સહન કર્યા એમાં ક્યાંય એનો પત્તો નથી. ભાઈ! કહે છે કે જો તારે એના દુઃખથી છૂટવું હોય અને સુખની પ્રાપ્તિ એટલે ધર્મની પ્રાપ્તિ અને નિર્જરા કરવી હોય તો શું કરવું? એમ કહે છે.

**'માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે...'** ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય

સ્વભાવ શુદ્ધ આનંદ છે. એમાં વર્તમાન પર્યાયમાં અનેક પ્રકારની અવસ્થાઓ ઉત્પન્ન થાય એને લક્ષમાં ન લેતા. એમ કહે છે. પરને તો લક્ષમાં ન લેવું, રાગને લક્ષમાં ન લેવો પણ વસ્તુની દશા અનેક પ્રકારની ગુણની અવસ્થા થાય તેનું પણ લક્ષ ન કરતાં, જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે '**એવા આત્મસ્વભાવભૂત...**' એવા આત્મસ્વભાવભૂત. આત્માનું સ્વભાવ રહેલું ત્રિકાળી સ્વરૂપ એવું જે જ્ઞાન. એનું '**એકનું આલંબન કરવું.**' જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. જ્ઞાનનું જ.

કેવું જ્ઞાન છે? કે '**જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત...**' એ આત્માનો સ્વભાવ એ ચીજ છે. આત્મા છે તે જ્ઞાન, જ્ઞાયક ચૈતન્ય જ્યોત રત્નાકર સ્વરૂપ છે. એવા '**જ્ઞાનનું જ એકનું...**' લ્યો. આ પછી દેવ-ગુરુ-શાસ્ત્રનું અને આ મૂર્તિનું આલંબન કે દિ' આવશે? એ તો વચ્ચે શુભરાગ હોય ત્યારે. પણ વસ્તુની નિર્જરાનું કારણ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? દેરાવાસીમાં બે વાંધા ઉઠ્યા ને. ઓલો કહે કે આલંબન જોઈએ, ઓલો કહે કે આલંબન ન જોઈએ બહારમાં. એની મોટી તકરારું. મૂર્તિને લઈને.

અહીં તો કહે છે કે પરનું આલંબન જ્યાં લક્ષમાં લેવા જાય છે ત્યાં એને રાગ જ થાય છે. બંધન જ થાય છે. એને શુદ્ધિ થતી નથી. એવી વસ્તુની સ્થિતિ છે ત્યાં શું થાય? એથી જેને આત્મ કલ્યાણ કરવું હોય એણે આત્મસ્વભાવભૂત એટલે વસ્તુનો સ્વભાવ હોવાવાળું એવું જે ત્રિકાળી જ્ઞાન એનું જ. એકનું. એવું જ્ઞાનસ્વરૂપ એક વસ્તુ છે. પહેલા કહ્યું હતું કે આત્મા પરમાર્થ છે તે જ્ઞાન છે. આત્મા એક છે તે જ્ઞાનસ્વરૂપ પદ પદ સ્વરૂપ એક જ છે. એવું એકરૂપ જે જ્ઞાન છે એનું આલંબન કરવું. એનું આલંબન લેવું. કહો, સમજાણું કાંઈ? વર્તમાન દશામાં ત્રિકાળી જ્ઞાયકનું જ્ઞાન છે તેનું આલંબન લેવું. એને આલંબને બધી સિદ્ધિ આત્માની થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ જ્ઞાયકભાવ, એના અવલંબનથી, અંતરના જ્ઞાયકના ભાવના અવલંબનથી, આધારથી, આશ્રયથી '**તેના આલંબનથી જ...**' એમ પાછું. અહીં તો એકાંત કર્યું. જુઓ! ઓલામાં પણ જ્ઞાનનું જ એકનું આલંબન કરવું ત્યાં પણ 'જ' હતો. અને તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે. શુદ્ધ આત્માની પર્યાયની પ્રાપ્તિ અથવા શુદ્ધ ભગવાન આત્માની પ્રાપ્તિ એ જ્ઞાન આલંબનથી જ થાય છે. કોઈ દયા, દાન, વિકલ્પ કે એનાથી આત્મપદની પ્રાપ્તિ થતી નથી. સમજાણું કાંઈ? એ પદની પ્રાપ્તિ થાય છે. છે ને?

'**તેના આલંબનથી જ (નિજ) પદ...**' એમ છે. નિજ એટલે આત્મા. એ જ્ઞાયક

સ્વરૂપ જે ત્રિકાળ, એનું આલંબન લેવાથી તે વસ્તુની પ્રાપ્તિ થાય છે. આત્મા જે જ્ઞાયકસ્વરૂપ છે, વસ્તુસ્વભાવ એનો જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... અનંત અમાપ શક્તિ સંપન્ન એવા જ્ઞાનસ્વભાવના આલંબનથી એ વસ્તુ, આત્માની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાય છે કાંઈ? કોઈ વ્યવહારના વિકલ્પથી કે વ્યવહારરત્નત્રયથી આત્માની પદની પ્રાપ્તિ થાય છે એમ નથી એમાં કહેવાની જરૂર નથી. અહીંથી થાય છે, બીજાથી થતી નથી એમાં એ વાત આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, મહેન્દ્રભાઈ! શું આ પાંચ-દસ લાખ, વીસ લાખ ખર્ચે એના આલંબનથી કાંઈ નિર્જરા થાય કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રાગ મંદ હોય (તો) પુણ્ય બંધાય. અહીં તો અબંધ સ્વરૂપમાં અબંધ પરિણામ થાય એની વાત છે. અબંધ પરિણામ કહો કે મોક્ષના પરિણામ કહો. એ કાંઈ પરના લક્ષમાં એ કાંઈ કરોડો ખર્ચે કે પાંચ કરોડ ખર્ચી નાખે તો એમાંથી અબંધ પરિણામ થાય (એમ નથી). નિર્જરા કહો કે અબંધ પરિણામ કહો, નિર્જરા કહો કે મોક્ષમાર્ગ કહો. આહાહા..! સમજાણું કાંઈ? આ વસ્તુ એમ જ છે. એવું જ છે. ચીજ જ એવી છે ત્યાં એમાં શું? અહીં તો ઓલા નિમિત્તથી આમ. ઓલા કહે ના. ચારિત્રનો રાગ થાય.. ચારિત્રમોહના ક્ષયોપશમથી થાય, ફલાણાથી થાય. પણ સાંભળને ભાઈ હવે. આહાહા..!

મુમુક્ષુ :- ૫૦-૫૦ ટકા.

ઉત્તર :- ૫૦ ટકા નાખ્યા. આજ વાંચ્યું. પેલો દાખલો નહોતો આપ્યો? કોટનો દાખલો નથી આપ્યો? કોટ. દરજી પાસે કોટ સીવડાવવો હોય, તો કાપડું ત્યાં પડ્યું રહે. એ દરજી કરે ત્યારે થાય. નિમિત્ત હોય તો કોટ થાય. આ સીધી દેખાય છે વાત. એની મેળાએ કોટ થઈ જતા હશે? એઈ..!

મુમુક્ષુ :- એ કાતરથી..

ઉત્તર :- દીધા. એમ કે કોટની પર્યાય... કોટ સમજ્યાને આ? ઓલો કોટ નહિ ગઢનો. ઈ આનો કોટ કહેવાય. આને ગઢ છે ને એ કોટનો. ઓલો નગરનો કોટ કહેવાય, આ શરીરનો કોટ. મૂળ તો હિસાબ એ છે. ઢાંકણું છે ને એનું? એનું કપડું લઈ આવ્યા પછી દરજીને ત્યાં નાખ્યું. ઉપાદાનની યોગ્યતા તો છે. દરજી કરે ત્યારે થાય. ચોખ્ખી વાત પ્રત્યક્ષ છે. ધૂળેય નથી. સાંભળને! એ કોટની પર્યાયની એ એના સત્‌માં દ્રવ્યમાં લાયકાત છે. પણ એનો ક્ષણનો પર્યાય જ્યારે આવે ત્યારે એની ઉપાદાનની લાયકાત કહેવાય. ત્યારે એને દરજીનું નિમિત્ત કહેવામાં આવે. અહીં તો કહે છે કે એનું કામ પણ શું છે તારે? કર્મનો ક્ષયોપશમ થાય તો અહીં મને ધર્મ થાય. નિમિત્ત આવે ત્યારે કોટ થાય. અહીં કહે, જ્ઞાનાવરણીયનો

ક્ષયોપશમ થાય તો જ્ઞાનનું અવલંબન લેવાય. કામ શું છે પણ તારે? સમજાણું કાંઈ? આહાહા..! ચકરે ચડાવ્યો છે ને પોતે પોતાને.

વસ્તુ ભગવાન આત્મા, ભાઈ! જ્યાં જ્યાં લક્ષ જાય પરમાં એ બધા દુઃખના કારણોના ભાવ ઉત્પન્ન થાય છે. હેરાન હેરાન થઈને મરી ગયો. તારી દુઃખની દશા બીજાને દેખીને દયા આવે, આંખમાં આંસુ આવે એવા તો દુઃખ હતા. આહાહા..! અહીં જરી કાંઈક સગવડતા મળે ત્યાં હું.. હું.. અરે..! તું ક્યાં? બાપુ! તું કોણ છો તને ખબર છે? સમજાણું કાંઈ? અહીં કહે છે કે ધર્મને બહાને પણ એ માથાકૂટ વાદ ને વિવાદ. આ શું?

ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ આત્મા છે. ભાઈ! એ દુઃખને ટાળવું હોય અને સુખની પ્રાપ્તિ કહો કે આત્મપદ કહો કે નિર્જરા કહો. એકલો ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ, વસ્તુનો સ્વભાવભાવ એટલે આત્મસ્વભાવભૂત, વસ્તુનો સ્વભાવભાવ સ્વભાવભૂત એવું જે જ્ઞાનસ્વરૂપ એનું એકનું જ આલંબન લેવું. એનું લક્ષ કરતાં એનો આશ્રય કરતાં એકલો નિર્જરા અને શાંતિ થાય એવું છે.

'**તેના આલંબનથી જ પદની...**' જ્ઞાનનું અવલંબન લેવાથી એ આત્મા છે એવી પ્રાપ્તિ શ્રદ્ધા, જ્ઞાનમાં આત્માને થાય છે. આહાહા..! કહો, પોપટભાઈ! આ બહારના કોઈ કારણ હાલ નાખે એવું નથી. ભાઈ! એમ કહે છે. મરતો હોય તો આમ તરફડે એકલો. રૂપિયા કરોડો હોય. પાંચ કરોડ, દસ કરોડ, લ્યો. એ બધી એની ઘરવખરી. આંખુમાં આંસુ ચાલ્યા જાય. આહાહા..! સમજાણું? કોઈ શરણ નથી, કોઈ શરણ નથી. ક્યાં હવે? સ્થિતિ પૂરી થઈ આ ચાલ્યા અહીંથી. ક્યાં જાવું હવે? કોઈ દિ' અંતર સ્વરૂપ છે શું એની તો શ્રદ્ધા કરી નથી, એના માહાત્મ્ય લીધા નથી. હવે એને જાવું ક્યાં? એ ટળવળતો ટળવળતો મરતાં... હાય.. હાય..! ચાલ્યો જાય એમ ને એમ. થઈ રહ્યું. ચાર ગતિમાં ક્યાંય. ઓહોહો..! ક્યાં અવતાર ને ક્યાં ક્ષેત્ર ને ક્યાં ભાવ અને કેવો ભવ? ભાઈ! કહે છે, દુઃખી થઈ રહ્યો છે. બાપુ! તારી તને દયા નથી. સમજાણું કાંઈ? તારી દયા કરવી હોય તો ભગવાન જ્ઞાનસ્વરૂપ છે આત્મા, એને જીવતી ચીજ હયાતી વિદ્યમાન છે. એનું વિદ્યમાન તરીકે આલંબન લે તો જીવતું જ્ઞાન છે તેવું થાય દૃષ્ટિમાં. સમજાણું કાંઈ?

નિજપદની પ્રાપ્તિ થાય છે. એથી '**ભ્રાંતિનો નાશ થાય છે,...**' જુઓ! આ મિથ્યાત્વનો નાશ આનાથી થાય છે. કર્મના નાશની વાત અહીં નથી. ફક્ત એની પર્યાયમાં રાગ અને પર્યાય અંશ એટલો (હું), એવી જે ભ્રાંતિ, વર્તમાનમાં અંશ જે જ્ઞાનની દશાનો એક અંશ અને રાગ એટલો હું એવી જે પર્યાયબુદ્ધિ, મિથ્યાત્વબુદ્ધિ, ભ્રાંતિ હતી. પર મારા એ તો બહુ સ્થુળ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઈ તો છે જ ને.

ઉત્તર :- પર તો પોતાના છે જ નહિ એમ કહે છે ઈ. એની તો વાતેય ક્યાં છે. જેને અડ્યોય નથી, સ્પર્શ્યોય નથી, સ્પર્શતોય નથી. એ રાગને સ્પર્શ્યો છે પર્યાયથી. પર્યાયદૃષ્ટિએ, હોં! વસ્તુસ્વભાવ તો રાગને સ્પર્શતો નથી.

અહીં તો ત્રિકાળ ભગવાન જ્ઞાન સ્વભાવે સ્પર્શેલો સ્વભાવભૂત ભાવ એના અવલંબનથી જ ભ્રાંતિનો નાશ થાય. બાકી કોઈ બીજો ઉપાય કે રીત છે નહિ. મિથ્યાત્વનો નાશ થવામાં એક જ ઉપાય છે. જ્ઞાયક સ્વરૂપ ભગવાન, એનું અંતરલક્ષ કરીને આલંબન લઈ અને એકાગ્ર થતાં 'આ આત્મા' એમ પ્રાપ્તિ થતાં ભ્રાંતિનો નાશ થઈ જાય. આત્મપદની પર્યાયમાં પ્રાપ્તિ અને ભ્રાંતિનો વ્યય. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! ભાઈ! એ વસ્તુ જ આમ છે. વસ્તુનું સ્વરૂપ એમ બનાવ્યું કોઈએ નથી. એ તો વસ્તુ જ આવી છે.

'**તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ...**' અને નિજ પદની પ્રાપ્તિ થતાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પ્રગટ્યા અને પૂર્વની ભ્રાંતિ જે હતી એનો નાશ થયો. કહો, મિથ્યાત્વનો નાશ આ એક જ ઉપાય (છે). બીજી લાખ ક્રિયા કરે કે આ ક્રિયાથી થાય અને આનાથી થાય અને આનાથી થાય. કેટલાક કહે છે ને? ઓલી સમકિતની ક્રિયા આવે છે ને ૨૫? ૨૫માં આવે છે એક સમકિતની ક્રિયા, મિથ્યાત્વની ક્રિયા. એ તો બધી વિકલ્પની વાત છે. આ સમ્યગ્દર્શનની વાત ક્યાં છે? સમજાણું કાંઈ? પંડિતો મોટા મોટા (એમ કહે), જુઓ! સમ્યગ્દર્શનની ક્રિયા. આમ કરવું એ બધી સમ્યગ્દર્શનની ક્રિયા છે. એનાથી આત્માને ધર્મનો લાભ થાય છે. અરે..! ભાઈ! તારું જીવન ચાલ્યું જશે. બાપા! આવું મળ્યું તત્ત્વ, આવો વખત! આહાહા..! એમાં જો આ ન કર્યું. ક્યાંય પત્તો નહિ ખાય, ભાઈ! દુનિયા ક્યાંય તને શાંતિ આપે એવું કોઈ સ્થાન બીજું છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા... વાત તો કેવી લીધી છે કે જ્ઞાનસ્વરૂપ એવો આત્મા એનું જ્ઞાન, એનું લક્ષ જતાં એ જ્ઞાન જેનું સ્વરૂપ છે એવા આત્માની ત્યાં પ્રાપ્તિ થાય છે. આત્માની પ્રાપ્તિ થતાં. આ તો ક્રમ વર્ણવે છે. આત્મા આ, એમ અનુભવ થતાં ભ્રાંતિનો વ્યય થઈ જાય છે. મિથ્યાત્વનો નાશ આ કારણે થાય છે. કહો, સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરતા કરતા મિથ્યાત્વનો નાશ થશે એમ છે નહિ. વસ્તુના સ્વરૂપમાં એમ નથી. આહાહા..! જેની જે રીત છે, જેની જે વિધિ છે એની ખબર નથી કે ક્યાં જઈને રહેશે? કેની કોર દૃષ્ટિ કરશે? કહે છે કે ભાઈ! પરથી દૃષ્ટિ ઉઠાવ. ચાહે સો ત્રિલોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય તો દૃષ્ટિ ત્યાંથી ઉઠાવ એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે કે એ ઉઠાવ્યા વિના અંદરમાં જશે નહિ. એમ કહે છે. એય..! આહાહા..!

મુમુક્ષુ :- પહેલું સમજાવો છો સત્ય અને પછી...

ઉત્તર :- એ સમજાવ્યું સમજવાનું ક્યારે કહેવાય? કે પોતાનું પરથી લક્ષ છોડી અને સ્વના લક્ષમાં જાય ત્યારે સમજ્યો કહેવાય. એવું છે. સવારમાં નહોતું આવ્યું? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવ્યું હતું કે નહિ? 'છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' એ આવ્યું હતું. પણ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ એને આવતું નથી. એ જાણે ક્યાંક ક્યાંક અહીં હશે? ક્યાંક અહીં હશે? ક્યાંક અહીં હશે? બધે ઝાંવા નાખે છે. જાણે ભગવાનની જાત્રા કરીને મળી જશે, કોઈ સમ્મેદશિખરમાંથી મળી જશે, શેત્રુંજયમાંથી મળી જશે. ક્યાંય છે નહિ. પણ તું જ્યાં છો ત્યાં અહીં છે. સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા વર્તમાન જ્ઞાનની દશા અને એનું આલંબન આપતા, એ વસ્તુ છે તેની પ્રાપ્તિ અનુભવમાં થાય. અનુભવમાં પ્રાપ્તિ થતાં તે પૂર્વની ભ્રાંતિ જે હતી, એક સમયની પર્યાય કે રાગપણામાં જે અસ્તિત્વ માન્યું હતું, એ ભ્રાંતિનો નાશ થાય છે. સમજાણું કાંઈ? અપવાસ કરી નાખવા તો ભાઈ કરી નાખીએ લાવો પાંચ-દસ. અપવાસ એટલે શું? રાગની કોઈ મંદતાના પરિણામ થાય કે આહાર ન કરું. એ વસ્તુ ક્યાં હતી? એ આત્મામાં છે જ ક્યાં? સમજાણું કાંઈ? મોહનભાઈ નથી હમણાં? નહિ આવ્યા હોય. કહો, સમજાણું આમાં? ઈ કહેશે આગળ. .. કહેશે આગળ, હોં!

'**ભ્રાંતિનો નાશ થાય છે, આત્માનો લાભ થાય છે,...**' નિજ પદની પ્રાપ્તિ થાય છે. એનો અર્થ કે ભ્રાંતિનો નાશ થાય છે અને અખંડ અભેદની પ્રાપ્તિ થાય છે. આહાહા..! આત્માનો લાભ થાય છે. ત્યારે આત્માનો લાભ વયો ગયો હતો?

મુમુક્ષુ :- ક્યાંય છે નહિ ... જાવું ક્યાં?

ઉત્તર :- જાવું અંદરમાં એમ કહે છે. જ્યાં હોય નિધિ... જે ઠેકાણે સોનાની નિધિ હોય ત્યાં ખોદવી કે બહાર ધૂળની હોય ત્યાં ખોદવી? એમ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ શાંતરસનો કંદ આત્મા છે. એની ખબર ન મળે. ભિખારી જેવો થઈ ગયો જાણે. અહીંથી મળશે... અહીંથી મળશે... રાંકો રાક. સમજાણું કાંઈ? મોટા છ ખંડના ધણી ચક્રવર્તી પણ એ બહારની આશાએ બધા ભિખારી, દુઃખી છે. ભિખારા ભિખારા મોટા. એય..! આ પૈસાવાળા બધા એવા?

ભગવાન આત્મા આનંદ, જ્ઞાન સ્વરૂપથી ભરેલો આખો પદાર્થ છે. નિધિ છે. એ નિધિના નિધાનમાં નજર કર. તને ભ્રાંતિનો નાશ થશે. અને એ સ્વરૂપ છે તેવી તને પ્રાપ્તિ થશે.

આત્માનો લાભ થશે. અભેદ સ્વરૂપ આત્મા તેની પ્રાપ્તિ અનુભવમાં થશે. સમજાણું કાંઈ?

**'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...'** જુઓ ભાષા! ભગવાન આત્મા શાંતિના સરોવરમાં એકાકાર થાય છે ત્યારે તેને રાગાદિ જે અણાત્મા છે તેનો વ્યય થઈ જાય છે. સમજાય છે કાંઈ? અણાત્માનો ત્યારે પરિહાર સિદ્ધ થાય છે. આ છોડો, આ મૂક્યું એમ ન સિદ્ધ થાય, કહે છે. એમ રાગ છોડો. એમ ન છૂટે. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો પિંડ આખો અખંડ ચૈતન્ય રત્નાકર પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરતાં એ સ્વરૂપ છે તેની પ્રાપ્તિ થતાં અણાત્મા એટલે રાગાદિ ભાવ છે તે અણાત્મા છે, એનો દૃષ્ટિમાં પરિહાર થાય છે. એ વ્યવહાર અણાત્મા તેનો પરિહાર થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...'** ત્યારે પરિહાર નક્કી થાય એમ કહે છે. નહિતર રાગ છોડ્યો એ પણ નકામી વાત છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો અનુભવ કરતા, એની પ્રાપ્તિ થતાં. લ્યો, આત્મલાભ કીધો. ઓલા વાણિયા લખે છે ને? લાભ સવાયા. ધૂળમાંય લાભ નથી ત્યાં. મજૂરી કરે છે એકલા બિચારા. પાંચ-પચાસ લાખ મળે, કરોડ-બે કરોડ મળે ત્યાં તો આપણે તો ઓહોહો..! મોટો મજૂર છો એમ અહીં તો કહે છે. દુઃખી.. દુઃખી.

આ ભગવાન આત્મા અંતર સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન .. થયો, અણાત્માનો ત્યાગ થઈ જાય છે એમ કહે છે. અણાત્મા ખરેખર ત્યારે ત્યાગપણાને પામે છે. ત્યારે એનો અણાત્માનો પરિહાર થાય છે. સમજાણું કાંઈ? વાત જ પકડવી અંદર ભારે કઠણ પડે. સાંભળવું મળે નહિ. આને સાંભળવું મળે ઈ બધું ઊંધું. આ વસ્તુ સાંભળવી મળે નહિ. હવે એ શું કહે છે બફમ જેવું લાગે એને. સમજાણું કાંઈ?

ભાઈ! તું આત્મા છો. ત્રિકાળી તારું શુદ્ધ સ્વરૂપ છે. આનંદ તારું રૂપ છે. સમજાણું? આહાહા..! જુઓ, વળી ઓલું (યાદ) આવ્યું. જિન ધર્મનું નથી આવતું? સર્વાર્થસિદ્ધિમાં આવે છે ને? નિયતિ.. એનું લક્ષણ છે. બધા બોલો આવે છે ને. લક્ષણ છે. અહિંસા એનું આમ છે ને એવું બધું આવે છે. વસ્તુ સ્વરૂપ ભગવાન! જૈનધર્મ એટલે શું? જૈન ધર્મ કાંઈ બહાર રહેતો નથી. આત્મા પૂર્ણાનંદનો નાથ એનું અવલંબન લેતા રાગનો પરિહાર થાય ત્યારે એણે રાગને જીત્યો એમ કહેવામાં (આવે છે), એને જૈન કહેવામાં આવે છે. રાગને જીત્યો એ પણ વ્યવહારનું કથન છે. કહે છે કે આત્મા વીતરાગસ્વરૂપ છે એની અંતર અનુભવ દૃષ્ટિ થતાં રાગનો, અણાત્માનો, રાગ એટલે અણાત્મા એ વ્યવહાર દયા, દાન, વિકલ્પ એ અણાત્મા (છે), એનો પરિહાર ત્યારે થાય છે. સમજાણું કાંઈ?

**'(એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી,...'** એટલે શું કીધું? કે સ્વભાવ

શુદ્ધ તરફના ઝુકાવથી જ્યાં રાગાદિના અભાવપણે પરિણમન થયું એટલે રાગનું જોર હવે રહેતું નથી. રાગનું જોર કહો કે કર્મનું જોર કહો. સમજાણું કાંઈ? કર્મના લક્ષ ઉપર રુચિથી કર્મનું જોર ચાલતું હતું. એ આત્મા તરફ દૃષ્ટિ થતાં એ કર્મનું જોર હવે ચાલતું નથી. સ્વભાવ તરફના ઉગ્ર પુરુષાર્થથી જામેલો, આવેલો અનુભવી જીવ, એને કર્મ જોર કરી શકતું નથી. કહો, સમજાણું કાંઈ?

'**કર્મ જોરાવર થઈ શકતું નથી,...**' ત્યારે કોઈ કહે, પહેલા જોરાવર હતું કે નહિ? એ એમ નથી વાત અહીંયાં. અહીંયાં તો રાગને અધિકપણે સ્વીકારનાર કર્મને જોરાવરપણે સ્વીકારે છે. અને રાગથી ભિન્ન સ્વભાવને અધિકપણે સ્વીકારનાર કર્મ જોરાવર હવે રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ ધર્મની ક્રિયાની વિધિ કહે છે. આ વિધિ આમ કરવી. જેને ધર્મ કરવો હોય એની રીત ને વિધિ ને માર્ગ આ છે. બીજો કોઈ માર્ગ છે નહિ. સમજાણું કાંઈ?

જગતના શુભભાવ થાય, શેની હોંશું? કહે છે. એમ કહે છે. જેનો પરિહાર થાય એમાં એની હોંશ (ન) જોઈએ. અહીં જ્યાં ઉત્સાહ સ્વભાવ તરફ થયો છે એ અણાત્માનો પરિહાર થાય છે. જે તેં ઉત્સાહ અને પ્રેમની ગાંઠ્યું બાંધી છે એની સાથે, એ સ્વભાવની સાથે એકાગ્ર થતાં એ ગાંઠનો પરિહાર થઈ જાય છે. સમજાય છે કાંઈ? સ્વભાવનો લાભ થતાં શુદ્ધતાની ઉત્પત્તિમાં રાગની ઉત્પત્તિનો અભાવ થાય છે તે અણાત્માનો પરિહાર કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

'**કર્મ જોરાવર થઈ શકતું નથી, રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી,...**' પછી તેના તરફનું જોર જે આપતો હતો એ ગયું અને અહીં જોર આવ્યું. એટલે રાગદ્વેષ અને મોહ હવે ઉત્પન્ન થતાં નથી. કહો, સમજાય છે કાંઈ? '**(રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી,...**' ભગવાન આત્મા ચૈતન્ય સમરસી પ્રભુ, જેમાં ક્યાંય વિકલ્પનો અવકાશ નથી એવા સ્વભાવની પ્રાપ્તિ થતાં કર્મ જોરાવર કરતું નથી એટલે એને રાગદ્વેષની ઉત્પત્તિ થતી નથી. તેથી નવું કર્મ આસ્રવતું નથી. ફરીને કર્મ આવવું જોઈએ એ આવતું નથી. સ્વભાવની પ્રાપ્તિ થઈ ત્યાં કર્મનું આવવું ક્યાં હોય? એમ કહે છે. ઓહોહો..!

કહો, આ વિદ્યા શીખવા જેવી છે. બાકી બધા થોથાં થોથાં છે. પાસ થાય એલએલબીની પરીક્ષામાં તો આમ અભિનંદન છોકરાઓના આવે, ભાઈબંધોના. નાપાસ થાય તો ઢીલું મોઢું પડી જાય. હાય..હાય..! શું છે પણ? આ નાપાસ અનાદિ કાળથી થતો આવે છે એનો તને ખેદ નથી? એઈ..! પોપટભાઈ! નાપાસ નાપાસ છે. આહાહા..! આ રાગને પોતાનો માને, આ રાગની ક્રિયાથી પોતાના ધર્મની ક્રિયા થાય એમ માને એ બધા નાપાસ છે ભગવાનના

માર્ગમાં. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ... જાહેર થાય?

ઉત્તર :- હા, જાહેર થાય અંદરમાં. પરિણામ બહારમાં ક્યાં આવતું હતું? પેલામાં પરિણામ જાહેર થાય, છાપામાં આવે, નંબર આવે, ફલાણું એમ કહે છે. છાપામાં આવે છે ને નંબર આવે. એવું કહે છે. આપણે ક્યાં જોયું છે. નંબર આવે ફલાણા ફલાણા. એ જોવે. એ નંબરમાં હું છું કે નહિ ફલાણો? આવે તો આમ.. આહાહા..! બા! પાસ થયો છું, હોં! શું છે હવે? હોળી છે. કહો, પોપટભાઈ! એ રાગ એ દુઃખ છે અને રાજી થાય એ દુઃખ છે, સાંભળને! આહાહા..! અહીં તો ભગવાન આત્મા પોતાના સ્વભાવની પ્રાપ્તિથી પાસ થઈ જાય છે. એને છાપ મળી જાય છે કે હવે અલ્પ કાળમાં મુક્તિ છે. કહો, એ છાપ મળે એ રાજી થાય કે આ રાજી થાય? અલ્પ કાળમાં હવે અમે પરમાત્માપદને પામશું. સમજાય છે કાંઈ? આહાહા..!

**'રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી, ફરી કર્મ આસ્રવતું નથી, (આસ્રવ વિના) ફરી કર્મ બંધાતું નથી,...'** આવે નહિ તો અટકે ક્યાં બંધાવું? **'પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું...'** બસ ખલાસ. પૂર્વના કર્મ બંધાણા એ સ્વભાવ તરફના આશ્રયે આલંબન ભગવાન આત્માનું છે એમાંથી શુદ્ધનો અનુભવ છે એ અનુભવમાં નવું આવતું નથી કર્મ અને અનુભવને લઈને પૂર્વના કર્મ છે તે ખરતા જાય છે. આ ખરતા જાય એ નિર્જરા લીધી હવે. સમજાણું કાંઈ? **'પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું...'** આને નિર્જરા થાય છે એમ બતાવવું છે અહીં હવે. સમજાણું કાંઈ? અને નિર્જરા થતાં **'સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે.'** લ્યો, ઠેઠ લઈ ગયા. એ આત્મા ભગવાન અંતરના શુદ્ધ સ્વરૂપને અવલંબતો, આગળ વધતો, સ્થિરતા કરતો, કર્મની નિર્જરા કરતો સાક્ષાત્ મોક્ષને પામે છે. કહો, આ ઉપાય છે. મોક્ષ થવાનો આ ઉપાય (છે), એ સિવાય બીજો ઉપાય નથી.

આ તો એક જ ઉપાય કહ્યો. બે મોક્ષમાર્ગ (છે) એમ ન કહ્યું. ઓલા કહે, નહિ. બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે. ટોડરમલજી કહે, બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યા છે, એમ કહે છે. સમજાણું? ફૂલચંદજીનું બહુ આમ માન. ત્યાં ગયા હતા ને ભાઈ? આ જયપુર. એમાં લખ્યું છે. ગયા હતા. કોઈ દિ' કોઈને નહોતું ... ટોડરમલનું ત્યાં પહેલા હતા. ત્યાં હતું. મકાનમાં ગયા હતા. ત્યાં એક માણસને લઈને. ... ગયા એ મકાનમાં. જે ઠેકાણે બેસતા હતા એની ધૂળ-રજ માથે મૂકી. એવું લખ્યું છે. એટલું બહુમાન. પહેલા આ મોટી ચર્ચા છે. સામે પંડિતો ઘણાં છે. હવે તમારું સાચવે છે. પંડિતજીનું એટલું બહુમાન. એય.. ટોડરમલજી. સમજાણું? એ જે ઠેકાણે આપણે ગયા હતા ને? ઓલું ન ચડાવ્યું? ધજા ચડાવી. ધજા નહિ ઓલું ચડાવ્યું માથે કળશ ચડાવ્યા. સોનાના કળશ ચઢાવ્યાને ગોદિકા તરફથી. ઈ

જ ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. આ મંદિર ઈ છે. ગુમાનીલાલનું ઈ? ઈ બીજું. નહિ? બીજું. ત્યાં પણ ગયા હતા. માથે ચડાવ્યું હતું. એમાં લખ્યું છે કે આ ચર્ચા. સામે આટલા પંડિતો છે. સમજ્યા ને? એમાં લખ્યું છે ક્યાંક. આમાં. એના પોસ્ટ કાર્ડમાં છે ને? પહેલા લખ્યું છે. ચરણરજ વંદના. જુઓ! એ પાના ઉપર. ચરણરજ વંદના. એમ શબ્દ મૂક્યો છે.

'ટોડરમલજી સાહબ પરમાગમકી રચના કરતે થે. એક તો વહ જિનાલય, દૂસરે પંડિતજીકે ચરણ સ્પર્શસે ભી મેરે લિયે વંદનીય હૈ. પાટણીજી બોલે, વહાં તો મૈં પ્રતિદિન જાતા હૂં. પ્રાતઃકાલ પ્રવચન વહી મૈં કરતા હૂં. યહ જાન મુજે બડી પ્રસન્નતા હુઈ. મૈં તત્કાલ ઉનકે સાથ હો લિયા. ફિર જિનાલયમેં પહુંચકર પહલે તો વીતરાગદેવકે દર્શન કિયે. બાદમેં જહાં પંડિતજી બૈઠતે થે ઉસ સ્થાનકો ચરણરજકો અપને મસ્તક પર ધારણ કિયા. ઔર સાથ યહ નિવેદન કિયા કિ જિસ કાર્યકે લિયે મૈં યહાં આયા હૂં. યહ આપકા હી કાર્ય હૈ. મુજે આપકા બલ ચાહિયે.' એકલા હતા ને. એકલા ઝૂઝ્યા છે. ઓલા બધા સામે ઘણા. પ્રસંગ પણ એવો બન્યો. પશ્ચાત્ પ્રવચન કરકે પંડિતજીકે નિવાસ સ્થાન પર લૌટ ગયે. આ ચર્ચા ઐતિહાસિક ચર્ચા છે. .. મહેનત તો કરી બેય જણાએ. માટે એવું બહાર પડવું જ જોઈએ. લોકો વાંચે. વાંચે બિચારા એમાં શું? મધ્યસ્થી થઈને વાંચે એને હજી બેસશે. તુલના કરશે. એમાં શું? આવી ચીજ આટલી બે હજાર વર્ષે (બહાર આવી). મહેનત થઈ છે એને ખાનગી રાખીને શું કામ છે? મૂકો ને, ભઈ, આ છે માર્ગ. જુઓને! બેયની દલીલું છે. હવે તુલના કરો તમે. આહાહા..! ઉપાદાનથી જ કામ થાય, નિશ્ચયથી જ થાય. બીજી રીતે થાય નહિ. એ વાતનો સાર છે એનો બધો. કહો, સમજાણું કાંઈ? આ એ જ કહે છે અહીં. શું કહે છે?

એકલો વિકલ્પ-ફિકલ્પ વ્યવહારચારિત્ર હોય તો નિશ્ચય થાય અને ઢીંકણું થાય, એ બધી વાતું સમજવા જેવી જ્ઞાન કરવા માટે. આહાહા..! પણ પોતાનું માહાત્મ્ય બેસતું નથી. શાસ્ત્રમાં આમ લખ્યું છે. બે કારણથી કાર્ય થાય, ફલાણે આમ કહે છે.. ફલાણો આમ કહે. દ્રવ્યગત સ્વભાવ કીધો છે. બધી વાતું છે હવે સાંભળને. એય..! મહેન્દ્રભાઈ! જુઓ! તમારે.. પંડિતજીએ આવીને જ્યાં ટોડરમલજી બેસતા હતા ને? ચરણરજ વંદના. એમ લખ્યું છે. બહુમાન છે ને. પંડિતજીએ કામ કર્યું છે. હવે એ પંડિતને ઓલા અપ્રમાણિક ઠરાવવા માંગે છે. અરે..! ભગવાન! શું તારે કરવું છે? ભાઈ! એની શું અપેક્ષાઓ છે એને સમજીને શું વાત છે એનું બહુમાન આવવું જોઈએ. એનું ન આવે તો આત્મા અખંડાનંદ પ્રભુ એનું શી રીતે આવશે? સમજાણું કાંઈ? નિશ્ચય એક જ મોક્ષમાર્ગ છે. બીજો માર્ગ છે નહિ.

એ કહે છે કે એવો ભગવાન આત્મા... બધેથી સંકેલીને વૃત્તિને અંતર સામાન્ય સ્વભાવ ઉપર જાય છે ત્યારે એને આવા ક્રમના બધા લાભ થઈને મોક્ષલાભ થાય છે. એમ કહે છે. બહુ સરસ વાત. સમજાણું? '**સાક્ષાત્ મોક્ષ થાય છે.**' એમ. આમ તો આત્મા તો મોક્ષસ્વરૂપ છે જ પણ પર્યાયમાં મોક્ષ થાય એ સાક્ષાત્ કહેવાય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ વસ્તુ છે એ તો મોક્ષ જ છે. અબંધસ્વરૂપ જ છે એ વસ્તુ. અબંધસ્વરૂપ કહો કે મોક્ષસ્વરૂપ કહો. વસ્તુ વસ્તુને બંધ શું અને મોક્ષ શું? મોક્ષસ્વરૂપ જ એક વસ્તુ આખી. એવી ચીજનું અંતર અવલંબન કરતા આ બધી લાભની વૃત્તિઓ અને લાભના ભાવ પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? '**(આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે.)**' આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનમાં જે ભેદો થયા છે તે...**' નિમિત્તથી વાત લીધી છે. બાકી પોતાનો ઉઘાડ એટલો થતો જાય છે. '**તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા,...**' એ જ્ઞાન સામાન્યની જે વિશેષ પર્યાય પ્રગટે એને કાંઈ અજ્ઞાનરૂપ નથી કરતા. '**ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે;...**' અભિનંદે એટલે પ્રગટ કરે છે. '**માટે ભેદોને ગૌણ કરી,...**' જ્ઞાનની અવસ્થા, તે તરફનું લક્ષ છોડી દઈ એકરૂપ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય '**એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ આત્માનું ધ્યાન ધરવું;...**' એ ઉપર વજન છે ને વધારે? '**તેનાથી સર્વ સિદ્ધિ થાય છે.**'

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

**अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो**
**निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।**
**यस्याभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्**
**वल्गत्युत्कालिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।१४१।।**

શું કહે છે?

'**શ્લોકાર્થ :- પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય એવી જેની આ નિર્મળથી પણ નિર્મળ...**' પર્યાય એમ કહે છે, હોં! '**સંવેદનવ્યક્તિઓ (-જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો) આપોઆપ ઊછળે છે,...**' શું કહે છે? ભગવાન આત્મા '**પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ...**' જેટલા પદાર્થ છે તે જ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય છે. કાંઈ બાકી રહેતું નથી. '**તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય...**' જ્ઞાનની દશા '**એવી જેની નિર્મળથી પણ નિર્મળ સંવેદનવ્યક્તિ (-જ્ઞાનપર્યાયો,**

**અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો) આપોઆપ ઊછળે છે,...**' સમજાણું કાંઈ? જે જ્ઞાનમાં બધું જાણવા યોગ્ય થયું એવી પર્યાયો સ્વભાવ ઉપર લક્ષને લઈને આપોઆપ ઉછળે છે. વસ્તુ એક છે પણ પર્યાયો અનેકપણે ઉછળવું એ તો એનો સ્વભાવ છે.

'**તે આ ભગવાન અદ્ભુત નિધિવાળો...**' જુઓ! તે આ ભગવાન અદ્ભુત નિધિવાળો. એક ઓલી નિધિની વાત કરે કે ત્યાં જો ઓલાપણે... સમજાણું? પૈસા છે. પેલો કહેતો હતો ને? ભાઈ આવ્યો હતો ને? હેમચંદભાઈ. ..નો ભાણેજ. એ આમાં સૂતા હતા. બીજામાં સૂતા હતા. અત્યારે આ હિંમતભાઈ રહે એમાં. આની કોર ખીમચંદભાઈ રહે, ઓલા હિંમતભાઈ. ત્યાં સૂતા હતા ઘણું કરીને. એમાં સ્વપ્નું આવ્યું બપોરે કે અહીં સોનાના લાટા છે. અહીં નેરું છે ને નેરું? આ નહિ? આ દેરાસર તે વખતે તો.. પોષ સુદ, (સંવત) ૧૯૯૪ની. પોષ સુદની અગિયારસ હતી ઘણું કરીને. જુઓ! સોનાના લાટા છે અને એક ભગવાનની મૂર્તિ છે. એવું સ્વપ્નું આવ્યું હતું ...ના ભાણેજને. ૯૪માં આ મંદિર થાતું હતું ને એ પહેલા. હેમચંદભાઈને ઓળખતા હતા? ...ના ભાણેજ. હેમચંદભાઈ હતા અહીં.

મુમુક્ષુ :- ... આવ્યા હતા.

ઉત્તર :- આવ્યા અહીં આવ્યા હતા ને. અહીં પણ આવ્યા હતા. ત્યાં પહેલા અહીં આવ્યા હતા એ વખતે. ૯૪માં. સૂતા હતા ત્યાં. બાર વાગે હોં! સ્વપ્નું આવ્યું. ભગવાનની મૂર્તિ છે અને ત્યાં સોનાના લાટા હેઠે પડ્યા છે. મંદિર થવાનું હતું ને? કહો. ૨૦ હજારનું પહેલું. વીસ જ હતું ને? તે દિ' ૨૦ હજારનું થયું હતું મંદિર. પછી કહે, ચાલો, ચાલો મહારાજ જોવા. મને આ ઠેકાણે સ્વપ્નું આવ્યું છે. આ છે ને ખૂણો? ખૂણો નથી આ? નેરાનો ખૂણો, હોં! આમ નેરું આમ વળીને આમ જાય છે ને? એ ખૂણામાં એને સ્વપ્નું આવ્યું હતું. એય.. શેઠ શેઠી! પણ આ મંદિર થયું એ વાત સાચી, લ્યોને. ૨૦ હજારમાં થયું હતું તે દિ'. સોનાના લાટા જોયા સ્વપ્નામાં, હોં!

આ સોનાના લાટા અહીં જો નિધિ, એમ કહે છે. ત્યાં ભગવાનની મૂર્તિ બિરાજે છે– આખો ભગવાન બિરાજે છે આત્મા. સમજાણું? આ ભગવાન અદ્ભુત નિધિવાળો. આહાહા..! અદ્ભુત નિધિવાળો. આ બીજી ખાણમાં તો રતન અને હીરા ને એવું જણાય. આમાં તો આનંદ અને જ્ઞાનની પર્યાયોની અનેક ખાણું પડી છે. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય એવી અનંતી તો જેના જ્ઞાનગુણની ખાણમાં પડી છે. આનંદની પર્યાય જેના આનંદગુણમાં અનંતી પડી છે. સ્વભાવ છે ને? વસ્તુ છે ને? સ્વતઃ છે ને? અકૃત્રિમ છે ને? શક્તિનું તત્ત્વ છે આખું. સમજાણું કાંઈ?

ભગવાન અદ્ભુત નિધિવાળો એમ પાછો. ઓલી નિધિ અને આ તો અદ્ભુત નિધિ.

આહાહા..! જેમાંથી સિદ્ધપદ પ્રગટે. એ નિધિમાંથી સિદ્ધપદ પ્રગટે એવી એ નિધિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એના ગુણો કેવા ઈ એને બેસતા નથી. બીજાના વખાણ કરે તો કહે, હા. એ બરાબર છે, ફલાણું છે. રાજાએ દાટ્યા હતા. નહોતું આવ્યું કાંઈક? કો'ક રાજાએ દાટ્યા હતા ને કરોડો રૂપિયા નીકળ્યા. બે-ચાર-પાંચ કરોડ. ક્યાંક આવ્યું હતું ખરું છાપામાં. પૂર્વના કોઈ રાજા હતા. પછી કેટલા ઘણા તો લાખો ખરચ્યા એના માટે. પછી નીકળ્યા કે ન નીકળ્યા પણ એકલા હીરા. એવી વાતું કરતા હતા લોકો. ઘણી મહેનતું કરી રાજાએ. એ તો ખોટી વાત છે પણ આ તો આત્મા રાજા અંદર અનંત નિધિને લઈને પડ્યો છે.

મુમુક્ષુ :- નિકળ્યા વિના રહે નહિ.

ઉત્તર :- નિકળ્યા વિના રહે જ નહિ. આતમરાજા. એમ કહ્યું છે ને?

'**અદ્ભુત નિધિવાળો...**' કેવો? '**ચૈતન્યરત્નાકર,...**' ચૈતન્યરત્નાકર. ચૈતન્યરૂપી રતનનો દરિયો. આહાહા..! આનંદ અને જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, શુદ્ધતા આદિ અનેક રત્નો જેના સ્વભાવમાં પડ્યા છે. એવા અંતરના આત્મામાં લક્ષ કર અને દૃષ્ટિ દે અને અનુભવ કર, એમ કહે છે. '**જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે જેનો રસ અભિન્ન છે એવો,...**' દરિયામાં જેમ ઉઠે છે ને મોજા? ઈ મોજા બધા દરિયાની સાથે એકમેક છે. કાંઈ જુદા છે? એમ ભગવાન આત્મા અંતર સ્વભાવ ચૈતન્યરત્નાકર અંતર દૃષ્ટિ એકાગ્ર થતાં જ્ઞાનપર્યાયો રૂપી તરંગો દશામાં ઉછળે છે, નિર્મળથી નિર્મળ. જેની પર્યાયનો આનંદ આત્માથી અભિન્ન છે. જેની પર્યાય આત્માથી અભિન્ન છે અને એની સાથે રસ આનંદ થાય એ પણ આત્માથી અભિન્ન છે. આહાહા..!

'**એવો એક હોવા છતાં...**' દ્રવ્યાર્થિકનયે દ્રવ્યે એક હોવા છતાં પર્યાયે '**અનેક થતો,...**' પર્યાયે નિર્મળ પર્યાયે અનેક થતો. એ આનંદના અંશો પણ અનેક પ્રકારે ભિન્ન ભિન્ન થતાં, સ્વભાવને આશ્રયે થતો આનંદ '**જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે દોલાયમાન થાય છે-**' નિર્મળ પર્યાય ઉપર પ્રગટ થાય છે ને દ્રવ્યમાં, એનાથી ડોલાયમાન પરિણમન થાય છે એમ કહે છે. ડોલાયમાન નામ પરિણમન. સમજાણું કાંઈ? જુઓ! આ આત્માના વખાણ. આહાહા..! '**જ્ઞાનપર્યોયોરૂપી તરંગો વડે દોલાયમાન થાય છે-ઊછળે છે.**' દરિયો ઊછળે તે ક્યાંય આમ કાંઠે આવે ને તો બબ્બે માથોડા પાણી આવી જાય મોઢાઆગળ. ભગવાન નિધિ એક એક સ્વરૂપે મધ્યબિંદુમાં પડેલો. એમાં એકાગ્ર થતાં તેની પર્યાયો ઉછળે છે અંદરથી. નિર્મળથી નિર્મળ, નિર્મળથી નિર્મળ. એનું નામ શુદ્ધતાની ઉત્પત્તિ, એનું નામ શુદ્ધઉપયોગની પ્રાપ્તિ અને એનું નામ નિર્જરા. આરે.. આરે..! ભારે વાતું. કહો, સમજાણું?

'**ભાવાર્થ :- જેમ ઘણાં રત્નોવાળો સમુદ્ર એક જળથી જ ભરેલો છે...**' એમાં

બધા રત્નો હોય પણ જળ તો એક જ છે. '**અને તેમાં નાના મોટા અનેક તરંગો ઊછળે છે તે એક જળરૂપ જ છે,...**' પાણીના તરંગ ઉઠે એ જળરૂપ જ છે, એ કાંઈ અન્યરૂપ નથી. '**તેમ ઘણા ગુણોનો ભંડાર...**' ઘણા ગુણો શક્તિ-સ્વભાવનો ભંડાર, આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા એક જ્ઞાનજળથી ભરેલો છે. એક જ્ઞાનરૂપી ચૈતન્યસ્વભાવથી ભરેલો છે.

'**કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદો-વ્યક્તિઓ આપોઆપ પ્રગટ થાય છે...**' અપેક્ષાથી ભેદ પડે છે એટલું કહેવું છે. સ્વની અપેક્ષામાં તો અભેદ થાય છે ને? '**તે વ્યક્તિઓ એક જ્ઞાનરૂપ જ જાણવી, ખંડખંડરૂપે ન અનુભવવી.**' એમ. જ્ઞાનની પર્યાયો નિર્મળ થાય એને આત્માની સાથે અભેદ કરીને અનુભવવી. એનું નામ નિર્જરા અને એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ. ભારે વાત, ભાઈ!

'**હવે વળી વિશેષ કહે છે :-**'

**क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः**
**क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।**
**साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं**
**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।१४२।।**

એક તુચ્છ વાતમાં જ્યાં એને સુખ માનતો હોય એને આવો આત્મા બેસે નહિ. સમજાય છે? સાધારણ કોઈ તુચ્છ વાત, વિકલ્પ, કોઈ માન, કોઈ સન્માન, કોઈ પૈસા આપે. એવી તુચ્છ વાતમાં જેને સુખબુદ્ધિ ઊપજે છે ને, એમાં હરખ અને હોંશ અધિક આવી જાય છે એને આ બેસે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જે રૂપમાં પડ્યો હોય એ રૂપમાં દેખાય. સમજાણું કાંઈ? એ રૂપથી આખી ચીજ જ જુદી છે. એવો ભગવાન આત્મા અંતરના આનંદના જ્ઞાનના અનુભવથી જ પ્રાપ્ત થાય એવો એ આત્મા છે, કહે છે.

'**શ્લોકાર્થ :- કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાઙ્મુખ એવાં કર્મો વડે સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના) ક્લેશ પામે તો પામો...**' વીતરાગની આજ્ઞા બહારની ક્રિયા કષ્ટ કરે છે ને ઘણાં? મહા દુઃખે કરી શકાય. અગ્નિ... શું કહેવાય? પંચાગ્નિ. લોઢાના સરિયા આવડા આવડા હોય. લોઢાની ઓલી હોય અને સરિયા આવડા આવડા હોય. એના ઉપર સૂવે. આ બધા ઓલા થઈ ગયા હોય. જોયા છે, બધું જોયું છે. જોયું છે બધું. બાવાને જોયા છે. લોઢાની ઓલી હોય એમાં લોઢાના આવા સરિયા હોય. બબ્બે-ત્રણ ત્રણ તસુ છેટે. એના ઉપર સૂવે. અહીં બધા ગરી જાય.

બધો નમૂનો જોયો છે. ત્યાં ગયા હતા તો જોયો હતો. ગામમાં એવો આવ્યો હોય તો જોવાનું મન થઈ જાય. ચાલો ભાઈ, શું છે ન્યાં? બાર વર્ષથી ઊભો હતો બાવો. અમારે પાલેજ આવ્યો હતો. બાર વર્ષથી ઊભો ને ઊભો. બાર વર્ષથી ઊભો. એક થોડામાં દોરડું બાંધીને આમ હાથ નાખે. પેશાબ ઊભા ઊભા, પાણી ઊભા ઊભા, આહાર ઊભા ઊભા, બધું ઊભા ઊભા. આવા ક્લેશ કરો તો કરો પણ એનાથી કાંઈ આત્માની પ્રાપ્તિ નથી. સમજાણું?

'**અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાङ્મુખ એવા કર્મો...**' એટલે કાર્યો. એ સુકૃત કરો, સુકૃત કરો. આ દયા, દાન, વ્રતાદિ અજ્ઞાનીના. હોં! '**ક્લેશ પામે તો પામો અને બીજા કોઈ જીવો...**' જૈનમાં જન્મેલા '**(મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં)...**' વ્યવહારથી કહેલું હોય ને. '**મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા (-તૂટી મરતા થકા)...**' મહાવ્રત પાળે, તપસ્યાઓ કરે. મહિના મહિનાના અપવાસ. બોલવાની શક્તિ રહે નહિ, તૃષા લાગે. આહાહા..! સમજાણું? તૂટી મર એવી ક્રિયા કરીને પણ આત્માનું જ્ઞાન થયા વિના તને લાભ થાય એવો નથી. પરંપરા થાશે એમ માને છે ને? વ્યવહારથી આવું કરશું ને અપવાસ, તપસ્યા, વ્રત પાળીએ. મહા ઘોર... સમજાણું? દૂધ, દહીં, ખાંડ, સાકર ન ખાવા. ફલાણું ન ખાવું. એક રોટલી અને પાણી. એવી તપસ્યાઓ કર, બહારની ક્રિયાઓ એ જિનાજ્ઞાનો વ્યવહાર કીધો હોય, મહાવ્રત અને સમિતિ, ગુપ્તિ વ્યવહાર કહ્યો છે ને. એ તપના ભારથી. એ તો બધો ભાર છે કહે છે. આહાહા..! એય..! છે એમાં?

'**બીજા કોઈ જીવો (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં)...**' એટલે તો મૂળ તો પરંપરા થાશે એમ આ જૈનમાં જન્મેલા એમ માને ને. આવી ક્રિયા કરશું તો પછી તો થાશે, પરંપરા થાશે. મરી જા તો પણ નહિ થાય, સાંભળને. મહાવ્રતના રાગને તોડીને ભૂક્કો થા ને તું, એમ કહે છે. તૂટી ભગ્ન થયા. તૂટી મરતા થકા બિચારા મરી જાય. શરીર જીર્ણ કરી નાખે અપવાસ કરી કરીને. એય.. ન્યાલચંદભાઈ! ભારે આકરું, હોં! એક મમરા મમરા જ ખાય. લ્યો. મમરા અને પાણી. મમરા સમજો છો? મમરા નહિ? આ ચોખાના થાય. મમરા. ચોખાના થાય ને એ? મમરા કહે ને? શું કહે? મમરી. એ મમરા અને બસ પાણી. મરી જાને, કરને. પણ આત્માની અંતર દૃષ્ટિ વિના, અંતરના ભાન-જ્ઞાન વિના તને કલ્યાણ ક્યાંય નથી. ભારે આકરી વાત. જેમ છે એમ (કહે છે). દુનિયાની સામું ક્યાં જોવું છે કે આ રોજ દુનિયા રાજી થાશે કે નહિ?

અહીં તો '**(-તૂટી મરતા થકા)...**' બિચારા શરીર જીર્ણ થઈ જાય. માંડ ખપે, અઠમ કરે. મહિના-મહિનાના કરે. સમજાય છે? માથે ચોપડે સૂંઠ થોડી. બહુ પાક થયા હોય ને

પછી સૂંઠ ચોપડે. બધા પૂછવા આવે, સાંજે સાંજી કરે. એ તો કહે છે,... આ જૈનમાં રહેલાની વાત છે. સમજાણું? મહાવ્રત ને કોઈ એવી ક્રિયા કરે, એવી ક્રિયા કરે (કે) મરી જાય. '**ક્લેશ પામે તો પામો;...**' એ તો ક્લેશ છે. આહાહા..! મહાવ્રતના પરિણામ એ ક્લેશ છે, રાગ છે, શુભ છે એમ કહે છે. '**જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે,...**' એવો ભગવાન આત્મા એ તો અંતરના જ્ઞાનના આનંદની અંતર ક્રિયા વિના તે પ્રાપ્ત થાય એવો નથી.

મુમુક્ષુ :- સ્પષ્ટ વાત છે.

ઉત્તર :- વસ્તુ એમ છે. એમાં વળી એક ને એક બે થાય. એમાં એક ને એક અઢી થાતા હશે? એવું જે મોક્ષસ્વરૂપ કેવું છે એને .. કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૯, રવિવાર તા. ૩૦-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૫, શ્લોક-૧૪૨, પ્રવચન-૨૯૨**

આ સમયસાર અધિકાર ચાલે છે. ૧૪૨ કળશ છે, કળશ. થોડું ચાલ્યું છે. ફરીને લઈએ. જુઓ! આ અધિકાર શું છે? નિર્જરા. નિર્જરા એટલે? આત્માના શુદ્ધ સ્વભાવનો અનુભવ થતાં કર્મનું ટળવું થાય, મલિન ભાવનો નાશ થાય અને નિર્મળ ભાવની ઉત્પત્તિ થાય તેને નિર્જરા કહે છે. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે આત્મા. જ્ઞાન અને આનંદ એનું સ્વરૂપ છે. એ અનાદિનું છે, કાંઈ નવું નથી. એ સ્વરૂપના ભાન વિના જેટલા કાંઈ આ શુભ-અશુભ ભાવો કરવામાં આવે એ બધાનું ફળ સંસાર અને બંધન છે. ચાહે તો વ્રત પાળે, દયા, દાન કરે, ભક્તિ કરે, પૂજા કરે, જાત્રા કરે એ બધો શુભભાવ બંધનું કારણ છે. ધર્મ નહિ, નિર્જરા નહિ. ઝીણી વાતું બહુ. પોપટભાઈ! ધર્મ અને નિર્જરા તો ભગવાન આત્મા અંતર શુદ્ધ ચૈતન્ય વસ્તુ, જ્ઞાન તેને અંદર જ્ઞાન દ્વારા જ્ઞાનને જાણી, શ્રદ્ધીને વેદતાં જે શુદ્ધતા પ્રગટ થાય ત્યારે તેને ધર્મ થાય. અનંત કાળમાં એ વાત એણે કરી નથી એથી એને એ ગ્રાહ્ય થવી કઠણ પડે છે. એ કહે છે, જુઓ!

'**શ્લોકાર્થ :- કોઈ જીવો તો..**' અર્થ છે ને? '**અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાઙ્મુખ...**' આત્માનો સ્વભાવ ચૈતન્ય આનંદ અને જ્ઞાન છે. એના ભાન વિના એની અંતર ઓળખાણ વિના '**મોક્ષથી પરાઙ્મુખ એવા કર્મો...**' કર્મ એટલે ક્રિયા. જિનાજ્ઞા વિના. વીતરાગની આજ્ઞા બહારની અન્યમતિમાં જે પંચાગ્નિ આદિ તપે છે, એવી ક્રિયાઓ કરે છે તો કરો પણ એનાથી કાંઈ આત્માને લાભ નથી.

'**બીજા કોઈ જીવો (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં)...**' વીતરાગે વ્યવહારથી કહેલાં. પંચ મહાવ્રતના પરિણામ, અનશન, ઉણોદરી આદિનો ભાવ એ શુભભાવ છે એનાથી કોઈ મોક્ષ અને ધર્મ માને છે તો માનો. પણ એનાથી ધર્મ થતો નથી. ભારે!

મુમુક્ષુ :- ધર્મમાં કારણ થાય ને.

ઉત્તર :- બિલકુલ નહિ. એ તો એક રાગ છે. કહો, વલ્લભદાસભાઈ! આકરી વાત છે, બાપુ! ચાલતા સંપ્રદાયથી તદ્દન ફેર છે. એ બધી ખબર છે ને. શું ચાલે છે એ બધું?

કહે છે કે '**મહાવ્રત અને તપના ભારથી...**' જુઓ છે ને? મહાવ્રત પાળો. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પણ એ બધો શુભભાવ છે. એનાથી રહિત જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા, એની અંતર દૃષ્ટિ અને અનુભવ વિના એનાથી કિંચિત્ એ મહાવ્રતથી પણ ધર્મ થતો નથી.

ભારે વાતું, ભાઈ! શું પણ આ બધા માને છે ઈ શું છે?

ભાઈ! અનંત કાળમાં એણે એવું કર્યું છે. એની દૃષ્ટિ શુભભાવથી રહિત ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ જેમાં આનંદ અને જ્ઞાનમૂર્તિ આત્મા છે એની એણે દૃષ્ટિ અને એનો અનુભવ એણે કર્યો નથી. અને એ અનુભવ અને દૃષ્ટિ વિના જેટલું કરવામાં (આવે); મહાવ્રત અને તપો ભાર અનશન કરે, ઉણોદરી કરે, મહિના મહિનાના અપવાસ કરે. એમાં તો બધું તપમાં તો આવી ગયું. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે. તપમાં એ આવી જાય છે. વિનય કરે. એના ભારથી. એ તો ભાર છે કહે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! એ શુભક્રિયાનો રાગ છે.

'**ઘણા વખત સુધી...**' કહે છે, લાખો વર્ષ સુધી કરો ને, એ વ્રતાદિ. '**ભગ્ન થયા થકા (-તૂટી મરતા થકા)...**' શરીર જીર્ણ થઈ જાય. તપ કરીને, વ્રત પાળીને '**(-તૂટી મરતા થકા) ક્લેશ પામે તો પામો;...**' એ તો ક્લેશ છે, રાગનો ભાવ છે. ઝીણી વાતું બહુ પણ ભાઈ! ક્યાં ગયા વળી તમારા મહેન્દ્રભાઈ? ત્યાં બેઠા છે. પાછળ બેઠા છે. ઠીક. લેટ આવ્યા હશે. કહો, સમજાય છે કાંઈ? ઝીણી વાત છે.

આ નિર્જરાનો અધિકાર છે. '**જિનાજ્ઞામાં કહેલાં મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી...**' એક તો તપ કરે, અપવાસ આદિ કરે, મહિના-મહિનાના અપવાસ કરે, એના પારણે લુખા આહાર કરે. પણ વસ્તુ ભગવાન આત્મા એ ક્રિયાના વિકલ્પથી પાર જુદો છે. એના જ્ઞાન વિના તેને એનાથી કાંઈ પણ ધર્મનો લાભ થતો નથી. ભોગીભાઈ! જરી ઝીણી વાત છે આ બધી. અત્યાર સુધી સાંભળી હોય ને મોટી ઘણાં વર્ષ. આવ્યા છે. ચોપડી આપી આજે. આત્મસિદ્ધિ છે ને. અર્થો તો વાંચે તો ખરા, અઠ્યાવીસ વર્ષ પહેલાના. આહાહા..!

કહે છે કે તૂટી (મરે). પાઠમાં તો છે ને ત્યાં? '**भग्नाश्चिरम्**'. '**भग्नाश्चिरम्**' પાઠ છે. શરીર જીર્ણ થઈ જાય. પણ બાપુ! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે એની અંતર દૃષ્ટિ અને સમ્યગ્દર્શન વિના. એ સમ્યગ્દર્શન એટલે આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ છે એની, પુણ્ય અને પાપના રાગભાવથી ભિન્ન પડી સ્વભાવની શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિ અનુભવમાં થવી એને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન વિના, કહે છે કે આવી ક્રિયા કરીને મરી જા, સૂકાઈ જા પણ તને નિર્જરા અને ધર્મ થતો નથી. આહાહા..! શેઠી! આહાહા..! વકીલ આવ્યા. આવો, આવો અહીં. કહો, સમજાણું કાંઈ? આહાહા..! '**ક્લેશ પામે તો પામો;...**' એ તો ક્લેશ કીધો. અરે..! ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- મહાવ્રત પણ?

ઉત્તર :- મહાવ્રત એ રાગનો ભાગ શુભ વિકલ્પ છે, ભાઈ! એને ખબર નથી. આમ

કરું, આમ પાળું, આને મારું નહિ એ વૃત્તિ ઉઠે છે, એક શુભરાગ છે. વસ્તુની ખબર નથી. વીતરાગ પરમેશ્વર...

મુમુક્ષુ :- રાગને ક્લેશ કહો...

ઉત્તર :- રાગ કહો કે ક્લેશ કહો. અજ્ઞાની જેમ અશુભ ભાવ કરે છે રળવાનો, ખાવાનો, પીવાનો, ભોગનો એ અશુભ ભાવ છે, એ ક્લેશ છે, દુઃખ છે. એમ આ શુભ ભાવ એ ક્લેશ છે. અનંત કાળથી સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ કહેલો આત્મા શું છે એના ભાન વિના એ અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો જૈન સાધુ થઈને. પણ આત્મા શું વસ્તુ? ભગવાન કેવળજ્ઞાનીએ શું કહ્યો છે આત્મા? હોં! પરમેશ્વર સર્વજ્ઞે આત્મા કેવો છે એણે કેવો જોયો છે... સમજાણું કાંઈ? એનું અંતરમાં ભાન કર્યા વિના, એના અનુભવ અને સમ્યગ્દર્શન વિના એણે અનંત કાળ ચાર ગતિના ભવ કર્યા છે. ભાઈ! કોઈ વખતે આવા ભાવ કર્યા અને સ્વર્ગમાં ગયો, પણ ન્યાંથી પટકીને ચાર ગતિમાં રખડે છે. ભગવાન તો કહે છે કે ભાઈ! તેં નવમી ગ્રૈવેયકે સ્વર્ગના ભવ અનંત વાર કર્યા છે.

મુમુક્ષુ :- પુણ્યના ફળ મીઠા છે.

ઉત્તર :- પુણ્યનું ફળ ધૂળમાંય મીઠું નથી. કોણ મીઠું કહે છે? એય..! આ ક્લેશ કહ્યું છે ને. એ તો વાત (સંવત) ૧૯૯૨માં પણ કહી હતી. ઘણાં વખત પહેલાં. ૯૨માં આ ભાઈ હતા ને?આ કોણ? ..વાળા. શિવજી. એ શિવજીભાઈ અમારે એક ફેરી ગયા હતા, ૯૨માં ત્યાં .. પુણ્યના ફળ મીઠાં છે. ના. કીધું, મીઠા કેવા? એ પહેલા (સંવત) ૧૯૮૩માં ચારિત્રવિજય હતા ત્યારે આ પ્રશ્ન થયો હતો.. સંવત્ ૧૯૮૩ ભાવનગર. ઉમરાળા ત્યાંથી ગયા હતા. .. પુણ્ય કોને કહેવું? એમ પૂછ્યું હતું. ૮૩ની વાત છે. ૪૦ વર્ષ થયા. કીધું, પુણ્ય એને કહેવું કે શુભભાવ થયો હોય અને પુણ્ય બંધાણા હોય, એને લઈને આ ધૂળ આદિની સામગ્રી મળે. પણ એને ભોગવવાનો ભાવ તો પાપ છે.

મુમુક્ષુ :- ... નાખી દેવી?

ઉત્તર :- નાખે કોણ? લે કોણ? એ તો બહાર પડી છે. ત્યાં ક્યાં ખવાતી હતી? ખાય છે આત્મા? લક્ષ્મીને ખવાય છે? રોટલા, દાળ, ભાત એ ખાઈ શકે છે આત્મા? એ તો જડ છે. આત્મા તો અરૂપી જ્ઞાનઘન છે. એ કાંઈ જડને ખાય? એવી ક્રિયા થવા ટાણે એને રાગ થાય છે કે આ ખાઉં છું. બસ! એ રાગને ખાય છે-રાગને અનુભવે છે. જડને અનુભવે છે? આ તો માટી છે. દાળ, ભાત માટી છે, રોટલા માટી છે, સ્ત્રીનું શરીર માટી ધૂળ પુદ્ગલ છે. અજીવ મૂર્ત છે. ભગવાન આત્મા તો અરૂપી છે. અરૂપીને રૂપી અડતો પણ નથી, કોઈ દિ' અડ્યો પણ નથી. ખબર ક્યાં છે એને? સમજાણું કાંઈ? ભગવાન...

મુમુક્ષુ :- ... થાય ત્યારે ને?

ઉત્તર :- અત્યારની વાત છે. .. ક્યાં વાત છે? આ તો જડ, માટી, ધૂળ છે. જીવમાં અજીવનો અભાવ, અજીવમાં જીવનો અભાવ. એકબીજામાં અભાવ છે. અડે કોને? બહુ ઝીણી વાત છે, બાપુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરના કથનો બહુ ઝીણા છે. કોઈ સાધારણને પચી શકે નહિ. ઉછાળો મારી જાય એવા છે. વલ્લભદાસભાઈ! આખી દુનિયા ચાલે છે ને. ભાઈ! બધી રીતે ચાલે છે. જૈનને ક્યાં (ખબર છે)? જૈનના વાડામાં જન્મ્યા એને ક્યાં ખબર છે શું ચીજ છે? ભોગીલાલભાઈ! આ તો વાડામાં જન્મ્યા. કરિયાતાની કોથળી ઉપર લખ્યા સાકર નામ. એ કાંઈ કરિયાતા મીઠા થઈ જાય? એમ વીતરાગને શું કહેવું છે, એની શ્રદ્ધા-જ્ઞાન વિના અમે જૈન છીએ અને અમે ક્રિયા કરીએ છીએ. કહે છે કે કરિયાતાની કોથળીમાં સાકરના નામ આપ્યા છે. આકરી વાતું, ભાઈ! કહો, સમજાણું કાંઈ?

દેવચંદજી થઈ ગયા છે, ખતરગચ્છમાં. દેવચંદજી થઈ ગયા છે ખતરગચ્છમાં નહિ? એમણે ભગવાનના સ્તવન કર્યા છે. વીસ વિહરમાન ભગવાન બિરાજે છે ને. મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે વીસ તીર્થંકર બિરાજે છે. એક સીમંધર ભગવાન એ પહેલેથી. સીમંધર ભગવાન, યુગમંધર આદિ. વર્તમાનમાં પાંચ.. ત્યાં બિરાજે છે. સમજાય છે? પાંચ મહાવિદેહ છે એમાં એક એક મહાવિદેહમાં ચાર તીર્થંકર બિરાજે છે. એક મહાવિદેહ અહીં જંબુદ્વીપમાં છે, બે મહાવિદેહ બીજે છે. ચાર ચાર તીર્થંકર તો બિરાજે છે. પાંચ મહાવિદેહમાં વીસ તીર્થંકર તો સદાય શાશ્વત હોય છે. કેવળજ્ઞાનીપણે ત્રિલોકનાથ પરમાત્માપણે સમવસરણમાં અત્યારે ભગવાન બિરાજે છે, સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં. સમજાય છે કાંઈ? એમાં એમણે એક સ્તુતિ કરી છે. ચંદ્રાનન ભગવાન આવે છે ને? ચંદ્રાનન ભગવાન આવે છે. એમાં સ્તુતિમાં એ આવે છે કે

દ્રવ્યક્રિયા રુચિ જીવડા જીવ, ભાવ ધર્મ રુચિ હીન,
ઉપદેશક પણ એહવા જી, શું કરે જીવ નવીન રે
ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ.

એ તો ભગવાન કેવળજ્ઞાની (છે), એને કાંઈ સાંભળવું-બાંભળવું નથી. પણ ભક્તો વિકલ્પથી વાત કરે. એ તો સર્વજ્ઞ છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પહેલેથી જાણે છે. જ્યારથી જ્ઞાન થયું ત્યારથી ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા છે. પણ ભક્તો એમ કહે છે કે હે નાથ! આ જગતના પ્રાણીઓ 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા' દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપ એવા વિકલ્પોની દ્રવ્યક્રિયામાં રુચિ છે એની.

'ભાવધર્મરુચિ હીન' પણ એ રાગથી પાર ભગવાન આત્મા આનંદ સ્વરૂપ અને જ્ઞાનમૂર્તિ છે, એની દૃષ્ટિ અને એની સ્થિરતાની ક્રિયા એનાથી રુચિ હીન-રુચિના ઠેકાણા નથી, પ્રભુ!

નેમિદાસભાઈ! ભારે આકરી વાત છે. ભાઈ! સમજાણું? ભાવધર્મ રુચિ હીન. રુચિ ન મળે. 'ઉપદેશક પણ તેહવા.' એમ કહ્યું છે એણે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા ભાવધર્મરુચિ હીન, ઉપદેશક પણ તેહવા.' એને ઉપદેશ એવા મળ્યા. જહલો જોગી અને માલી મકવાણી, બે ભેગા થઈ ગયા. ઓલાને જોઈતું હતું અને ઓલાને કહ્યું. 'શું કરે જીવ નવીન?' પ્રભુ! આ શું કરે તમારો આજ્ઞાનો માર્ગ? વીતરાગ દૃષ્ટિ, વીતરાગી વિજ્ઞાન એવો જે મોક્ષનો માર્ગ એ બિચારા લાવે ક્યાંથી? એને રુચિ નથી. સંભળાવનારા એવા મળ્યા. એય..! વલ્લભદાસભાઈ! આહાહા..! એવી વાત છે. બાપુ!

આ તો અપૂર્વ વાતની વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ દેવ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં-સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા છે. એના મુખમાંથી નીકળેલી વાણી વાસ્તવિક પરમાર્થ ધર્મ શું છે? એ અનંત કાળમાં એણે સેકન્ડમાત્ર કર્યો નથી. સમજાણું કાંઈ? ઈ અહીં કહે છે.

જિનાજ્ઞામાં કહેલા મહાવ્રતાદિ વ્યવહારથી. '**મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા ક્લેશ પામે તો પામો; પરંતુ જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય (રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે...**' દેખો! જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાનને વેદે એવો જે મોક્ષનો માર્ગ એ જ્ઞાનની અંતરની ક્રિયા વિના કોઈ રીતે પામી શકાય એવો નથી. આહાહા..! કહો, મહેન્દ્રભાઈ!

ભગવાન આત્મા વસ્તુ છે ને? શાશ્વત પદાર્થ છે ને? અને શાશ્વત વસ્તુ છે તો એમાં જ્ઞાન, આનંદ એવી શક્તિઓ એટલે સ્વભાવ ગુણો શાશ્વત છે. એવા ગુણના અંતર વેદન વિના સ્વસંવેદન.. એમ કહ્યું છે ને? '**स्वयं संवेद्यमानं**' એ દયા, દાનના વિકલ્પ રહિત આત્મા આત્માથી જાણીને આત્માનું વેદવું શ્રદ્ધા-જ્ઞાન દ્વારા એવો જે '**(અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે) એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈપણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.**' એ કળશની ટીકા. કહો, સમજાણું કાંઈ? છે ને? ભોગીલાલભાઈ! છે કળશ? ઓલા ચોપડા બહુ ફેરવ્યા છે ત્યાં મીલના અને ઓલાના. આ જુઓ તો ખરા કે ભગવાન આ શું કહે છે આ? પોપટભાઈ! આહાહા..!

અરે.. પ્રભુ! કહે છે કે આ વસ્તુ આત્મા એ અંતર જ્ઞાનસ્વરૂપ એ તો જ્ઞાયકનો પુંજ મુડી છે આખી. ચૈતન્યનો દરિયો છે. ચૈતન્યરત્નાકર સ્વભાવ છે. ભાઈ! તને ખબર નથી. એ આત્મા તો અંતર જ્ઞાન દ્વારા, અંતર દ્વારા જ્ઞાનની ક્રિયા, પુણ્ય-પાપના વિકલ્પ રહિત જ્ઞાન સ્વસંવેદનથી જણાય એવા જ્ઞાનની મુક્તિ તો જ્ઞાનના અનુભવ વિના કોઈ દિ' થતી નથી. કહો, દાસ! એય..! ન્યાલભાઈ! ત્યારે શું કરવું આ બધું? આ રસનો ત્યાગ કર્યો

આટલા આટલા વર્ષથી તો એમાંથી કાંઈ લાભ નહિ?

ભાઈ! આ વસ્તુ છે ને. બાપુ! એને ખબર નથી. પરમેશ્વર કેવળજ્ઞાનીએ નિજ સત્તાએ શુદ્ધ (જોઈ છે). સમજાય છે? એ સ્તવનમાં આવે છે.

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.

નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.

હે પ્રભુ! આ આત્માને પણ તમે એવો જોયો છે. તમારા આત્માને જોઈને પૂર્ણ થઈ ગયા એ વાત જુદી. પણ આ આત્માને, દરેક આત્માને પ્રભુ! આપે એવો જોયો છે કે શરીર, વાણી, મન જે કર્મ છે એને ભગવાન! આપે અજીવ તરીકે જોયા છે. આ શરીર, વાણી, અંદર કર્મ આઠ કર્મ ધૂળ અજીવ તરીકે આપે જોયા છે અને અંદરમાં જે પાપના પુણ્યના ભાવ થાય, આ વ્રતાદિના ભાવ થાય, એ વિકલ્પને આપે આસ્રવ તરીકે જોયો છે. હિંસા, જૂઠા, ચોરીના ભાવ એ પાપરૂપ આસ્રવ તરીકે જોયો.

ભગવાન! આપે આત્માને તો એવો જોયો છે કે વિકલ્પથી રહિત નિજ સત્તાએ શુદ્ધ. પરમાનંદની મૂર્તિ શુદ્ધ એવો આત્માને પ્રભુ આપ કેવળજ્ઞાનીએ જોયો છે. એવો હું અંતર જાણું અને અનુભવું ત્યારે ધર્મ થાય એમ કહેવામાં આવે છે. ભગવાન! શું કરે? એને વાત મળતી નથી. વીતરાગના વાડામાં જન્મ્યા એને મૂળ વાત મળતી નથી. ઉપરના ઉપરના પાંદડા તોડે છે અને ઝાડ સાજા, મૂળિયા સાજા. મિથ્યાત્વ ભાવ સાજો. પછી ઉપરના પાંદડા તોડે તો એ પંદર દિ' એ પાછા પાંગરી જવાના. રાગની મંદતા કરી અને આ ક્રિયા કરી. એ તો પાંદડા તોડવાનું છે.

આત્માનું મિથ્યાત્વરૂપી મૂળિયું તોડ્યા વિના અને સમ્યગ્દર્શન આત્માનું પ્રગટ કર્યા વિના એનો જન્મ-મરણનો અંત કોઈ દિ' આવે એવો નથી. એય..! પોપટભાઈ! કહ્યું હતું, કીધું ને બે વાર કહ્યું હતું. ભાઈ પુનમચંદ ગોદિકાને કીધું, આ સોળ લાખ ખર્ચ્યા. હમણાં થયું ને આ? .. તમે સોળ લાખ ખર્ચ્યા અગિયાર દિ'માં, ધર્મ નથી હોં! જરીએ એમાં. ધ્યાન રાખજો. આ સોળ લાખ. ના. હરામ તમે કર્યું નથી આ કાંઈ. ઝીણી વાત છે. એ બધા મકાનો થયા એ તો પરમાણુ અજીવ પુદ્‌ગલની પર્યાય છે ઉત્પાદની. એ પરમાણુઓ કાયમ રહી (ઉત્પાદરૂપે પરિણમ્યા છે).

ભગવાને છ દ્રવ્ય જોયા છે. એમાં રજકણ પણ પુદ્‌ગલદ્રવ્ય જોયું છે. એની અવસ્થા બદલે છે. એ અવસ્થા બદલીને બદલતા બદલતા એ કાર્ય થાય છે. બીજો જીવ એને કરે જડનું તો ઈશ્વર જેમ જગતનો કર્તા માને, એમ આ પરમાણુની પર્યાયનો કર્તા માને તો

બેય મિથ્યાદષ્ટિ સરખા છે. ઈશ્વર જેમ જગતનો કર્તા નથી અને માને છે એમ આ અજ્ઞાની વાડામાં પડ્યા, પરપદાર્થની ક્રિયા જડની થાય અને મારાથી થઈ માને, બેય કર્તાપણાના મિથ્યાદષ્ટિમાં એકસરખા છે. આકરી વાત. ભોગીભાઈ! આકરુ કામ છે, બાપા! પણ હવે આવે (છે). હળવે હળવે આવશે. વલ્લભદાસભાઈ ઘણા વખતથી અહીં આવે છે. બાપુ! આ તો સાચી વાત છે ભાઈ! પણ એને પરિચયમાં આવી નથી. આ તો અંતરની વાતું છે. જેને અનંત કાળમાં એને જાણવામાં આવી નથી. આહાહા..! શેઠી! જુદી વાત છે, બાપુ!

ભગવાન આત્મા આમ ચૈતન્યમૂર્તિ વસ્તુ. કહે છે, શુદ્ધ (છે). ભગવાન! આપે તો એને શુદ્ધ જોયો છે. પુણ્ય-પાપના રાગથી રહિત આત્મા આપે જોયો છે. પુણ્ય-પાપના ભાવ તો આસ્રવતત્ત્વ છે. આ ભગવાન આત્મા તો એ આસ્રવથી ભિન્ન છે. એવા આત્માના અંતર જ્ઞાનનું વેદન, જ્ઞાનથી જ્ઞાનનું જાણવું. જ્ઞાનની વર્તમાન દશા દ્વારા જ્ઞાનને અંદર વેદવું-જાણવું. શ્રદ્ધા, જ્ઞાને વેદવું એ દ્વારા એને નિર્જરા થાય અને ધર્મ થાય. એ વિના લાખ ઉપાય બીજા કરે તો નિર્જરા અને ધર્મ થાય એવું નથી. કહો, દિપચંદજી! બિલકુલ સાચું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પહેલી દશા. એને ઓળખવો અને શ્રદ્ધા કરવી ઈ. પહેલી દશા ઈ. સમજાણું કાંઈ? ભગવાનના વખતમાં શ્રેણિક રાજા આદિ થયા કે નહિ? ભલે પહેલું આયુષ્ય બંધાઈ ગયેલું નરકનું. એ નરકમાં છે અત્યારે. શ્રેણિક રાજા. સાંભળ્યું છે કે નહિ? શ્રેણિક રાજા નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ ગયા છે. પણ સમ્યગ્દર્શન પામ્યા છે, આત્માનો અનુભવ પામ્યા છે. સમજાણું? તીર્થંકરગોત્ર ઉપાર્જ્યું છે. ત્યાંથી નીકળીને પહેલા તીર્થંકર થવાના છે આ ચોવીસીના. આ ભરતક્ષેત્રમાં, આ ભરતક્ષેત્રમાં. શ્રેણિક રાજા અત્યારે પહેલી નરકે છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ (છે). પહેલી ૩૩ સાગરની સ્થિતિ બાંધેલી નરકની. સાચા સંતની અશાતના આદિ કરીને. ત્યાં પછી મુનિ મળ્યા. ભગવાન પાસે સમવસરણમાં ગયા. આત્મજ્ઞાન પામ્યા. પુણ્ય-પાપ વિકલ્પ રહિત મારું સ્વરૂપ છે એવો અનુભવ થયો. સમજાણું કાંઈ? પણ આયુષ્ય બંધાઈ ગયેલું નરકનું. લાડવો વળ્યો એ તો ખાવો જ પડે. એમાંથી પછી કાંઈ ઘી કાઢીને પૂરી થાય નહિ. નરકનું આયુષ્ય બંધાઈ ગયું પહેલું. પછી આત્મધર્મ પામ્યા. આ વસ્તુ પુણ્ય-પાપ રહિત, વિકલ્પ રહિત આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિની દષ્ટિ અને અનુભવ થયો. સ્થિતિ લાંબી હતી નરકની એ તોડી નાખી. ચોર્યાસી હજાર વર્ષની રહી. ચોર્યાસી હજારે ગયા છે અત્યારે. એમાં અઢી હજાર હજી ગયા. બાકી હજી બાકી છે. પહેલી નરકમાં છે અત્યારે શ્રેણિક રાજા. ત્યાંથી નીકળીને આવતી ચોવીસીમાં જેવા ભગવાન મહાવીર હતા એવા તીર્થંકર થવાના છે. સમજાણું કાંઈ? સાંભળ્યું છે કે નહિ કોઈ દિ'? એય..!

ભોગીભાઈ! સાંભળ્યું છે કે નહિ આ? ભગવાન જાણે. મીલના ધંધા આડે ક્યાં આમાં સૂઝે કાંઈ? ભાઈએ નથી સાંભળ્યું? લાલુભાઈ! ઘણી વાર એ વાતું તો સંપ્રદાયમાં તો બહુ ચાલે છે બહાર. એ તો સંપ્રદાય સાધારણમાં ચાલે છે એ તો.

એ કોનો પ્રતાપ? કે આત્મા અંદર પુણ્ય-પાપના જે આ વિકલ્પ છે રાગ મહાવ્રતાદિ, એનાથી ભિન્ન (છે) એવો અંતર અનુભવ અને સમ્યગ્દર્શન થયું. ત્યાગ નહોતો, વ્રત નહોતા, પચ્ચખાણ નહોતા છતાં તીર્થંકરગોત્ર બાંધ્યું. અત્યારે પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની (સ્થિતિએ છે). એમાંથી ૨૫૦૦ ગયા, ગયા હજી ૮૧૫૦૦ બાકી છે. નીકળશે આવતી ચોવીસીમાં જ્યારે. ત્રીજી આરે. આ તો પાંચમો આરો છે, પછી છઠ્ઠો આવશે. પછી પહેલો, બીજો આવશે. પછી ત્રીજે આવશે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ છે. પહેલા તીર્થંકર થવાના. ત્રણ કાળ અને ત્રણ લોકનું જ્ઞાન થશે. ઈન્દ્રો આવશે. એ બધો પ્રતાપ એ સમ્યગ્દર્શનની વાત ચાલે આ.

સમ્યગ્દર્શન કોને કહેવું? કે એ દયા, દાન અને વ્રત, ભક્તિના પરિણામ છે એ બંધના કારણ. મારું સ્વરૂપ એનાથી જુદું. એમ અંતરમાં આત્માની દૃષ્ટિ અને અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! શેઠી! એ સમ્યગ્દર્શન વિના કહે છે, મરી જા ક્રિયાકાંડ કરીને, તારા વ્રત ને નિયમ. તપ અને ક્લેશ (કરીને) તૂટી મરને, ચૂરો થા ને. આત્માને કાંઈ લાભ નહિ થાય. ભાઈ! ભાષા સમજાય છે? થોડી થોડી. જુઓ શું કહે છે? અમૃતચંદ્રાચાર્ય કહે છે. ૯૦૦ વર્ષ પહેલા દિગંબર સંત મુનિ વનવાસમાં રહેતા. આનંદમાં ઝુલતા.

કહે છે કે ભાઈ! આત્માનું જે વેદન... દેહ તો પર છે, માટી-ધૂળ છે આ તો. પણ પુણ્ય-પાપના ભાવ જે આ મહાવ્રત અને અવ્રતનો ભાવ એ પાપ અને મહાવ્રતનો ભાવ એ પુણ્ય, એ બેય રાગ છે. એનાથી જુદી ચૈતન્યમૂર્તિ, એનો અનુભવ અને મુક્તિ એ જ્ઞાનસ્વરૂપના વેદન વિના, પ્રતીત વિના, અનુભવ વિના ત્રણ કાળમાં આત્માની મુક્તિ થતી નથી. ભારે વાતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ક્રિયા. પહેલી સમ્યગ્દર્શનની ક્રિયા. કીધું ને ભાવધર્મ. આહાહા..! પણ એ વાતેય હજી સાંભળી ન હોય એને કે દિ' માને? કે દિ' કરે? આ એમ ને એમ જીંદગી ચાલી જાય. એમ ને એમ ૫૦-૫૦, ૬૦-૭૦-૭૦ ગયા. મહેન્દ્રભાઈ! જયપુર જેવી મોટી નગરી. ક્યાંય બિચારાને કાંઈ ખબર ન મળે. જૈનપુરી. ત્રણ હજાર તો ઘર જૈનના. ૨૦૦ તો મંદિર હશે. જયપુરમાં ૨૦૦ મંદિર. મોટું ગામ જયપુર. ત્યાંના છે. .. એ હતા ને કર્તા. કહો, સમજાણું કાંઈ? ધૂળમાંય નહોતું કર્યું. અહીં તો પરનું કરી શકતો જ નથી ને. એની

વાત છે અત્યારે. આરે.. આરે..! ભારે વાત. દાસ. ઓળખો ને તમે? આહાહા..!

કહે છે, એ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈપણ રીતે પ્રાપ્ત કરી શકતા નથી. છે છેલ્લો શબ્દ? એ પ્રભુ આત્મા ચૈતન્યમૂર્તિ તેનું જ્ઞાન અંતરમાં જ્ઞાન કરીને, અંતરમાં શ્રદ્ધા કરીને ઠરવું એવી જ્ઞાનની ક્રિયા વિના તેની મુક્તિ અને નિર્જરા કોઈ દિ' થતી નથી. આકરી વાત છે, બાપા!

'**ભાવાર્થ :- જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.**' ક્રિયાકાંડ જે કર્મકાંડ જેટલા કરે એનાથી બંધન થાય. આહાહા..!

હવે એની વ્યાખ્યા ૨૦૫. મૂળ શ્લોક ૨૦૫. ઓલો કળશ હતો. આ હવે મૂળ શ્લોક કુંદકુંદાચાર્યનો. ૨૦૫.

**णाणगुणेण विहीणा एदं तु पदं बहू वि ण लहंते।**
**तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं।।२०५।।**

એનો નીચે શ્લોક છે હરિગીત. નીચે. એ મૂળ શ્લોક છે ને? એનું હરિગીત કર્યું છે. મૂળ શ્લોકને અડીને અમારે પંડિતજી છે આ. બહુ હુશિયાર. તમે ન ઓળખો. હરિભાઈ! આ પંડિત છે અમારા. હિંમતભાઈ પંડિત છે જુઓ આ. એમણે આ બધું બનાવ્યું. બહુ હુશિયાર છે. બોલે બહુ (ઓછું), ઠંડા માણસ છે. શું કહે છે?

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;**
**રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.**

મૂળ શ્લોકનું હરિગીત કર્યું છે. લોકોને સાધારણમાં (ખ્યાલ આવે).

એની ટીકા. એની ટીકા. શ્લોક છે ને? એની ટીકા છે. જુઓ! પહેલો શબ્દ છે '**કર્મમાં (કર્મકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી...**' છે પહેલી લીટી? ભોગીભાઈ! કર્મમાં. કર્મ એટલે ક્રિયાકાંડ. ક્રિયાકાંડ એટલે કહ્યું ને માથે? આ વ્રત પાળું, આ દયા પાળું, આ ભક્તિ કરું, આ પૂજા કરું, આ જાત્રા કરું એવો બધો શુભભાવ. એ શુભભાવ તે ક્રિયાકાંડ છે. પરલક્ષી વૃત્તિ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ક્રિયાથી તો ધર્મ થાય.

ઉત્તર :- ધૂળમાંય નથી થાતો. ઈ જ વાતના વાંધા ઉઠ્યા છે ને જગતની સાથે. વીતરાગને અને માર્ગને આમ વાંધા ઉઠ્યા છે, ભાઈ! એ કર્મ એટલે ક્રિયાકાંડ.

એ '**(ક્રિયાકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી...**' એ ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, લુખ્ખા ખાવા, અનશન કરવું, આ પૂજા, ભક્તિ, જાત્રા, પાંચ પચ્ચીસ લાખ

ખરચવા. એય..! પોપટભાઈ! અહીં તો ચોખ્ખી વાત છે. અહીં કાંઈ ગુપ્ત વાત નથી.

મુમુક્ષુ :- ... ઉપાધિ કેટલી ઘટી જાય.

ઉત્તર :- શું ઉપાધિ ઘટી જાય? રાગ રુચિ ઘટી જાય. એમ કે સાંભળ્યા પછી ઓલા પૈસા રાખે ને એ પૈસા ખરચવા ઘટી જાય, મટી જાય. એય..! એ અમારે દલાલ છે ને. કોણ રાખી શકે અને કોણ મૂકી શકે? ભાઈ! તને ખબર નથી. ભાઈ! એ જડ પદાર્થ છે, પ્રભુ! એ અજીવ વસ્તુ છે. સમજાણું કાંઈ?

આ તો એક વિચાર ભાઈ, ઓલો આવ્યો હતો. ... એક ફેરી ચાંદમલજીએ પૂછ્યું હતું, ઉદયપુરમાં પૂછ્યું હતું. એમ કે તમે વ્યવહારને મહારાજ, જૂઠો કહો છો. તો આત્મા છે એને, છએ દ્રવ્ય ભગવાને જોયા છે. તો ભગવાને જોયા એ વસ્તુ નિત્ય પણ છે, અનિત્ય પણ છે. અનિત્ય છે ને. બદલે છે ને? દરેક છ દ્રવ્ય ભગવાને જોયા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ આ રજકણ જડ, પુદ્‌ગલ. એનાથી એક બીજું ધર્માસ્તિકાય છે, હોં! એ જૈનમાં જ હોય. બીજે ક્યાંય અન્યમાં હોતું નથી. પરમેશ્વરે જોયેલું એક ધર્માસ્તિ તત્ત્વ છે. ચૌદ બ્રહ્માંડમાં જીવ અને જડ ગતિ કરે ને? તો નિમિત્તરૂપે ધર્માસ્તિ નામનો પદાર્થ. ભગવાન કેવળજ્ઞાનીએ જોયેલું છ દ્રવ્યનું સ્વરૂપ. એક અધર્માસ્તિ નામનું તત્ત્વ છે કે જે જડ અને ચૈતન્ય ગતિ કરે અને સ્થિર થાય એમાં નિમિત્ત થાય. એક કાળ છે. .. અને એક આકાશ સર્વવ્યાપક છે.

એ ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય (જોયા છે). અનંત કેવળીઓ અનંતા થતા આવે છે. નવા નથી કાંઈ. અનાદિ ભગવાને છ દ્રવ્ય જોયા છે જાતિએ. સંખ્યાએ અનંત. એમાં એમ કે દ્રવ્ય છે એની પર્યાય તો વ્યવહાર છે. એમ કહ્યું ભાઈએ. સમજાય છે? આ બદલે છે ને દરેક આત્મા? આત્મા બદલાય. બદલે છે ને આ પરમાણુ? જુઓ! ક્ષણે ક્ષણે. અવસ્થા બદલે છે. પહેલા પરમાણુ હતા એ ધૂળના હતા, પછી ઘઉંના થયા, પછી લોટ થયો, પછી અત્યારે લોહી થયું. પરમાણુ છે ને? પરમાણુ. મૂળ પોઈન્ટ છે એ કાયમ રહે અને એની અવસ્થા બદલ્યા કરે, રૂપાંતર થયા કરે. એમ આત્મા પણ વસ્તુ તરીકે કાયમ રહે છે. એના વિચારો, એની અવસ્થાઓ, એના વિકલ્પો અવસ્થાઓ બદલ્યા કરે. ત્યારે એ અવસ્થા છે એ પણ એમ કે વ્યવહાર છે, એમ કહ્યું ભાઈએ. પણ એ અવસ્થા છે ઈ પોતાના અભેદની અપેક્ષાએ સદ્‌ભુત વ્યવહાર છે અને પરની અપેક્ષાએ કાઢી નાખો તો એ નિશ્ચય છે. અને પર વસ્તુનો કર્તા આદિ કહેવો હો એ તો અસદ્‌ભુત જુઠું તદ્દન છે. આ વસ્તુ જુદી અને ઓલી જુદી વાત છે. સમજાણું કાંઈ?

પોતાની પર્યાયનો કર્તા કહેવો એ સદ્‌ભુત વ્યવહારનું વચન છે. અને પરનો કર્તા કહેવો

એ તો અસદ્ભુત વ્યવહારનું વચન જૂઠું છે તદ્ન. ભારે વાત. વસ્તુ ભગવાને છ દ્રવ્યો સ્વતંત્ર જોયા છે અનાદિના છે. કોઈએ કર્યા નથી. કોઈ કર્તા-બર્તા છે નહિ. વસ્તુ જ એવી અનાદિની છે એમાં છ પ્રકારની જાતિ છે, સંખ્યા અનંત છે. આત્મા અનંત છે અને આ પરમાણુ અનંત છે. કોઈના કર્યા-ફર્યા કોઈના નથી. કોઈ ઈશ્વર-બિશ્વર કર્તા નથી. વસ્તુ સ્વતઃ છ દ્રવ્યથી ભરેલો ચૌદ બ્રહ્માંડ અનાદિઅનંત છે એમ ને એમ. એમાં એક એક આત્મા અને એક એક પરમાણુ કાયમ રહે એનું નામ ધ્રુવ છે અને અવસ્થા બદલે એ અનિત્ય છે. સમજાય છે? નિત્યાનિત્ય વસ્તુ છે. વેદાંત તદ્ન કહે છે કૂટસ્થ છે એમ પણ નથી અને બૌદ્ધ કહે છે કે તદ્ન ક્ષણિક છે એમ પણ નથી.

આ તો ભગવાને જોયેલું એવું તત્ત્વ છે. નિત્ય અને અનિત્ય. તો નિત્ય છે એ તો ધ્રુવ છે કાયમ. અનિત્ય બદલાય છે. બદલાય છે એક એક સમયની અવસ્થા તો એને પણ પર્યાયનયને વિષય ગણીને વ્યવહાર કહ્યો છે. પણ એ પર્યાય તો વ્યવહાર કહ્યો એ સદ્ભુત વ્યવહાર નિશ્ચયથી. સદ્ભુત વ્યવહારથી કહ્યો છે. સમજાણું? અને પરનો કર્તા હજી કહેવો એ તો અસદ્ભુત છે, એ તો જૂઠું છે. પરનો કર્તા આત્મા હોઈ શકે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ક્યારની વાત કરો છો?

ઉત્તર :- આ અત્યારની વાત કરી છે. ક્યારની વાત ચાલે છે આ?

ન્યાયથી તો કહેવાય છે કે આ આત્મા છે એમાં બે અંશ છે. એક અંશ ધ્રુવ છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ આમ ભગવાનનું વચન છે. તત્વાર્થસૂત્રનું. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ અને સત્ દ્રવ્ય લક્ષણં. દરેક વસ્તુ ક્ષણે ક્ષણે નવી અવસ્થાથી ઊપજે છે, જૂની અવસ્થાથી વ્યય, અભાવ થાય છે અને ધ્રુવપણે કાયમ ટકી રહે છે. એવું વસ્તુનું સ્વરૂપ જ છે. અનાદિનું કોઈએ કર્યું નથી. તો ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ અને સત્ દ્રવ્ય લક્ષણં. દ્રવ્ય એટલે વસ્તુનું એ જ લક્ષણ છે. દરેકનું. કોઈએ કરેલું નથી. હવે જ્યારે વસ્તુ એવી છે તો દરેક આત્મા ધ્રુવ પણ છે, નિત્ય કાયમ ટકે છે, અવસ્થા બદલે છે.

હવે અવસ્થાના બદલવામાં બે પ્રકાર. એક જ્ઞાન દર્શનાદિની પર્યાય બદલે છે અને એક રાગાદિના વિચારો બદલે છે. સમજાય છે કાંઈ? તો રાગાદિ છે એ ખરેખર એનું સ્વરૂપ નથી. અને જ્ઞાન-દર્શન કાયમ રહેનારા છે એ બદલે છે એ એની પર્યાયનો ધર્મ છે એનો. પણ જ્યારે નિશ્ચય જ્યારે કહેવું હોય કે વસ્તુ ભૂતાર્થ ત્રિકાળ છે એનો આશ્રય કર. જ્ઞાયકમૂર્તિ (ભૂતાર્થ), પર્યાય અભૂતાર્થ. એ તો આશ્રય કરાવવા. પર્યાય તરીકે પર્યાય-અવસ્થા છે. પણ એ રીતે જેમ છે એમ પરવસ્તુની પર્યાય પણ આત્મા પાસે છે કે એનો કર્તા છે એમ છે નહિ. આહાહા..! આમ તો ભાઈ! પર્યાયમાં તો બેય આવે ને? ચારેય નયો કીધી છે ને?

ચારેય નયો અભૂતાર્થ છે. વ્યવહાર સદ્ભુત ઉપચાર. લાંબી વાત છે જરી. આ તો અત્યારે મગજમાં (આવ્યું એટલે કહ્યું). સમજ્યાને? થોડું વાંચ્યું છે ને એમાંથી.

ભાઈ! વીતરાગમાર્ગને જાણવો, ઓળખવો મહા પુરુષાર્થથી જણાય છે, બાપુ! એ કોઈ સાધારણ વાત નથી. એલએલબી જેવું ભણે તોપણ કાંઈક વર્ષ જોવે છે એને. મફતનું પૂછડું વળગાડીને. હવે એમાં મળે પાંચસો હજારનો પગાર, એ પુણ્યને લઈને મળે છે. ત્યાં ક્યાં એની બુદ્ધિથી મળે છે? ભણ્યો માટે મળે છે એમ છે કાંઈ? ઘણાં જોયા બેરિસ્ટર ઘરના રોટલા ખાતા. ભણ્યો બેરિસ્ટર અને ઘરના રોટલા ખાય. કોઈ ઘરાક પણ ન આવે. અને આ રામજીભાઈ કાંઈ ભણ્યા નહોતા. અને ઘરે ઘરે આવતા દેવા. લ્યો રે લ્યો લ્યો. એ તો પુણ્યની વાતું હતી, હોં! એ કાંઈ રામજીભાઈને કારણે નહિ, આત્માને કારણે નહિ ત્યાં. એય... વજુભાઈ! અહીં તો આપણે ચોખ્ખી વાત છે. ભણ્યા માટે આ પૈસા આવે છે એમ પણ નથી. એ તો પૂર્વના પુણ્યના રજકણો પડ્યા છે એ જ્યારે પાક કાળે આવે (ત્યારે) સોગઠી ગોઠવાઈ જાય. ત્યાં બહારથી દેખાય. આ મૂઢ માને કે મેં આવી વ્યવસ્થા કરી માટે મને મળ્યું. ધૂળમાંય નથી.

મુમુક્ષુ :- કેટલી મહેનત કરવી પડે...

ઉત્તર :- ધૂળેય મહેનત કરી નથી. શું કરવી પડતી હતી ત્યાં?

મુમુક્ષુ :- મહેનત બધા કરે છે.

ઉત્તર :- બધા કરે છે. મહેનત તો ઘણાંય કરે છે. વજુભાઈ ઠીક કહે છે. પણ છતાં મળતું નથી. અને બુદ્ધિના બારદાન જેવા (હોય). અમે તો નાની ઉંમરથી જોયા છે ને. અત્યારે ૭૮ વર્ષ થયા. ઘણાંને જોયા છે ને નાની ઉંમરથી આવડા આવડાને. મોટા કરોડોપતિ થઈ જાય. લ્યો, આ પુનમચંદ. એના ભાઈ. બીજા ઘણાય છે. આ તમારે શાંતિલાલ ગોવાવાળા. શાંતિલાલ ખુશાલ. ચાલીસ કરોડ અને અબજનું એલ્યુમિનિયમ નીકળ્યું હમણાં. કહો હવે. એ તો બધી પુણ્યની વાતું છે, કેવા છે એ તો બધા સમજવા જેવા. એય..! એના ભાઈ થાય છે. ધૂળમાં બધા કેમ છે.. બાપુ! દુનિયાને જોઈ નથી અમે?

ભગવાન તો કહે છે કે બાપુ! તારું ભણતર લૌકિકનું એ અજ્ઞાન છે અને પૈસા મળવા એ ડહાપણને લઈને નહિ. એ પણ પૂર્વના પુણ્ય પડ્યા હોય તો તેને કારણે પુણ્ય ખરે છે, ગળે છે, પૈસા મળે ત્યારે તને એમ થાય કે મને મળ્યા. ભગવાન કહે છે, પુણ્ય બાંધ્યું હતું એ ટળી ગયું તારું. નોટ ગઈ તારી અને મળે એમ દેખાય. તે તને ક્યાં મળ્યું? તને તો એમ થયું મને મળ્યા. મમતા મળી છે તને. શેઠ! અહીં તો જે સત્ય વાત છે એમ છે. દુનિયાને માખણ-બાખણ કરે એકબીજાને કે તમારે ધર્મ થઈ ગયો, તમારે ધર્મ થઈ ગયો.

જાવ. તમે બે લાખ ખર્ચો એટલે ધર્મ. ધૂળમાંય નથી હવે. સાંભળને હવે. તારા દસ લાખ શું કરોડ ખર્ચી નાખને. એ તો કરોડ જડ હતા, અજીવ છે. એ અજીવની પર્યાય તારાથી થઈ છે?

અહીં તો કહે છે કે તારું જે સ્વરૂપ છે-વસ્તુ ધ્રુવ ચિદાનંદ મૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. એની અવસ્થામાં દયા, દાન, ભક્તિ, વ્રતના, પૂજાના ભાવ થાય એ બધી ક્રિયાકાંડના પુણ્યના પરિણામ છે. એ સંવર-નિર્જરા નહિ. આહાહા..! કહો, રાજમલજી! કહે છે, કર્મકાંડમાં એટલે એ ક્રિયાકાંડના પરિણામમાં '**જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી...**' આહાહા..! એવી ક્રિયાકાંડે તારો આત્મા વિકાસને પામે એમ ત્રણ કાળમાં બને નહિ, એમ કહે છે. કહો, સમજાય છે કે નહિ આમાં? એય.. હિંમતભાઈ! વેપાર-બેપાર કરે એમાં બે-પાંચ-પચાસ હજાર મળે ત્યાં તો એમ થઈ જાય કે આહાહા..! ધૂળેય નથી, સાંભળને હવે તારા રૂપિયા કોણ..

અહીં તો કહે છે કે પુણ્યના પરિણામ કર્યા એ પણ ધર્મ નથી. આહાહા..! ભારે વાતું. આવા ભાવ તો તેં અનંત વાર કર્યા છે, બાપુ! સ્વર્ગમાં અનંત વાર ગયો છે. નરકના ભવ અનંત. મનુષ્યના અનંત થોડા. એથી અનંત અસંખ્યગુણા નરકના કર્યા છે. ભગવાને સરવાળો કર્યો છે ચાર ગતિનો. આને ખોટ કેમ ગઈ ચાર ગતિમાં? કેટલી? બે લાખની ખોટ જાય. કરે ને ચાર ધંધા. કાપડમાં આટલા ગયા, કપાસમાં આટલા ગયા, ઝવેરાતમાં આટલા ગયા. એમ ભગવાને, આ નુક્સાન ચાર ગતિમાં જીવને ગયું કેવી રીતે? ત્યારે એમ કીધું કે ભાઈ, થોડામાં થોડા એણે અનંતા મનુષ્યના ભવ કર્યા છે અનંત ભવમાં. અનંત. કર્યા છે ને અનંત દરેકે? એથી અસંખ્ય ગુણા અનંત નરકના કર્યા છે. પહેલી નરકથી સાતમી નરકના ભવ. વસ્તુ છે હોં! હંબક નથી. બધું અસ્તિ છે અંદર. શિકાર, માંસ ખાધેલા, શિકાર કરેલા, લંપટીઓ કર્યા મહા. સમજાય છે? દેડકા મરે એવા ધંધા કર્યા. મરીને ત્યાં પાર્લામેન્ટ ભરાય છે નીચે. નીચે નરકમાં જાય છે બધા. એવા ભવ પણ અનંત વાર કર્યા. આથી અસંખ્યાગુણા અનંત. એ કરતા અસંખ્યગુણા અનંત દેવના તેં કર્યા છે, એમ કહે છે ભગવાન તો. પશુ ઘણાં છે ને, પશુ-તિર્યંચ. એમાંથી મરીને સ્વર્ગમાં અનંત વાર ગયો છે. નરકના ભવ કરતા અનંતા તો ખરા એના પણ આના કરતા અસંખ્યગુણા અનંતા. અને એના કરતાં આ બટાટા, શક્કરકંદ, લીલ, ફુગ આદિ અનંતગુણા ભવ કર્યા છે. અનંતા તો ચારેયના. પણ એકબીજા કરતા (ચઢિયાતા).

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બધી દુકાને ખોટ હતી. લાભ કે દિ' હતો? એય..! એમ કે આ માણસપણું પામ્યો સ્વર્ગમાં ગયો એ લાભ હતો. ધૂળેય નથી. ખોટના ધંધા છે બધા. સાંભળને! એય..

પોપટભાઈ! સ્વર્ગ મળ્યું... ઈ તો અહીં કહે છે. આહાહા..!

ચાર ગતિ રહિત આત્માની જે મોક્ષની ક્રિયા એ તેં કોઈ દિ' કરી નથી. આહાહા..! પણ એને સમજવી કઠણ પડે. માથું ફરી જાય. ... ભાઈ! એ ભલે હો. શુભભાવ હો એ અશુભથી બચવા માટે. પણ એ છે પુણ્યબંધનું કારણ. સંવર, નિર્જરા અને ધર્મ એનાથી માને (એ) મિથ્યાદષ્ટિ મૂઢ વીતરાગની આજ્ઞા બહાર છે. શેઠી! એને પહેલું હતું ને બધું. હવે હળવે હળવે છોડે છે. બધું હતું પહેલું. જુઓ! આ વાત છે. છે એમાં? વાંચ્યું છે ક્યાં. ઘરે વાંચ્યું હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાંચે છે હમણાં ઘણાં વખતથી. અહીં મકાન કરાવ્યા પચાસ હજારના. ત્યાં રહે છે. એમના ઓળખીતા છે. રહે છે ત્યાં. જયપુરથી. ઘણો વખત ત્યાં વયા જાય. પાછળ મકાન છે. પચાસ હજારના મકાન કર્યા છે. સાંભળવા માટે. આ બધા સાંભળવા માટે મકાન કર્યા છે. અહીં તો પાડા બેસતા હતા. અહીં તો પાડા બધા બેસતા હતા. જંગલ હતું. (સંવત) ૧૯૯૪માં મકાન બન્યું. ૯૧માં આવ્યા હતા. ત્રણ વર્ષ આ ભાઈના (મકાનમાં રહ્યા). નથી આવ્યા હીરાભાઈ? એના મકાનમાં રહ્યા. મકાન છે ને ત્યાં? ત્રણ વર્ષ ત્યાં રહ્યા. પછી આ ૯૪માં બનાવ્યું. ૯૪માં વૈશાખ વદ-૮. ૩૨ વર્ષ થયા. અહીં પાડા બધા બેસતા. હવે અત્યારે માણસ બેસવા લાગ્યા.

અહીં ભગવાન એમ કહે છે કે સાંભળ! વીતરાગદેવ ત્રિલોકનાથ પરમાત્મા દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણની અંદર ગણધરની હાજરીમાં અને સિંહ અને વાઘ સાંભળવા આવતા એની હાજરીમાં. ભગવાનના સમવસરણમાં સિંહ અને વાઘ પણ આવે છે ને સાંભળવા. જંગલમાંથી સિંહ અને વાઘ ગલુડીયા જેવા થઈને આવે છે. વાઘ અને સિંહ આવે, નાગ આવે મોટા જંગલમાંથી સાંભળવા. પરિષદમાં અત્યારે બિરાજે છે ત્યાં ભગવાન પાસે આવે છે. અહીં ભગવાન હતા ત્યારે આવતા. વાઘ અને સિંહ, હોં! એની સમક્ષમાં ભગવાને આ કહ્યું હતું કે હે જીવ! હે આત્મા! જેટલી તેં પાપની ક્રિયા હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કમાવું પાપ. એ તો પાપ છે. પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ પુણ્ય છે. એ પુણ્યની ક્રિયા કરીને મરી જા અને ચૂરો થા. તોપણ ધર્મ થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- બેય વસ્તુ સરખી કેમ?

ઉત્તર :- બંધનું કારણ છે એ અપેક્ષાએ. બેય બંધના કારણની અપેક્ષાથી સરખી. પુણ્ય પણ બંધનું કારણ છે, પાપ પણ બંધનું કારણ છે. ભાઈ એ જરી.. પુણ્યમાં કષાય મંદ

છે પણ છે બંધનું કારણ. અબંધસ્વરૂપ નથી. પાપના પરિણામ છે આકરા તીવ્ર છે કષાય અને આ પુણ્ય પરિણામ મંદ કષાય છે. પુણ્ય બાંધે છે. પણ એનાથી ધર્મ છે (એમ નથી). જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ છે કે નહિ? તો ઓલા જે તીવ્ર હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપ પરિણામ છે અને દયા, દાન, ભક્તિ પુણ્ય છે. અને બેય થઈને આસ્રવ છે એ. ઝીણી વાત છે.

મુમુક્ષુ :- બેય સમતોલ થાય તો જ મોક્ષ થાય ને.

ઉત્તર :- ના ના. એને કાઢી નાખે તો. સમતોલ નહિ. એની રુચિ છોડી દઈને. લાલુભાઈ! જરી ઝીણી વાત છે બાપા! એ હો. પણ એનાથી રુચિ છોડી અને જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદની દૃષ્ટિ અને અનુભવ કરે ત્યારે ધર્મ અને નિર્જરા થાય. બંધના પરિણામની રુચિ છોડી અબંધ સ્વરૂપ ભગવાન આત્મા ચિદાનંદ મૂર્તિ, એની દૃષ્ટિ અને જ્ઞાન કરે ત્યારે તેને નિર્જરા અને ધર્મ થાય. એવી વાત છે, બાપુ! જગતને આવું સાંભળવા મળતું નથી. બહારથી અત્યારે માણસ આ કરો ને આ કરો. તમને થઈ જશે ધર્મ, જાવ. અને ઓલો બિચારો ખુશી થઈ જાય થોડું કર્યું હોય ને ત્યાં. શેઠી!

'**(કર્મકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી...**' ભાષા જુઓ! કર્મકાંડ એટલે ક્રિયાકાંડ. કર્મ એટલે જડ કર્મ એમ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તે ક્રિયાકાંડ એનું નામ કર્મકાંડ. એમાં આત્માનું પ્રકાશવું નહિ હોવાથી. જ્ઞાન એટલે આત્મા, આત્મા એટલે જ્ઞાન. જ્ઞાન અને આત્મા બેય એક. જેમ સાકર એટલે ગળપણ અને ગળપણ એટલે સાકર. એમ જ્ઞાન ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનનું પ્રકાશવું. એટલે આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મશાંતિ એનું પ્રકાશવું કર્મકાંડમાં નહિ હોવાથી. '**સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી;...**' આહાહા..! સઘળાંય ક્રિયાકાંડના પરિણામથી આત્માની પ્રાપ્તિ થતી નથી. સમ્યગ્દર્શન થતું નથી, સમ્યગ્જ્ઞાન થતું નથી, સમ્યક્ચારિત્ર થતું નથી એમ કહે છે.

'**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ છે ચૈતન્ય એની અંતર દૃષ્ટિ કરવાથી. એ પુણ્ય-પાપના વિકલ્પો હોવા છતાં તેની રુચિ છોડીને અંતર જ્ઞાયક ભગવાન આત્મા તેની જ્ઞાનમાં રુચિ કરવાથી '**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું...**' શુદ્ધ વસ્તુમાં શુદ્ધનું પ્રકાશવું. પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**' ભાષા જુઓ. કેવળ એક જ્ઞાનથી જ એટલે આ જ્ઞાન એટલે આ જાણવું એમ નહિ. અંતર જ્ઞાન સ્વરૂપ છે તેની અંતર પ્રાપ્તિ દૃષ્ટિમાં કરવી. સ્વભાવ સન્મુખ થઈ અને આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો, શાંતિમાં, સ્થિરતામાં લેવો એનું નામ જ્ઞાનનું જ્ઞાનમાં પ્રકાશવું કહેવામાં આવે છે. ભારે વાત. મગજમાં

પેસવી કઠણ પડે એવી વાતું. કહો, સમજાય છે કાંઈ? છે કે નહિ એમાં?

બાહ્ય દિગંબર થઈને મરી જાત સૂકાઈને. બચી ગયા? એ દિગંબર સાધુ થવાના હતા. સાંભળો તો ખરા, બાપા! હજી સમજ્યા વિના લૂગડા કાઢીને નગ્ન થઈ જાય તો થઈ ગયા સાધુ? એ બાજુના છે દક્ષિણના. સોલાપુરના? મૂળ સોલાપુરના? મૂળ સોલાપુર? ઠીક. અને એક દિલ્હીના નહિ? શાંતિભાઈ આવે છે. એ બાયડી-છોકરાવાળા છે, હોં! એ દિગંબર સાધુ થવાના હતા. નગ્ન દિગંબર. ત્યાં વિદ્યાનંદજી ને. બાપા! સાંભળો તો (ખરા). હજી સમજ્યા વિના નાગા થઈને ફરશો. આ તત્ત્વનું તો ભાન ન મળે. વસ્તુ ભગવાન કહે છે આત્મા શું? આ પુણ્ય-પાપ પૃથક્ શું? આ રાગ-દ્વેષ શું? વીતરાગતા અંદર શું? એના હજી વિવેકના ઠેકાણા નહિ અને પાધરા સાધુ થઈને બેઠા. લ્યો આ સાધુ. ધૂળેય સાધુ નથી. ભારે આકરી વાત. આ તો મુંડાવે ફટ દઈને, જાવ. ભાઈ! બાપા સાધુ.... માણસપણા મુશ્કેલ હૈ સાધુ કહાંસે હોય? બાપુ! વીતરાગ પરમેશ્વર કહે છે એ સાધુ. એ વાત તો... જેને ગણધર નમસ્કાર કરે એ સાધુપદ બાપા! કોઈ જુદી ચીજ છે. લોકોને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી...**' જ્ઞાન એટલે આત્મા ચૈતન્ય પ્રભુ, એની અંતરમાં એકાગ્ર થવાથી જે જ્ઞાન પ્રકાશે શ્રદ્ધા થાય, જ્ઞાન થાય, સ્વસંવેદન જ્ઞાન થાય અને શાંતિ એટલે ચારિત્ર થાય. એ ચારિત્ર એટલે જ્ઞાનમાં રમણતારૂપ જે ચારિત્ર એ આત્માના અંતર એકાગ્રતાથી પ્રાપ્ત થાય. એ કર્મકાંડથી પ્રાપ્ત થતું નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**' આ એકાંત ન થઈ જાય? જુઓ! ભાઈ! એમાં કહે ને ઓલા કહે છે ને. સાંભળ બાપા! એ વ્યવહાર હોય છે એની કોણ ના પાડે છે. હોય છે. જ્યાં સુધી પૂર્ણ સ્થિરતા ન હોય તો અનુભવ થયો છતાં એવા શુભભાવો હોય છે. પણ છે એ બંધનું કારણ. સમજાય છે? જ્ઞાનીને ભક્તિ હોય, પૂજા હોય, દાન-દયાના ભાવ હોય. ભાવ હોય. પણ છે એ શુભ બંધનું કારણ. રાગરહિત અંતરની દૃષ્ટિ અને જ્ઞાન ને રમણતા કરી તેટલું નિર્જરા અને મોક્ષનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? તત્ત્વ જુદું છે. પુણ્ય-પાપ તત્ત્વ જુદું, સંવર-નિર્જરા જુદી, આત્મા જુદો, આત્મા તો ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે. એની અંતરમાં અનુભવ કરીને દૃષ્ટિ પ્રગટ કરે એનું નામ સંવર અને નિર્જરા. પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરે એનું નામ મોક્ષ. તત્ત્વની ખબર ન પડે. 'તત્ત્વ રસિકજન થોડલા, બહુલો જન સંવાદ, જાણો છો જિનરાજજી આ સઘળો વિખવાદ.' જગતમાં વિખવાદ આવી પડ્યો. પ્રભુ! તમારા વિરહ પડ્યા અહીંયાં. તમે ત્યાં અવતર્યા, અહીંના તીર્થંકર મોક્ષ પધાર્યા. અહીં વિરહ પડ્યા. અને પોતાની કલ્પનાએ લોકોએ ધર્મ માની લીધો. ભીખાભાઈ!

આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મારગ તો... આ તો પ્રભુ વીતરાગ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ બિરાજે છે મહાવિદેહમાં. સમજાય છે? એ તીર્થંકરે કહેલું આ કહેવામાં આવે છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. પોન્નુર હિલમાં હતા. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ પોન્નુર હિલ ટેકરી છે. વંદેવાસ નામનું ગામ છે. બે વાર જઈ આવ્યા અમે ત્યાં. ધ્યાનમાં હતા આનંદમાં. બે હજાર વર્ષ પહેલાની વાત છે. ત્યાંથી ગયા હતા ભગવાન પાસે. સદેહે. ઔદારિક શરીરે, હોં! આહારક શરીર નહિ. આહારક શરીરથી જાય છે એ તો ચૌદ પૂર્વનું હોય એને. અત્યારે ન હોય. ગયા હતા ભગવાન પાસે, આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાં પાંચસો ધનુષનો દેહ અને આનો ચાર હાથનો દેહ.

ચક્રવર્તીએ પૂછ્યું કે મહારાજ! આ કોણ છે? તીડ જેવું લાગે, આટલા તીડ જેવું. પાંચસો ધનુષનો દેહ ભગવાનનો છે. ત્યાં માનવી મનુષ્ય આમ છે. મહાવિદેહ. અત્યારે હોં! મોજૂદ છે અત્યારે ત્યાં. આ જમીન ઉપર આગળ. ત્યાં ગયા ભગવાન પાસે, ત્યાં બેઠા હશે. ચાર હાથના. ચક્રવર્તી હાથમાં લઈને (પૂછે છે), કોણ છે આ? મનુષ્યના આકારે આ કોણ છે? ભગવાનની વાણીમાં આવે છે. ભગવાન તો ઈચ્છા વિનાના છે, એને ક્યાં રાગ છે કે ઈચ્છા છે.

કેવળજ્ઞાનમાં આવ્યું, વાણી આવી. ભરતના આચાર્ય છે. સત્ધર્મ વૃદ્ધિકરા. ધર્મની વૃદ્ધિના કરનાર. દેહ નાનો ત્યાં ભરતનો છે. અહીં આવ્યા છે દર્શન કરવા આવ્યા છે. એય..! પોપટભાઈ! જુઓને. ધન્ય ભાગ્યને! પવિત્રતા એટલી અને પુણ્ય પણ એટલા. સદેહે ભગવાનની જાત્રા. ભગવાન બિરાજે છે ત્યાં. સાક્ષાત્ પરમાત્મા સમવસરણમાં બિરાજે છે કેવળજ્ઞાની પ્રભુ અત્યારે. સમજાણું કાંઈ? એ પરમાત્મા પાસે આઠ દિ' રહ્યા. આત્માનુભવ અને મુનિપણું તો હતું જ અંતર દશામાં આનંદનું. વિશેષ નિર્મળ થઈને આ શાસ્ત્ર પછી બનાવ્યું. સમજાણું કાંઈ? ભાઈ! ભગવાન તો આમ કહે છે.

ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ એ એમ કહે છે કે ભાઈ! એક જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય. ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી પ્રાપ્તિ થાય એવો એ આત્મા નથી. તેમ રાગમાં એવી તાકાત નથી કે આત્માની અંતરમાં દૃષ્ટિ થઈ શકે રાગ દ્વારા. પહેલી શ્રદ્ધા તો કરે, માર્ગની શ્રદ્ધા તો કરે કે માર્ગ આ છે. આ ચાલીએ છીએ તે માર્ગ નથી. પણ માર્ગ બીજો છે. સમજાણું કાંઈ?

કહે છે, '**માટે જ્ઞાનશૂન્ય ઘણાય જીવો,...**' જેને આત્મજ્ઞાન અને આત્મદૃષ્ટિ નથી, જેને પુણ્ય-પાપના રાગની રુચિ છૂટીને જેણે આત્માનું જ્ઞાન અને દૃષ્ટિ કરી નથી એવા '**જ્ઞાનશૂન્ય ઘણાય જીવો,...**' ઘણા લાખો કરોડો. '**(ઘણા પ્રકારનાં) કર્મ કરવાથી...**' કર્મ એટલે

ક્રિયાકાંડ. '**પણ આ જ્ઞાનપદને પામતા નથી...**' કહો, સમજાય છે કાંઈ? આહાહા..! ચૈનત્યઘન છે આત્મા. જ્ઞાનની મૂર્તિ છે. જ્ઞાનસૂર્ય છે આત્મા. એ જ્ઞાનની અંતર ક્રિયા વિના આવી ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ, ઘણાં જીવો કરે છે અજ્ઞાનથી ક્રિયાકાંડ, એને આત્મા મળતો નથી. એને પ્રાપ્તિ થતી નથી, એને ધર્મ થતો નથી. ભારે વાત ભાઈ! વસ્તુ તો આમ છે, ભાઈ! જ્યારે એને માનવું હોય ત્યારે આ માન્યે છૂટકો છે. બંધનથી છૂટવું હોય તો આ દૃષ્ટિ કર્યા વિના આત્માની પ્રાપ્તિ અને ભાન થશે નહિ. સમજાણું કાંઈ?

'**પુષ્કળ (ઘણાં પ્રકારના) કર્મ કરવાથી...**' પુષ્કળ એટલે ઘણાં પ્રકારના. એમ. આ કર્યું... આ કર્યું... આ કર્યું... ક્રિયાકાંડમાં નવરો નહિ. શુભક્રિયામાં ભલે ભાવ શુભ હોય, પણ એમાં નવરો નહિ. સવારથી સાંજ સુધી. પણ એ રાગથી ભિન્ન આત્મા એ રાગની ક્રિયા વિનાની ચીજ છે. એવી ચીજના ભાન અને ઓળખાણ વિના, કહે છે કે આ જ્ઞાનપદને પામતા નથી. ઓલો જરી શબ્દ આવ્યો હતો ને? પદ નહોતું આવ્યું? થોડો વિચાર વધ્યો હતો એમાંથી. ઓલામાં આવ્યું હતું ને? નિજ પદની પ્રાપ્તિ થાય છે. પછી કહે આત્માનો લાભ થાય છે. આવ્યું હતું ને? તેના આલંબનથી પદની પ્રાપ્તિ થાય છે અને ભ્રાંતિનો (નાશ થાય છે). આત્માનો લાભ થાય છે. એમાં જરી એમ વિચાર આવ્યો હતો. પદની પ્રાપ્તિ એટલે જ્ઞાન સ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને આત્માના એટલે જેટલા ગુણો છે એ બધાની પ્રાપ્તિ થાય છે. આત્મદ્રવ્યમાં. જરી એટલો ફેર પાડવો, ભાઈ! નિજપદને અર્થમાં છે ને? પદ છે ને. એને જ્ઞાનપદ લીધું. જ્ઞાનના પદની પ્રાપ્તિ થાય છે, પછી ભ્રાંતિ નાશ થાય છે, પછી આખા આત્મદ્રવ્યના જેટલા શુદ્ધ ભાવ છે એ બધાની પ્રાપ્તિ થાય છે. થોડો આંતરો પાડવો જોઈએને. એટલે વિચાર તો રહેતો હતો એ વખતે. સમજાણું કાંઈ? પદ કીધું હતું ને? ઓલું જ્ઞાનનું પદ કીધું હતું ને? પદ કીધું હતું ભાઈ. જ્ઞાનને પદ કીધું. એટલે જ્ઞાનપદની પ્રાપ્તિ થાય છે. પછી આત્મા એટલે બધા ગુણો અખંડ ભેગા મળીને આત્મા પ્રાપ્ત થાય છે. એમ લેવું. શું કહે છે? સમજાણું?

કહે છે, '**અને આ પદને નહિ પામતા થકા તેઓ કર્મોથી મુક્ત થતા નથી;...**' જ્યાં સુધી જ્ઞાનસ્વરૂપ ભગવાન અંતરની દૃષ્ટિ અને અનુભવ ન કરે ત્યાં સુધી આવી ક્રિયાકાંડથી તેની મુક્તિ અને ધર્મ થતો નથી. '**માટે કર્મથી મુક્ત થવા ઇચ્છનારે કેવળ (એક) જ્ઞાનના આલંબનથી,...**' લ્યો. જ્ઞાનસ્વરૂપ ભગવાન એના અંતર દૃષ્ટિના આલંબનથી '**નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવા યોગ્ય છે.**' આહાહા..! ઝીણી વાત. અંતર જ્ઞાનમૂર્તિ ચૈતન્ય પ્રભુ એની અંતર એકાગ્રતા કરી અને એ પદની પ્રાપ્તિ થવા લાયક છે. બીજી રીતે પ્રાપ્તિ થવા લાયક નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૦, સોમવાર તા. ૩૧-૦૭-૧૯૬૭**
**ગાથા-૨૦૫-૨૦૬, શ્લોક-૧૪૩, પ્રવચન-૨૯૩**

સમયસાર, નિર્જરા અધિકાર. ૨૦૫ ગાથા. ભાવાર્થ છે ને? ભાવાર્થ. નિર્જરા છે એ જ્ઞાનથી જ થાય છે એમ સિદ્ધ કરવું છે અહીં. રાગથી નહિ. જે કાંઈ પુણ્ય પરિણામ મહાવ્રતના આદિ આવે એનાથી નિર્જરા નથી. નિર્જરા જ્ઞાનથી (થાય છે). જ્ઞાનથી એટલે? આત્મા જે ત્રિકાળી શુદ્ધ આનંદ અને જ્ઞાયક સ્વરૂપાદિ અનંત ગુણનું રૂપ, એવા આત્માની એકાગ્રતાથી એને અહીં જ્ઞાનથી કહે છે. જ્ઞાન એટલે રાગથી નહિ. પણ જ્ઞાનથી (એટલે) એકલું જ્ઞાન એમ નહિ. ચૈતન્ય સ્વભાવની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ ત્રણે જ્ઞાનથી જ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાનથી જ મોક્ષ થાય છે,...**' એટલે કે આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ એનો આશ્રય કરવાથી શુદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે જ્ઞાનરૂપ છે એટલે કે રાગરૂપ નથી. એમ. એનો અર્થ એવો નથી કે એક ગુણની પર્યાય બીજા ગુણરૂપ થઈ જાય છે. સમજાણું કાંઈ? વસ્તુ જ્ઞાનગુણ એ ત્રિકાળ છે, શ્રદ્ધાગુણ એ ત્રિકાળ છે, ચારિત્રગુણ એ ત્રિકાળ છે, આનંદગુણ એ ત્રિકાળ છે. એવા જે ગુણ એનું જે એકરૂપ આત્મા, એના અવલંબનથી જે પ્રગટ દશા થાય તેને અહીંયાં જ્ઞાનથી થઈ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનથી જ મોક્ષ થાય છે,...**' એટલા શબ્દનો એ અર્થ છે. શુદ્ધ દ્રવ્યસ્વભાવ પરમપારિણામિકભાવ, એને આશ્રયે એટલે એ જ્ઞાયકસ્વરૂપ જે ત્રિકાળ એને આશ્રયે જે નિર્મળ દશા થાય તેને અહીંયાં જ્ઞાનથી જ મોક્ષ થાય છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય વચ્ચે હોય એનાથી નિર્જરા ન થાય. સમજાણું કાંઈ? એ બતાવવા માટે અહીંયાં '**જ્ઞાનથી જ...**' એમ કહ્યું છે. સમજાણું? '**કર્મથી નહિ;...**' કર્મ એટલે ક્રિયાકાંડના જે શુભ પરિણામ છે એનાથી નિર્જરા નહિ અને એનાથી મુક્તિ નહિ. સમજાય છે કાંઈ?

'**માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું...**' શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તેનો આશ્રય લેવો. વર્તમાન દશાને તેનો આશ્રય લેવો. સમજાણું કાંઈ? એથી અહીંયાં કહે છે કે કર્મથી નહિ. કર્મ એટલે જડ કર્મની અહીં વાત નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ એનાથી નિર્જરા નથી, એનાથી મુક્તિ નથી. સમજાણું કાંઈ? '**મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું...**' જેને પૂર્ણ આનંદની પ્રાપ્તિની ભાવના છે. મોક્ષ એટલે પૂર્ણ શુદ્ધ અને આનંદ પૂર્ણ સ્વતંત્ર

દશા. એનો અર્થ એ છે તેણે તો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો જ આશ્રય લઈને એનું જ ધ્યાન કરવું. કહો, શેઠી!

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'** ૧૪૩.

**पदमिदं ननु कर्मदुरासदं**
**सहजबोधकलासुलभं किल।**
**तत इदं निजबोधकलाबलात्**
**कलयितुं यततां सततं जगत्।।१४३।।**

**'શ્લોકાર્થ :- આ (જ્ઞાનસ્વરૂપ) પદ કર્મથી ખરેખર દુરાસદ છે...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ, એને કર્મ એટલે ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ એવા પરિણામ, એનાથી તે પ્રાપ્તિ થઈ શકતી નથી. દુરાસદ છે એમ લખ્યું છે ને? **'દુષ્પ્રાપ્ય; અપ્રાપ્ય; ન જીતી શકાય એવું'** છે. કહો, સમજાણું કાંઈ? વખત ન મળે એનું શું કરવું? એમ કહે છે ને?

મુમુક્ષુ :- મેળવવો પડે, ભગવાન!

ઉત્તર :- મેળવવો પડે? વખત જ છે. ક્યાં વખત નથી? આત્મા પરથી અભાવસ્વરૂપ છે એમ ખરેખર તો પુણ્ય અને રાગથી અભાવસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દરકાર ક્યાં છે એટલી હજી? અંદર તો હજી અહીંથી મળી જશે.. અહીંથી મળી જશે.. એમ કહે છે ને અંદરથી? કહો, સમજાણું?

ખરેખર ભગવાન આત્મા શક્તિનું આખું તત્ત્વ છે. જ્ઞાન અનંત અમાપ શક્તિવાળો જ્ઞાનગુણ, દર્શનગુણ, આનંદગુણ, શાંતિગુણ વગેરે. શાંતિ એટલે ચારિત્ર. એવા આખા ગુણનું સત્ત્વ તેનું એ સત્ છે. એ સત્‌નું આખું આ સ્વરૂપ તે સત્ત્વ છે. એના સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તે એક જ જ્ઞાનની પર્યાય છે. જ્ઞાનની એટલે કે રાગની પર્યાય નથી. એમ. સમજાણું કાંઈ?

માટે ભગવાનપદ સ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એ **'કર્મથી ખરેખર દુરાસદ છે...'** નિશ્ચયથી ક્રિયાકાંડના એ વ્યવહાર શુભ પરિણામથી તે પ્રાપ્ય નથી. આત્માની પ્રાપ્તિ તે વડે છે નહિ. કહો, સમજાણું કાંઈ? **'અને સહજ જ્ઞાનની કળા વડે ખરેખર સુલભ છે;...'** આની સામે કીધું છે ને? **'दुरासदं'** એની સામે **'सुलभं'**. ભગવાન આત્મા વસ્તુ તરીકે આખો પિંડ ચૈતન્યના ગુણનો રસ કંદ છે. એ રાગાદિ છે એ તો એક સમયની વિકૃત અવસ્થા, સ્વરૂપમાં જેનો પ્રવેશ નથી. અને સ્વરૂપ જે ત્રિકાળ શુદ્ધ ધ્રુવ છે એ રાગરૂપે કોઈ દિ' ત્રણ

કાળમાં પરિણમતું નથી. સમજાણું કાંઈ? એવો જ્ઞાનસ્વભાવ ચૈતન્યસ્વભાવ, શુદ્ધ સ્વભાવ એની અંતરની એકાગ્રતા દ્વારા એ જ્ઞાનની ક્રિયા થઈ. સમ્યગ્દર્શન પણ જ્ઞાનસ્વરૂપ આત્માની પ્રતીત તેને અહીં જ્ઞાન કહેવામાં આવ્યું છે. જ્ઞાન શબ્દે છે તો શ્રદ્ધાની પર્યાય પણ જ્ઞાન એ શ્રદ્ધારૂપે પરિણમ્યું છે. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમ્યું, જ્ઞાન શ્રદ્ધારૂપે પરિણમ્યું, જ્ઞાનમાં સ્થિરતા ચારિત્રરૂપ પરિણમ્યું છે. એમ. જ્ઞાન એટલે આત્મા. ભારે! આ બધા વ્યવહારને સાધન કીધા છે, કારણ કહ્યું છે, હેતુ કહ્યો એ લોકો બિચારા મૂંઝાય છે, હોં! છ ઢાળામાં આવે છે નિયતનો હેતુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મૂંઝાય છે. કહ્યું છે એટલે એને એમ લાગે કે પણ છે ને આ? એ પણ વચન છે શાસ્ત્રનું. અમૃતચંદ્રાચાર્યનું, લ્યો. સાધન સાધ્ય. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. એ પણ વચન છે. એને એમ થાય. કેટલાકને તો એ વાતમાં (એમ થાય કે) આમ કહ્યું છે ને આમ કેમ આપણે મનાય? પણ એ સાધન કહ્યું છે, ભાઈ! વ્યવહારનયથી સાધન કહ્યું છે. ખરેખર સાધન તો સ્વભાવનું જ્યારે કરે ત્યારે ઓલા નિમિત્તને વ્યવહાર સાધનનો આરોપ અપાય છે. વાત એવી છે પણ હવે શાસ્ત્રમાં એવું આવે. જ્ઞાનપ્રધાનથી જ્યાં કથન હોય (ત્યાં) એ બેયનું જ્ઞાન કરાવવું હોય. એટલે ત્યાં એ કથન એવું આવે. સમજાય છે? દૃષ્ટિપ્રધાન કથનમાં તો એકલો નિશ્ચયનો આશ્રય (કરવાની વાત આવે). તો ઓલી નિમિત્તની વાત, વ્યવહારની વાત આમાં છે જ નહિ. વ્યવહાર સાધન ને હેતુ ને કારણ એ આમાં વાત છે નહિ. સમજાણું કાંઈ? ઝઘડે જ્યાં વાત ચડે,.. એને પોતાના સ્વભાવનું અંતર્મુખનું માહાત્મ્ય ન આવે. સમજાણું? એ અંતર્મુખ થવા માટે બાહ્યના વિકલ્પો એ વ્યવહાર સાધન છે ને? સાધનથી થાય ને? હોય નહિ, ભાઈ! એ સાધન કહ્યું છે એનો અર્થ કે પોતાના શુદ્ધ સ્વરૂપનું સાધન કરે છે ત્યારે એવો વ્યવહાર રાગની મંદતાનો, વ્યવહારે અનુકૂળ ગણીને સાધનનો એને આરોપ છે, વ્યવહાર છે. વાસ્તવિક એ સાધન છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પહોંચાડી દે.

ઉત્તર :- જરીએ પહોંચાડે નહિ એમ કહે છે. વિરૂદ્ધ છે ઈ. વ્યવહાર જે દયા, દાન, જિનાજ્ઞાએ વ્યવહાર જે કહ્યો છે ને? એ બધું પરના લક્ષે ઉત્પન્ન થયેલો દિશાફેરે દશા થઈ. દિશાફેરની દશા થઈ. સમજાણું કાંઈ? પર ઉપર જ્યાં લક્ષ જાય છે એની એ દશા છે. એકલો સ્વદ્રવ્ય સ્વભાવ ભગવાન આત્મા એની દિશા જ અંદરમાં દૃષ્ટિ કરે ત્યારે એની દિશામાં એની દશા નિર્મળ થાય છે.

મુમુક્ષુ :- ઊર્ધ્વતા તો ખરી.

ઉત્તર :- એ કોને લઈને? એ વાતું બધી. આવે છે ને ઊર્ધ્વતા ને ફલાણું. એ તો એ ઊર્ધ્વતા વ્યવહારે ગણી. કેમ કે એ ગ્રંથિભેદ કરે તો એને ઊર્ધ્વતા આત્માની થઈ ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે. આવી વાત છે. જગતથી તો (વિરૂદ્ધ વાત છે.) કહે છે ને? હે જગત! એમ કહ્યું છે ને? જુઓને! જગતના પ્રાણી. એમ. જગત સતત એ પ્રયત્ન કરો. જગત એમ કીધું છે ને? જગત એટલે જગતમાં રહેલા આત્માઓ.

હે આત્માઓ! તમારા આત્માનું સ્વરૂપ તો અંતર્મુખ, અંતર્મુખ સ્વભાવ સન્મુખ એવી જ્ઞાનની ક્રિયા દ્વારા જ પ્રાપ્ત થાય એવું છે. બહિર્મુખના ક્રિયાકાંડ લાખ-કરોડ અનંતા કર એનાથી કાંઈ પણ આત્માને સંવર-નિર્જરા એટલે મોક્ષનો ઉપાય છે નહિ. કહો, સમજાણું કાંઈ?

ખરેખર જ્ઞાનની કળા વડે. અહીં કળા કહેવી છે ને? પૂર્ણ કળા એવું કેવળજ્ઞાન, એની કળાની પ્રાપ્તિ આ મતિ અને શ્રુતજ્ઞાન જે આત્મામાં એકાગ્ર થાય, એ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ રાગાદિ કાંઈ જ્ઞાનની કળા નથી. સમજાણું કાંઈ? રાગાદિ કાંઈ એના સ્વભાવની કળા નથી એ તો વિકારી પર્યાય છે. એવી પર્યાયની... લાખ અનંતા માસખમણા કરે મહિના મહિનાના એમ અનંત ભવમાં પણ એ તો રાગ છે. રાગ દ્વારા અંતરમાં સન્મુખ કેમ જવાય? સમજાણું કાંઈ?

અંતર સન્મુખ. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ જેમાં આખી નિધિ છે. એનો અંતર્મુખ આશ્રય કરતા જે ક્રિયા થાય શ્રદ્ધાની, જ્ઞાનની, સ્થિરતાની, આનંદની એ જ ક્રિયા સંવર-નિર્જરારૂપ છે અને એ જ ક્રિયા મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? '**માટે નિજજ્ઞાનની કળાના બળથી...**' જુઓ ભાષા! પોતે જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત છે એની શક્તિમાં ભગવાન બિરાજે છે કેવળજ્ઞાનસ્વરૂપ, એવા અંતર્મુખની નિજ કળા, સ્વભાવની એકાગ્રતારૂપી કળા. સમજાણું? એના બળથી. એ આત્માના જ્ઞાનસ્વરૂપ શ્રદ્ધા, આનંદ સ્વરૂપ એવી કળાના બળથી '**આ પદને...**' ભગવાન આત્માના શુદ્ધ સ્વભાવના સ્થાનને '**અભ્યાસવાને...**' અનુભવવાને, પ્રાપ્ત કરવાને '**જગત...**' હે આત્માઓ! '**સતત પ્રયત્ન કરો.**' નિરંતર આ પ્રયત્ન કરો. સમજાણું કાંઈ?

નિરંતર ભગવાન આત્મા એવા શુદ્ધ ધ્રુવ સ્વરૂપનો પ્રયત્ન નિરંતર પ્રયત્ન કરો. બસ! એ પ્રયત્ન વિના કોઈ દિ' સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ ઉત્પન્ન થતું નથી. કહો, સમજાણું કાંઈ? સવારમાં તો આવ્યું હતું-શાસ્ત્ર વિદ્યાભ્યાસ ને પાઠશાળા નહોતું આવ્યું? એય..! આવ્યું હતું ને બધું? આવું આવે તો ઠીક કહે. કરે કોણ પાઠશાળા અને વિદ્યાશાળા? આ તો જેને એવો વિકલ્પ હોય છે જ્યાં અંદર સ્વરૂપમાં જ્ઞાનની રુચિનું પરિણમન અને ભક્તિનું છે, એને

એવો ભાવ હોય છે જ્ઞાનને દર્શનને માટે. એટલો વિકલ્પ છે. પાછળ તો સ્વભાવની એકાગ્રતા એ જ સંવર નિર્જરા છે.

મુમુક્ષુ :- .. ભર્યું ભર્યું લાગે.

ઉત્તર :- ભર્યું ભર્યું લાગે, આ ખાલી લાગે છે. આનાથી આમ થાય. જૈન શાસનમાં આવ્યું હતું આજે. વ્યવહારથી ધર્મ થાય, આનાથી આ થાય, લોકોને ઠગે છે. ઠગ છે. લોકો ઠગાઈ જાય છે. લખે ને. શું કરે? એને આવી વાત ન જચે, ન બેસે ત્યાં સુધી એને.. કાંઈ કરવાનું છે એને કહે છે કે એનાથી ધર્મ થાય નહિ. હવે ક્યાં કરવું? કરવું બહારમાં? શું કરવું ત્યારે?

ભાઈ! એ ક્રિયા હો પણ એ ક્રિયા શુભરાગની છે. એ સંવર નિર્જરાની નથી. લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો. એમાંથી કાઢીને પાછા મૂકે, જુઓ! આમાં આમ કહ્યું છે... એમાં આમ કહ્યું છે. વ્યવહાર નિમિત્ત કીધો છે, હેતુ કહ્યો છે, કારણ કહ્યું છે, નિશ્ચય કાર્ય, વ્યવહાર કારણ (છે). એ કારણને ઉડાવે એને કાર્ય થતું નથી. ઠીક ભાઈ! સાંભળ ભાઈ! વ્યવહાર ... એને ઉડાવશે ત્યારે કામ થાશે. કહો, મહેન્દ્રભાઈ! આ બધા વાંધા ઉઠ્યા છે.

મુમુક્ષુ :- ઉઠવા દયોને.

ઉત્તર :- ઉઠવા દો. એ તો એને ઘરે ઉઠેને. .. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો એવી છે, મીઠાલાલજી! એવી વાત છે. મામલો સાફ થઈને ચાલ્યો જાય છે. ભાઈ! એમ એનો સરવાળો બાપુ! નહિ આવે. તું વર્તમાનમાં ગમે તેટલું માન, મનાવ, લોકો પણ એ રીતે રાજી ને ખુશી થાય, એ કાંઈ સરવાળે એમાં નહિ (આવે). કારણ કે જેના આંકડા જ ખોટા છે. ખોટા આંકડામાં સરવાળો સાચો ક્યાંથી આવશે? આહાહા..!

'**નિજજ્ઞાનની કળાના બળથી આ પદને અભ્યાસવાને જગત સતત પ્રયત્ન કરો.**' નિરંતર સ્વભાવ સન્મુખ, સ્વભાવ સન્મુખ, સ્વભાવ સન્મુખ. એની દૃષ્ટિ અને જ્ઞાનની રમણતાનો આશ્રય દ્રવ્યને આપો બસ. સમજાય છે? એ સિવાય પરનો આશ્રય છે નહિ.

'**ભાવાર્થ :- સર્વ કર્મને છોડાવીને...**' જુઓ! અહીં તો એમ લખ્યું છે. એ પુણ્યની ક્રિયાનું લક્ષ ને રુચિ ને આશ્રય છોડાવીને. કર્મ એટલે ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ. એને છોડાવીને. છોડાવીને કહ્યું છે અહીંયાં. એટલે કે એની રુચિ છોડાવીને, તેનો આશ્રય છોડાવીને, તેનું અવલંબન છોડાવીને '**જ્ઞાનકળાના બળ વડે જ...**' ભગવાન આત્મા અંતર્મુખ સ્વભાવના આનંદ અને જ્ઞાનની કળાના બળ વડે '**જ્ઞાનનો અભ્યાસ કરવાનો...**' આત્માના અંતર્મુખ શુદ્ધ સ્વભાવનો અનુભવ કરવાનો '**આચાર્યદેવે ઉપદેશ કર્યો છે.**' અભ્યાસ

માટે અનુભવ નીચે અર્થ કર્યા છે. કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાનની કળા કહેવાથી એમ સૂચન થાય છે કે :- જ્યાં સુધી પૂર્ણ કળા (કેવળજ્ઞાન) પ્રગટ ન થાય...**' કેવલ્યજ્યોત ચૈતન્ય ઝળહળ જ્યોતિ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવું, એવી પૂર્ણ દશા પ્રગટ ન થાય '**ત્યાં સુધી જ્ઞાન હીનકળાસ્વરૂપ-મતિજ્ઞાનાદિરૂપ છે;...**' આત્માના અંતર સન્મુખ થઈને જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન થાય તે હીનકળા છે, ઓછી કળા છે. એ '**જ્ઞાનની તે કળાના આલંબન વડે...**' મતિ-શ્રુતજ્ઞાન શ્રુતજ્ઞાન સ્વભાવ સન્મુખનું જ્ઞાન. એ વડે '**આલંબન વડે જ્ઞાનનો અભ્યાસ કરવાથી...**' આત્માના શુદ્ધ સ્વભાવનો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની પર્યાયને અંતર વાળવાથી '**કેવળજ્ઞાન અર્થાત્ પૂર્ણ કળા પ્રગટે છે.**' સમજાણું કાંઈ?

'**હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છે :-**'

**एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।**
**एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।**
**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.**

સમજાણું? હવે એની ટીકા.

'**ટીકા :- (હે ભવ્ય!)...**' શબ્દ એમ છે ખરો ને? '**तुह उत्तमं सोक्खं होहदि**' તું એટલે કો'કને કહે છે ને સામે? હે ભવ્ય જીવ! આહાહા..! '**એટલો જ સત્ય (-પરમાર્થસ્વરૂપ) આત્મા છે...**' એટલો જ સત્ય પરમાર્થસ્વરૂપ ભગવાન આત્મા છે. '**જેટલું આ જ્ઞાન છે-**' સાકર છે જેટલી એ ગળપણ સ્વરૂપ છે. એમ ભગવાન આત્મા જેટલો એ પરમાર્થ સ્વરૂપ છે આત્મા કે જેટલું એ જ્ઞાન (છે). જ્ઞાન એટલે જાણવાનો સ્વભાવ ભરેલો. સમજાણું? એટલો જ સત્ય આત્મા. એટલો જ સત્ય આત્મા છે કે જેટલું એ જ્ઞાનસ્વરૂપ છે. વચ્ચે રાગાદિ છે એ આત્મા નહિ. શરીર, વાણી, કર્મ, રાગ, વિકલ્પ એ કાંઈ આત્મા નહિ. એ તો જ્ઞાન ચૈતન્ય પ્રકાશ એકલો જ્ઞાનનો પુંજ એ સત્ય આત્મા એટલો છે-સાચો આત્મા એટલો છે-સત્ સ્વરૂપ ભગવાન આત્મા એટલો છે કે જેટલું તે જ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? '**એમ નિશ્ચય કરીને...**'

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ગુણ, ગુણ. ત્રિકાળ. પછી એમાં નિશ્ચય કરે છે એ પર્યાય છે. વસ્તુ આટલી છે કે આ આત્મા છે. સત્ય સ્વરૂપ. આત્મા સત્ય સ્વરૂપ. કેટલું સત્? કે જેટલું જ્ઞાન (છે). જ્ઞાન વ્યાપક ચૈતન્યમાં આખામાં જ્ઞાન વ્યાપી રહેલું છે. એ સત્ય સ્વરૂપ આત્મા એટલો

છે કે જેટલું જ્ઞાન (છે). એમ અંતર્મુખ દૃષ્ટિ કરવી એ પર્યાય. સમજાણું કાંઈ? જુઓને!

'**એમ નિશ્ચય કરીને...**' એ નિશ્ચય કરીને એ પર્યાય (છે). વસ્તુ સત્ આત્મા એટલો છે કે જેટલું તે જ્ઞાન છે. જાણવાનો સ્વભાવમાત્ર તે આત્મા. સત્ એટલો જ છે. રાગ ને વિકલ્પને એ બધો આત્મા નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એટલો સાચો એટલે એનું સત્‌રૂપ સ્વરૂપ છે કે જેટલું જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ પદ છે એટલો જ આત્મા છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો મોક્ષના માર્ગની વાત ચાલે છે. એ વાત તો અલૌકિક છે! એ ઘણી ધીરજથી, ઘણી ધીરજથી અંતર્મુખની ચીજને સમજવા માટે ઘણો એને પ્રયત્ન જોઈએ. સમજાણું કાંઈ?

અનાદિનો અભ્યાસ પરસન્મુખનો. અનાદિનો અભ્યાસ પરસન્મુખનો. એને સ્વસન્મુખ કરવો (એને માટે) મહાપુરુષાર્થ (જોઈએ છે). સમજાણું કાંઈ? તો કહે છે કે એ પુરુષાર્થમાં શું નક્કી કરવું? કે આ આત્મા એટલો સાચો છે, સત્યરૂપ છે, સત્‌રૂપ છે, હોવાપણે છે કે જેટલું એ જ્ઞાન છે. કહો, સમજાય છે? ચૈતન્યપ્રકાશનું પૂર ને નૂર એ આત્મા. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- બધો ઠાઠ માઠ ઊડી જાય છે..

ઉત્તર :- ઠાઠ હતો કે દિ'? ધૂળમાં? સ્મશાનના લાકડા બહાર રાખે મડદાને શણગારવા અને બાળવા તો એ ઠાઠ કહેવાય એનો? ઠાઠડીને... શું કહેવાય? લપેટો? શું કહેવાય એ? કાપડ. લપેટો કહેવાય છે ને? ઊંચા કપડા મડદા ઉપર નાખે. ચાર બાજુ ઠાઠડીમાં ચાર મોટી ધજાઓ મૂકે. નીચે ચાર બાજુ ચાર નાળીયેર લટકતા રાખે. એ નાળીયેરને પણ અપલટ... શું કહેવાય એ? અટલસ લગાડેલી હોય. એમાં વળી ચાર બાજુ ચાર સાથિયા કર્યા હોય. કહો. ઠાઠડી-ઠાઠડી સમજો છો? નનામી. નથી સમજતા? ઠઠડી. એટલું સમજવું જોઈએ કે આ મડદાની વાત કરે છે તો (ઠાઠડીની વાત ચાલે છે) એટલું તો (સમજવું જોઈએ). એય..! કહો, સારી શણગાર કરી. વાસડા-બાસડા હોય ને સરખા. જરી ઓલા પાસે વાંસડા ઉપર રંગ ચડાવવો પીળો. માથે ચાર ધજા અટલસની. હેઠે ચાર નાળીયેર મોતીના ભરેલા. ચાર બાજુ ચાર લટકતા. એ આવી ગયું ને? આપણે નથી આવ્યું? મોક્ષમાર્ગમાં આવી ગયું.

મુમુક્ષુ :- સોનાના ઈંડા હોય?

ઉત્તર :- સોનાના ઈંડા, મોટાને સોનાના ઈંડા હોય. રાજા હોય તો. રાજા હોય તો મોટો ઢોલિયો હોય રાજાને. ઢોલિયામાં લઈ જાય. ઠાઠડી એને ન હોય. ઢોલિયો સમજો છો? મોટો પલંગ હોય છે. પલંગ. ગાડી હોય. નવી હોં! નવી. અને સોનાનો તોડો એક હોય. બે બેસાડે એ તો .. બેસાડે. સોનાનો નવો તોડો કરે, હોં! એ વખતે નવો કરે. આ દરબાર

ગુજરી ગયાને કૃષ્ણકુમાર. તરત નવો સોનાનો તોડો કરે. સોનાનો નવો. તોડો કહેવાય. ઠાઠડીની શોભા છે. એય..! શેઠી! ચૈતન્ય રતન ભગવાન આત્મા, એને આ બધી શોભાઓ ઠાઠડીની છે, બાપા! આહાહા..!

કહ્યું હતું. તે દિ' અમે બહાર હતા, રાજકોટમાં. ખીમચંદભાઈ ગુજરી ગયાને. અટલસ એવી મૂકી. તરત ગુજરી ગયા હાર્ટ ફેઈલ થઈને. ૬૦ હજારનું મકાન કરાવ્યું તે દિ'. (સંવત) ૧૯૮૯ની સાલની વાત છે. ૮૯. કેટલા વર્ષ થયા? ૩૩ વર્ષ થયા ૩૩. ગૃહસ્થ હતા. ૬૦ હજારનું મકાન કરાવેલું અને બધું.. એમાં અકસ્માત હાર્ટ ફેઈલ થઈ ગયું. ૮૪ વર્ષની ઉંમર જ્યોતિષે કીધેલી. એટલે પછી ધર્મ કરશું હળવે હળવે. મહારાજ આવ્યા છે. વાત સાચી. હું ગયો હતો બે-ત્રણ વાર. ભાઈ! આવો. (એક) વખત તો આવો. મહારાજ આવ્યા છે અને ત્રણ-ત્રણ હજાર માણસ, વાત બધી ખબર છે. હું ગયો હતો. પણ હવે મારે આ આવી પડ્યું. અને જ્યોતિષે કીધું ૮૪ વર્ષ જીવીશ. ચાલતા હતા ૪૮. આંકડો ફરી ગયો. એકદમ અંદરથી કાંઈક... જોવા દિવાન આવ્યા હતા. જુનાગઢના દિવાન હતા. એના મિત્ર હશે. જોવા આવ્યા હતા. કાંઈક થાય છે. થઈ રહ્યું. ઉપડ્યા. અમે હતા બહાર. ઠાઠડી આમ ટક... ટક... ટક.. અટલસ બનાવીને નાખેલી. અટલસ બહુ ઊંચી કરતા એ. એકદમ મરી ગયા અને ગૃહસ્થ માણસ. શું કહેવાય ઈ? ફોટોગ્રાફી. ૮૯ની સાલ ૩૩ વર્ષ પહેલા ૬૦ હજારનું મકાન રાજકોટમાં હશે ને પૈસા. ૮૯ની સાલ ૩૩ વર્ષ પહેલાની વાત છે. અમે બહાર હતા ઠેઠ નદીને કાંઠે આમ. ઓહોહો..! કેટલું માણસ છે! કોણ છે આ? કોણ ગુજરી ગયું આ? ત્યાં તો કહે, ખીમચંદભાઈ ફોટોગ્રાફી. લ્યો. એ શણગાર શેના પણ? સુદાનનું આવ્યું નહિ આપણે? નથી આવ્યું? આવી ગયું ને? સુદાનની સારી શોભા. સુદાનમાં તો ઠાઠડીની શોભા, ઘરના માણસને દુઃખ થાય. આ બધી શોભાઓ. શરીર રૂપાળુ, ચામડા આવા, ધૂળ આવી, એમાં સોના-રૂપાના આ અને ઘરેણા-લૂગડા આ, આ ફલાણું, બધી ઠાઠડીની શોભા છે, બાપા! આ પોતે જ મડદું છે આ. આહાહા..!

ભગવાન આત્મા એની શોભા તો સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ એ એની શોભા છે. એ એનો શણગાર છે. આહાહા..! કે જે શણગારથી મોક્ષરૂપી લક્ષ્મી અલ્પ કાળમાં તેને પ્રાપ્ત થાય. એ બાપુ! સાદિઅનંત (રહે). 'સાદિઅનંત અનંત સમાધિ સુખમાં'. આહાહા..! અનંત દર્શન, જ્ઞાન. અનંત દર્શન-જ્ઞાન સહિત. અનંત દર્શન, અનંત જ્ઞાન સહિત. એનો ઉપાય તો એટલો. સમજાણું? **'એટલો જ...'** એમ શબ્દ છે જોયું! **'एव'** છે ને? **'एतावानेव सत्य आत्मा'** એટલો જ ભગવાન સાચું સ્વરૂપ છે અંદર **'(-પરમાર્થસ્વરૂપ) આત્મા છે જેટલું આ જ્ઞાન છે...'** એ જ્ઞાનસ્વરૂપે વ્યાપક સ્વરૂપ છે એનું. એટલો એ આત્મા

છે. એની અંતર નજર કર, કહે છે. નિર્ણય કર કે આ જ્ઞાન તેટલો આત્મા. જ્ઞાન તેટલો આત્મા. જાણે સ્વભાવ, જાણક સ્વભાવ તેટલો સત્ય આત્મા. એનો નિર્ણય કરીને, એનો નિર્ણય કરીને એ પર્યાય થઈ. વિશેષ છે ને નિર્જરા?

'**જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ (-પ્રીતિ, રુચિ) પામ;...**' ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે એમાં સદાય. એમાં જ. એટલો જ ત્યાં મૂક્યું, અહીં પછી જ્ઞાનમાત્રમાં જ મૂક્યું 'જ'. સદાય રતિ પામ. ત્યાં પ્રીતિ કર.. પ્રીતિ કર.. પ્રભુની પ્રીતિ કર. રાગ અને પુણ્યની પ્રીતિ છોડ એમ કહે છે. સમજાણું કાંઈ? સુખી થવું હોય તો સુખ તો આત્મામાં છે. જેટલો આત્મા જ્ઞાનસ્વભાવ છે તેટલો આત્મા આનંદસ્વરૂપ છે. એ આવશે.

'**સદાય રતિ પામ;...**' સદાય રતિ એટલે? કોઈપણ ક્ષણ એમાંથી પરમાં પ્રીતિ જવી ન જોઈએ એમ કહે છે. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવનું સ્વરૂપ, તેમાં નિર્ણય કરી, તેમાં પ્રીતિ કર, તેમાં રતિ પામ-એમાં ખુશાલી કર. કહો, સમજાણું કાંઈ? અહીં તો જરી શુભભાવ કાંઈક થયો તો ઓહોહો..! જાણે શું કર્યું અમે! એમાં વળી પાંચ માણસ, દસ માણસ પાછા બે-પાંચ હજાર ભેગા થઈને અભિનંદન આપે. ઓહોહો..! ત્યાં તો જાણે શું કર્યું. બાપુ! કાંઈ કર્યું નથી ભાઈ! પરના રજકણની પર્યાય કોણ કરે? અને રાગ તને જરી શુભ આવ્યો. એ પણ કાંઈ જ્ઞાનસ્વરૂપ આત્મા નથી. તેં શું કર્યું એમાં? આહાહા..! સમજાણું કાંઈ? પ્રીતિ પામ. એક વાત એ કરી.

બીજો બોલ. '**એટલું જ સત્ય કલ્યાણ છે...**' એટલું જ સત્ય-સાચું કલ્યાણ છે '**જેટલું આ જ્ઞાન છે-**' એ જ્ઞાનસ્વરૂપની એકાગ્રતા એટલું જ કલ્યાણ છે. વસ્તુ જ્ઞાન ચૈતન્ય સ્વભાવસૂર્ય એ પોતે કલ્યાણરૂપ છે. એમાં એકાગ્ર થાય તેટલું જ કલ્યાણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વસ્તિ શબ્દનો આવો અર્થ કર્યો છે?

ઉત્તર :- એ સ્વસ્તિનો અર્થ આ છે. સ્વસ્તિ. કલ્યાણ... કલ્યાણ... કલ્યાણ. ભાઈ! તું કલ્યાણની મૂર્તિ જ છો. આત્મા જ્ઞાનસ્વરૂપ એ કલ્યાણની મૂર્તિ જ છે. વસ્તુ પદાર્થ એ કલ્યાણસ્વરૂપ છે. એટલું જ કલ્યાણ છે કે જેટલું આ જ્ઞાન છે. એ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે એ કલ્યાણ છે કે જેટલું એ જ્ઞાનસ્વરૂપ છે. રાગાદિ કલ્યાણસ્વરૂપ નથી. પુણ્ય-પાપના વ્યવહાર વિકલ્પો કલ્યાણસ્વરૂપ નથી. એ અકલ્યાણસ્વરૂપ છે. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ?

'**એમ નિશ્ચય કરીને...**' દરેકમાં પહેલો નિર્ણય કરીને. ભગવાન આત્મા એટલું જ કલ્યાણ છે કે જેટલું તે જ્ઞાન છે. એમ સ્વસન્મુખનો નિર્ણય કરીને '**જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ**

**પામ;...**' આહાહા..! જ્ઞાનમાત્રથી જ. આટલો રાગ કર્યો શુભ માટે સંતોષ, એ છે નહિ એમાં, કહે છે. કહો, સમજાણું? આહાહા..! જન્મ્યા પછી કમાણા, બાહુબળે કમાણા, નહોતું અને સાંપડ્યું. એમ કહે છે ને માણસો? બે-પાંચ-દસ લાખની મૂડી થાય કે બે-પાંચ કરોડની. લાંબા પગલાં થઈ ગયા. કરોડ ને પચાસ કરોડ ને ધૂળ કરોડ. બાપા! શું થયું પણ? એ તો જડના ઉકરડા છે ઢગલા. એમાં ક્યાં તને સંતોષ છે? એમાં સંતોષનું રૂપ ક્યાં ત્યાં છે? સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા કલ્યાણની મૂર્તિ છે પ્રભુ. જેટલું એ જ્ઞાન છે તે કલ્યાણની મૂર્તિ છે. જ્ઞાનસ્વભાવ સ્વરૂપ જે છે તે કલ્યાણની મૂર્તિ છે એમ નિર્ણય કરી '**જ્ઞાનમાત્રથી જ સદાય...**' સમજાય છે ને? '**સંતોષ પામ;...**' સદાય કહેવામાં કોઈ સમય પણ રાગમાં સંતોષ થાય કે રાગ કલ્યાણરૂપ છે એમ થવું ન જોઈએ. એમ કહે છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય પણ કોઈ સમય એ કલ્યાણરૂપ છે અને એનાથી આત્માને સંતોષ થાય છે એવું છે નહિ. ત્યારે કહે કે આવો નિશ્ચય તો અત્યારે હોય નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. કહે છે ને કેટલાય? એ તો વ્યવહાર જ અત્યારે હોય. ભગવાન! વ્યવહાર હોય તો અત્યારે કલ્યાણ જ નથી એમ એનો અર્થ થયો. અત્યારે કલ્યાણ જ નથી. સમજાણું કાંઈ? અત્યારે જ્ઞાનસ્વરૂપ આત્મા જે સત્ય છે એ પણ નથી એનો અર્થ એ થયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેનું થઈ ગયું?

મુમુક્ષુ :- સંતોષ.

ઉત્તર :- ત્યારે સંતોષ થયો. લ્યો. એય..! પ્રેમચંદભાઈ! તમારા વેવાઈ કહે છે. પહેલો સંતોષ નહોતો. જસદણનું મંદિર થયું તો સંતોષ થયો એમ કહે છે. ત્યારે સંતોષ થયો, કહે છે. પ્રેમચંદભાઈને એમ ઈ કહે છે. એને શું સંતોષ થયો? બહારનું થયું એમાં આત્માને શું? એમાં શુભરાગ કોઈ હોય એ સંતોષનું કારણ ક્યાં? રાગ છે એ સંતોષનું કારણ ક્યાં છે? આહાહા..!

કહે છે, '**જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ;...**' એ ભગવાન આત્મા-કલ્યાણમૂર્તિ એવો આત્મા-તેની એકાગ્રતાથી સદાય સંતોષ પામ. ક્યાંય પરનો એક સમય પણ આશ્રય લઈને ક્યાંય સંતોષવા જેવી કોઈ ચીજ છે નહિ. ઓહોહો..! .. એક એક વાત આગળ લેશે.

'**એટલું જ સત્ય અનુભવનીય છે...**' એટલો જ સાચો આત્મા અનુભવ કરવા યોગ્ય

છે. એટલો જ ભગવાન સાચું સત્ય સ્વરૂપ અનુભવવા લાયક છે. '**જેટલું આ જ્ઞાન છે**' એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય તે જ અનુભવવા લાયક છે. વ્યવહારરત્નત્રયનો રાગ અનુભવવા લાયક નથી, એમ કહે છે. એટલો જ સાચો અનુભવ. સાચો કીધો ને? ઓલો ખોટો છે.

'**(અનુભવ કરવાયોગ્ય) છે...**' કે જેટલું આ ભગવાન ચૈતન્ય સ્વરૂપ પ્રકાશમૂર્તિ જ્ઞાનસ્વરૂપ એટલો જ અનુભવવા લાયક છે. '**એમ નિશ્ચય કરીને...**' એમ નિર્ણય કરીને, એમ કહે છે. સ્થિરતા કરે છે ને પછી? '**જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ.**' ભગવાન આત્મા... આટલું આટલું ભણી લઈએ, આટલું જાણી લે (તો) સંતોષ થાય એમ નથી, અહીં તો કહે છે. પૈસાથી નહિ પણ આટલું જાણી લે અને ભણી લે એ સંતોષ નથી એમ કહે છે. સમજાણું? અનુભવવા લાયક એ નથી. એ તો જ્ઞાનપદ છે, નિજ પદ છે, જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એટલો જ અનુભવાય છે. એટલો જ વેદાવા લાયક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત એના માટે તો છે.

મુમુક્ષુ :- બેસી જાય વાત તો તો...

ઉત્તર :- એની મેળાએ બેસી જાય કે પોતે બેસાડે ત્યારે બેસી જાય? બેસી જાય એટલે? કહો, ન્યાલભાઈ! એ કહે છે, આવું જો બેસી (જાય)... પણ પોતે બેસાડે અંદરમાં-નિર્ણય કરે કે કો'ક કરાવે?

એને લઈને સદાય તૃપ્તિ પામ. એ તૃપ્ત તૃપ્ત થાય છે ને? લાડવા ખાય (પછી કહે), તૃપ્તિ પામ્યો. ઓહોહો..! ચુરમાના લાડવા, જઠર સારી હોય અને ઘી સરખાઈનું નાખ્યું હોય અને એ લાડવા અને એમાં પછી મરચાના ભજીયા જરી પચાવવા માટે ભેગા હોય થોડા. મરચા આખા થાય ને. આખા મરચાના ભજીયા થાય છે ને. નાના લીલા મરચા. લીલા આખા આખા હોં! આખાનું એક ભજીયું, આખાનું એક ભજીયું. લાંબા. તૃપ્ત તૃપ્ત થઈ જાય. એવા આને હોય. પાછા તીખા ન હોય મરચા, હોં! આવે છે. કાળા બીના આવે છે ને? કાળા બીના મરચા આવે છે. એ મીઠા બહુ હોય. લાડવાનું એક બટકું અને એની સાથે એક ભજીયું. આહાહા..!

મુમુક્ષુ :- આ તૃપ્તિનો તરત ખ્યાલ આવે.

ઉત્તર :- ઝેરનો ખ્યાલ આવ્યો છે, કહે છે. એ ઝેરની તૃપ્તિ છે. રાગમાં તૃપ્ત થયો એ ઝેરની તૃપ્તિ છે. આ અમૃતની તૃપ્તિ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? લાડવામાં ત્રણ ચીજ હોય છે ને? લોટ, ઘી ને ગોળ. અહીં દર્શન, જ્ઞાન અને ચારિત્ર.

'**એટલું જ સત્ય અનુભવનીય છે...**' એટલું જ સત્ય છે કે '**જેટલું આ જ્ઞાન**

**છે-એમ નિશ્ચય કરીને...**' જ્ઞાનમાત્ર નામ સ્વભાવમાત્ર શુદ્ધ આત્માના આનંદમાત્રથી સદાય તૃપ્તિ પામ. એવો ભગવાન આત્મા અંદરના આશ્રયથી જે શાંતિ થાય એનાથી તૃપ્ત છે. એનાથી જીવને તૃપ્તિ છે. બાકી ક્યાંય તૃપ્તિ છે નહિ. કહો, સમજાણું કાંઈ? લાખ મળે તો દસ લાખ અને દસ લાખ મળે તો કરોડ, કરોડ મળે તો પાંચ કરોડ, પાંચ કરોડ મળે તો દસ કરોડ. ઝેરના પ્યાલા-તૃષ્ણાના. અહીં શુભભાવ કરીને સંતોષ માને. ભાઈ! કહે છે, એ તો પરલક્ષી ભાવ છે. સંયોગી ભાવ વિકાર છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો ભાવ પણ વિકાર ભાવ છે, પુણ્ય ભાવ છે. એ વળી આમાં .... એનાથી પણ ઘાતિકર્મ ટળે છે. આ કહે છે કે બુદ્ધિપૂર્વક રાગથી બંધાય છે ઘાતિકર્મ. નહિ. એ નવું કાઢ્યું. અને અબુદ્ધિપૂર્વક રાગ તે કર્મ વિના થાય છે, પોતાથી થાય છે. એ પણ ખોટું. હવે ભઈ, એ તો ઘણીવાર કહ્યું છે. હવે શું? એ તો લાખ વાર કહીએ છીએ, રાગ થાય છે બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક એ બધો પોતાના ઊંધા પુરુષાર્થથી છે. એમાં ક્યાં નવી એ વાત હતી.

એ તો (સંવત) ૧૯૭૧ની સાલથી કહેતા આવીએ છીએ. ૭૧ની સાલ. ૫૨ વર્ષ થયા. એય..! સંપ્રદાયમાં વાંધા ઉઠ્યા. વિકાર થાય થોડો કે ઘણો જે કાંઈ પોતાના પુરુષાર્થની ઊંધાઈથી થાય છે. કર્મ-ફર્મની વાત છે નહિ. નિમિત્ત હો તો નિમિત્તનો અર્થ શું? એ તો એનું લક્ષ કર્યું માટે નિમિત્ત કહેવાણું? લક્ષ કરનાર તો ઈ છે કે કોઈ ઓલો કરાવે છે? સમજાણું કાંઈ? એમ એ રાગની ઉત્પત્તિ પરને લક્ષે થાય તો ભગવાન આત્માને લક્ષે અરાગની ઉત્પત્તિ થાય છે. આહાહા..! આ નિર્જરા. અપવાસ કરીને મરી જાય, સૂકાઈ જાય (તોપણ) નિર્જરા થાય નહિ. જાય એનો કાળ બધો, એમ કહે છે. સમજાણું કાંઈ? વર્ષીતપ કર્યા ને... ક્યાં ગયા મોહનભાઈ નહોતા એક ફેરી અહીં, વયા ગયા છે ક્યાંક. એક ફેરી સંભાર્યા હતા, મોહનભાઈ! ત્યારે નહોતા તમે. કે દિ'? બે-ત્રણ દિ' પહેલા નહિ?

મુમુક્ષુ :- તબિયત બરાબર નહોતી.

ઉત્તર :- તબિયત (બરાબર) નહોતી. કહો, સમજાણું આમાં?

આટલું બીજાને સમજાવ્યું, આટલાથી હું સમજ્યો ને આટલાથી કામ થયા બીજાના. એ કાંઈ સંતોષનું કારણ નથી. ભગવાન! સાંભળને હવે. આહાહા..! કહો, આટલા પુસ્તક બનાવ્યા તો હવે સંતોષ છે, લ્યો! આપણે બસ કામ કર્યું. એ સંતોષનું કારણ નથી, એ કલ્યાણનું કારણ નથી, એ તૃપ્તિનું કારણ નથી. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાનપ્રકાશ મૂર્તિ, એ જ્ઞાનમાં એકાગ્ર થવાથી તૃપ્તિ સદાય થાય. પરને લઈને તૃપ્તિ માન નહિ, માન નહિ. ભાઈ! આહાહા..!

**'એટલું જ સત્ય અનુભવનીય છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને**

**જ્ઞાનમાત્રથી જ સદાય...**’ જ-જ છે. જુઓ! છઠ્ઠો જ આવ્યો ઈ. એક એકમાં આવ્યો કે નહિ? કર્યો છે છ, હોં! કો’કે કર્યો હશે. પહેલામાં કર્યો હશે. આમાં પણ કર્યો છે. આમાં કો’કે કર્યો લાગે છે. ઓલામાં હશે પહેલામાં. આ ગાથામાં કર્યો છે કો’કે. મારા (-પુસ્તકમાં) મૂળમાં હશે ખરું ને એટલે.

મુમુક્ષુ :- નવ છે.

ઉત્તર :- હા. પછી છે નવ. આમાં તો આઠ. પછી છ અને પછી આઠ. સાત-આઠ લખ્યું છે.

‘**એમ સદાય આત્મામાં રત,...**’ એમ સદાય ભગવાન આત્મા આનંદનું સ્વરૂપ, જ્ઞાનનું રૂપ એમાં રત, એમાં સંતોષ, એમાં તૃપ્ત (થા). ‘**એવા તને વચનથી અગોચર એવું સુખ થશે;...**’ ભગવાન તને આત્માનું સુખ મળશે, ભાઈ! આહાહા..! એ બીજાને પૂછવા જાવું પડશે નહિ. જુઓ! આનંદ થશે, તને શાંતિ થશે. જેના અનુભવના સ્વાદ આગળ આખી દુનિયા તને ફીકી લાગશે. સમજાણું કાંઈ? ‘**તૃપ્ત એવા તને વચનથી અગોચર એવું સુખ થશે;...**’ અતીન્દ્રિય. સમજાણું? નવ પછી સુખ પોતાને એ તો કૌંસમાં છે, આ ટીકામાં આટલું છે. ‘**અને તે સુખ તે ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે,...**’ તે સુખ તે જ ક્ષણે, તે સુખ તે જ ક્ષણે. પાછું એમ. ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત સ્વરૂપ આનંદ એમાં એકાગ્ર થતાં તે જ ક્ષણે તને આનંદ અને સુખ થશે. સ્વયમેવ થશે. લ્યો, આવ્યું સ્વયમેવ. પોતાથી જ સ્વયમેવ, નિશ્ચયે સ્વયમેવ પોતાથી તને આનંદ થશે. એ આનંદનો અનુભવ તે નિર્જરા કહેવામાં આવે છે. શુદ્ધઉપયોગને નિર્જરા કીધી છે. અશુદ્ધઉપયોગ નાશ થાય એને વ્યવહારથી નિર્જરા (કહી). કર્મ નાશ થાય એ અસદ્ભુત વ્યવહારથી નિર્જરા. અશુદ્ધતા નાશ થાય એ અશુદ્ધ નિશ્ચયથી નિર્જરા. આ નિર્જરા આ છે.

ભગવાન આત્મા એના અંતરમાં શુદ્ધઉપયોગરૂપે પરિણમવું, એમાં રતિ, એમાં સંતોષ એમાં આનંદ. સમજાણું કાંઈ? અનુભવ. ‘**બીજાઓને ન પૂછ.**’ છે ને? બીજાઓને ‘**मा अन्यान् प्राक्षीः. (બીજાઓને ન પૂછ) ‘माऽतिप्राक्षीः (અતિપ્રશ્નો ન કર)**’ એમ આવે છે ને? ભાઈ! વિશેષ વિશેષ પૂછ નહિ. એ વસ્તુ તારી પાસે છે, તું છો. તારી પાસે શું, તું જ છો. ભગવાન આત્મા પોતાના અંતરમાં આનંદ અને જ્ઞાન ભરેલું તત્ત્વ આખું છે. એ સ્વરૂપ જ છે. એની અંતરમાં રતિ કર, પ્રીતિ કર, સંતોષ પામ અને તૃપ્તિ કર. ઝીણી વાત તો પડેને. એને અભ્યાસ નથી ને અભ્યાસ. અને અભ્યાસ કેમ કરવો? કેની કોર કરવો? એની પણ એણે રુચિ કરી નથી. એટલે કેની કોર કરવો એ અભ્યાસ કરવો અને કરે છે આમ બહાર. એને જાણે બહારથી અંદર મળી જશે. ન્યાલચંદભાઈ! ...

મુમુક્ષુ :- ઊંધો પડ્યો છે.

ઉત્તર :- આમ કરે.. આમ કરું... આમ કરું.. આ ખાઉં.. આ ન લઉં, આ પીઉં, આ ન લઉં, આ કરું, આને કરું, આને કરું.. આને કરું... આને ન કરું. દુઃખ ન આપું, સુખ આપું. એ બધા વિકલ્પની જાળ તો પરસન્મુખની છે. એમાં પ્રીતિ કરવા લાયક નથી, એનાથી સંતોષ થવાનો નથી અને એનો અનુભવ કરવા લાયક નથી. છે એમાં? જુઓ! એમાં છે. બસ! એ આઠ બોલ થયા. જ થયા ને જ, એમાં આઠ આવ્યા. ઓલો કૌંસ છે. એ તો કૌંસમાં છે. આઠ જ કરી નાખ્યા છે. સમજાણું કાંઈ?

'**(તે સુખ પોતાને જ અનુભવગોચર છે, બીજાને શા માટે પૂછવું પડે?)**' સમજાણું?

'**ભાવાર્થ :- જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું,...**' ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એમાં લીન થવું. જ્ઞાનમાત્ર એટલે ઈ જ્ઞાન, હોં! આ શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. જ્ઞાનસ્વરૂપ આત્મા જ પોતે જ્ઞાનસ્વરૂપ છે. જેમ ગળપણસ્વરૂપ જ સાકર છે. એમ ચૈતન્યપ્રકાશના પૂર, નૂર-પૂર તો એ આત્મા છે. એમાં જ લીન થવું. પહેલો અર્થ કર્યો રતિનો. '**તેનાથી જ સંતુષ્ટ થવું...**' એવું કલ્યાણની અંદરમાં. '**અને તેનાથી જ તૃપ્ત થવું-**' તૃપ્ત-તૃપ્ત. આહાહા..! લ્યો! હવે આત્મામાં રહીને તૃપ્તિ થાય આ કેવી? કહો, ભીખાભાઈ! કાંઈક સારો છોકરો હોય, પૈસા કમાતો હોય, લાખ-બે લાખ ભેગા કર્યા હોય. અરે..! ભાઈ! ત્યાં દસ-દસ, વીસ હજાર પેદા થાય, આમ પૈસા થાય. અહીં તો ધર્મ, અર્થ અને કામ ત્રણેય મળે અહીંથી અને મોક્ષ પણ મળે છે. ચાર મળે છે અહીં તો.

અહીં તો આત્માનો મોક્ષ મળે એની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એમાં શુભભાવ આવે, એમાંથી પુણ્ય બંધાઈ જાય. આવે, આવે પણ એની દશામાં ક્યાં આવ્યું ઈ? એની દશામાં ક્યાં (છે ઈ)? રાગ એની દશા નથી તો વળી ઓલી દશા અહીં આવે ક્યાં? આહાહા..! રાગ છે એ પરભાવ છે, પરભાવ છે. વિકાર છે. ઉપાધિ છે. શુભરાગ, હોં! દયા, દાન, વ્રતનો શુભરાગ ઉપાધિ છે, ઝેર છે. દુઃખ છે, પર છે, પરભાવ છે.

ભગવાન આત્મા... અહીં તો જુઓને! સ્વભાવની વાત કરી છે ને. જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં પ્રીતિ કર, રતિ પામ. એ કલ્યાણરૂપ છે, એમાં સંતોષા. એટલો જ આનંદ વેદવા લાયક છે. એટલો આત્મા જ્ઞાન.. એનાથી તને સુખ થશે. એ સુખ થશે એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એ પરમ ધ્યાન છે.**' એ પરમ ધ્યાન છે. સ્વરૂપ સન્મુખની એકાગ્રતા કરવી એ જ પરમ ધ્યાન છે. '**તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**' લ્યો! થોડા જ કાળમાં પૂર્ણાનંદ અતીન્દ્રિય

આનંદ (પ્રાપ્ત થાય છે). ઉપાદાનની અંતર શક્તિઓ આનંદ પૂર્ણ છે, એની એકાગ્રતાથી તે પૂર્ણ પ્રાપ્ત થાય છે. '**આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે,...**' આવો પુરુષ તે સુખને જાણે છે. '**બીજાનો એમાં પ્રવેશ નથી.**' બીજાને ગમ્ય નથી કે આ શું કરે છે અને આને શું થાય છે? કે બહારથી પ્રમાણ માંડે. સમજાણું? બહારથી પ્રમાણ માંડે કે આ આમ કરે છે. આ અંદરમાં બીજાનો પ્રવેશ નથી. બીજાનો ગજ સૂઝે એવું નથી એમ કહે છે. સમજાણું? એ ૨૦૬ ગાથા થઈ. એનું હવે કાલે કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૧, મંગળવાર તા. ૧-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૦૭, શ્લોક-૧૪૪, પ્રવચન-૨૯૪**

આ સમયસાર, નિર્જરા અધિકાર છે. આત્માની પવિત્રતાનું પ્રગટવું. એ કેમ પ્રગટે છે? એની વાત ચાલે છે. ૧૪૪ કળશ છે કળશ.

'**હવે જ્ઞાનાનુભવના મહિમાનું અને આગળની ગાથાની સૂચનાનું કાવ્ય કહે છે :-**' ભાવાર્થ થઈ ગયો. નથી થયો? થઈ ગયો.

**अचिन्त्यशक्तिः स्वयमेव देव-**
**श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।**
**सर्वार्थसिद्धात्मतया विधत्ते**
**ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१४४।।**

ધર્મી જીવને ધર્મ કેમ થાય છે? કહે છે કે '**(જ્ઞાની) પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે...**' પોતાનો આત્મા અચિંત્ય શક્તિવાળો પરમાત્મા છે. એવી જ્ઞાનીને અંતરમાં આદર સ્વભાવની દૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? એને નિર્જરા થાય છે. '**(જ્ઞાની) પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે...**' દેવ પહેલું આવી ગયું છે એકમાં આપણે. જીવ-અજીવ અધિકારમાં. ચૌદમી ગાથા પછી એક કળશ આવે છે ને? એમાં પણ દેવ આવ્યું, આ પણ કળશમાં છે દેવ. કહો, આ આત્મા જ પોતે દેવ છે. ધર્મીને એમ અનુભવમાં, પ્રતીતમાં આવે છે. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન નહિ, પુણ્ય-પાપના ભાવ નહિ, એક સમયની અવસ્થા ઉપર પણ જેનું જોર નહિ. હું તો એક અચિંત્ય શક્તિ વસ્તુ છે. જેમાં એક એક શક્તિ દિવ્ય શક્તિ પડી છે. ભગવાન આત્મા આનંદ પણ અચિંત્ય શક્તિવાળું તત્ત્વ, જ્ઞાન પણ જેની શક્તિ અચિંત્ય છે. એવા એવા અનંત શક્તિવાળું તત્ત્વ તેને અહીં અચિંત્ય આત્માને અહીં દેવ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? દિવ્યદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિનો દેવ આત્મા છે. સમજાણું કાંઈ? એને પરમાત્મા દેવ અરિહંતાદિ એ વ્યવહાર છે. પરમાર્થે દેવ તો પોતે પોતાનો દેવ છે. અચિંત્ય શક્તિવાળો દેવ છે.

'**અને ચિન્માત્ર ચિંતામણિ છે...**' બે ઉપમા આપી. એવી ચીજ છે કે જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ એ પોતે દેવ છે અને ચિંતામણિ છે. એટલે કે એ અંતર એકાગ્ર થાય તેટલી એને પ્રાપ્તિ શાંતિની પર્યાયમાં થાય એવું એ ચિંતામણિ રતન છે. ચિંતામણિ રતન હોય છે ને? દેવ અધિષ્ઠિત. પુણ્યના સ્વામી, પુણ્ય .. આવે. એને જોઈતું હોય એમાંથી મળે. એમ

આત્મા ચિંતામણિ રત્ન છે. એ દેવ છે અને ચિંતામણિ રતન છે. ચિંતવે તેવું-એકાગ્ર થાય તેવો એને લાભ અંતરથી મળે. શાંતિનો, આનંદનો, સ્વચ્છતાનો, પ્રભુતાનો. સમજાણું કાંઈ?

એવી જે સ્વ વસ્તુ-શુદ્ધ ચૈતન્ય વસ્તુ-એની અંતરમાં દૃષ્ટિ હોવાથી જ્ઞાની-ધર્મીને એ આત્મા આ મારો આત્મા જ દેવ છે અને એ ચિંતામણિ રતન છે. એનો આશ્રય કરવાથી, એમાં લીન થવાથી શાંતિ અને આનંદ પમાય છે. એ શાંતિ અને આનંદ પામે એને નિર્જરા કહેવામાં આવે છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કરે અને સંવર નિર્જરા થાય એમ નહિ. કારણ કે એમાં પર આશ્રય છે. આ તો શક્તિવાન દેવ પોતે વસ્તુ છે. અનંત અનંત ગુણનું માહાત્મ્યવંત મહા મહિમાવાળો પદાર્થ છે. એવી જેને દૃષ્ટિમાં ચૈતન્ય સ્વરૂપની મહિમા, મહિમા આવી છે. બીજી મહિમા દૃષ્ટિમાંથી ઊડી ગઈ છે. શુભભાવ થાય તોપણ એની મહિમા ઊડી ગઈ છે. એનાથી તીર્થંકરગોત્ર બંધાય તો એની મહિમા ઊડી ગઈ છે.

મુમુક્ષુ :- ત્યારે કઈ રહી?

ઉત્તર :- રહી દેવાધિદેવ આત્મા પોતે. સમજાણું કાંઈ?

ધર્મીને પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ (છે). મહા જેમાં સામર્થ્ય છે, જેમાંથી કેવળજ્ઞાનના કોળા પાકે એવું એ બીજડું છે આત્મા. કોળા સમજો છો? નથી સમજતા? સાકરકોળા. તમારે શું કહે છે હિન્દીમાં? કદ્દુ. એવું ફળ .. ફળ હોય છે. ઓલું વળી બીજું. પેઠા. પકવાન થાય છે હિન્દુસ્તાનમાં. એ આવડા આવડા હોય પેઠા. આ તો આવડા મોટા. આમાંથી કેવળજ્ઞાનના કોળા પાકે એવું આત્મદ્રવ્ય છે. રાગ અને પુણ્ય-પાપ પાકે એવી એ વસ્તુ નથી. એથી ધર્મીને પોતાનો આત્મા દેવ છે એવી દૃષ્ટિ થઈ છે તેમાં લીનતા થાય છે એટલે ચિંતામણિ રતન સમાન તે આત્મા જ છે. હું તો એમાં જેટલું અંતર લક્ષ અને એકાગ્ર થાઉં એટલી મને નિર્જરા અને શુદ્ધતા થાય. બાકી કોઈ શુદ્ધતા પ્રગટવાનું કોઈ કારણ અને સાધન છે નહિ. કહો, સમજાણું કાંઈ?

જુઓ! '**પોતે...**' એમ શબ્દ છે ને? સ્વયં શબ્દ પડ્યો છે ને? '**स्वयमेव देव**' '**स्वयमेव देव**' સ્વંય 'જ' આવ્યું. પોતે જ દેવ છે. આહાહા..! ધર્મી એને કહીએ કે જેણે આત્માનો પૂર્ણ સ્વભાવ દૃષ્ટિમાં લીધો છે. અને એને આશ્રયે જેને એકાગ્રતા થતાં શુદ્ધિની વૃદ્ધિ ક્ષણે ક્ષણે થાય છે. એ ચૈતન્ય ચિન્માત્ર ચૈતન્ય ચિંતામણિ રતન છે. એ રતનની કિંમત સમ્યગ્દૃષ્ટિને અંતરની હોય છે. આ એક ચૈતન્ય ચિંતામણિ રતન છે. સમજાણું? એવો જે આત્મા તેમાં અંતર્મુખ થઈને જેટલી એકાગ્રતા થઈ છે તેટલો એને ધર્મ અને સંવર, નિર્જરા છે. એ સંવર-નિર્જરા કાંઈ અપવાસ આટલા કર્યા અને આટલું ફલાણું કર્યું, પોષા કર્યા, પડિક્કમણા કર્યા એ કાંઈ સંવર-નિર્જરા એને લઈને નથી એમ કહે છે. કહો. ઓલા તો કહે, દયા પાળે એ

જીવનો સ્વભાવ છે. એમ કહે છે. ઓહોહો..! બહુ .. આજ આવ્યું છે પાછું. વંચાઈ ગયું છે. એ તો બધું આ ભેગું પુસ્તક છે તો એકસાથે જરી એકઠું... ઓલા છૂટા-છૂટા પાના આવતા હતા ને ૫૦ ને, ૬૦ ને. બહુ ચિતર્યું છે. ઓહોહો..! દયાના દાખલા શાસ્ત્રમાં ઘણા આવે ને. ઈ મૂક્યા. હું તો એમ માનતો હતો કે આચાર્યોના આવા પ્રમાણને તમે માનશો. પણ નહિ માનો અને આ પ્રમાણે આસ્થા નહિ કરો એ મને.. આહાહા..!

પરજીવની દયા એ આત્માનો સ્વભાવ. અરે..! ભાઈ! પરજીવ ઉપર લક્ષ જાવું છે એ દયા એ તો શુભભાવ છે. એ પુણ્યબંધનું કારણ છે. એને ધર્મ માને તો મિથ્યાત્વ થાય છે. એ પ્રશ્ન છે એમનો અંદર. એની તરફનો છે ને. દયા એ મિથ્યાત્વ છે? દયા મિથ્યાત્વ કોણે કહ્યું? સાંભળને. પરજીવની દયાનો ભાવ તે શુભભાવ છે. તે પરમાર્થે ધર્મ છે એ માન્યતા મિથ્યાત્વ છે. કારણ કે પુણ્યને તેણે નિર્જરાતત્ત્વ માન્યું. સમજાણું કાંઈ? ભણી ભણીને પણ મોટા કાઢે એમાંથી આ.

કહે છે કે ભાઈ! પ્રભુ! તું તારો આશ્રય લે એટલો તને લાભ થાય. જેટલો પરનો આશ્રય છે એમાં તને લાભનું કારણ કિંચિત્ છે નહિ. કહો, સમજાણું? ચાહે તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય અને એને સાંભળે ભક્તિથી, એ બધો પરાશ્રિત ભાવ છે.

મુમુક્ષુ :- એક અપવાદ રાખો.

ઉત્તર :- ક્યાં ગયો તમારો? ક્યાં છે? આઘો બેઠો છે. તમારા ચિરંજીવીને પૂછો ને. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અરે..! તારામાં ક્યાં ખામી છે? તારામાં ક્યાં અપૂર્ણતા છે કે જેથી પરનો આશ્રય લેવો પડે, એમ કહે છે. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યરતન છે ને. ભગવાન પૂર્ણાનંદનો નાથ છે ને, એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે ને. ભાઈ! સત્ નામ શાશ્વત ચૈતન્યરતન છે. શાશ્વત, પોતા માટે જ્ઞાનીને શાશ્વત દેવ હોય તો એ આત્મા જ છે. સમજાણું કાંઈ?

અહીં નિર્જરાની વ્યાખ્યા ચાલે છે. નિર્જરા કેમ થાય? નિર્જરા જ્ઞાનીને થાય. જ્ઞાનીને કેમ થાય? કે જ્ઞાનીનો આત્મા ચૈતન્યરત્ન છે એવું એને દૃષ્ટિમાં તરવરે છે. સમજાય છે કાંઈ? સ્વભાવ ઉપર એનું જોર છે એમાંથી એને અશુદ્ધતા ટળે છે અને શુદ્ધતા વધે છે. બાકી કોઈ ઉપાય નિર્જરાનો છે નહિ. લાખ બહારની ક્રિયાકાંડ પ્રવૃત્તિ દયા ને દાન ને વ્રત ને ભક્તિ ગમે તે લે પણ એ બધો શુભરાગ છે. એનાથી જ્ઞાનનું પ્રકાશવું થતું નથી. કર્મથી જ્ઞાનનું પ્રકાશવું થતું નથી. કર્મ એટલે રાગની ક્રિયા બધી. કઠણ પડે જગતને. બાહ્ય લક્ષમાં એને મનાવી લીધું. બાપુ! એમ ન હોય, ભાઈ! ભગવાન આત્મા અંતરમાં આખો છે ને.

એમાં અનંત અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ એવા બધા થરના થર પડ્યા છે અંદર. એ કેવળજ્ઞાન એક સમયનો થાય એને અરિહંત દેવ કહેવો. અરિહંત દેવ કહેવાય. એક સમયનું કેવળજ્ઞાન, એક સમયનો આનંદ, અનંત ચતુષ્ટય પ્રગટ્યા એને દેવ કહેવો. પણ કહે છે કે અહીં તો એવી એવી અનંતા દિવ્ય શક્તિ તારા પણ આત્મામાં પડી છે. દેવાધિદેવ તું છો તારે માટે. સમજાણું કાંઈ?

તું હી દેવનો દેવ. જુઓને! સમજાણું? (સંવત) ૬૪માં પહેલું વાક્ય આવ્યું હતું. કીધું હતું ને? આપણે લખ્યું છે ને, ભાઈએ લખ્યું છે. દેવનો દેવ તું છો. પોપટભાઈ! 'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ.' બીજું કોઈ છે નહિ. ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ એ વસ્તુ અચિંત્ય શક્તિવાળી. અચિંત્ય શક્તિ. કલ્પનામાં ન આવે એવી શક્તિ છે એમ કહે છે. કલ્પના શું આવે? વિકલ્પથી એની શક્તિનું માપ શી રીતે આવે? વિકલ્પ છે તે રાગ છે અને આ છે તે અરાગી શક્તિઓનો પિંડ છે. રાગથી એના માપ શી રીતે આવે? મનની કલ્પનાથી એનું માપ શી રીતે આવે? સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા '**જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે.**' જુઓ! '**સર્વાર્થસિદ્ધ**' શબ્દ પડ્યો છે ને? '**સર્વાર્થસિદ્ધ**'. '**સર્વાર્થસિદ્ધ**' છે શબ્દ. એ પહેલો ક્યાંક આવી ગયો હતો આપણે સર્વાર્થસિદ્ધ. પહેલા ક્યાંક આવ્યું છે. કીધું, આ સર્વાર્થસિદ્ધ આમ લેવો છે. ક્યાંક આવ્યું હતું આમાં. પુરુષાર્થસિદ્ધિમાં આવ્યું હતું. ક્યાંક આવ્યું હતું ખરું. તારણસ્વામીમાં કહે છે ને કે સર્વાર્થસિદ્ધમાં ગયા. કીધું, એમ રહેવા દ્યો. એને કીધું હતું ઓલા પંડિતને. એમ રહેવા દો. ઊંધું પડશે બધું. સર્વાર્થસિદ્ધમાં નહિ પણ સર્વ અર્થ સિદ્ધ થયા. આત્મા અને આત્માની દૃષ્ટિથી, એમ લ્યો એનો અર્થ. અમરચંદભાઈ! એ એક શબ્દ આવે છે. ચૌદ ગ્રંથમાં એક શબ્દ (આવે છે). સર્વાર્થસિદ્ધમાં ગયા. ભાઈ! સર્વાર્થસિદ્ધમાં રહેવા દ્યો. તો તો જૈનદર્શન ઊંધું પડી જશે. અત્યારનો સાચો મુનિ હોય તોપણ સર્વાર્થસિદ્ધમાં જઈ શકે નહિ. સમજાય છે? સર્વ-અર્થ સિદ્ધ. ઈ અહીં કહે છે, જુઓ! ધર્મનું ભાન થયું આત્માનું એટલે સર્વ પ્રયોજન સિદ્ધ થઈ ગયા. એમ કહે છે. અમરચંદભાઈ! કહ્યું હતું પંડિતને. બીજા ઓલા પંડિત કેવા? જયકુમાર. જયકુમાર છે ને? બ્રહ્મચારી. કીધું, બહુ વાત રહેવા દેજો. નહિતર પછી ચાલશે નહિ. વીતરાગનો માર્ગ છે આ તો. જેટલા પ્રમાણમાં હોય એટલું પ્રમાણ રાખવું જોઈએ, બહુ ચડાવી ન દેવાય.

'**જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે...**' જોયું! વસ્તુ ચૈતન્ય ભગવાન જ્યાં અંતર શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો એના સર્વ પ્રયોજન સિદ્ધ છે. એને આત્માને આશ્રયે સર્વ પ્રયોજન સિદ્ધ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માને આશ્રયે પ્રગટ્યા એ સર્વ

અર્થ સિદ્ધ થઈ ગયા એના. પોપટભાઈ! **'એવા સ્વરૂપે હોવાથી...'** વસ્તુ જ્ઞાનાનંદ સ્વરૂપ એમ દૃષ્ટિમાં બેસવાથી સર્વ પ્રયોજન સિદ્ધ થયા. કૃત્યકૃત્ય થઈ ગયો એમ કહે છે. વસ્તુનો અનુભવ થતાં આત્મા કૃત્યકૃત્ય થઈ ગયો. સર્વ (અર્થ) સિદ્ધ થઈ ગયા. કહો, સમજાણું કાંઈ? અખંડ વસ્તુ પોતે પરમાત્મા, એનો આશ્રય લેતા-અવલંબન લેતા કૃત્યકૃત્ય થઈ ગયો. સર્વ (અર્થ) સિદ્ધ થઈ ગયા. બધું મળી ગયું. એ મોક્ષપદ મળી ગયું એમ કહે છે. પોતે મોક્ષસ્વરૂપ જ છે, એ પોતે જ મોક્ષસ્વરૂપ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેનું પ્રયોજન? ધૂળમાંય નહોતું બહારમાં. બહારમાં હતું ક્યાં? હતું ક્યાં પ્રયોજન? આહાહા..!

**'અન્યના પરિગ્રહથી શું કરે?'** અહીં સરવાળો આ લેવો છે. જેને ભગવાન ચૈતન્યમૂર્તિ અનંત ગુણનું ધામ જ્યાં અંતર દૃષ્ટિમાં બેઠું, દૃષ્ટિને ભગવાન આત્માનું જ્યાં સ્વામીપણું આવ્યું, હવે એને બીજા પરિગ્રહ અને બીજાનું કામ શું છે? વિકલ્પ ઉઠે એને પકડે એનું એને કામ શું છે? એમ કહે છે. એ દયા, દાન, વ્રતના, પરિણામ ઉઠે કે કોઈ તીર્થંકર ગોત્રનો ભાવ (આવે) એને પકડવાનું કામ શું છે? મોટો પકડ્યો છે ભગવાનને અને આ પરિગ્રહનું કામ શું છે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'અન્યના પરિગ્રહથી શું કરે?'** ભગવાન આત્મા આખો પ્રભુ પૂર્ણ શાંતિનો રસ વીતરાગ રસવાળું તત્ત્વ. એને જ્યાં અંતર અનુભવમાં, દૃષ્ટિમાં, જ્ઞાનમાં, જ્ઞેય તરીકે અનુભવાણું, કહે છે કે એવા જ્ઞાનીને હવે રાગના પક્કડથી શું કામ છે? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા ભાવનો પણ પરિગ્રહ એને ક્યાં છે? એમ કહે છે. એની પક્કડ ક્યાં છે? પકડાણો છે આમ આત્મામાં. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- આ જ્ઞાનમૂર્તિ આત્મા...'** એ તો ચૈતન્ય જ્ઞાનમૂર્તિ પ્રભુ છે. એ પુણ્ય-પાપના રાગાદિ એના સ્વભાવમાં નથી. **'પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે...'** અનંત અનંત સામર્થ્ય રાખનારું દિવ્ય તત્ત્વ છે. **'અને પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણી હોવાથી...'** ચૈતન્યરૂપી ચિંતામણી. ચૈતન્યનો આખો કંદ છે. એમાં જેટલો એકાગ્ર થાય તેટલો એનો ઉકેલ થાય. જ્ઞાનની અવસ્થા, શ્રદ્ધાની અવસ્થા નિર્મળાદિ અનેક પ્રકારે પ્રગટે છે. એ અંતરના અવલંબન દ્વારા. એ ભગવાન ચિંતામણિ રતન છે.

**'વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે;...'** સર્વ અર્થનું લીધું. સમજાણું? **'સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી...'** થઈ ગયા. પ્રયોજન સિદ્ધ થઈ ગયા. ભગવાનના ભેટા થયા, આત્માનો અનુભવ થયો. જ્ઞાની એટલે જ્ઞાનનો અનુભવ થયો. રાગનો અનુભવ જે અનાદિ હતો એ ટળીને ભગવાન આત્માનો અનુભવ થયો શુદ્ધ ચૈતન્યનો. કહે છે, બધા કાર્ય સિદ્ધ થઈ

ગયા. '**જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે? અર્થાત્ કાંઈ જ સાધ્ય નથી. આમ નિશ્ચયનયનો ઉપદેશ છે.**' એમ સાચા તત્ત્વનો આ ઉપદેશ છે. નિશ્ચય પાછો ઈ. વ્યવહારની વાત આવે ત્યારે રાગ આવે, પુણ્ય કરે એવું કહેવામાં આવે.

મુમુક્ષુ :- એની સાથે પ્રયોજન ક્યાં છે.

ઉત્તર :- અહીં શું કામ છે? અહીં તો નિશ્ચયનયનો ઉપદેશ.. પેલાએ લખ્યું ને જરી. આ નિશ્ચયનો ઉપદેશ. વ્યવહારનયનો બીજો આવે. વ્યવહારનયનો એમ આવે ત્યારે કે આ દયા, દાન, ભક્તિના પરિણામ કરે છે, પાળે છે. એ ભાષા આવે. ભાષા વ્યવહારનયનું કથન જ એવું છે. પણ નિશ્ચયના સત્યમાં એ બધું વ્યભિચાર છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા એને અનુભવમાં આવવો, અચિંત્ય માહાત્મ્ય જેના છે. સમજાય છે કાંઈ? ચંડાળને સમ્યગ્દર્શન (હોય તો કહે છે કે) અચિંત્ય દેવ છે. ઓહોહો..!

સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તો મોક્ષમાર્ગી છે અને મિથ્યાદષ્ટિ ત્યાગી થયો હોય તો ઉન્માર્ગે પડ્યો છે. કહો, પંચ મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા કરતો હોય, પણ વસ્તુ સ્વભાવ ભગવાન આત્માનો જ્યાં અનુભવ જ નથી, દષ્ટિ નથી. એ અનુભવ વિનાના ગામમાં ઢોર સમાન, જંગલમાં હરણ સમાન. એમ કહ્યું છે દીપચંદજીએ. અનુભવપ્રકાશ. સમજાણું કાંઈ? આકરી ભાષા વાપરી છે. હરણ સમાન છે કહે છે. ગામમાં પશુ સમાન. જંગલમાં રહે તો હરણિયા જેવા છે. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, અનંત અનંત શક્તિઓ, જેની શક્તિના માપ નહિ. એટલે ગણતરીની શક્તિનું માપ નહિ અને એક એક શક્તિના સામર્થ્યનું માપ નહિ. સમજાણું કાંઈ? જેની ગણનાએ એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ ગણનાએ શક્તિનો પાર નહિ અને એક એક શક્તિના સામર્થ્યનો પાર નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા અનુભવમાં આવ્યો એને, કહે છે, પરની સાથે પકડવો, વ્યવહારને રાગને પકડવો કે રાગ આવ્યો એ પકડવું, એકાગ્ર થવું એમાં ક્યાં રહ્યું? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી?**' એમ. કેમ પકડતો નથી? તેથી એને નિર્જરા થાય છે કેમ?

**को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं।**
**अप्पाणमप्पणो परिगहं तु णियदं वियाणंतो।।२०७।।**
**'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.**

લ્યો, આ પરિગ્રહ. આ તમારા પૈસા ને બૈસા ને ધૂળ ને બંગલા તો ક્યાંય રહી ગયા. રાગનો પરિગ્રહ પણ જ્ઞાનીને નથી. પુણ્ય ભાવ. આહાહા..! ગળે વળગ્યો છે. પુણ્ય ભાવથી આમ થાય, મોક્ષ થાય. અરે..! આગમ કહે છે, મુનિઓ કહે છે અને તમારે માનવું નથી? અરે..! ભાઈ! તને એની ખબર નથી. જ્યાં આગળ કોઈ વ્યવહારનયની દયાનું કથન હોય ત્યાં શુભરાગ છે એમ કહેવું. પરંપરાએ મોક્ષ એમ કહેવામાં આવે. નિશ્ચયદયા સ્વની છે તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. દયાનો અર્થ પણ સમજ્યા વિના દયા દયા કરે. ભગવાનને દયા કીધી છે. આવે છે એમાં નામ. એક હજાર ને આઠ નામ. એક હજાર ને આઠ નામ આવે છે ભગવાનના? કરુણા, દયાવંત એવું કહ્યું છે. શું દયા એની પાસે રાગ છે? શુભરાગ છે દયા? એક હજાર આઠમાં નામ આવે છે. એણે આપ્યા છે, ભાઈ ફૂલચંદજીએ આપ્યા છે. ભાઈ! આમાં પણ આમ કહ્યું છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કરુણાવાળા છે. કરુણાવાળા એટલે શું? પરની દયા પાળવા જાતા હશે? એવો વિકલ્પ છે? અકષાય ભાવની વીતરાગ દશાને જ કરુણા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એક હજાર ને આઠ નામ આવે છે ને ભગવાનના? એમાં વીતરાગને આવા વર્ણવ્યા છે. તો ઓલા સમજી જાય કે એ પણ પરની કરુણા કરતા હશે. ૨૦૭ ગાથાની ટીકા.

'**ટીકા :-**' '**જે જેનો સ્વભાવ છે તે તેનું સ્વ છે..**' શું કહે છે? સિદ્ધાંત કહે છે જરી હજી. '**જે જેનો સ્વભાવ...**' સ્વ-પોતાનો ભાવ. '**તે તેનું સ્વ છે...**' તે તેનું ધન છે, તે તેની મિલકત છે, તે માલિકીની ચીજ છે. '**અને તે તેનો (સ્વ ભાવનો) સ્વામી છે-**' કહો, સમજાણું કાંઈ? જે જેનું સ્વ છે તે તેના સ્વનો સ્વામી છે. કહેશે. સ્વ શું છે આત્માનું? જ્ઞાન અને આનંદ એ એનું સ્વ છે. એનો જ્ઞાની સ્વામી છે. સહજાત્મ સ્વરૂપનો સ્વામી છે. રાગનો સ્વામી, પુણ્યનો સ્વામી, બંધનો સ્વામી, ફળનો સ્વામી નથી.

સ્વસ્વામીસંબંધ નામનો એક ગુણ છે. આત્મામાં સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે. અનાદિ અનંત, અનાદિઅનંત. સ્વ-પોતાના દ્રવ્ય, ગુણ અને શુદ્ધ પર્યાય આખું નિર્મળ એ સ્વ. એનો જ્ઞાની સ્વામી છે. એ રાગ આવે એનો એ સ્વામી નથી. કહો, સમજાય છે કાંઈ? અઠ્યાવીશ મૂળગુણ અને પંચ મહાવ્રતના પરિણામનો જ્ઞાની સ્વામી નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બધું સ્વ પડ્યું છે કે લાદી ને પૈસા ને રૂપિયા. ક્યાંય રહી ગયું, ધૂળમાંય નથી.

મુમુક્ષુ :- એ તો મુંબઈમાં, અહીં ક્યાં.

ઉત્તર :- મુંબઈમાં પણ ક્યાં હતું? એના ઘરે રહ્યું.

અહીં તો કહે છે કે '**જે જેનો સ્વભાવ...**' કોઈપણ દ્રવ્યનો કે કોઈપણ ચીજનો એનો જે સ્વભાવ હોય, પોતાનો ભાવ હોય તે તેનું સ્વ. આત્માનો પોતાનો ભાવ શું? જ્ઞાન, આનંદ, શાંતિ એ પોતાનો સ્વભાવ છે ત્રિકાળી. તે જ આત્માનું ધન છે. એ એની મિલકત છે. એ આત્માના જ્ઞાન, આનંદ એ આત્માની મિલકત છે. આ ધૂળની નહિ. પૈસા-બૈસા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરોડ છે એને ઘરે. કડુ ભાંગી ગઈ છે એની. મમતામાં મમતા. આકુળતા છે. સમજાણું કાંઈ?

અહીં તો જુઓને કહ્યું. '**अप्पाणमप्पणो परिगहं**' એમ છે એનું? એની વ્યાખ્યા કરી છે આ બધી. '**જે જેનો સ્વભાવ છે તે તેનું સ્વ...**' નામ માલિકીની ચીજ છે. તે તેનો માલિક છે, તે તેનું ધન છે. ભગવાન આત્મા એનો સ્વભાવ જ્ઞાન, દર્શન, શાંતિ આદિ અનંત ગુણો તે તેનો સ્વ-પોતાનો ભાવ છે. તે તેની ધર્મી જીવની આત્માના અનુભવનારની, તેની માલિકીની ચીજ તો જ્ઞાન, આનંદ એ એની માલિકીની ચીજ છે. રાગાદિ માલિકીની ચીજ નથી. આહાહા..! વ્યવહાર એ માલિકીની ચીજ નથી એમ કહે છે. વ્યવહાર રત્નત્રયનો શુભરાગ થાય એ આત્માની માલિકીની ચીજ નથી અને એનો એ માલિક નથી અને એનું એ ધન નથી. સમજાણું કાંઈ?

'**એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી...**' એ શબ્દ પડ્યો છે ને? '**खरतर**' '**खरतरतत्त्वदृष्ट्यवष्टम्भात्**' છે ને? ઓલા કાળમાં એમ આવે છે ને પંચાસ્તિકાયમાં? કાળને ખરતર દૃષ્ટિથી નક્કી કરવો કે કાળદ્રવ્ય છે. એમ આવે છે ને પંચાસ્તિકાયમાં? તીક્ષ્ણ. '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' ધર્મીની સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિ છે. એ ખરતર દૃષ્ટિ કહે છે. ... બીજાથી શોધેલું. વાત તો એમ છે. ખરતર-ગોતેલું. એ ખરતર ગૃહસ્થવાળા ત્રણ કોઈને માનતા હશે. ચોથાને નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ. ખતર. દેવને? તો એ તો ઓલું કહેવાય.

મુમુક્ષુ :- પૂજાને સંવર માને.

ઉત્રત :- પૂજાને સંવર એ તો વળી પાયચન કહેતા હતા. એ તો પાયચન ગચ્છ. પાયચંદ ગચ્છ. ખતરમાં કાંઈક હશે ખરું. ખતરગચ્છ છે ને એટલે કાંઈક હશે. આ પાયચનગચ્છ છે એ પૂજામાં આસ્રવ માને. સંવર, નિર્જરા ન માને. પણ આ લોકો સંવર-નિર્જરા માને, તપગચ્છમાં. ઘણાં ફેર. ખતર ગચ્છમાં કાંઈક હશે, હશે તો ખરું કાંઈ. અધ્યાત્મ ગ્રંથ. અધ્યાત્મનું વાંચન

એમાં છે દેવચંદજીને અને...

અહીં તો કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ સૂક્ષ્મ સ્વભાવ છે. ઘણું સૂક્ષ્મ સ્વરૂપ. એને સૂક્ષ્મ તત્ત્વ દૃષ્ટિથી જોનાર. સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વ દૃષ્ટિ. તીખી દૃષ્ટિ, તીખી દૃષ્ટિ, ઝીણી દૃષ્ટિ, ઉગ્ર દૃષ્ટિ. એ દૃષ્ટિ રાગ ઉપર ન હોય, પર ઉપર ન હોય. એ દૃષ્ટિ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વ દૃષ્ટિ. તત્ત્વ. જ્ઞાયકભાવ ભગવાન આત્મા એને જે સૂક્ષ્મ તીક્ષ્ણ દૃષ્ટિથી જે જોવે છે. એના '**આલંબનથી...**' એના આશ્રયથી ભગવાન ત્રિકાળ સ્વરૂપ શુદ્ધ એવી સૂક્ષ્મ તત્ત્વદૃષ્ટિના આલંબનથી '**જ્ઞાની આત્માને જ...**' ધર્મી પોતાના આત્માને જ '**આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' પોતાના સ્વભાવરૂપ આત્મા એને જ પોતાનો પરિગ્રહ અને મિલકત ચીજ માને છે. કહો, સમજાણું કાંઈ? તેથી ક્ષણે ક્ષણે અશુદ્ધતા ટળતી જાય છે. એનો સ્વામી નથી એટલે ટળતું જાય છે. જેનો સ્વામી છે તે શુદ્ધિ વધતી જાય છે. એમ કહે છે મૂળ. નિર્જરાનો અધિકાર છે ને.

'**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની આત્માને જ...**' ભગવાન પૂર્ણ સ્વરૂપ પ્રભુ એવો શુદ્ધ આત્મા, એને જ '**આત્માનો...**' પોતાને પોતાનો એમ શબ્દ છે ને? '**अप्पाणमप्पणो परिगहं**' એનો અર્થ છે એ. '**अप्पाणमप्पणो परिगहं**' પોતાને પોતાનો પરિગ્રહ, પરિગ્રહ એટલે પોતાનું સ્વરૂપ, પોતાની માલિકીની ચીજ. ભગવાન શુદ્ધ આત્મા એ મારી માલિકીની ચીજ છે, એ મારું ધન છે, એ મારી મિલકત છે. કહો, ધર્મીને પુણ્ય પરિણામ એ માલિકીની ચીજ નહિ, ધન નહિ. આહાહા..! વ્યવહારરત્નત્રયનો શુભઉપયોગ ઉઠે એ એની ચીજ નહિ, એનો એ માલિક નહિ, એનું એ સ્વ નહિ, એનું એ ધન નહિ. ઈ કો'કનું. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આનું નામ સમ્યગ્દૃષ્ટિ અને એનું નામ નિર્જરા. એમ કહે છે. આમ લ્યો બે અપવાસ કરી નાખ્યા. નિર્જરા થઈ ગઈ, આ કર્યું નિર્જરા થઈ ગઈ. કાળ ગયો એટલો તારો, સાંભળને! નિર્જરા ક્યાંથી આવી? કહો, દીપચંદજી! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહાર આવી? શું કહે છે? જુઓને! શું છે?

જ્ઞાની એટલે સમ્યગ્દૃષ્ટિ. એની તીક્ષ્ણ સૂક્ષ્મ દૃષ્ટિ વડે. તત્ત્વ દૃષ્ટિ એટલે વસ્તુની દૃષ્ટિ થઈ છે. એ આત્માના પોતાના સ્વભાવનું ત્રિકાળીપણું તેની દૃષ્ટિ હોવાથી જ્ઞાની આત્માને આત્માનો પરિગ્રહ નિશ્ચયથી જાણે છે. ખરેખર ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ એ જ મારી વસ્તુ છે. પરિગ્રહ એટલે એ મારી ચીજ છે, એ મારું ધન છે, એનો હું માલિક છું, એ મારી માલિકીની ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો વળી જ્યાં ત્યાં ધણી થવા જાય. રાગ મેં કર્યો, રાગ મારો .. છે. ધણી થવા જા છો મેલનો? નિર્મળનો ધણી

ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? છ ખંડના રાજમાં પડ્યો હોય પણ એનું સ્વધન આત્મા છે. પર છે નહિ, રાગ નહિ, પુણ્ય નહિ પોતાનું ધન. ત્યાં વળી બહારની ચીજ ક્યાં રહી ગઈ? આહાહા..! 'ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.' એવી વસ્તુ અનંતનાથ પ્રભુ, એ અનંતનાથની સ્તુતિ છે, આનંદઘનજી. અનંત ગુણનો નાથ પોતે, તે તેનું સ્વપણું ધન છે. મિલ્કત છે. પોતાની ચીજ તો શુદ્ધ સ્વરૂપ આત્મા એ પોતાની ચીજ છે. ભાઈ! વસ્તુ જ એવી છે ત્યાં શું થાય? વસ્તુમાં એ રાગાદિ કે શરીરાદિ, કર્માદિ વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? એ વસ્તુમાં એ નથી. વસ્તુમાં નથી એને પોતાનું માને એ તો મિથ્યાદષ્ટિ છે એમ અહીં તો કહે છે. એનો સ્વામી થાય, રાગનો સ્વામી થાય, પુણ્યનો સ્વામી થાય, એના ફળનો સ્વામી થાય. મિથ્યાદષ્ટિ છે. તો એનો સ્વ માલિક એ થઈ ગયો અને એનો માલિક સ્વધન થઈ ગયું, એનો માલિક થયો. મિથ્યાદષ્ટિ છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહારની તો વાતેય ક્યાં છે? ધૂળ તો ક્યાંય અડતી નથી, બહારમાં રહી ગઈ. ક્યાં હતો મફત. આહાહા..! શાંતિ માટે સમાધાન થાય એ ચીજ કઈ છે? આત્મા છે કે આ બધું સમાધાન કરનારું હશે? છોકરો સારો હોય તો સમાધાન કરાવે કે નહિ? ન કરાવે?

અહીં તો કેવું કહ્યું? '**अप्पाणमप्पणो परिगहं**'. આ એક શબ્દ પડ્યો છે. ધર્મીને પોતાનો આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ આનંદકંદ એ એનો આત્મા પરિગ્રહ છે. એ એની મિલકત અને એ એનું ધન છે. આહાહા..! એ એનો દેવ છે, એ એનો ગુરુ છે. કહો, પોતે પોતાને સમજાવે છે માટે ગુરુ. સમાધિશતકમાં આવ્યું, પરમાત્મપ્રકાશમાં આવ્યું. હમણાં ત્યાં આવ્યું હતું પરમાત્મપ્રકાશમાં, નહિ? રાજકોટ. સમજાણું કાંઈ?

અરે.. ભગવાન! તું અંદર ઠર. એ કોણ કહે? પોતે પોતાને કહે છે કે બીજો? ભાઈ! તને અંદરમાં શરણ છે. જ્ઞાનમાં અહીં શરણ છે. ભાઈ! અંદર શરણ છે. ચૈતન્ય મંગળિક વસ્તુ છે, ઉત્તમ છે, શરણ છે. એ જ વસ્તુ શરણ લેવા લાયક છે. એમ પોતે પોતાને કહે એ પોતે પોતાનો દેવ અને પોતે પોતાનો ગુરુ. અને પોતામાં પ્રગટ્યો અંતર આનંદ આદિ એ એનો ધર્મ. આહાહા..! જગતને કઠણ ભારે પડે, ભાઈ! એને રસ્તે કેમ જાવું અને શું છે એની ખબર નહિ. એકલો એ અને આ અનંતા બીજા, એને રસ્તે ચડી ગયો આમ. આ નહિ, અહીં જાવ તો આમ થાશે, અહીં જાવ તો આમ થશે. એક આ અને અનંતું. પણ એનું અનંતમાંથી ખસ ને હવે. અનંતું એને ઘરે રહ્યું. અહીં અનંતો તું છો. એને એક

સમયમાં જાણનારું જ્ઞાન અનંતને એટલું સામર્થ્ય તો તારું છે. જાણવું છે તારે કે કાંઈ રોકાવું છે તારે? કહો, સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા પોતાનો પોતે પરિગ્રહ. નિયમથી ધર્મી આમ જાણે છે. સમ્યગ્દષ્ટિ પોતાના શુદ્ધ આત્મ સ્વભાવને પોતાનું ધન અને માલિકીની ચીજ માને છે. બાકી કોઈ પોતાની ચીજ છે નહિ. આહાહા..! દયા, દાનના પરિણામ આવે એ પણ ધર્મી મારી માલિકીની ચીજ છે એમ માનતો નથી. એ ચીજ મારી નહિ, હું એનો સ્વામી નહિ, એ મારું ધન નહિ. આહાહા..! અબંધસ્વરૂપી ભગવાનનો જે સ્વામી થયો એ બંધ પરિણામનો સ્વામી કેમ થાય એ? આહાહા..! કઠણ જગતને એવું પડે. પણ મૂળ વસ્તુ જ આખી રહી જાય છે હવે. આ બહારના ઉપરથી આ કર્યું... આ કર્યું... આ કર્યું. એ બધા વિકલ્પોની જાળ છે. સમજાણું કાંઈ? એ ભાવ વિકલ્પ કર્યો. પરનું તો કોણ કરતું હતું? પરમાં જાતો હતો ક્યાં ત્યાં? સમજાણું? સમ્મેદશિખર જાય તો એ ભગવાનની પૂજા કરી, ભક્તિ કરી. એ બધો વિકલ્પ છે. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં જઈને ક્ષેત્રે વિકલ્પ કર્યો છે એમ. આ અહીં હતું, આ અહીં છે. શું છે? એ તો બધો વિકલ્પ છે. ત્યાં આત્મા ક્યાં આવ્યો? અમરચંદભાઈ!

અત્યારે તકરાર ચાલે છે મોટી ત્યાં સમ્મેદશિખર. છાપામાં હતું. બહુ તકરાર. .. મારામારી ને. ઘણા માણસો ભેગા કર્યા શ્વેતાંબર લોકોએ. અરે..રે! આ શું? જૈનધર્મમાં આવું? જૈનધર્મ પાયકે વરતે વિષય કષાય, એ અચંભા હો ગયા જળમેં લાગી લાય. એવી તકરાર. 'જૈન ધર્મ પાય કે વરતે વિષય કષાય, એ અચંભા હો ગયા જળમેં લાગી લાય.' જ્યાં વીતરાગપણું પ્રગટવું છે ત્યાં શાંત.. આખી દુનિયાને જ્યાં ભૂલી જવી છે ત્યાં દુનિયાના પ્રસંગને માટે કષાય, ઝઘડા. અરે..! આ તે કાંઈ હોય? શું થાય? વીતરાગના પડ્યા વિરહ. જગત પોતાની કલ્પનાએ માંડીને બેઠા વાડા. ભગવાન ચૈતન્યસ્વરૂપી પ્રભુ પોતે પોતાનો સમ્મેદશિખર પોતે છે. એમાં આરૂઢ થવું તે જાત્રા છે. એ જાત્રા છે, ભાઈ! એ તો એક શુભભાવ હોય ને હોય. એ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**તેથી આ મારું સ્વ નથી,...**' જુઓ! તેથી આ મારું સ્વ નથી. રાગાદિ મારું સ્વ નથી '**અને હું આનો સ્વામી નથી...**' રાગનો વિકલ્પ ઉઠ્યો એ મારું સ્વ નથી. એની ટીકા. ૨૦૭ની ટીકા. ૨૦૭ ગાથાની ટીકા છે ને હેઠે? '**આ મારું સ્વ નથી,...**' જુઓ! આ મારું એટલે? અસ્તિત્વ તો સિદ્ધ કર્યું. આ એમ કરીને સિદ્ધ તો કરે છે કે આ રાગ.. આ.. આ... આ.. પુણ્યનો ભાવ, દયા-દાનનો ભાવ, શરીરની ક્રિયા એ મારું સ્વ નથી.

જીવતા શરીરથી ધર્મ થાય. અરેરે..! પ્રશ્ન કેવા આ તે? રાજમલજી ગયા છે ત્યાં? મહેન્દ્રભાઈ સાથે ક્યાં ગયા? ભાવનગર. ગયા હશે મહેન્દ્રભાઈ સાથે. મુંબઈ જવાના છે રાજમલજી? આ તો રાજમલજી ભાવનગર ગયા છે. આવી ગયા હતા ખરા. આ તો પહેલો પ્રશ્ન ઉઠ્યો ત્યારે રાજમલજી કહેતા હતા કે આ તે આવા પ્રશ્ન? સજીવ શરીરથી ધર્મ થાય. અરેરે..! આવા પ્રશ્ન અત્યારના. એ મોટો પ્રશ્ન ચર્ચ્યો હતો. હમણાં ચાલે છે વાંચવામાં. અહીં તો કહે છે કે તારા શુભ પરિણામથી ધર્મ ન થાય, આ દેહની ક્રિયાથી ધર્મ થાય...? આહાહા..! એ અજીવ તત્ત્વની પર્યાય, અજીવની પર્યાય એનાથી આત્માની નિર્દોષ પર્યાય થાય?

અહીં તો કહે છે કે એ સ્વ જે રાગ ઉઠે છે શુભાદિ એ પણ મારું નથી અને હું આનો સ્વામી નથી. '**એમ જાણતો થકો...**' એમ ધર્મી પોતાના સ્વરૂપમાં રાગને સ્વ તરીકે, સ્વામી તરીકે ન જાણતો પોતાના શુદ્ધ આત્મ સ્વભાવ(નો સ્વામી થાય છે). અસ્તિ-નાસ્તિ કરી છે. પહેલેથી એમ લીધું કે નિયમથી જાણે છે અને આ નથી. એમ. જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય ધામ ભગવાન એ મારું સ્વ છે, એનો હું માલિક અને માલિકીની ચીજ છે. રાગ તે મારું સ્વ અને હું એનો સ્વામી છું નહિ. વાત તો સિદ્ધ કરી બેય. સમજાણું કાંઈ? આ છે, રાગાદિ આ છે. શરીરાદિ છે. આ સ્વ નથી, હું એનો સ્વામી નથી. '**એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી...**' એટલે પરદ્રવ્યને પોતામાં માનતો નથી-ખતવતો નથી-એકાગ્ર થતો નથી. એમ કહે છે. આહાહા..! વસ્તુ સ્વભાવ જ્ઞાનમૂર્તિ છે એને કહે છે, રાગ સામું જોતો નથી. એમ કહે છે. રાગ એનું સ્વ નથી, એનો એ સ્વામી નથી. એમ પરને તે પકડતો નથી. પોતાના સ્વસ્વરૂપને પકડે છે એકાગ્ર થઈને અને આને પકડતો નથી. માટે તેને નિર્જરા થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- લોકમાં એવી રીત છે કે સમજદાર ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી,...**' ડાહ્યો વિવેકી પરની વસ્તુને પોતાની માનતો નથી. '**તેને ગ્રહણ કરતો નથી.**' પકડતો નથી. જાણતો નથી અને પકડતો નથી એમ બે. '**તેવી જ રીતે પરમાર્થજ્ઞાની..**' ઓલો લૌકિક સમજદાર. ઘરમાં કો'કનો પાંચ હજારનો દાગીનો લઈ આવે, લ્યોને. કે વાસણ લઈ આવે બે-ચાર કલાક કામ માટે. પણ એ કાંઈ પોતાનું માનતો નથી. એ તો કો'કની ચીજ છે, ભાઈ! તારી ચીજ છે નહિ.

'**તેવી જ રીતે પરમાર્થજ્ઞાની પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે,...**' એ સ્વભાવ-સ્વભાવ પોતાનો ભાવ, કાયમી ભાવ, શુદ્ધ ભાવ, ધ્રુવ ભાવ. જાણે છે પર્યાયમાં પણ આને પોતાનું ધન જાણે છે. આહાહા..! ધન તો રહ્યું. ફરી ગયું. આ પૈસા મારા, રાગ મારો, આત્મા મારો, આ મારું નહિ. સમજાણું કાંઈ? એવા શુદ્ધ આનંદ જેણે,... રાગમાં

જેણે આનંદ માન્યો છે, પરવસ્તુમાં આનંદ માન્યો છે, એનો અર્થ કે પરવસ્તુ તે હું છું અને હું એનો સ્વામી છું. સમજાણું કાંઈ? પરમાં ક્યાંય સુખ માન્યું છે, રાગમાં... સુખસ્વરૂપ તો આત્મા છે, એ એનું સ્વધન છે. એને ઠેકાણે સુખ પુણ્યના પરિણામમાં, બંધના ફળમાં ક્યાંય મીઠાશ સુખની છે એમ માન્યું છે, એ પરને જ પોતાનું માને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે સુખ છે એ આત્માનો ગુણ પોતાનું સ્વધન છે. હવે એને ન માનતા આમાં સુખ છે એમ માને છે, એ પર મારું સ્વ છે અને હું એનો સ્વામી છું, તે દૃષ્ટિ મિથ્યાત્વ છે.

અહીંયાં આત્મા તે આનંદસ્વરૂપ છે, એ સ્વ મારું ધન છે, એનો હું સ્વામી છું, રાગાદિ ભાવ છે એ મારું ધન નથી, એ દુઃખરૂપ છે, એમાં સુખ નથી, એ મારું નથી માટે હું એનો સ્વામી નથી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? એય..! ધનબાદ! ઝીણું છે આ ઝીણું તત્ત્વ. ઓલા રૂપિયા ધનબાદ ત્યાં રહી ગયું. લ્યો, અહીં તો ધનને ના પાડી. આહાહા..! ધૂળના ધણી. ક્યાંય ધૂળ રહી ગઈ. તું ક્યાં એનો ધણી થઈ ગયો? એ તો માટી જગતની છે. આહાહા..! ન હોય અને મળે એને ખબર પડે. પાંચ-પચાસ હજારની મુડી અને એમાં થઈ જાય ૨૫ લાખ, કરોડ કે બે કરોડ થઈ જાય તો આહાહા..! ધૂળ મળી નથી. સાંભળને! એ તો માટી-ધૂળ છે. ત્યાં ક્યાં તું છો? ત્યાં તું છો? અને ત્યાં તારું સુખ છે? ત્યાં તારું જ્ઞાન છે? એનો વિશ્વાસ તું કર, એ વિશ્વાસ સાચો છે?

મુમુક્ષુ :- જ્ઞાન નથી,...

ઉત્તર :- સુખ નથી એ માટે તો માંડી છે પહેલી. ન્યાં એનું જ્ઞાન છે? ન્યાં એનું સુખ છે? જ્ઞાન અહીં છે, આનંદ અહીં છે અંદર. સમજાય છે કાંઈ? એ અપ્સરા જેવી ઈન્દ્રાણી દેખાય અને માને કે આમાં સુખ છે. મૂઢ છે કહે છે. સુખ છે અહીં અને ત્યાં સુખ માન્યું. શું તેં કર્યું? આત્માનું ખૂન કર્યું તેં. આત્મા જીવતી જ્યોત આનંદવાળી છે એની ના પાડી તેં. એનું જીવન જે આનંદનું છે, આનંદના સ્વભાવવાળું સ્વ છે. (તેં એની) ના પાડી. અહીંથી આમ (મળે છે). તારા આત્માના સ્વભાવને તેં હણી નાખ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આબરૂ, કીર્તિ જામે ત્યાં આહાહા..! કહે છે કે મરી ગયો. સાંભળને!

ચૈતન્ય જીવનના જ્યોત પરમાત્મા આનંદસ્વરૂપ બિરાજે છે એનો આનંદ તેં ન માન્યો અને અહીં આનંદ માન્યો. તારા ચૈતન્યના જીવનની જ્યોતને તેં અંધારી કરી નાખી. અમરચંદભાઈ! આહાહા..! આત્માને માન્યો નહિ એણે. તું નહિ. આમાં સુખ છે. વિકલ્પમાં સુખ છે, આબરૂમાં સુખ છે, ધૂળમાં સુખ છે, ક્યાંક આ .. ભાઈ! ક્યાં ખોવાઈ ગયો તું? સમજાણું કાંઈ?

અહીં તો જીવતો જાગતો થયો અહીંયાં તો. ઓહો..! મારું જ્ઞાન અને મારો આનંદ એ

મારું સ્વ છે. એનો હું સ્વામી છું. મને ક્યાંય આનંદ નથી, ક્યાંયથી મારું જ્ઞાન આવતું નથી. મને ક્યાંયથી સુખ નથી. ક્યાંયથી નથી. ક્યાંય ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા છે. ક્યાંય સુખ નથી. આહાહા..! એ છન્નું હજાર સ્ત્રીમાં પડ્યો પણ આમ એને અનુભવ હોય છે. બીજાને એમ લાગે આહાહા..! આ એમ નથી. વિકલ્પ ઊઠે છે તો આમ દુઃખ લાગે છે, રોગ, ઝેર લાગે છે. મીઠાશ જરીએ નથી એમાં. સમજાણું કાંઈ?

બીજાને તો એમ લાગે કે આ હીરાના સિંહાસને બેઠા છે, સોળ હજાર દેવ સેવા કરે છે. ચામરો ઢાળે છે. ૩૨-૩૨ હજાર રાજાઓ આવીને ખમ્મા અન્નદાતા (કહે છે). માથે છત્ર ફેરવે છે. આમ ફરતા છત્રો. મોટા રાજાઓ... સમજાણું? અબજોની જેની ઊપજ મહિનાની, મહિના દિવસની એવા રાજાઓ ચક્રવર્તી ઉપર છત્ર ઢાળે. છત્ર ફેરવે આમ. ચામર ઢાળે. આહાહા..! કેટલા સુખી હશે? તારી કલ્પનાના ગજ ખોટા છે. સાંભળને. એના તરફની જે કલ્પના-વિકલ્પ ઊઠે છે એને દુઃખ માને છે. સમજાણું કાંઈ? એ મારું સ્વ નથી. એને દુઃખ માને છે. સ્વમાં આનંદ છે, મારા આત્મામાં મને આનંદ છે. આહાહા..! દૃષ્ટિએ સૃષ્ટિ ફરી ગઈ આખી. એની નિર્જરા છે એમ કહે છે.

**'પરમાર્થજ્ઞાની પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે, પરના ભાવને પોતાનો જાણતો નથી,...'** એ અશુભભાવ કે શુભભાવ બધો પરભાવ (છે). સમજાણું કાંઈ? વળી એમ લે, જુઓ! પરભાવ કીધો ને? માટે કર્મથી થયો છે, આત્માથી નહિ. માટે .. પણ એ સાંભળને! કર્મથી થયો એનો અર્થ, સ્વભાવની ખાણમાં નથી માટે પરથી થયો એમ નિમિત્તની પ્રધાનતાથી કહેવામાં આવે છે. બાકી થયો છે એના પુરુષાર્થની નબળાઈથી. પુરુષાર્થની નબળાઈ અહીં પરમાં નાખી દેવી છે. એ ક્યાં નબળાઈ પોતે છે? એ તો સબળનો ધણી નાથ છે. સમજાણું કાંઈ? નબળાઈ છે એ પર્યાયનો વિષય છે. આહાહા..! કઈ અપેક્ષાએ વાત છે અને કઈ અપેક્ષા લગાવી દે ને. આહાહા..! ભગવાન! એ પણ ભગવાન છે ને. ઊંધો પડ્યો ત્યારે પણ (ભગવાન છે). તારી અશુદ્ધતા બડી, તારી શુદ્ધતા પણ બડી. કહ્યું છે ને આમાં? અનુભવપ્રકાશમાં. કહો.

પરના ભાવને પોતાનો જાણતો નથી. આહાહા..! એક વિકલ્પ શુભ ઊઠે એમાં જ્યાં આનંદ માનતો નથી. એને શુભના વિકલ્પ, અશુભના વિકલ્પમાં આનંદ હોય એ સ્વપ્નમાં કેમ માને? આહાહા..! સમજાણું કાંઈ? એને નિર્જરા થાય છે એમ કહે છે. અહીં તો જરી જરીમાં ગલગલિયા થાય, અપવાસ કર્યા છે ને આ કર્યું છે ને ફલાણું. મરી ગયો ન્યાં બધે. મોટો કાંઈક કહે, સારો કાંઈક કહે ને આ કહે. પણ સારો તો તું છો અંદર. ખોટાને સારો તને કોઈ કહે અને એ ખોટાને સારો કહે, તું મને માન. પુણ્યમાં કાંઈક વધ્યો, પુણ્યના ફળમાં

વધ્યો. પુણ્ય ભાવકર્મમાં વધ્યો, લ્યોને. એને મોટો કોઈ કહે. બહુ તમે મોટું કર્યું. ઓલો સ્વીકારી લે. મૂઢ છો. ચૂકી ગયો. તારી મોટપ વઈ ગઈ અંદરની. આહાહા..!

પરના ભાવને પરનો જાણે છે. '**તેને ગ્રહણ કરતો નથી.**' પરને જાણે તેને એકાગ્ર કરતો નથી. '**આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ-સેવન કરતો નથી.**' એ રાગીને રાગનું સેવન ટળતું નથી, જ્ઞાનીને જ્ઞાનનું સેવન ટળતું નથી. માટે તેને નિર્જરા થાય છે એમ અધિકારમાં લીધું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૨, બુધવાર તા. ૨-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૦૮-૨૦૯, પ્રવચન-૨૯૫**

આ સમયસાર, નિર્જરા અધિકાર ચાલે છે. ૨૦૮.

મુમુક્ષુ :- ૨૦૦?

ઉત્તર :- ૨૦૮. ભૂલી ગયા? કાલે હતા કે નહિ? ૨૦૭ પૂરી થઈ ગઈ. ૨૦૮.

ધર્મી જીવનું સ્વરૂપ શું છે? ધર્મી કોને કહેવો? જેણે આત્માને જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ સ્વરૂપ તે આત્માનો અનુભવ જાણ્યો છે. આત્મા એટલે જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ. એવું પોતાના સ્વભાવભાવનું જેને અનુભવ અથવા જ્ઞાન થયું છે તેને ધર્મી કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? એ ધર્મીને નિર્જરા હોય છે. અહીંયાં અધિકાર એ ચાલે છે. નિર્જરા એટલે કર્મનું ટળવું, અશુદ્ધતાનું ગળવું અને શુદ્ધતાની શુદ્ધિનું વધવું. એ ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

ધર્મી કહે છે કે '**માટે હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું એમ હવે (મોક્ષાભિલાષી જીવ) કહે છે :-**' ૨૦૮.

**मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।**
**णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।२०८।।**

નીચે હરિગીત છે.

**પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.**

'**ટીકા :- જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' ધર્મી જીવ એમ વિચારે છે અને એમ અનુભવે છે. ધર્મી-સમ્યગ્દૃષ્ટિ-ધર્મ કરનાર (એમ વિચારે છે) કે હું અજીવને-પરદ્રવ્યને પરિગ્રહું. હું જો આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છું એ રાગને, શરીરને કે પરદ્રવ્યને મારા છે એમ જો પકડું '**તો અવશ્યમેવ તે અજીવ મારું સ્વ થાય,...**' શું કીધું? ઝીણી વાત છે જરી. આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ છે એવું જ્યાં ભાન થયું છે તે ધર્મીને એમ ભાવના હોય છે કે અરે..! હું, અજીવ એવા પરદ્રવ્ય શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે પુણ્ય-પાપના ભાવ સામાન્ય વાત કરીને પછી વિશેષ કરશે. જે પુણ્ય-પાપના ભાવ થાય છે એ પણ ખરેખર તો અજીવ છે. આત્મા ચૈતન્ય શુદ્ધ જ્ઞાનનો પિંડ પ્રભુ છે આત્મા. એમાં એ પુણ્ય-પાપના ભાવ, એનું બંધન અને એનું ફળ એ આત્માના સ્વરૂપમાં નથી. કહો,

દીપચંદજી! ભારે વાત, ભાઈ! ભગવાન આત્મા, એ દેહના રજકણો આ માટી છે એનાથી તો જુદો, કર્મથી જુદો અને પુણ્ય-પાપના ભાવ થાય એનાથી જુદો. એવું ધર્મીને અંતરમાં સ્વસન્મુખથી ભાન થયું છે. તે ધર્મી એમ વિચારે છે કે હું જો મારા જ્ઞાયકભાવ સિવાય અજીવ આ રાગાદિ પરદ્રવ્યને જો પકડું... સમજાણું? તો એ મારું સ્વ થાય, તો એ મારું સ્વધન થાય, એ મારી માલિકીની ચીજ થાય અને હું એનો માલિક થાઉં. પણ એમ હોઈ શકતું નથી.

વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ એ તો ચૈતન્ય આનંદકંદ આત્મા છે. એ આત્મામાં તો જેને પુણ્ય-પાપના તત્ત્વો જે આસ્રવ છે એ પણ એમાં નથી. અને આ શરીર, વાણી, મન એ તો જડ માટી-ધૂળ છે, આ પણ નથી. અને બાયડી, છોકરા એ પણ (પર છે). એવું જે આત્માનું અંતર ભાન થયું એને અહીં ધર્મી કહે છે, એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. અને એ સમ્યગ્દૃષ્ટિની ભાવનામાં ભાવ એવો હોય છે કે હું જો મારા આ જ્ઞાયકભાવ સિવાય આ રાગ, પુણ્ય અને પર તત્ત્વને જો પકડું તો એ મારી ચીજ માલિકીની થઈ જાય. તો એ અજીવ છે. તો અજીવનો માલિક તો અજીવ થઈ જાય. કહો, રાજમલજી!

મુમુક્ષુ :- ધનના માલિક બધા અજીવ થઈ જાય?

ઉત્તર :- કોઈ ધૂળેય ધનના માલિક છે કોણ? ધનનો માલિક ધન. ધૂળનો માલિક ધૂળ.

મુમુક્ષુ :- ધનપતિ કહે છે.

ઉત્તર :- ધનપતિ કે દિ' હતો? એય..! પોપટભાઈ! અત્યારે આ પૈસામાં એ વધારે બેઠા છે સભામાં. મલૂકચંદ હોય તો એની વાત કરીએ. કહો, સમજાણું કાંઈ? શું છે આમાં ધનપતિનું? ધન છે એ તો જડ છે. લક્ષ્મી એ તો અજીવતત્ત્વ પદાર્થ માટી-ધૂળ છે. પાંચ-પચાસ લાખ રૂપિયા હો કે મકાન બે-પાંચ-પચ્ચીસ લાખનું હો, એ તો ધૂળ અજીવ છે. એ અજીવતત્ત્વ છે, ધૂળ છે, પુદ્ગલ છે. એને કોઈ કહે કે આ મારું છે એમ માને તો જડનો સ્વામી થતાં એ જડ થાય છે. કહો, શેઠી! શું કહે છે?

ભગવાન આત્મા વસ્તુ અંદર છે એ તો ચૈતન્ય જ્યોત જ્ઞાનની મૂર્તિ છે, જ્ઞાનનો સૂર્ય છે. આત્મા તો જ્ઞાનસૂર્ય છે. ચૈતન્યમૂર્તિ. એવી જ્યાં દૃષ્ટિ થઈ, ભાન થયું, એવો જે સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનથી માંડીને ધર્મી એમ વિચારે છે કે આ અજીવ પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, પર એ જો મારા છે એમ માનું તો એ મારી મિલ્કતની ચીજ અને હું એનો માલિક. તો તો અજીવનો માલિક અજીવ થઈ ગયો.

મુમુક્ષુ :- મારું માનીને...

ઉત્તર :- થાય છે ક્યાં? આ તો માનવાની વાત છે. ધૂળેય થાતું નથી. એ તો જડમાં

જડ રહ્યું. ક્યાં ગરી ગયું છે આત્મામાં? સમજાણું કાંઈ? પૈસા, ધૂળ, બાયડી, છોકરા કાંઈ અંદર પેઠા છે? પોતે આત્મા તો પોતાના વસ્તુમાં પોતાના સ્વભાવમાં છે. એ પરવસ્તુમાં અહીં પેસી ગઈ છે? અને એ પરવસ્તુમાં આત્મા પેસે છે?

મુમુક્ષુ :- વ્યવહારે પેસે છે.

ઉત્તર :- વ્યવહારે પણ પેસતો નથી. બોલવામાં આવે છે. ધૂળ કેવી વ્યવહારે? એય.. શેઠી!

અજ્ઞાની મૂઢ માને છે. પોતાનો ચૈતન્ય સ્વભાવ આનંદ સંપદા ભૂલીને જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા અનાદિઅનંત શાંતરસનો જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એ મારું માનવું ભૂલીને, આ મારું, આ મારું માને છે તો મિથ્યાદૃષ્ટિ પરનો સ્વામી થાય છે. સમજાણું કાંઈ? ક્યાંથી આવ્યા છો? પાલીતાણા. પણ આ દેશમાં ક્યાં? બિકાનેર. સમજાય છે કાંઈ આમાં?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક કેવળજ્ઞાન દ્વારા જાણ્યા. એ પરમાત્માએ એમ જાણ્યું કે આ આત્મામાં તો રાગ પણ નથી, શરીર પણ નથી, કર્મ પણ નથી અને પરવસ્તુ નથી. એમ જાણ્યું અને એમ જણાવ્યું. તો જાણનારે જાણ્યું, જાણનારે જાણ્યું કે હું આત્મા ચૈતન્ય સ્વરૂપ (છું). મારી સંપદામાં તો જ્ઞાન અને આનંદ છે. મારી હયાતીમાં, મારા હોવાપણામાં-મારી સત્તામાં-તો જ્ઞાન, આનંદ અને શાંતિ છે. મારા હોવાપણામાં પુણ્ય-પાપના રાગ અને શરીર, કર્મ એ મારા હોવાપણામાં નથી. સમજાણું કાંઈ? ભાષા સમજાય છે ને? થોડી થોડી સમજી લેવી. અંદર હિન્દી છે એમાં. કહો, શેઠી!

ધર્મી એમ સમજે છે, ધર્મી એને કહીએ કે જેણે પોતાના આત્માને જ્ઞાન અને આનંદ અને શુદ્ધસ્વરૂપ હું છું એમ જેણે અંતરમાં માન્યું છે એ ધર્મી પુણ્ય-પાપ અને રાગાદિ ભાવને પોતાના માનતો નથી. જો પરને પોતાનું માને તો પરરૂપ માને છે તો શ્રદ્ધામાં અજીવ થઈ જાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? કહો, પોપટભાઈ! આ ક્યાં ગયા પૈસા-બૈસા ધૂળ? ધૂળ ધૂળમાં રહી. હતા કે દિ' એની પાસે?

મુમુક્ષુ :- મારા હોય તો મારી સાથે આવે.

ઉત્તર :- સાથે આવે. અહીં તો સાથે આવ્યા નથી. મમતા લઈને આવ્યા છો. એ પૈસા મારા એ મમતા છે. મમતા એ એનું સ્વરૂપ નથી. કારણ કે મમત્વ એ વિકાર છે. વિકાર તે આસ્રવ અને દુ:ખરૂપ છે. એ આત્મતત્ત્વ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હીરાલાલ નહિ રહે આમાં. આ મારો દીકરો ને આ મારી બાયડી. ધૂળેય નથી.

તારું ક્યાં હતું? તારું હોય તો તારાથી જુદું રહે? તારું હોય એ તારાથી જુદું રહે? અને જુદું રહે એ તારામાં આવી જાય છે? પોતાનું હોય એ પોતાથી જુદું ન પડે અને જે જુદું પડે એ એનું છે નહિ. બાયડી, છોકરા, પૈસા, શરીર, આ માટી, ધૂળ, વાણી આ તો પર છે, જડ છે. એ અનાદિનો મૂઢ....

એ જ અહીં કહે છે કે જે પરવસ્તુ છે એ પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં નથી. નથી તેને (પોતાની) માનવી તેનું નામ મિથ્યાદૃષ્ટિ અને બંધનું કારણ અને સંસાર છે. આહાહા..! આ તો ધૂળ છે, આ તો માટી-પુદ્‌ગલ છે શરીર. આ પૈસા ધૂળ છે. લાડવા, દાળ-ભાત, શાક એ બધા માટી-ધૂળ છે, પુદ્‌ગલ છે. અહીં તો ત્યાં સુધી આગળ હજી લેશે. પુણ્ય અને પાપના ભાવ, વિકાર ભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભ એ અજીવ છે. ચૈતન્ય સ્વરૂપ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા દેહથી ભિન્ન, રાગથી ભિન્ન જ્ઞાનની મૂર્તિ છે. ચૈતન્ય સહજાનંદ સ્વરૂપ છે. એવી જેને દૃષ્ટિ થઈ એ ધર્મી પરને પોતાનું કેમ માને? સમજાય છે? આહાહા..! ઓહો..! અનાદિથી મૂઢને ભ્રમણા ગરી ગઈ છે. ધર્મી નામ ધરાવે છતાં આ મારા ને આ હું ને ઝઘડાના તોફાનના પાર ન મળે.

અહીં કહે છે, અરે..! જો એ અજીવ પરદ્રવ્યને હું પકડું. પકડું (એટલે) આ મારા. એમ. સમજાય છે? '**તો અવશ્યમેવ...**' જરૂર. અવશ્યમ-એવ એમ શબ્દ છે ને? જરૂર જ '**તે અજીવ મારું સ્વ થાય,...**' તો ખરેખર અજીવ જ મારું ધન થાય. એટલે અજીવ સ્વરૂપે જ હું થઈ જાઉં. અજીવ એ મારું ધન અને મારો ભાવ થઈ જાય.

'**હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં;...**' આહાહા..! એ મારું સ્વ થાય. એટલું કીધું હવે પછી. હું એનો સ્વામી થાઉં. આમ લેવું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવે પણ એવો જોયો. કોનો? બીજાનો. ભગવાને પણ આત્મા એવો અહીં જોયો. એમનો તો જોયો, જાણ્યો અને અનુભવ્યો. કેવળ થયું. પણ બીજા આત્માઓ અનંત છે. દરેકના આત્માને ભગવાને પરમશ્વરે એમ જોયો કે એ ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, આનંદનો કંદ છે એ તો. એવા આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પો રાગ, શરીર, વાણી, મન એનામાં નથી. એવું નથી એવું જેણે નક્કી કરીને અનુભવ્યું એવો જે ધર્મી, ભગવાને જોયું એવું અહીં જાણ્યું. અમરચંદભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ એમ માને કે આ રાગ મારો છે, શરીર મારું છે. એ ક્રિયા શરીરની થાય છે ને આ હાલવા-ચાલવાની? એ હું છું તો થાય છે, એ મૂઢ મિથ્યાદૃષ્ટિ અજીવને જીવ માને છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ!

મુમુક્ષુ :- જડની ક્રિયા...

ઉત્તર :- એની ક્રિયા કીધીને. આ થાય છે ને? એ કહે છે ને. હમણાં કહેશે.

હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું. શુદ્ધ આનંદ છું એવી જે શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતાની અંતર ક્રિયા થાય તે આત્મા. હું તો ચૈતન્ય શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું. એવી શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા થાય એનું નામ સંવર અને નિર્જરા કહેવામાં આવે છે. બાકી બધા સંસારના કારણ રખડવાના છે.

'**હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં;...**' કહે છે. અરે..! આ રાગાદિ વિકલ્પ અને ઉપાધિ ભાવ અને આ શરીરાદિ મારા જો માનું, એને પકડું તો એ મારી ચીજ થાય, મારું ધન થાય, તો હું પણ એનો સ્વામી થાઉં. તો જડનો સ્વામી તો જડ હોય.

મુમુક્ષુ :- થોડો વખત ભલે એમ...

ઉત્તર :- અનાદિનું માન્યું છે. માન્યતા કરી છે કે હું રાગ છું, પુણ્ય છું, પાપ છું, આ બધું હું છું, શરીર હું છું એમ માન્યું છે. માન્યું છે એટલે કાંઈ વસ્તુ થઈ જાય એ? ઈ જ અહીં કહે છે. સમજાણું કાંઈ?

આ શરીરની ક્રિયા થાય, વાણીથી બોલાય એ બધી મારા આત્માને લઈને થાય છે એમ જે માન્યું છે તે મૂઢ જડ અજીવને જીવ માને છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ વેપાર ધંધામાં લાખો રૂપિયા કરોડો ફરે આવે-જાય એ બધી મારી હુશિયારીથી બધું આવે જાય છે. એમ માને એ મૂઢ જીવ છે એમ કહે છે. કેમ કે જડ છે એનું આવવું, જવું, પરિણમવું, બદલવું જડની પર્યાયથી. એનો સ્વામી જડ છે. એનો સ્વામી આત્મા નથી. સમજાણું કાંઈ? કહો, મોહનભાઈ! શું હશે આમાં? આ બધા હુશિયારીથી કામ કર્યા છે ને અત્યાર સુધી. દુકાનને .. કેટલા હજારો દઈને બધું લાવ્યા. ઓલો થયો આમ અને ઓલો પડી ગયો આમ. બેય જુદા પડી ગયા. કહો, મોહનભાઈ! શું આ કર્યું કરાંચીમાં અત્યાર સુધી?

ભગવાન! તારું સ્વરૂપ તો પ્રભુ ચૈતન્ય સૂર્ય જ્ઞાનાનંદ જ્ઞાયકભાવ છે. આત્મા એ જ્ઞાયકભાવનો ધરનાર અને આત્મા જ્ઞાયક સ્વભાવ. એ પણ આધાર-આધેય કહેવું એ પણ ભેદ છે. વસ્તુ જ્ઞાયકભાવ ચૈતન્ય ઝબકતો સૂર્ય (છે). એમાંથી કિરણ નીકળે તો જાણવા-દેખવાના-શ્રદ્ધવાના-ઠરવાના-શાંતિના નીકળે. એમાંથી કાંઈ પુણ્ય-પાપ નીકળે અને શરીરની ક્રિયાનું કરવાનું કાંઈ નીકળે એવું એનામાં છે નહિ. આહાહા..!

જો હું અજીવને મારા માનું તો એ અજીવ મારી ચીજ થઈ જાય અને હું અજીવનો ધણી થાઉં. '**અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય.**' કહો, સમજાણું કાંઈ? પશુનો સ્વામી તે પશુ હોય. પશુનો સ્વામી શેઠ હોય? ભેંસનો સ્વામી પાડો હોય કે માણસ

હોય કે રાજા હોય? સમજાણું કાંઈ? ક્યાં શેઠ? કોણ સ્વામી? કોણ છે? બાપુ! તારી ચીજ અંદર છે. ભગવાન આત્મા આનંદકંદ જ્ઞાનની મૂર્તિ એ મારું સ્વ અને હું એનો સ્વામી. આ સિવાય બધું ભ્રમ અને મિથ્યા છે. વસ્તુ એમ છે. ભગવાન પરમેશ્વરે કહી છે, પરમેશ્વરે જાણી છે અને વસ્તુ એમ છે. એ કાંઈ ભગવાને કરી નથી. વીતરાગ પરેમશ્વરે કાંઈ વસ્તુ કરી છે? કોઈ કરી છે કે આ આત્મા મેં બનાવ્યા ને આ બધું?

પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્માને તો કેવળજ્ઞાન થયું. એમાં જાણ્યું કે આ છ દ્રવ્ય જગતમાં છે. છ દ્રવ્ય છે. છ દ્રવ્ય. છ વસ્તુ છે ને જાતિએ. સંખ્યાએ અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ. પરમાણુઓ આ જડ. અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ એવા છ પદાર્થ છે. અનાદિઅનંત ભગવાનના જ્ઞાનમાં આમ ભાળ્યું છે. તે દરેક પદાર્થ ભિન્ન-ભિન્ન છે. કોઈ પદાર્થ કોઈનો નથી. સમજાણું કાંઈ?

'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાની હેઠે કૂતરું હોય ને કૂતરું? હું હાંકુ છું ગાડાને. એમ જ્યાં-ત્યાં જાય તો મેં આ કામ કર્યા... મેં આ કામ કર્યા... મેં આ બનાવ્યું, પૈસા રળ્યો, મકાન થયા. ધૂળ પણ તારી ચીજ નથી ને ક્યાંથી લાવ્યો તું? આહાહા..!

કહે છે કે ધર્મી જીવને, એક જ્ઞાનસ્વરૂપ મારું છે, આનંદસ્વરૂપ છું, હું ત્રિકાળી ચૈતન્ય સંપદાનો ભંડાર તે હું છું. મારામાં રાગાદિ પરવસ્તુ છે નહિ. એવો અનુભવ તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ કહેવાય છે. આહાહા..! ભારે જગતને.

**'એ રીતે અવશે (લાચારીથી) પણ મને અજીવપણું આવી પડે.'** છે ને? જરી ગુજરાતી ભાષા હિન્દીથી થોડી થોડી ધ્યાન રાખે ને તો હળવે હળવે સમજાય એવું છે. અહીં તો બધા ગુજરાતી છે ને ઝાઝા. સમજાય છે કાંઈ? અરે..! હું-ધર્મી વિચારે છે, સમ્યગ્દૃષ્ટિ નામ સમ્યક્ ચૈતન્ય સ્વરૂપ જે છે તેની અંતર અનુભવ દૃષ્ટિ થઈ છે તે એમ કહે છે કે અરે..! આ રાગ અને શરીર એ મારું જો આમ પકડું, તો એ મારું સ્વ થઈ જાય, હું એનો સ્વામી છું અને એ અજીવનો સ્વામી તો અજીવ થઈ જાય. જીવ હું રહું નહિ. તો લાચારીથી પણ મારું જીવપણું છૂટીને અજીવપણે હું થઈ જાઉં. સમજાણું કાંઈ?

**'મારું તો એક જ્ઞાયક ભાવ જ જે સ્વ છે,...'** લ્યો! હવે આવ્યું આ. હું છું એ. ભગવાન આત્મા હું એક જ્ઞાયક જાણનાર-દેખનાર આનંદ એ મારો ભાવ છે, એ મારો ભાવ છે, એ મારો સ્વભાવ છે. **'મારું તો એક જ્ઞાયક ભાવ જ જે સ્વ છે,...'** જોયું! રાગાદિ-પુણ્યાદિ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે શુભરાગ એ પણ આત્મા નહિ. આહાહા..! રાડ નાખી જાય ને. આ પૈસા-બૈસા તારા નહિ પણ ઓલો રાગ

આવે એ પણ તારો નહિ. એ તો વિકાર છે. સમજાણું કાંઈ?

સત્ય વસ્તુ જગતને મળી નથી, કાને પડી નથી અને બિચારા જ્યાં ત્યાં ધર્મ માનીને બેસી ગયા. ધર્મ કરીએ છીએ અને ધર્મ કરીએ. મરી ગયા એમ ને એમ અનંત કાળમાં ચોર્યાસીમાં. એય.. દીપચંદજી! દીપચંદજી કહે છે, હવે મજા પડે છે. ભાઈ! આ તો વસ્તુ સ્વરૂપ છે ને આમ. ભાઈ! ભગવાન ચૈતન્ય સૂર્ય છે ને અંદર. એ તો જ્ઞાયકભાવથી ભરેલો પદાર્થ છે, જેમાંથી કેવળજ્ઞાન નીકળે, કેવળજ્ઞાન મતિ-શ્રુત-અવધિ આદિ કેવળજ્ઞાન નીકળે. જેમાંથી આનંદ નીકળે, જેમાંથી શાંતિ-વીતરાગતા નીકળે, જેમાંથી સ્વચ્છતા, પરમેશ્વર-પ્રભુતા નીકળે એવું એ જ્ઞાયકભાવ તત્ત્વ છે. સમજાણું કાંઈ? નીકળે સમજો છો? જેમાંથી નીકળે છે. થોડી ભાષા સમજી લેવી.

આ (શરીર) તો માટી-ધૂળ છે. આ આકાર પણ ધૂળનો છે-માટીનો છે. આત્માનો આકાર છે આ? વાણી જડ છે. નીકળે છે એ વાણી જડ છે. આત્મામાં છે વાણી? વાણી અંદરમાં પડી છે? એ તો જડ છે માટી. પરમાણુની ધ્વનિ ઉઠે છે. રાગ ઉઠે છે પુણ્ય-પાપનો એ પણ આત્મામાં પડ્યો છે (તો) નીકળે? એ તો કલ્પના ઊભી કરીને કૃત્રિમ ઊભી કરે છે. અંદર વસ્તુમાં નથી. આહાહા..!

**'મારું તો એક જ્ઞાયક ભાવ જ જે સ્વ છે,...'** જોયું! સ્વ મારી માલિકીની ચીજ તો જાણવું-દેખવું એ મારી માલિકીની ચીજ છે. જાણવું-દેખવું-ઠરવું એ માલિકીની ચીજ છે. એમ જે અનુભવે તેને નિર્જરા થાય છે. એમ તેને ધર્મ થાય છે. શેઠી! અપવાસ કરે, સો અપવાસ કર્યા ને પચ્ચીસ કર્યા ને ધૂળ કર્યા ને વર્ષીતપ કર્યા. સમજ્યા ને? આઠ કરે ને દસલક્ષણી પર્વના દસ અપવાસ. અપવાસ કરીને થઈ ગઈ નિર્જરા. ધૂળમાંય નથી, સાંભળને! રોટલા મેં ખાધા, રોટલા મેં છોડ્યા. એ તો જડનો સ્વામી છે. સમજાણું કાંઈ? વાત આવી બાપા છે.

વીતરાગ પરમાત્માના ઘર ઝીણા છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ 'કેવલી પણ્ણંત્તો ધમ્મો શરણં.' આવે છે કે નહિ? ચત્તારી મંગળિકમાં નથી બોલતા? મંગળિક બોલેને પડિક્કમણામાં અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં. ગડિયા હાંકે. ખબર ન મળે કાંઈ. ગડિયો સમજો છો? પહાડા. અર્થની કાંઈ ખબર ન મળે. શું આ અરિહંતા મંગલં, કેવળી પણ્ણત્તો ધમ્મો. ભગવાન જાણે. ભગવાન તો જાણે જ છે ને. સમજાય છે કાંઈ? દીપચંદજી! કેવા વખત ગાળ્યા, જુઓને! અત્યાર સુધી આ મુંડાવ્યું ને વખત કેટલો ગાળ્યો. દિગંબર સાધુ થવાના હતા નગ્ન. હેરાન થાત. ભયંકર પાપ તો હજી શું છે એની ખબર ન મળે. સમજાય છે કાંઈ? એ ક્રિયા જડની છે, રાગાદિ મંદ થાય તો એ પુણ્ય વિકાર છે. એ મેં કર્યો અને

મારું કર્તવ્ય છે એમ માનનાર ભયંકર પાપી મિથ્યાદૃષ્ટિ છે. આ ભયંકર પાપ તો છોડવું નથી અને બીજું આ છોડ્યું અને આ મૂક્યું અને આ દીધું. હેરાન થઈને મરી ગયો અનંત કાળથી એમાં. ભીખાભાઈ! આહાહા..! આમ મારે છે ને.

અહીં કહે છે, મારો તો એક જ્ઞાયકભાવ જે સ્વ છે. જોયું! સ્વ નામ પોતાનું ધન. આહાહા..! હું જાણનાર-દેખનાર આત્મા તે મારું સ્વ અને મારો ધર્મ છે. જાણવા-દેખવાની હયાતીવાળું તત્ત્વ તે મારું તત્ત્વ સ્વ છે. એ રાગ મારો નહિ, મારું ધન નહિ, હું એનો માલિક નહિ, બાયડી મારી નહિ, બાયડી સ્વ નહિ, બાયડીનો હું સ્વામી નહિ. આહાહા..! પુસ્તક આપો. હિન્દી હિન્દી છે. અહીંયાં પુસ્તક ઘણાં છે, ભાઈ! અર્થ સમજવા કઠણ છે અંદરથી જરી. એની મેળાએ વાંચે તો સમજાય એવું નથી ઝટ. જુઓ!

'**મારું તો એક જ્ઞાયક ભાવ જ જે સ્વ છે,...**' શું કહે છે? ધર્મી સમ્યગ્દૃષ્ટિ, ધર્મ કરનાર એમ જાણે, માને, અનુભવે છે કે મારું તો એ જ્ઞાયકભાવ જ છે. જાણનાર, દેખનાર ચૈતન્યપ્રભુ તે હું છું. તે મારું સ્વ. સ્વ એટલે ધન. સ્વ એટલે આવી ગયું છે આપણે ઓલી કોર જુઓ. જુઓ! સ્વ એટલે ધન, મિલ્કત, માલિકીની ચીજ. ઓલી કોર આવી ગયું છે નોટમાં. નીચે નોટમાં છે. એ આવી ગયું છે. પહેલા આવી ગયું, ભાઈ! જોયું ને? કાલે આવી ગયું. નીચે નોટમાં છે ને. સ્વ નામ ધન. નીચે નોટ છે. સ્વનો અર્થ ધન, મિલ્કત, માલિકીની ચીજ. પોપટભાઈ! આટલા મારા મકાન અને આ મારી કિલા... શું કહેવાય આ બધું? લાદી, આ મારી બાયડી ને આ મારા છોકરા ને આ મારું પુણ્ય અને આ મારા પાપ. મૂઢ છો, કહે છે. ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તળિયાઝાટક કાઢી નાખે...

ઉત્તર :- પણ એનામાં છે ક્યાં ઈ? હોય તો જુદું પડે નહિ. સિદ્ધ ભગવાન થયા એમાં રાગ છે? દ્વેષ છે? પુણ્ય-પાપ છે? શરીર, કર્મ છે? ત્યારે એનામાં નથી એ આમાં નથી. સમજાણું કાંઈ? અને એનામાં છે ઈ અહીં છે. સિદ્ધ ભગવાનમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એમ આ આત્મા જ્ઞાન, દર્શન, આનંદનો અનંત ગુણનો પિંડ એ આત્મા છે.

સિદ્ધ ભગવાન છે ને? નમો સિદ્ધાણં કરે છે. નમો સિદ્ધાણં. શું છે એની ખબર છે તને? સિદ્ધ પાસે શું છે? એ તો આત્મા છે. આત્મામાં અનંત ગુણ છે. જ્ઞાન, દર્શન, આનંદ. એની નિર્મળ અવસ્થા છે. નિર્મળ દશા. બસ. દ્રવ્ય એટલે વસ્તુ, અનંત ગુણ એટલે શક્તિ, એની નિર્મળ અવસ્થા એ આત્મા. એવો આ આત્મા પણ એવો જ છે. એમાં રાગ-દ્વેષ નથી, શરીર નથી, કર્મ નથી તો અહીં રાગ-દ્વેષ જો એના હોય તો જુદા પડે કેમ? સમજાય

છે કાંઈ? મગજમાં બેસતું નથી. માણસને આમ એવું થઈ ગયું છે ને અંદર. ભૂસા, ભૂસા ભર્યા હોય ને આમ. દયા, દાન, વ્રત, ભક્તિ, જપ કરીએ. આવું અમે કરીએને. એ અમારા ભાવ નહિ? હવે સાંભળને. એ તો વિકલ્પ છે, રાગ છે, પુણ્ય પરિણામ છે, બંધનું કારણ છે. બંધના કારણનો ભાવ એ આત્માનો છે? તો છૂટે કે દિ'? ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા. મારું તો એક જ્ઞાયકભાવ જ જે સ્વ છે. '**તેનો જ હું સ્વામી છું;...**' દેખો! એ ધર્મી એમ વિચારે છે કે મારા અનંત શુદ્ધ ગુણ જે છે, શુદ્ધ ગુણ સ્વભાવ, એ મારું સ્વ છે અને હું એનો માલિક છું, ધણી છું. એવા જીવને ધર્મ અને નિર્જરા થાય છે એમ કહે છે. આહાહા..! સાંભળવા મળે નહિ વાત, બિચારા વિચારે કે દિ'? અને ધર્મને નામે મરી ગયા એમ ને એમ કરી કરીને ઊંધાઈ.

કહે છે, '**તેનો જ હું સ્વામી છું; માટે મને અજીવપણું ન હો,...**' મને રાગપણું અને પરપણું મારામાં ન હો. એના અભાવપણું મારામાં હો. અને જ્ઞાયકભાવપણું મારામાં હો. અસ્તિ-નાસ્તિ કરી. હું તો જાણનાર-દેખનાર ચૈતન્ય સ્વભાવપણે હું અને રાગાદિ પરપણે નહિ એવો હું આત્મા છું. સમજાય છે? ભાષા સાદી છે. ભાવ જરા ગૂઢ છે. ભાવ ઊંચા છે પણ ભાષા સાદી છે. આહાહા..!

'**માટે મને અજીવપણું ન હો, હું તો જ્ઞાતા જ રહીશ,...**' હું તો જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર એવી ક્રિયા. એ ધર્મીની જાણવું-દેખવું એ ક્રિયા. રાગ ને દેહની ક્રિયા એ ધર્મીની નહિ. સમજાય છે કાંઈ? '**હું તો જ્ઞાતા જ રહીશ,...**' જુઓ! છે ને છેલ્લો? હું તો એક જાણનાર-દેખનાર. રાગ હોય તોપણ એનો હું જાણનાર, આ દેહાદિની ક્રિયા થાય એનો હું જાણનાર. એ મારું છે એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ નજીક એટલે? આ ધૂળ છે. નજીક ક્યાં હતું? આ માટી છે. આ તો અજીવતત્ત્વ છે. ભગવાન આત્મા જીવતત્ત્વ છે. અજીવતત્ત્વ અને જીવતત્ત્વ બે ભિન્ને ભિન્ન છે. એક ક્ષેત્રમાં રહ્યા એટલે કાંઈ ભાવ એક થઈ ગયા? ખરેખર તો ક્ષેત્ર પણ જુદું છે. આત્માનું ક્ષેત્ર જ્ઞાનાનંદ સ્વરૂપમાં છે આત્મા અને આ શરીરનું ક્ષેત્ર એના પરમાણુ જડના ક્ષેત્રમાં છે. દરેક આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નથી. એ તો અસ્તિ-નાસ્તિ જૈનદર્શનની વસ્તુના સ્વરૂપની અસ્તિ-નાસ્તિ સપ્તભંગી મૂળ તત્ત્વ છે. સમજાય છે કાંઈ?

દરેક વસ્તુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે છે. દ્રવ્ય એટલે વસ્તુ. ગુણ-પર્યાયનો પિંડ.

ક્ષેત્ર એટલે એની પહોળાઈ, કાળ એટલે એની અવસ્થા, ભાવ એટલે એની ત્રિકાળી શક્તિ. દરેક વસ્તુ પોતાના... પોતાના સમજ્યા ને? પોતાનું સમજવું. પોતાના એટલે અપના અમારી ભાષા. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પ્રત્યેક પદાર્થ છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી દરેક પદાર્થ નથી. કહો, એ તો પહેલું સૂત્ર છે. વીતરાગનું સપ્તભંગીનું પહેલું (સૂત્ર), સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ. એ તો પહેલું સૂત્ર છે. એકડાનું સૂત્ર છે. આહાહા..! કહો, સમજાણું?

અહીં તો હવે ઓલો રાગ છે એને પરમાં નાખવો છે પાછો. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળમાં તો પોતે આવ્યો અને પર નહિ એમાં. અહીં તો જ્ઞાયકભાવ સ્વભાવ તે હું અને વિભાવ તે હું નહિ. અહીં ત્યાં લઈ જવું છે ધર્મદૃષ્ટિમાં. સમજાણું કાંઈ? આહાહા..! '**પરદ્રવ્યને નહિ પરિગ્રહું.**' આહાહા..! ધર્મી કહે છે કે એ પુણ્યનો ભાવ આવ્યો છે ને પણ મારામાં નહિ માનું એને. મારામાં નહિ ખતવું એને. આહાહા..! આ શરીર મારું છે એમ નહિ માનું. આ શરીરની ક્રિયા થાય, શરીરની ક્રિયા. શરીર છે એ દ્રવ્ય છે રજકણો. એની આ પર્યાય થાય છે આ બધી. એ પર્યાય છે એની. એ જડની પર્યાય જડરૂપે છે. આત્મા એ પર્યાયને કરતો નથી. સમજાણું કાંઈ? '**પરદ્રવ્યને નહિ પરિગ્રહું.**' એ અહીં વાત લે છે, હોં! આમ તો ઓલા કહે કે ઈશ્વર જગતનો કર્તા છે. આ એમ કહે કે કર્તાપણું પરનું નથી. પણ પરની અવસ્થાના કર્તા છીએ. ત્રિકાળી દ્રવ્યના કર્તા ન થયા પણ તેની વર્તમાન અવસ્થાના કર્તા થયા તો એનું એ થયું, મિથ્યાદૃષ્ટિ થયો. ઈશ્વર કર્તા માને એમ તેં પણ પરદ્રવ્યની અવસ્થાને કર્તા માન્યું. બેય સરખા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- નિશ્ચયનયથી એ સિદ્ધાંત છે...**' નિશ્ચય નામ વાસ્તવિક દૃષ્ટિનો એ જ સિદ્ધાંત અને નિયમ છે '**કે જીવનો ભાવ જીવ જ છે,...**' જીવનો જે સ્વભાવભાવ તે જીવનો છે. '**તેની સાથે જીવને સ્વ-સ્વામી સંબંધ છે;...**' ભગવાન આત્મા જાણવું-દેખવું-આનંદ શુદ્ધિ અનંત ગુણો એ એનો સ્વભાવ છે. એ સ્વભાવનો એ સ્વામી અને સ્વભાવ એનો સ્વ છે. કેમ કે આત્મામાં સ્વસ્વામીસંબંધ નામનો અનાદિ એક ગુણ છે. આત્મામાં એક શક્તિ અનાદિઅનંત પડી છે. સ્વસ્વામીસંબંધ (શક્તિ) અનાદિ પડી છે. સ્વસ્વામીસંબંધ છે. પોતાનો શુદ્ધ સ્વભાવ તે સ્વ અને હું એનો સ્વામી. એવો એનામાં ગુણ છે. રાગ એનું સ્વ અને એનો સ્વામી એવું ગુણમાં નથી. ગુણમાં નથી તો પર્યાયમાં ક્યાંથી આવ્યું? સમજાય છે?

ભગવાન આત્મા જ્ઞાનગુણ દર્શન સ્વભાવ એમાં સ્વસ્વામીસંબંધ નામનો, સ્વસંબંધ નામનો એક ગુણ છે આત્મામાં ત્રિકાળ. એ ગુણનો ધરનાર ભગવાન, એને જ્યાં શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો ત્યારે એની પર્યાયમાં પણ સ્વસ્વામીસંબંધનું પરિણમન થયું. તો પરિણમન થતાં એ પોતે પોતાના સ્વનો-ધનનો સ્વામી અને સ્વ એનું. પર્યાયમાં પણ રાગ સ્વ અને એનો સ્વામી

એ પર્યાયમાં પણ રહ્યું નહિ. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! વીતરાગની વાત એવી. વીતરાગ સિવાય બીજે આવી વાત હોય નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવ સિવાય બીજે એવું સ્વરૂપ હોઈ શકે નહિ.

અહીં પરમેશ્વર એમ ફરમાવે છે. ભાઈ! તારા સ્વરૂપમાં તો જ્ઞાન અને આનંદાદિ ગુણોનો સ્વભાવ ભરેલો એ તું તો છો. ભાઈ! રાગ અને શરીર વસ્તુ તારી નથી. તારો તો એનામાં અભાવ છે અને એનો તારામાં અભાવ છે. સમજાય છે ને બરાબર? ભાષા તો સાદી છે. ગુજરાતી એવી બહુ કઠણ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

ભાઈ! ભગવાન! અહીં તો ભગવાન તરીકે જ બોલાવે છે. સમયસારમાં તો. ગાથા-૭૨માં આવ્યું. ભગવાન આત્મા! પ્રભુ! તારામાં તો શાંતિ ને વીતરાગતા અને શાંતરસ અનાદિથી પડેલો જ છે. પ્રગટશે એ ક્યાંથી પ્રગટશે? કાંઈ પરમાંથી આવવાનો છે? વીતરાગતા, વિજ્ઞાનતા, આનંદતા, વીર્યતા પૂર્ણ એ બધું પ્રગટે છે અવસ્થાના પર્યાયમાં ક્યાંથી આવ્યું? અંદરમાં બધું છે. ભાઈ! તારો ભાવ આખો ભરેલો જ છે. જ્ઞાયકભાવ, સ્વચ્છતા ભાવ, બળભાવ, દર્શનભાવ, આનંદભાવ. એ ભાવથી ભરેલો જ્ઞાયકભાવ છે. એ મારું તત્ત્વ છે, આ રાગાદિ મારું તત્ત્વ નથી. સમજાણું કાંઈ?

‘**જીવનો ભાવ જીવ જ છે,...**’ આ ભાવની વ્યાખ્યા કરી. ‘**તેની સાથે જીવને સ્વ-સ્વામી સંબંધ છે; અને અજીવનો ભાવ અજીવ જ છે,...**’ એ રાગાદિ ખરેખર અજીવ છે. જીવનું સ્વરૂપ નથી. ભલે પરમાણુ નથી પણ છે વિકારભાવ. ‘**તેની સાથે અજીવને સ્વસ્વામી સંબંધ છે.**’ ભાષા. એ જડને જડ સાથે સ્વસ્વામી સંબંધ છે. કહો. એ ધનનો સ્વામી જડ અને જડ એનું સ્વ. આહાહા..! એય..! અમરચંદભાઈ! એ રાગ સ્વ અને રાગનો સ્વામી જડ અચેતનભાવ એ એનો સ્વામી છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમાણુની ક્યાં વાત કરી? રાગ અચેતન છે ને. રાગ પોતાને જાણે છે? રાગ પોતાને જાણતો નથી. રાગ આત્માને જાણે છે? એ અચેતન (છે) નિશ્ચયથી, આ અપેક્ષાએ. તો અચેતનનો સ્વામી અચેતન હોય. આત્મા એનો સ્વામી હોય નહિ.

‘**જો જીવને અજીવનો પરિગ્રહ માનવામાં આવે...**’ ભગવાન જીવને આત્માને, અજીવ એટલે વિકાર અને શરીરને પોતાનું માનવામાં આવે તો ‘**જીવ અજીવપણાને પામે;...**’ તો જીવ તે જડ થઈ જાય. ‘**માટે જીવને અજીવનો પરિગ્રહ પરમાર્થે માનવો તે મિથ્યાબુદ્ધિ છે.**’ મિથ્યાબુદ્ધિ કહો કે મિથ્યાદષ્ટિ કહો. આહાહા..! ‘**જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ.**’ સમ્યગ્દષ્ટિને એવી મિથ્યા નામ જૂઠી બુદ્ધિ હોય નહિ. ‘**જ્ઞાની તો એમ માને છે**

**કે પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી, હું તો જ્ઞાતા છું.**'

'**વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે એમ હવે કહે છે :-**' વળી ધર્મીનો નિશ્ચય છે એ શું નિશ્ચય છે તે કહે છે.

**छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं।**
**जम्हा तम्हा गच्छदु तह वि हु ण परिग्गहो मज्झ।।२०९।।**

નીચે હરિગીત છે. મૂળ શ્લોકનું નીચે હરિગીત.

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.**

એની '**ટીકા :- પરદ્રવ્ય છેદાઓ,...**' કટકા થાઓ, ભૂક્કા થાઓ, પૈસાના, શરીરના. બધા પરદ્રવ્ય છે. પરદ્રવ્ય છેદાવ કે ભેદાવ એમાં મારું કાંઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પરવસ્તુ, આત્મા સિવાય પરવસ્તુ એને કારણે છેદાવ, કટકા થાવ. છેદવાનો અર્થ કટકા થાવ. '**ભેદાઓ,...**' એટલે ભૂક્કો થાઓ. ભેદવું એટલે ભૂક્કો. ચુરણ-ચુરણ. જડનું પરનું ચુરણ થાવ તોપણ એનું અને છેદાવ તો એનું. મારે કાંઈ છે નહિ. આહાહા..! આ પૈસા લુંટાણા તમારા. પણ ક્યાં અમારા હતા તે લુંટાય. સાંભળને! આ મકાન તમારા ફોડી નાખે છે, તોડી નાખે છે. તો એમ થાઓ. થવા કાળે એમ થાય. મારું ક્યાં છે ઈ. આ શરીરના અવયવ તોડી નાખે છે. છેદાવ, એની સ્થિતિ એમ થવાની હોય તો થાવ. એ કાંઈ મારે આધીન છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? શરીરમાં રોગ આવે તો આવો. એ તો જડની અવસ્થા છે. મને કાંઈ છે નહિ. મારામાં નથી. સમજાણું કાંઈ?

'**છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ,...**' આ આબરૂ ગઈ તમારી. પણ આબરૂ હતી કે દિ' અમારી? એય.. ન્યાલચંદભાઈ! અરેરે..! આહાહા..! વસ્તુ બાપા.. ક્યાં પણ તું ક્યાં ત્યાં હતો? કો'ક પ્રશંસા કરે તો આબરૂમાં તું ગરી ગયો છે ત્યાં? આ તમારી આબરૂ જાશે. પણ આબરૂ અહીં છે કે દિ' તે જાય? એય..! પોપટભાઈ! આહાહા..! આ તમારું લુંટાઈ ગયું બધું. પુસ્તક, પાના ભેગા કર્યા હતા, આ બધા ભેગા કર્યા હતા. જાય છે. પણ હતા કે દિ' આના તે જાય? પુસ્તક પણ ક્યાં આત્માનું હતું? એય..! પુસ્તકના ભંડાર ભેગા કર્યા હોય ને. ગોતી ગોતીને બધી ચોપડી. એમાંથી કાંઈક... ધૂળેય નથી તારી, એ તો પર છે. સમજાણું? પુસ્તકને સરખું પાનું.. આ શું કહેવાય? બાઈંડિંગ બાઈંડિંગ સરખું તોડે. કો'ક આમ કરે. પણ મારી ચીજ ક્યાં હતી તે એને તોડે ને છેદે? એ તો એનામાં છેદાવ, ભેદાવ થાવ. મારે શું છે એને લઈને? આહાહા..! કહો, ભીખાભાઈ! શું કરવું પણ આમાં હવે?

**'અથવા કોઈ તેને લઈ જાઓ,...'** ત્યારે કહે, સમકિતી તાળુ-બાળુ નહિ દેતો હોય ને લક્ષ્મીને? સાંભળને ભાઈ! એ તો રાગ હોય છે. પણ રાગનો સ્વામી નથી અને એ ક્રિયા થાય છે ઈ હું કરું છું એમ જ્ઞાનીને છે નહિ. શું થાય? જગતને સમજાય નહિ વાત. જ્ઞાની થયો. બસ! થઈ રહ્યું ને. હવે તો દુકાન ખુલી મૂકી દેતો હશે. હવે સાંભળ તો ખરો. એને ખુલ્લા કોણ મૂકે અને એને રાખે કોણ? તાળા દે કોણ અને કુંચી રાખે કોણ? એ તો જડ છે. આહાહા..! શું કહે છે આ? તાળું તો જડ છે. જડનું રહેવું એ જડથી રહે છે. કુંચી જડ છે. કુંચી અંદર આમ ફરે એ જડનું કાર્ય છે. આત્મા કરે છે એને? ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

(આ) નિર્જરાની વાત ચાલે છે, ભાઈ! કોઈપણ મારા ભાવ સિવાય બહારની ચીજ તો છેદાઓ, ટૂકડા થાઓ કે ભેદાઓ, ભૂક્કો થાઓ. છેદાઓ સમજ્યા? ટૂકડા (થાય) એ છેદાવ કહેવાય. અને આમ ભુક્કો કરે. એવું એ થવાનું હોય એ કાળે એમ થાવ. પણ એ મારી ચીજ નથી કે મારો એમાં ભૂકો થયો અને હું એમાં છેદાઈ ગયો. ધર્મીની દૃષ્ટિ પોતાના જ્ઞાયકભાવ ઉપર છે. એને બાહ્ય પદાર્થનું છેદાવું, ભેદાવું એની ઉપર એને અસર છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'અથવા કોઈ તેને લઈ જાઓ,...'** ત્યારે કહે, આ બધું નહોતું? (રાવણ) સીતાજીને લઈ ગયા હતા. પછી જ્યાં ત્યાં સીતાજી-સીતાજી કરતા હતા ને. આ લઈ જાવ તો કેમ માથે પાછા પડ્યા? ભાઈ! એ જુદી વાત. એ જરી રાગ છે. પણ એ રાગનો અંતર સ્વામી નથી. વાતું એવી ઝીણી છે. ધણી નથી. બાપુ! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, ચૈતન્ય મૂર્તિ અનાદિ અનંત ઝળહળ જ્યોતિ પ્રભુ આત્મા, એને જ્યાં જાણ્યો, એને એ રાગ આવ્યો એનો એ સ્વામી ક્યાં છે? દુનિયા એમ કહે છે કે આમ બોલ્યો અને આમ લીધું. અંદરનો સ્વામી છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજા. ક્ષાયિક સમકિતી. છેવટે નરક જાતા માથું ફોડ્યું. ના, ના. સાંભળ તો ખરો. જરી વિકલ્પ આવ્યો એ મારો છે અને મારામાં છે એમ માન્યું નથી ત્યાં. આહાહા..! અજર પ્યાલા. એ માથું ફૂટ્યું ને. એ તો જડની ક્રિયા તે કાળે થવાની હતી એમ તે જાણે છે. મેં કરી છે અને માથું ફોડ્યું માટે... એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'અથવા નષ્ટ થઈ જાઓ,...'** નષ્ટ થઈ જાઓ એટલે બધું ચાલ્યું જાઓ. એમ. ઓલું ભાંગે ને બળી જાય, સળગી જાય. આ તમારું બધું સળગી ગયું. એમ કહે છે ને કેટલાક? પણ હતું કે દિ' અહીં તે સળગે? જેણે આત્માની દૃષ્ટિમાં સ્વભાવભાવ જોયો છે એમાં પરવસ્તુ નથી માની એવો ધર્મી પરની સાથે એને સંબંધ શું છે? આહાહા..! સમજાણું કાંઈ?

એ જ શાંતિ છે અને એ જ વસ્તુનું સ્વરૂપ છે.

'**ગમે તે રીતે જાઓ,...**' ગમે તે પ્રકાર. એમ કહે છે. ગમે તે પ્રકારે ઘટતું જાવ, વધતું જાવ, ઓછું થાવ, આ થાવ ગમે તે પ્રકાર પડો. મારે અને પરને કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું;...**' શું કહે છે? આવું થતાં પણ એ મારામાં થાય છે અને મને આમાં નુકસાન થાય છે એમ છે નહિ. કહો, પૈસા કોઈ લઈ જાય માટે મને નુકસાન પહોંચે છે એમ સમકિતી માનતો નથી. ભારે વાત, ભાઈ!

જ્ઞાનને દોરે ચડ્યો છે નટ. જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ... જાણનાર.. જાણનાર. એ સિવાય મારો કોઈ ભાવ છે નહિ. એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. એ સમ્યગ્દૃષ્ટિની બહારની ચીજો મારી નથી પછી છેદાવ કે લઈ જાવ. એમાં મારું ક્યાં ગયું અને મને કોણ લઈ ગયું છે? કહો, સમજાણું કાંઈ? એ આંચકો ન આવે આમ પાંચ લાખ હોય અને પાછા વયા જાય તો આંચકો અંદર ન લાગે એને. કારણ કે મારામાં થયું નથી. મારામાં હતું નહિ. કોનું જાય અને કોનું આવે? આહાહા..! મુસાભાઈને વા પાણી. અહીં કાંઈ છે નહિ, બાપુ! તમારું (આ ગયું). પણ અહીં હતું કે દિ'? શું મફતનું શું કરે છે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં જ હાથ આવે એવું છે. વસ્તુ એવી છે. વસ્તુ એવી જ છે ને. હાથ ન આવે એમ હોય? સમજાણું કાંઈ? આટલું બધું એમ કે જવાબદારીવાળું માનશો તો સમકિત હાથ નહિ આવે. આહાહા..!

'**કારણ કે પરદ્રવ્ય મારું સ્વ નથી,...**' જે કંઈ છેદાઓ, ભેદાઓ, ટૂકડા થાવ, નાશ પામો, ગમે તે જાવ. એ મારું નથી પછી શું? ભંગ્યાની ઝૂંપડી બળતી હોય અને નાગર, વાણિયા પાસે કહે, એય..! તમારી ઝૂંપડી બળે. પણ મારી છે જ ક્યાં તે બળે? એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવે બિરાજમાન તે હું છું. એ સિવાય બીજી (ચીજ) મારી હતી જ કે દિ' તે જાય ને લૂંટે કોઈ? જુઓ! અહીં તો જે સમયે થવાનું હોય તે થાય. એમ કહે છે. સમજાણું કાંઈ? વાંધા ઉઠાવે છે નિયતના. આહાહા..! અરે..! ભગવાન! બાપુ! ભાઈ!

ત્રણ લોકનો નાથ પણ ગોથા ખાય છે ને અનાદિનો. આહાહા..! એની દશામાં પરમાત્મ દશા પ્રગટે એવું એ તત્ત્વ છે. ... પરમાત્મા. એ એવો બહિર્માં ગોથા ખાય છે. સાધુ થાય, ત્યાગી થાય, પંચ મહાવ્રત પાળે. તોપણ એ પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ તો રાગ છે. રાગ મેં પાળ્યો અને રાગ મારો. કહે છે કે ભાઈ! એ મિથ્યાદૃષ્ટિ છે. તને રાગથી ભિન્ન

તારું તત્ત્વ છે એની તને ખબર નથી. આહાહા..! ગળે ઉતરવું ભારે, આકરું લાગે આમ. સીધી વાત છે, ભાઈ! એમાં કાંઈ... આ તો વાત જ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાય છે કાંઈ?

કુંદકુંદાચાર્ય જુઓને! આ વસ્તુ કહી છે. બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત હતા મુનિ. ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજમાન છે અત્યારે. મહાવિદેહ ક્ષેત્રમાં પરમાત્મા બિરાજે છે. ત્યાં ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. આવીને આ બનાવ્યું. એ બનાવ્યું એ વ્યવહારનું કથન છે. એ વખતે પરમાણુની પર્યાય (થવાની હતી તે થઈ). ભાઈસા'બ એ પુસ્તક મેં બનાવ્યું એમ મને કહેશો નહિ, હોં! હું કાંઈ પુસ્તકમાં પેઠો નથી કે મેં બનાવ્યું. આહાહા..! પુસ્તક તો પરમાણુની પર્યાય છે પુદ્‌ગલની. એમાં આત્મા પેસે છે કે બનાવે એને? આહાહા..!

'**પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,...**' એ પરવસ્તુ જ પરવસ્તુનું એનું છે, એની માલિકી ધન એનું છે. '**પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે,...**' લ્યો. ધણી એનો એ છે. પરમાણુનો ધણી પરમાણુ. બે ધણીપણું થાય? એનો એ માલિક અને પાછો તું એનો માલિક. એકના બે માલિક? મને ગાળ દીધી, મારું અપમાન કર્યું. પણ તું કોણ તે તને ગાળ દે અને અપમાન કરે? ક્યાં હતો તું? આહાહા..! એને આંચકો ન લાગે અંદર. આહાહા..! જ્યાં હું છું ત્યાં તો ગાળ જ્ઞેયરૂપે પરવસ્તુ છે. કોને ગાળ કહેવી? કોને નિંદા કહેવી? નિંદાની વાણી તો જડ છે. જડમાં હું નથી કે એ નિંદા કરે મારી. આહાહા..! સમજાણું કાંઈ? આવું ભગવાનનું તત્ત્વ આખું આમ છે, ભાઈ!

કહે છે કે એ પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે. '**હું જ મારું સ્વ છું,...**' અસ્તિ-નાસ્તિ કરી. '**હું જ મારો સ્વામી છું.**' મારું સ્વ અને હું મારો ધણી. '**એમ હું જાણું છું.**' લ્યો. એમ '**जानामि**'. એમ છે ને છેલ્લો? એમ જાણવા-દેખવાનો ભાવ પ્રગટ કરવો એનું નામ નિર્જરા અને ધર્મ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધી જ્ઞાનની જ પર્યાય કહેવામાં આવે છે. રાગની નહિ. એનું નામ નિર્જરા અને ધર્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૩, ગુરુવાર તા. ૩-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૦૯ થી ૨૧૧, શ્લોક-૧૪૫, પ્રવચન-૨૯૬**

સમયસાર. ૨૦૯ ગાથાનો ભાવાર્થ. નિર્જરા અધિકાર છે.

'**ભાવાર્થ :- જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.**' એ આવ્યું. કેમ કે ધર્મી જીવને પોતાનો આત્મા રાગથી અને પરથી ભિન્ન છે એવું ભાન હોવાને લીધે પોતા સિવાયના પર પદાર્થમાં બગાડ-સુધારને કારણે હર્ષવિષાદ હોતો નથી. સમજાય છે કાંઈ? પોતાની નબળાઈને લઈને થાય એ વાત અહીંયાં ગણતરીમાં લેવી નથી. પર વસ્તુ છે એને બગડવા-સુધરવાને કારણે હર્ષવિષાદ થાય એ અજ્ઞાનીને હોય છે. સમજાણું કાંઈ? એ શબ્દ વાપર્યો છે એમ.

આત્મા રાગથી અને પરથી ભિન્ન છે એવું આત્માનું સ્વરૂપ એવું જ્યાં ભાનમાં આવ્યું, એ ધર્મીને પોતા સિવાયના પરદ્રવ્ય છે એ તો જ્ઞાનમાં જ્ઞેય છે. જાણવાલાયક છે. એમાં કોઈ ફેરફાર થાય એ કાંઈ પોતાને કારણે નથી. અને એમાં ફેરફાર છે એ પોતાને લાભ-નુકસાન નથી. કહો, સમજાણું? પરપદાર્થની અવસ્થામાં બગાડ-સુધાર આદિ થાય એમાં આત્માને શું? આત્મા તો જાણનાર-દેખનાર છે. એમ જ્યાં જાણ્યું છે, અનુભવ્યું છે એને પરદ્રવ્યથી સુધારવા-બગાડવાનો હર્ષવિષાદ હોતો નથી. એ ૨૦૯માં આવી ગયું.

'**હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છે :-**'

**इत्थं परिग्रहमपास्य समस्तमेव**
**सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।**
**अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्**
**भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः।।१४५।।**

'**શ્લોકાર્થ :- આ રીતે સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ છોડીને...**' એટલે શું કહ્યું? કે આત્મા શુદ્ધ જ્ઞાયક અને આનંદ છે અને રાગના વિકલ્પથી માંડીને પર વસ્તુ બધી પર છે. એમ જેણે બે વચ્ચેની એકત્વબુદ્ધિનો નાશ કર્યો છે. સમજાણું કાંઈ? '**સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ...**' પછી વિશેષ ભેદ પાડશે. ક્ષણે ક્ષણે જે કાંઈ રાગાદિ સંયોગ હોય એનાથી પણ જુદો. આ તો સામાન્યપણે એટલે સંક્ષેપમાં આત્મા શુદ્ધ ચૈતન્ય છું, મારો આનંદ મારી પાસે છે. મારી સંપદાપણે હું છું. રાગાદિની સંપદા અને ઋદ્ધિપણે હું નથી.

એમ જ્યાં '**સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ...**' એકત્વબુદ્ધિનો ત્યાગ કર્યો. એકત્વબુદ્ધિ. '**હવે સ્વપરના એવિવેકના અવિવેક કારણરૂપ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે...**' વિશેષ પ્રકારે સમજાવે છે. '**એવો આ ફરીને તેને જ (-પરિગ્રહને જ-) વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે.**' નીચે એનો એક અર્થ બીજો પણ કર્યો છે. નીચે.

'**આ રીતે સ્વ-પરના અવિવેકના કારણરૂપ સમસ્ત પરિગ્રહને...**' એમ. સ્વપરના અવિવેકના કારણરૂપ સમસ્ત પરિગ્રહ એમ લીધું. સમજાણું? એટલે કે કારણ ઓલું નિમિત્ત છે ને પર? એ સ્વપરના અવિવેકના કારણરૂપ. જુદાઈના નહિ કારણરૂપ. અકારણરૂપ. એકતાનું કારણ એમ થયો ને એનો અર્થ? સ્વપરના અવિવેક એટલે જુદાપણાનું નહિ. ભાઈ! એવું '**સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ છોડીને હવે, અજ્ઞાનને છોડવાનું જેનું મન છે...**' એ વિશેષ જેની એકત્વબુદ્ધિ છોડવાનું (મન) છે. '**એવો આ, ફરીને તેને જ વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે.**'

'**ભાવાર્થ :-**' જુઓ! ભાવાર્થમાં એ જ છે. '**સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે.**' આત્મા ચૈતન્ય સ્વરૂપ અને રાગ તે વિકારરૂપ અને પરથી પૃથક્રૂપ. કહો, સમજાણું? જ્ઞાન સ્વભાવનું સામર્થ્ય પૂર્ણ એવો હું. રાગ એ વિભાવ છે. માટે હું નહિ. શરીરાદિ પૃથક્ છે. ત્રણ ઘણા વખતથી કહેતા ને. ત્યાં લખ્યું હતું. નહિ? જયપુરમાં ક્યાંક લખ્યું હતું નહિ? ચાકળામાં? કાંઈક લખ્યું હતું નહિ? ઉદયપુર? ઉદયપુરમાં લખ્યું હતું. ઉદયપુરમાં લખ્યું હતું. સ્વભાવનું સામર્થ્ય, વિભાવનું વિપરીતપણું, પરનું પૃથક્કપણું. કહો, સમજાણું આમાં કે નહિ? પોપટભાઈ! શું કીધું?

મુમુક્ષુ :- સ્વભાવનું સામર્થ્યપણું, પરનું...

ઉત્તર :- પરનું નહિ. એ ...માં રહી ગયું અંદર. વિભાવ. સ્વભાવ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે એનું સામર્થ્ય અનંત છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પુણ્ય-પાપના ભાવ, વિભાવનું વિપરીતપણું, મારા સ્વભાવથી તે વિપરીત છે. એ ચાકળો હતો ત્યાં હેઠે નાખ્યું હતું. ઉદયપુર. સમજાણું કાંઈ? પહેલા આવતું બહુ પહેલા. પછી રહી ગયું છે ને. ... અને પરનું પૃથક્કપણું. શરીરાદિ તો પૃથક્ તદ્દન જુદાં છે. એમ જેણે સ્વપરના વિવેકના '**સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે.**' કહો, સમજાય છે કાંઈ? આ પરમાં સુખ છે એમ માનવું એ પણ સ્વપરનું એકપણાનું અજ્ઞાન છે. સમજાણું કાંઈ? પૈસામાં, શરીરમાં, પુણ્ય-પાપના ભાવમાં સુખ છે, હિત છે એવી બુદ્ધિ એ સ્વપરનું એકપણું જણાવે છે. સમજાણું આમાં?

'**સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે.**' ભગવાન આત્મા જાણક-દેખન અને આનંદ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એ સ્વ છે. અને રાગાદિ વિભાવ પર છે અને શરીરાદિ

કર્મ તો પર છે તદ્દન. એને એકરૂપ જાણવાનું કારણ પોતાનું અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? અથવા પોતાના સ્વભાવ સિવાય પરવસ્તુ મને હિતકર છે એમ માનનાર સ્વપરને એક માને છે. પહેલામાં સુખ કહ્યું હતું, આમાં હિતકર (કહ્યું). બધું છે તો એકનું એક. સમજાણું કાંઈ? આ તો એમ કહે ને પુણ્ય મને હિતકર છે, આ પુણ્ય મને (હિતકર છે), એ બુદ્ધિ ખોટી છે, એમ કહે છે.

ભગવાન આત્મા પવિત્ર સ્વરૂપ, પુણ્ય-પાપ તે બધો અપવિત્ર મેલ છે. એમાં હિતબુદ્ધિ થવી એ સ્વપરને એક જાણવાનું કારણ તો અજ્ઞાન છે. પાણીમાં રહેવું અને માછલા સાથે વેર. એય..! એમ બધા સાથે ભેગા રહેવું અને હું એનાથી જુદો. ભેગો છે જ નહિ. માન્યું છે એણે. સમજાણું કે નહિ? કહેવત નથી? કે સમુદ્રમાં રહેવું રહે માછલા સાથે વેર. મગરમચ્છ સાથે વેર. એમ આ બધા ભેગા રહેવું અને એ મારા નહિ. ભેગો છે જ કે દિ' પણ? કહો. આહાહા..! આખો દિ' ભેગા રહે, વાતું-ચીતું કરે, મીઠાશ વેદે, સારી ચીજ ઓલામાં હોય તો (એમ કહે), બાપા! લ્યો તમે થોડી. એમ કહે તો કહે કે આ કોઈનું નહિ. આ ભારે. સમજાણું કે નહિ? બાપાને હિંમતભાઈ બહુ કરે છે ત્યાં. લ્યો બાપા! રોટલી એક, ફલાણું લ્યો એમ કહે. હિંમતભાઈ. આ કહે કે કોઈ કોઈનું ન મળે. રોટલી એક આત્માની નહિ અને હાથ પણ આત્માનો નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખ છે. ઈ જ કહે છે, જુઓને!

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. જેના સાધનમાં હિતરૂપ સાધન પડ્યું છે અંદર. સમજાય છે? કરણ નામનો ગુણ છે ને-સાધન? હિત છે આત્મામાં. એને પુણ્યના-પાપના વિકલ્પો અને સંયોગ એને હિતરૂપ માનવા એને આત્માને શાંતિ માટે કાયમરૂપ સહચર છે, બરાબર સહચર (છે), એ હોય તો મને આમ થાય. એમ માનવું એ સ્વપરની એકત્વબુદ્ધિ છે, મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'**તે અજ્ઞાનને સમસ્તપણે છોડવા ઈચ્છતા જીવે...**' તે અજ્ઞાનપણું એટલે સ્વ અને પર એવા બેની એકત્વબુદ્ધિ તેને છોડવા ઈચ્છતા જીવે '**પ્રથમ તો પરિગ્રહનો સામાન્યતઃ ત્યાગ કર્યો...**' સામાન્ય એટલે કે હું જ્ઞાયક છું અને રાગાદિ હું નહિ એવું એકદમ સામાન્ય. ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન થાય એ પછી. સમજાણું કાંઈ? આખું એકદમ ચૈતન્યમૂર્તિ તે આત્મા અને રાગાદિ ચાહે સો ગમે તે ચીજ હોય એ પર. એમ સંક્ષેપપણે સામાન્યપણે બેની એકતા તોડી અને વિવેક કર્યો અને સમ્યગ્દર્શન થયું.

'**હવે તે પરિગ્રહને વિશેષતઃ (જુદાં જુદાં નામ લઈને) છોડે છે.**' એટલે કે જ્યારે

જ્યારે ક્ષણે ક્ષણે કોઈ ક્રોધાદિ બહાર સંયોગાદિ ભિન્ન ભિન્ન દેખાય, તેમાં પણ ભિન્નતાનો જ ત્યાં આગળ ભાવ વર્તી રહ્યો છે. ભિન્નપણે જ ભાવ વર્તી રહ્યો છે. એ વાત સિદ્ધ કહે છે.

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं।**

લ્યો. અહીં ધર્મનો શબ્દ મૂક્યો છે. ધર્મને ઇચ્છતો નથી. ઓલા રાડું પાડે છે કે પુણ્યને તમે ધર્મ કેમ કહેતા નથી? ધર્મ કેમ કહેતા નથી? અહીં ધર્મ, કહે છે કે ધર્મને ઇચ્છતો નથી એમ કરીને ચોખ્ખી વાત કરી છે.

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं।**
**अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि।।२१०।।**
**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.**

એ ધર્મનો અર્થ અહીં પુણ્ય છે.

મુમુક્ષુ :- ફેરવી નાખ્યો.

ઉત્તર :- તો સારું કર્યું ને. એમાં શું છે? પદમાં મેળ નહિ આવતો હોય.

મુમુક્ષુ :- મેળ ...

ઉત્તર :- મેળ તો આવે પણ ઓલા ધર્મને ન સમજે એટલે પુણ્ય કર્યું. વ્યવહાર ધર્મ કહો કે પુણ્ય કહો બે એક જ વાત છે.

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.**

લ્યો! ત્રણે શબ્દ છે એમાં. શું કહે છે?

'**ટીકા :- ઇચ્છા પરિગ્રહ છે.**' લ્યો, અહીંથી ઉપાડ્યું. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ સિવાય ભાવના કરતા ઇચ્છા કરવી એ પોતે પરિગ્રહ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તેની ભાવના કરવી એ તો અંતર સ્વરૂપ છે. એ સિવાય ઇચ્છા ઉત્પન્ન કરવી ઇચ્છા પોતે પરિગ્રહ છે. સમજાય છે કાંઈ? 'ક્યા ઇચ્છત ખોવત સબૈ, હૈ ઇચ્છા દુઃખમૂલ'. '**ઇચ્છા પરિગ્રહ છે.**' રાગ ઇચ્છા એ જ પરિગ્રહ છે. વસ્તુ સ્વરૂપ જ્ઞાનાનંદ ચૈતન્ય એનાથી ભિન્ન ચીજ છે એવો તે ઇચ્છા તે પરિગ્રહમાં ગણવામાં આવે છે. જુઓ! આ પૈસા ને બાયડી છોકરા ક્યાંય રહી ગયા. આ તો ઇચ્છા જ પરિગ્રહ છે. આહાહા..!

'**તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી.**' તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા જ નથી ક્યાંય. ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા, એની ભાવના સિવાય કોઈ ઇચ્છા જ્ઞાનીને

હોતી નથી. કહો, સમજાણું કાંઈ? '**ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...**' પરની ઈચ્છા થવી એ તો અજ્ઞાનમય ભાવ છે. એ કાંઈ આત્માનો જ્ઞાનમય ભાવ નથી. '**અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' ઈચ્છા તે પરિગ્રહ છે. પરિગ્રહ નથી તેને ઈચ્છા નથી. ઈચ્છા અજ્ઞાનમય ભાવ છે. ભગવાન આત્મા જ્ઞાનમયની પાસે ઈચ્છા તે અજ્ઞાન છે. કારણ કે એમાં જ્ઞાનનો અંશ છે નહિ. રાગનો ભાગ જ અજ્ઞાન છે. અને એ અજ્ઞાનભાવ જ્ઞાનીને હોતો નથી. એવા રાગનો અજ્ઞાનભાવ જ્ઞાનીને હોતો નથી.

'**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' ધર્મીને એ રાગ થયો તે કાળે પણ રાગનું અને પોતાનું જ્ઞાન તે જ્ઞાનમય જ ભાવ હોય છે. આહાહા..! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. સિદ્ધાંત. એ જ્યાં હોય ત્યાં મૂકે. જુઓ! વ્યવહારમાં આમ કહ્યું. ભલે ત્યાં ૧૧મી ગાથામાં આમ કહ્યું. પણ વ્યવહારનો ઉપદેશ પહેલો આપવો. '**अपरमे ट्ठिदा**'ને વ્યવહાર (નો ઉપદેશ દેવો). ઉપદેશની વ્યાખ્યા ક્યાં છે? એ તો કહે છે કે નિશ્ચયથી ભાન થયું ત્યારે રાગાદિ બાકી રહી જાય છે, અલ્પજ્ઞ આદિ દશા તેને જાણવી એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. આ વાત છે પણ આખું ચક્કર ફરી ગયું. વ્યવહાર ... લ્યો, એ આવ્યું છે. .. નાખ્યું છે. સમજાણું?

મુમુક્ષુ :- ચર્ચામાં લખ્યું છે.

ઉત્તર :- હા. એમાં પણ નાખ્યું છે. આમાં પણ આજે આવ્યું છે.

'**અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે...**' જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે. સમ્યગ્દૃષ્ટિને આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે તેવી દૃષ્ટિને કારણે જ્ઞાનમય એટલે જ્ઞાનની શુદ્ધ પરિણતિ જ જ્ઞાનીને હોય છે. રાગની પરિણતિ જ્ઞાનીને હોતી જ નથી. અહીં તો એમ કહે છે. સમજાણું? '**તેથી અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે...**' અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેનો જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને અભાવ છે. કોની ઈચ્છા કરે? જે ઈચ્છિત પદાર્થ તો પોતે પોતામાં છે. સમજાય છે કાંઈ?

પંચાધ્યાયીમાં લીધું છે ને? અભિલાષા માત્ર મિથ્યાત્વની જનની છે. એ શ્લોક છે પંચાધ્યાયીમાં. અભિલાષ. કોની અભિલાષ? કઈ ચીજની? કઈ ચીજની અહીં ખામી છે તો પરની અભિલાષ કરે? અને અભિલાષ કરતા એ ચીજ ક્યાં અહીંયાં મળે છે? અહીંયાં ક્યાં આત્મામાં આવી જાય છે? માટે અભિલાષ માત્ર મિથ્યાત્વનું ચિહ્ન છે. ઈ અહીં કહે છે. એ બધું એમાંથી કાઢ્યું છે-સમયસારમાંથી.

આત્મા જ્ઞાયક ચૈતન્યની નિજ ખાણ, એની ભાવના સિવાય અભિલાષ પરપદાર્થની કે આ કરું કે આ લઉં-દઉં. અભિલાષ જ મિથ્યાત્વનું લક્ષણ છે. સમજાણું કાંઈ? એ

**'અજ્ઞાનમયભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને...'** ધર્મ એટલે પુણ્ય. પછી એમાં નાખ્યું ધર્મ. શબ્દ છે ને અંદર? **'भावाद्धर्मं नेच्छति'** એ તો શ્લોકમાં છે અને અહીં નાખ્યું. ધર્મ એટલે પુણ્ય. એ ધર્મીને દયા, દાન, વ્રત, ભક્તિ જે પરિણામ છે તેની ઈચ્છા હોતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? વ્રતના પરિણામ પણ કર્મજન્ય ઉપાધિ વિકાર તેની ઈચ્છા જ્ઞાનીને હોતી નથી. સમજાણું કાંઈ?

**'ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને ઈચ્છતો નથી;...'** પુણ્યને શું ઈચ્છે? એ તો રાગ છે, શુભભાવ છે. શુભભાવની ઈચ્છા? વિકારની ઈચ્છા? નિર્દોષ સ્વભાવી ભગવાન આત્માની જ્યાં દૃષ્ટિ છે, એને આ દોષવાળા ભાવની ઈચ્છા? ઝીણી વાત છે. એ પુણ્યભાવની ઈચ્છા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને પુણ્યની ઈચ્છા નથી. સ્વરૂપથી વિપરીત એવો વિકારભાવ, શુભભાવ એ પંચ મહાવ્રતના પરિણામ એ શુભ એની ઈચ્છા જ્ઞાનીને નથી. ગજબ વાત છે! શુભ ભાવ એ અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એનાથી વિરૂદ્ધ ભાવ છે. સ્વભાવનું સાધન કરનાર આત્મા એ વિભાવને કેમ ઈચ્છે? ભારે વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ મૂળ ચીજ છે. દેખો! અહીંયાં ધર્મ શબ્દે પુણ્ય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભરાગ છે એ પુણ્ય છે. ધર્મીને એની ઈચ્છા હોતી નથી. આવી જાય એ જુદી વાત છે પણ એની ઈચ્છા હોતી નથી. એ પૃથક્રૂપે આવે છે તેનું જ્ઞાન કરે છે પણ તેનો આદર કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મી શુભ ભાવને ઈચ્છતો નથી એમ કહે છે.

ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એનાથી વિરૂદ્ધ ભાવ-દુશ્મન ભાવ, ઝેર ભાવ અજીવ ભાવ એને કેમ ઈચ્છે? એ ઈચ્છાની ઈચ્છા હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? જ્યાં આત્મા અતીન્દ્રિય આનંદમય ખજાનેથી ખોલીને ઊભો થયો છે ને. ઓહો..! મારો સ્વભાવ તો જ્ઞાન શાંતરસ છે. અવિકારી મારો રસ શાંતરસ આનંદ છે. એને વિકારની ઈચ્છા, દુઃખ એની ઈચ્છા કેમ હોય? સમજાણું? આ બધા વાંધા અત્યારે, લ્યો. એ ઈચ્છીને કરે, આમ કરે, આમ કરે. એ તો ભાઈ વ્યવહારની વાતું છે. સાંભળને! સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગમાં કહે, ભાઈ જ્ઞાનીને તો આમ નથી ને. પણ શુભ કરે ને. તો એ દંડ સમાન જાણીને કરે છે. આવે. અજ્ઞાની લાભ સમાન માનીને કરે. મોટો બેમાં આંતરો છે. સમજાણું કાંઈ? ભારે વાત આકરી. ચૈતન્યમૂર્તિ પ્રભુ એકલો અનાકુળ આનંદની ખાણ, એવો આત્મા જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં બેઠો એ ધર્મીને રાગની ઈચ્છા (નથી). રાગ તો ઝેર છે. સમજાણું કાંઈ? ઝેર કહે ત્યાં આકરું પડી ગયું. વિષ્ટા કહે તો આકરું પડી ગયું. અહીં તો ઝેર કીધું

છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધા ઘણાં સાંભળ્યા છે. ધૂળમાંય નથી. એની ઈચ્છા કરે છે કે આ ઠીક છે એ મૂઢ જીવ છે અહીં તો કહે છે. આત્માના સ્વભાવથી વેરી ભાવ તેને ઈચ્છે એ મૂઢ જીવ છે. જ્યાં અંતર સ્વભાવ તરફમાં જ્યાં વલણ થયા છે એને બહાર વલણવાળી ઈચ્છાની ઈચ્છા હોતી નથી. કહો, સમજાણું કાંઈ? એ જ્ઞાનીને પુણ્યની ઈચ્છા નથી એટલે શુભભાવની ઈચ્છા નથી. ઓહોહો..! રાડ નાખે.

પહેલો એ બોલ લીધો છે. કારણ કે એમાં જ અનાદિનો વળગ્યો છે. સમ્યગ્દૃષ્ટિને શુભભાવ હોય કે નહિ? ના, એને હોય જ નહિ, એમ કહે છે. એને હોય નહિ એમ કહે છે. વ્યવહારે હોય એમ કહે ને. આહાહા..! સમજાણું કાંઈ? જો એવો વ્યવહાર ન સ્થાપે અને ન કહે. તો કહે, નહિ. એકાંત છે. હવે સાંભળને. સમ્યક્ એકાંતની જ અહીં વાત ચાલે છે. જ્ઞાનીને પુણ્યની ઈચ્છા, શુભભાવની ઈચ્છા નથી. ઓહોહો..!

‘**માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.**’ માટે સમ્યગ્દૃષ્ટિ ધર્મીને રાગની પક્કડ નથી. એ વ્યવહાર વ્રતાદિ આવે એની પક્કડ નથી. હવે અહીં કહે કે શુભરાગ થાય એ ધર્મ છે, એમાં સંવર નિર્જરા છે. ભગવાન! બહુ કરી તેં, હોં! આહાહા..! શુભરાગ, વ્રત ને દયા ને દાન એ શુભરાગથી આત્માને સંવર ને નિર્જરા થાય. અહીં ભગવાન કહે છે કે ભાઈ! રાગ છે એ બંધનું કારણ (છે) એનાથી નિર્જરા થાય નહિ. માટે બંધના કારણને જ્ઞાની ઈચ્છતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? જ્ઞાનીને વ્યવહારની પક્કડ નથી એમ કહે છે લ્યો. ખરેખર તો. ધર્મીને જે રાગ આવે વ્યવહાર એનો પક્કડ નથી. એને એકત્વ કરતો નથી. એને ભિન્ન રાખીને તેને જાણે છે. આહાહા..! ભારે વાત ભાઈ!

અરે..! મધ્યસ્થી વાંચતા પણ નથી, વિચારતા પણ નથી. આવો કાળ મળ્યો. માંડ જન્મ-મરણમાંથી નીકળવાનો અવસર છે. આ ભવ ભવના અભાવ માટે (મળ્યો), એને ઠેકાણે ભવને વધારવા માટે (કાળ ગાળે). અરે..! શું કરે છે? આહાહા..! માંડ મળ્યો. ત્યાંથી નીકળ્યો. વિચાર તો કરે. જે એકદમ તદ્દન ત્યાંથી નીકળીને આવ્યા છે. નિગોદમાંથી, કોઈ ઈયળમાંથી, કોઈ કીડીમાંથી. આહાહા..! એમાંથી આ પાંચ, પચાસ, સાંઈઠ, સો વર્ષ લ્યોને. પચાસ, સીત્તેર કેટલા થોડા વર્ષ. અનંત કાળ, સાગરોપમ ને એક પલ્યોપમને હિસાબે તો એક સપના જેવું છે. એક પલ્યોપમમાં અસંખ્યાતા વર્ષ જાય, એવા સાગરોપમ. એની આગળ તો આ સો વર્ષ, સાંઈઠ વર્ષ, સીત્તેર વર્ષ. સ્વપ્નાનું સ્વપ્નું કહેવાય. ભાઈ! એમાં તને શું કરવું છે? આહાહા..!

શુભભાવની ઈચ્છા? એ તો કરી રહ્યો છે અનાદિથી. એ તો મિથ્યાત્વભાવ છે. આત્માની શાંતિમાં, અવિકારીમાં શુભભાવની ઈચ્છા એ તો ઝેરને મેળવવા જેવું છે. કહો. એમાં જ આટલું બધું વણાઈ ગયું છે. વ્રત પાળવા, પૂજા કરવી, ભક્તિ કરવી એમાંથી જાણે કલ્યાણ થશે. કલ્યાણની ખાણ તો આત્મા છે એની તો ખબર નથી. રાગ કલ્યાણની ખાણ છે? એ તો આવી ગયું નહિ પહેલું? એટલું જ કલ્યાણ છે કે જેટલો આત્મા જ્ઞાન છે. ૨૦૬માં આવી ગયું ને? ૨૦૬. કહો. એટલું જ સત્ય છે, એટલું જ કલ્યાણ છે, એટલો જ અનુભવ કરવા લાયક છે કે જેટલો એ જ્ઞાન શુદ્ધ સ્વભાવ છે. બસ! એ રાગ કલ્યાણનું કારણ નથી. એ વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ રાગ કલ્યાણનું કારણ નથી એમ કહે છે. રાડ નાખી જાય. રામચંદ્રજી! આવી વાત છે.

ભાઈ! ભગવાન એમ કહે છે, ભાઈ! તું તો ભગવાન છો ને પ્રભુ! તારામાં તો મહિમાવંત પદાર્થ પડ્યો તું છો. રાગ છે એ કંઈ મહિમાવંત છે? ભલે શુભ હો. પણ કંઈ મહિમા કરવા જેવો છે? એને માહાત્મ્ય દેવા જેવું છે? એ ભાવથી હરખ કરવા જેવું છે? ધર્મીને તે ભાવ પરિગ્રહ નથી પામતો. કેમ કે ઈચ્છા જ નથી જેની એની પરિગ્રહપણાની પક્કડ કેમ હોઈ શકે? એમ કહે છે. ધર્મીને વ્યવહારની પક્કડ નથી એમ કહે છે. આહાહા..! ધર્મી વ્યવહારથી મુક્ત છે એમ કહે છે. આહાહા..! આકરું પડે જગતને.

વીતરાગનો માર્ગ એવો બગાડી નાખ્યો છે. લોકોને એમ લાગે ઓલું સારું લાગે. પુરુષાર્થ કરો, ઓલું આમ કરો, તમે નિયતમાં માનો છો એમાં પુરુષાર્થ (રહેતો નથી). ભાઈ! એવું લખ્યું છે બહુ આકરું. નિમિત્તનું તો આગમ આમ કહે છે. ભલે શ્રુતજ્ઞાની કેવળીએ કહ્યું એ પ્રમાણે સ્વકાળને માને-શ્રદ્ધે ખરા પણ કર્તવ્યમાં નિયત-અનિયત પર્યાયને માને. પણ આ તે દલીલ કેવી? કેમ કે જેમ સર્વજ્ઞ જાણે છે એમ જ્ઞાની જાણે જ છે. રાગને એ જાણે. એને પૂર્ણ જ્ઞાન, અહીં ઓછું જ્ઞાન એટલો ફેર છે. એ જાણે છે અને કોઈના કર્તા નથી. જ્ઞાની પણ જાણે છે રાગ આવે ઇ. રાગનો એ કર્તા નથી. બેય એક જોડે એક જ પાટે બેઠા છે બેય. આહાહા..! કઠણ પડે. કહો, સમજાણું કાંઈ?

આવા હેતુ મૂક્યા બધા. જુઓને! '**अपरिग्गहो अणिच्छो भणिदो**' એમ. પરિગ્રહ નથી, ઈચ્છા જેને નથી. પરિગ્રહ નથી, પરિગ્રહ નથી તેથી ધર્મની ઈચ્છા એને નથી. માટે ધર્મને ઈચ્છતો નથી. માટે ધર્મીને ધર્મનો પરિગ્રહ નથી. ધર્મીને ધર્મનો પરિગ્રહ નથી. ધર્મીને ધર્મ-ધર્મ. શબ્દે પુણ્ય. શબ્દ ધર્મ પડ્યો છે ને. સમજાણું કાંઈ?

'**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...**' ધર્મી તો જ્ઞાનમય. એ જ્ઞાનમયમાં સમ્યગ્દર્શનમય, સ્થિરતામય, શાંતિમય એ બધો જ્ઞાનમય ભાવ છે. ધર્મીને જ્ઞાનમય

ભાવને લઈને. જ્ઞાન એટલે જાણવું, દેખવું, શ્રદ્ધવું, ઠરવું એવા જ્ઞાનમય ભાવને લીધે. એવા એ જ્ઞાયકભવાની હયાતીને લીધે '**આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.**' આહાહા..! એ વ્યવહાર થાય તેનો જ્ઞાયક જાણનાર છે. પરવસ્તુ જેમ જાણે છે, એમ વ્યવહાર જ્ઞાનમાં પૃથક્ રીતે જણાય એવી ચીજ છે. એક થઈને જાણે એવી એ ચીજ છે નહિ. કહો, અમરચંદભાઈ! બહુ વાંધો. ઓહોહો..! ભાઈ! તને આવી રાગથી ભિન્ન સંપદાની કબુલાત કરતા પરસેવો ઉતરે અને વ્યવહારથી લાભ થાય એમાં તને હરખ આવે? આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે વળી કોઈ કહે, અમારે (વ્યવહાર) છોડી દેવો? પણ છૂટ્યો જ છે. અંદર છે ક્યાં? છોડી દે કોને કહેવું છે તારે હવે? રાગમાત્ર સ્વભાવમાં નથી એ જ્યાં ભાન થયા, વળી છોડવું કોને હવે રહ્યું? છૂટો જ છે. આહાહા..! ભગવાન...

મુમુક્ષુ :- શુભ ભાવ કરવો ને?

ઉત્તર :- કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? આહાહા..!

'**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...**' બસ! થઈ ગયું આવું? વીતરાગ થઈ ગયો? ભાઈ! વીતરાગ જ છે, ભાઈ! શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ બધો વીતરાગભાવ જ છે. એ રાગ ભાવ જ્ઞાનીનો નહિ. જ્ઞાની કેવળ તેનો જાણનાર... જાણનાર... જાણનાર.. છે. સમજાણું કાંઈ? આવી વાત ઢંઢેરો પીટીને લખી છે. આમાં કાંઈ ગોપવવા માટે લખી છે? એમાં છે કે નહિ એ વાત? ધર્મને જ્ઞાની ઈચ્છે નહિ. એટલે ધર્મ એટલે આત્માનો સ્વભાવ નહિ પણ પુણ્ય. પુણ્ય આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઉઠે છે ઈ. મહેનત કરીને મરી જાય બિચારા ચાલી-ચાલીને. ચાલીને જાત્રા કરે, ચાલીને તપસ્યા કરે, ચાલીને ઉપર જાય ડુંગરે. (સમેદશિખર) છ માઈલ ઉપર ચડવું, છ માઈલ ફરવું, છ માઈલ હેઠે ઉતરવું લ્યો. અઢાર માઈલ. થાકી જાય. હતો ને, તે દિ' સતીષ હતો નહિ? (સંવત) ૨૦૧૩માં. આમાં આ હતો. હિંમત હતો. તે દિ' ઈ પણ નાનો હતો અને આ પણ નાનો હતો. છ માઈલ ચડવું, છ માઈલ ફરવું, છ માઈલ ઉતરવું. એટલું સહન કરે એને ધર્મ તો કાંઈક થાતો હશે કે નહિ? કેટલા પગ દુઃખે, બે વાગે ઉતરવા. સવારના દૂધ પીધા ન હોય, કોગળો કર્યો ન હોય. ત્રણ વાગે હેઠે ઉતરવું ત્યાંથી. પછી દૂધ પીવા. આટલું આટલું કરે તોપણ કાંઈ ધર્મ નહિ એને? ન્યાલભાઈ!

ભાઈ! તને એ વખતનો કદાચિત્ રાગની મંદતાનો ભાવ હોય. દેહની ક્રિયા તો ભિન્ન ભિન્ન છે. એના કાળે તે પરિણતિ થઈ રહી છે. ગતિની ચાલવાની, બોલવાની. એ કાંઈ તારી છે નહિ. એ વખતે ઓલો શુભરાગ હોય તો તે પુણ્ય છે અને પુણ્યથી કલ્યાણ માનનાર પુણ્યને અને આત્માને એક માને છે. એ તો મહાવિપરીત દૃષ્ટિ છે. આહાહા..! પોપટભાઈ!

મુમુક્ષુ :- પહેલા તો લઈ લીધો છે ને.

ઉત્તર :- બસ. લઈ લીધો છે ને. બે વાર જઈ આવ્યા. હવે થઈ રહ્યું. હવે શું છે? વસ્તુ તો આમ છે. ત્યાં લાખ વાર જાય તોપણ જે રાગ છે એ તો રાગ છે, એ આત્મા નહિ. કહો, સમજાણું કાંઈ? રાગથી સ્વભાવને જેટલો ભિન્ન કરીને રાખ્યો તેટલો તેને ધર્મ છે. અમરચંદભાઈ! પોકાર-પોકાર કરે. એય.. સોનગઢવાળા આમ કહે છે. ભાઈ! સોનગઢ નહિ, ભગવાન એમ કહે છે. સાંભળને બાપા! હોતો નથી? હોય પણ ભાઈ! જેને જ્ઞાનના, આનંદના ભાન છે એને આ રાગના, દુઃખના કાંઈ આદર હોય? સમજાય છે કાંઈ?

**'એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.'** સમ્યગ્દૃષ્ટિ તો પુણ્યભાવનો એકલો જાણનાર જ છે. મારા માનીને કરતો નથી, મારામાં છે નહિ, મને લાભદાયક છે નહિ, મને હિતકર છે નહિ પણ એનાથી ભિન્ન છું એ મારું સ્વરૂપ છે. સાંભળવા મળે નહિ બિચારાને. શું કરે? આમ ને આમ વાડામાં પડ્યા. જીંદગી જાય. બાપા! આવો વખત નહિ મળે. એ તકરાર વાદવિવાદ કરે એનું તારે કામ શું છે? કોની સાથે વાદ અને કોની સાથે વિવાદ? ભાઈ! આ તો આત્માની દૃષ્ટિ અને સ્થિરતા કરવી એ તો તારું પોતાનું કામ છે. એ કાંઈ કો'કને લઈને થાય એવું છે? ભાઈ! આટલા આપણે ઘણા માણસને સમજાવ્યા, ઘણાના આ કર્યા માટે આપણને કાંઈ લાભ. તે કોણ સમજાવે? સાંભળ તો ખરો. વાણી વાણીનું કામ કરે, વિકલ્પ આવે એ વિકલ્પનું કામ કરે. કોના લઈને પર સમજે અને એના તને લાભ થાય? આહાહા..!

મુમુક્ષુ :- તો ઉપદેશ શું કરવા આપો છો?

ઉત્તર :- કોણ દે છે ઉપદેશ? એય..! આહાહા..! એક જણાએ બિચારાએ લખ્યું છે, કાગળ આવ્યો છે. કહ્યું હતું ને બાબુભાઈને નહોતું કહ્યું? ખબર છે? હવે વ્યાખ્યાન બંધ કરો. હવે એમ કે સમાધિ મરણની તૈયારી કરો. કો'કને ખટકે છે. ભાઈ હવે સાંભળને. સ્વાધ્યાય જેમ ત્યાં કરીએ છીએ, એમ સ્વાધ્યાય છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! દુનિયાનું તો કલ્યાણ થાવું હોય તો થાશે. એ તો એમ જ છે. થાવું હોય તો થાશે. કો'કને લઈને થાતું હશે? કો'કને ખટકે છે અંદરથી. આવું સ્પષ્ટીકરણ થાય છે ને. ખટકે છે એવો કો'કનો કાગળ હતો. અંતરદેશી કાગળ હતો. લીટી છ-સાત હતી. એમાં શું વાંધો? બિચારાએ લખ્યું તો. એને લાગી એ વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. નમ્ર હિતૈષી. વિનમ્ર હિતૈષી એમ લખ્યું. વાંચ્યું હતું ને ભાઈએ?

**'હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી એમ કહે છે :-'** બીજો બોલ

હવે લીધો. એ ધર્મીને પાપના પરિણામનો પરિગ્રહ નથી, પક્કડ નથી. આહાહા..! એ વિષયની વાસનાનો રાગ રાગમાં રાગપણે થાય. ધર્મીને એની પક્કડ નથી, એમાં સુખબુદ્ધિ નથી, એમાં હિતબુદ્ધિ નથી. કહો, સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे अधम्मं।**
**अपरिग्गहो अधम्मस्स जाणगो तेण सो होदि।।२११।।**
**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.**

આ તો છે હયાતી એની વાત છે, હોં! જેને પાપ પરિણામ આવે છે એની વાત છે. કેવળીની વાત નથી. ધર્મીને આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એવા ભાનમાં જરી પાપના પરિણામ થયા. કહે છે કે એની ઈચ્છા નથી. સમજાણું કાંઈ? કેમ કે '**ઈચ્છા એ પરિગ્રહ છે.**' એ ઈચ્છા એ જ પોતે પરિગ્રહ છે. વસ્તુમાં ક્યાં છે એ? પરવસ્તુ છે. તે જ પરિગ્રહ ને તે જ મમતા અને તે જ વસ્તુ સંસાર છે. તે જ સંસાર છે એમ કહે છે. ઈચ્છા એ સંસાર છે. ભગવાન આત્મા ઈચ્છા રહિત મુક્તસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**ઈચ્છા એ પરિગ્રહ છે.**' ભગવાન આત્મા મુક્તસ્વરૂપ તે અપરિગ્રહી છે. આહાહા..! કહો. '**તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી.**' જેને ઈચ્છા નથી તેને પરિગ્રહ નથી. આમ લીધું છે. '**તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી.**' ગુલાંટ ખાઈને પહેલી વાત કરી છે. પહેલું કીધું કે ઈચ્છા પરિગ્રહ છે. હવે '**તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી.**' સમજાણું કાંઈ? ધર્મી જીવને તો આત્માના આનંદની ભાવના હોય છે. આનંદને કેમ એકઠો કરું અને સ્થિર થાઉં? સમજાણું કાંઈ? એને એ પાપ પરિણામ એ પરવસ્તુ તરીકે (છે). એનો એને પરિગ્રહ (નથી). ઈચ્છા પરિગ્રહ છે અને તેને પરિગ્રહ નથી, એની ઈચ્છા નથી.

'**ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...**' ઈચ્છા તો આત્માના આનંદ અને જ્ઞાનસ્વરૂપથી વિરૂદ્ધ ભાવરૂપ દુશ્મનરૂપ ભાવ છે. ઈચ્છા તો અજ્ઞાનમય છે, ભગવાન જ્ઞાનમય છે. ભગવાન ક્યો? આત્મા, હોં! '**અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' ઓહો..! કોઈ કહે કે આ તો ઊંચા ગુણસ્થાનની વાત હશે. એની વાત નથી, ભાઈ! અહીં તો જેને ... હોય એને ભાન છે એની વાત છે. અહીં તો વાત એને અશુભ હોતો જ નથી. પણ અહીં તો સામાન્ય જ્ઞાનથી વાત લીધી છે ને? ચોથા-પાંચમાને પણ ભાવ તો રાગ આવે છે વાસનાનો. વાસનાની ઈચ્છા નથી, ઈચ્છાની ઈચ્છા નથી. આ રાગ આવજો, કાયમ રહેજો, એનો ઉપચાર કરું. એમ હોય છે એને? કાળો નાગ સામે આવે એને દેખે, એ રહેજો સામો ઊભો રહીને. એમ માને? કાળો નાગ આમ હોય મોટો. છ-સાત હાથનો લાંબો. સમજાણું? સર્પ જોયો

હતો ઘણો મોટો. જંગલમાં દિશાએ જતા. મોટો સર્પ અને જાડો આવો. પણ કાળો નહોતો. લાલ, ઘઉં વર્ણે. મોટો સર્પ અને જાડો આવો અને લાંબો છ હાથ. પાણી પીવા નીકળેલો તળાવમાં. હું એકલો નીકળેલો. ઓલામાં વાડ હોય ને થોરની? એમાં ક્યાંક રહેતો હશે. પાણી પીવા નીકળ્યો અને દેખ્યો અને ગુલાંટ ખાઈ ગયો આમ. ત્યાંથી પાણી પીતો હતો ને ગુલાંટ આમ ખાઈ ગયો. ત્યારે ખબર પડી. આમ જોયું તો મોટો જબ્બર. લાલ વર્ણે. કહો, સમજાણું? નાગ દેખે મોટો. રહેજો મારી સામે એમ ભાવના કરતો હશે? રાગ ઉપસર્ગરૂપ, રાગ ઝેરરૂપ નુકસાનકારક છે. સમજાણું કાંઈ?

**'અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...'** કેવી વાત લીધી છે, જુઓને! **'જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...'** ધર્મીને ધર્મમય ભાવ હોય છે એમ કહે છે. ધર્મી એટલે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની અનુભવ દૃષ્ટિ થઈ છે. એવા ધર્મીને ધર્મમય ભાવ હોય છે. એ અધર્મ એવો જે રાગ એ મય ભાવ હોતો નથી. કહો, સમજાણું કાંઈ? આમ તો મુનિને અશુભભાવની ગંધ પણ નથી એમ આવે છે ને? છતાં કોઈ વખતે સહેજ થાય. આર્તધ્યાન આદિ ભાવ છે ખરો ને. એ ગણ્યો જ નથી, એ વસ્તુ જ નથી એમાં. ત્રણ કષાયનો જ્યાં અભાવ (થઈને) વીતરાગતા પ્રગટી છે. ઓહોહો..! અંતર્મુખ શક્તિનો વિકાસ ઉત્કૃષ્ટ કરીને પડ્યો છે. શુભ ભાવનો જ્યાં આદર નથી એને અશુભ ભાવમાં આદર હોતો નથી. મહા આદર સ્વનો સ્વીકાર છે. જ્યાં મહા સ્વનો સ્વીકાર છે ત્યાં રાગનો સ્વીકાર કોણ કરે? અજ્ઞાનનો સ્વીકાર જ્ઞાની કેમ કરે? એમ કહે છે. ત્યારે કહે કે આ છન્નું હજાર સ્ત્રીઓ હતી ને ફલાણું (હતું). કોને હતી? નહોતી. સાંભળને! એ અશુભ વિકલ્પ આવ્યો એનો પક્કડ નથી, પરિગ્રહ નથી, એની ઈચ્છા નથી. પછી એમાં બાયડી-છોકરા એને હતા, કહે છે કોણ? અમરચંદભાઈ! આખો લોક પડ્યો છે દુનિયામાં. એ પડ્યો તો એને ઘરે રહ્યો.

છ ખંડના ધણી. વૃત્તિ ઉઠી એને પણ જાણનાર છે. પક્કડ કરનાર નથી. અને ક્ષણ પછી તે ભોગની વૃત્તિ ઉઠીને .. પછી ધ્યાનમાં અમૃતનો અનુભવ કરે બેસીને. .. વાળીને અંદરથી આમ. અરે..! આ. સમજાણું કાંઈ? એને ધર્મી કહીએ. ભાઈ! ધર્મી એટલે તો, આહાહા..! સર્વજ્ઞનો પુત્ર થઈ ગયો! એને ભગવાનનો બધો વારસો મળવાનો છે. સમજાણું? અનંતજ્ઞાન, અનંતદર્શન એ એનો વારસો છે. એમાં રાગનો ધણી કોણ થાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ખબર નથી. એને સાંભળવા મળી નથી શું ચીજ છે અંદર? ચૈતન્યરત્ન છે મહા સ્વરૂપ. જેને મોક્ષના માર્ગ તરીકે નિશ્ચયરત્નત્રયને રત્ન કહ્યા એ રતનના ફળરૂપે કેવળજ્ઞાનને એનું ફળ કહ્યું. એ મહારત્ન. એવા એવા કેવળજ્ઞાનની અનંતી પર્યાયો જેમાં પડી એ તો

મહા મહારતન છે આત્મા!! આહાહા..! ચૈતન્યરત્નાકર. ભગવાન આત્મા, જેને અભ્યંતર રત્ન કહ્યા ને? બાહ્ય વ્યવહારને બાહ્ય રત્નત્રય. અભ્યંતર વ્યવહારને વ્યવહાર નિશ્ચય બેય. વ્યવહારને બાહ્ય રત્નત્રય કહે છે. બાહ્ય આમ પરલક્ષી પ્રશસ્ત.

નિશ્ચયરત્નત્રય શુદ્ધ ભગવાન આત્મા એનો સ્વીકાર શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને આદરમાં, સ્થિરતામાં એ રત્ન કહ્યા, એને રત્નત્રય કહ્યા. રત્નત્રય કહ્યા. કહે છે ને? રત્નત્રય વ્રત નથી કહેતા? તો આ રત્નત્રય તો જેની નિર્મળ એક સમયની અપૂર્ણ પર્યાય પણ તેને રતન કહ્યા છે. એના ફળરૂપે કેવળજ્ઞાન તો મહારતનનું ફળ. અને એવા એવા કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ એવી અનંતી પર્યાય જેના એક એક ગુણના પેટમાં પડી છે. સત્ સત્ ભગવાન સત્‌નો સાહેબો છે એ. એવા ભગવાનના જ્યાં દૃષ્ટિમાં ભેટા થયા, એ રાગને કોણ ગણે? કહે છે. રાગ અજ્ઞાનમય ભાવ. દુનિયા એમ માને કે જોયું? જુઓ! આ પરણવા જાય છે, આ લગન કર્યા. હવે સાંભળને! અહીં ના પાડે છે. સમજાણું કાંઈ?

ત્રણ જ્ઞાનના ધણી શાંતિનાથ. છન્નુ હજાર સ્ત્રી. ચક્રવર્તી છે ને? પદમણી જેવી, હોં! આ બધા ધાનના ઢોકળા છે, આ બધા સૂકાઈ ગયા બે દિ' ખાય નહિ તો એં..એં.. મોઢા થઈ જાય. તાવ આવ્યો હોય સરખાયનો પાંચ ડિગ્રીનો. હું..હું.. એમ કરે. સારું શરીર લાગતું હોય ઈ થઈ જાય. બે-ત્રણ દિ' લાંઘણ થાય (તો) અં..અં.. એમ કર્યા કરે. શેઠ નથી આવ્યા? ક્યાં ગયા શેઠ? ત્યાં બેઠા. એ યાદ આવી ગયા એના મોટા ભાઈ. એના મોટા ભાઈ એવું બહુ કરે. ખબર છે ને. શેઠીના મોટા ભાઈ નથી ઓલા ડોસા? સૂરજમલજી. આમ.. કરે. આવે તોપણ બેસે તોપણ અવસ્થા થઈ ગઈ છે ને. શેઠીના મોટા ભાઈ યાદ આવી ગયા પેલા ઉં..ઉં..માં. બેસતા ઊંચા બધા થાય ને.. અં.. અં... એય..! શેઠી! આ તમારા ભાઈની વાત ચાલે છે. ઉં..ઉં.. કરે છે. નહિ? ઉં.. ઉં.. કરે છે. સાંભળ્યા છે કે નહિ? ચાલતા, ફરતા ત્યારે. છોકરા સાથે આવે. ત્યાં દર્શન કરવા આવતા. ઉં.. ઉં.. કરે. અરે..! એવું થાય જીર્ણ. ધૂળ, એમાં ક્યાં છે પછી તો.

અહીં કહે છે, એ છન્નુ હજાર સ્ત્રીનો સાહેબો એમ કહેવાય? ના. ના. હું એનો સ્વામી નથી હોં! મારી ચીજ તો મારી પાસે છે, ભાઈ! જે જુદી પડે એનો હું સ્વામી ક્યાં છું? સમજાય છે? પણ તમને છ ખંડના રાજા કહે છે ને? બાપા! દુનિયા તો કહે. પણ એ કાંઈ મારી ચીજ થઈ જાય એમ છે નહિ. એય.. પોપટભાઈ! કહો. એવી પદમણી જેવી સ્ત્રી હોય. સમજાય છે? એના શરીરમાં સુગંધ આવે, જેને કપડે ભમરા ફરે. સમજાણું? ધૂળમાંય નથી કહે છે. આ જાણે કે આહાહા..! ખુશી હશે આમાં, રાજી થાતા હશે. રાજી નથી, ત્યાં દુઃખ થાય છે એને વાસનાનું. સમજાણું કાંઈ? એને કેમ ઇચ્છે? એમ કહે છે અહીં

તો. સમજાણું?

**'અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અધર્મને ઈચ્છતો નથી;...'** તો લડાઈ કરવા શું કરવા જાય? ઈચ્છતો નથી. સાંભળને ભાઈ! કોણ જાય છે? ક્યાં જાય છે? તે ક્ષણે પણ પોતે પોતાના જ્ઞાનની એકાગ્રતામાં જ છે. આહાહા..! સમજાણું? **'અધર્મને ઈચ્છતો નથી; માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી.'** એ અશુભભાવ આવે એની પક્કડ નથી. પણ એનું જ્ઞાન વર્તે છે. એમ છે. 'અજર પ્યાલા પીયો મતવાલા, ચિહ્ની અધ્યાત્મ વાસા. આનંદઘન ચેતન વ્હૈ ખેલે દેખે લોક તમાસા. આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે.' જ્ઞાનીને પાપનો પરિગ્રહ નથી. પાપને પકડતો નથી.

**'જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...'** જ્ઞાનમય. રાગનું પણ જ્ઞાન એ પોતાનું જ્ઞાન, હોં! સ્વપરપ્રકાશક જ્ઞાન જે છે ને. જ્ઞાનનો સ્વભાવ જે સ્વપરપ્રકાશક છે ને, એ જ્યાં સ્વપરપ્રકાશકવાળું તત્ત્વ જ્યાં દૃષ્ટિમાં આવ્યું, કહે છે કે એ પાપના પરિણામ સંબંધીનું તે ક્ષણે પોતાનું જ્ઞાન પોતાથી પ્રગટે છે. એ પાપના પરિણામથી જ્ઞાન થયું અહીંયાં પરનું, એમ પણ નથી. સમજાણું કાંઈ? એ વાસનાની વૃત્તિ થઈ એને પોતે પકડતો નથી ધર્મી પણ એ સંબંધીનું જ્ઞાન જે થયું, એ પણ એ વસ્તુ છે માટે થયું છે એમ નથી. સમજાણું કાંઈ? ભગવાન જ આત્મા સ્વપરપ્રકાશકની સંપદાની મૂડી છે. એથી તેની પર્યાયમાં સ્વપરપ્રકાશક પર્યાય જ્ઞાયકપણે પ્રગટ થાય છે. એનું નામ જ્ઞાયકપણે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અશુભ રાગ, કૃષ્ણ આદિ લેશ્યા થઈ. કહે છે કે એ પકડતો તો નથી. પણ એ સંબંધીનું જે જ્ઞાન થાય છે એ એને લઈને નથી. એ જ્ઞાન તો સ્વપરપ્રકાશક ચૈતન્ય સ્વરૂપ એનું ભાન હોવાથી સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટ થાય છે. એ જ્ઞાયક છે. આહાહા..!

**'જ્ઞાની અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.'** એકલો જાણનાર છે એમ કહે છે. પછી એણે કીધું, અધર્મનો જાણનાર કહેવો એ વ્યવહાર છે, હોં! હજી. સમજાણું કાંઈ? રાગનો જાણનાર છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! એ શબ્દને બદલીને બીજા કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૩, શુક્રવાર તા. ૪-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૧૧-૨૧૨, પ્રવચન-૨૯૭**

સમયસાર ૨૧૧-ગાથા. અધર્મની વાત આવી, અધર્મની.

મુમુક્ષુ :- પુણ્યને અધર્મ કહે છે, પાપને અધર્મ કહે છે.

ઉત્તર :- અહીં અત્યારે પાપને અધર્મ કહેવું છે. પુણ્યને ધર્મ કહેવાય વ્યવહારે. રાગની મંદતાના ભાવને વ્યવહારે ધર્મ કહેવાય, નિશ્ચયથી એ પુણ્ય છે. ખરેખર નિશ્ચયથી તે અધર્મ છે. એ અત્યારે વાત આમાં નથી.

આત્માનો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ છે એનો આશ્રય કરીને જે શુદ્ધતા, નિર્દોષતા, વીતરાગતા દૃષ્ટિ-જ્ઞાન અને સ્થિરતાની પ્રગટે એટલો ધર્મ. બાકી એના વિરૂદ્ધ જે ભાવ થાય, પરમાર્થે અધર્મ છે પણ અધર્મના બે પ્રકાર પાડીને અહીંયાં રાગની મંદતાના પુણ્ય પરિણામ એ જ્ઞાનીનું કાર્ય નથી. કાર્ય નથી એ અહીં નથી લેવું. એની ભાવના નથી જ્ઞાનીને. એમ લેવું છે. પક્કડ નથી ને? ધર્મી જીવે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ દૃષ્ટિમાં લીધી છે.

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ, સચ્ચિદાનંદ-સચ્ચિદાનંદ. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ છે પ્રભુ. એવી જ્યાં અંતર દૃષ્ટિ (પ્રગટ થઈ છે). સમ્યગ્દૃષ્ટિને એટલે ધર્મીને આવી જ્યાં દૃષ્ટિ થઈ છે, એથી એને શુદ્ધ સ્વભાવ જ આદરણીય છે. એને પુણ્યભાવ થાય એ આદરણીય નથી. કેમ કે એ અજ્ઞાનમય ભાવ છે. અજ્ઞાનમય એટલે? કે આત્માના જ્ઞાનમય એટલે પવિત્ર જે શુદ્ધ સ્વભાવમય એનાથી વિરૂદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ? એથી રાગની મંદતાનો દયા, દાન, વ્રતના જે શુભ ભાવ એ જ્ઞાનીને પરિગ્રહ નથી, એની પક્કડ નથી. કેમ કે એની ચીજમાં નથી. સમજાય છે કાંઈ? તેથી તે રાગની મંદતાનો શુભભાવ એ ધર્મીની ભાવનાનો વિષય નથી. કેમ કે ઈચ્છા રાગ જે છે તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે કે આત્માનું જ્ઞાનમય સ્વરૂપ છે એ નથી. પોપટભાઈ! બહુ વાત ભારે.. આહાહા..!

એ વાત તો આવી ગઈ. અને અહીં તો ૨૧૧ હવે સોળ બોલ લે છે. ધર્મી જીવને ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ અનાકુળ આનંદમય આત્મા છે, એ ધર્મીને એની દૃષ્ટિ થઈ છે. અને એ દૃષ્ટિ વિના સમ્યગ્દર્શન નહિ અને એના વિના એ ધર્મી નહિ. સમજાય છે કાંઈ? ધર્મીને પોતાના સ્વભાવમાં આનંદ છે એવી અંતર દૃષ્ટિ અને એ આનંદનું વેદન અંશ રૂપે પ્રગટ થયું છે. એથી ધર્મીને આનંદનો અંશ અને આખો આનંદમય એવા ભગવાન આત્માના સત્કાર, સ્વીકાર, ઉપાદેય સિવાય એ રાગનો ભાગ પાપનો આવે કે પુણ્યનો, એનો એને

આદર નથી. સમજાણું કાંઈ? એ દુઃખ છે. રાગની મંદતા.. અહીં તો આપણે બોલ અને પાછું વિશેષ લે છે.

**'અધર્મ' શબ્દ પલટીને તેની જગ્યાએ રાગ...'** લેવો. રાગ પણ એ અજ્ઞાનમય ભાવ છે. પહેલા સમ્મુચય મંદ રાગ અને તીવ્ર રાગની વાત લીધી. હવે સમ્મુચય આખો રાગ લીધો. કોઈપણ પ્રકારનો રાગ. શુભ કે અશુભ. સમજાણું કાંઈ? એ રાગ તે અજ્ઞાનમય ભાવ છે. અજ્ઞાનમય એટલે? આત્માના જ્ઞાનમય સ્વરૂપમયથી એ વિરૂદ્ધ ભાવ છે. એથી ધર્મીને તે આત્માના જ્ઞાનમય ચૈતન્યમય આનંદમય શુદ્ધ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ એ અજ્ઞાનમય ભાવને લઈને એની એને પક્કડ નથી. પોતાના જ્ઞાયક સ્વભાવમાં એને મેળવતો નથી. સમજાણું કાંઈ? રાગ શબ્દ આવ્યો ને પહેલો?

ઈચ્છા છે તે અજ્ઞાનમય છે. ઈચ્છા પરિગ્રહ છે. એમ રાગ તે પરિગ્રહ છે. અને પરિગ્રહ એને હોય છે કે જેને ઈચ્છા હોય છે. ધર્મીને ઈચ્છા રાગની હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમ કે આત્મા એ રાગથી રહિત જ્ઞાયક ચૈતન્યમય વસ્તુ વીતરાગસ્વરૂપ છે. એવા સ્વરૂપની દૃષ્ટિને લઈને એને અંતરમાં સ્વભાવના તરફમાં એકાગ્ર હોવાથી એની ભાવના સ્વભાવની કહેવામાં આવે છે. રાગની જ્ઞાનીને ભાવના નથી. એ આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ, વિપરીત ભાવ હોવાને કારણે એ અજ્ઞાનમય ભાવની ઈચ્છા જ્ઞાનીને હોતી નથી. સમજાણું કાંઈ?

એમ '**દ્વેષ,...**' સમ્યગ્દૃષ્ટિ હોય, રાજાનો કુંવર હોય. રાજકુમાર પણ હોય છે. સમજાય છે? ચક્રવર્તીના પુત્ર હોય. પોતે ચક્રવર્તી પણ સમકિતી હોય. એને રાજમાં કોઈ લડાઈ કરવા આવ્યો હોય તો એના ઉપર ક્રિયા દેહની થવાની એની કોર શરીર ચાલે. આત્મા એને હલાવે નહિ અને આત્મા એ દેહની ક્રિયા પોતાની માને નહિ. અને એમાં જે કંઈ દ્વેષનો અંશ આવ્યો એને જ્ઞાની પકડતો નથી. એને પોતાના જ્ઞાયક સ્વભાવ તરફની દૃષ્ટિની સાવધાનીને લઈને એ દ્વેષની સાવધાની નથી. સમજાણું કાંઈ? માર્ગ બાપુ, આ તો વીતરાગનો છે. જેમાંથી જન્મ-મરણના અંત આવે, અનંત અનંત આનંદ પ્રગટે, જેના ફળમાં અનંત આનંદ તે કેટલો? સાદિઅનંત. જે આનંદ પ્રગટ્યો પૂર્ણ (એ) અનંત કાળ રહેશે. એવા આનંદનું સ્થાન, ઘર એવો ભગવાન આત્મા અંતર રુચિમાં, દૃષ્ટિમાં બેઠો એને, કહે છે કે ભાઈ! દ્વેષનો અંશ હોય. (પરંતુ ) એને (આદર) નથી. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના જ્ઞાયક ચૈતન્યના આદરમાં એ દ્વેષ અજ્ઞાનમય ભાવનો આદર નથી. એથી ધર્મીને એ અંશ જે આવ્યો એનું જ્ઞાન કરે છે અને તે ખરી જાય છે. સમજાણું કાંઈ? એમ કહીને કોઈ એમ કહે કે અમે પણ હવે જ્ઞાની (છીએ). માટે ગમે તેવો અમે રાગ કરીએ અને મીઠાશ કરીએ માટે અમારે આવીને ખરી જાય. એમ નથી.

અહીં તો આત્મા જ્ઞાયક સ્વરૂપ છે, આનંદમૂર્તિ છે એવી જ્યાં મીઠાશ, મધુરાશ આત્માના સ્વાદની જોઈ છે. તેને આ રાગ અને દ્વેષનો અંશ એમાં મીઠાશ એને ઊડી ગઈ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો દાખલો લઈને કોઈક કહે, એ તો રાગ આવ્યો. એ તો રાગ ગયો, ભોગ લે, વિષય લે, વાસના કરે, પરસંજ્ઞા લંપટી થાય અને માને કે એ તો રાગનો કાળ હતો. મરી જઈશ. સમજાય છે કાંઈ? મારી નાખ્યો તેં આત્માને. રાગના વિકલ્પની મીઠાશ વર્તે છે, રસ વર્તે છે, સુખબુદ્ધિ વર્તે છે અને કહે કે રાગ આવ્યો એ અમારે ખરી જાય છે. અરે..! મિથ્યાત્વનું બંધન અનંતુ પડે છે. સાંભળને! એય..! પોપટભાઈ! પોપાબાઈનું રાજ નથી ત્યાં કે બચાવ કરીને ચાલે, હાંકે ગાડા. એમ નહિ. સમજાય છે?

જ્યાં આગળ ચૈતન્ય શુદ્ધનો પત્તો મેળવ્યો છે. મારો આત્મા પરમેશ્વર આનંદની ખાણ છે. મારા સ્વરૂપમાં તો અતીન્દ્રિય આનંદ જ છે. એવા આત્માને જેણે અનુભવ્યો અને દૃષ્ટિમાં લીધો છે એને, કહે છે કે દ્વેષનો જે અંશ હોય એની એને પક્કડ નથી. એ જ્ઞાનમય ભાવ (વર્તે છે). પોતાની જાતથી એને વિરૂદ્ધ ભાવ જાણતો દુશ્મન રૂપે જાણતો, એને કેમ આદર કરે? સમજાણું કાંઈ? એને નિર્જરા થઈ જાય છે. એને નિર્જરા થઈ જાય છે એમ કહેવાય છે. સમજાણું કાંઈ? અહીં તો જરી અનુકૂળતા કાંઈક મળે ત્યાં મીઠાશ વેદે, પ્રતિકૂળતા આવે તો ખેદ (થઈ જાય). એ તો બધું મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પરની અનુકૂળતા-પ્રતિકૂળતાને કારણે મીઠાશ વેદે એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. સમજાણું કાંઈ? શેઠી! એ માર્ગ એવો છે, ભાઈ!

મુમુક્ષુ :- પચાવવા જેવું છે.

ઉત્તર :- એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે ત્યાં... આ જ પચાવવાનું છે. બીજું શું છે? આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યના આનંદથી જ્યાં ડોલી રહ્યો છે, અંદર પરિણમી રહ્યો છે. સમજાય છે? એવું જ્યાં અંતરમાં ભાન થયું છે એને, કહે છે કે દ્વેષ આવ્યો એ અજ્ઞાનમય છે. પોતાની જાતનો એ નથી. પોતે જ્ઞાનમય છે. જ્ઞાનમય શબ્દે આનંદમય છે. જ્ઞાનમય શબ્દે નિરૂપાધિ સ્વચ્છ સ્વભાવમય છે, જ્ઞાનમય શબ્દે પરમેશ્વર પરમેશ્વર સ્વભાવમય છે. પરમેશ્વર સ્વભાવમય છે. સમજાણું કાંઈ? એવા અંતરના સ્વભાવની દૃષ્ટિના ભાનને લઈને દ્વેષનો અંશ છે તેનો અજ્ઞાનમય ગણીને તે આત્મા પકડ કરતો નથી. સમજાણું કાંઈ?

એમ '**ક્રોધ,...**' ભગવાન આત્મા અવિકારી અકષાય સ્વરૂપનો પિંડ છે. સમજાય છે કાંઈ?

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ રે,

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી. તેમ જ નિર્મળ જીવ સ્વભાવ રે..
શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે.

એ કષાયના પરિણામથી અભાવસ્વરૂપ ભગવાન આત્મા, એને અંતર એકાગ્ર થઈને જે દશા પ્રગટી અકષાય ભાવ એને વીર પ્રભુએ ધર્મ કહ્યો છે. સમજાય છે કાંઈ? એવા ધર્મની મીઠાશ આગળ ક્રોધ છે તેને એ કેમ પકડે? ક્રોધ છે એ ઝેર છે. પોતાની અમૃત જાત છે. અહીં જ્ઞાન જાત લઈને અજ્ઞાન કહ્યું છે. પણ આનંદની જાત લઈને કહો તો એ દુઃખ છે. પવિત્રતાની જાત લઈને કહો તો તે અપવિત્ર છે. એ તો એક શબ્દની રચના શાસ્ત્રની કરવી છે ને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ. જેને કર્મ અને રાગથી ભિન્ન પાડીને જેણે આત્માનું સેવન કર્યું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માની જેણે સેવા કરી છે. એ અનાદિથી રાગની સેવા કરતો, એ ગુલાંટ ખાઈ ગઈ સેવા. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એની અંતરની એકાગ્રતાથી જેની સેવા થઈ છે એવા આગળ આ ક્રોધનો ભાવ જ્ઞાનીને પક્કડમાં આવતો નથી. એ પકડતો નથી. કેમ કે આત્મા અકષાયસ્વરૂપ, એના આગળ આ રાગ કષાય સ્વરૂપથી વિરૂદ્ધ ભાવ છે, અજ્ઞાનભાવ છે. માટે તે ક્રોધ ધર્મીને પરિગ્રહપણાને પામતો નથી. એટલે કે ક્રોધપણામાં પોતાપણાને પામતું નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

એમ '**માન,...**' એમ માન. આ માનનો અંશ તે પૃથક્રૂપે થઈને આવે છે. સ્વભાવમાં એ નથી. ભગવાન અમાનસ્વરૂપ છે. આ એક માન એનાથી વિરૂદ્ધ છે એવી આત્માની દૃષ્ટિને લઈને માનનો પરિગ્રહ નામ પક્કડ નથી. માન એ અજ્ઞાનમય છે, દુઃખમય છે, મલિન છે, ઝેર છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્માના આદરનો કરનાર એ માન ઝેર છે એનો આદર કેમ કરે? એ માનને પોતામાં કેમ મેળવે? અમરચંદભાઈ! આહાહા..! કહો, સમજાણું આમાં? આહાહા..!

એ ધર્મી આત્માને કેળવે છે. લોટને કેળવતી બાઈ પાણી નાખે એમાં. પણ કાંઈ પેશાબ નાખે? ભગવાન આત્મા પોતાના પવિત્ર સ્વભાવ તરફની દૃષ્ટિથી આત્મા કેળવાય છે. આહાહા..! એમાંથી કળા પ્રગટતા પ્રગટતા કેવળજ્ઞાન કળા પ્રગટવાની છે. સમજાણું કાંઈ? એ આવા માનને કેમ પોતાનો માને? જ્યાં પોતાનું સ્વરૂપ જ પવિત્ર જાણ્યું અને અનુભવ્યું છે, એ માનને પોતામાં કેમ માને? એને પોતાના ઘરમાં કેમ ગોઠવે? એનો એ જાણનાર રહીને છૂટી જાય છે. આહાહા..! કહો, સમજાણું આમાં? ભીખાભાઈ! વાતું આવી અલૌકિક વાતું છે, બાપા! આહાહા..!

'**માયા,...**' એમ માયાનો અંશ કપટનો હો. સમજાણું? એ અજ્ઞાનમય છે, વિરૂદ્ધ ભાવ છે, ઝેરમય છે, દુઃખમય છે. એને ધર્મી કેમ પકડે? કાળા નાગનો એક અંશ.. મોટો શું કહેવાય એ? કણો-કણો. કણો હોય છે ને ભાઈ એક નાનો. નાનો. શું કહે છે? નાનો-છોટા. એવો હોય આટલો. હોય આટલો, એક આટલો. અમે તો બધું જોયું છે ને. આમ નાનો પણ નાગ છે એ. સમજાય છે? એ દાખલો શાસ્ત્રમાં છે. અરે..! કોણ મારે છે? એમ ન મારવું જોઈએ, હોં! રાડ નાખી ગયું. આ શાંતિના કાળમાં આવું હોય? વરસાદ આવ્યો.

કહે છે, '**માયા,...**' ભગવાન આત્મા નિર્માયાસ્વરૂપ છે ને. એવા સ્વરૂપની જ્યાં અંતર દૃષ્ટિ, રુચિ અને આદર થયો છે એ ધર્મી, માયા નિર્માયા સ્વરૂપથી વિરૂદ્ધ ભાવ છે એને કેમ પકડે? એને એ પરિગ્રહ કેમ હોય? એટલે એ પોતામાં કેમ મેળવે? આહાહા..! અહીં તો વિશેષ સ્થિરતાની વાત છે, હોં! મેળવે તો તો મિથ્યાત્વી થઈ જાય. આ તો અંદર અસ્થિરતામાં કેમ રાખે ભેગું? સ્થિરતા થાય એમાં અસ્થિરતાને કેમ ભેગી ભેળવે? એમ કહે છે. નિર્જરાનો અધિકાર છે ને આ તો. એય..! માર્ગ તે પણ માર્ગ છે ને એનો.

'**લોભ,...**' એમ લોભનો અંશ હો એ અજ્ઞાનમય છે. નિર્લોભી પ્રભુ આત્મા સંતોષનો સાગર આત્મા છે. આખી લોકાલોક સ્થિતિ હોય તોપણ જેને ઈચ્છા નથી કોઈને ગ્રહવાની. આહાહા..! ત્રણ કાળ, ત્રણ લોકને જાણનાર જ્ઞાતા-દૃષ્ટા એવો ભગવાન આત્મા, એને (-લોભને) કેમ નિર્લોભ સંતોષી પદાર્થમાં પરિગ્રહે? એને કેમ પકડીને સ્થિરતામાં રાખે ભેગો? ભિન્ન... ભિન્ન.. ભિન્ન... દુઃખમય.. દુઃખમય. કહો, સમજાણું કાંઈ?

એમ '**કર્મ,...**' આ કર્મ આવું હોય ને તો ઠીક. આઠ કર્મમાં પુણ્ય બંધાઈ જાય ને તો.. એ તો અજ્ઞાનમય વસ્તુ છે. એમાંથી કોઈ જ્ઞાનમય સામગ્રી મળે એવી એ ચીજ નથી. માણસ કહે ને? ભાઈ! કર્મ જો અહીં બાંધશું સારા તો ભગવાન પાસે જાશું. અને પછી ભગવાન પાસે જાશું ત્યાં સમકિત પામશું. મૂઢ છે, સાંભળને! એ કર્મ તો અજ્ઞાનમય ચીજ છે, એ જ્ઞાનમય પામવાનું કારણ થશે? સમજાણું કાંઈ? આઠેય કર્મ. હોં! એ અજ્ઞાનમય ચીજ છે. જ્ઞાનાવરણીય અજ્ઞાનમય ચીજ, દર્શનાવરણીય અજ્ઞાનમય ચીજ, વેદનીય અજ્ઞાનમય ચીજ, આઠેય કર્મ જડ રૂપી, અજીવ એ તો અજ્ઞાનમય ભાવ છે. પોતાનો આનંદ જ્ઞાનમય ભાવ આગળ એ તો તદ્દન જડ અચેતન છે. એવા કર્મને આ મારા કર્મ અને મેં બાંધ્યા અને મારી પાસે (છે). બાંધ્યા એ છે જ ક્યાં? આહાહા..! કર્મ મને બંધાય છે અને કર્મ છે, એ વસ્તુ દૃષ્ટિમાં નથી એમ કહે છે અહીં. અમરચંદભાઈ! આહાહા..!

ભગવાન આત્મા કર્મ સહિત છે એ વસ્તુ ખોટી છે. આચાર્યે તો ત્યાં સુધી કહ્યું પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં કે કર્મ અને કર્મથી થતી સામગ્રી આસ્રવ, દયા, દાન વગેરે એ આસ્રવ અને

કર્મ સહિત જીવને માનવો એ સંસારનું બીજ છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય-૧૪મી ગાથા છે. સવારે વંચાય છે ને. ભગવાન આત્મા અબદ્ધસ્પૃષ્ટ એવી ચીજ (છે). એવા આત્માને કર્મ અને કર્મના નિમિત્તે થતાં પુણ્ય-પાપના ભાવ એવા સહિત માનવો, રહિત છે એને સહિત યુક્ત માનવો એ સંસારનું બીજ મિથ્યાત્વ છે. આહાહા..! રાડ નાખે ઓલા તો, પણ આ એકાંત થઈ જશે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! એ છે એનું જ્ઞાન કરે છે એ વાત છે. ખ્યાલમાં એને આવે કે ચોથે ગુણસ્થાને આટલા કર્મ છે, ફલાણે આટલા ખરે એ બધું છે એનું જ્ઞાન કરે છે. મને બંધાય છે અને મને કર્મ છે એમ જ્ઞાનીને છે નહિ. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ! આહાહા..! સમજાણું? 'પ્રભુનો મારગ છે શુરાનો કાયરના નહિ કામ.' ત્યાં કાયરના કામ નથી.

પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર જે પ્રગટ્યા એ પોતે જ પરમેશ્વર આત્મા છે. સમજાણું? એવા આત્માને ધર્મીને-જ્ઞાનીને-ધર્મીને કર્મની પક્કડ નથી. એટલે કે આ કર્મ મારું અને મને બંધાણું એ વસ્તુ જ નથી. આહાહા..! એ તીર્થંકરગોત્ર મને બંધાણું એ જ્ઞાનીને નથી એમ કહે છે અહીં. એ.. અમરચંદભાઈ! આહાહા..! કર્મમાં એ આવી ગયા કે નહિ નામ કર્મમાં? ષોડશકારણ ભાવના આવે છે ને? દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, ષોડશકારણ ભાવના ભાય, તીર્થંકર ગોત્ર પદ થાય. અહીં તો કહે છે કે જ્ઞાનીને એ જે તીર્થંકર ગોત્રનો ભાવ છે એની પણ પક્કડ નથી કે મારો છે. તો પછી પ્રકૃતિ જડ છે એ મારી છે એ છે ક્યાં? સમજાણું કાંઈ? એ ધર્મીની પુંજી બદલી ગઈ છે. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- હળુકર્મી...

ઉત્તર :- હળુકર્મી બધી વાતું છે. આત્મામાં કર્મ કેવા કે હળુકર્મી (કહેવા). કર્મી જ નથી આત્મા. અહીં તો એ જ કહેવું છે. કર્મ જ આત્મામાં નથી. કર્મ આત્મા બાંધતો જ નથી. કર્મને બાંધવાના નિમિત્ત પરિણામ એ આત્મામાં જ નથી. સમજાણું કાંઈ?

કર્મ એ અજ્ઞાનમય વસ્તુ છે. એ જ્ઞાનીને અજ્ઞાનમય ભાવની કેમ ભાવના હોય? એ અજ્ઞાનમય કર્મની પક્કડ કેમ કરે? જ્યાં ભગવાન પકડાયો-ભેટો થયો એ આવા કર્મનો ભેટો કેમ કરે? એમ કહે છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય શાતા બંધાય એ તો સારું. અરે..! પણ અજ્ઞાનમય ભાવ (એમાં) સારું, નરસું કોને કહેવું? બાપુ! આહાહા..!

જુઓને! આ મુનિઓ જંગલમાં આવા વરસાદ વરસતા હોય અને ઝાડ તળે બેઠા હોય. અને શરીરની પ્રકૃતિ છે, શ્વાસનો રોગ થયો હોય દમનો. સમજાય છે? અને પવનના ઝપાટા ઠંડા વાગતા હોય, ઉઘાડું ડિલ હોય. પણ એ હું નથી પછી મને છે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? અરે..! મને કર્મનો ઉદય આવો અશાતાનો આવ્યો. પણ કર્મ જ નથી ને. આહાહા..!

સમજાણું કાંઈ?

મોહનીય, નામ, ગોત્ર. નામમાં આવે છે ને? યશોકીર્તિ, આહારક શરીર. મુનિ આહારક શરીર બાંધે. આ તે કર્મનો ખ્યાલ આવ્યો કે આ છે એટલું. એનો પરિગ્રહ પક્કડ ક્યાં છે? કે આહારક શરીર બંધાણું ઠીક છે. તીર્થંકરગોત્ર બંધાણું ઠીક છે. આહાહા..! પાછા લેખ એવા આવે કે તીર્થંકર પ્રકૃતિ પરંપરા મુક્તિનું કારણ. એવા વ્યવહારના કથન આવે. સમજાણું કાંઈ? એ કર્મ જ મારું નથી. કેમકે કર્મ અજ્ઞાનરૂપ છે. ભગવાન ચૈતન્યનો પુંજ છે, કેવળજ્ઞાનનો કંદ આત્મા તો છે. એવી જ્યાં ધર્મીને દૃષ્ટિ થઈ એ કર્મ અજ્ઞાનને પકડે કેમ એ? મને ઠીક બંધાણું કર્મ, મને ઠીક થયું. આમાંથી સ્વર્ગ મળશે અને પછી ભગવાન પાસે જવાય. ક્યાંય ગયો જ નથી ને હું. હું તો મારામાં જ છું. આહાહા..!

'**નોકર્મ,...**' આમ તો મન, વચન, કાયા આમાં આવે છે નોકર્મ આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. એને નોકર્મ ગણવામાં આવે છે. પણ આમ નોકર્મ બાહ્યના નિમિત્તો શરીર. કોઈપણ અનુકૂળ સંયોગ મને મળો, પ્રતિકૂળ ટળો એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. આહાહા..! એય..! શેઠી! અને આમ લ્યો તો આહાર જે છ નોકર્મ ગણ્યા છે, એ આવશે આહારમાં, શરીરનું આવશે, ઇન્દ્રિયનું આવશે. શ્વાસ એક બાકી રહી ગયો. ભાષા, મન ન આવ્યું. છમાં એક શ્વાસ રહી ગયો. આ શ્વાસ ચાલે છે એની પક્કડ નથી જ્ઞાનીને એમ કહે છે. આહાહા..! કેમ કે એ તો પરમાણુ અજ્ઞામય જડ છે. સમજાણું કાંઈ? શ્વાસ થોડા હળવે હળવે લેવાયને તો આયુષ્ય લાંબુ થાય. વધારે શ્વાસ લેવાય તો આયુષ્ય થોડું થઈ જાય. એમ નથી. સમજાણું?

ઓલામાં એવું એક આવ્યું હતું. ક્યાંક નહિ? દિવસે સૂવે એ .. થાય. એવું આવ્યું હતું. આમાં. તત્ત્વ ચર્ચા, ખાણિયા ચર્ચામાં શબ્દ આવ્યો હતો. દિવસમાં સૂવે તો અકાળકાળે મરણ.. સમજાણું? એક વખત આવ્યું હતું ખરું. હવે ક્યાં હશે શી રીતે ખબર પડે? એને આવવું હશે તો આવશે સામે. ઉઘાડ હશે ત્યારે આવશે ને? ઓલા અકાળનું આવે છે. દાખલો આપ્યો છે. આમાં આપ્યું છે. એ જરી વિચારમાં.. કયે ઠેકાણે હશે? કર્મ જ મારું નથી ને, એ શ્વાસ જ મારો નથી ને. આહાહા..! વ્યવહારના કથન શાસ્ત્રમાં એવા હોય કે જેને વળગે ને. ભગવાને આમ કહ્યું છે. પણ સાંભળને. આટલા કારણે આયુષ્ય ખૂટે છે એમ આવે છે ને? અષ્ટપાહુડમાં છે. એ બધી વાતું નિમિત્તની. એ તો જે સમયે દેહ છૂટવાનો તે જ સમયે છૂટે એમાં આગળ-પાછળ ક્યાં છે. એની પક્કડ જ ક્યાં છે?

અહીં તો કહે છે, શ્વાસની પક્કડ નથી. આહાહા..! સમજાણું? આયુષ્યનું તો કર્મ બાંધ્યું. આયુષ્ય કર્મ હોય તો ઠીક અને આટલું હોય તો ઠીક. થોડો વધારે વખત આયુષ્ય હોય

ને (તો ઠીક). પણ એ તો અજ્ઞાનમય વસ્તુ (છે). વધારે-થોડી તારે શું કામ છે એનું? પોપટભાઈ! અહીં તો શ્વાસ આપણે નોકર્મમાં એક બોલ લીધો. શ્વાસનો પરિગ્રહ જ્ઞાનીને નથી. આહાહા..!

ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપની અંતર દૃષ્ટિને લઈને એનો પરિગ્રહ અને પક્કડ નથી. '**મન,...**'નો પક્કડ (નથી). મન અજ્ઞાનમય છે. લ્યો! ઠીક. એ મન અજ્ઞાનમય ભાવ છે. જડ પરમાણુ મન છે એ. એનો પક્કડ જ્ઞાનીને નથી કે મન મારું છે અને મન રહે તો ઠીક. એ તો અજ્ઞાનમય ચીજ છે. કહો, સમજાણું? આહાહા..!

જ્ઞાનીને '**વચન,...**'નો પરિગ્રહ નથી. આહાહા..! આ વચન બોલું છું એ મારા છે અને એ વચન આવા બોલાય તો ઠીક અને આવો ઉપદેશ નીકળે તો ઠીક. અજ્ઞાન વચન છે એનો પરિગ્રહ જ્ઞાનીને નથી. આહાહા..! શેઠી!

મુમુક્ષુ :- બહુ વિચાર ...

ઉત્તર :- શું વિચાર આવે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ એવો ઉપદેશ કરે? વાણી તો જડ છે. વાણી તો માટી જડ છે.

આ તો અલખના દરબારને પહોંચવાની વાત છે. ભગવાન આત્મા.. કોની વાણી? વાણી અજ્ઞાનમય ભાવ છે, જડ છે, અજીવ છે, અજ્ઞાન છે. એમાં તો અજ્ઞાન છે. એમાં જ્ઞાન છે? વાણીમાં જ્ઞાન છે? આત્મા છે? જ્ઞાન એટલે આત્મા. એ જ્ઞાનમય આત્મા વાણીમાં છે?

મુમુક્ષુ :- શોભા કોની?

ઉત્તર :- શોભા આત્માની છે. એ કહે છે કે આ ઉપદેશ અને આ બધું ચાલે એની શોભા છે. આહાહા..! કહો, સમજાણું આમાં? રાજમલજી! અમારે દલાલ છે ને. ઉપદેશ અને આ બધી સભા ભરાય આ શોભા એની છે. નથી શોભા ધૂળની એમ કહે છે અહીં તો. આહાહા..! વાણી વાણીને કાળે અજીવ છે એને કારણે વાણી નીકળે છે. વાણી અજ્ઞાનમય ભાવ છે. એનો પક્કડ જ્ઞાનીને નથી. આહાહા..! અહીં તો હું હજી આમ બોલ્યો, મેં આમ કર્યું, મેં આમ કર્યું. અરે.. ભાઈ! ક્યાં તું ગયો પણ? તારામાંથી નીકળીને ક્યાંય ગયો છો? રાગમાં ગયો હોય (તો) એ રાગ પણ તારું સ્વરૂપ નથી.

વાણી, વાણી અજ્ઞાનમય છે. ભાષા જ અજ્ઞાન છે, જડ છે. એનો પક્કડ શો? કે આવી ભાષા હોય, આવી ભાષા હોય. એ તો એના પરિણમનને કાળે ભાષા એને કાળે નીકળશે. એ તારે કારણે નીકળતી નથી. સમજાણું કાંઈ? જુઓ! આ વીતરાગનો આ માર્ગ. દુનિયાને તો પચવવો કઠણ પડે સાધારણને. કાયરના કાળજા કંપી જાય અંદરથી, હલી જાય અંદરથી. શું છે? ભાઈ! આ તો આત્મા ચિદાનંદ પ્રભુ છે. એ વાણી નીકળે એને જાણનાર છે.

એનો જ્ઞાયક છે. એનો પરિગ્રહ એને નથી. વાણી નીકળે એનો જાણનાર છે. સમજાણું?

એમ શરીર. '**કાય,...**' એટલે શરીર. શરીરની સ્થિતિ એ તો અજ્ઞાનમય છે. શરીરની દશા અજ્ઞાનમય છે. એના પરમાણુ, એની શક્તિ, એની અવસ્થા ત્રણે અજ્ઞાન છે. એની પક્કડ એમ નથી કે આવું શરીર થોડુંક ઠીક રહે તો ઠીક, આ શરીર આમ ચાલે તો ઠીક. પરિગ્રહ નથી. આહાહા..! ભારે! કેટલાક કહે કે, આ તો ઉપલા ગુણસ્થાનની વાત હશે. બારમાની. આ તો જ્યારથી આત્માનું ભાન થયું ત્યારથીની વાત છે. સમજાય છે કાંઈ? એ કાયા એની નથી. કાયાનો પરિગ્રહ નથી, પક્કડ નથી. આવી શરીર સ્થિતિ રહે તો ઠીક, આમ ન રહે તો ઠીક નહિ એમ છે નહિ. અજ્ઞાનમય વસ્તુ મારા સ્વરૂપમાં છે નહિ.

એમ કાન-કાન. '**શ્રોત્ર,...**' સાંભળવાની આ શ્રોત્ર ઈન્દ્રિય સરખી રહે એ શ્રોત્રનો પક્કડ જ્ઞાનીને નથી. ભાઈ! ભગવાનની વાણી સાંભળવા તો શ્રોત્ર હોય ને સરખો. આકરી વાતું, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાનનો પરિગ્રહ જ ન હોય. ઈચ્છા તો વળી ક્યાં રહી? કાન જ મારા નથી. એ કાન કાનની પર્યાય એની અજ્ઞાનથી થાય, જડથી થાય. કહો, સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! આ તો અશરીરી ભગવાનનો માર્ગ છે. સમજાણું? શ્રોત્ર નહિ આત્મા, નહિ આત્મા નહિ. શ્રોત્ર છે એ જડ છે, આ તો અજ્ઞાન છે. રજકણે રજકણનો પિંડ છે તે અજ્ઞાન છે. ધર્મીને એ અજ્ઞાનનો પક્કડ હોતો નથી. પરિગ્રહ નથી. કાન મારા એવું નથી. આત્મા મારો, શુદ્ધ આત્મા જ્ઞાયકભાવ છે. આહાહા..! કહો, સમજાણું?

મુમુક્ષુ :- ... કરવું શું?

ઉત્તર :- .. જ્ઞાયકભાવ. પરથી તદ્દન જુદો ચૈતન્ય ભગવાન એની કર દૃષ્ટિ અને એને ઓળખ. બાકી બધું છે સમજવા જેવું. કહો, સમજાણું? આહાહા..!

એમ આંખ. લ્યો. એનો પક્કડ નથી કે આંખ આવી રહે કે આવી રહે. એ તો એને કારણે રહેશે, તારે શું છે? એ તો જડ છે. આંખ્યું હોય તો ભગવાનના દર્શન થાય. આંખ્યું હોય તો જીવ-જંતુ સડેલા અનાજ હોય તો જોવા થાય. એવું આવે છે. ધૂળેય નથી. સાંભળને હવે. ધર્મ તો તારે સ્વભાવને આશ્રયે થાતો હશે કે બહારથી આમ જોવામાં થાતો હશે? જૈન પરમેશ્વરનું સ્વરૂપ, વસ્તુનું સ્વરૂપ... સમજાય છે?

ભગવાન એવો આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ મૂર્તિ અરૂપી આનંદકંદ પિંડલો પ્રભુ એકલો શાંતરસનો છે. એને આ મને હોય તો ઠીક, આંખ હોય તો ઠીક. અંદરની આંખ્યું છે ત્યાં વળી આ આંખનું શું કામ છે? આંખ સારી હોય તો વાંચવાનું રહે, વખત રહે, ફલાણું

રહે. આ તો આંખ્યું ઓલી થઈ જાય. એ જ કહે છે કે આંખ બંધ કે ઉઘાડી એ તારે શું કામ છે? એ તો પર વસ્તુ છે. અંદર ભગવાન બેઠો છે એને આંખની જરૂર નથી એવી વસ્તુ છે ઈ. આહાહા..!

એમ '**ઘ્રાણ,...**' નાક. એની પક્કડ નથી. એમ જીભની પક્કડ નથી લ્યો. આમ હોય તો ઠીક. આ સ્પર્શની પક્કડ નથી. સ્પર્શ ઈન્દ્રિય. '**એ સોળ શબ્દો મૂકી,...**' એમ કહી બધું અજ્ઞાનમય છે તેનો પરિગ્રહ નથી પણ એનો જાણનાર છે. '**વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવા.**' અસંખ્ય પ્રકારના વિકારની જાત હોય એને બધા પ્રકાર આ સમજી લેવા.

'**હવે જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી એમ કહે છે :-**' એ ધર્મીને આહારની પક્કડ નથી. આહાહા..! મુનિ તો આહાર પણ કરે છે ને. છે? આવ્યું? આ રહ્યું, ચિહ્ન કર્યું છે. 'બાહ્ય જીવીતકે કારણ શુદ્ધ આહારાદિ .. નિષેધ હોતા હૈ. તથા દિનમેં સોના, વિષયમેં અધિક પ્રવર્તના, માદક વસ્તુકા સેવન કરના, પ્રકૃતિ વિરૂદ્ધ ભોજન કરના, વિશેષ વ્યાયામ કરના આદિ કારણમેં આયુકી ઉદીરણા હોય જાય તો મરણ હો જાય.' સમજ્યાને? લખ્યું છે એણે. આ લખાણ છે ને અંદર? અનાજ નીકળે, અનાજ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ પાઠ આમાં નથી. દિનમેં સોના. સમજાય છે? પથ્ય આહાર.. બાહ્ય સામગ્રીકી અનુકૂલ સંયોગોંકી પ્રાપ્તિ.. ઉદીરણા ન હોય. તબ અકાલ મરણ ન હો. ઐસા જાનના. વ્યવહાર આવે વ્યવહાર.

૨૧૨.

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे असणं।**
**अपरिग्गहो दु असणस्स जाणगो तेण सो होदि।।२१२।।**
**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે અશનને,**
**તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.**

'**ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી. ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...**' એ આહારની ઈચ્છા નથી. આહાહા..! સમજાણું? જ્ઞાનીને ઈચ્છા નથી. આહારની ઈચ્છા નથી. કારણ કે આહાર તો અજ્ઞાનમય ભાવ છે. એની ભાવના નથી. આકરી વાતું છે. એ લેશે ખુલાસો. મુનિ પણ આહાર કરે છે ને? કાંઈ કરતો જ નથી. એ તો જાણે છે કે આ ક્રિયા થાય છે. સમજાણું કાંઈ? આકરું છે એ, ભાઈ! સમ્યગ્દર્શનમાં આત્મા જ્ઞાયક સ્વરૂપ છે એમ ભાસ્યું, એને વળી આહાર મારો એવી પક્કડ જ નથી, એને

પરિગ્રહ જ નથી. આહાહા..!

**'જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અશનને ઈચ્છતો નથી;...'** એ ધર્મી આહારને ઈચ્છતો નથી. એ તો પોતાની ભાવના અંદરમાં કરે કે એ આહારને ઈચ્છે? આહાહા..! વ્યવહારથી એમ આવે કે આહાર થાય, વિહાર આદિ ઈચ્છા થાય. એ ઈચ્છા અને આહાર બધાની ભાવના જ્ઞાનીને નથી. આહાહા..! અણાહારી ભગવાન આત્મા, એની એકાગ્રતા અને અંતરમાં રહેવાની ભાવના હોય કે એને આહારની ભાવના હોય? એ આહારનો જ્ઞાયક-જાણનાર છે. આહાર થયો અને ઈચ્છા થઈ એનો જાણનાર છે જ્ઞાની. બહુ વાત (ઝીણી). સમજાણું?

મુમુક્ષુ :- ...અન્ન પ્રાણ છે.

ઉત્તર :- હા. એનામાં પ્રાણ નથી. અહીં તો ચૈતન્યમાં પ્રાણ છે કહે છે. જેને જ્ઞાન, દર્શન અને આનંદના સત્તાના પ્રાણ છે. કહો.

**'જ્ઞાની અશનને ઈચ્છતો નથી;...'** રાડ નાખી જાય. મુનિ પણ આહારને લે છે ને ગણધર જેવા પણ. સાંભળને હવે. ઈચ્છા એનો પક્કડ નથી અને આહારનો તે જ્ઞાતા છે. આહાર કરે છે, ખાય છે એમ છે નહિ. આહાહા..! ખાય કોણ? એ તો પરમાણુની ક્રિયા છે જડની. ખાય કોણ? ઝોલા ખાય છે, લ્યો. શું ખાતો હશે? ઝોલા ખાય એમ નથી (કહેતા)? આણે માર ખાધો. કહો. શું ખાય? એ તો ભાષા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રોટલા ખાધા એ સાચું છે. એનું એ છે બધું.

અહીંયાં આહારની ક્રિયા થાય છે, જડની દાળ-ભાત જે આવવાના રજકણો તે આવે છે અને એ જ રીતે પરિણમે છે. એને જ્ઞાની ઈચ્છતો નથી, એની પક્કડ નથી કે આહાર હોય તો ઠીક એની પક્કડ નથી. આહાહા..! પોતાના અમૃત સ્વરૂપની ભાવના હોય કે એને ધૂળની ભાવના હોય? એમ કહે છે, બાપુ! આ તો માર્ગ (વીતરાગનો છે).

**'જ્ઞાની અશનને ઈચ્છતો નથી; માટે જ્ઞાનીને અશનનો પરિગ્રહ નથી.'** સમજાણું? રોટલા, દાળ, ભાત, શાક એ બધું એમાં લેશે, પાણી જુદું લેશે. સમજાણું? શેરો, લાડવા બધો આહાર. પાણીનું જુદું લેશે. કહો, સમજાણું કાંઈ? ધર્મી એટલે કે આત્મા શુદ્ધ આનંદકંદનો જેને અનુભવ છે. એટલે એના આનંદના અનુભવ આગળ આહારની જેને ભાવના જ હોતી નથી. એથી આહારની પક્કડ નથી કે આવો કાલ મળજો અને આજે મળ્યો એ ઠીક. એવું છે નહિ. આહાહા..! શરીરમાં રોગ હોય, એ રોગમાં આવી દવા મળે તો ઠીક એ વાત જ નથી કહે છે. ભલે આહારમાં દે ભેગા.

મુમુક્ષુ :- આહારમાં દેવાય ને.

ઉત્તર :- મુનિને ક્યાં બીજી વાર લેવાનો છે? પણ એ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જણાવા લાયક છે. ધર્મીને આહાર મારો એમ પક્કડ નથી. આહાહા..! અત્યારે તો નિર્દોષ આહાર આજ લીધો. નિર્દોષ તો ક્યાં છે. એને માટે કર્યો હોય અને ત્યાં પછી આમ કરીને આમ ઊભો રહે અને પછી આમ થોડી વાર.. પણ કરેલો તો તારી માટે છે આ. ત્યાં સુધી ડંફાસ કરે થોડું કે આ આમ છે, આ ફલાણું ને. પણ શું આને કહેવું હવે? કઈ ચીજ છૂટે છે નથી આ છોડતા ... વળી એ ચીજ .. કાં ફેરવે ને કાં નાળિયેર, કાં કેરી ફેરવે.. એમાંથી કાંઈક.. ઢોંગ છે બધા.

આ તો જ્ઞાનનું ભાન છે જ્યાં અંતર. જે પ્રકારનો આહાર હોય તેને જ્ઞાની ઈચ્છતો નથી. આહારની ભાવના નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! ચોથે ગુણસ્થાને આહારની ભાવના નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? એ તો જડ છે. અજ્ઞાનમય વસ્તુ છે, જડ માટી છે. સમયસાર, પરમેશ્વર વાદ છે આ. સમયસાર એટલે પરમેશ્વર વાદ. પરમેશ્વરની સાથે ભેટાની વાતું છે આ. આહાહા..!

'**માટે જ્ઞાનીને અશનનો પરિગ્રહ નથી.**' સમજાણું? રોટલી કે બાજરો કે ચોખા કે દાળ કે ભાત કે શાક કે પતરવેલિયા કે મરચા કે ફલાણું. કોઈ ચીજનો એને પક્કડ નથી. એ વસ્તુ જ્ઞેય છે. એને કારણે આવે ને જાય છે. મારે કારણે આવતી-જતી નથી અને મારી પાસે આવી નથી અને મને એ અડતી નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન એકલો આત્મ રામ અને એક કોર બધું ગામ, આખી દુનિયા. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સિવાય બીજું બધું. પક્કડ જ નથી ક્યાંય. અહીં પક્કડ થઈ ગઈ છે, એમ કહે છે. જુઓ તો ખરા નિર્જરા. આનું નામ નિર્જરા. સ્વભાવની દૃષ્ટિમાં, સ્વભાવની એકાગ્રતાની ભાવનામાં અંતર્મુખ જ્યાં વલણ છે એને બહારની ચીજની ભાવના હોતી નથી.

'**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...**' પોતાની હયાતી તો જ્ઞાનમયભાવ ચૈતન્યમૂર્તિ છે. એની હયાતીના સ્વીકારને લઈને '**અશનનો કેવળ જ્ઞાયક જ છે.**' એ આહારનો કેવળ જાણનાર છે.

'**ભાવાર્થ :- જ્ઞાનીને આહારની પણ ઈચ્છા નથી તેથી જ્ઞાનીને આહાર કરવો એ પણ પરિગ્રહ નથી.**' ભાવાર્થ. '**જ્ઞાનીને આહારની પણ ઈચ્છા નથી તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી.**' ઓહોહો..! '**અહીં પ્રશ્ન થાય છે કે-આહાર તો મુનિ પણ કરે છે,...**' આહાર તો મુનિ પણ કરે છે. આ ભાષા જુઓ. પણ શું કરે? મુનિ કરે છે કે જાણે છે? '**તેમને ઈચ્છા છે કે નહિ? ઈચ્છા વિના આહાર કેમ**

**કરે?**' પ્રશ્ન ઉઠ્યો.

'**તેનું સમાધાન :- અશાતાવેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે,...**' જઠરાગ્નિ પર ચીજ છે. અશાતાના ઉદયથી ત્યાં જઠરાગ્નિમાં ક્ષુધા દેખાય. જઠરાગ્નિ જડ માટી. ક્ષુધા ઊપજે. '**વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી...**' પોતાની નબળાઈને લઈને સ્થિરતા વિશેષ થતી નથી. '**અને ચારિત્રમોહના ઉદયથી આહારગ્રહણની ઈચ્છા ઉત્પન્ન થાય છે.**' નબળાઈને લઈને ઈચ્છા થાય એ ઈચ્છાનો પણ જ્ઞાતા છે તો પછી આહારનો શું? એમ કહે છે અહીં તો.

'**તે ઈચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે.**' આત્માનું કાર્ય નથી. આહારની ઈચ્છા એ કાર્ય આત્માનું નથી. આહાહા..! શુદ્ધ સ્વભાવનું કાર્ય શુદ્ધ હોય કે ઈચ્છા એ એનું કાર્ય હોય? સમજાણું કાંઈ? '**રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે.**' ઉપદ્રવ છે. આહારની ઈચ્છા એ ઉપદ્રવ છે, દુઃખ છે, રોગ છે. આહાહા..! સમજાણું? '**ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા જ્ઞાનીને નથી...**' એટલે કે ઈચ્છાની ઈચ્છા નથી. ઈચ્છા પ્રત્યે અનુરાગ નથી કે આ ઈચ્છા ઠીક છે, એવો પ્રેમ નથી.

'**અર્થાત્ તેને એમ ઈચ્છા નથી કે મારી આ ઈચ્છા સદા રહો.**' હું શુદ્ધ સદા રહું એમ હોય. ઈચ્છા સદાય રહે એમ હોય? '**માટે તેને અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે.**' લ્યો! માટે ધર્મીને એવી અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે. અજ્ઞાનમયનો અર્થ મિથ્યાત્વ એમ નહિ, હોં! કેમ કે મુનિની વાત કરે છે અહીં તો. અજ્ઞાનમય શબ્દે ઈચ્છા જ સ્વરૂપના જ્ઞાન વિનાની ચીજ છે ઈ. જ્ઞાનની જ્ઞાનમૂર્તિથી વિરૂદ્ધ ભાવ છે. એમ અજ્ઞાનમય. સમજાણું? અહીં તો મુનિની વાત કરે છે.

'**પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી...**' ઉપાધિનો રાગ છે તેનું ધણીપતું જ્ઞાનીને નથી. '**માટે જ્ઞાની ઈચ્છાનો પણ જ્ઞાયક જ છે.**' ઈચ્છા થાય તેનો જાણનાર છે તો વળી આહાર લેવો અને આ ઠીક છે એવી વસ્તુ છે નહિ. '**આ પ્રમાણે શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું.**' સ્વભાવની શુદ્ધ દૃષ્ટિમાં આવું હોય છે એ પ્રમાણે આ ઉપદેશ જાણવો. વ્યવહારથી બોલવાની વાત આવે શાસ્ત્રમાં, ચરણાનુયોગમાં. ઈચ્છા થાય, આની દૃષ્ટિ થઈ ..... કથન જાણવા જેવા છે. સમજાણું કાંઈ? આદરવા જેવા નથી. એ વિશેષ પાણીનું (આવશે)...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૪, શનિવાર તા. ૫-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૧૩ થી ૨૧૫, શ્લોક-૧૪૬, પ્રવચન-૨૯૮**

ગાથા-૨૧૩. શું અધિકાર ચાલે છે આ? નિર્જરાનો. નિર્જરા એટલે કે આત્માને શાંતિ કેમ થાય? સમજાય છે કાંઈ? ધર્મનો અર્થ શાંતિ છે. ધર્મ કેમ થાય કહો, શાંતિ કેમ થાય કહો, સુખી કેમ થાય કહો કે નિર્જરા કેમ થાય કહો, બધી એક વાત છે. સમજાય છે કે નહિ? કેમ થવાય એની અહીં વાત છે ને. સુખી કેમ થવાય? કે સુખ એ આત્મામાં છે. એમ પહેલો અનુભવથી નિર્ણય થવો જોઈએ. સમજાણું કાંઈ?

આત્મામાં સુખ છે, આનંદ છે એવો એને રાગથી ભિન્ન પડી અને પહેલો જ એને અનુભવમાં નિર્ણય આવવો જોઈએ કે આ આત્મા આનંદસ્વરૂપ છે. એ મારો શુદ્ધ સ્વભાવ એમાં હું એકાકાર થાઉં, વિશેષ શાંતિ અને સુખ મને મળે. અને એમ કરતા પૂર્ણ શાંતિ અને સુખ-મોક્ષ થાય એવું આત્માના સ્વભાવમાં બધું પડ્યું છે. જેને સુખી થવું છે, શાંતિ જોઈતી હોય, સ્વતંત્રતા જોઈતી હોય તો આ આત્મા આનંદ અને સહજાનંદ મૂર્તિ પ્રભુ છે, એની અંતર એકાગ્રતા કરવી અને પરથી રાગાદિથી વિમુખ થવું. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને મોક્ષનો માર્ગ-સુખી થવાનો પંથ છે.

હવે અહીં કહે છે કે ધર્મીને પોતાનો આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે એવું જ્યાં ભાન છે, એને આત્માના પોતાની શુદ્ધતાની ભાવના સિવાય બીજા પદાર્થની એને ઈચ્છા નથી. એમાં ૨૧૩માં પાણીની પણ ઈચ્છા નથી એ વાત આવી છે.

'**હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો)...**' પાણી, મોસંબી વગેરે જે પદાર્થ છે ને? એની ઈચ્છા ધર્મીને હોતી નથી. ભારે વાત, ભાઈ! કહો, સમજાણું કાંઈ? કેમ એનો પરિગ્રહ પાણીનો નથી? એ કહે છે.

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे पाणं।**
**अपरिग्गहो दु पाणस्स जाणगो तेण सो होदि।।२१३।।**
**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.**

કહે છે કે ધર્મીને પરિગ્રહ-ઈચ્છાનો પક્કડ જ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે એવી જેને અંતરમાં સ્વભાવને અવલંબે દૃષ્ટિ થઈ છે તેને પોતાના આત્મા સિવાય બીજી એને ઈચ્છા હોતી નથી. બહારમાં દેખાય કે આ ઈચ્છા છે. પણ એ ઈચ્છાની ઈચ્છા નથી એટલે

એને ઇચ્છા છે નહિ. સમજાણું કાંઈ?

**'ટીકા :- ઇચ્છા પરિગ્રહ છે.'** ભગવાન આત્મા અપરિગ્રહ અણિચ્છક સ્વરૂપ છે એ તો. શુદ્ધ વીતરાગ ચિદાનંદ સ્વરૂપ આત્માનું છે. એથી જ્ઞાનીને આત્માનું ભાન છે એથી કહે છે કે ઇચ્છા એ પરિગ્રહ છે તો ઇચ્છાને એ પકડતો નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! **'તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...'** રાગ તો ચૈતન્યના જ્ઞાનસ્વરૂપથી વિરૂદ્ધ ભાવ તે રાગ છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ, અકષાયસ્વરૂપ વીતરાગ સ્વરૂપ એવો જે આત્મા, એની અપેક્ષાએ ઇચ્છા તો અજ્ઞાન છે, જડ છે, અજીવ છે. સમજાણું કાંઈ? જ્ઞાની સચેતન થયેલો એ રાગ જડને કેમ ઇચ્છે? એમ કહે છે. પોપટભાઈ! વાતું બધી આ તો અલૌકિક વાતું છે. અબંધ માર્ગની વાત છે ને. અલૌકિક કહો કે લોકોત્તર કહો કે અબંધ માર્ગ કહો.

ભગવાન આત્મા નિર્લેપ શુદ્ધ સ્વરૂપ, શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એ. એવી અંતર્મુખ જ્યાં દૃષ્ટિ થઈ. કહે છે કે એ રાગાદિનો ભાગ તે સ્વભાવથી વિરૂદ્ધ જડ છે. એની ઇચ્છા જ્ઞાનીને કેમ હોય? જ્યાં જાગૃત સ્વભાવ એવા આનંદની જ્યાં ભાવના છે, એને આ ઇચ્છાની ઇચ્છા કેમ હોય? ઓહોહો..! કો'કે જાણે કે આ તો ક્યાંની વાત હશે? સમ્યગ્દૃષ્ટિની (અર્થાત્) ચૈતન્યસ્વરૂપ રૂપે આત્મા થયો એની. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એવી અંતરમાં દૃષ્ટિ થઈ. આ બધા ક્રમબદ્ધના બધા વાંધા કાઢે છે ને બધા. એમાં સમાઈ જાય છે. ક્રમે થાય એવું જેણે નક્કી કર્યું છે ને એની દૃષ્ટિ તો અંદર જ્ઞાયક ઉપર જાય છે. સમજાણું કાંઈ? વાંધા મોટા કાઢે એવા કાઢે કે પત્તો ન ખાય એટલા. એનો પત્તો ન ખાય એને કે આ હું શું વાંધા કાઢું છું.

જે સમયે જેના કાર્ય થવાના તે થાય એવો જેને નિર્ણય થયો છે. એ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. આત્મા એ તો જાણનાર-દેખનાર છે. એમ નિર્ણય થયો છે. સમજાય છે કાંઈ? એવા નિર્ણયમાં દૃષ્ટિની સન્મુખતા સ્વભાવ ઉપર છે. બીજા કાર્ય દેખાય કરતો પણ એ કરતો નથી. આવી વાત. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ખરેખર દૃષ્ટિની અપેક્ષાએ કૃતકૃત્ય છે. વસ્તુ જ્ઞાયક ચૈતન્ય જ્યોત છે અનંત આનંદનો કંદ આત્મા ધામ આત્મા છે, એમ જ્યાં શુરતા અંતરમાં લાગી, કહે છે કે હવે એ કૃતકૃત્ય જ છે. એને કાંઈ કરવું અને આમ થાય તો કાંઈક લાભ (થાય) એવું છે નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! આ તો મોક્ષની વાત હશે?

ભાઈ! ચૈતન્ય પ્રભુ આત્મા એ જ્ઞાન અને આનંદનો ભંડાર ખજાનો છે. એવી ખાણ જ્યાં નજરે પડી, શ્રદ્ધામાં એના સ્વાદ આવ્યા કે આ તો ચૈતન્ય છે, આ તો આનંદ છે. એનો સ્વાદ આવ્યો (તો) દુનિયાની કોઈ ચીજમાં ધર્મીને સ્વાદ ભાસતો નથી. અમરચંદભાઈ!

આહાહા..! ક્યાંય એને સ્વાદ ભાસતો નથી. પોતાની ચીજ સિવાય ક્યાંય એને ગોઠતું નથી, ક્યાંય રુચતું નથી. એથી કહે છે કે જેને સુખી થવું હોય એણે આ રસ્તો પહેલો લેવો. સમજાણું કાંઈ? ધર્મ કરનારે ધર્મ કરવો હોય એણે ધર્મ એવો જે આત્માનો સ્વભાવ, એવા આત્માના સ્વભાવની અંતર દૃષ્ટિ કરવી. અને એ દૃષ્ટિ થતાં, કહે છે કે એ જ્ઞાનીને પાણી પીવાની ઇચ્છા તે ઇચ્છા નથી. કેમ?

'**અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' એ ઇચ્છા છે તે અજ્ઞાનમય છે. અજ્ઞાન એટલે સ્વરૂપના ચૈતન્યના જ્ઞાન સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. પોતાની જાતથી તે વિપરીત જાત છે. આહાહા..! ભગવાન જ્ઞાનની જ્યોત ચૈતન્યસૂર્ય (છે), તો એ ઇચ્છા તો આંધળી (છે). અંધારું છે. ઇચ્છામાત્ર અંધારું છે. એ '**અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' સમજાય છે કાંઈ? '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' અસ્તિ-નાસ્તિ કરી. એ ઇચ્છા અજ્ઞાનમય છે એના રહિત ધર્મીને પોતાનો જ્ઞાન અને આનંદમય ભાવ છે તે આત્માનો ભાવ છે. સમજાણું કાંઈ? '**તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની પાનને ઇચ્છતો નથી;...**' એ ધર્મીને પાણીની ઇચ્છા આવે એ ઇચ્છાની ઇચ્છા નથી. માટે તે ઇચ્છાની તેને પક્કડ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનની દીકરી પરણે છે એમ નથી કહેતા? એમ આત્માની પ્રજા જ્યાં જાગી અંતરથી. દીકરી એટલે પર્યાય. શુદ્ધ આનંદ ને જ્ઞાન છું. એવા જ્ઞાતા-દૃષ્ટાના ભાવમાં ધર્મીને એનાથી વિરૂદ્ધ ઇચ્છાના અજ્ઞાન ભાવના અભાવને લીધે પાણીનો પક્કડ એને નથી. પાણીની ઇચ્છા જ નથી. પીવે છે ને? કોણ પીવે છે? સાંભળને. સમજાણું? એ તો નબળાઈને લઈને રાગ આવે, રાગનો જાણનાર છે. રાગનો એ કર્તા નથી, રાગનો સ્વામી નથી, રાગને પોતાના સ્વરૂપમાં મેળવતો નથી. ભેદજ્ઞાન રાગનું ભિન્ન પડી ગયું છે આત્મામાં. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે જ્ઞાનીને પાનનો પરિગ્રહ નથી.**' પાણીને ઇચ્છતો નથી માટે તેને પાણીનો પક્કડ નથી. એમ કહે છે. કહો, શેઠી! મોસંબીના પાણી પીવે હોં! મોટા ઊંચા આમ. ચક્રવર્તી ઊંચા એટલે ઊંચું પાણી હોય એને. ચક્રવર્તીને પીવાના કેવા હોય? સમજાણું? ચક્રવર્તી જ્યારે આમ ગાદીએ બેસે, સમકિતી ત્રણ જ્ઞાનનો ધણી છે. શાંતિનાથ તીર્થંકર લ્યોને. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ચક્રવર્તી ક્ષાયિક સમકિતી. ત્રણ જ્ઞાન. મતિ, શ્રુત અને અવધિ લઈને આવ્યા છે. એની દાસી એવી હોય. કરોડ રૂપિયાનો હીરો હોય બે હાથે આમ કરીને આમ ચૂરે તો એનો ભૂક્કો થઈ જાય. એનો કરે ચાંદલો એને ગાદીએ બેસે ત્યારે. તો આ કહે, ઇચ્છતો નથી. ભાઈ! અંતરના સ્વભાવની સન્મુખતા એને ખસતી નથી. સમજાણું કાંઈ?

ભગવાનની સંપદા જે અનુભવમાં આવી છે એ સંપદાનો રસ ખસતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ બધા ભસ્મ ચોપડે અને ૩૨ કવળ હોય છે ને. ૩૨ કવળનો આહાર. એનો એક કવળ છન્નું કરોડ પાયદળ ન પચવી શકે. સમજાણું? એ ખાતો જ નથી ને. આહાર અને પાણીની પક્કડ જ નથી ને. આહાહા..! એ વખતે જે આહાર અને પાણીની પર્યાય થવાની હોય અને તે વખતનું પોતાનું જ્ઞાન તેને સ્વપરપ્રકાશમાં જાણે. સમજાણું કાંઈ?

ઈચ્છાને એ સ્વપરપ્રકાશમાં ભિન્ન રાખીને જાણે છે. આહાહા..! જ્ઞાનમાં જ્ઞાનમાં રહીને ઈચ્છાને જાણે છે કે આ મારામાં નથી. ભાઈ! વસ્તુ એવી છે. આ તો મોક્ષના માર્ગની વાત છે. એ કાંઈ કાયરને અંદર કઠણ પડે એવું છે. સમજાણું કાંઈ? 'પ્રભુનો માર્ગ છે શુરાનો કાયરના નહિ કામ.' એ વીરરસના રસિયાના કામ છે. સમજાણું કાંઈ? જેને આત્માનો રસ લાગ્યો એને બીજી ઈચ્છાનો રસ હોય કેમ? એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ભલે એને નબળાઈને કારણે ઈચ્છા આદિ આવે અને બાહ્યમાં ક્રિયામાં દેખાય પણ એ કૃતકૃત્ય જ છે. એ કર્તા-ફર્તા પરનો છે નહિ. આકરી વાત. આહાહા..! જગતને હજી તો બહારથી ઢૂંઢવું છે, જાણે અહીં મળશે.. અહીં મળશે ને અહીં મળશે.

'**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...**' ધર્મીને તો ચૈતન્ય સ્વભાવ જાણનાર-દેખનાર એવો બિંબ પ્રભુ આત્મા, અતીન્દ્રિય સ્વભાવની મૂર્તિ આત્મા, એવી અતીન્દ્રિયની દૃષ્ટિ જ્યાં થઈ એને ઈન્દ્રિયો તરફના રાગની ઈચ્છા કેમ હોય? કહો, સમજાણું કાંઈ? '**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...**' આની હયાતી છે. આ જાણનાર-દેખનાર સ્વભાવની હયાતીને લઈને, રાગની હયાતી એમાં મેળવતો નથી. માટે જ્ઞાનીને ઈચ્છા પાણીની છે નહિ. કોઈને એમ લાગે આ તે ક્યાંય મોટો વીતરાગ થઈ જતો હશે કે કેવળી થતો (હશે) એની વાતું હશે. એ તો વયો જતો હશે જંગલમાં. જંગલમાં જ ગયો છે. સાંભળને. આહાહા..! પાણી નહિ પીતો હોય? કોણ પીવે છે? અજ્ઞાની પણ પીતો નથી. એ તો ક્રિયા થાય છે જડની. ઈચ્છા થાય એનો જ્ઞાની ધર્મી જ્ઞાતા છે, જાણનાર છે. સમજાણું કાંઈ? માટે ધર્મીને પાણીનો પરિગ્રહ નથી. '**પાનનો કેવળ જ્ઞાયક જ છે.**' કેવળ જ્ઞાયક છે. આહાહા..!

'**ભાવાર્થ :- આહારની ગાથાના ભાવાર્થ પ્રમાણે અહીં પણ સમજવું.**' એમાં કહ્યું હતું ને કાલે? નબળાઈને લઈને, અશાતાના ઉદયને લઈને જરી ક્ષુધા આદિ થાય, તૃષા લાગે. સમજાય છે? નબળાઈને લઈને જે ઈચ્છા ચારિત્રમોહના નિમિત્તથી અંદર થાય. વીર્યની સહનશક્તિ નથી. પૂર્ણ વીર્ય નથી એટલે જરી નબળાઈમાં મચક ખાય. પણ તેનો એ સ્વામી નથી. એ રોગ સમાન જાણે છે. જ્ઞાની રાગને રોગ સમાન જાણે છે. આહાહા..! સમજાય

છે ભાઈ? થોડી થોડી હવે..

**'એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઈચ્છતો નથી એમ હવે કહે છે :-'** ૨૧૪.

**एमादिए दु विविहे सव्वे भावे य णेच्छदे णाणी।**
**जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।।२१४।।**
**એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઈચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.**

સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અને સમ્યગ્દર્શનનો વિષય શું છે એ જણાવે છે. સમજાણું કાંઈ?

**'ટીકા :- ઈત્યાદિક બીજા પણ ઘણાં પ્રકારના જે પરદ્રવ્યના સ્વભાવો છે...'** પુણ્ય-પાપ, આહાર અને પાણી ચાર લીધા. સમજાય છે? અને વચમાં સોળ બોલ લીધા. મુખ્યપણું મુનિપણાને ઉદ્દેશીને વાત છે ને. તો વસ્ત્ર અને પાત્રની વાત લીધી નથી. કારણ કે મુનિને વસ્ત્ર-પાત્ર હોઈ શકે નહિ. ચાર મૂળ વાત લીધી. શુભ-અશુભભાવ, આહાર-પાણીનો ભાવ અને સમુચ્ચય સોળ બોલ તો મેળવ્યા ક્રોધ-માનના. સમજાણું? સમ્યગ્દષ્ટિની ગૌણતાથી વાત છે. મુનિની મુખ્યતાથી વાત છે. મુનિ છે ને પોતે. પોતાની મુખ્યતાથી વાત કરે છે. મુનિ છે ને. ભાવલિંગી સંત છે. કુંદકુંદાચાર્ય એટલે એને વસ્ત્ર-પાત્રનો વિકલ્પ આવ્યો અને એનો એ જ્ઞાતા છે. સમજાય છે? વિકલ્પ આવ્યો એનો પરિગ્રહ એને છે કે નથી, એ વાત જ અહીં નથી.

વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ જ મુનિને ન હોય. મુનિપણું એટલે આત્માના આનંદમાં ઝુલે ઝુલતો. ઘણો આનંદ એને. પ્રચુર આનંદમાં એ ઝુલે છે. એને એ વસ્ત્ર-પાત્ર (હોય નહિ). આનંદ... આનંદ... આનંદ.. જ્યાં ઝરણા, આનંદના જ્યાં ટપકે છે અંદરમાંથી ઉગ્રપણે એના સ્વાદમાં એને વસ્ત્ર પાત્ર લેવાની વૃત્તિ હોઈ શકે નહિ. આહાહા..! નગ્ન દિગંબર જંગલમાં વનમાં વસતો હોય. મુનિની દશા તો એવી છે, ભાઈ! સમજાણું કાંઈ? એને તો વસ્ત્ર-પાત્રની વાત જ લીધી નથી.

મુમુક્ષુ :- એને હોય જ નહિ.

ઉત્તર :- હોય નહિ એટલે શું લીધું? પુણ્યની વાત લીધી. પાપની લીધી. આહાર અને પાણી. પછી વળી પેટામાં અમૃતચંદ્રાચાર્યે નાખ્યું ઓલા સોળ બોળ. એમાં જ આવ્યું ને મૂળ તો. ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ. સમજાણું? નોકર્મ, મન, વચન, કાયા પાંચ ઈન્દ્રિય સોળ આવ્યા.

ઘણાં પ્રકારના પરદ્રવ્ય... ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવે બિરાજમાન પ્રભુ એની જ્યાં

અંતર દૃષ્ટિ થઈ છે, એ સિવાય કોઈ પણ પ્રકારના વિકલ્પની ભાવના અને ઈચ્છા અને પરિગ્રહ એને હોતો નથી. '**પરદ્રવ્યના સ્વભાવો છે તે બધાયને જ્ઞાની ઈચ્છતો નથી...**' તીર્થંકર ભાવ જે ભાવે આવે એ ભાવને પણ ઈચ્છતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કો'કે પૂછયું હતું ને હમણાં કે તીર્થંકર ગોત્ર બાંધે તો સારું ને? મેં કીધું, ઈચ્છા થઈ, એવી વૃત્તિ થઈ એને લઈને ભવ પડી ગયો પાછો. એક ભવ બંધાઈ ગયો સ્વર્ગનો અને વળી પાછો બીજો મનુષ્યનો. બે ભવ તો એને કરવા જ પડશે. કો'ક પૂછતું હતું નહિ? કોણ પૂછતું હતું? ઈન્દોરવાળો પ્રોફેસર? બોટાદમાં. બોટાદનો ...

ભગવાન આત્માના આનંદ આગળ બીજી વાત શી? તીર્થંકરપણાની પણ ઈચ્છા આવી ગઈ પણ એનાથી બંધ પડી ગયો તીર્થંકરનો. અને તીર્થંકરનો બંધ પડ્યો તો હજી બે ભવ કરશે જ. દેવ અને મનુષ્ય બેય કરવા જ પડશે એને. સમજાણું કાંઈ? આહાહા..! પણ જગતને ધર્મ પમાડું, તીર્થંકર થાઉં એવી ભાવના જ્ઞાનીને ન હોય એમ કહે છે.

મુમુક્ષુ :- આવે.

ઉત્તર :- આવે એની ક્યાં વાત છે? આવે તો આહાર અને પાણીનું ન આવ્યું? આવી છે પણ પક્કડ ક્યાં છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

અને એને લઈને કાંઈ કેવળજ્ઞાન પામે છે? બાપુ! વીતરાગમાર્ગ જુદી જાતનો છે. લોકોને બિચારાને વીતરાગમાર્ગ શું છે એ સાંભળવા મળતો નથી. બહારથી આ કર્યું... આ કર્યું... આ કર્યું... પૂજા કરી, ભક્તિ કરી ને દાન કર્યા. એ તો બધા વિકલ્પ છે, રાગ છે, બાપુ! આત્મા રાગ વિનાની ચીજ છે એની અંતરમાં દૃષ્ટિ થયા વિના એને ધર્મ ત્રણ કાળમાં ક્યાંય વીતરાગ માર્ગમાં થાતો નથી. અન્યમાં તો છે નહિ. કહો, સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત.

'**પરદ્રવ્યના સ્વભાવો...**' સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યાં જૈન થયો એટલે કે રાગને જીતવા ઊભો થયો એટલે રાગ વિનાના સ્વભાવનું ભાન થયું.. આહાહા..! એને આત્માના દ્રવ્ય સ્વભાવની ભાવના-એકાગ્રતા સિવાય બીજી કોઈ પણ ઈચ્છાની ઈચ્છા અને કોઈ પરિગ્રહનો પક્કડ એને હોતો નથી. આહાહા..! '**બધાયને જ્ઞાની ઈચ્છતો નથી તેથી જ્ઞાનીને સમસ્ત પરદ્રવ્યના...**' જ્ઞાની કહો કે ધર્મી કહો. પાછા કોઈ કહે, જ્ઞાનીને ભલે આવું હોય પણ અમારે ધર્મીને વાંધો નહિ. એ ધર્મી કહો કે જ્ઞાની કહો, એક જ વાત છે. સમજાણું કે નહિ? આ પૂજા, ભક્તિ ભગવાનની કરે અને દયા, વ્રત, પાળે માટે ધર્મી છે એમ નહિ. એને ભગવાન ધર્મી કહેતા નથી.

ધર્મી તો અનંત ગુણનો પિંડ આત્મા ભગવાન કેવળજ્ઞાનીએ જોયો, તીર્થંકર પરમાત્માએ આ આત્મા જોયો, એવા આત્માની અંતરમાં દૃષ્ટિ થઈને અને અનુભવ થાય એને સમ્યગ્દર્શન

અને એને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મીની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી. એ રીતે જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.'** ધર્મીને પરની પક્કડ નથી. જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્યનો ભંડાર હું છું. અનાકુળ આનંદનો ખજાનો છું એવી અપરિગ્રહ દૃષ્ટિ જ્યાં થઈ એને પરનો પક્કડ છે નહિ.

**'હવે એ પ્રમાણે...'** એ ટીકા થઈ, હોં! **'હવે એ પ્રમાણે આ, સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે...'** કહો. અસ્તિ-નાસ્તિ કરે છે. ભગવાન આત્મા ચિદાનંદ મૂર્તિ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરે જેવો જોયો એવો જ્યાં અંતરમાં અનુભવમાં સમ્યગ્દર્શનમાં આવ્યો, કહે છે કે એ **'સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્ય...'** છે. આત્માના શુદ્ધ સ્વભાવ સિવાય કોઈપણ ઈચ્છાના પરિગ્રહને પકડતો નથી. **'પરિગ્રહથી શૂન્યપણાને લીધે જેણે સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે...'** અજ્ઞાન નામ રાગાદિ ભાવ છે એ બધો એના સ્વભાવમાં નથી. 'વમી નાખ્યું' શબ્દ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાના શુદ્ધ સ્વભાવના અવલંબન આગળ ઈચ્છામાત્ર દયા, દાન, વ્રતાદિના પણ વિકલ્પો એ મારા સ્વરૂપમાં નથી. એમ પરનો પક્કડ જેણે સમ્યગ્દૃષ્ટિએ છોડી દીધો છે. પરિગ્રહથી શૂન્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એવો, સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને,...'** જુઓ! એ ગાથાનો જ અર્થ છે, હોં! ભાવાર્થ નથી આ. ટીકા છે. છે ને? **'जाणगभावो णियदो णीरालंबो'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિ સર્વત્ર અત્યંત નિરાલંબ (છે). ભગવાન આત્મા શુદ્ધ સિદ્ધ સમાનની જ્યાં દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ થઈ એને કોઈ પણ વસ્તુનું આલંબન રહેતું નથી. નિરાલંબી. વળી કહે, આ ભગવાન મૂર્તિ ને દેરાસરનું આલંબન છે કે નહિ? એ તકરાર ચાલે બહુ. સ્થાનકવાસી અને દેરાવાસીમાં ચાલે છે ને? ઓલો કહે ન હોય, આ કહે કે હોય. એય.. અમરચંદભાઈ!

ભાઈ! એ તો સ્વરૂપની દૃષ્ટિમાં તો નિરાલંબન જ છે પણ અંદર ઠરી શકતો નથી ત્યારે શુભભાવ હોય ત્યારે બાહ્ય પ્રતિમાદિની પૂજાનું વ્યવહાર આલંબન હોય. પણ છતાં એ વ્યવહારની એને પક્કડ નથી. સમજાણું કાંઈ? આલંબન નિરાલંબનની મોટી ચર્ચા ચાલે છે ને બે વચ્ચે? મોટી ચર્ચા છે. જેઠમલજીના વખતની. આલંબન હોય.. આલંબન હોય. હોય ખરો શુભ વિકલ્પ હોય ત્યારે. બિલકુલ ન જ હોય એવું નથી. અને એને ઉડાડી દે તો એ વ્યવહારને સમજતો નથી. અને એ વ્યવહાર આવ્યો માટે અંદર ધર્મ થઈ ગયો એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! અત્યારે તો આગમ અને પ્રતિમાનો આધાર છે. એ તો પરવસ્તુ થઈ. અહીં પરવસ્તુનું આલંબન જ આત્મામાં નથી દૃષ્ટિમાં. સમ્યગ્દૃષ્ટિ, જીવ પહેલો સમ્યગ્દૃષ્ટિ થાય ત્યાં. મોહનભાઈ! આહાહા..! ભારે વાત.

સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનનો થાય-અવિરતી સમ્યગ્દૃષ્ટિ એને કહે છે કોઈપણ પરપદાર્થનું નિશ્ચયમાં એને આલંબન છે નહિ. એક ભગવાન આત્મા આનંદકંદનું જ આલંબન છે. કહો, સમજાણું આમાં? છે ને પાઠમાં? ગાથા જ છે, જુઓ! એ ટીકા છે, હોં! એની. '**સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને,...**' ઓહોહો..! સર્વત્ર અત્યંત નિરાલંબ. ત્રણ શબ્દ મૂક્યા છે. આહા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ અને શાંતિની ખાણ આત્મા છે. એવું અંતરમાં સમ્યગ્દર્શનમાં ભાન થયું, સર્વત્ર ક્યાંય એની રુચિ લાગતી નથી. ક્યાંય રુચિ લાગતી નથી, ક્યાંય પ્રેમ જામતો નથી. સમજાણું?

'**સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને, નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ...**' હું તો એક જાણનાર-દેખનાર છું. એ મારું સ્વરૂપ છે. એમ ધર્મી પોતાના જાણક-દેખવાના સ્વભાવમાં રહેતો, બીજી ઈચ્છા આદિ હો, દેહાદિ હો પણ તેને પોતામાં મેળવતો નથી. ઓહોહો..! ભારે વાતું, ભાઈ! માણસને આ નિશ્ચયની વાત, સાચી વાત લોકોને આમ એવું થઈ પડે.. ત્યારે આ બધું (કાંઈ નહિ)? ભાઈ! એ બધું હોય એને ઘરે. અહીં ક્યાં આત્મામાં હતું? સાંભળને. એય..! પોપટભાઈ! આહાહા..! એમ કહે છે કેટલાક, આવી વાત કરે, વળી પાછા લાખો રૂપિયા, કરોડો રૂપિયાના ખર્ચ મોટા મોટા કરે. હાથીઓ કાઢે અને આ મોટા આલંબન કરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૧૮ હાથી. જયપુરમાં હમણાં ફાગણ સુદ પાંચમ. વરઘોડો નીકળ્યો (એમાં) ૧૮ હાથી. ૨૫-૩૦ હજાર માણસ. ફાગણ સુદ પાંચમ. ૧૮ હાથી ને ૧૮.. સમજ્યાને? ઘોડા. પછી બહાર કાંઈક શું હતું? ૨૫-૩૦ હજાર માણસ જૈનનું અને અન્યનું. વરઘોડામાં. ભગવાનનો રથ નીકળ્યો ત્યાં. હતા કે નહિ? તમે તો હતા જ ને. આ શેઠી કર્તા-હર્તા ત્યાં ગામમાં એના શેઠ આ હતા. એના દીકરા કર્તા-હર્તા. આવું કરે અને ૧૧ દિ'માં ૧૬ લાખનો ખર્ચ. પૂનમચંદ ગોદિકાને. ૧૬ લાખ. પાંચ લાખનો હોલ, છ લાખનો ખર્ચ. એમ કે મહારાજ આવ્યા ને બધું થયું અને મહારાજે કરાવ્યું, એમ કહે છે લ્યો એમાં. એય.. ન્યાલભાઈ! મહારાજને પૂછવું. મહારાજે કહ્યું કે આ હોલ કરવા જેવો છે. મને ખબર જ નથી ને. એણે વિનંતી કરી પાંચ લાખનો હોલ થયો છે તો ઉદ્‌ઘાટન માટે પધારો. એટલી વાત હતી. અહીં તો ખબર પણ નથી.

મુમુક્ષુ :- અમસ્તી વાત કરી હોય...

ઉત્તર :- એને પોતાને એમ કે.. શરૂઆત અહીંથી થઈ એમ બતાવતું હતું. વિનંતી કરવા આવ્યા ત્યારે ખબર પડી કે આ કરવાના છે. સમજાણું કાંઈ? અને છતાં થયું હોય અને વિકલ્પ આવ્યો હોય તો એ તો એને કારણે થયું. આત્માને કારણે કાંઈ છે નહિ. આહાહા..!

એય..! કારણે થાતું હોય તો એને કારણે ત્યાં થાય. જડની અવસ્થાનો સંયોગ જે પ્રમાણે ભજવાનો હોય એ ભજે. આત્માનો એનો કર્તાહર્તા નથી. આહાહા..! વીતરાગમાર્ગ છે. એય..! દીપચંદજી! આવું ભારે. પણ વસ્તુ પોતે કરે શું? આત્મા તો જ્ઞાનનો સૂર્ય છે. ચૈતન્યબિંબ છે. એમ જ્યાં જ્ઞાનસ્વરૂપનું ભાન થયું, જ્ઞાન સિવાય કરે શું? જાણે. રાગ આવ્યો એમ જાણ્યું. આ થયું એમ જાણ્યું. મેં કર્યું છે એમ છે ક્યાં? કહો, સમજાય છે? પોપટભાઈ! જાણે. એ અભિમાન કરે કે આ મેં કર્યું (તો) થઈ જાય મિથ્યાદૃષ્ટિ. જૈનપણું રહેતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોના ખર્ચ્યા પૈસા? એના ક્યાં બાપના હતા પૈસા? પૈસા એના ક્યાં હતા? એય.. શેઠી!

મુમુક્ષુ :- શેઠીએ ખર્ચ્યા.

ઉત્તર :- ના ના, કોઈએ ખર્ચ્યા નથી. કોણ ખર્ચે? રથમાં એના બાપને બેસાડ્યા હતા. .. કો'કને બોલાવ્યા હતા. એના ભાઈ અને બાપને જુદા. ગોદિકા આવ્યા પછી એમાંથી પુણ્યનો ઉદય અને મગજ એનું. પૈસા થઈ ગયા. એના બાપને બેસાડ્યા હતા રથમાં. રથમાં બેસાડ્યા હતા. ત્યારે જોયા હતા એના બાપને. ખબરેય ક્યાં છે. કોના બાપ અને કોના દીકરા? કોઈ નથી કોઈનું એમ કહે છે અહીં. આહાહા..! એ રાગ આવ્યો એ આત્માનો નથી. ઓહોહો..! એ સર્વત્ર નિરાલંબન. ઓહોહો..! સર્વત્ર. સર્વ ક્ષેત્રે, સર્વ કાળે, સર્વ અવસ્થામાં અત્યંત નિરાલંબન. આહાહા..! જ્ઞાન ભગવાન આત્મા ચૈતન્યબિંબ છે એની પાસે બીજું શું હોય? ઈચ્છા પણ એમાં નથી તો બીજી ચીજ એમાં શું હોય?

'**નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ...**' નિશ્ચય એક જ્ઞાયકભાવ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર એ આત્મા. ધર્મીને જાણનાર આત્મા તે એનો. બાકી કોઈ બીજું એનું છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પોપટભાઈ! '**સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.**' ધર્મી તો વિજ્ઞાનનો ઘન આત્મા તેને અનુભવે છે. આ મારી ચીજ એમાં રાગને અનુભવે? રાગ આ પુણ્ય, દયા, દાન, વ્રત એ તો રાગ છે, વિકાર છે. હીરાભાઈ! સમજાણું? ત્યારે એને નિર્જરા થાય. નહિતર મરી જાય સૂકાઈને, અપવાસ-બપવાસ કરીને મરી જાય, પણ નિર્જરા ન થાય. એનો કાળ જાય.

એ આ નિર્જરા અધિકાર છે. વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં પરમેશ્વર ત્રિલોકનાથે કહેલા પંથમાં અંતર ભગવાન આત્માના અવલંબનમાં સ્થિરતા થાય ત્યારે એને નિર્જરા થાય. કર્મ ખરે અને અશુદ્ધતા ટળે. એ સિવાય જરીએ નિર્જરા થાય નહિ. કહો, મનસુખભાઈ! સમજાણું કાંઈ?

ભારે આકરું પડે. તમારે ત્યાં રાજેન્દ્ર કોણ છે? રાજકુમાર? છે ને ત્યાં બધાય?

'**ભાવાર્થ :- પુણ્ય, પાપ, અશન, પાન...**' લ્યો, ચાર બોલ આવ્યા. એ ધર્મીને પુણ્યના ભાવની ઈચ્છા નથી. પુણ્ય છે તે રાગ છે અને રાગ છે તે દુઃખ છે અને દુઃખ તે વિભાવ છે. માટે ધર્મીને પુણ્યની ઈચ્છા હોતી નથી. આહાહા..! પુણ્ય માટે તો ગળે વળગે બિચારા. પુણ્ય થાય, પૈસા મળે. એય..! ભીખાભાઈ!

મુમુક્ષુ :- આ બધું દેખાય જ છે ને.

ઉત્તર :- શું દેખાય છે? આ જડનું દેખાય છે આમાં આત્મા ક્યાં છે? આ તો જડ છે. આ બધું દેખાય એ તો જડ છે. દેખનારો તો અંદર ભિન્ન છે. દેખાય એમાં એ ક્યાં છે? એ તો દેખનારામાં છે, અંદરમાં છે. .. દેખાય આમ મંદિર, આ ને આ ને આહાહા..! જયપુરમાં વરઘોડો ઉતર્યો વરઘોડો. કુદરતે ૧૮ હાથી આમ એકસાથે સલામી આપતા હતા. રથ ઉપર બેઠો હતો ને હું. ભગવાનના રથમાં. રથમાંથી ઉતર્યો છેલ્લે. ૧૮ હાથી એકસાથે ઊભા. દેખાવ જાણે મોટો રાજવી જેવો. ગામમાં એમ કહ્યું હતું કે કોઈ રાજા આવ્યા છે કે શું? આ તે શું છે? રાજા નથી પણ સ્વામીજી એક આવ્યા છે અને આ ભગવાનનો વરઘોડો નીકળ્યો છે. અમરચંદભાઈ હતા કે નહિ? પછી વયા ગયા હતા. અમરચંદભાઈ! પાછળથી વયા ગયા હતા તમે. જયપુરથી. છેલ્લે હતા? પછી ક્યાંથી વયા ગયા હતા તમે? ત્યાંથી આવ્યા હતા ને. છેલ્લે છેલ્લે સુધી? પાંચમ સુધી? ક્યાંક આવ્યા હતા ને ગયા હતા. ક્યાં આવ્યા હતા ને ... ક્યાં આવ્યા હતા? બીજે આવ્યા હતા ક્યાંય? ... અહીંથી.. એ કાલે આવ્યા હતા. .. આવ્યા હતા નહિ?

એ ધર્મીને પવિત્રતાનો પ્રેમ છે અંદર આનંદનો. એને પુણ્યના ભાવનો પણ પક્કડ-પરિગ્રહ છે નહિ. પાપનો પણ પક્કડ નથી. એ આહારનો પણ નહિ અને પાણીનો પણ નહિ. '**વગેરે સર્વ અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ નથી...**' આહાહા..! '**કારણ કે સર્વ પરભાવોને હેય જાણે...**' છે. એ પુણ્યાદિના ભાવને ધર્મી તો હેય છોડવા યોગ્ય જાણે છે.

મુમુક્ષુ :- કથંચિત્ હેય ને?

ઉત્તર :- કથંચિત્ નહિ, સર્વથા હેય છે. વિકાર સર્વથા હેય છે.

'**ત્યારે તેની પ્રાપ્તિની ઈચ્છા થતી નથી.**' લ્યો! નીચે છે. '**પ્રથમ, મોક્ષાભિલાષી સર્વ પરિગ્રહને છોડવા પ્રવૃત્ત થયો હતો; તેણે આ ગાથા સુધીમાં સમસ્ત પરિગ્રહભાવને છોડ્યો, એ રીતે સમસ્ત અજ્ઞાનને દૂર કર્યું અને જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવ્યો.**' લ્યો.

શ્લોક. '**હવે આગળની ગાથાની સૂચનારૂપ કાવ્ય કહે છે :-**'

**पूर्वबद्धनिजकर्मविपाकात्**
**ज्ञानिनो यदि भवत्युपभोगः।**
**तद्भवत्वथ च रागवियोगात्**
**नूनमेति न परिग्रहभावम्।।१४६।।**

'**શ્લોકાર્થ :- પૂર્વ બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે...**' ધર્મી સમ્યગ્દૃષ્ટિને પૂર્વના કર્મ અજ્ઞાનમાં બંધાયેલા હતા. એ પડ્યા હોય એને લઈને '**જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો,...**' એને લઈને બાહ્યમાં પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ હો તો હો, પણ એને કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! ધર્મીની સંપદા તો અંતર ચૈતન્ય સ્વરૂપ છે. એણે અજ્ઞાનભાવે પૂર્વના કર્મ બાંધેલા હોય એને લઈને ઉપભોગ હોય તો ભલે હો. કહે છે કે પૈસા, સ્ત્રી, શરીર, કુટુંબ, રાજ ચક્રવર્તીના હો વાસુદેવ, બળદેવના. પૂર્વના કર્મ પાક્યા અને જો હો.

'**રાગના વિયોગને લીધે...**' પણ ઈચ્છા નહિને લઈને રાગનો વિયોગ છે, અભાવ છે. પર પ્રત્યેના રાગનો અભાવ છે. સ્વભાવ પ્રત્યેની રુચિની અસ્તિ છે. સમજાણું કાંઈ? '**કર્મના વિપાકને લીધે જ્ઞાનીને જો ઉપભોગ...**' અહીં તો ઉપભોગ આવ્યું ને પાછું. સામગ્રી બહારની કર્મને લઈને મળે છે એમ આવી ગયું. ઘણે ઠેકાણે.. કર્મને લઈને આવે છે .... '**પરંતુ રાગના વિયોગને લીધે (-અભાવને લીધે) ખરેખર તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.**' એ ધર્મીને એમાં મમતા હોતી નથી. કહો, સમજાણું?

'**ભાવાર્થ :- પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય...**' લ્યો! કર્મને લઈને સામગ્રી થાય. કર્મજન્ય એ તો દુશ્મનના ફળ છે, આત્માના ફળ એ નથી. કર્મ જડ એના ફળ છે. આ પૈસા પાંચ-પચાસ લાખ, ધૂળ કરોડ બે કરોડ કાં બાયડી-છોકરા સારા એમ કહે ને? એ બધી ધૂળની સામગ્રી છે, કહે છે. શેઠી! એ મહેન્દ્રભાઈ ને બધા ..ભાઈ એ બધા કહે છે એ તો પૂર્વના કર્મના ઉદયની સામગ્રી છે, એમ કહે છે. જુઓ!

પૂર્વના બાંધેલા કર્મ. પૂર્વે કોઈ શુભ-અશુભભાવ એનાથી બાંધેલા કર્મ. એના ફળમાં ઉપભોગ સામગ્રી પ્રાપ્ત થાય. જુઓ! એના પુરુષાર્થથી નહિ. વર્તમાન પુરુષાર્થ કરીને (નહિ). એ તો પૂર્વનું કર્મ બંધાયેલું એને લઈને ધૂળ દેખાય પાંચ-પચાસ લાખ કે આ બાયડી-છોકરા સરખા. પણ એ તો ધૂળ છે બધી. ધર્મીને એની અંતરમાં રુચિ છે નહિ. પક્કડ નથી. પોપટભાઈ! આહાહા..! મારાપણું હોય એ મારાથી જુદું હોય? અને જુદા હોય એ કાંઈ મારા હોય? આહાહા..!

'**અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે.**' એ મારા છે અને રાગનો પ્રેમ કરીને જો ભોગવવામાં રાગને આવે તો પરિગ્રહપણાને પામે.

**'પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી.'** ભગવાન આત્માનું ભાન છે ધર્મીને. તેથી આત્માના આનંદના સ્વાદ આગળ પરપદાર્થમાં એને સ્વાદ આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી. તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું...'** છૂટી ગયું. આવી ને ગયું, આવી ને ગયું. જાવ એને રસ્તે. મારામાં ક્યાં હતું? રાગ આવીને છૂટી ગયો, પુણ્ય આદિનો ભાવ આવીને છૂટી ગયો, પાપ આવીને છૂટી ગયું, સંયોગ આવીને સંબંધ છૂટી ગયો. કહો, સમજાણું કાંઈ? ઓહોહો..!

**'બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું; હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી.'** ભવિષ્યમાં જ્ઞાની કાંઈ વાંછે નહિ કે આ બધું રહેજો, સામગ્રી આવજો, સ્વર્ગમાં મળજો, અહીં મળજો. ધૂળની ઈચ્છા તે અજ્ઞાની કરે, જ્ઞાની કરે નહિ. કહો, સમજાણું આમાં? **'આ રીતે જ્ઞાનીને રાગરૂપ ઈચ્છા નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી.'**

**'હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છે :-'** લ્યો! ૨૧૫.

**उप्पण्णोदयभोगो वियोगबुद्धीए तस्स सो णिच्चं।**
**कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी।।२१५।।**
**ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,**
**ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.**

**'ટીકા :- કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય-અતીત (ગયા કાળનો), પ્રત્યુત્પન્ન (વર્તમાન કાળનો) અને અનાગત (ભવિષ્ય કાળનો). તેમાં પ્રથમ, જે અતીત ઉપભોગ તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ)...'** વીતી ગયો છે. ભૂતકાળનો પરિગ્રહ તો વયો ગયો ગયા કાળમાં. એ તો છે નહિ. **'પરિગ્રહભાવને ધારતો નથી.'** ગયો એનો પરિગ્રહ શું અત્યારે? ગયું, એ તો ચીજ ગઈ. પૂર્વે રાજા થયો હોય. સમજાય છે? શેઠિયો થયો હોય, દેવ થયો હોય. એ તો બધું સમકિતી અત્યારે છે અને પૂર્વ થયું હોય એ તો બધું ગયું. એ કાંઈ અત્યારે એને પરિગ્રહપણાને છે નહિ. એની પાસે નથી અને પરિગ્રહ એને છે નહિ.

મુમુક્ષુ :- યાદ કરીને ભોગવે તો?

ઉત્તર :- યાદ કરીને ભોગવશે એ તો વર્તમાનમાં થયું.

મુમુક્ષુ :- કેવી રીતે ભોગવાય?

ઉત્તર :- ભોગવાય શું ભોગવે? એ ભોગવાય તો વર્તમાનનું થયું. પાછો રાગ વર્તમાનનો થયો એ તો. એને ભોગવાય છે ક્યાં? સમજાણું કાંઈ?

**'અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય તો જ પરિગ્રહભાવને (પરિગ્રહપણાને) નથી.'** ભવિષ્યમાં આ વસ્તુ રહેજો અને મને લાંબો કાળ રહે, એવી ભાવના હોય તો પરિગ્રહપણાને પામે. ધર્મીને એ પરિગ્રહ ને આ લક્ષ્મી રહેજો એવી ભાવના હોતી નથી. કહો, મોહનભાઈ! ભારે આકરું ભાઈ! આ રહે તો ઠીક, છોકરાઓ રહેજો આ પ્રમાણે બધા પૈસા, છ છોકરાઓ આ બધા ૨૫-૫૦ લાખની મૂડી આ ધૂળની સામગ્રી બધી. કહો. એવી ભવિષ્યની મમતા કરે તો પરિગ્રહપણાને પામે. પણ ધર્મીને ભવિષ્યની મમતા નથી. ભવિષ્યમાં તો આનંદમાં હું જવાનો છું, કેવળજ્ઞાન પામવાનો છું એમાં વળી આ ક્યાં આવ્યું? ભવિષ્યમાં કેવળજ્ઞાન ત્રણ કાળ અને ત્રણ લોકનો જાણનાર થવાનો છું. સમજાય છે કાંઈ? એને ભવિષ્યનો '**અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય તો જ પરિગ્રહભાવને ધારે;...**' પણ એ તો વાંછા આવતી નથી. કહો.

મુમુક્ષુ :- ... પ્રયોજન તો હોય કે નહિ?

ઉત્તર :- પ્રયોજન આત્મામાં ઠરવું ઈ. આત્મા શુદ્ધ ચિદાનંદ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એમાં ઠરવું એ એનું પ્રયોજન. કહો શું પ્રયોજન? આ ધૂળ મળે એનું પ્રયોજન છે કાંઈ? પોપટભાઈ! પૈસા-બૈસા થાય અને સારા છોકરા થાય, સારી સગવડતા થાય. ધૂળમાંય સગવડતા નથી. એ તો પર જડ માટી-ધૂળ છે. મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ એની ભાવના કરે. મૂઢ જીવ હોય એ એની ભાવના કરે કે આ પરવસ્તુ મને મળજો અને રહેજો. એ મિથ્યાદૃષ્ટિ છે. સાચી દૃષ્ટિનું ભાન એને નથી. સમજાણું?

ગયા કાળનો તો છે નહિ પરિગ્રહ વસ્તુ. એટલે જ્ઞાનીને કંઈ એનો પરિગ્રહ છે નહિ. ભવિષ્યનો તો મમતા કરે વર્તમાન તો એને હોય. મમતા છે નહિ ભવિષ્યની. ભવિષ્યમાં તો પોતાની ભાવનાનું.. પૂર્ણ થાઉં એવી ભાવના છે કે આ હોય? સમજાણું? ભવિષ્યમાં તો અલ્પ કાળમાં પૂર્ણ થઈશ. પૂર્ણ આનંદ અને જ્ઞાન પામીશ. હવે એમાં મારે આ ક્યાં રહ્યું એમાં? સમજાણું કાંઈ? ધર્મીને ભવિષ્યની ભાવનામાં તો એ છે કે અલ્પ કાળમાં હું કેવળજ્ઞાન પામવાનો છું. પૂર્ણ આનંદ પામવાનો છું. મારી મૂડી મારી પાસે છે. એને હું વધારીને સ્થિર થવાનો છું. એમ છે. પોપટભાઈ! કેવળજ્ઞાનની લક્ષ્મીની ભાવના છે. આ નહિ.

મુમુક્ષુ :- બેય હોય તો શું?

ઉત્તર :- બે હોય નહિ. એક મ્યાનમાં બે રહે નહિ. એક મ્યાનમાં બે તરવાર રહે નહિ. કહો, સમજાણું?

મુમુક્ષુ :- મ્યાનમાં ન રહે, ઘરમાં બે રહે.

ઉત્તર :- ઘરમાં રહે તે જુદી જુદી ચીજ છે. એમાં આને ક્યાં આવ્યું? .. ક્યાં આવ્યું?

સમજાણું કાંઈ? આહાહા..!

આવો હું થાઉં તો ઠીક. સમજાય છે? હું તો દેવ થાઉં તો ઠીક. આ સમૃદ્ધિ મળે તો ઠીક. સમૃદ્ધિ મિથ્યાદષ્ટિની ભાવના છે. અજ્ઞાનીની છે. અને એ તો એના પુણ્ય હોય એ ઘટી જાય એવી ભાવના કરે તો. નિદાન બાંધે અને એવા ભાવ કરે તો જે પુણ્ય હોય એ પણ ઓછું થઈ જાય. પુણ્ય પ્રમાણે મળે નહિ. જ્ઞાનીને ઈચ્છા છે નહિ. કોઈપણ પર પદાર્થની ભવિષ્યમાં અનુકૂળતા રહો એવી ઈચ્છા હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને જે પ્રત્યુત્પન્ન ઉપભોગ તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને ધારે.'** લ્યો! ત્રણ પ્રકાર કહ્યા. વર્તમાનનો ઉપભોગ તો રાગબુદ્ધિએ વર્તતો હોય કે આ મને ઠીક છે, એવી બુદ્ધિએ વર્તતો હોય તો મમતાપણાને પરિગ્રહને પામે. આ ન્યાય આપ્યો છે. **'પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...'** યોગ છે ને પાઠમાં? **'પ્રત્યુત્પન્ન કર્મોદય-'** પૈસા, લક્ષ્મી, શરીરાદિ મળ્યું એને જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી. એ મારા છે, મને ઠીક છે એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. રાગબુદ્ધિ વિયોગ છે. જુઓને! આવ્યું છે કે નહિ? વિયોગબુદ્ધિ. મૂળની વાત છે ને. વિયોગ છે, રાગનો વિયોગ છે. ભગવાનનો સંયોગ છે. આત્મા શુદ્ધ આનંદ છે એનો સંયોગ છે. રાગનો વિયોગ છે. આહાહા..! સમજાણું? ઉત્પાદ-વ્યય આવે છે ને પંચાસ્તિકાયમાં? નિર્મળ પર્યાયનો સંયોગ છે. ઓલાનો વિયોગ છે એવો પાઠ છે. સંયોગ-વિયોગની વ્યાખ્યા એવી કરી. પંચાસ્તિકાયમાં આવે છે. સમજાણું કાંઈ?

ધર્મી જીવને અંતર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એની નિર્મળ પર્યાયનો એને સંયોગ છે, વિકારી રાગ પર્યાયનો એને વિયોગ છે. આહાહા..! કહો, સમજાણું? સંયોગ એને શેનો થાય છે? નિર્મળ પર્યાયનો. કહો, સમજાણું આમાં? રાગનો વિયોગ છે. કોઈ ચીજ હો તો એ મારી નથી, મને પ્રેમ નથી, એમાં રસ નથી. સમજાય છે? સુખબુદ્ધિ કોઈ ઠેકાણે નથી. જ્ઞાનીની સુખબુદ્ધિ પુણ્ય પરિણામથી માંડીને કોઈ પદાર્થમાં નથી. અને ત્યાં જો સુખબુદ્ધિ હોય તો જૈન નથી, મિથ્યાદષ્ટિ છે. એને ભગવાન જૈન કહેતા નથી. આહાહા..! એય..! શેઠી! આહાહા..!

રાગને જીત્યો છે કે નહિ તેં? જૈન એટલે જીતવું. તો રાગ હું નહિ, હું તો જ્ઞાનાનંદ છું. એમ ભાન થયું એને કોઈપણ પદાર્થ પ્રત્યેનો રાગ હોતો નથી. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને જિન કહેવામાં આવે છે. જિન છે, જિન એ. જિનવર થશે પછી. આ વાત એવી છે ને લોકોને તો સાધારણ માણસને બિચારાને સાંભળવા મળી ન હોય. બહારથી આ બધી માથાકૂટ કર્યા કરતા હોય ને એમાં માનતા હોય. આ તો બધું વયું જાય છે.

હતુ કે દિ' પણ? સાંભળને! બધા વિકલ્પો ઉઠે એ તો વિકાર છે. સંયોગ છે એ તો પર છે.

વસ્તુ અંતર જ્ઞાનાનંદ સ્વરૂપ ઘન છે વિજ્ઞાનઘન. એના ભાન વિના જે કાંઈ વિકલ્પનો પક્કડ કરે એ તો બધો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? પછી મહાવ્રત પાળતો હોય તોપણ મિથ્યાદષ્ટિ છે, પરિગ્રહવંત છે એમ કહે છે. બહારથી બધું છૂટ્યું હોય, નગ્ન મુનિ હોય. પણ એક રાગનો પક્કડ છે કે આ મારું. તો પરિગ્રહવંત છે એમ કહે છે અહીં તો. છ ખંડના રાજ પડ્યા હોય ચક્રવર્તીના પણ રાગથી અભાવ સ્વરૂપ મારું છે. રાગનો વિયોગ છે દષ્ટિમાં તો એને કાંઈ પરિગ્રહ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

વીતરાગમાર્ગ પરમેશ્વર કેવળીનો.. આમ બોલે સાંજ સવાર. કેવલી પણ્ણંતો ધમ્મો શરણં. અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી પણ્ણતો ધમ્મો શરણં. ભાન ન મળે એકેય અર્થની. કેટલા વર્ષ ગાળ્યા એમાં? ૫૫ ગાળ્યા મફતના એમાં ને એમાં. ૫૫થી વધારે ૫૯ થયા હશે ને. ૬૦. પણ એ તો એ કહેતા હતા એટલે હોં! આપણને કો'ક કહેતા હોય એ શબ્દ લઈએ. એ કહેતા હતા ૫૫ ગયા. એટલે આપણને શી ખબર. એ કહેતા હતા એક ફેરી. કો'ક કહેતા હોય એ શબ્દ લેવાય. આપણે કાંઈ અધ્ધરથી કેમ લેવાય? એમ બોલ્યા હતા કાલ. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા અનંતી લક્ષ્મીનો ખજાનો પડ્યો છે અંદર. ઋષભદેવ ભગવાનની સ્તુતિમાં આવે છે. હે નાથ! આપે આત્માનો ખજાનો બતાવ્યો. એ ખજાનાને લેવા માટે આ ચક્રવર્તીના ખજાનાને છોડીને કોણ આત્મા નહિ અંગીકાર કરે? આહાહા..! એવી વાત ઋષભદેવ ભગવાનની સ્તુતિ(માં કહે છે). હે નાથ! આપે આત્મા શું ચીજ છે એના ખજાનાની વાત આપે કીધી. હવે એ ખજાનાને લેવા માટે આ બહારના ખજાનાને તરણાતુલ્ય જાણી કોણ ન છોડે? સમજાણું કાંઈ? રાજકુમાર ચાલી નીકળ્યા. અરે..! અમારી ચીજ તો અમારી પાસે છે. અંતર્મુખ જોતા અમારું કલ્યાણ છે. બાકી બહારથી કલ્યાણ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એને બાહ્ય પરિગ્રહ નથી.

**'રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...'** લ્યો! **'જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે; અને કેવળ વિયોગબુદ્ધિએ જ પ્રવર્તતો...'** એ રાગ આવે પરિગ્રહાદિનો એ રાગનો વિયોગ દષ્ટિમાં છે. ધર્મની દષ્ટિમાં એકલો વિયોગ છે. કહો, સમજાણું? કેવળ વિયોગબુદ્ધિએ. આ શુભરાગ આવે એનો વિયોગ હેયબુદ્ધિ છે. પુણ્યભાવ વિકાર છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? વિકારનો પણ જેને પક્કડ છે કે આ મને લાભદાયક છે, એ મિથ્યાદષ્ટિને બધું આખું પરિગ્રહ વર્તે છે. આખી દુનિયાની મમતા છે એની પાસે. એમ કહે છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને

પ્રતિકૂળ.' કાયરો તો સાંભળીને હાય.. હાય.. આ શું કરે છે? આ તે આવું? આવું ધર્મનું રૂપ હશે? આ તો બધો લોપ થઈ જશે. સાંભળને હવે. લોપ કોને થાય એ તને ખબર શી પડે? એય..! પોપટભાઈ! અમારું બધું વયું જશે. હતુ કે દિ' તારું? સાંભળને. તું તો જ્ઞાનાનંદ આત્મા છો. રાગ થાય એ તારી ચીજ નથી તો પરચીજ ક્યાંથી આવી તારી પાસે?

'**કેવળ વિયોગબુદ્ધિએ જ પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી.**' ધર્મીને જરીએ પરિગ્રહ નથી. '**માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી.**' અને વર્તમાન સામગ્રી ચક્રવર્તી, લક્ષ્મી આદિ મળી હોય એની મમતા નથી. આત્મા પ્રત્યેની સમતા છે, પરથી મમતા નથી. માટે વર્તમાન ભોગ અને પરિગ્રહપણાને પામતો નથી. માટે તેને નિર્જરા કહેવાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૦)), રવિવાર તા. ૬-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૧૫, પ્રવચન-૨૯૯**

નિર્જરા અધિકાર છે. સમ્યગ્દૃષ્ટિને ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે. એ વાત વર્ણવે છે. કેમ? કે સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ.. જુઓ અહીં તો ત્રણ કાળનો પરિગ્રહ ધર્મીને નથી એ ૨૧૫માં સિદ્ધ કરવું છે. આપણે અહીં સુધી આવ્યું છે. ફરીને અહીંથી લ્યો. '**પ્રત્યુત્પન્ન કર્મોદય...**' છે ને? પ્રત્યુત્પન્ન કર્મોદય. શું કહે છે? છે ને પ્રત્યુત્પન્ન કર્મોદય? ૨૧૫ બીજો પેરેગ્રાફ. ટીકાનો બીજો પેરેગ્રાફ ૨૧૫.

શું કહે છે? જરી ઝીણી વાત છે, હોં! ધર્મી, જે ધર્મી છે એની દૃષ્ટિ ક્યાં છે? કે શુદ્ધ આનંદ સ્વરૂપ આત્મા છે ત્યાં એની દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે આત્મા. એટલે જેને સમ્યગ્દર્શન થયું એને ધર્મી કહેવામાં આવે છે. તો સમ્યગ્દર્શન એટલે શું? કે જે આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે એવું અંતરમાં દૃષ્ટિપૂર્વકનો અનુભવ થઈ અને પ્રતીત થયું એવા ધર્મીને ધર્મદશામાં પૂર્ણ આનંદસ્વરૂપ છે એની એને ભાવના હોય છે. ઝીણી વાત છે જરી. શેઠી! ચોખ્ખુ થાય છે હળવે હળવે, જુઓને!

ધર્મી એટલે કે જેને ધર્મદૃષ્ટિ પ્રગટી છે. ધર્મદૃષ્ટિ એટલે કે જેને ધર્મી એવો જે આત્મા પૂર્ણ આનંદનો કંદ શુદ્ધ છે, જેવો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જેવો અનુભવ્યો એવો આ આત્મા છે, એવો આત્મા જેણે અંતર્મુખ પુણ્ય-પાપના રાગની રુચિ છોડી પરવસ્તુમાં પ્રેમની રુચિ છોડી ભગવાન આત્મા શુદ્ધ આનંદ, અનાકુળ આનંદમૂર્તિ આત્મા છે. એની જેને અંતરમાં સ્વભાવની દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દૃષ્ટિ અને તેને ધર્મી કહેવામાં આવે છે. ભોગીદાસભાઈ! બધી વાતું એવી છે આ બધી. વસ્તુ તો જેમ હોય એમ આવે ને. ટૂંકી કરીએ.

આ આત્મા છે એ શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એની વર્તમાન દશામાં, વર્તમાન દશામાં એટલે પર્યાયમાં-હાલતમાં જે કાંઈ રાગદ્વેષાદિ છે એ વિકાર છે. પરવસ્તુ તો પર રહી ગઈ. કર્મ, શરીર એ તો જડ પર રહી ગયું. હવે જેને ધર્મ દૃષ્ટિ કરવી છે એને વિકાર જે પુણ્ય-પાપના ભાવ છે ક્ષણિક વર્તમાન, એની તરફનું લક્ષ છોડી દઈ અને પૂર્ણ શુદ્ધ આનંદ છે તેનું લક્ષ કરીને અંતર એકાગ્ર થવું એનું નામ સમ્યગ્દર્શન અને પ્રથમ ધર્મ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાને જોયો ઈ જ કીધું ને પહેલું? એ તો કહ્યું હતું. તે દિ' કહ્યું હતું, નહિ?

પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ.
પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ.
નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ.

પરમાત્માને ભક્ત કહે છે, હે નાથ! આપ ત્રણ કાળ ત્રણ લોકને જાણો છો. હે પ્રભુ! તો આપ આ આત્માને પણ કેવો જાણો છો? કે નિજ સત્તાએ શુદ્ધ. એ પોતે આત્મા એ પુણ્ય-પાપના રાગ અને શરીર વિનાનો જે શુદ્ધ છે તેને આત્મા આપ કહો અને જાણ્યો છે. વલ્લભદાસભાઈ! ઝીણી વાતું, બાપા! એણે કોઈ દિ' એ પકડ્યું નથી. અનંત કાળ થયા એણે બહારમાં માથાકૂટ કરીને મરી ગયો. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માથાકૂટ..

ઉત્તર :- આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, પાઠ, કામ, ક્રોધ ને એવા પરિણામ કર્યા અને બંધ થયો અને રખડી મર્યો એમાં. જાત શું છે એની જાણવાની અનુભવદષ્ટિ કરી નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શેની વાત ચાલે છે આ? એ અમારા દલાલ છે. (કહે છે), આ કાળે થઈ શકે એવું છે આ? પણ શેની વાત ચાલે છે આ? જેને આત્માની દૃષ્ટિ કરવી છે એને આ કાળે થઈ શકે છે. સમજાણું કાંઈ? અરે..! પણ વાત બાપુ! એવી છે કોઈ અપૂર્વ છે.

આખો ભગવાન આત્મા આમ જ્ઞાનનો સૂર્ય આનંદની મૂર્તિ આત્મા છે. એમાં વર્તમાનમાં પુણ્ય-પાપના રાગ જે દેખાય છે એ તો વિકાર છે, એ તો આસ્રવતત્ત્વ છે. શરીર, કર્મ છે એ તો અજીવતત્ત્વ છે. આ તો અજીવ, માટી, ધૂળ તત્ત્વ છે. જેને આત્મતત્ત્વની દૃષ્ટિ કરવી છે એને તો એ પર વસ્તુની રુચિ છોડી પુણ્ય-પાપના ભાવ તે આસ્રવની પણ છોડી અને આત્મા જ્ઞાયક ચિદાનંદ જેવો ભગવાને નિજ સત્તાએ શુદ્ધ જોયો છે એવી અંતર દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! કહો, વલ્લભદાસભાઈ!

ભાઈ! જવાબદારી તો એણે અનંત કાળમાં કોઈ દિ' લીધી જ નથી ને. આ શું ચીજ છે અંદર? પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, એની દિવ્યધ્વનિમાં, વાણીમાં ઇચ્છા વિના વાણીમાં આવ્યું છે કે બાપુ! ભાઈ! તને આત્મા એને અમે કહીએ છીએ કે જે પુણ્ય-પાપના આસ્રવ વિનાની ચીજ છે તેને અમે આત્મા કહીએ છીએ. તો એવો આત્મા એની દૃષ્ટિમાં ક્યારે આવે? કે જેમ ભગવાન જ્ઞાન દ્વારા આત્માને આવો જોવે, એમ પોતે પણ વર્તમાનમાં, વર્તમાન જે જ્ઞાનની અવસ્થા ચાલે છે એ અવસ્થા દ્વારા અંતરમાં જોવે, નિર્ણય કરે કે આ આત્મા શુદ્ધ અખંડ જ્ઞાન અને આનંદ છે. એવો નિર્ણય કરે તેને આત્માનો નિર્ણય અને સમ્યગ્દર્શન

થયું એમ કેહવામાં આવે છે. કહો, પોપટભાઈ! બહુ આકરું પણ. જવાબદારી ભારે. કાંઈ કરી નાખવું હોય ને પાંચ-પચાસ હજાર વાપરવા હોય તો વાપરી નાખીએ. પણ એમાંથી જો કાંઈ થાતું હોય. ધૂળેય નથી. એ તો પર છે, સાંભળને.

મુમુક્ષુ :- એમાં પણ પરસેવા ઉતરે છે.

ઉત્તર :- ધૂળમાંય પરસેવા ઉતરતા નથી. એમાં શું છે? એમ કે દસ લાખની મૂડી હોય, પાંચ લાખની એમાંથી લાખ કાઢવા હોય તો પરસેવા ઉતરે એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો લોભ.

ઉત્તર :- એ તો લોભી માણસ છે એમાં શું છે? એય.. શેઠી! બાપુ! એ ચીજ શું?

દાન તો પોતાના સ્વરૂપનું શુદ્ધપણું જે પવિત્ર શક્તિ પડી છે એની અંતર દૃષ્ટિ કરીને શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરવી એ પોતાના સ્વરૂપનું પોતે દાન આપ્યું એમ ભગવાન કહે છે. એને દાન કહે છે ભગવાન. બાપા! ઓલી દાનની ક્રિયા તો પર જડની છે. એ આપી શકે છે? એમાં ભાવ થાય રાગની મંદતાનો તો એ પુણ્ય છે. પુણ્યાસ્રવ છે. એ કાંઈ આત્મા નથી. વીતરાગ માર્ગની વાત બાપુ! આકરી છે, ભાઈ! સમજાય છે? સમજવું પડશે. કર્યે છૂટકો. નહિતર મરીને હેરાન થશે ચાર ગતિમાં. નરકના નિગોદના ભવ નહિ ટળે.

મુમુક્ષુ :- બીક બતાવો છો?

ઉત્તર :- બીક નહિ. એ મિથ્યાશ્રદ્ધાનું ફળ એ છે.

ભગવાન કહે છે કે બાપુ! અનંત કાળમાં અનંત વાર સ્વર્ગમાં ગયો તું. અનંત વાર નરકમાં ગયો. અનંત વાર શેઠાઈ અબજોપતિ થયો. એ તો પુણ્ય-પાપના ફળ છે. એ વિનાની શું ચીજ છે એ કે દિ' તેં જાણી છે? શેઠી! એવી ધૂળ તો અનંત વાર મળી અને અનંત વાર ટળીને ગઈ. એમાં તને શું થયું એમાં? સમજાણું કાંઈ? આત્મા અંદર આખો સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદના સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ, એના ઉપર દૃષ્ટિ કર્યા વિના એની શ્રદ્ધા અને એનો અનુભવ અને એનું જ્ઞાન થઈ શકે નહિ. એવી વાત છે, બાપુ! વર્તમાનમાં બીજું ચાલે છે ને એટલે આ વાત એને ગ્રાહ્ય થતી નથી. બીજું ચાલે, આખી વાત જ બીજી ચાલે છે.

મુમુક્ષુ :- બીજી એટલે?

ઉત્તર :- ઊંધી. એય.. ભોગીદાસભાઈ! બહુ ખુલાસો કરાવે છે. દુનિયાને જાણતા નથી? ક્યાં ક્યાં શું ચાલે છે એ બધું જાણીએ છીએ. ઘણા વર્ષથી ખબર છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! ભાઈ! જ્યાં સુધી ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ જેવો પરમાત્મા કેવળીએ

જોયો એવું શુદ્ધ સ્વરૂપ છે એની રુચિ, પુણ્ય-પાપના ભાવની પણ છોડીને અંતર્મુખમાં સ્વભાવની દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત થાય. આહાહા..! કહો, વકીલ! આહાહા..! સમજાણું કાંઈ? એવા ધર્મીને શું હોય છે એની વાત ચાલે છે. વલ્લભદાસભાઈ! બાપુ! એણે પહેલું સમજવું તો પડશે કે નહિ? શું ચીજ છે? એની શું કિંમત છે? દેહાદિ જડ છે એની શું કિંમત? એ તો પર છે. પુણ્ય-પાપના ભાવ થાય એ પણ મેલ આસ્રવ છે, એની શું કિંમત જીવને? એમાં આત્માને લાભ શું?

એ કૃત્રિમ પુણ્ય-પાપના વિકારનો પ્રેમ અને રુચિ છોડી અકૃત્રિમ અનાદિઅનંત પ્રભુ ભગવાન આત્મા, જેમાં બેહદ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, સ્થિરતા, પ્રભુતા પડી છે એવા આત્માની અંતર પ્રતીતિ અને અનુભવ કરવો એ પ્રથમ ધર્મીનું ધર્મ લક્ષણ છે. બાકી બધા પાપ છોડીને પુણ્ય કરે દયા-દાન હો. પુણ્ય હોય એનાથી આ વળી કાંઈ ધૂળ-બુળ મળી ઈ મળે ભવિષ્યમાં, પણ આત્મા મળે નહિ. ભોગીદાસભાઈ! આ ધૂળ-બુળ મળી છે ને પાંચ-પચાસ લાખની? ધૂળ મળે વળી એમ ને એમ રખડે અનાદિ કાળથી. કેમ વલ્લભદાસભાઈ! આરેરે..! ભારે વાતું!

મુમુક્ષુ :- રૂપિયાવાળા...

ઉત્તર :- રૂપિયાવાળો કોણ હતો? માન્યતાવાળો. એને તો મળ્યું ને કાંઈક. શુભભાવ કર્યો હોય તો એનાથી પૈસા મળે, આ ધૂળ મળે, સ્વર્ગનો દેવ થાય. એવો અનંત વાર થયો. પાછો પટક્યો હેઠે. દૃષ્ટિ મિથ્યાત્વ છે. આત્માની શ્રદ્ધાનું ભાન નથી. એવા ભાવથી અનંત વાર એવું મળ્યું, ગયું એમાં થયું શું? અનંતા અવતાર થયા, ભાઈ! આદિ વિનાનો આત્મા જેની અનાદિ .. એ અનાદિનો રહ્યો ક્યાં? આદિ છે ક્યાંય? છે, છે ને છે. અનાદિઅનંત તત્ત્વ ભગવાન આત્મા ક્યાં રહ્યો? આ ચાર ગતિના પરિભ્રમણમાં રહ્યો, મિથ્યાદૃષ્ટિને લઈને. સમજાય છે? બાકી તો બધું પાળ્યું. વ્રત, દયા, દાન, વ્રત એવા શુભભાવ તો અનંત વાર કર્યા છે. તેથી એને સ્વર્ગમાં પણ અનંત વાર ગયો છે. આ તો સાધરણ (છે). મોટો દેવ નવમી ગ્રૈવેયકે (ગયો છે). ભગવાન કહે છે. નવ ગ્રૈવેયક (હોય) છે. સમજાય છે? ઉપર અનુત્તર વિમાન છે પાંચ એની નીચે છે નવ ગ્રૈવેયક. નવમે પાસડે ૩૧ સાગરની સ્થિતિ સાગરોપમની. ૩૧ સાગરોપમ આયુષ્યની સ્થિતિ. જેના એક સાગરોપમાં ૧૦ ક્રોડા ક્રોડી પલ્યોપમ જાય. જેના એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય.

મુમુક્ષુ :- .. બહુ મોટો.

ઉત્તર :- આમાં મોટું ક્યાં હતું? હવે તો અસંખ્યની વાતું. આ તો અનંત કાળનો રખડે છે એમાં. એવા અસંખ્ય ભવમાં એવા અસંખ્ય આયુષ્યવાળો અનંત વાર થયો છે આત્મા.

એમ કહેવું છે. નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો છે જીવ. રખડતા રખડતા ઊંચું સ્વર્ગ કહેવાય ત્યાં ગયો છે અનંત વાર. પણ એણે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું સમ્યગ્દર્શન કોઈ દિ' પ્રગટ કર્યું નથી. આહાહા..! કહો, શેઠી! કહો, જયંતિભાઈ! લ્યો, સવારે કેમ ન આવ્યા? પૂછ્યું હતું. કહે, બધા ભેગા આવવાના હશે. આજ તો વ્યાખ્યાન ચાલ્યું હતું. રવિવાર હતો ને. આહાહા..!

અરે..! પ્રભુ! તારી પ્રભુતા કોણ છે એની તને ખબર નહિ અને તું મોટો થઈને ફર. કંઈક બહારના પૈસા અને સામગ્રી સહિત .. મોટો. કાં તો અંદર પાપ કર્યા .. હું બીજા કરતાં (મોટો). કાં પુણ્ય કર્યા લ્યો ને દયા, દાન, ભક્તિ શુભ એનાથી મોટો. એ તો રાગ છે.

મુમુક્ષુ :- .... મોટો બનાવી દો ને.

ઉત્તર :- બને તો ઈ બને કે બીજો બનાવે?

અંદર રાગ વિનાની આખી ચીજ ચૈતન્ય દળ પડ્યું છે ને. જેમાંથી કેવળજ્ઞાન નીકળે.. કેવળજ્ઞાન નીકળે.. કેવળજ્ઞાન નીકળે એવું આખું બીજડું પડ્યું છે ચૈતન્ય. ભગવાન સિદ્ધ થયા તો એને કેવળજ્ઞાન, પર્યાય છે કેવળજ્ઞાન એ કાંઈ ગુણ નથી. ઝીણી વાત છે. કેવળજ્ઞાન પણ એક સમયની અવસ્થા છે-ત્રણ કાળનું જ્ઞાન. એ તો એક સમય જ રહે, બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. કારણ કે એક સમયની અવસ્થા છે. એ અવસ્થા બદલી જાય. થાય એવી ને એવી. એવું અનંત કાળ સુધી કેવળજ્ઞાન પ્રગટે એવી કેવળજ્ઞાનની દશાનો કંદ આત્મા છે. અંદર બધી પડી છે. ક્યાં એને ખબર પડતી નથી શું છે. કહો, સમજાણું આમાં?

એ કહે છે કે એવો આત્મા જેણે અંતર દૃષ્ટિમાં-શ્રદ્ધામાં, જ્ઞાનમાં લીધો છે એવા ધર્મી જીવને બાહ્ય પદાર્થનો પક્કડ અને પરિગ્રહ હોતો નથી. જેને ભગવાનના ભેટા અંતરમાં થયા એને રાગાદિ-પુણ્યાદિ પરિણામના પણ પરિગ્રહ હોતા નથી. આવે પણ એને પકડતો નથી. આવી વાત છે. કહો, હીરાભાઈ! શું થાય? જગત લુંટાણું છે અનાદિથીને. એને ખબર નથી આ શું લુંટાણું છે અને કેમ લુંટાણું? એ અહીં આચાર્ય કહે છે. જુઓ! છે ને?

**'પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...'** છે? શું કહે છે? એનો અર્થ થાય છે હવે. પ્રત્યુત્પન્ન એટલે વર્તમાન. વર્તમાન કર્મ જે પડ્યું છે જૂનું, એનો ઉદય આવીને આ બહાર સામગ્રી મળે ધૂળ-પૈસા, બાયડી, છોકરા, મીલ, આ દેહ. એવો **'જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...'** ધર્મીને એને અંતરમાં 'આ ઠીક છે' એવી રાગબુદ્ધિએ જોવામાં આવતું નથી.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું સ્વરૂપ છે. એની જ્યાં દૃષ્ટિ થઈ છે એને પૂર્વના કર્મને (ઉદયે) મળેલી સામગ્રી એનો એને રાગનો વિયોગ છે. વીતરાગ સ્વરૂપ આત્મા એની

દૃષ્ટિ છે એને પરપદાર્થના પ્રેમનો વિયોગ છે. એટલે કે એને રાગનો વિયોગ (છે) એટલે રાગ થતો નથી. રુચિરૂપ રાગ થતો નથી. અસ્થિરતાનો રાગ એને રાગ ગણવામાં આવ્યો નથી. આહાહા..!

અરે..! જેણે... આનંદઘનજી કહે છે એક ઠેકાણે 'ચાખે રસ ક્યું કરી, છૂટે સુરીજન સુરીજન તોડી.' એ ભગવાન આત્માની સમ્યગ્દર્શનમાં જે આત્માના આનંદનો સ્વાદ આવ્યો એવો ધર્મીને દેવતાના ટોળા ઉતરે તો બીજે લલચાવી શકે નહિ. એ વાત રહી છે નહિ. સમજાણું કાંઈ?

આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે,
આશા ઔરનકી ક્યા કીજે.

ધર્મી જીવ કોની આશા કરે? એ અહીં વાત છે. કોની ઈચ્છા કરે? જ્ઞાન સુધારસ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ અમૃતનો કુંડ છે. એની જ્યાં દૃષ્ટિ અને એનું જ્યાં ભાન થયું, કોની આશા કરે એ? સમજાય છે કાંઈ? 'ભટકત દ્વાર લોકનકે કુકર આશા ધારી' ... એનું કહેશે રોટલાના (ટાણા) વખતે બારણામાં માથા મારે ને. રોટલો કટકો આપે. એમ કહે છે કે અનાદિનો અજ્ઞાની જ્યાં ત્યાં ભટક્યા કરે છે કે અહીં મને માન મળે, અહીં મને મોટપ મળે, અહીં મને પુણ્ય થાય, અહીં મને પાપ થાય, અહીં મને આ થાય. એમ કૂતરાની પેઠે જ્યાં-ત્યાં ભટક્યા કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે અહીં કહે છે ને. કહો. આહાહા..!

કાં જાણે સ્વર્ગ મળે, કાં બાયડી મળે, છોકરા મળે. પણ શું છે? ભાઈ! તું ક્યાં ખાલી છો? આનંદથી ભરેલું તત્ત્વ છે ને? તારી દૃષ્ટિ જ્યાં જાય તો બહારની આશા કાંઈ તને રહેતું નથી. એમ કહે છે અહીં. આહાહા..! એ છ ખંડના રાજમાં ભરત ચક્રવર્તી પડ્યા દેખાય. છન્નુ હજાર સ્ત્રી. આશા અંતરમાં ઉડી ગઈ છે એમ કહે છે. અંતરના આનંદ સ્વરૂપના અનુભવમાં, સમ્યગ્દર્શનમાં એને પ્રત્યુત્પન્ન મળેલા કર્મના ઉદયની સામગ્રી ભોગવવાની ઈચ્છા છે નહિ. એ અસ્થિરતાનો જરી રાગ છે એ આસક્તિનો છે. વસ્તુ આમ લેવા માટે અને આમાં લાભ છે એવી બુદ્ધિ છે નહિ. આહાહા..! અજર પ્યાલા એવી વાત છે. સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. વળી ચારિત્ર તો ક્યાંય રહી ગયા. એ અહીં સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે.

જ્ઞાની કીધું ને? વર્તમાન કર્મનો ઉદયનો ઉપભોગ એટલે પૂર્વના કર્મનો ઉદય વર્તમાન આવતા જે સામગ્રી મળી, એ જ્ઞાનીને એટલે ધર્મીને, ધર્મી એટલે જેને આત્માનું દર્શન અને

આત્મશ્રદ્ધા, અનુભવ થયો છે એને પોતાના સ્વરૂપની અંદર ભાવના સિવાય, રાજ હો, પાટ હો, ભાષા હોય બધું હો. '**જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...**' એ મારા છે એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કથામાં નથી આવતું? ભરત ચક્રવર્તીના વખતમાં. પોતે અંધેરપછેડો... રાજા હોય ને અંધેરપછેડો કરી ગામમાં ફરવા નીકળ્યા. એમાં એક સોની બોલ્યો સોની ખાનગી. કે આ ભરત ચક્રવર્તી આવા મોટા વૈરાગી કહેવાય. આ બધું કરે છે. રાજ છે, પાટ છે, બાયડી છે, બધું રાજપાટ ને બધા છન્નું કરોડનું પાયદળ એને લઈને નભે છે. વૈરાગ કહે છે. વાત કરતો હતો ત્યાં સાંભળ્યું ભરત ચક્રવર્તીએ. ધીમેથી બોલાવ્યા. સોની મહાજન! આવો આવો. શેઠી! આવે છે ને? સાંભળી છે ને કથા? આપણે અહીં નાટક પણ પાડ્યું છે છોકરાઓએ. છોકરાઓએ નાટક પાડ્યું હતું.

પછી એને કહ્યું કે, સોની! જુઓ! હું તમને એક છાલિયું આપુ, છાલિયું. આમ પહોળું. એમાં તેલ ભરીને આપું છું. હવે આખા ગામમાં શણગાર કરું છું અયોધ્યા નગરીમાં. આ છાલિયું છે. કળશો હોય તો નાનુ મોઢું ને ઉપાડીને ચાલે. આ છોલિયું એટલે ખુલ્લું. આમાંથી તેલનું ટીપું ન પડવું જોઈએ ગામમાં ફરતા. અને પાછળ પોલીસ હાથમાં તલવાર લઈને ઊભો છે. ઠીક! ગામમાં શણગાર કરેલો બહુ. પાછળ પોલીસ ઉઘાડી તલવારે. આપણે અહીં ઉઘાડી તલવાર રાખી હતી ખબર છે ને? શેઠ પહેલા આવ્યા હતા ને શેઠ? સર હુકમીચંદ. ઉઘાડી તલવાર. ૧૭ લાખનો હાર પહેર્યો હતો. ૧૭ લાખનો. નીલમનો. જવાબદારી ઘણીને. ૧૭ લાખનો. ૩૦ લાખનો તે દિ', હોં! (સંવત) ૨૦૦૧ની સાલમાં આવ્યા હતા. ઉઘાડી તલવાર સાથે ફરતા.

મુમુક્ષુ :- એની સાથે હતા.

ઉત્તર :- સાથે હતા. ઉપાડી જાય કો'ક આવીને તો? ૩૦ લાખનો હાર. બહુ જવાબદારી.

એમ કહે છે, પેલા સોનીને, જો આ તેલનું છે. છાલિયું હોં! તપેલું-બપેલું હોય તો તો બહુ વાંધો ન આવે હજી એને. નીચે થોડો ભાગ અને પહોળો માથે ઘણો ભાગ. આખું ભરીને ગામમાં ફર. ગામમાં શણગાર્યું છે, વેશ્યા નાચે છે. આખા ગામના શણગાર કર્યા છે. પોલીસ પાછળ ઊભો છે. ચાલ્યા આમ થોડું. બે-ચાર પાંચ કલાક જેવું. કેમ તમે શું જોયું? કે ભાઈસાબ! મેં તો કાંઈ જોયું નથી. આ નજરમાં હતું, આ ઠીકરું ન પડી જાય. નહિતર પાછળ ઓલો ઉભેલો. મારી નજર ક્યાંય (ગઈ નથી). બાપા! અમારી નજરું આત્મા ઉપર છે, ભાઈ! સમજાય છે? ભોગીલાલભાઈ! ભરતે એમ કહ્યું. બાપુ! અમારી નજર આ રાગના પ્રેમમાં નથી. ભાઈ! તને ખબર નથી. અમે ચાર ગતિના દુઃખથી ખસ્યા છીએ. અમે તો

અંદર આત્મા આનંદ સ્વરૂપ છે એની અમારી દૃષ્ટિ (છે). એમાંથી કેમ ન ખસાય એમાં અમારો ભાવ પડ્યો છે. તમે બહારથી જોવા જાવ એમાં તમારું માપ આવશે નહિ. ભાઈસાબ! મારી ભૂલ થઈ ગઈ. રાતે તમે વાત કરતા હતા ને સોની મહાજન! એટલે આ તમને જરી પરીક્ષા કરાવી. બાપુ! અમારી નજરું, એ નજરના નિધાન ચૈતન્ય છે એ નજર અમારી ખસતી નથી. કહો, સમજાણું કાંઈ?

અહીં એમ કહે છે કે એ ધર્મી જીવને વર્તમાન મળેલો '**ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...**' જુઓ! અહીં કહે છે, મુનિ પોતે કહે છે, હોં! ધર્મીને મળેલા પૂર્વના કર્મના ઉદયનો જોગ કર્મની સામગ્રી, એના પ્રત્યે રાગનો વિયોગ જોવામાં આવે છે. રાગથી રુચિપણે અમને જોવામાં આવતું નથી. '**કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે;...**' કારણ કે જે રાગ છે એ આત્માના આનંદ સ્વરૂપ અને જ્ઞાન સ્વરૂપથી વિરૂદ્ધ ભાવ છે. રાગ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. જ્ઞાનસ્વરૂપ જે ચૈતન્ય સૂર્ય છે એનું એ રાગ કિરણ નથી. રાગ છે તે અજ્ઞાનભાવ છે. એ રાગમાં જ્ઞાનભાવ નથી. એ રાગ જે છે એ રાગ પોતાને જાણતો નથી, રાગ આત્મા અંદર છે એને જાણતો નથી. માટે શુભ-અશુભરાગ તેને અહીંયાં અજ્ઞાન કહેવામાં આવ્યો છે. ભારે આકરી વાત. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય સ્વરૂપ સ્વપરપ્રકાશની મૂર્તિ છે. એવું જ્યાં ભાન થયું એને આ રાગભાગ તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનું સ્વરૂપ નથી. આત્માનો સ્વભાવ એ રાગમાં નથી. તેથી રાગબુદ્ધિ, જ્ઞાનીને અજ્ઞાનમય જે રાગબુદ્ધિ તેનો અભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**અને કેવળ વિયોગબુદ્ધિએ જ પ્રવર્તતો...**' થકો. ધર્મીને રાગાદિ હોય તો એનાથી અંતરમાં વિયોગ નામ હેયબુદ્ધિ છે. આત્મા શુદ્ધ છે એની ઉપાદેયબુદ્ધિ છે. રાજપાટ હોય તો શું છે? ભારે કઠણ. બાપા! એણે સાંભળ્યું હોય નહિ. સાંભળ્યું હોય નહિ એટલે એને બેસવું કઠણ પડે. ભગવાન આત્મા અનંત આનંદનો ખજાનો છે. એવી જે અંતર દૃષ્ટિ થઈ, કહે છે કે કર્મની સામગ્રી, કર્મ જડ છે એની મળેલી વસ્તુ, એ રાગનો વિયોગ છે, હેયબુદ્ધિ છે. હેયબુદ્ધિ છે. છોડવા જેવી બુદ્ધિ છે. એને એ ઝેર જાણે છે. આહાહા..! ભગવાન આત્મા અનાકુળ (અતીન્દ્રિય) અમૃતમૂર્તિ આત્મા છે. અમરચંદભાઈ! આહાહા..! એવી અંતરમાં દૃષ્ટિ અને અનુભવ થતાં રાગ તે અજ્ઞાનભાવ છે તેથી તેને હેયબુદ્ધિ વર્તે છે. આદરણીય બુદ્ધિ હોતી નથી. અરે..! વીતરાગના માર્ગ! એટલે કે આત્માનો માર્ગ. સમજાણું? વીતરાગનો માર્ગ એટલે આત્માનો માર્ગ. શું છે એણે એ સાંભળ્યું નથી. એણે ગતિ કરી નથી. તેથી

એને એવું લાગે કે આ તે શું કહે છે?

'**વિયોગબુદ્ધિએ જ પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી.**' જોયું! ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વરૂપ એવી અંતર દૃષ્ટિ ધર્મીને થઈ છે. એથી તેને રાગ હેયબુદ્ધિએ વર્તતો ખરેખર તે રાગ પરિગ્રહપણાને એટલે મમતાપણાને પામતો નથી. કહો, સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! ઝીણી વાત છે, બાપા! આ તો નિર્જરાનો અધિકાર છે ને. રાગ આવ્યો એ હેયબુદ્ધિ છે. સ્વરૂપ શુદ્ધ એના ઉપર ઉપાદેયબુદ્ધિ છે. એટલે જ્ઞાનીને રાગ છે એ ખરી જાય છે એમ કહે છે. આ તો જડ છે કર્મ, અને કર્મ એ જડ છે અંદર. અંદરમાં જે રાગ થયો રાગ. કહે છે કે રાગ વિનાની ચીજ જે આત્માની દૃષ્ટિ સમ્યક્ થઈ છે એમાં દૃષ્ટિમાં જ પહેલેથી આવ્યું છે કે રાગાદિ મારા સ્વરૂપમાં નથી અને રાગ પર રૂપે છે, અજ્ઞાનભાવ છે. હેયબુદ્ધિએ જ્ઞાનીને વર્તે છે તેથી તે રાગનો ભાવ આવતા તેને નિર્જરા થઈ જાય છે. કહો, રાજમલજી! આહાહા..!

'**માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ...**' પ્રત્યુત્પન્ન એટલે વર્તમાન. '**કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી.**' પક્કડ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ છે. રાગનો સ્વાદ મેલો, દુઃખરૂપ છે. આહાહા..! એ ધર્મીને રાગ વિના પોતાના જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ હોવાને લઈને તે રાગ દુઃખરૂપ છે એમ જાણીને એને હેયરૂપે ભાવ વર્તે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? તેથી જ્ઞાનીને રાગનો પક્કડ નથી. પોતાની ચીજ નથી. પોતાની ચીજ તો શુદ્ધ આનંદ જ્ઞાયક છે. અનંત ગુણનો પુંજ પ્રભુ આત્મા છે. ભગવાને કેવળીએ અનંત ગુણ એમાં જોયા છે. એવો એ પોતે અંદરમાં શ્રદ્ધે અને અનુભવે છે. એથી ધર્મીને રાગનો ભાગ ઉપાદેયબુદ્ધિએ નથી, હેયબુદ્ધિએ વર્તે છે. માટે એને પરિગ્રહપણું પામતું નથી. ભારે કઠણ જગતને લાગે. આ તો આ કરવું, મૂકવું એમાં ચોંટ્યો છે તો ચીજ શું છે એની ખબર ન મળે એને. સમજાણું કાંઈ?

હવે અનાગતની વાત ચાલે છે. ધર્મીને '**અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી...**' ભવિષ્યનું કે આ મને રાગ હજો, આ બધી સામગ્રી (હજો). કારણ કે આત્મા આનંદ સ્વરૂપ છે એની જ્યાં દૃષ્ટિ થઈ છે. હું એની અંતરમાં એકાગ્રની ભાવના કરીને કેવળજ્ઞાન લેવાનો કામી છે. એને અનાગત ભોગની ઈચ્છા હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી (અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી)...**' શેની ઈચ્છા હોય? 'ક્યા ઈચ્છત ખોવત સબે, હૈ ઈચ્છા દુઃખ મૂલ.' કોને ઈચ્છે?

ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં સમકિતીને ચોથે ગુણસ્થાને હોં! અવિરતિ સમ્યગ્દૃષ્ટિ હોય.

મુનિ ન થયો હોય છતાં એના અંતરના આનંદના અનુભવની દૃષ્ટિ આગળ ભવિષ્યની વાંછા પદાર્થની જ્ઞાનીને હોતી નથી. સમજાણું કાંઈ? '**જે અનાગત...**' અણ આવેલા ભવિષ્યમાં '**ઉપભોગ તે તો ખરેખર...**' ધર્મીને ભાવના '**વાંછિત જ નથી. કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે વાંછા...**' દેખો! એ ઈચ્છા એ તો અજ્ઞાનમય છે. ચૈતન્યની જાતથી વિપરીત છે. એવો '**અજ્ઞાનમય ભાવ જે વાંછા તેનો અભાવ છે. માટે અનાગત કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી.**' સમજાણું કાંઈ? આ બધા બાયડી-છોકરા બધા મોટા કરોડોપતિ ને ફલાણું આ અમારા-અમારા. મરી ગયો પણ કહે છે. ત્યાં ક્યાં તારી ચીજ હતી?

મુમુક્ષુ :- અમારે એને મૂકવા ક્યાં જાવા?

ઉત્તર :- ક્યાં મૂકે? એ તો છે એમાં. ગરી ગયા છે અહીં? ક્યાં મૂકે કોણ અને છોડે કોણ? અરેરે..! ભારે વાત ભાઈ! એય.. પોપટભાઈ! કહો છ-છ છોકરા. રામજીભાઈને મોટા છ છોકરા, હોં! રામજી કેવા? હંસરાજ કામાણી. મોટા છ લાંબા. હમણાં જયપુર ગયા હતા ને ત્યારે લઈ ગયા હતા. બે કરોડ રૂપિયાના ઓલા કરે છે ત્યાં. આ રેલના થાંભલા નથી? રેલના થાંભલા હોય ને થાંભલાં શું કહેવાય એ?

મુમુક્ષુ :- પાટા.

ઉત્તર :- ના. પાટા નહિ થાંભલા. મૂકવાના એવા બનાવે છે. બે કરોડ. ત્યાં પગલા કરવા લઈ ગયા હતા. મહારાજ આવે તો ઠીક થાય. ઘણાંને એવું હોય. અહીં તો કહે કે તમારા પુણ્ય વિના મળે એવું નથી. અને મળે તો ધૂળ છે. ત્યાં હતા ને. રામજીભાઈના વહુ હતા. રામજી હંસરાજ, નહિ? આ કામાણી. અહીં નરભેરામભાઈ અને એની વહુ, અને બે છોકરા. એક ગામમાં હતા ત્યાં આહાર.. તમારી જોડે નહિ ઘરે? તમારી જોડે ઘર હતું એ. સ્ટીમર જોવા ગયા હતા. ત્યાં આહાર કરવા લઈ ગયા હતા. સ્ટીમરના આકારનું મકાન છે ને. તમે જોયું છે. અને બહાર મોટું. આઠ માઈલ છેટે છે, હોં! કીધું, અહીં થોડું લઈ જશે. કરતા કરતા ક્યાંય લઈ ગયા. મોટી મોટર હતી જબરી એની. ત્યાં તો બધી ધામધુમ કરી. બે કરોડનું આ કર્યું. પછી કહે, દસ કરોડનું કરવાનું છે. ..ને દસ કરોડના થાંભલા. થાંભલા ઓલા હોય ને એ કાઢવાના છે. જુઓ! એવા છોકરા હુશિયાર હોય તો કેવું એના બાપને લાગે!

મુમુક્ષુ :- બાપ તો વયા ગયા. શું લાગે?

ઉત્તર :- એની માને લાગે. એની મા બેઠી હતી ને. એના બાપને જયપુરમાં.. ત્યાં લઈ ગયા હતા ને. કામાણી હાઉસ છે ને, મુંબઈમાં મોટું. ત્યાં લઈ ગયા હતા. બધા મોટા

મોટા નોકરો મોટા મોટા. જબરા, હોં! બધા બેઠેલા. ત્યાં પગલા કરવા લઈ ગયા હતા. બધા ઊભા થઈ ગયા. મહારાજ મંગળિક સંભળાવો અમને. પણ રાજી રાજી થઈ ગયા બધા. પણ શું છે? બહારમાં ધૂળેય નથી. પૈસા પણ એ તારા ક્યાં હતા? એ તો ધૂળ જડ છે. અહીં તો કહે છે કે જ્ઞાનીને રાગ પણ પોતાનો નથી ત્યાં વળી પૈસા ક્યાં રહી ગયા એના. આહાહા..! સમજાણું કાંઈ? રાજી થઈ જાય. મોટા છોકરા પેદા કરે. દસ-દસ લાખની પેદાશ હોય.

એ કહે છે કે જ્ઞાનીને વર્તમાન પણ પક્કડ નથી અને ભવિષ્યની પક્કડ નથી. અજ્ઞાનીને પક્કડ છે, રાગ ઉપર પ્રેમ છે અને પર વસ્તુ મારી છે એમ પ્રેમ છે માટે. એ અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. ભલે પછી દયા, દાનના પરિણામ કરતો હોય તોપણ એ મિથ્યાદષ્ટિને લઈને અનંત સંસારનું કર્મ ક્ષણે ક્ષણે બાંધે છે. સમજાય છે કાંઈ?

એવો માર્ગ વીતરાગનો. પરમ વીતરાગ પરમાત્મા એણે કહેલો આ માર્ગ છે. ભાઈ! આ કોઈએ કલ્પનાથી કર્યો છે એમ નથી. ત્રણ કાળનું જ્ઞાન જેને છે. એવા ત્રિકાળ જ્ઞાની અનાદિ કાળથી ચાલ્યા આવે છે. અમુક જાય મોક્ષ તો નવા થાય. ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. પૂર્વના હતા એ મોક્ષ ગયા. નવા બિરાજે છે. વીસ તીર્થંકર છે. લાખો કેવળી બિરાજે છે. વળી મોક્ષ જાશે તો નવા થાશે. કોઈ દિ' કેવળી અને તીર્થંકરનો વિરહ અઢી દ્વીપમાં હોય નહિ. કહો, સમજાણું કાંઈ? એ ભગવાનના મુખમાં ત્રણ કાળ ત્રણ લોક જાણીને આવ્યું છે કે બાપુ! ધર્મી એને કહીએ, જેને ધર્મ પર્યાય, આનંદની પર્યાય, શાંત પર્યાય, સમ્યગ્દર્શન પર્યાય જ્યાંથી પ્રગટી એવા આત્માની એને અંતર દૃષ્ટિ અને અનુભવ હોય છે. સમજાણું કાંઈ? એને વર્તમાન અને ભવિષ્ય બેય પરિગ્રહનો પક્કડ હોઈ શકે નહિ.

'**ભાવાર્થ :- અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે.**' ગયો કાળ તો વીતી ગયો છે. હવે ક્યાં છે? જે કાંઈ કર્મને કારણે થયો હતો રાજા, શેઠિયો, પૈસા, ધૂળ એ તો બધું હવે નથી અત્યારે. જોયું! '**અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે. અનાગત ઉપભોગની વાંછા નથી;...**' ભવિષ્યમાં એ રાગ અને રાગના ફળની ધર્મીને વાંછા નથી.

મુમુક્ષુ :- રોટલા શી રીતે ખાવા?

ઉત્તર :- રોટલા કોણ ખાતું હતું? જે એને રજકણો આવવાના એ આવે છે. લોકો નથી કહેતા? આપણે દેશમાં નથી? કે ખાનારનું દાણે દાણે નામ છે. ભોગીભાઈ સાંભળ્યું છે કે નહિ? લલ્લુભાઈ! સાંભળ્યું છે કે નહિ? તો એ શું કહ્યું? શું એનો અર્થ? બોલાય છે પણ (સમજતા નથી). એય..! વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- પણ મહેનત કરે ત્યારે મળે ને.

ઉત્તર :- ના. ના. એમ કહે છે કે એનો અર્થ કે જે રજકણ આવવાના તે આવવાના અને નહિ આવવાના તે નહિ આવવાના. એમ છે એનો અર્થ. એય..! ભોગીદાસભાઈ! બોલે છે ખરા પણ પાછા...

મુમુક્ષુ :- મહેનત કર્યા વિના મળે?

ઉત્તર :- મહેનત શેનો ધૂળમાં કરે? રાગ થોડો કરે અને પૈસા ઘણા મળી જાય, અને કોઈ (પરિશ્રમ) ઘણો કરે અને કાંઈ મળતું નથી. એની સાથે શું સંબંધ છે? મળતું નથી તો આવતા નથી. એની સાથે શું સંબંધ છે?

ધર્મીને પણ ખાત્રી છે કે જે રજકણ મારી પાસે દાણો આવવાનો એ આવવાનો જ અને જે અંદર રહેવાનો એ રહેવાનો. ... એય..! બોલે ખરા. દાણે દાણે નામ છે. નામ છે એનો અર્થ? કે ભગવાનના જ્ઞાનમાં છે કે એની પાસે આ પરમાણુ આવવાના અને આ પરમાણુ નહિ આવવાના. ભગવાને દીઠું એ પ્રમાણે થયા કરશે. સમજાણું કાંઈ? એમ ધર્મી પણ પોતાના જ્ઞાનમાં એમ જાણે છે કે આ હું લાવું, કરું એવું કાંઈ છે જ નહિ. આવવાનું હોય એ આવો, ન આવવાનું હોય ન આવો. હું તો એનો જાણનાર છું. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

દેવચંદજીએ કહ્યું. દેવચંદજીએ સ્તુતિ કરી છે ને? શીતલનાથ ભગવાનની. ખતરગચ્છમાં થયા ને દેવચંદજી. શીતલનાથ ભગવાનની સ્તુતિ કરી છે. ચોવીસ તીર્થંકરની સ્તુતિમાં શીતલનાથ ભગવાનની સ્તુતિ કરી છે. 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ રાજનીતી એ ચાર જી ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે લાર જે.' એક કડી છે આ. શીતલનાથ ભગવાનની સ્તુતિમાં. ભોગીદાસભાઈ! કોઈ દિ' જોઈ પણ નહિ હોય. ચોપડા આડે નવરા કે દિ' થયા છે? પાપના ચોપડા ફેરવ્યા ફેરવ. એય..! શીતલનાથ ભગવાનની સ્તુતિ છે. છે? આપણે છે અહીં? નથી? ચોવીસ તીર્થંકરની દેવચંદજીની છે ને ચોવીસ તીર્થંકરની, એમાં છે શીતલનાથ ભગવાનની.

હે ભગવાન! આપે કેવળજ્ઞાનના જે દ્રવ્ય નામ વસ્તુ, જે નામ ક્ષેત્ર, જે નામ કાળ અને ભાવ અને ભવ જોયા એ જડ-ચૈતન્ય આપે જોયું એ પ્રમાણે ત્યાં પરિણમન કરશે. આપના જ્ઞાનમાં આવ્યું તે પરિણમન કરશે. એ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ, ભાવ ગુણ રાજનીતિએ ચાર. એ જગતના ભાવો છે. ત્રાસ વિના જડ-ચૈતન્ય પ્રભુ. પ્રભુ એને ત્રાસ ન થાય. એમ પણ .. લોપે. આપે જેવું દેખ્યું છે જ્ઞાનમાં એ રીતે ત્યાં જડ ચૈતન્ય એને કારણે પરિણમશે. વજુભાઈ! ખબર ન હોય. જુઓ! આ સમ્યગ્દૃષ્ટિની આવી શ્રદ્ધા હોય છે. સમજાણું કાંઈ?

કહો, સમજાય છે કે નહિ?

શીતલનાથ ભગવાનની સ્તુતિ. પ્રભુ! આપે જે જોયું કેવળજ્ઞાનમાં. જે પરમાણુ, જે પૈસા, જે દાળ, ભાત, જે પુદ્ગલ જ્યાં આવવાનો તે જે ક્ષેત્રે પરિણમવાનો તે રીતે બનશે. એ આપની આજ્ઞા કોઈ લોપતું નથી. આપના કેવળજ્ઞાનમાં જેવું ભાસ્યું છે તે પ્રમાણે જડ ચૈતન્ય એના પોતાને કારણે પરિણમે છે. આપની આજ્ઞા બહાર કોઈ જગતમાં પરિણમન કરતું નથી. આહાહા..! એવી જેને શ્રદ્ધા થઈ એને પર વસ્તુની ઇચ્છા અને આશા હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે? મળી? દેવચંદજી છે. ત્યાં છે. અહીં તો બધું જોયું છે ને ઘણાં વર્ષથી. ૫૪ તો અહીં થયા. દુકાન ઉપર ઘણાં પુસ્તકો જોયેલા પહેલેથી. સજ્ઝાયમાળા ચાર આવે છે. બધું ખૂબ જોયું અને ખૂબ વાંચેલું. કરોડો શ્લોકો અને કરોડો...

જુઓ! આ બીજું છે. ચિહ્નવાળું નથી લાગતું. આ બીજું છે. મારું ચિહ્ન છે એમાં. શીતલનાથ ભગવાનની પાંચમી કડી છે. શીતલનાથ ભગવાનનું સ્તવન છે. દસમા શીતલનાથ ભગવાનનું સ્તવન. એની પાંચમી કડી છે. 'દ્રવ્ય ક્ષેત્ર અને કાળ ભાવ ગુણ રાજનીતિએ ચાર જે, ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર જી.' એવો અર્થ કર્યો છે. હે નાથ! જે રીતે તમે તમારા જ્ઞાનમાં જાણો છો તે રીતે તમારું જ્ઞાન પરિણમે છે, તે રીતે સર્વ દ્રવ્ય પરિણમે છે. જે રીતે તમે પ્રરૂપણા કરો છો તે જ રીતે સર્વ દ્રવ્યની પરિણતિ (થાય છે). માટે તમે કોઈને કહેતા નથી, કોઈને ત્રાસ કરતા નથી, ભય પમાડતા નથી. પરંતુ તમારા જ્ઞાનની પરિણતિ લોપી ચાલતા નથી. ભોગીદાસભાઈ! જૈનની વાત પણ સાંભળી નથી એણે. જૈન પરમેશ્વરે કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એ જે રીતે જ્ઞાનમાં જોયું કે આ દ્રવ્યની આ વખતે અહીં પર્યાય થઈ છે, આ થઈ ગયા છે, એ જ પ્રમાણે ત્યાં થાય છે. કેવળજ્ઞાને દીઠું એ સિવાય કાંઈ ફેરફાર થાતો નથી.

મુમુક્ષુ :- આ ભોગીદાસભાઈ અહીં આવવાના હતા એ ભગવાને જોયું હતું?

ઉત્તર :- ભગવાને જોયું હતું એના જ્ઞાનમાં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ચોવીસ તીર્થંકરની સ્તુતિ છે ને. ચોવીસ. આ ચોવીસ સ્તુતિ છે ને. એનું પાંચમું છે આ. આવ્યું છે ને. પુસ્તક છે ને બધા. એના અર્થ કરેલા છે.

તમારા જ્ઞાનની પરિણતિ લોપી ચાલતા નથી. આજ્ઞા લોપતા નથી. એવી સહજ આજ્ઞા સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિને ઇષ્ટ છે, દૃષ્ટ છે એમ કહે છે. સમજાણું કાંઈ? .. છે ને અહીંયાં. પાલીતાણા નીચે નથી? શું કહેવાય બાબુનું? દેરાસર. એ ખતરગચ્છનું છે. હેઠે. નીચેથી ચડતાં. અહીં જિનદર્શનની સ્તુતિમાં છે. છે ને બધી ખબર છે ને, બધું જોયું છે ને.

એમાં અહીં તો વાત એટલી કરવી છે કે ભગવાન કેવળજ્ઞાનીએ દીઠું એ પ્રમાણે જડ-ચૈતન્યની પરિણતિ પર્યાય થયા કરે છે. આઘીપાછી થાય નહિ. એય.. શેઠી!

મુમુક્ષુ :- આઘીપાછી ન થાય તો બધી મહેનત..

ઉત્તર :- એણે જેણે નિર્ણય કર્યો છે કે ભગવાનના જ્ઞાન પ્રમાણે થાય એવો નિર્ણય અહીં કર્યો છે. એવો નિર્ણય કરનારો આત્માના જ્ઞાયક સ્વભાવનો એણે નિર્ણય કર્યો છે. નિર્ણય કર્યો છે એટલે જે વખતે જે થાય તેનો જાણનાર-દેખનાર છે. એ તો સવારે આવ્યું હતું. સમજાણું કાંઈ? એ જ વાત આ કરે છે અત્યારે.

આ નિર્જરામાં ઈ છે. જ્ઞાનીને જ્ઞાનમાં નિર્ણય છે કે જે કાળે જે રાગ જે કાળે જે અવસ્થા છે એ મારા જ્ઞાનમાં જાણવા લાયક છે. આદરવા લાયક છે નહિ. આહાહા..! ભારે વાતું પણ. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથના કાળજાના અભિપ્રાયના હૃદય-ગર્ભ છે. એમાં એ કહ્યું જુઓને. હે નાથ! આપનું કેવળજ્ઞાન જોવે છે ત્રણ કાળ ત્રણ લોક. જે ઠેકાણે જે અવસ્થા વસ્તુની પર્યાય, પરિણમન તે કાળે તે થશે. એમ આપની આજ્ઞામાં ભાળ્યું છે-જ્ઞાનમાં, અને એવું ત્યાં થાશે. થનાર એનું. ભગવાનના જ્ઞાનમાં જોયું. 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા. અનહોની કબ હોસે ન કબહુ કાહે હોત અધીરા?' શ્રદ્ધા ક્યા છે પણ એને. અંદર આમ કરી દઉં, આમ કરી દઉં. એ દૃષ્ટિ જ મિથ્યા છે. એય..! વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- હાથ જોડીને બેસી રહે..

ઉત્તર :- પણ હાથ ક્યાં હતો એનો? એ તો હાથ ચાલે ન ચાલે એને કારણે જડ છે. હાથ એનો છે? એ તો જડ પરમાણુ છે. પરમાણુમાં દ્રવ્ય છે પરમાણુ એક એક. એમાં અનંતા ગુણ પડ્યા છે અને એ ગુણની એક એક સમયની અનંતી પર્યાય થાય છે. કરે કોણ? એ તો ઈ પોતે કરે છે. શ્રદ્ધાની ખબર નથી, અજીવની શ્રદ્ધાની ખબર નથી. અજીવની શ્રદ્ધા હોય તો અજીવ જે વસ્તુ છે અનંત એ પોતે દ્રવ્ય-ગુણ-પર્યાયપણે પોતે ટકી રહી છે. મારે કારણે એ છે? અજીવતત્ત્વની શ્રદ્ધા નથી. આમ બોલે કે અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને (તો મિથ્યાત્વ). નથી આવતું? દસ પ્રકારના મિથ્યાત્વમાં આવે છે. પડિક્કમણામાં આવે છે. ગડીયો બોલે. ગડીયા એટલે સમજાણું? પહાડો બોલે. કાંઈ અર્થની ખબર ન હોય. પણ અજીવને જીવ માને એનો અર્થ શું? કે જે અજીવ જગતના પદાર્થ ભગવાને પાંચ જોયા છે. આ પુદ્‌ગલ એક અજીવ, બીજા ચાર જોયા છે. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ અને કાળ. છ દ્રવ્ય છે ને ભગવાનના જ્ઞાનમાં. એ અજીવ પોતે પોતાને કારણે ક્ષણે ક્ષણે પરિણમી બદલી રહ્યા છે. આ શરીર આમ આમ થયું એ એને કારણે હોં! આત્માને કારણે નહિ. એવી અજીવની શ્રદ્ધા જ્ઞાનીને હોય છે. અજ્ઞાનીને એવી

શ્રદ્ધા નથી. હું આમ કરી દઉં, હું આનું કરી દઉં, હું કરું. અજીવને જીવ માને છે એ તો. અને જીવને અજીવ માને છે. ભાન ક્યાં છે શ્રદ્ધાની? એય.. પોપટભાઈ! આહાહા..!

એ ભગવાનનું જ્ઞાન જેમ બેઠું. એ શું થયું એની તો વાત ચાલે છે આ. ભગવાનનું જ્ઞાન કહો કે આત્માનું જ્ઞાન કહો. હું જાણનાર-દેખનાર. ભગવાન પણ સર્વજ્ઞ છે એ જાણે-દેખે છે. કોઈના કર્તા હર્તા નથી. એમ હું પણ જ્ઞાન સ્વરૂપ છું. હું રાગનો કર્તા નથી અને રાગનો સ્વામી નથી, પર મારી ચીજ નથી, એનો હું ધણી નથી. હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ એનો ધણી છું. એમ ધર્મીને ભાન થતાં તે પરનો કર્તા હર્તા થતો નથી. આ વાત છે, બાપુ! આ તો મૂળની વાતું છે, ભાઈ! આહાહા..! જગતને એવું લાગે ને. ભગવાનની વાત જ સાંભળી નથી એણે. જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન. જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન. સૌના સૌ કાર્ય કરે, કોઈનું કોઈ કરે નહિ. (કરે) તો બે એક થઈ જાય.

એ અહીં કહે છે કે ધર્મીને એવી દૃષ્ટિ થઈ છે કે જેથી જે જડ અને જે રાગ લક્ષમાં આવે છે એ હેયબુદ્ધિએ છે. જ્ઞેયબુદ્ધિએ, હેયબુદ્ધિએ જ્ઞેય જાણે છે કે છે. મારો રાગ નથી, મારી ચીજ નથી. મારી ચીજ તો જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ તે હું છું. કહો, શેઠી! ભારે ભાઈ! આવો તે ધર્મ વીતરાગનો! ઓલા તો લીલોતરી ખાવી નહિ, કંદમૂળ ખાવા નહિ, રાતે ચોવિહાર કરવો, આ કરવું, પૂજા, ભક્તિ કરવી આ ફૂલ લેવા, ઢીંકણું. આવી વાત ક્યાંય આવી? સાંભળને હવે, એ તો બધી બહારની ચીજ હતી. એય..! ભોગીદાસભાઈ! ભાઈ! અહીં તો માખણ વસ્તુ સત્ છે ઈ છે.

પહેલા દરબાર આવ્યા હતા ને એક ફેરી અહીં? (સંવત) ૨૦૦૯ની સાલમાં ભાવસિંહજી આવ્યા હતા. આ મંદિર નહિ, મંદિર વખતે પહેલા પણ આવ્યા હતા. પણ આપણું આ થયું ને માનસ્તંભ. ત્યારે આવ્યા હતા. અહીં પાંચ-છ હજાર માણસ આવ્યું હતું ને. ત્યારે વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. તે દિ' તત્ત્વની વાત આવી. પોતે બોલ્યા હતા હોં બિચારા. પોતે કૃષ્ણકુમાર. આજ તો મલાઈ આવી છે. મેં કીધું, માર્ગ જ આ છે. રાજા હોય રાંક હોય. અહીં ક્યાં. એમ બોલ્યા હતા બિચારા, હોં! નરમ માણસ હતા ને. દેરાસર વખતે તો બેય આવતા હતા. ઓલા નિર્મળભાઈ છે ને. નિર્મળ અને આ બેય આવ્યા હતા તે દિ' વ્યાખ્યાનમાં. અને આ ૨૦૦૯ની સાલ. ઓલી (સંવત) ૧૯૯૭ની સાલ અને આ ૨૦૦૯ની સાલ. જ્યારે આ થયું ને. પાંચ-છ હજાર માણસ. ઓલી કોર તંબુ મોટા તાણેલા. છ હજાર માણસ. મંડપ હતો ત્યાં આવ્યા હતા. ભાવનગર દરબાર આવ્યા હતા. પછી આ ભાવસિંહજી તો સાંભળીને કહે, આજ તો મલાઈ આવી છે. મેં કીધું, વસ્તુ જ આવી છે.

માણસે સાંભળી નથી. રાજા હોય કે રાંક હોય. સાંભળી નથી એટલે તમને બીજી રીતે માને શું કામ આવે? કહો, વલ્લભભાઈ! માર્ગ આવો વીતરાગનો છે. સર્વજ્ઞનો કહેલો કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.

મુમુક્ષુ :- એ શરણ છે?

ઉત્તર :- એ શરણ છે.

ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પ વિનાની ચીજ એની અંતર દૃષ્ટિ કરવી, શરણ લેવું એ કેવળી પણ્ણતો ધમ્મો શરણં. કેવળી કાંઈ આપી દેતા નથી કાંઈ કોઈને. એ તો એનો આત્મા એની પાસે છે અને આ અહીં છે. કર્તા છે કાંઈ ભગવાન કોઈના? કોઈનું કરી દે એવું છે? તો તો કર્તા ઈશ્વર કહે છે એવું થયું. કર્તા-બર્તા કોઈ છે નહિ. સૌ સૌના આત્મા સૌની પરિણતિ કરે. અવળી કરે કે સવળી કરે એનો જવાબદાર ઈ છે.

અહીં તો કહે છે, **'અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે.'** ધર્મી જીવને જ્યાં આત્માની શ્રદ્ધા થઈ છે, અરે..! જ્ઞાન અને આનંદમૂર્તિ આત્મા ત્રિકાળ શુદ્ધ આનંદ છું એવી શ્રદ્ધા અને ભાન થયું છે, એને ગયા કાળના કર્મ જે વીતી ગયા ભવ એ તો ગયા. **'અનાગત ઉપભોગની વાંછા નથી;...'** પોતાની વાંછા-ભાવના કરે કે એ તો એ કરે? રાગાદિ આવે હેયબુદ્ધિ છે-છોડવાની બુદ્ધિ છે. સમજાણું કાંઈ? ઘરમાં સર્પ નીકળે સારો કાળો નાગ સરખાઈનો. રાખવાનો ભાવ હશે એને? ઘરના દસ છોકરા, પંદર છોકરાને ક્યાં રખાય? પકડો ઝટ પકડો બાપુ! સમજાણું કાંઈ?

જુઓને! અહીં થયું હતું ને એક ફેરી. દુકાનમાં મોટો નાગ હતો જબરો. મોઢ છે ને? આપણે અહીં કામ કરે છે. એનો છોકરો હતો આઠ-નવ વર્ષનો. બાર વર્ષનો. જેઠ સુદ પાંચમ કે ચોથે. ઘણાં વર્ષની વાત છે. દસ, બાર, પંદર. ઘરમાંથી મોટો નાગ આવ્યો. રહેતો હતો ભીંતમાં. ઓલી ભીંતને. આવી નહોતી. ધૂળની હતી. આમ આમ કરતો હતો કરડી ગયો. કરડીને વયો ગયો અંદરથી. .. .. ઘૂમરી ચડે. એનો બાપ નહોતો. લઈ ગયા શિહોર. ત્યાં તો રસ્તામાં મરી ગયો. પકડ્યો એને ઓલા ગારુડી હતા. એણે કાઢ્યો અંદરથી. ગૂંચળુ વળેલું ઉપરથી કાઢ્યું. નીકળ.

અહીં એમ કહે છે કે રાગ તો ઝેર નાગ છે કાળો. દાખલાનું કામ નથી. પડ્યો હતો અંદર. ભીંત હતી ને ભીંત પોલી. એમાં રહેતો હશે. ઘણી વાર તો એમાંથી ખાતો હશે. છોકરો એકલો બિચારો. એનો બાપ નહોતો. આપણે નોકર છે. ... ઘણાં વર્ષ થયા. એમ કહે છે કે રાગ આવે, પુણ્ય કે પાપ એ તો કાળો નાગ છે ધર્મીને. આહાહા..! ભારે વાત! એય..! દેવીલાલજી! ભાઈ! આવો તે ધર્મ કઈ જાતનો? બાપુ! આ તો વીતરાગનો ધર્મ

છે, ભાઈ! જેમાં રાગનો અભાવ એવો આત્મસ્વભાવ જેની દૃષ્ટિમાં આવ્યો છે. એને રાગ હોય વચ્ચે શુભભાવ પણ એની દૃષ્ટિમાં એને હેય વર્તે છે. આદરણીય હોતો નથી. રાગનો આદર કરે તો સ્વભાવનો અનાદર થઈ જાય અને સ્વભાવનો આદર કરે તો રાગનો આદર હોતો નથી. આહાહા..! કહો, સમજાણું?

**'કારણ કે જે કર્મને જ્ઞાની અહિતરૂપ જાણે છે તેના આગામી ઉદયના ભોગની વાંછા તે કેમ કરે?'** કર્મ જડ છે. એ અહિત છે. મારું શું છે એમાં હિત? હિત તો મારા સ્વરૂપમાં છે. આહાહા..! સમજાણું? મળજો, દેવલોક મળજો, ફલાણું મળજો. પણ એ તો બધું કર્મ અહિત છે. એને મળવું એ તો સંયોગ છે. આત્મા તારે પ્રાપ્ત કરવો છે કે વસ્તુ ધૂળમાં જાવું છે તારે? આહાહા..!

મુમુક્ષુ :- ધૂળમાંથી થઈને જાય.

ઉત્તર :- ધૂળમાં થઈને જાય એટલે? ધૂળ તો અજીવ છે. અજીવમાં થઈને જાય જીવ? અજીવને વેગળો રાખીને જીવ પોતાના સ્વભાવમાં જાય. કહો, શેઠી! માર્ગ આવો છે, ભાઈ! એણે નક્કી કરવું પડશે, જો જન્મ-મરણ ટાળવા હોય તો. બાકી એમ ને એમ રખડી મરે છે અનાદિથી. રાજા પણ થાય, શેઠ પણ થાય, પુણ્ય કરે તો ધૂળ મળે ને દેવ થાય. પાછો પટકે હેઠે. ત્યાંથી મરીને ચાર ગતિ. સમજાણું કાંઈ?

નિર્જરા જ્ઞાનીને થાય છે એમ કહે છે. અજ્ઞાનીને, જેને રાગથી ભિન્ન આત્માનું ભાન નથી એ બધા ક્રિયાકાંડો ગમે તેટલી કરે તો એને નિર્જરા નથી પણ એકલું સંસારનું બંધન છે. મિથ્યાત્વ જ્યાં ભાવ પડ્યો છે, રાગની રુચિ છે, પર વસ્તુનો પ્રેમ છે, પરમાં સુખબુદ્ધિ છે, પરમાં હિતબુદ્ધિ છે એ જીવ ભલે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરે મિથ્યાત્વનું બંધન એને ક્ષણે ક્ષણે થયા કરે છે. સમજાણું કાંઈ? ભાઈ! વાત તો આકરી છે, ભાઈ! આવતા આવતા આવી છે. પાઠ ચાલતો હોય એ અધિકાર આવે ને. હવે આખો દિવસ આ મીલ-બીલનું કર્યું તોફાન, એમાં આ વળી શું પણ આવ્યું આ? એવું સાંભળે કે દયા કરો, પૂજા કરો, ભક્તિ કરો, વ્રત કરો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો સાચી. મોટર .. જાત્રા કરવા લ્યો. અષાઢ સુદ પુનમ પહેલા ત્યાં જવું અયોધ્યા.. એવું બધું સાંભળ્યું છે, લ્યો. ત્યાં જાવ તો ભગવાનના ભેટા થઈ જાય. એકવાર નવ્વાણું કરે તો કલ્યાણ થઈ જાય. અહીં કહે કે લાખ કરે તો કલ્યાણ નથી. લે. એય..! ભોગીલાલભાઈ! એ પૂજાનો ભાવ એ શુભભાવ છે. પરદ્રવ્યનું લક્ષ એ ભગવાનની ભક્તિ શુભ છે, પુણ્ય છે, ધર્મ નહિ. આવું નથી કર્યું તેં અનંત વાર? એક કારતક સુદ

પુનમ કરી આવે અને એક અષાઢ સુદ ચૌદસે કરી આવે. જાઓ! બાર મહિનામાં બે કરો લ્યો. બહુ આવે છે ને. ઘણા વાતું કરે. બાપા!

એ (સંવત) ૧૯૯૫માં ગયા હતા ને ભાઈ પહેલા? જાત્રા. ત્યારે .. મોટી સુખીની ધર્મશાળા. ત્યાં છે ને મોટી સુખીની ધર્મશાળા. ત્યાં ઉતર્યા હતા. બધા વ્યાખ્યાનમાં આવતા. એક લીંબડીનો હતો કો'ક શ્રાવક. ઉપર ચડે. જોળી અહીં રાખે ને .. નાખીને. ઉપર ચડતા હશે અને એમાં હું હતો અને ઈ જોડે બેઠેલો. જોડે એનું મકાન હતું. મોટી સુખીની ધર્મશાળા. આવ્યા. વાતચીત નીકળતા નીકળતા (કહ્યું), જો ભાઈ! આ બધું ભગવાનની પૂજા, ભક્તિ આદિનો ભાવ તે પુણ્ય છે. ભડક્યો. આ મહેનત કરીને પગે ચાલીએ છીએ. પડી ન જાય એટલે જોળી રાખે ને નાની? ભરાવીને રાખે ફૂલની માળા. અહીં ભરાવે ને બાંધે. શું કર્યું? દરરોજ સવારમાં જાય. એમાં એક વાર આવ્યા મારી પાસે. જોડે મકાન હતું. મોટી સુખીની ધર્મશાળામાં વ્યાખ્યાનનો હોલ છે ને, વ્યાખ્યાનનો હોલ. એ આની કોર ઉતરેલા. એ આમ ઉતરે. મેં કીધું, વાત તો એવી છે, વીતરાગ માર્ગ તો એવો છે કે એ ભક્તિ, પૂજા આદિ જો અંદર કષાય મંદ હોય ને તો પુણ્ય છે. ધર્મ તમે માની લ્યો કે એનાથી જન્મ-મરણ મટે. એમ ભગવાન ના પાડે છે. હાય.. હાય..! ૯૫ની વાત છે. ૯૫. પોષ વદમાં. પોષ સુદમાં. પોષ વદ કહેવાય ને? મેરુ તીર્થ નથી આવતી? ઋષભદેવ ભગવાન મોક્ષ પધાર્યા. .. મેરુ કરે છે ને. એ પોષ વદ. ૯૫. આ વાત સાંભળવી એને ગોઠતી નથી. અંદરથી (એમ થાય), આ શું કહે છે? ધ્રુજી ઊઠે છે. પણ વસ્તુ જ આ છે. સાંભળને! સમજાણું કાંઈ? પર સામું જોયા જ કરવું એમાં આત્માનું કલ્યાણ થશે? ત્યાં આમ આમ કર્યા કરે. પર સામું જોવાનું તો રાગ છે. બાયડી સામું, છોકરા સામું જોવે, વેપાર સામું જોવે તો પાપ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર સામું જોવે તો પુણ્ય છે.

મુમુક્ષુ :- આત્મા સામું જોવે તો?

ઉત્તર :- આત્મા સન્મુખ થઈને પોતાને જોવે તો ધર્મ થાય. સમજાણું કાંઈ?

એ કહે છે કે જ્ઞાનીને ભવિષ્યનો ભાવ હોતો નથી. કારણ કે જેને હેય માને તેને પછી રાગ કેમ હોય? '**આ રીતે જ્ઞાનીને જે ત્રણ કાળ સંબંધી કર્મોદયનો ઉપભોગ તે પરિગ્રહ નથી. જ્ઞાની જે વર્તમાન ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે...**' રાગ થાય, જરી આવે પણ રુચિ છે નહિ. રોગ જાણે. રાગને રોગ જાણે. જુઓ! લખ્યું છે ને? '**પીડા સહી શકાતી નથી તેનો ઈલાજ કરે છે-રોગી જેમ રોગનો ઉલાજ કરે છે તેમ.**' ધર્મીને જરી રાગ આવ્યો. .. બાયડી છે. અંદરમાં એનો આદર છે નહિ. તેથી ધર્મી તે રોગ સમાન રાગને જાણે. ભોગને પણ રોગ સમાન જાણે છે. ધર્મીને આત્માની દૃષ્ટિ છે શુદ્ધ

ઉપર તેથી ક્ષણે ક્ષણે રાગાદિ ખરી જાય છે એનું નામ નિર્જરા કહેવામાં આવે છે. આમ કરી અપવાસ કરી નાખે, .. કરી નાખે અને નિર્જરા થઈ જાય. ધૂળમાંય ન થાય. સાંભળને. સમજાણું કાંઈ? ભોગીદાસભાઈ! વાતું એવી છે બાપા અહીં તો.

મુમુક્ષુ :- ધર્મની વાત તો એવી છે.

ઉત્તર :- ધર્મ એટલે અપૂર્વ વાત! અનંત કાળમાં નહિ કરેલી. એક સમય ધર્મ કરે એના જન્મ-મરણ રહે નહિ. એની વાત ચાલે છે. એ ધર્મ આત્માના શુદ્ધ આનંદના સ્વભાવની અંતર દૃષ્ટિ કરીને, રુચિ કરીને પરિણમન કરવું એનું નામ ધર્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૨, સોમવાર તા. ૭-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૧૬, શ્લોક-૧૪૭, પ્રવચન-૩૦૦**

સમયસાર. ૨૧૬ ગાથા. ૨૧૫ થઈ ગઈ.

**'હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી?'** એ પ્રશ્ન છે. ભવિષ્યના ભોગને જ્ઞાની વર્તમાનમાં કેમ ઈચ્છતો નથી? **'તેનો ઉત્તર કહે છે :-'**

**जो वेददि वेदिज्जदि समए समए विणस्सदे उभयं।**
**तं जाणगो दु णाणी अभयं पि ण कंखदि कयावि।।२१६।।**
**રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,**
**-એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.**

જુઓ! શું કહે છે?

**'ટીકા :- જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી,...'** ધર્મીને તો આત્મા સ્વભાવભાવ ધ્રુવ નિત્ય આનંદ છે. નિત્ય આનંદની દૃષ્ટિ હોવાથી આનંદ તરફની તેની એકાગ્રતા અને ભાવના હોય છે. સમજાણું કાંઈ? **'જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી,...'** ભગવાન આત્મા જેવો નિત્ય અને ધ્રુવ છે એવો જ એનો જ્ઞાન અને આનંદ સ્વભાવ પણ નિત્ય અને ધ્રુવ છે. એવી જ્યાં અંતર દૃષ્ટિ ધર્મીની ધર્મ દૃષ્ટિ થઈ છે. સમજાય છે? **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...'** શું કહે છે? જુઓ! ધર્મી તો ટંકોત્કીર્ણ. જેમ વગર ટાંકણે કર્યા એમ ને એમ જે અદબદનાથ નીકળે, એવો ભગવાન આત્મા વસ્તુ, એનો નિત્ય આનંદ જ્ઞાયક સ્વભાવભાવ એનું અંતર અવલંબન અને આશ્રય હોવાથી જ્ઞાની નિત્ય છે એમ કહે છે અહીં તો. ભાઈ! દૃષ્ટિ નિત્ય ઉપર છે ને? અહીં અનિત્ય ઉપરથી કાઢી નાખીને નિત્ય ઉપર દૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ આ. ૨૧૬મી ગાથા. ૨૧૫ ગાથા. કીધું ને એ. દાસે પૂછ્યું હતું. (સંવત) ૧૯૯૧ના ફાગણ મહિને. ઉમરાળા. આ શું? વેદ્ય-વેદક આવે ખરું ને. વાર લાગે ચાલતા ચાલતા પગ દુઃખતા હોય, વૃદ્ધાવસ્થા હોય. સમજાણું કાંઈ? શું કહ્યું?

ધર્મી એને કહીએ કે જેને આત્માનો અતીન્દ્રિય આનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ શાંતિ એવો જે ત્રિકાળી સ્વભાવ તેની જેને અંતર્મુખ દૃષ્ટિ થઈ છે. સમજાય છે કાંઈ? એથી ધર્મી તો... કોઈક વળી એમ કહે કે જ્ઞાની અમે નથી પણ અમે ધર્મી છીએ, એમ. કારણ કે જ્ઞાની

તો બહુ જ્ઞાન જાણતો હોય. પણ અમે ધર્મી છીએ, અમે ધર્મ કરીએ છીએ. પણ એ ધર્મી અને જ્ઞાની એક જ ચીજ છે.

જેને આત્મા જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યપિંડ, સામાન્ય જ્ઞાયક સ્વભાવ ધ્રુવ આનંદ, નિત્ય આનંદ આત્મા અથવા નિત્ય શાંતરસ વીતરાગ સ્વભાવ આત્મા છે. એવી જેને દૃષ્ટિ થઈ છે. કેમ કે '**જ્ઞાની તો, સ્વભાવભાવનું...**' સ્વભાવભાવનું. સ્વભાવભાવનું '**ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...**' એક ચૈતન્ય ધ્રુવ એના ઉપર ધર્મીની દૃષ્ટિ છે. ચાહે તો વિકલ્પ હોય, લડાઈ હોય, ધંધો આદિ ગમે તેમાં પડ્યો હોય એ. અનિત્યનો સ્વામી નથી અને અનિત્ય ઉપર એની દૃષ્ટિ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...**' એટલે કે ત્રિકાળ શુદ્ધ આનંદ સ્વરૂપ એવી જે દૃષ્ટિ છે એ વસ્તુ નિત્ય છે એથી એક છે. તો એની એકાકારમાં દશા પણ એકરૂપ જ થાય છે. સમજાણું કાંઈ? ધર્મીને નિર્જરા કેમ થાય છે એમ કહે છે અહીંયાં. અને નિર્જરા એટલે શુદ્ધિ કેમ વધે છે અને એને બંધન કેમ થતું નથી એનું કારણ વર્ણવે છે. સમજાણું કાંઈ? આત્મા સત્ શાશ્વત પ્રભુ ધ્રુવ, આમ ત્રિકાળ ભલે, વર્તમાન જેનું ધ્રુવપણું, શુદ્ધપણું એમ શબ્દ લીધો છે. સ્વભાવભાવનું. ભગવાન આત્મા એનો જે સ્વભાવ કાયમી સ્વભાવ, નિત્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ એવો જે ભાવ એનું ધ્રુવપણું હોવાથી. ધર્મીને ધ્રુવ ઉપરની દૃષ્ટિ છે. મુખ્યપણું દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. અંતરમાં એને સ્વભાવ શુદ્ધ ઉપર જ દૃષ્ટિ છે. દેવીલાલજી! ભારે વાત.

'**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ...**' તેથી એક જ્ઞાયકભાવસ્વરૂપ. છે તો ત્રિકાળ જ્ઞાયકભાવસ્વરૂપ. પણ એમાં એકાકાર થાય છે માટે પણ જાણકસ્વભાવરૂપ જ્ઞાયકભાવરૂપ એક જ એ છે. રાગાદિ ભેદ પડે છે એ એનો સ્વામી છે નહિ. એને ઇચ્છતો નથી. ઇચ્છતો નથી એમ અહીંયાં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? વસ્તુ જે છે નિત્ય આનંદ શુદ્ધ, એની અંતર્મુખ દૃષ્ટિ છે, નિત્ય ઉપર દૃષ્ટિ છે, એક ઉપર દૃષ્ટિ છે તેથી તેની દશામાં પણ એકરૂપતા જ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

'**અને જે વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' એ પાઠમાં પેલો વેદક લીધો છે અને આમાં પહેલો વેદ્ય લીધો છે. જે શ્લોક છે ને મૂળ શ્લોક? '**वेददि**' એટલે પછીનો ભાવ છે એ. '**वेदिज्जदि**' એ પહેલાનો ભાવ છે. મૂળ શ્લોક કુંદકુંદાચાર્યનો. કારણ કે એ તો પદ છે ને. પદની રચનામાં તો જેમ આવે. જુઓ! પહેલો શબ્દ છે ને? '**जो वेददि**'. એ '**वेददि**'નો અર્થ વેદવા યોગ્ય અનુભવ કરવા યોગ્ય. વેદકને '**वेददि**' કીધો છે. અને '**वेदिज्जदि**' એ પહેલાને કહ્યો છે. જે ઇચ્છા થાય તે કાળને '**वेदिज्जदि**' કહ્યો છે અને જ્યારે અનુભવ એનો

કરવાનો કાળ આવે ત્યારે એને વેદક કહ્યો છે. ટીકામાં જેમ હોય તેમ એણે લીધું છે.

વેદ્ય એટલે પ્રથમ ઇચ્છા થાય કે આ વસ્તુને ભોગવું એવી ઇચ્છા. સમજાય છે? એ વેદ્ય. અને વેદક. અને જે ઇચ્છા થઈ છે એને ભોગવવાનો ભાવ આવે એને વેદક કહે છે. સમજાણું કાંઈ? ખરેખર તો બેય વિભાવભાવ છે. પણ સામગ્રી ઉપરનું લક્ષ કરીને કહ્યું છે. વસ્તુ કાંઈ નથી તો આ ઇચ્છિત છે કે આ ખાઉં, આ લઉં. એવી ઇચ્છાનો કાળ (છે) ત્યારે એને ભોગવવાનો કાળ નથી. કારણ કે અહીં તો ઇચ્છા થઈ છે. અને જ્યારે ભોગવવાનો કાળ આવે છે ત્યારે ઇચ્છાનો કાળ રહેતો નથી. સમજાણું કાંઈ?

શબ્દ તો એ ટીકાનો છે કે અનાગતને કેમ ઇચ્છતા નથી? એમ છે ને મૂળ તો? '**અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી?**' એમ શબ્દ છે, જુઓ! '**कुतोऽनागतमुदयं ज्ञानी नाकांक्षतीति चेत्-**' એટલે કે ધર્મી જીવને ભવિષ્યના ભોગની, ભવિષ્યની ઇચ્છા કેમ થતી નથી? ત્યારે કહે છે કે ભાઈ! ધર્મીની દૃષ્ટિ તો નિત્ય આનંદ ઉપર છે. એનો સ્વભાવ શુદ્ધ ધ્રુવ જ્ઞાયક મૂર્તિ છે એમાં છે. માટે જ્ઞાની તો એક જ્ઞાનભાવ સ્વરૂપ જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' એટલે કે કાંક્ષમાણ ઇચ્છા કરવાનો કાળ છે એ વેદ્ય. અને પછી એને ભોગવવાનો કાળ આવે ત્યારે વિકાર (થાય) એ પણ ઇચ્છા-રાગ. એ વેદક કાળ છે. એ બેય ભાવો '**તેઓ, વિભાવભાવોનું...**' તે બેય વિકારીભાવ છે. '**ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી,...**' ઇચ્છા થાય ઉત્પન્ન થઈ, બીજે ક્ષણે એનો નાશ થાય છે. બીજે ક્ષણે જ્યાં ઓલો ભોગવવાનો વખત આવે ત્યારે એવી ઇચ્છાનો કાળ સમય રહેતો નથી. એટલે ભિન્ન ભિન્ન ઇચ્છા અને ભોગવવું, ઇચ્છા અને ભોગવવું ભિન્ન કાળ છે. એવા '**વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું...**' પછીનો ભાવ જે આવ્યો વેદવાનો. ત્યારે પણ એ પહેલાનો વિનાશ થઈ ગયો છે. વળી બીજી ઇચ્છા થાય ત્યારે ઓલો જે અનુભવવાનો કાળ હતો એ રહ્યો નહિ. સમજાણું કાંઈ? જુઓ! કેવી રીતે મૂકી છે વાતને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી. ... કે દિ' .. ઇચ્છા છે. ઇચ્છા છે ત્યારે ઇચ્છા તો વિકાર છે. હવે એ વખતે ભોગવવાની ઇચ્છા થઈ તે વખત એનો ભોગવવાનો વખત છે? તો ઇચ્છા શું કરવા થાય? કે એ વખતે એને ભોગવવાનો કાળ નથી માટે. ઇચ્છા થઈ કેમ? એ વસ્તુને આમ ભોગવું. આ લઉં, આ ખાઉં. એવો ભાવ, હોં! એ વસ્તુ નથી અને વસ્તુને ભોગવવાનો એ કાળ પણ નથી. એ વખતે તો કાંક્ષા થઈ. કાંક્ષા થઈ, ઇચ્છાનો કાળ છે.

સમજાણું કાંઈ?

કોઈપણ ચીજને ભોગવવા માટે અનાગત કર્મના ઉદયને અનુભવવા માટે જે ઈચ્છા કરે ત્યારે અનુભવવાનો કાળ નથી. જ્યારે અનુભવવાનો કાળ આવે ત્યારે ઓલી ઈચ્છા રહેતી નથી. ત્યારે કહે, પછી વેદશે ઓલાને. પછી ઓલો અનુભવકાળ તે રહેશે નહિ. સમજાય છે કાંઈ? ... હમણાં. મનસુખભાઈની સામું નજર કરીને. આ સાંભળે અને સમજાય તો. ત્યાં ઘરે એની મેળાએ સમજાય એવું નથી. કહો, સમજાણું આમાં?

અહીં તો ન્યાય મૂક્યો છે કે ધર્મી ભવિષ્યના ઉદયના ઉપભોગને કેમ ઈચ્છતો નથી? કે આ કારણે ઈચ્છતો નથી કે જ્ઞાનીની દૃષ્ટિ પોતાનું આનંદ નિત્ય ધ્રુવ સ્વરૂપ હોવાથી, તેમાં એકપણાની પ્રાપ્તિ હોવાથી એ જ્ઞાયકભાવપણે તે નિત્ય રહે છે. એને આ વિભાવભાવ જે છે એ ઈચ્છાના કાળ વખતે અનુભવનો કાળ નથી, રાગનો. ભલે એ રાગ લો. અને રાગના અનુભવના કાળ ટાણે ઈચ્છાનો કાળ નથી. એવા નિરર્થક ભાવને તે ધર્મી કેમ ઈચ્છે? એમ કહે છે. ઝીણી વાત છે, રાજમલજી!

મુમુક્ષુ :- લાડવા ખાવાની ઈચ્છા થાય ત્યારે લાડવા ખાય છે.

ઉત્તર :- ક્યાં ખાય છે? ઈચ્છા થઈ ત્યારે લાડવો ક્યાં છે? અને લાડવો આવ્યો અને ખાવાનો ભાવ છે તો ઓલી ઈચ્છા નથી. કાળ ક્યાં રહ્યો? બે એક જ કાળ ક્યાં છે? કહો. આ તો મૂંઝવણ ટાળી નાખે એવી વાત છે.

વાતને સિદ્ધ કરી છે, જુઓને! '**વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' ઓલાની સામે મૂક્યું. ઓલો ધ્રુવ છે તો આ ક્ષણિક છે. તો ધ્રુવ દૃષ્ટિવંત ધર્માત્માને ક્ષણિક ભાવની ભાવના અને વાંછા હોતી નથી. સમજાણું કાંઈ? સમયસાર તો ભાઈ! આ તો અલૌકિક! ભરતક્ષેત્રનો... ભગવાનને જેમ પૂર્ણ કેવળજ્ઞાન (હોય) એવું આ સમયસાર છે. એનો વાચક છે આ. સમજાણું કાંઈ? અલૌકિક વસ્તુને સિદ્ધ કરવાની રીત પણ એવી છે. કુંદકુંદાચાર્યને નીકળી ગયું આ સમયસાર કોઈ અલૌકિક! એવા કાળે નીકળી ગઈ આ ચીજ. ઈચ્છા હોય ને ન પરમાણુ પરિણમે. એ તો પરમાણુ (પરમાણુને) પરિણમવાને આધીન છે ને? એ ક્યાં ત્યાં પરિણમે છે? એવે જ કાળે બરાબર બની ગયું સમયસાર પૂરું. શરૂઆતથી પુરું. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ટીકા પણ પૂરી.

ઉત્તર :- ટીકા પણ પૂરી.

જુઓ! આમાં તો ધર્મી કેવા હોય અને ધર્મીને શું ન હોય અને કેમ ન હોય એ બેય કારણો સિદ્ધ કર્યા. ધર્મી છે એને ભલે સંયોગ હો, એ તો પરચીજ છે. રાગ હો પણ એની ઈચ્છા નથી. કેમ કે એની ઈચ્છા કરવાનું કારણ શું? અભિલાષ કરવાનું કારણ શું?

જેને અભિલેષે છે તે ભોગવવાનો વખત નથી. અને ભોગવવાનો વખત આવે ત્યારે અભિલાષાનો કાળ નથી. નિરર્થક જાય છે. માટે જ્ઞાની તેને ઈચ્છતો નથી. કહો, આમાં સમજાય છે? ..ભાઈ ઝીણું બહુ છે.

'**વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' જોયું ને? ઓલામાં એક કીધો હતો ને સામે? એક પાછો એક પાછો એક કહ્યો હતો. '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...**' સમજાણું? વસ્તુ છે, પદાર્થ છે જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ. આહાહા..! એની અંતર્મુખ દૃષ્ટિ છે. અંતર્મુખ દૃષ્ટિ છે. વસ્તુ પોતે નિત્ય છે તો અંતર્મુખ દૃષ્ટિ થતાં તેની એકતા જ પ્રગટ થાય છે. એટલે વસ્તુ જેમ એક છે એની એકતામાં પણ એક જ છે. ભંગ ભેદ નથી એમ કહે છે. અને ભંગ ભેદની જે ઈચ્છા થાય એ ઈચ્છાનો કાળ ભોગવવાનો નથી અને ભોગવવાનો કાળ ઈચ્છાનો નથી. એને તો કોણ ઈચ્છે? સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

'**વેદ્ય-વેદક ભાવો છે...**' એ તો ભાવો કીધું ત્યાં બે થઈ ગયા ને. '**તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું...**' ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ આનંદનું જ્યાં સમીપપણું વર્તે છે. દૃષ્ટિમાં ધર્મીને આત્માના આનંદનું સમીપપણું વર્તે છે. સમજાણું કાંઈ? એને આ વેદ્ય-વેદકભાવનો ભાવ હોય કેમ? કહે છે. કેમ કે ઈચ્છા થાય ત્યારે ભોગવવાનો ભાવ નથી અને ભોગવવાનો ભાવ થાય ત્યારે ઈચ્છા નથી.

'**ત્યાં, જે ભાવ કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે...**' જે ઈચ્છા થાય છે તેને અનુભવવાનો કાળ આવે છે ત્યાં સુધીનો ઓલો વેદકભાવ જ્યાં સુધીનો ઉત્પન્ન થાય, અનુભવવા યોગ્ય ભાવ ઉત્પન્ન થાય '**ત્યાં સુધીમાં કાંક્ષમાણ વેદ્યભાવ વિનાશ પામી જાય છે;...**' અનુભવવામાં આવે ત્યારે એ કાળ આવે ત્યારે ઓલો પહેલાનો કાળ નાશ થઈ જાય છે. કહો, આમાં તો આ ઈચ્છા કે આવી સ્ત્રી હોય તો ઠીક, આવું મકાન હોય તો ઠીક. એ જ્ઞાનીને એવી ઈચ્છા હોતી નથી એમ કહે છે. આહાહા..! કીધું?

'**કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે...**' ઈચ્છા થઈ એને જ્યાં વેદવાનું આવ્યું. '**વેદ્યભાવને અનુભવનાર છે તે...**' જે ઈચ્છા છે તેને અનુભવનાર છે '**જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં કાંક્ષમાણ...**' પહેલાની ઈચ્છા છે '**વેદ્યભાવ વિનાશ પામી જાય છે;...**' પહેલાનો ભાવ જે ઈચ્છા થઈ એ તો રહેતો નથી. '**તે વિનાશ પામી જતાં, વેદકભાવ શું વેદે?**' સમજ્યાને? અનુભવનાર કોને વેદે? કારણ કે જેની ઈચ્છા થઈ એ કાળ ગયો. એ ઈચ્છા પણ ગઈ. વેદે કોને? ન્યાય સમજાય છે કાંઈ?

'**જો એમ કહેવામાં આવે કે કાંક્ષમાણ વેદ્યભાવની પછી ઉત્પન્ન થતાં બીજા**

**વેદ્યભાવને વેદે છે,...**' વળી પછી થાય. એની ઈચ્છા થાય અને પછીને વેદે '**તો તે બીજો વેદ્યભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદકભાવ નાશ પામી જાય છે;...**' પહેલી ઈચ્છા થઈ ત્યાં બીજી ઈચ્છા થઈ ત્યારે ઓલો વેદકભાવ રહ્યો નહિ. વેદકભાવ થયો ત્યારે પહેલી ઈચ્છા રહી નહિ. પછી પણ એમ ને એમ સાંકળ ચાલી જાય છે.

'**પછી તે બીજા વેદ્યભાવને કોણ વેદે?**' લ્યો! બીજો જે ભાવ થયો એનો પાછો કાળ આવ્યો ત્યારે તો ઓલો રહ્યો નહિ. વેદે કોણ? '**જો એમ કહેવામાં આવે કે વેદકભાવની પછી...**' અનુભવવાના કાળ પછી વળી જે કાળ આવ્યો તો '**બીજો વેદકભાવ તેને વેદે છે,...**' બીજાને વેદશે. '**તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે;...**' અનુભવવાનો જ્યાં કાળ આવે ત્યાં પહેલો ભાવ રહેતો નથી. કહો! આમાં બધું આ પૈસા ને બૈસા ને આ બાયડી ને છોકરા એ બધું કાંઈ જ્ઞાનીને ઈચ્છા રહેતું નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અજ્ઞાનીને થાતો નથી પણ અજ્ઞાની માને છે. એથી જ અજ્ઞાની કહ્યો એને.

ઈચ્છા અને ભોગવવાનો કાળ એને ભોગવતો નથી, પણ એ માને છે માટે ભ્રમણામાં પડ્યો મિથ્યાદૃષ્ટિ છે. એમ સિદ્ધ કરવું છે અહીં. હેરાન થાય છે મફતનો, એમ કહે છે. જે પદાર્થને લેવા ઈચ્છા ભોગવવાનો હોય ભાવ અજ્ઞાનીને તો એ ભાવ વખતે ઓલો ભોગવવાનો વખત નથી, વસ્તુ જ નથી. સમજાણું? અને વસ્તુ આવી ત્યારે જે ભોગવવાનો ભાવ છે એ વખતે ઓલો વેદકનો ભાવ રહેતો નથી. માટે અજ્ઞાનીને ઈચ્છે એ નિરર્થક જાય છે. મફતનો મિથ્યાદૃષ્ટિ પાપ બાંધે છે. મિથ્યાત્વ બાંધે છે એમ કહે છે ત્યાં. ભારે! સમજાણું કાંઈ?

જેને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શુદ્ધ ચૈતન્ય છે એવી જ્યાં દૃષ્ટિ અને ધર્મદૃષ્ટિ થઈ છે એને તો પોતાના સ્વભાવ તરફની એકતા રૂપ ભાવ વર્તે છે. એને આ કોઈપણ ચીજની ઈચ્છા અને એ ઈચ્છાને ભોગવવાનો વખત બેનો મેળ ખાતો નથી. માટે અનિત્યની-ક્ષણિકની ભાવના જ્ઞાનીને હોતી નથી. સમજાણું કાંઈ? કહો, દેવીલાલજી! થઈ રહ્યું? વીતરાગ થઈ ગયો? કોઈ એમ કહે છે. સાંભળને! વીતરાગ જ છે આત્મા. વીતરાગ.. વીતરાગ સમરસ સ્વરૂપ પ્રભુ. એની દૃષ્ટિ થઈ એટલે દૃષ્ટિ પોતે વીતરાગ જ છે. વીતરાગ એકપણું, સ્વભાવમાં એકપણાની દૃષ્ટિમાં ભાવનામાં વીતરાગતા જ આવે છે. એને રાગની ભાવના હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

હવે આમ ધર્મને સમજે નહિ, ધર્મદૃષ્ટિ શું સમજે નહિ અને એકદમ લઈ લ્યો દીક્ષા. થઈ જાવ સાધુ. દીપચંદજી! લઈ લ્યો પડિમા સાત ને દસ. કોણ ના પાડે? સોળ પડિમા

લે તો. ક્યાં હતી જ? વસ્તુની ખબર નથી. આહાહા..! જ્યાંથી જે કાંઈ માગે છે નિર્દોષતા, શાંતિ એ ક્યાં છે એની દૃષ્ટિ તો પડી નથી. ધર્મ કરવા માગે છે ને? ધર્મ એટલે નિર્દોષતા, ધર્મ એટલે પવિત્રતા, ધર્મ એટલે વીતરાગતા, ધર્મ એટલે નિર્મળ દશા. એમ જે કરવા માગે છે પણ એ નિર્મળ દશા કેમાંથી આવે એ વસ્તુની તો ખબર નથી. સમજાણું કાંઈ? એ વસ્તુની જ્યાં ખબર પડી કે ભગવાન આત્મા શુદ્ધ આનંદ છે ત્યાંથી જ ધર્મ દશા આવે છે. એવી દશાની ખાણ જે આત્મા એના ઉપર દૃષ્ટિ ધર્મીને હોવાથી આ વર્તમાન ઇચ્છા અને એનો મેળ નથી થતો માટે તે જ્ઞાની એને ઇચ્છતો નથી. કહો, સમજાણું આમાં કાંઈ? ભારે ભાઈ ધર્મ આવો સમજવો. ઝીણું... ઝીણું... ઝીણું...

સમજ્યા વિના અજાણ્યે ગોળ ખાય તો ગળ્યો નહિ લાગતા હોય રાતે? એમ કેટલાક દલીલ કરે છે. અજાણ્યા ખાય તો. પણ ગોળ જોઈએ. છાણું હોય તો? ગોળને ઠેકાણે છાણ-છાણ. છાણ સમજો છો? ગોબર. એમ આત્મા જે વસ્તુ છે એ શું છે એ દૃષ્ટિમાં લીધી નથી, પ્રતીતમાં લીધી નથી, ભરોસે ચડ્યો નથી એવી ચીજની દૃષ્ટિ વિના એને ધર્મ ક્યાંથી આવશે? સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ વિકલ્પ એ તો રાગ છે. એમાંથી ધર્મ છે? એ તો પર્યાય છે. એ તો એક ક્ષણમાં નાશ થઈ જાય. એમાં નવી પર્યાય એમાં છે? નવી આવવાનું સાધન છે એ? કહો, દયા, દાન, ભક્તિના પરિણામ આવ્યા શુભરાગ. એમાંથી નવી પર્યાય આવે એવું છે? અને ઉઘડેલો પર્યાય છે એમાંથી કાંઈ નવી પર્યાય આવે એવું છે?

એથી કહે છે કે જ્ઞાયક જે ચૈતન્ય ધ્રુવ એની અંતર્મુખ દૃષ્ટિ થઈ એને બહિર્મુખ કાંક્ષમાણ ઇચ્છાને વેદવાનો ભાવ એને હોતો નથી. કેમ કે વિભાવભાવનું ક્ષણિકપણું હોવાથી તેની ભાવના ધર્મીને હોતી નથી. આહાહા..! કહો, સમજાય છે? આવું શરીર નિરોગી થોડુંક રહે, ફલાણું થાય. પણ એ ઇચ્છા જ ખોટી છે કહે છે. આહાહા..! લાંબુ આયુષ્ય હોય, ફલાણું હોય. શેની પણ કોની ઇચ્છા તું કરે છે? સમજાણું? ઇચ્છા વખતે તે ચીજ નથી. ચીજ આવે ત્યારે ભોગવવાનો ભાવ જે થાય વિકારી એ વખતે ઓલો વેદવા યોગ્ય એ ભાવ તો ચાલ્યો ગયો. સમજાય છે? ઘણા કહે છે ને? એ વખતે મને જે રાગ હતોને એનો, એ હવે રહ્યો નથી. ભલે તમે લાવ્યા આ અત્યારે ચીજને. એ વખતે પહેલો જે ભાવ હતો એ ભાવ અત્યારે મને નથી રહેતો. પણ આ ચીજ માગતા હતા ઈ છે ને આ? ભલે એ હોય પણ એ વખતે જે ભાવ હતો એ અત્યારે પાછો નથી. ... એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પહેલાં જ તે વેદકભાવ નાશ પામી જાય છે; પછી તે બીજા વેદ્યભાવને**

**કોણ વેદે? જો એમ કહેવામાં આવે કે વેદકભાવની પછી ઉત્પન્ન થતો બીજો વેદકભાવ તેને વેદે છે,...**' પણ બીજો આવે ત્યાં પહેલો જાય છે અને પહેલો આવે ત્યાં બીજો હોય. પહેલાનો આવે ત્યાં બીજો વયો જાય છે. એ બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલા-અનુભવવા પહેલા-એ વેદ્યભાવ પહેલો જે ઈચ્છા થઈ હતી તે વિણસી જાય છે. '**પછી તે બીજો વેદકભાવ શું વેદે?**' કોને વેદે? '**આ રીતે કાંક્ષમાણ ભાવના વેદનની અનવસ્થા છે.**' ઈચ્છે તેના ભાવની વેદવામાં અણઅવસ્થા નામ ક્યાંય એનો અંત આવતો નથી. સમજાણું કાંઈ?

'**તે અનવસ્થાને જાણતો જ્ઞાની...**' આમ પાછો એનો અર્થ કર્યો. ઈચ્છા અને ઈચ્છાને ભોગવવા માગે છે કે મને આ હો, એવો ભોગવવાનો કાળનો વિભાવ, અને આ વિભાવ બેની અનવસ્થા છે, ક્યાંય મેળ ખાતો નથી. માટે જ્ઞાની ભવિષ્યના ભોગને ઈચ્છે એમ હોતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાડોશી ક્યાં છે? ઓલા ક્ષણમાં ઓલો અને બીજા ક્ષણે (બીજો). પાડોશી ક્યાં છે? બેય જુદા જુદા છે. કાળ જુદો છે. પાડોશી ક્યાં છે? સમજાણું કે નહિ?

પહેલા એમ વિચાર થયો કે ભાઈ! આ એક રોટલી ખાવી છે. લ્યો, એક દાખલો. ઈચ્છા થઈ. જ્યાં ઈચ્છા થઈ અને જ્યાં રોટલી આવી તો કહે, એ વખતે મને ભાવ હતો પણ અત્યારે તો પુરણપોળી ખાવાનો ભાવ છે. સમજાણું? અને પુરણપોળી ખાવાનો ભાવ આવ્યો ત્યારે ઓલી ... નથી. અને એ જાય ત્યાં હમણા પુરણપોળી કરી લ્યો. જ્યાં પુરણપોળી ટાણે આવી ત્યારે ઓલો રહેતો નથી મીઠાશનો ભાવ. બીજો થઈ જાય છે. નવો નવો ક્ષણિક ક્ષણિક વિકાર થાય એને પૂર્વ અને પછીનો મેળ ખાતો નથી. માટે ધર્મીને તે રાગની અણવસ્થા દોષને કારણે એની ઈચ્છા હોતી નથી. આહાહા..!

જે અભિલાષ છે એ અભિલાષ તો ક્યારે હોય? કે તે અનુભવવાનો નથી અત્યારે ત્યારે. ઈચ્છા ક્યારે હોય? કે તે અનુભવવા યોગને વર્તમાન અનુભવતો નથી માટે. અને જ્યારે ઈચ્છા છે ત્યારે અનુભવવાનો યોગ નથી અને અનુભવવાનો કાળ આવ્યો જ્યારે વેદકનો ત્યારે ઓલી ઈચ્છા રહી નથી. એ જ્યાં .. ત્યાં અનુભવનો રસ રહ્યો નહિ. બરાબર છે કે નહિ? કોઈ મકાન, કોઈ સ્ત્રી, કોઈ આબરૂ લ્યોને. પણ કોને ઈચ્છે? સમજાણું? એવી ઈચ્છા થાય કે આટલી આબરૂ હોય તો ઠીક. એ ઈચ્છા (છે) એ વખતે આબરૂ નથી. અને આબરૂ આવી ત્યારે જે રાગ છે એ ઓલો રાગનો રાગ એ રાગ તો નથી આ. કહો, સમજાણું કાંઈ? એમ આબરૂ, રોટલી, કોઈપણ લ્યોને. સમજ્યાને? દીકરો હોય તો ઠીક. લ્યો. ઈચ્છા

થઈ. અને જ્યારે દીકરો થયો હવે ઓલો ભોગવવાની જે ઈચ્છાનો જે પ્રેમ હતો એ ઈચ્છાનો કાળ તો રહ્યો નહિ. બદલાઈ ગયો ફટ દઈને. અરે..! ત્યારે કહે, પછીને વેદશે પછી. પણ પછી વેદશે ત્યારે પહેલાનો કાંક્ષમાણ રહેતો નથી. વેદવાનો જ્યારે કાળ હોય ત્યારે આ રહેતો નથી. પછી વળી વેદવાનો હશે ત્યારે બીજો થાશે. વળી બીજી ઈચ્છા થાશે. આની રોટલીમાંથી આમ કરે તો ઠીક. થોડો ભાંગીને ભુક્કો કરીને ચૂરમું કરે તો ઠીક. એય..! ન્યાલભાઈ! આહાહા..!

અહીં તો કહે છે કે જેની ક્ષણિક દૃષ્ટિ છે, રાગની દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. એમ સિદ્ધ કરે છે. રાગની ઈચ્છા છે તે મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે તેને રાગ થાય છે એનું વેદન કરવા માટે ચીજ આવે ત્યારે એ વસ્તુ નથી છતાં વેદવાનો ભાવ કરે છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે થઈ ગયું બધું પૂરું? સાંભળને! પૂરું થઈ ગયું. એ અસ્થિરતાનો રાગ છે. એ તો કૃતકૃત્ય થઈ ગયો છે દૃષ્ટિમાં. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાયકભાવ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનું.. આનંદરૂપ જ આત્મા. એની નિત્યતાની દૃષ્ટિ થઈ તે પર્યાય પણ ત્યાં અભેદપણે પરિણમે છે, થાય છે. એને ભેદની ઈચ્છા હોઈ શકતી નથી. એમ કહે છે. ભારે ઝીણું, ભાઈ! આમાં તો પોષા કરે, પડિક્કમણા કરે, સામાયિક કર્યું એમાં કાંઈ આવું વિચારવું પડે? અરે..! ભાઈ! શેના પોષા અને શેની સામાયિક? બાપા! હજી જે ચીજ છે (એની તો ખબર નથી). જેને ધર્મ કરવો છે એ આત્મા કોણ છે હજી એની ખબર નથી. ધર્મ તો આત્માને કરવો છે ને? કે રાગને કરવો છે? કે જડને કરવો છે? ધર્મ પર્યાય છે ને? ધર્મ એક પર્યાય છે ને? ધર્મ એક દશા છે ને? તો ધર્મ દશા કરવી છે તો એ દશા કરનારો જે આત્મા એ કોણ છે અને કેવો છે? એ તો ખબર નથી. ક્યાં કરીશ ત્યારે ધર્મ તું? કહો, સમજાણું કાંઈ? અને જેને ધર્મ કરવાની દૃષ્ટિ થઈ એવો જે ધર્મી આત્મા, એની જ્યાં દૃષ્ટિ થઈ, હવે એને નિત્યની એકતામાં વર્તે એને ઈચ્છા ક્યાં રહી કહે છે હવે. કોઈ જાતની ઈચ્છા છે નહિ એમ અહીં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઈચ્છા થઈ ત્યારે સામગ્રી નથી.

ઉત્તર :- નથી. સામગ્રી આવે ત્યારે.. ઈચ્છાને ભોગવવાનો વિકાર આવે ત્યારે ઈચ્છા નથી.

કેટલાક કહે છે ને કે આપણે પાંચ લાખ હોય ને પછી બસ ઠીક. એક દાખલો. એવી ઈચ્છા થઈ. પણ જ્યાં પાંચ લાખ આવ્યા ત્યાં બીજી ઈચ્છા થઈ. ના ના, પાંચ લાખ તો ઠીક પણ હવે પચાસ લાખ હોય તો ઠીક. કહો, સમજાણું કાંઈ? બદલાયા કરે વિકાર. અને તે કૃત્રિમનું ફળ તો બધું બંધનું છે. એ દૃષ્ટિ મિથ્યા છે. એને મિથ્યા હોય એને આ

ઈચ્છા થાય એમ કહે છે અહીં તો. રાજમલજી! એ ગાથા એવી છે-૨૧૬.

'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખમૂલ.' સમજાય છે? ક્યા ઈચ્છા? કોની ઈચ્છા? ધર્મીને ઈચ્છા કોની? ધર્મીને તો આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેના તરફની એકાગ્રતા. સમજાણું? એકાગ્રતામાં એકરૂપતા પ્રગટે એ આત્મા. આહાહા..! ઝીણું બહુ પણ.

કહે છે, '**અનવસ્થાને જાણતો જ્ઞાની...**' એમ કહે છે. એનો ક્યાંય મેળ નથી ખાતો માટે જ્ઞાની તેની ઈચ્છા કરતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ તો સંસારના જેને મીંડા વાળવા હોય એની વાત છે. સંસારની દુકાન ઉઠાવવી હોય અને આત્માની દુકાન જેને કરવી હોય એની વાત છે આ. સમજાણું કાંઈ? આ નિર્જરા એને થાય એમ કહે છે. આ અપવાસ કરીને બેઠા, ઓળી કરીને બેઠા માટે નિર્જરા થાય. ધૂળેય થાય નહિ. કાળ જાય તારો મફતનો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ તેના ઉપર દૃષ્ટિ થઈ અને અંતર્મુખ દૃષ્ટિ થઈ ત્યારે જે શુદ્ધતા પ્રગટ થાય એને નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! કહો, બરાબર છે કે નહિ આ? ઈચ્છા થઈ લ્યો, કે આવી એક દવા આવે ને તો બચી જાય. એ દવા આવે ત્યાં ઓલો કાળ વયો ગયો. મીઠાશ ગઈ. એમાં ક્યાંય મેળ ખાતો નથી. ઈચ્છા અને ઈચ્છાના ફળને ભોગવવાનો ક્યાંય મેળ ખાતો નથી. માટે કોઈપણ દ્રવ્યની, પરપદાર્થની ઈચ્છા ભવિષ્યમાં ભોગવું એવી જ્ઞાનીને હોતી નથી. ભવિષ્યમાં કેવળજ્ઞાની થઈશ એમ ભાવના છે ત્યાં વળી આ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? જુઓ આ.

મુમુક્ષુ :- આત્માનું..

ઉત્તર :- હા. ખબર નથી. દૃષ્ટિ શું છે, આત્મા શું છે, કેમ દૃષ્ટિ કરવી એની ખબર ન મળે.

ભગવાન આત્મા વસ્તુ છે અને એનો સ્વભાવ છે તે એક એક પરિપૂર્ણ છે. વસ્તુ છે. આત્મા છે, છે. અરૂપી છે પણ વસ્તુ છે ને? અને છે તો એ કાયમની છે ચીજ નિત્ય છે, અણકરેલી છે, અણબનાવેલી છે. તો એનો કોઈ સ્વભાવ છે કે નહિ અણકરેલો-અણબનાવેલો? સમજાણું કાંઈ? વસ્તુ છે અણકરેલી એમ જ્ઞાન, આનંદ આદિ અણકરેલો ધ્રુવ સ્વભાવ છે. એ વસ્તુ ઉપર દૃષ્ટિ ગઈ ત્યારે ધર્મીને પરની ઈચ્છા અનવસ્થાને કારણે તેની ઈચ્છા હોતી નથી. એમ કહે છે. સમ્યગ્દર્શન થયું (ત્યાં) કૃતકૃત્ય થઈ ગયો એમ કહે છે અહીં. આહાહા..! ભલે પછી ઈચ્છા નબળાઈની આવે પણ એને ઈચ્છા છે નહિ. એની ઉપર દૃષ્ટિ છે નહિ, એનો આશ્રય છે નહિ. આહાહા..! અમરચંદભાઈ! જુઓ! આવું છે.

એમ કે આ ધર્મ પણ થાય અને જગતના પ્રેમ પણ રહે. બે શી રીતે રહે? એક મ્યાનમાં

બે રહેતું હશે? એ કહે છે અહીં. ના. એક મ્યાનમાં બે તરવાર ન રહે. ભગવાન આત્મા જેનો સ્વભાવભાવ, જેની બેહદનો સ્વભાવભાવ શુદ્ધ ભાવ એવી જ્યાં સ્વસન્મુખ દૃષ્ટિ થઈ એવા ધર્મીને પોતાના સ્વભાવ સન્મુખની ભાવના આગળ ઈચ્છાને બીજો મેળ ન ખાય માટે પરની ઈચ્છા હોતી નથી. એક સ્વની જ ભાવના હોય એમ સિદ્ધ કરવું છે. સ્વના એકાગ્રતાની ભાવના છે. બીજી ભાવના એને હોતી નથી. કહો, સમજાણું આમાં? આ તકરારમાં બહારમાં પડ્યા વાદવિવાદ.. વાદવિવાદ. શાસ્ત્રનો આધાર આપો અને વળી આ કરીએ ત્યારે એને બેસે. ન્યાયથી એને બેસે ઉપરથી.. નહિ. ઠીક. કહો, સમજાણું?

ન્યાય શું આપ્યો? **'આ રીતે કાંક્ષમાણ ભાવના વેદનની અનવસ્થા છે.'** ઈચ્છેલા ભાવને અનુભવવો તેનો ક્યાંય મેળ ખાતો નથી. એ અણવસ્થાને જાણતો એટલે કે મેળ ખાતો નથી એમ જાણતો અને સ્વરૂપની એકાગ્રતાનો મેળ ખાય છે. માટે જ્ઞાની પરની કાંઈ પણ વાંછા, ઈચ્છા કરતો નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :-'** મૂળ પાઠ છે ને ગાથામાં એ સમજવું. વેદકભાવ ભવિષ્યની વાત છે અને વેદ્યભાવ વર્તમાનની વાત છે. ભાવાર્થ લીધો છે એમાં. ટીકામાં વેદ્ય પહેલો છે અને વેદક પછી છે. વસ્તુ તો એમ જ હોય ને. પણ અર્થમાં જેવો મૂળ પાઠ છે ને એવો શબ્દ લીધો. **'વેદકભાવ...'** એટલે વેદાવા યોગ્ય, અનુભવવા યોગ્ય. આ છોકરો થાય. એમ ઈચ્છા થઈ. અનુભવ એટલે કે એ છોકરો જે થયો.. ત્યાં નીકળ્યો ... છેલ્લે જન્મ વખતે .. થાય છે કે નહિ? કાં નીકળ્યો ગાંડો. ઓય..! સમજાણું?

એટલે કે અનુભવવા યોગ્યનો કાળ આવે ત્યારે ઓલી ઈચ્છા નહોતી. **'વેદ્યભાવને કાળભેદ છે.'** જુઓ! બેને કાળ ભેદ છે. એ બેને કાળભેદ છે એમ કીધું. બે એક કાળ નથી. **'જ્યારે વેદકભાવ હોય છે...'** અનુભવવાનો કાળ હોય છે ત્યારે પેલી ઈચ્છા થઈ એ કાળ રહેતો નથી. **'જ્યારે વેદ્યભાવ હોય છે...'** ઈચ્છા હોય છે **'ત્યારે વેદકભાવ હોતો નથી. જ્યારે વેદકભાવ આવે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે;...'** અનુભવવાનો કાળ આવે વિભાવ. અનુભવવાનો વિભાવ આવે એ પહેલા ઓલાનો કાળ તો વયો ગયો. પહેલો વિભાવ ઈચ્છાનો વયો ગયો.

**'પછી વેદકભાવ કોને વેદે?'** અનુભવવા યોગ્ય ભાવ કોને વેદે? પહેલી જે ઈચ્છા થઈ તે વયો ગયો છે. **'જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે;...'** વળી નવી ઈચ્છા થઈ ત્યારે ઓલો પહેલાનો અનુભવવાનો કાળ છે એ વયો જાય છે. **'પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે?'** કહો, અનુભવવાના કાળ વિના ઓલો વેદ્યને કોણ વેદે? **'આવી અવ્યવસ્થા જાણીને...'** ઓલામાં અનવસ્થા કીધી હતી,

અહીં '**અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે,...**' જુઓ! આ એનો સિદ્ધાંત. આહાહા..!

ધર્મી જ્ઞાયકસ્વરૂપ આત્મા છે એવું જે ભાન થયું છે એ તો જ્ઞાનસ્વરૂપ છે. તેથી ધર્મી જ્ઞાતા-દ્રષ્ટાપણે જ રહે છે. એમ કહે છે. રાગ કરવું કે ભોગવવું એ એના સ્વરૂપની વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? '**અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે, વાંછા કરતો નથી.**'

'**અહીં પ્રશ્ન થાય છે કે-આત્મા તો નિત્ય છે...**' કાયમ રહેનારો છે. કીધું નહિ? પહેલા ક્યાં વયો ગયો છે? પહેલી ઇચ્છા થાય એ પાછો વેદશે. કાયમ રહેશે એ. '**તે બન્ને ભાવોને વેદી શકે છે; તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે? તેનું સમાધાન :- વેદ્ય-વેદક ભાવો વિભાવભાવો છે,...**' લ્યો! એ પાછું ત્યાં નાખ્યું. ત્યાં નાખ્યું પાછું. અર્થની ટીકા પ્રમાણે. પહેલું નાખ્યું ઓલામાં પાછું અહીં સમાધાનમાં એમ નાખ્યું. સમાધાનમાં ટીકા પ્રમાણે નાખ્યું, જેમ હોય એમ. '**વેદ્ય-વેદકભાવો...**' વિકારી પર્યાયો છે. '**સ્વભાવભાવ નથી, તેથી તેઓ...**' વિકાર ક્ષણમાં જાય અને ક્ષણમાં નવો થાય. '**માટે વાંછા કરનારો એવો વેદ્યભાવ...**' વર્તમાન. '**વાંછા કરનારો એવો વેદ્યભાવ જ્યાં આવે ત્યાં સુધીમાં વેદકભાવ (ભોગવનારો ભાવ) નાશ પામી જાય છે, અને બીજો વેદકભાવ આવે ત્યાં સુધીમાં વેદ્યભાવ નાશ પામી જાય છે;...**' ત્યારે પહેલો ભાવ નાશ પામી જાય છે.

'**એ રીતે વાંછિત ભોગ તો થતો નથી.**' કોઈને વાંછિત ભોગ તો થતો નથી, કહે છે. દીકરો થાય તો ઠીક. દીકરાને દીકરો ન થાય તો એની હોળી પાછી. એય..! લાલભાઈ! આપણે દીકરો થયો પણ પાછો એને દીકરો થયો નહિ. જ્યાં ૨૦ વર્ષ ૧૫ જાય લગનના ત્યાં.. શું છે પણ? આવી જગતની ઇચ્છાની હોળી સળગ્યા કરે છે એ જ્ઞાની એને ઇચ્છતો નથી.

મુમુક્ષુ :- પ્રભુ! એવા ...

ઉત્તર :- એને છે ને. ઘરે હશે ને એટલે એને લાગુ પડી ગયું. છોકરો થયો તો છોડી એક જ છે, છોકરો નથી. એટલે શું કરે ત્યાં? એય..! પોપટભાઈ! એ બધો એમ જ સંસાર ચાલ્યે જાય છે. પણ આવું થાય છે કે નહિ? બસ ત્યારે. આપણે તો છોકરો થયો પણ આ ૧૦-૧૦ વર્ષના લગન અને છોકરો થાતો નથી. એ હોળી પાછી. એમાં પાછો છોકરો થયો તો વળી કાંઈક પહેલેથી બહેરો થયો અને મુંગો. હાય-હાય! આ કરતા ન આવ્યો હોત તો સારું હતું. કારણ કે આ વળી પાળવો પડશે. અને આપણને લજ્જા આવશે કે અરે..! આવો છોકરો તમારે..! પહેલો વહેલો છ મહિના, બાર મહિના તો ખબર પણ ન પડે કે

આ મુંગો છે કે બહેરો છે. સમજ્યાને? પછી ખબર પડે. હોંશ હતી એ ઊડી ગઈ બધી. એમાં માલ નથી કહે છે. કોઈપણ પદાર્થની ઇચ્છા કરવી અને ભોગવવાનો મેળ કાંઈ ખાતો નથી. માટે જ્ઞાની પરની કાંઈ અ.. ઇચ્છા કરતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- કારેલાનું શાક ખાવું હતું...

ઉત્તર :- ના. ના. કારેલાના શાકની ઇચ્છા વખતે શાક ક્યાં હતું. કારેલાનું શાક થયું ત્યાં.. અરે..! આ કાંઈક બહુ કડવું (છે). ગોળ નાખ્યો હતો નહિ ઓલામાં? એમ પૂછે. કડવું બહુ લાગે તો (પૂછે), ગોળ નાખ્યો હતો? ભાઈ! નાખ્યો હતો થોડો પણ તમને નહિ લાગતો હોય. બહુ કડવું હોય તો ગોળ નાખે ને થોડું? શું કહેવાય ઈ? કારેલા. ગાંગડી-બાંગડી ન દેખાય તો ન લાગે. નાખ્યો હતો પણ સ્વાદ બરાબર નથી આવતો. કડકડીયું હોય તો સારું કહે. તેલમાં-ઘીમાં કડકડીયું થાય ને. કડકડીયું સમજાય છે? તળીને કરે એ. ધૂળમાંય નથી. સાંભળને. એ તો પરમાણુની પર્યાય તને આવી તો તને ક્યાં એ વખતે પાછો રાગ ઓલો રહ્યો નહિ. સમજાય છે? આહાહા..! ઇચ્છા પ્રમાણે મળતું નથી, એમ કહે છે.

'**એ રીતે વાંછિત ભોગ તો થતો નથી.**' ઇચ્છિત ભોગનો તો કાળ એને આવતો નથી. ભોગવવાનો આવતો જ નથી. '**તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે? જ્યાં મનોવાંછિત વેદાતું નથી ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે.**' અહીં જુઓ! કહ્યું? મિથ્યાત્વ છે એ ભાવ. એમ કહે છે. અજ્ઞાન છે. જેને આનંદ સ્વરૂપ ભગવાનના ભેટા થયા એ ઝેરને કેમ ઇચ્છે? એમ કહે છે. રાગ એ ઝેર છે અને વળી પાછો ભોગવવાનો ભાવ આવે એ પણ ઝેર છે. એ વિભાવ... .. બેય વિભાવ છે, બેય ઝેર છે. સમજાણું કાંઈ?

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

**वेद्यवेदकविभावचलत्वाद्**
**वेद्यते न खलु कांक्षितमेव।**
**तेन कांक्षति न किञ्चन विद्वान्**
**सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।१४७।।**

જોયું! આ વિદ્વાન એને કહીએ. આહાહા..! શું કહે છે?

'**શ્લોકાર્થ :- વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચળપણું હોવાથી...**' એ ટીકા પ્રમાણે લીધું પાછું. પોતે ટીકા કરનાર છે અને પોતે.. વેદ્ય નામ ઇચ્છાનો કાળ જે કોઈ ચીજનો છે એને વેદ્યકાળ કહેવાય. વેદક-એ પછી જ્યારે ભોગવવાનો કાળ આવે એને વેદકકાળ કહેવાય. '**વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચળપણું...**' છે, અનિત્યપણું છે, '**(અસ્થિરપણું) હોવાથી**

**ખરેખર વાંછિત વેદાતું નથી;...**' જેની વાંછા થાય તે વેદાવામાં આવતું નથી.

'**માટે જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી;...**' ભાષા જોઈ! સમજાણું? '**न किञ्चन**' '**विद्वान्**' એટલે જ્ઞાની અર્થ કર્યો. સમજાણું? વિદ્વાન છે ને એ? વિદ્વાન કહેવાય એને. પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન અને વિદ્યા (હોય) એ જ વિદ્વાન છે. સમજાણું કાંઈ? એને લઈને જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવાની ભાવનાવાળો રાગને કરતો નથી, ઈચ્છતો નથી. તેને વિદ્વાન અને જ્ઞાની કહેવામાં આવે છે. કહો, સમજાણું?

'**સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને પામે છે.**' એટલે? એ તો પહેલા લીધું હતું ને. જ્ઞાન વૈરાગ્ય શક્તિ. શુદ્ધ આત્મા પરમાત્મા આનંદ સ્વરૂપના આશ્રયને, સ્વીકારને લઈને અનિત્યપણાના રાગથી ખસીને પરથી વિરક્તપણાના વૈરાગ્યપણાને પામે છે. કહો, સમજાય છે કાંઈ? જુઓ! આ સ્વરૂપાચરણ. એ સ્વરૂપાચરણ થયું. આજે લેખ આવ્યો છે સ્વરૂપાચરણનો. ઓલાનો. ઓલા લોકોનો. સ્વરૂપાચરણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાઈએ લખ્યું છે ને. નહિ બીજો કોણ? ..

મુમુક્ષુ :- ...લાલ

ઉત્તર :- .. લાલ એણે લખ્યું છે. વિદ્યાર્થી છે? એણે લખ્યું છે. પણ વસ્તુ છે એમાં.. આ દૃષ્ટિ થાય તે સ્વની થાય ત્યારે ત્યાં સ્થિરતા થયા વિના સ્થિર થયો શી રીતે? સમજાણું કાંઈ?

સામાન્ય એવું જે ત્રિકાળ એની દૃષ્ટિ થઈ કે આ. પણ આ એમાં સ્થિર થયા વિના આ થયું શી રીતે? સમજાણું કાંઈ? દૃષ્ટિ અને સ્વરૂપાચરણ. એમ. જેવો સ્વભાવ છે એનો આચરણનો અંશ પ્રગટ થયો. એમ. ઓલું રાગનું આચરણ હતું. અનાદિથી તો પુણ્ય-પાપમાં આચરણ હતું. દૃષ્ટિ મિથ્યાત્વ અને આચરણ મિથ્યા રાગનું. અમરચંદભાઈ! એ તકરાર ચાલે છે. સ્વરૂપાચરણ હોય નહિ ચોથે. આ વળી નવું સાંભળ્યું ભાઈ. દેવીલાલ કહે, સમકિત નિશ્ચયની ખબર ન પડે. એ તો પહેલેથી એમ કહે છે, હેઠે સમકિત હોય નહિ. એમ કહેતા હતા અત્યાર સુધી. આ વળી નવું ખોલ્યું પાછું. પહેલું વ્યવહાર સમકિત જ હોય, વ્યવહાર મોક્ષમાર્ગ જ હોય ચોથેથી છઠ્ઠે સુધી, સાતમા સુધી. એમ એણે કીધું. આમાં સાતમા સુધી લખ્યું છે. કહો, નિશ્ચય પછી હોય. આ પાછું નવું લાવ્યા તમે. વાત થઈ હતી? નિશ્ચયનું ભગવાન જાણે. પણ એકલો વ્યવહાર નિશ્ચય વિનાનો હોય નહિ, એકાંત થઈ ગયું. વ્યવહાર નિશ્ચય વિનાનો હોય નહિ અને નિશ્ચય છે ત્યાં પણ નિશ્ચય વ્યવહાર વિનાનો હોય એકલો. પણ વ્યવહાર હોય ત્યાં નિશ્ચય ન હોય એમ બને નહિ. એકલો નિશ્ચય થઈ જાય પૂર્ણ

કેવળજ્ઞાન ત્યાં વ્યવહાર હોય નહિ. સમજ્યા? પણ જ્યાં વ્યવહાર છે તો નિશ્ચય હોય જ. નહિતર એકાંત દૃષ્ટિ થઈ ગઈ. સમજાણું?

નિશ્ચયથી તો નિરપેક્ષ, નિશ્ચયથી તો વ્યવહાર વિનાનો નિરપેક્ષ નિશ્ચય છે, હોં! પણ જ્યાં નિશ્ચય છે ત્યાં વ્યવહાર આવો વસ્તુનો હોય છે. વ્યવહાર હોય છે. વ્યવહારનયે વ્યવહાર સાપેક્ષ હોય છે. નિશ્ચયનયે તેની અપેક્ષા વિનાનો નિશ્ચય હોય છે. સમજાણું કાંઈ? સ્વભાવના આશ્રયથી દૃષ્ટિ થઈ તેમાં વ્યવહારની અપેક્ષા વિનાની નિરપેક્ષ દૃષ્ટિ થઈ. પણ એને વ્યવહાર હોય છે. વિકલ્પ હોય (એની) પ્રસિદ્ધિ બતાવે છે. સમજાણું કાંઈ? કે નિશ્ચય અહીં છે એમ એ નિમિત્તપણું બતાવે છે. એટલું. એ ઠીક છે એમ નહિ. પૂર્ણ જ્યાં થઈ જાય કેવળજ્ઞાન ત્યાં તો પછી કાંઈ છે નહિ. કહો, સમજાણું?

'**સર્વ પ્રત્યે...**' જુઓ! એક કોર ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો તેને આત્મા સિવાય '**સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને પામે છે.**' કહો, આત્માના ભગવાન શુદ્ધ મહિમાવંત સ્વભાવ સિવાય રાગાદિ કોઈ પ્રત્યે પણ તેની રુચિ અને આલંબન રહેતું નથી. '**સર્વ પ્રત્યે...**' એમ છે ને? '**सर्वतोऽप्यतिविरक्तिमुपैति**' એમ જ હોય ને. આની કોરથી સર્વથી વિરક્ત છે. આની કોરથી આખો આત્મા છે એમાં આદર છે. અહીં આખો આત્માનો આદર છે અને અહીં સર્વથી વિરક્ત છે. આહાહા..! બેય સામસામા છે ને. સમજાણું?

'**ભાવાર્થ :- અનુભવગોચર જે વેદ્ય-વેદક વિભાવો તેમને કાળભેદ છે,...**' એ તો અનુભવગમ્ય છે કહે છે. નથી ખબર પડતી? જે ચીજ ઇચ્છે ત્યારે એ વસ્તુ નથી અને વસ્તુને ભોગવવાનો ભાવ ભલે વિભાવ, સમજ્યાને? તો એ વિભાવ હોય ત્યારે ઓલી ઈચ્છાનો કાળ રહેતો નથી. એ તો ખબર નથી તમને? એ તો અનુભવગમ્ય છે એમ કહે છે. સમજાણું કે નહિ?

ઘણાં કાળ પહેલા એક રહેતા. બે જણા વિચાર કરતા કે આપણી પાસે દસ હજાર રૂપિયા હોય ને તો આપણે દેશમાં .. કરીએ. જ્યાં દસ હજાર થયા ત્યાં .. દસ હજારની પેદાશ હોય તો. કહો, સમજાણું? પહેલા એમ કહે, દસ હજારની જો આપણે મૂડી હોય તો દેશમાં જઈને .. પાંચસો-હજાર રૂપિયા રળશું એમાંથી. જ્યાં દસ હજાર થયા ત્યાં દસ હજારની પેદાશ હોય તો ઠીક થઈ ગયું લ્યો. અરે..! આવો .. ક્યાં જાય છે?

મુમુક્ષુ :- દસ હજારની પેદાશ હોય તો આટલામાં...

ઉત્તર :- દસ હજારની તમારી માટે નથી આ. તમારે તો પછી.. દસ હજારની પેદાશ થઈ ત્યાં પછી બે લાખની પેદાશ હોય તો સારું. દસ હજારની પેદાશમાં શું કરે? છ છોકરા

તો વહેંચે તો દસ-દસ હજાર આવે. પોતાની આબરૂ પ્રમાણે એને એક એકને તો .. ઠીક. ઈ હોળી. હોળી સળગ્યા જ કરે છે. કહે છે કે એમાં ક્યાંય સંતોષ છે નહિ.

આ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એની જ્યાં અંતર્મુખ દૃષ્ટિ થઈ એને કોઈ ઈચ્છા રહેતી નથી. અસ્થિરતા કોઈ આવે તો એની ઈચ્છા એને નથી એમ કહેવામાં આવે છે. આહાહા..! '**તેમનો મેળાપ નથી...**' કોનો? વેદવાની કાંક્ષિત ઈચ્છા અને પછીનો ભોગવવાનો ભાવ તેનો ક્યાંય મેળ ખાતો નથી. '**(કારણ કે તેઓ કર્મના નિમિત્તે થતા હોવાથી અસ્થિર છે);...**' સંયોગથી થાય છે ને. એમ કહે છે. સંયોગથી થાય માટે અસ્થિર છે.

'**માટે જ્ઞાની આગામી કાળ સંબંધી વાંછા શા માટે કરે?**' જે પૂછ્યું હતું એનો ઉત્તર દીધો છે. સમજાણું?

'**એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે...**' સર્વ ઉપભોગ પ્રત્યે ધર્મીને-સમ્યગ્દૃષ્ટિને વૈરાગ્ય હોય છે એ વાત કહેશે. સમજાણું? એ ૨૧૭.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન નં.૩૦૧ થી ૩૦૮ ઉપલબ્ધ નથી.**

**શ્રાવણ સુદ ૧૧, બુધવાર તા. ૧૬-૦૮-૧૯૬૭**
**શ્લોક-૧૫૬ થી ૧૫૮, પ્રવચન-૩૦૯**

નિર્જરા અધિકાર. ૧૫૬ કળશનો ભાવાર્થ છે. જુઓ! ધર્મી એને કહીએ કે જેને આત્મામાં.. ભાવાર્થ છે ને? સમ્યગ્દષ્ટિ અથવા ધર્મી એને કહીએ કે જેને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનો દૃષ્ટિ અનુભવ થયા હોય. સમજાણું કાંઈ? એ કોઈ દયા કે વ્રત કે ભક્તિ કરે છે માટે ધર્મી છે એ એનું લક્ષણ નથી. સમજાણું કાંઈ? ભગવાન તીર્થંકર દેવ એને સમ્યગ્દષ્ટિ અથવા ધર્મી કહે છે કે જેને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત ગુણનો શુદ્ધ સ્વરૂપ પિંડ, એનો અંતરમાં અનુભવ થયો હોય કે આ આત્મા પવિત્ર શુદ્ધ છે. રાગથી પૃથક્ થઈને, સ્વભાવથી સન્મુખ થઈને સ્વભાવની અનુભવ દૃષ્ટિ કરવી એનું નામ ધર્મ અને ધર્મી કહેવામાં આવે છે. પોપટભાઈ!

એ ધર્મીને '**સુખદુઃખને ભોગવવું તે વેદના છે.**' કહે છે કે આ જગતની અંદર શાતાવેદનીય પૂર્વના પુણ્યને કારણે એ શાતાવેદનીયથી મળેલી અનુકૂળ સામગ્રી. પોપટભાઈ! આ ધૂળ, પૈસા.

મુમુક્ષુ :- .. મળતા નથી અને વળી કહે છે કે મળી.

ઉત્તર :- આ મળ્યા એટલે આ કહે ને બધા પોપટભાઈને બધા પૈસાવાળા કહે છે માણસો.

મુમુક્ષુ :- પોપટભાઈ માને પણ છે. નથી માનતા? પોતાને ગરીબ માને?

ઉત્તર :- જેઠાલાલભાઈ! આ પૈસા એની પાસે પચ્ચીસ લાખ છે, પચાસ લાખ છે, ધૂળ લાખ જે હોય એ પાંચ-દસ લાખ. પણ માને છે ને લોકો?

તો કહે છે કે શાતાવેદનીયથી મળેલી સામગ્રી સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરૂ, મકાન, દાગીના, દાળ-ભાત, શાક, મોસંબી, લાડવા એ શાતાવેદનીયથી મળેલી ચીજ. અને અશાતાવેદનીયથી મળેલી ચીજ અશાતાવેદનીયથી દરિદ્રતા, શરીરમાં રોગ, નિર્ધનતા, પ્રતિકૂળ સ્ત્રી આદિ મળવી એ વગેરે અશાતા વેદનીયને કારણે. તો કહે છે કે કે '**સુખદુઃખને ભોગવવું તે વેદના છે.**' એ શાતા-અશાતાની સન્મુખ થઈને હું સુખી છું, હું દુઃખી છું એવી જે વેદના-રાગનું કરવું-એનું નામ વેદના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે.**' ઉપભોગ છે. જુઓ! ઝીણી વાત છે. ધર્મી, ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એ સ્વરૂપની અંતર દૃષ્ટિ થવાથી જ્ઞાનીને તો જ્ઞાનનો જ એક ભોગવટો છે. '**એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો...**' હું જ્ઞાન જાણન... જાણન... આનંદ, શાંતિ એ જ મારું સ્વરૂપ અને એ જ જ્ઞાનીનો ઉપભોગ છે. ભોગવવાની ચીજ જ્ઞાનીની પોતાની નિર્મળ દશા છે. કહો, સમજાણું કાંઈ? એ પર સામગ્રી

તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી. દાળ, ભાત, લાડવો, સ્ત્રી એ તો પરચીજ છે. એને તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી. પણ એ તરફનું લક્ષ કરીને હરખ-શોકનું વેદન કરવું એને વેદના કહેવામાં આવે છે. એ અજ્ઞાની હરખ-શોકનું વેદન કરે છે. એ અજ્ઞાન વેદના છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ હોવા છતાં જેની દૃષ્ટિ પોતાના શુદ્ધ સ્વભાવને સ્વીકારતી નથી અને પુણ્ય-પાપ, હરખ-શોકનો જે ભાવ થયો એ વિકૃત પરિણામને સ્વીકારે છે એને એકલી વિકારની વેદના છે. સમજાણું કાંઈ?

જ્ઞાનીને '**પોતાના એક જ્ઞાનમાત્ર...**' પોતાના એક જ્ઞાનમાત્ર પાછું એમ. '**પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે.**' હું તો આનંદ છું, જ્ઞાન છું, શાંત છું, મારું સ્વરૂપ જ અવિકારી સ્વભાવથી ભરેલું છે. જે વીતરાગ પરમાનંદ પરમાત્માની પૂર્ણ દશા પરમાત્મા અરિહંતને થઈ ગઈ તે તો પૂર્ણ આનંદને ભોગવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ સાધકજીવ ધર્માત્મા એને કહીએ કે પોતાના શુદ્ધ વીતરાગી આનંદસ્વભાવ જે અંદર છે, એની શક્તિમાંથી એકાકાર થઈને પ્રગટ કરીને માત્ર જ્ઞાન અને આનંદનો અનુભવ થવો એ જ જ્ઞાનીની વેદના છે. સમજાણું કાંઈ?

'**તે પુદ્‌ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી.**' આહાહા..! કેમ કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ. પુણ્ય-પાપનો ભાવ વિકાર. શરીરાદિ જડ. તો એ જડથી આ અજીવ. શરીર અજીવ, પૈસા આદિ અજીવ છે, પુદ્‌ગલ છે. તો પુદ્‌ગલમાં હું નથી, મારામાં પુદ્‌ગલ નથી અને પુણ્ય-પાપ અને હરખ-શોકના જે વિકારી ભાવ થાય છે, એ વિકારની કૃત્રિમતા મારા સ્વભાવમાં નથી અને મારો સ્વભાવ એમાં નથી. એવી અનુભવ દૃષ્ટિ ધર્મીની હોવાથી ધર્મીને તો શાંતિની વેદના, જ્ઞાનના પરિણમનની એકલી વેદના છે. આહાહા..! ધન્નાલાલજી!

'**પુદ્‌ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી.**' એ શરીરાદિમાં દરિદ્રતા હોય, રોગ હોય, નરકમાં બહારની વેદના હોય. પણ એ પુદ્‌ગલની વેદના તો પોતાની છે નહિ. પણ પોતામાં જરી રાગાદિ આવી જાય છે એ રાગની વેદના પણ પોતાની નથી. એ વેદનાને વેદના જ નથી સમજતા. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે. વીતરાગ પરમેશ્વરે કહેલો માર્ગ એવો છે કે એ લોકોને સાંભળવા મળ્યો નથી. બહારથી માની લે કે અમે ધર્મ કરીએ છીએ. બાપા! ધર્મ એવો નથી. ધર્મ કરનાર તો ભગવાનના માર્ગમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા છે, એની અંતર દૃષ્ટિ થવાથી સ્વભાવ સન્મુખના પ્રયત્નમાં જે શાંતિ અને જ્ઞાનનું પરિણમન થયું એ જ ધર્મની વેદના છે. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ! પહેલી નરકમાં છે શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી. ભગવાનના વખતમાં એ સમકિત પામ્યા પહેલા. પછી તીર્થંકરગોત્ર બાંધ્યું. અને નરકનું આયુષ્ય ઘણું હતું એને ઘટાડી નાખ્યું.

પહેલા બહુ મોટું આયુષ્ય બંધાઈ ગયું હતું. સાધુની અશાતના કરી હતી તો નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. પછી આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું, સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું તો એ આયુષ્ય તોડી નાખ્યું. ૮૪ હજાર વર્ષનું રહ્યું. નરકમાં છે. તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિની વેદના તો જ્ઞાનની વેદના છે. એ નરકની વેદના છે જ નહિ. આહાહા..! ત્યાંથી નીકળીને આવતી ચોવીસીમાં તીર્થંકર થશે. જેવા મહાવીર ભગવાન હતા એવા એ શ્રેણિકરાજાનો જીવ એ જ્ઞાનવેદનમાં છે એમ કહે છે. આહાહા..! ભારે ભાઈ! કહો, જેઠાલાલભાઈ!

વસ્તુ સ્વભાવ એનો જ્યાં અંતર અનુભવનો સ્વીકાર થયો; પુણ્ય-પાપ ભાવના વિકલ્પ જે ઉઠે એ પણ મારામાં નથી અને એનો પણ જ્યાં આદર ન થયો, ત્યાં સ્વભાવના સત્કારમાં તો સ્વભાવની ધારા જ વહે છે. ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દૃષ્ટિ જીવ ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હોય ચોથે ગુણસ્થાને કે ચાહે તો શ્રાવક પંચમ ગુણસ્થાનમાં હોય. આ વાડાવાળાની વાત નથી ચાલતી. જેને સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આ આત્મા કહ્યો એવી આત્માની જેને દૃષ્ટિ થઈ છે. સમજાણું કાંઈ? અને મારા આત્મામાં તો શરીર-કર્મ તો નથી. કેમ કે એ તો જડ છે. હું તો ચૈતન્ય આનંદ છું અને પુણ્ય-પાપ તો વિકાર છે અને હું સ્વભાવ શુદ્ધ છું. એવી જેને અંતર અનુભવની દૃષ્ટિ થઈ એ જ્ઞાનીને એકલો જ્ઞાનનો જ ભોગવટો છે. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યના ફળ સમકિતી ભોગવે છે.

ઉત્તર :- ના. ના. પુણ્યના ફળ જ નથી એની પાસે. ઠીક એ કહે છે. આ પુણ્યના ફળ ભોગવે કે નહિ? આવા બધા પૈસા મળ્યા એ. પોપટભાઈ! પાંચ-પચ્ચીસ લાખ મોટા હજીરા મળ્યા, બે-પાંચ લાખનું મકાન અને ફલાણું. ધૂળમાં. એ તો પર છે. એ ક્યાં ભોગવવાની ચીજ છે? આત્મા એને ભોગવી શકે છે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાની ભોગવે...

ઉત્તર :- અજ્ઞાની પણ ભોગવી શકતો નથી. અજ્ઞાની રાગ કરે છે તો રાગને ભોગવે છે. આ મને ઠીક છે, આ મને ઠીક છે. એવા રાગ-દ્વેષને ભોગવે છે. પરને શું ભોગવે? સમજાણું કાંઈ? કૂતરો હોય એ હાડકાને ચાવે છે. હાડકામાં લોહી નથી. એ હાડકાની કણી પોતાની દાઢમાં વાગે છે તો તેમાંથી લોહી નીકળે તેને ચાટે છે. અને માને છે કે હું હાડકાને ચાવું છું. એમ અજ્ઞાની સ્ત્રી, પૈસો, લક્ષ્મી, આબરૂ દેખીને પોતામાં રાગ ઉત્પન્ન કરે છે. એ રાગનો અનુભવ કરે છે, પર ચીજનો અનુભવ કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મી.. આહાહા..! ધર્મ કોને કહે છે? ભાઈ! ભગવાન આત્મા સ્વભાવથી ભરેલો પ્રભુ, એના ઉપર દૃષ્ટિ કરવાથી જે સ્વભાવમાં શાંતિ, આનંદ અને સ્વચ્છતા પડી છે એ પ્રગટે

એ બધી જ્ઞાનની દશા છે, રાગની નહિ. એમ. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનનું જ વેદન કરે છે. '**માટે જ્ઞાનીને વેદનાભય નથી.**' ધર્મીને બાહ્ય પ્રતિકૂળતા મળશે (તો) શું થશે? આ લોકમાં, પરલોકમાં શું દુઃખ હશે? એવો ભય ધર્મીને છે જ નહિ. સમજાણું કાંઈ?

'**સદા નિર્ભય વર્તતો થકો જ્ઞાનને અનુભવે છે.**' હવે ચોથો બોલ.

૧૫૭ આવ્યું ને? ચોથો. પહેલા આલોકભય, પરલોક ભય ગયા અને આ વેદનાભય ત્રણ ગયા. હવે અરક્ષાભય. ૧૫૭ શ્લોક.

**यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति-**
**र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।**
**अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानीनो**
**निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५७।।**

૧૫૭. નીચે.

'**શ્લોકાર્થ :- જે સત્ છે તે નાશ પામતું નથી...**' જે છે એનો કદી નાશ થતો નથી. એટલો સિદ્ધાંત પહેલા. '**જે સત્ છે....**' છે. એનો નાશ કેવી રીતે થાય? છે એનો નાશ કેવી રીતે થાય? '**એવી વસ્તુસ્થિતિ નિયતપણે પ્રગટ છે.**' એવી વસ્તુની મર્યાદા પ્રગટરૂપે નિયમથી આવી વર્તે છે એમ પ્રગટ છે. સત્ વસ્તુ જે છે એનો નાશ કઈ રીતે થાય? '**આ જ્ઞાન પણ સ્વયમેવ સત્ છે...**' હું આત્મા જ્ઞાન અને આનંદ સ્વયમેવ-પોતાથી સત્ નામ હયાતી ધરાવું છું. એ પોતાનો સ્વભાવ કોઈ પરથી હયાતી ધરાવે છે એમ છે નહિ. હું તો ચૈતન્ય સૂર્ય ચૈતન્ય સૂર્ય, જેમાં એકલો ચૈતન્યપ્રકાશ અને આનંદમૂર્તિ આત્મા છે એ તો સત્ છે. આત્મા સત્ છે. જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે એ સત્ છે. છે.

તો કહે છે કે '**જ્ઞાન પણ સ્વયમેવ સત્ (અર્થાત્ સત્સ્વરૂપ વસ્તુ) છે...**' એ પોતાથી સ્વયમેવ સત્ છે. કોઈએ બનાવ્યું નથી, કોઈથી થયું નથી. '**(માટે નાશ પામતું નથી),...**' હું તો જ્ઞાનસૂર્ય ચૈતન્ય છું એવી ધર્મીની દૃષ્ટિ હોવાથી પોતાના જ્ઞાનની સત્તાનો કદી નાશ થતો નથી. '**તેથી વળી પર વડે તેનું રક્ષણ શું?**' સમજાણું કાંઈ? હું છું પણ મારી કોઈ રક્ષા કરે તો મને ઠીક પડે. નહિતર મને રક્ષણ ન હોય તો મને અરક્ષાનો ભય છે. પણ કોની રક્ષા? છે એ વસ્તુની રક્ષા કેવી? પરથી રક્ષા કરવી એ તો વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? અરક્ષાભય. કોઈ રક્ષા છે કે નહિ? પણ રક્ષિત જ છે સદા.

જ્ઞાન સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત ચૈતન્ય છે. સર્વજ્ઞ પરમેશ્વરે શાશ્વત વસ્તુ છે એનો અનુભવ કર્યો. સમજાણું કાંઈ? હું શાશ્વત છું, શુદ્ધ છું, ધ્રુવ છું તો મારો નાશ ક્યાં? અને મારો નાશ નથી તો મારું રક્ષણ કરવું છે એમ છે ક્યાં? છે એનું રક્ષણ શું? પોપટભાઈ! ઓલા

પૈસા-બૈસાનું રક્ષણ કરવા તાળા દે. પણ પૈસા જ મારા નથી. હું તો આત્મા જ્ઞાન છું. સમજાણું કાંઈ? કહો, મીઠાભાઈ! આ પૈસા-બૈસાને તાળા મારે ને તાળાં? પૈસાને તાળા મારે કે નહિ?

મુમુક્ષુ :- કોણ મારે તાળા?

ઉત્તર :- હીરાભાઈ મારે. તમે ન (મારો તો).

અહીં તો કહે છે, તાળાં મારેલી ચીજ જ છે. હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ વસ્તુ અનાદિઅનંત અકૃત્રિમ-નહિ કરાયેલી એવો ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્ય સૂર્ય એવો ને એવો છે. એમાં કોઈથી રક્ષા થાય તો રહે, નહિતર ન રહે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? તાળા દેવા ને. નહિતર ઊંચી ચીજ છે, ઉપડી જશે. સમજાણું કાંઈ? ઓલું ક્યું મૂક્યું હતું? એક ફેરી. અમારે નારણભાઈ હતા ને. મગજ અસ્થિર થઈ ગયું હતું ને? અસ્થિર થઈ ગયું હતું. નારણભાઈને. ભાઈ તો ઓળખતા હશે. નહિ? આપણે નારણભાઈએ દીક્ષા લીધેલી. પછી અસ્થિર થઈ ગયા હતાને. પછી ઓલા સાધુ આવે ને. ક્યાંકથી લઈ આવે. રોટલીનું ચૂરમું આવ્યું હોય ઓલામાં અને ચૂરમુ કે સાકર આવી હોય, જુદી પડી હોય ને. પછી ત્યાં ખુલ્લુ મૂક્યું હોય. લઈને મુઠ્ઠો ભરી લે. ખુલ્લું કેમ રાખ્યું? મગજ અસ્થિર હતું ને. ખુલ્લું કેમ રાખ્યું? ખુલ્લું રાખે તો મન થઈ જાય બીજાને. ઢાંકી રાખો અને દાબી રાખો, એની રક્ષા કરવી. એમ કહે. મગજ અસ્થિર થઈ ગયું હતું ને. ઓલા સાધુ કહે, આવું કરે છે. એ તો મગજ અસ્થિર હોય એ શું ન કરે?

એમ અહીં કહે છે કે પોતાની સત્તાની જેને ખબર નથી, મારી રક્ષા કેવી રીતે થશે? એવી ચિંતા અજ્ઞાનીને થાય છે. મગજ અસ્થિર છે. પોતાના સ્વરૂપની રક્ષા પરથી થાય છે, હું આમ કરું, આમ કરું એ બધા અસ્થિર પાગલ છે, એમ કહે છે. આહાહા..! ભગવાનની દૃષ્ટિમાં તો આમ છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ એની વાણીમાં તો આમ આવ્યું છે. ભગવાન! તું તો આત્મા છો ને પ્રભુ! તારામાં તો જ્ઞાન, શાંતિ અનંત ગુણનો પિંડ પડ્યો છે તારામાં. એમ જ્યાં ભાન થયું તો સત્ છે એનો નાશ ક્યાંથી થાય? હું રક્ષા કરું રહે અને ન રક્ષા કરું તો નાશ થઈ જાય એવી ચીજ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'પર વડે તેનું રક્ષણ શું? આ રીતે (જ્ઞાન પોતાથી જ રક્ષિત હોવાથી)...'** જુઓ! પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ તો પોતાથી જ રક્ષિત છે. પર દ્વારા રક્ષા કર્યા વિના પોતાથી જ રક્ષિત છે. રક્ષિત છે એની રક્ષા કરવી એ ચીજ ક્યાંથી આવી? આહાહા..! સમજાણું કાંઈ? **'તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી...'** વસ્તુ સત્ સત્ સત્ શાશ્વત છે.

આદિ નહિ, અંત નહિ, ધ્રુવ સત્, જ્ઞાન સત્, ભાવ સત્, સ્વભાવ સત્. એવી જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ તો કહે છે, હું તો રક્ષિત જ છું. મારામાં કિંચિત્માત્ર અરક્ષિત હોય એવી કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? એને નિર્જરા થાય એમ કહે છે. એવા દૃષ્ટિવંત ધર્મીને નિર્જરા થાય છે. આમ સમજ્યા વિના, આત્માના ભાન વિના અપવાસ કરે તો સંવર, નિર્જરા થાય છે. ધૂળમાંય નથી થાતી એમ કહે છે. એય..! પોપટભાઈ! ભગવાન એમ ફરમાવે છે.

ભાઈ! તને ખબર નથી, પ્રભુ! તારી પ્રભુતા અંતર અનંતજ્ઞાન, અનંતદર્શન, આનંદ પડ્યો છે. ભગવાનને જે અનંત કેવળજ્ઞાન, આનંદ પ્રગટ થાય છે એ ક્યાંથી થાય છે? બહારથી આવે છે એ કોઈ ચીજ? અંતરમાં પડી છે. ભગવાન! તને ખબર નથી. અંતર પડી છે ચૈતન્ય જ્યોત એમાંથી કેવળજ્ઞાન આવે છે. ભગવાનને કેવળજ્ઞાન થયું, અનંત આનંદ પ્રગટ્યો એ સત્પણે પડ્યો છે. એ સત્ છે એની રક્ષા શું? એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? લીંડીપીપરમાં ચોસઠ પહોરી તિખાશ ભરી છે. છે કે નહિ?

મુમુક્ષુ :- એ પ્રગટે છે.

ઉત્તર :- છે તો પ્રગટે છે. કાંઈ બહારથી આવે છે? પત્થરમાંથી આવે છે? પત્થરમાંથી આવે તો તો કાંકરા ઘસી નાખે. ક્યાંથી આવે છે? ત્યાં છે ક્યાં એમાં? એમાં છે. દાણામાં છે. ચોસઠ પહોરી તીખાશ લીલો રંગ પડ્યો છે. સત્ છે. તો હું પણ ત્રિકાળ સત્ છું. સમ્યગ્દૃષ્ટિને મારું સત્ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ ભગવાનને પ્રગટ થયા, એ સર્વ પર્યાયનો પિંડ હું સત્ છું. સમજાણું કાંઈ? આહાહા..!

આવી દૃષ્ટિ રાખનારને '**અરક્ષાનો ભય ક્યાંથી હોય?**' સમજાણું કાંઈ? '**તે તો પોતે નિરંતર...**' પોતાનો શુદ્ધ ધ્રુવ ચૈતન્યપ્રભુ એના ઉપર દૃષ્ટિ હોવાથી '**નિઃશંક વર્તતો થકો...**' પોતામાં નિઃશંક વર્તતો થકો, નિર્ભય વર્તતો થકો '**સહજ જ્ઞાનને સદા અનુભવે છે.**' સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય. જ્ઞાન એટલે આ જાણનસ્વભાવ હોં! જ્ઞાન એટલે આ પુસ્તકના પાના નહિ. જાણન.. જાણન... જાણન... આ જાણે છે, જાણે છે, જે જાણવાનો સ્વભાવ છે એ સ્વભાવ હું છું. એવો અનુભવ થયો તો જ્ઞાનનું જ વેદન જ્ઞાનીને છે. એને અરક્ષાનો ભય છે નહિ.

'**ભાવાર્થ :- સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી.**' શબ્દ લીધો છે. ભાવાર્થ. જે છે એવી ચીજનો કદી ત્રણ કાળમાં નાશ થતો નથી. '**જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે;...**' આત્મા પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે. જ્ઞાન શબ્દે આત્મા અહીંયાં. જાણન.. જાણન.. જાણન.. સ્વભાવ. જાણે છે, જાણપણું સત્ છે એ આત્મા છે. રાગાદિ આત્મા નથી, શરીરાદિ આત્મા નથી. એ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ? જાણન... જાણન... જાણન...

જાણન.. જાણન... જાણન... જાણન.. અનાદિ કાળથી. સમજાણું કાંઈ?

આ ભવ કર્યા ને? ભવ યાદ આવે છે. આ ભવ કર્યા કે નહિ? તો ભવમાં પણ દરેક ક્ષણે દરેક ભવમાં જાણન-જાણન તો રહ્યું ને? ભાઈ! આ એક દૃષ્ટાંત દીધો હતો. એય..! ત્યાં ધર્મશાળામાં છે ને? દરિયાપરીની સામે ધર્મશાળા. નહિ? ત્યાં (સંવત) ૧૯૯૦ની સાલમાં હતા ને. ૩-૩ હજાર માણસ. ત્યાં સામે ધર્મશાળા નથી? ભોજનશાળા. ભોજનશાળા સામે. પછી માણસ એટલું બધું હતું એટલે વળી.. છે ને? શું કહેવાય? ઓસરી. ભૂલી જવાય છે તમારું બધું. એ ઓસરીની મોઢા આગળ પાટ મૂકી હતી. કારણ કે એટલું માણસ કે અહીં અને આખું ફળિયું. ૯૦ની સાલમાં. અને ૩૫ આર્જિકા .. એમાં એ વખતે આ દાખલો આપ્યો હતો.

ભાઈ! આ જીવ.. ૯૦ની સાલની વાત છે. આ જીવ જ્ઞાનસ્વરૂપ ત્રણ કાળને જાણનારો છે. ભાઈ! પણ એ પોતે જાણનારો પોતાને પોતે પ્રગટ ન કર્યો તો જ્યાં ત્યાં ભવભ્રમણમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જાણન... જાણન.. જાણન... જાણન... જાણન સ્વરૂપનું જ્ઞાન કરે છે. પણ એ બધું એકઠું કરે તો એકલો સર્વજ્ઞ થઈ જાય. ચાલતું નથી? માઈક ચાલતું નથી, કહે છે. ચાલે છે? એ વખતે બંધ હશે. સમજાણું કાંઈ? તોય આવે છે અવાજ.

આ આત્મા છે ને? તો એનો ખરેખર સ્વભાવ સર્વને જાણવાનો છે. હવે જાણન-જાણન એ જ્યારે એકસાથે જાણવું પોતામાં રહીને ન થયું તો જ્યાં-ત્યાં ભવ કરતા-કરતા ભવનું જ્ઞાન, ભવનું જ્ઞાન, એક ભવ, બીજો ભવ, ત્રીજો એમ અનંત ભવ કરતા કરતા અનંત જ્ઞાન થઈ જાય છે એમાં. એ ૯૦ની સાલની વાત છે. ઘણું માણસ. ત્રણ-ત્રણ હજાર માણસ. સામે ભોજનશાળામાં. ૩૫-૩૫ આર્જિકાઓ. મોટું સમવસરણ ભરાતું. મેં કીધું, આમાંથી નીકળ્યા ભેગા બધા ભાગવાના. આ વાત સહન કરી શકશે નહિ. તે દિ' હતા આ મઢડાવાળા શિવજીભાઈ. શિવજી દેવશી નહિ? એ હતા, આવ્યા હતા. સમજાણું કાંઈ?

આ આત્મા કોઈપણ ભવ કરે છે તો ભવનો ખ્યાલ છે કે નહિ? એ વખતે, હોં! પછી ભલે ભૂલી જાય. એ વખતે હું નારકી છું કે આ શરીર છે કે એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો એને ખ્યાલ છે કે નહિ? કે આ શરીર છે, આ ભવ છે, આ સગા છે, આ સંબંધી છે. આ ક્ષેત્ર છે, આ કાળ છે. તો એવું એવું જ્ઞાન કરતા, વળી બીજા ભવમાં જાય ત્યાં ઓલું ભૂલી જાય છે. બીજા ભવમાં એ ભૂલી જાય છે. પણ એ જ્ઞાન ભૂલે નહિ અને એકસાથે લઈ લ્યો તો બધાનું જાણવું-જાણવું રખડવાનું જાણવું એકઠું થઈ ગયું એને. રખડતા રખડતા ઘણું જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! એ તો ચત્તારિ .. માંથી કાઢ્યું હતું. ત્રીજું અધ્યયન છે ને ઉત્તરાધ્યયનમાં. .... એ વખતે તો એને ઈ પ્રમાણે સમજાય ને. બિચારા

સમજે શું આમાં?

એક આત્મા પ્રત્યેક ભવમાં, પ્રત્યેક ક્ષેત્રમાં, પ્રત્યેક કાળ વખતે અને પ્રત્યેક ભાવમાં એણે જ્ઞાન તો કર્યું કે નહિ એનું? અને અહીં જુઓ તો એ ભવનું જ્ઞાન તો છે કે નહિ અંદર? આમ વિચાર કરતા... કરતા.. કરતા.. કરતા... સમજાણું કાંઈ? જેમ ૮૦ વર્ષનો માણસ છે ૮૦ વર્ષનો. એ ૭૦ વર્ષનું યાદ કરે છે કે નહિ? ૭૦ વર્ષનું. ૭૦ વર્ષનું યાદ કરી શકે. પણ ૪૦ વર્ષની ઉંમરવાળો હોય એ ૭૦ વર્ષનું યાદ કરે એવી તાકાત નથી એનામાં? પણ જો ૭૦ વર્ષને યાદ કરે તો બીજો ભવ આવી જાય. શું કહ્યું સમજાણું?

૮૦ વર્ષના માણસ હોય. આપણે હતા ને નેમચંદભાઈ લ્યોને. નેમચંદ કોઠારી હતા ને? રાજકોટ. ગોંડલ. મોટી મૂછ. ૧૦૦ વર્ષે ગુજરી ગયા. બાપ-દીકરો બેય વ્યાખ્યાનમાં આવેલા. દીકરાને ૮૦ વર્ષ અને એને ૯૮ વર્ષ. બેય. હતા ને કોઠારી? કીધું, કેટલું થયું? કેટલું યાદ આવે છે? કીધું. લગભગ ૮-૧૦ વર્ષની વાત યાદ રહે છે. ૯૮ વર્ષની ઉંમરમાં. ૮-૧૦ વર્ષની વાત યાદ છે. ત્યારે એને આટલી વાત યાદ આવે.. એ પણ આત્મા છે. અને બીજો ૪૦ વર્ષનો હોય તો એ પણ આત્મા છે. એ પણ ૯૦ વર્ષનું યાદ કરે છે અને આ આત્મામાં એટલી શક્તિ નથી? વસ્તુ તો બેય છે. એ જો ૮૦ વર્ષે ગયા કાળનો વિચાર કરવા જાય તો આ ભવ પહેલા બીજો ભવ આવી જાય તો ૮૦ વર્ષનું જ્ઞાન થાય છે એને. બરાબર છે? પણ વાત છે ને.

બધું જ્ઞાન છે એનામાં. સમજાણું કાંઈ? યાદ આવે છે તો ક્યાંથી આવે છે? પૂર્વ ભવનું સ્મરણ આવે છે તો પડ્યું છે કે નહિ અંદર? અહીંયા હતું. એવી શક્તિ ત્રણ કાળને જાણવાની એની છે. સમજાણું કાંઈ? પણ અહીં તો સંસાર છે તો એક યાદ કરે તો બીજું ભૂલી જાય, બીજું યાદ કરે તો આ ભૂલી જાય છે. એવો હું આત્મા ત્રણ કાળને જાણનાર જ્ઞાયક જ છું. એવી જ્યાં દૃષ્ટિ સમ્યક્ થઈ, તો કહે છે કે મારો તો કદી નાશ નથી થતો. જ્ઞાન સ્વયં સત્તારૂપ હું છું. એવી ને એવી ચીજ. જાણન... જાણન... જાણન... જાણન... જાણન... જાણન... જાણન.. સ્વભાવ. ત્રિકાળ સત્તા મારી ચીજ છે. એમ નથી કે બીજા દ્વારા મારી રક્ષા કરાય તો રહે. અન્યથા નાશ થઈ જાય એમ છે નહિ.

'**જ્ઞાની આમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતે પોતાના સ્વભાવિક જ્ઞાનને સદા અનુભવે છે.**' કહો, સમજાય છે? એને નિર્જરા થાય છે એમ કહે છે. પોતાનું સ્વરૂપ જે ચૈતન્ય છે જ્ઞાન, આનંદ અસ્તિ સ્વભાવ છે એની જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ તો એને અરક્ષાનો ભય છે નહિ. નિર્ભય વર્તે છે. એને પૂર્વના કર્મ ટળે છે અને રાગ ગળે છે અને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એને ધર્મ કહે છે,

નિર્જરા કહે છે. સમજાણું કાંઈ? લાંઘણું કરે-અપવાસ અને કહે, થઈ ગઈ નિર્જરા. પણ હજી ભાન ન મળે તું કોણ છો અને ક્યાંથી નિર્જરા થઈ તને? એય..! પોપટભાઈ! એ બધું કર્યું હશે કે નહિ પહેલું તમે કાંઈ?

મુમુક્ષુ :- ... આવે છે.

ઉત્તર :- .. આવે છે. માનશે બધા. ખાય નહિ. પણ તું કોણ છો એના ભાન વિના તને નિર્જરા ક્યાંથી થશે?

નિર્જરાનો અર્થ પોતાની શુદ્ધ સત્તામાં જે ચીજ છે એવો આશ્રય કર્યા વિના સત્તામાં નથી એવા રાગ અને કર્મનું ગળવું કેમ થાય? શું ન્યાય આપ્યો? શું કહ્યું? પોતાની સત્તામાં પૂર્ણ જ્ઞાન આનંદ છે. એવી સત્તાના સ્વભાવનું ભાન થયા વિના એની સત્તામાં નથી એવો રાગ અને કર્મ, એની સત્તાનો આશ્રય કરે છે તો રાગ અને કર્મ ગળે છે. હવે સત્તાનું તો ભાન નથી અને રાગ કર્મ ગળે છે, એ ક્યાંથી આવ્યું? ધન્નાલાલજી! સમજાણું કે નહિ?

મારી સત્તામાં મારા હોવાપણામાં તો જ્ઞાન, આનંદ, શાંતિ આદિ છે. તો હોવાપણાની દૃષ્ટિ થઈ, અંતરનો અનુભવ થયો તો એમાં શું નથી? રાગ, કર્મ વસ્તુમાં નથી. એવી દૃષ્ટિનો સ્વીકાર થાય તો જેટલો આશ્રય લીધો એટલો રાગ અને કર્મ ટળી જાય છે. એનું નામ નિર્જરા છે. સમજાય છે કાંઈ? જાય છે એનો અર્થ કે એ ચીજમાં છે નહિ. નિર્જરાનો અર્થ એ ને કે કર્મ ટળે છે. અથવા અશુદ્ધતા નાશ થાય છે. તો એનો અર્થ એ થયો કે નિર્જરા કોને થાય છે? કે અશુદ્ધતાનો નાશ કોને થાય છે? કે જેની સત્તામાં અશુદ્ધતા નથી એવી શુદ્ધ સત્તાનો અનુભવ દૃષ્ટિ થઈ તો એ સત્તાના આશ્રયે અશુદ્ધતા નાશ પામી જાય છે. સમજાય છે કાંઈ? હવે એવી સત્તાનો તો આશ્રય કર્યો નથી, દૃષ્ટિ કરી નથી, ખ્યાલમાં લીધી નહિ, અનુભવ કર્યો નહિ. અને અમને નિર્જરા થાય છે. માનો. અમરચંદભાઈ! સમજાણું કાંઈ?

નિર્જરાનો અર્થ શું? ઝરવું, ગળવું, નાશ થવો. તો નાશ કોનો થાય છે? કર્મનો. ગળવું કોનું થાય છે? અશુદ્ધતાનું. અશુદ્ધતાનો નાશ અને કર્મનું ગળવું નિમિત્ત. એ ક્યાંથી થાય છે? કોને થાય છે? બસ! અપવાસ કર્યા અને આ કર્યું એમાં? એ વસ્તુની સત્તા તો પાસે છે નહિ. સમજાણું કાંઈ? પોતાની સત્તા ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય હયાતી જ્ઞાનાનંદ સ્વરૂપ આનંદ છે એવી સત્તાનું હોવાપણું, રહેવાવાળી ચીજનો તો સ્વીકાર નથી. તો પછી નહિ રહેવાવાળી ચીજનો નાશ કઈ રીતે થાય? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ન્યાયની વાત.

ઉત્તર :- ન્યાય છે. આપણે હીરાભાઈ ઢીલા પડી ગયા છે થોડા. કહો, સમજાણું કાંઈ?

કઈ અપેક્ષાએ વાત ચાલતી હતી?

આ ભગવાન આત્મા.. સમજાણું કાંઈ? કહે છે, ઓહોહો..! એને અરક્ષાનો ભય ક્યાંથી થયો? '**તે તો નિઃશંક વર્તતો થકો પોતે પોતાના સ્વભાવિક જ્ઞાનને સદા અનુભવે છે.**' એનો અર્થ એમ છે.. આ નિર્જરાનો અધિકાર છે. આ વાત આમાં કેમ લીધી? સમજાણું કાંઈ? જેની દૃષ્ટિમાં ભગવાન આત્મા જ્ઞાન, શાંતિનો સાગર પ્રભુ છે આત્મા. એમાંથી શાંતિ, શ્રદ્ધા, વીતરાગતા એમાંથી આવે છે. તો જેમાંથી ધર્મ પર્યાય આવે છે એ ધર્મની જે વસ્તુ છે એવી વસ્તુની દૃષ્ટિનો અનુભવ ન થાય તો એમાં છે એની રક્ષા કઈ રીતે થાય? અને એમાં નથી એનું ગળવું કેવી રીતે થાય? સમજાણું કાંઈ? ભાઈ! કહો, ન્યાલભાઈ! આ નિર્જરાની વ્યાખ્યા કરી આ.

મુમુક્ષુ :- સત્તા ...

ઉત્તર :- માથે સત્તા આવી ને. સત્તા વસ્તુનો કદી નાશ નથી થતો. એનો અર્થ શું? નાશ થાય છે તો રાગ ... હું તો સત્તા શુદ્ધ ચૈતન્ય છું. એવી દૃષ્ટિ થયા વિના મારી સ્વભાવિક જ્ઞાન ધ્રુવ સત્તા છે એવા સ્વીકાર વિના, એના આશ્રય વિના એ અશુદ્ધતા જેનો આશ્રય નથી અને એ વસ્તુમાં નથી, એની નિર્જરા કેમ થાય? ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ... એની રક્ષા કેમ થાય?

ઉત્તર :- કેમ થાય? ક્યાંથી ગળે? આહાહા..!

ભગવાન આત્મા આ શરીરના રજકણ બધા ભિન્ન છે. આ તો માટી છે. કર્મ અંદર છે એ રજકણ છે, અજીવ છે. એ ધૂળ છે, પર છે. આ તો વળી બહાર રહી ગયું ક્યાંય. આ બાયડી, છોકરા, પૈસા મકાન, બકાન તો ક્યાંય હજીરા બહાર રહી ગયા. એ તો કાંઈ છે નહિ અંદર. હવે રહ્યો વિકાર. શુભ-અશુભ ભાવ. દયા, દાન, વ્રત એ પુણ્યભાવ છે. હિંસા, જૂઠું પાપ (ભાવ છે). એ બે તો વિકાર છે. એ વિકાર સ્વભાવમાં છે? જો સ્વભાવમાં હોય તો ટળે કેમ? તો ટાળીને ભગવાન વીતરાગ થઈ ગયા. એનો અર્થ શું થયો? કે વિકાર એનામાં નથી. નથી તો છે શું? એકલો જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ એમાં છે. પૂર્ણ સ્વભાવ છે, પૂર્ણ સ્વભાવ છે. એવો અંતરમાં સ્વીકાર નિર્વિકલ્પ પ્રતીતિ થઈ તો એ સ્વીકારમાં રક્ષા કોની? ભય શેનો? સમજાણું કાંઈ? એ ક્ષણે અશુદ્ધતા જે પહેલા ઉત્પન્ન થઈ હતી એ અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી, નાશ થયો. અને એ સંબંધી કર્મનો પણ નાશ થયો. એમાં છે નહિ, નાશ થાય છે. છે એની રક્ષા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**હવે અગુપ્તિભયનું કાવ્ય કહે છે :-**' ૧૫૮ કળશ.

**स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न य-**

च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।
अस्यागुप्तिरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५८।।

'**શ્લોકાર્થ :- ખરેખર વસ્તુનું સ્વ-રૂપ જ (અર્થાત્ નિજ રૂપ જ) વસ્તુની પરમ ગુપ્તિ છે...**' ભાષા જુઓ! ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે એ ગુપ્તિ છે. એ જ ગુપ્તિ છે. પોતામાં રહેલ છે. '**ખરેખર વસ્તુનું સ્વ-રૂપ જ વસ્તુની પરમગુપ્તિ છે...**' એ ગુપ્તિ છે. આ ગુપ્તિ નથી કહેતા? લાકડામાં રાખે છે ને? હથિયાર-હથિયાર. આવે છે ને? ગુપ્તિ નથી કહેતા? લાકડામાં રાખે. આમ લાકડી હોય, પણ જરૂર પડે તો ગુપ્તિ રાખે. એટલે કો'કવાર એ હથિયાર કાઢવા... આમ લાકડી હોય હાથમાં પણ અંદર પોલીમાં ગુપ્તિ હથિયાર હોય એવું. લોઢાનું એવું તીક્ષ્ણ ઉગ્ર હથિયાર હોય છે. તો લાકડી એવી હોય શું કહેવાય એ? સીસમ-સીસમ. સીસમની લાકડીમાં અંદર પોલાણમાં ઈ હથિયાર રાખે. બહારમાં લાકડી હોય એમ લાગે. પણ અંદરમાં હોય છે ને ક્ષત્રિય આદિ કે .. ઈ રાખે. કોઈ વખતે એવો માણસ આવે તો એમાંથી કાઢીને મારે. એ ગુપ્તિ અંદરમાં પડી છે. અંદરમાં છે. વસ્તુ છે. એની રક્ષા શું? એની ગુપ્તિ શું? ગુપ્તિ તો ગુપ્તિમાં છે. એમ ભગવાન આત્મા પોતાના નિજ સ્વરૂપમાં જ છે. એ જ એની ગુપ્તિ છે. સમજાણું કાંઈ?

'**ખરેખર વસ્તુનું સ્વ-રૂપ જ (અર્થાત્ નિજ રૂપ જ)...**' નિજ રૂપ. ભગવાન આત્માનું નિજ રૂપ, નિજ સ્વરૂપ. જાણન, દેખન, આનંદ, અસ્તિ, સ્વચ્છતા એવા અનંત ગુણ રૂપ પોતાનું નિજ રૂપ જ પોતાની ગુપ્તિ છે. એ ગોપવેલી ચીજ છે. એને કોઈ રાખે (તો રહે), નહિ તો નાશ થઈ જાય, લઈ જાય. આ ગુપ્તિ કરે છે ને? કિલ્લા-બિલ્લા નહિ? ભાઈ! કિલ્લા કરો. મજબૂત નાખો. આ મકાન બનાવે છે ને. અમુક ઈંચના સરિયા નાખો. આ હોય છે ને હુશિયાર માણસ બધા માને ઈ. મકાન બનાવે એમાં અમુક ઈંચના ઓલા હોય ને જાડા. શું કહેવાય એ? દોઢ ઈંચના શું કાંઈક કહે છે. દોઢ ઈંચ, બે ઈંચ ઓલા જાડા. પાતળા હોય તો તો ઓલો ચોર આવીને આમ કરીને મરડી નાખે. ગરી જાય અંદર. એટલે મજબૂત (નાખે) અંદર. પાછા મજબૂતમાં બે લાકડામાં ઊંચું નાખે વધારે અહીં હેઠે. થોડું થોડું નાખે તો મરડી નાખે. એટલે બહુ એવા હુશિયાર માણસ હોય ને કે લાકડા હોય ને ઊંડા એમાં પણ ... નાખે ક્યાંય. ચાર થરું ઊંચે અને બે ઈંચના જાડા. જાડા સમજો છો ને? મોટા. ઘટ્ટ. ચોર આવે તો આપણી રક્ષા થાય. હવે વાંધો નહિ. સિંહ-બિંહ ચારે કોર ફરે તો હવે હરકત નહિ. એમ માને છે ને? ખુલ્લી ચીજ હોય તો કોઈ લઈ જશે. સમજાણું કાંઈ? ગુપ્તિ કરો, ગુપ્તિ કરો, કિલ્લા બાંધો, આમ કરો.

અહીં તો કહે છે, કિલ્લો બાંધેલો જ છે. પોતાનો શુદ્ધ સત્ અનાદિઅનંત ચૈતન્યમૂર્તિ પ્રભુ, પોતાના સત્‌માં પોતાના કિલ્લામાં રહેલી ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી;...**' ભગવાન આત્મા જાણન સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, એમાં રાગનો પણ પ્રવેશ નથી. વસ્તુ ધ્રુવ ચૈતન્યમૂર્તિ પોતાનું નિજ સ્વરૂપ છે. એવી જ્યાં દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ થઈ તો ધર્મી માને છે કે મારા સ્વરૂપમાં તો રાગનો પ્રવેશ નથી તો બીજો કોણ પ્રવેશ કરે કે જે મારી રક્ષા કરે? આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ ભાઈ! આવી ચીજ એવી છે. અહીં મૂળ તો ધ્રુવ સ્વભાવના સ્વીકારમાં એ નિર્જરા થાય છે એ કારણે. એમ સિદ્ધ કરવું છે. હું ગુપ્ત જ છું. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ આનંદ એવી ચીજ જેવી છે એવી જ છે. એવી જ છે. તો ગુપ્ત કરું તો રહે, કિલ્લા કરું તો રહે, નહિતર ન રહે એવી ચીજ છે નહિ. સમજાણું કાંઈ? ધ્રુવ વસ્તુ આમ છે ને? એકરૂપ ત્રિકાળ ધ્રુવ-ધ્રુવ, સત્ સત્ સત્ સત્ ત્રિકાળ સત્ છે ને? એ ચીજની આદિ છે? એનો અંત છે? એવી અનંત શક્તિનું ધ્રુવ છે ને. એવો ધ્રુવ નિત્ય રહેનારી ચીજ ઉપર દૃષ્ટિ દેવાથી અનુભવ થયો કે કાયમ જ્ઞાયકભાવ એવો ને એવો છે. એ ગુપ્ત જ છે. સમજાણું કાંઈ?

આમાં તો ધર્મ કેમ થાય છે અને ધર્મીને શું હોય છે, આ બે જ વાત આવે છે. સમજાણું કાંઈ? ધર્મ ત્યારે થાય કે ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ કરવાથી. અને શું થાય છે? કે પરમ સત્તાના સ્વીકારની દૃષ્ટિમાં એમાં નથી એ ઝરી જાય છે. એનું નામ ધર્મ છે. વાસ્તવિક ધર્માત્મા કેવળી પણ્ણંત્તો ધમ્મો શરણં. બોલે ખરા સાંજ-સવાર. અરિહંતા શરણં, સિદ્ધા શરણં. અર્થની કાંઈ ખબર ન મળે. વાત તો બરાબર છે કે નહિ? ભાઈ! પહેલા .. પણ એને તો ખબર પડે કે નહિ? તુલના તો કરશે કે નહિ કે આ વાત તો બરાબર લાગે છે. અર્થ નહિ આવડે. કીધું નહિ? એક ફેરી ઓલા લીંબડીમાં વાણિયા હતા. દશા-વિશાની તકરાર હતી ને. દશા-વિશાની તકરાર. અમારા દશાશ્રિમાળી, વિશાશ્રીમાળી વાણિયા. અમારે ખીમચંદભાઈ વિશાશ્રીમાળી છે અને આ રામજીભાઈ દશાશ્રીમાળી છે. એમ.

મુમુક્ષુ :- બેય આત્મા છે.

ઉત્તર :- પણ અહીં નાત કહેવાય છે એવી. એક બહારથી ઓળખાવવા. સમજ્યાને? એમાં બેને તકરાર પડી. તો એક દશાશ્રીમાળી બાય હતી ડોશી, એ વિશાશ્રીમાળીને વિરૂદ્ધ થયેલું. પછી લોગ્ગસ બોલતી હતી લોગસ્સ. આ ચોવીસ તીર્થંકરની સ્તુતિ આવે છે ને? એટલે એમાં 'વિહુયરયમલા પહીણજરમરણા;' એ શબ્દ આવ્યો. ભાન ન મળે કાંઈ બિચારાને. ઓલી રાખી હોય ને? ઘડિયાળું. એના ઉપર નજર. પૂરું થાય તો ઉઠીને... એમાં એ બોલ્યા. આપણે આવે છે હોં! સામાયિકમાં દિગંબરમાં. 'વિહુયરયમલા' એટલે એ બાય કહે કે વિશા

રોઈ મળ્યા. કહે કે આ શબ્દ અહીં ક્યાંથી આવ્યો આ? અહીં તો તીર્થંકરની સ્તુતિ છે. પોપટભાઈ! આ તો 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી.' આ તો ભગવાનનું ચોવીસ તીર્થંકરનું સ્તવન છે આ તો. એમાં વિશા રોઈ મળ્યા ક્યાંથી આવ્યું? આ શું થયું? વિશાશ્રીમાળી અહીં નાત છે ને? ઓલા તકરાર કરે. વિશા રોઈ મળ્યા. એલા જુઓ તો ખરા. એમાં ક્યાંથી આવ્યું? એની ખબર ન મળે. આ તો 'વિહુયરયમલા'

મુમુક્ષુ :- એ તો પડિક્કમણામાં

ઉત્તર :- અરે..! પડિક્કમણાનું ભાન પણ ન મળે કાંઈ.

હે પ્રભુ! હે વીતરાગદેવ! આપે વિહુય. વિ-વિશેષે. હુય નામ ધૂય થાય છે. વિશેષે ધૂય ટાળ્યા છે. વિશેષે કરીને ધૂળ ટાળ્યા છે. રયમલા. વિહુયરયમલા. રય એટલે આઠ કર્મની રજ ઝીણી જે છે. અહીં નિર્જરાના અધિકારમાં ચાલે છે ને આ? આઠ કર્મની રજ છે એને રજ કહે છે અને મલા-પુણ્ય-પાપનો મેલ વિકલ્પ ઉઠે છે તે મળ છે. એ ભાવકર્મ છે. દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો વિકલ્પ વૃત્તિ ઉઠે એ ભાવકર્મ મેલ છે અને જડ કર્મ રજકણ એ રજ છે. એ આપે રજ અને મેલને ટાળી નિર્મળ અને અશરીરી થઈ ગયા છો.

મુમુક્ષુ :- અર્થનો અનર્થ થઈ ગયો.

ઉત્તર :- અર્થનું કાંઈ ભાન પણ નહિ. અર્થની ક્યાં ખબર કાંઈ છે. આ બે ઘડી જઈ આવ્યા અને ઓલો માથે કહે હા.. હા.. કરીને ચાલી નીકળ્યા. થઈ ગયો ધર્મ. સામાયિક કરી આવ્યા. એય..! પોપટભાઈ! ૫૫ વર્ષ સુધી શું કર્યું હતું આ? આહાહા..!

કહે છે કે, ભાઈ! જે તારે ટાળવું છે અને જે તારે રાખવું છે, એ કોઈ ચીજ છે શું? એની ખબર છે તને? જેનો તારે નાશ કરવો છે અને જે તારી પાસે રહેવાનું છે અથવા તારે રાખવું છે એ શું છે? ખબર છે? નાશ શેનો કરવો છે? પુણ્ય-પાપના ભાવ. કર્મ નાશ તો જડ છે એ તો એને કારણે નાશ થાય છે. એ કાંઈ નાશ (થતા નથી). એ તો પરદ્રવ્ય છે ને. રાખવું શું છે? લેવાનું શું છે? કે શુદ્ધિ. તો શુદ્ધિ નામ પવિત્રતા. તો પવિત્રતા ક્યાંથી આવશે? પવિત્રતાનો ભંડાર ભગવાન છે અંદરમાં. એવી પવિત્રતાનો પિંડ એની દૃષ્ટિ થવાથી જ્ઞાનીને અપવિત્રતાના પરિણામનો નાશ થાય છે. એને નિર્જરા કહે છે.

મુમુક્ષુ :- પુણ્યના ભાવનો પણ નાશ કરવો?

ઉત્તર :- પુણ્ય એ વિકલ્પ છે. બેય રાગ છે. પુણ્ય કે પાપ બેય ધૂળ છે, મેલ છે. મેલનું ફળ આ ધૂળ છે. ભાવકર્મ છે ને. પહેલા કહ્યું કે નહિ? શુભરાગ છે એ. વિકલ્પ ઉઠે છે ને? હું દયા પાળું, હું એને કરું, આમ ખાઉં, આ ન ખાઉં, અપવાસ કરું એ બધી

વૃત્તિ ઉઠે છે. વૃત્તિ નામ શુભભાવ છે. શુભભાવ એ મેલ છે. પુણ્ય બંધાય છે. આત્માનો સ્વભાવ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનને પુણ્ય કેટલું છે?

ઉત્તર :- ભગવાનને પુણ્ય કાંઈ નથી. પૂર્ણ વીતરાગ થઈ ગયા. સિદ્ધ ભગવાન પૂર્ણ વીતરાગ થઈ ગયા. સમજાણું કાંઈ? આ પુણ્યફલા અરહંતા. એની મોટી તકરાર. આવા ને આવા કોણ જાણે... જૈન દર્શનમાં આવો પ્રભુનો માર્ગ. પણ કોણ જાણે ખબર નથી. એ પુણ્યને લઈને ભગવાન થાય કેવળી. કેવળજ્ઞાન થાતા હશે પુણ્યને લઈને. એ તો તીર્થંકર પ્રકૃતિનું પુણ્ય છે. કેવળજ્ઞાન થયું ત્યારે પુણ્યનો ઉદય આવે તો સમવસરણ આદિ હોય. એમાં આત્મા ક્યાં આવ્યો? એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? પુણ્યફળા અર્હંતા. પુણ્યના ફળમાં તો કેવળી થાય, કેવળજ્ઞાન થાય. ઠીક ભાઈ!

મુમુક્ષુ :- ચોખ્ખો પાઠ છે...

ઉત્તર :- એ તો ત્યાગ કહ્યો છે એમાં. એ તો એમ કહ્યું છે કે પોતાનું શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા, એમાં અંતરમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તો પૂર્વે જે તીર્થંકર પ્રકૃતિ બંધાણી હતી એનું ફળ સમવસરણ આદિ આવ્યું. એ તો બધી બહારની ક્રિયા ચીજ છે. એ પુણ્યથી આત્માની પ્રાપ્તિ થઈ છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એ તો બાહ્ય પુણ્ય એવું છે તો એને એમ કહે. તીર્થંકરની એવી પ્રકૃતિ કહે. છે તો ઝેર ભાવ. અહીં તો ૧૪૮ પ્રકૃતિને ઝેરનું ફળ કહ્યું. વિષફળ. વિષતરૂ નથી કહ્યું? ૧૪૮ પ્રકૃતિ. તીર્થંકર પ્રકૃતિને વિષતરુ કહ્યું. ત્યાં ક્યાં અમૃત છે? આત્મા તો અમૃતસ્વરૂપ અહીંયાં છે. સમજાણું કાંઈ? અમૃતાનંદ પ્રભુ એને અમૃતના અંજન કર. શું કહેવાય આંખે કરે એ શું કહે? શલાકા અંજન.

ભગવાન આત્મા ચૈતન્ય અમૃતનો પિંડ પ્રભુ છે. ભાઈ! તને ખબર નથી. અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એને અંજન કર. અંદરની આંખ ખોલી દે. શલાકા લગાવ દર્શન-જ્ઞાન-ચારિત્રનું. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એવી દૃષ્ટિ થઈ ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. તો એ સમ્યગ્દૃષ્ટિને પોતાની પૂર્ણ સત્તાના સ્વીકારમાં, કહે છે કે '**વસ્તુની પરમ ગુપ્તિ છે...**' મારામાં તો કોઈનો પ્રવેશ છે નહિ. આ દયા, દાન શું તીર્થંકર ગોત્રનો જે ભાવ છે એ ભાવનો મારામાં પ્રવેશ નથી. એ તો વિકાર છે. આહાહા..! સમજાણું કાંઈ? મારામાં કોઈનો પ્રવેશ નથી. મારે ગુપ્તિ કોની કરવી? એ તો ગુપ્ત જ છે. ગુપ્તિ રાખું તો રહે અને નહિતર ન રહે એમ છે નહિ.

**'અકૃત જ્ઞાન...'** જુઓ ભાષા. **'(-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વભાવિક જ્ઞાન-)'** જ્ઞાન શબ્દે જેમ સાકર મીઠાશ છે એમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન એટલે જાણનસ્વરૂપ. અકૃત્રિમ છે. કોઈએ કરી નથી. એ ચીજ કોઈએ બનાવી નથી. કોઈ ઈશ્વર-બિશ્વર કર્તા છે નહિ. એ તો અનાદિ અકૃત્રિમ વસ્તુ છે. જ્ઞાયક વસ્તુ... જ્ઞાયક વસ્તુ.. જ્ઞાયક વસ્તુ. જુઓ! **'અકૃત જ્ઞાન...'** અકૃત જ્ઞાન. જ્ઞાન શબ્દે આત્મા અકૃત છે. કોઈથી કરાયેલું નથી. સ્વયંસિદ્ધ અકૃત. **'(-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વાભાવિક જ્ઞાન-) પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ છે;...'** અકૃત જ્ઞાન પુરુષનું સ્વરૂપ છે એમ કહે છે. પુરુષ શબ્દે આત્મા. આત્માનું સ્વરૂપ જ્ઞાન... જ્ઞાન.. જાણન... જાણન... જાણન.. ચૈતન્ય. સમજાણું કાંઈ?

**'માટે આત્માનું જરા પણ અગુપ્તપણું નહિ હોવાથી...'** મારું સ્વરૂપ જ જ્ઞાન છે એમાં અગુપ્તા વળી કેવી? હું તો ગુપ્તરૂપ જ ત્રિકાળ છું. **'જ્ઞાનીને અગુપ્તિનો ભય ક્યાંથી હોય? તે તો પોતે નિરંતર...'** નિરંતર શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થવાથી, નિરંતર પોતાના સ્વભાવનો આશ્રય હોવાથી **'નિઃશંક વર્તતો થકો...'** એ વીતરાગભાવ છે તો એમાં નિઃશંક રહેતો થકો **'સહજ જ્ઞાનને સદા અનુભવે છે.'** સ્વભાવિક જ્ઞાનનો અનુભવ કરવો એનું નામ નિર્જરા છે. આહાહા..! ભારે વ્યાખ્યા. ઓલા તો કહે કે અપવાસ કરે. એમાં વળી અપવાસ ઉપર એક પોસરી ચડાવે તો અઠમનો ભાવ. અઠમ કરે અને એક પોરસી ચડાવે તો વળી કેટલો લાભ..? કાંઈક કહે છે. ૨૫ અપવાસનો લાભ. ધૂળમાંય નથી. સાંભળને. લાંઘણ છે બધી. એય..!

મુમુક્ષુ :- પાપમાંથી છોડાવીને પુણ્યમાં લઈ જવાનું..

ઉત્તર :- એવું નથી. ત્યાં નિર્જરા માનતા હતા ત્યારે. પાપ-બાપ છોડાવે એ નહિ.

મુમુક્ષુ :- .. ધર્મ મનાવે.

ઉત્તર :- ત્યારે એમ કહો. એ ધર્મ માનતા. હવે પાછા ફરી ગયા. ધર્મ જ એ માનતા. પાપ ન કરે અને પુણ્ય કરે. પુણ્ય કરે એને ધર્મ માનતા. એ પુણ્ય છે, ધર્મ નહિ. ધર્મ તો પુણ્ય-પાપના ભાવ, એનાથી ભિન્ન ચૈતન્ય મહા સ્વભાવ ચૈતન્ય પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે જે સર્વજ્ઞપદ પ્રગટ કર્યું, એ જ મારો સ્વભાવ છે. મારા સ્વભાવમાંથી સર્વજ્ઞપદ મારામાંથી આવશે. કોઈ રાગની ક્રિયા કે નિમિત્તમાંથી આવવાનું નથી. એવો હું ચૈતન્યમૂર્તિ ભગવાન છું. એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિની થવાથી તેને અગુપ્તિનો ભય ક્યાંથી થાય?

**'ભાવાર્થ :- ગુપ્તિ એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે...'** એને ગુપ્તિ કહે ને? મકાન એવા પાકા બનાવે. શું કહેવાય આ? ભોંયરુ. ભોયરું પાકુ બનાવે કે કોઈ અંદર પ્રવેશ ન કરી શકે. એને ગુપ્તિ કહેવાય. **'એવો કિલ્લો, ભોંયરું...'** ભોંયરું સમજો

છો? તલઘર એને કહ્યું ને. તલઘર. હેઠે ઘર. તલઘર. નીચે તળામાં ઘર. '**વગેરે; તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે.**' આપણને કાંઈ વાંધો નથી. સમજાણું કાંઈ?

અહીં ચોરી થઈ હતી ને એક? જેઠાભાઈને ઘરે. જેઠાભાઈ સૂતા હતા. બડકમદાર હતા. પણ જોડેનું મકાન છે. તે દિ' તો આ ક્યાં મકાન-બકાન નહોતા. ખેતર હતા ખેતર. ચોર આવ્યા રાતે. કાંટાની વાડ હતી. કાંટાની વાડમાં ગોદડા નાખ્યા. ગોદડા સમજો છો? ચડવું શી રીતે અંદર? કારણ કે ચારે કોર મકાનમાં.. અહીં તો બધું (જંગલ હતું). આ તો હવે આ થયું ને. તે દિ' તો બધા કાંટા હતા. કાંટાની વાડ. તો વાડમાંથી એમાં નાખ્યું. ગોદડું નાખી પોતાનું અને ગયા અંદર. ખડખડાટ થયો. જેઠાભાઈ જાણે. જેઠાભાઈ હતા ..ભાઈના ભાઈ. કાંઈ ખખડાટ થાય. પણ હશે. આપણે તો પાકા મજબૂત છે ને સરિયા. આમાં કોઈ આવે એવું નથી. પણ ઓલા નિરાંતે ગરીને ટ્રંક લઈ ગયા. સવાર પડી ત્યાં... રાતે ખખડાટ થાતો હતો પણ આપણને તો એમ કે સરિયા પાકા છે. હવે અહીં તે કોણ આવે? અહીં ખેતર છે. અહીં કોણ આવે? પણ ટ્રંક લઈ ગયા. આ મકાનમાંથી. લાઠીના ઉતારામાંથી. ઘણા વર્ષ થઈ ગયા હોં એને. સમજાણું? આપણે તો પાકા મકાન છે. આમાં વળી કોણ પ્રવેશ કરી શકે? સમજ્યા? એમ ધારીને નીચે સૂતા. સવારે જાગ્યા ત્યારે ખબર પડી કે ઓહો.. આ તો ટ્રંક ગયો ભાઈ.

મુમુક્ષુ :- પાકામાંથી ...

ઉત્તર :- પાકો માન્યો હતો. પાકો હતો જ ક્યાં? આ પાકો તો આત્મા જ્ઞાન શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પ્રભુ છે, જેમાં કોઈનો પ્રવેશ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**એવો કિલ્લો, ભોંયરું વગેરે; તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે. એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય તો તેમાં રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે.**' અંધારું હોય ને અંધારું? આમ એકલો માણસ બેઠો હોય એકલો. તો આમ દેખાય નહિ. ચારે બાજુ મકાન .. હોય અને પછી મજબૂત હોય ને પછી સિંહ-બિંહ આવે તો ભય ન રહે. એમ માને ને? માને છે ને?

'**જ્ઞાની જાણે છે કે-વસ્તુના નિજ સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી...**' ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ અનાદિઅનંત સત્ સ્વરૂપ સત્તા. એમાં પરનો પ્રવેશ નથી. '**વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ અર્થાત્ અભેદ્ય કિલ્લો છે.**' અભેદ કિલ્લો. ભગવાન આત્મા અભેદ કિલ્લો કોઈથી ભેદાય નહિ. એવો મારો આત્મા છે. એવી દૃષ્ટિ થઈ તેને નિર્જરા થાય છે, એમ કહે છે.

'**પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે; તે જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત**

**છે...**' પોતાના જ્ઞાનસ્વરૂપમાં ગુપ્ત જ છે. જ્ઞાન જ્ઞાનમાં દૃષ્ટિ મૂકી અને નિજ સ્વરૂપની સંભાળ કરી તો પોતામાં ગુપ્તિ જ છે. કોઈ પર એમાં પ્રવેશ કરી શકતું નથી. '**આવું જાણતા જ્ઞાનીને અગુપ્તપણાનો ભય ક્યાંથી હોય? તે તો નિઃશંક...**' હું ચૈતન્ય મૂર્તિ ધ્રુવ અખંડાનંદ સ્વરૂપ એવી ને એવી ચીજ અનાદિથી છે. એવો જ હું વર્તમાનમાં પણ છું. સમજાણું કાંઈ? સાતમી નરકે ગયો. આટલી આટલી વેદના. કાંઈ ખંડ થયો છે? એમાં કોઈ ખંડ થયો છે? એક સમયની પર્યાયમાં રાગ-દ્વેષાદિ ગમે તો હો, વસ્તુ તો વસ્તુ છે. સાતમી નરકમાં અનંત વાર ગયો. અનંત દુઃખ. સાતમી નરક ૩૩ સાગર અનંત વાર ગયો છે. વસ્તુ તો એવી ને એવી છે. જ્ઞાયક તો એવો ને એવો રહ્યો છે. આવે છે ને? ભાઈ! પ્રવચનસાર ૨૦૦મી ગાથા. આહાહા..! એવો ને એવો. વસ્તુ તો એવી ને એવી. અદ્વૈષિત અનેક પ્રકારે કરે છે કે હું રાગ છું, હું દ્વેષ છું, શરીર છું, એ તો માન્યતા ઊંધી કરે છે. વસ્તુ તો એવી ને એવી છે. ચૈતન્ય ધ્રુવ. મારામાં કોઈનો પ્રવેશ નથી. તો મારી રક્ષા કરે તો હું રહું નહિતર નહિ, એવી ચીજ છે જ નહિ.

'**નિઃશંક વર્તતો થકો પોતાના સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપને...**' સ્વભાવિક જ્ઞાન એટલે આ જાણપણું નહિ... અંદર જ્ઞાનસ્વરૂપ સ્વભાવિક જ્ઞાન. ગુણ, ગુણ સ્વભાવ ત્રિકાળ. એને '**નિરંતર અનુભવે છે.**' એવી કાયમ દૃષ્ટિ અંદરમાં છે તેથી એને અજ્ઞાનપણે બંધાયેલું કર્મ અને મલિનતાની જે પર્યાય થાય છે મંદ પુરુષાર્થથી, એ શુદ્ધ સ્વભાવને આશ્રયે નિર્જરા થાય છે. પોતાના નિજ સ્વભાવની સત્તાના સ્વીકાર અને આશ્રય વિના કદી કોઈને નિર્જરા કર્મનો નાશ કે મલિનતાનો નાશ કદી થતો નથી. એ અહીંયાં કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૩, ગુરુવાર તા. ૧૭-૦૮-૧૯૬૭**
**શ્લોક-૧૫૮ થી ૧૬૦, પ્રવચન-૩૧૦**

આ સમયસાર, નિર્જરા અધિકાર. ૧૫૯ કળશ છે, કળશ. ધર્મીને મરણનો ભય નથી હોતો. સમજાણું કાંઈ? ધર્મી એને કહીએ કે જે પોતાના શુદ્ધ સ્વરૂપનું સાધન કરે છે. સુખ.

મુમુક્ષુ :- વેપારમાં છે.

ઉત્તર :- દુઃખનું સાધન છે એ તો. કમાવું, ખાવું, પીવું એ બધા દુઃખના સાધન છે. ક્યાં ગયા હીરાભાઈ? જુઓ! શું બાપા કહે છે? કહે છે કે અમારે બધા દુઃખના (સાધન છે તો) પછી ઊભા રહેવાનું સ્થાન નથી. એમ કહે છે.

અહીં તો કહે છે કે ભાઈ! તારે સુખી થવું હોય તો સુખની દશામાં તને શું થાય છે? સુખી થવું કહો કે ધર્મી થવું કહો કે સ્વતંત્ર થવું કહો, બધી એક જ વાત છે. સમજાણું કાંઈ? નિર્જરા કરનાર કહો, સુખી થનાર કહો, ધર્મી કહો, બધી એક જ વાત છે. જ્યાં સુખી થવું છે ત્યાં ક્ષણે ક્ષણે પોતાના શુદ્ધ સ્વભાવની સત્તાનો આશ્રય છે. સમજાણું કાંઈ? જેમાં દુઃખ નથી, જેમાં પર વસ્તુ નથી. એ તો પર વસ્તુ નથી અને દુઃખ નથી એટલે આસ્રવ નથી. દુઃખ નથી એટલે આસ્રવ નથી. તો આસ્રવ અને પરવસ્તુને પોતાની માને છે એ દુઃખી છે. સમજાણું કાંઈ?

પુણ્ય-પાપના ભાવ, એમાં ઠીક છે, પોતાના માને છે. એ જ પ્રાણી અનાદિથી દુઃખી થઈને દુઃખમાં પ્રાણ છોડે છે. મરણનો અધિકાર છે ને. દુઃખમાં પ્રાણ છોડે છે. ધર્મીને સુખની શાંતિમાં પ્રાણ છૂટે છે એમ કહે છે. છોડે છે. સમજાણું કાંઈ? ધર્મી એને કહીએ કે પોતાના સ્વભાવમાં વિકાર નથી, સંયોગ નથી અથવા વિકાર શબ્દે સંયોગથી ઉત્પન્ન થયેલ આગંતુક, પુણ્ય અને પાપના ભાવ મારી ચીજમાં નથી. મારી ચીજમાં તો જ્ઞાન અને આનંદ છે. એવા પોતાના સ્વરૂપનો જેને અંતર સ્વીકાર થયો છે અને વિકાર અને પરનો જ્યાં અસ્વીકાર છે.. સમજાણું કાંઈ? ત્યાં ધર્મદૃષ્ટિ છે અને ત્યાં નિર્જરા થાય છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે, ધર્મી જીવને પોતાની સત્તા ચૈતન્યપ્રાણ શુદ્ધ ધ્રુવ ત્રિકાળ છે. એનું કદી મૃત્યુ-નાશ થતો નથી. તો એને મરણનો ભય છે નહિ. દેહ છૂટવાનો હોય તો એ તો પ્રાણ નાશવાન સંયોગી છે. સ્થિતિએ આવ્યો છે અને સ્થિતિએ ચાલ્યા જશે. એનો ભય જ્ઞાનીને હોતો નથી. સમજાણું કાંઈ? એ વાત કહે છે, જુઓ!

૧૫૯.

**प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो**
**ज्ञानं तत्स्वमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।**
**तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५९।।**

સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિની વાત કરે છે. સમ્યગ્દૃષ્ટિને જ નિર્જરા થાય છે. જેની દૃષ્ટિમાં વિકાર મારો છે, એને છોડવું શું? એને નિર્જરા શું? એને તો આત્માનો દૃષ્ટિમાં અભાવ છે. એ છોડ્યું છે એણે તો. એને આત્માની નિર્જરા થઈ-આત્માને છોડ્યો છે. જેણે વિકાર પરિણામ અને સંયોગને પોતાનો માન્યો છે એણે પોતાનો સ્વભાવ છોડી દીધો છે. અને જેણે પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એવો સ્વીકાર અને આદર કર્યો, એણે વિકાર અને પર સંયોગને દૃષ્ટિમાંથી છોડી દીધા છે. સમજાણું કાંઈ?

કહે છે કે, '**શ્લોકાર્થ :- પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે.**' પાંચ ઇન્દ્રિય.

મુમુક્ષુ :- કૌંસમાં લખ્યું છે.

ઉત્તર :- હા કૌંસમાં. એ લોકો જ કહે છે ને. ધર્મીને ક્યાં છે?

આ પાંચ ઇન્દ્રિય. આ પાંચ ઇન્દ્રિય. અને શ્વાસ, આયુષ્ય અને ત્રણ બળ. એ આઠ. એ તો જડ છે. આ પાંચ ઇન્દ્રિય-કાન, આંખ માટી છે, જડ છે. એ પોતામાં છે? પોતાના છે? પોતાને કારણે રહ્યા છે? કહો, રાજમલજી! અમારા વકીલને. એમાં અઘરું શું છે? શું પોતાનું છે જડ? એ તો અજીવ છે. અજીવની પર્યાય અજીવમાં થાય છે. પોતાને કારણે રહેતી નથી, પોતાને કારણે જાતી નથી, પોતાની રક્ષાથી એમાં રક્ષા થતી નથી.

પાંચ ઇન્દ્રિય અને મન, વચન, કાયા બળ સંયોગ અને શ્વાસ, આયુ એ તો જડ પર છે. ઠીક! અને પોતાની પર્યાયમાં જે પાંચ ઇન્દ્રિય પૂરતું ક્ષયોપશમ જ્ઞાન છે અને બળનું વીર્ય છે એ એક સમયની અવસ્થા છે. એ પોતાનું ત્રિકાળી સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? તો જ્યાં દસ પ્રાણ જડ છે અને છૂટવા લાયક નામ છૂટા જ પડ્યા છે. પોતાના સ્વભાવ સાથે એને મેળ છે જ નહિ. એ તો પરવસ્તુ છે. મેળ ક્યાંથી હોય?

મુમુક્ષુ :- ક્યારની વાત છે?

ઉત્તર :- ક્યારની વાત ચાલે છે?

મુમુક્ષુ :- વર્તમાનની.

ઉત્તર :- વર્તમાન આ છે ને બધું. આ બધું શું છે?

ઈ કહે છે, ભાઈ! ધર્મદૃષ્ટિ કરવી એ મહાન પુરુષાર્થ છે. એ છે સંયોગે અને વિકારની

દશા છે છતાં છે એનો સ્વીકાર ન કરવો અને ત્રિકાળ સ્વભાવ વર્તમાન પ્રગટ નથી એનો સ્વીકાર કરવો. સમજાણું કાંઈ? ઈ કહે છે, જુઓ!

**'પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે.'** એ ઈન્દ્રિયો છૂટી ગઈ, મરણ થયું. અરે..! મરી ગયા. કોણ મરે? શરીર છૂટે. એ તો છૂટવા લાયક છે તો છૂટ્યું. એમાં મરણ કોનું થયું? સમજાણું કાંઈ? **'આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે.'** ભગવાન આત્માનું જીવન ટકવું તો સત્તા, જ્ઞાન, આનંદ, ચેતના એવો જે ત્રિકાળી સ્વભાવ છે એ આત્માના પ્રાણ છે. સમજાણું કાંઈ? જીવત્વશક્તિ પહેલા લીધી છે ને? પહેલી શક્તિ છે જીવત્વશક્તિ. ભાવપ્રાણ.

જાણનસ્વભાવ, આનંદસ્વભાવ. જ્યાં મારો આનંદ મારામાં છે. હું ત્રિકાળી આનંદ પ્રાણ સહિત જ છું. ધર્મીની દૃષ્ટિ હું ત્રિકાળી આનંદ પ્રાણ સહિત જ છું. મારામાં હું આનંદ રહિત છું આનંદ અલ્પ છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને મારા જ્ઞાનપ્રાણ પણ અનાદિ શાશ્વત મારામાં છે. એ જ્ઞાન કોઈ પરથી થાય છે અને પર કોઈ લૂટી જાય છે એમ છે નહિ. ચૈતન્યપ્રાણ, આનંદપ્રાણ, હોવાપણું-સત્તાપ્રાણ, સુખપ્રાણ અથવા ચેતનાપ્રાણ. જ્ઞાન છે એ એક ભાગ છે અને ચેતનામાં દર્શન-જ્ઞાન આદિ. એવા સ્વભાવના જે ભાવપ્રાણ છે એ તો શાશ્વત છે. એમાં કોઈ ખામી થાય છે કે કોઈ એને લૂંટી જાય કે એનો નાશ થાય એમ કદી બનતું નથી.

**'આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે.'** જ્ઞાન શબ્દે એ બધા લેવા. જાણપણું, જાણપણું જ્ઞાનમાં બધા ગુણનો ખ્યાલ આવી જાય છે ને? તો બધાને જ્ઞાનપ્રાણ જ ગણવામાં આવ્યા છે. હું તો જ્ઞાન છું. જાણનાર હું છું. મારા હોવાપણામાં, હોવાપણામાં તો જ્ઞાન અને આનંદ જ છે. એ મારું જીવન છે, એ મારા પ્રાણ છે. એનાથી હું ટકી રહું છું, જીવતો રહું છું. મારા જીવનમાં આનંદ અને જ્ઞાન પ્રાણથી મારું જીવન છે. એમ ધર્મી માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મદૃષ્ટિ ભાઈ! અપૂર્વ છે. એ કંઈ સાધારણ ચીજ નથી. આખો ચૈતન્ય ભગવાન એક સમયમાં શાશ્વત વસ્તુ પરમાનંદનો પૂર પ્રભુ આત્મા છે. એવો અંતર સ્વીકાર થયો તો કહે છે કે મારા પ્રાણ તો શાશ્વત છે. મારા પ્રાણ માટે કોઈ પરની સહાય મળે તો હું ટકું એમ છે નહિ. હું ત્રિકાળ છું. જુઓ! ઈ કહે છે.

**'તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત હોવાથી...'** એમ કહે છે. મારા પ્રાણ તો જ્ઞાન અને આનંદ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને **'સ્વયમેવ શાશ્વત હોવાથી...'** એ તો સ્વયમેવ-પોતાથી જ, પોતાથી જ શાશ્વત છે. એ તો પોતે જ સત્ છે, શાશ્વત છે, ધ્રુવ છે, પોતાથી

ટકનાર ત્રિકાળ છે. '**તેનો કદાપિ નાશ થતો નથી;...**' લ્યો. આ '**जातुचित्**'નો (અર્થ). કદાપિ વસ્તુ ભગવાન આત્મા ધર્મીની દૃષ્ટિમાં તો સ્વભાવ સત્તા ત્રિકાળ છે એ પડ્યો છે. એનો તો કદી નાશ થતો નથી. સમજાણું કાંઈ?

ધર્મ એવો છે. આ તો બહારથી ક્રિયાકાંડ, રાગાદિ કરે, વિકલ્પ કરે, દૃષ્ટિ ત્યાં રાખે અને અમને ધર્મ થાય છે. જ્યાં સ્વભાવની આખી ખાણ છે એ વસ્તુની દૃષ્ટિ નહિ, વસ્તુનો આશ્રય નહિ, વસ્તુની પ્રતીતિ નહિ, વસ્તુના સ્વભાવનો અંતરમાં ભરોસો નહિ. સમજાણું કાંઈ? અને રાગની ક્રિયામાં બહારનો ભરોસો અને અમને ધર્મ થાય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા મારા પ્રાણ તો જ્ઞાન અને આનંદ છે. દુનિયા તો કહે છે કે કોઈ દિકરો હોય તો આ મારા પ્રાણ છે એમ નથી કહેતા? મારા હૈયાનો પ્રાણ છે. ધૂળેય નથી.

મુમુક્ષુ :- બહુ વહાલા હોય તો એમ કહે.

ઉત્તર :- મફતનો પોકાર કરે છે. મરી જાય તો ભેગો મરી જાય છે સાથે? દેહ છૂટે તો મરી જાય છે સાથે? એ તો પછી લાડવા ખાય ખાનગી, બધું કરે.

મુમુક્ષુ :- આપે કીધું મરતો નથી.

ઉત્તર :- પણ ઓલો દેહ છૂટે છે ને એ જાણે કે આ મરી ગયો એમ કહે છે. લોકો એને કહે છે ને મરી ગયો. મરે કોણ? ચૈતન્ય ભાવપ્રાણ છે. એના પણ ચૈતન્ય ભાવપ્રાણ છે. એમાં એ જીવે છે. સમજાણું કાંઈ?

ધર્મી પોતાના શાશ્વત પ્રાણને જ્ઞાન, ધ્રુવ, ચૈતન્ય સ્વભાવને પોતાનો માનીને પોતાના સ્વરૂપના જીવનમાં ટકવું એ જ મારું જીવન છે. બીજું કોઈ જીવન છે નહિ. '**માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી.**' જુઓ! અંશે પણ નથી થતું. ક્યાંથી અંશે (થાય)? ઘાત ક્યાંથી (થાય)? વસ્તુ ધ્રુવ ચૈતન્ય ધ્રુવ છે એમાં ઘાત ક્યાંથી આવ્યો? અહીં તો એ કહે છે. સમજાણું કાંઈ? પરિપૂર્ણ સ્વભાવ જ્ઞાનની મૂર્તિ આનંદ સ્વભાવ (છે). એવી દૃષ્ટિમાં જે વિષય ધ્રુવ આવ્યો એનો કિંચિત્ પણ નાશ થતો નથી. નાશ થતો નથી કહો કે મરણ નથી થતું કહો (બધી એક જ વાત છે). સમજાણું કાંઈ? '**તેથી (આવું જાણતા) જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય?**' આવું જાણનારને મરણનો ભય ક્યાંથી હોય? દેખો! ધર્મ એવો નથી કે આમ-આમ કર્યું દયા પાળી, સામાયિક કરી, પોષા કર્યા. એવો ધર્મ છે જ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ચોથા કાળમાં...

ઉત્તર :- ચોથા અને પાંચમામાં ફેર હશે? ધર્મમાં ફેર છે? ત્રણ કાળમાં નહિ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ. પંથ કોઈ બીજો છે?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે કહ્યો એ માર્ગ ત્રણ કાળમાં એક જ છે. સમજાણું કાંઈ?

બધા કહે ને? મરતા વખતે કહે છે, મહારાજ! કે આ વર્તમાનમાં સાધુ અને શ્રાવક મરે ત્યારે ટાંગા તરફડે અને આમ આમ કરે છે. સમાધિ મરણ આવું હશે? એવો પ્રશ્ન કરે છે. પંચમ આરાના સાધુ અને પંચમ આરાના શ્રાવક મરતા સમયે તો આમ આલસ-વિલસ હોય મરતાં અને સમાધિ મરણ, સમાધિ મરણ કહે. સમાધિ મરણ પંચમ આરામાં એવું હોય? દેવીલાલજી! પણ વસ્તુના ભાન વિના બાહ્ય ત્યાગ કરીને બેઠા હોય. દૃષ્ટિ મિથ્યાત્વ છે. અંદર શુભભાવમાં ધર્મ માને છે. દેહની ક્રિયા હું કરી શકું છું, મેં કંઈક ત્યાગ કર્યો છે, એવી દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. મિથ્યાત્વમાં ક્યાંથી શાંતિ આવે? પછી મરતા વખતે ભીંસ પડે. પૂરા કરે પછી પાણી પીવે ને... પણ અંદર કલુષિત.. કલુષિત... કલુષિત (પરિણામ હોય). સમજાણું કાંઈ? એ મરણ નથી. એ તો બાળમરણ છે, અજ્ઞાનમરણ છે. ચાહે તો સાધુ નગ્ન થઈને મરે. દૃષ્ટિ જ્યાં આત્મા શુદ્ધ ચૈતન્ય ભાવપ્રાણ આનંદ ઉપર દૃષ્ટિ નથી અને રાગનો કર્તા અને પરની ક્રિયા કર્તા અથવા રાગથી મારામાં સાધન થઈને સ્વભાવની પ્રાપ્તિ થાશે, એવી દૃષ્ટિ જ્યાં પર ઉપર પડી છે એને તો મૃત્યુ સમયે કલુષિતતા જ થશે. સમજાણું કાંઈ? આનંદ સ્વરૂપ શું છે એના ઉપર તો દૃષ્ટિ છે નહિ.

આનંદ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદમૂર્તિ છે. એવી જેને પ્રતીતિ, અનુભવ નથી એ તો રાગને જ પોતાની પ્રતીતિ માને છે અને રાગમાં જ પોતાપણું માને છે. સમજાણું કાંઈ? મૃત્યુ કાળે, આ દેહ આવો. દૃષ્ટિ તો ત્યાં છે. સ્વ ઉપર તો આવી નથી. અને સ્વ ઉપર આવવાની જે રીત છે એને માનતો નથી. સમજાણું કાંઈ? અંદરમાં કોઈપણ રીતે આ બહારથી, કોઈ વિકલ્પથી, વ્યવહારથી ધર્મ થાય, વ્યવહાર કરતા કરતા થાય. એ તો બહારથી માને છે તો દૃષ્ટિ જ બહાર છે એની. બહિરાત્મ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એને શાંતિ ક્યાંથી થાય?

ભગવાન આત્મા જ્યાં નજર નાખતા શાંતિનો સાગર આત્મા છે. સમજાણું કાંઈ? જ્યાં પોતાનો અતીન્દ્રિય આનંદ પડ્યો છે અંદર. એવી દૃષ્ટિ કરવાથી ધર્મીને શાંતિ છે. મરણનો ભય નથી. કોણ મરે? કોણ જીવે? હું ત્રિકાળ જીવું છું.

‘**તેથી જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય? તે તો પોતે નિરંતર...**’ સતત, અખંડ ધારાવાહી પોતાના આનંદને અને પોતાના જ્ઞાયકભાવને ‘**નિઃશંક વર્તતો થકો...**’ શ્રદ્ધામાં પોતાના સ્વભાવમાં નિઃશંક, નિર્ભય, નીડર વર્તતો થકો ‘**સહજ જ્ઞાનને સદા અનુભવે છે.**’ સ્વભાવિક વસ્તુ જે ધ્રુવ છે એનો જ પર્યાયમાં અનુભવ કરે છે. કહો, સમજાણું કાંઈ?

‘**ભાવાર્થ :- ઈન્દ્રિયાદિ પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે.**’ પાંચ

ઈન્દ્રિય, મન છૂટી જાય તો કહે મરી ગયો. કોણ મરે? સમજાણું કાંઈ? '**પરંતુ આત્માને પરમાર્થે ઈન્દ્રિયાદિ પ્રાણ નથી,...**' પરમાર્થ-ખરેખર જુઓ તો ઈન્દ્રિયાદિ પ્રાણ પણ નથી, શ્વાસ પણ નથી, આયુષ્ય પણ નથી. આ મન-વચન બળ પ્રાણાદિ નિમિત્તરૂપે છે એ પણ એમાં તો છે જ નહિ. '**તેને તો જ્ઞાન પ્રાણ છે.**' લ્યો! સમજાણું કાંઈ? '**જ્ઞાન અવિનાશી છે-**' વસ્તુ તો નાશ વિનાની ત્રિકાળ ધ્રુવ છે.

'**તેનો નાશ થતો નથી; તેથી આત્માને મરણ નથી. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને મરણનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતાના...**' સ્વભાવમાં નિઃશંક, નિઃસંદેહ સ્વભાવ શુદ્ધ આનંદ છે એવી દૃષ્ટિ રાખતો પોતાના સ્વભાવમાં વર્તે છે. એને મરણનો ભય છે નહિ. જુઓ! જ્ઞાનીનું આવું મરણ હોય છે. સમજાણું કાંઈ? (લૌકિકમાં તો) અરે..! ભાઈ! આ કરજે. આ બાકી રહ્યા કામ. અંદરમાં વિકલ્પમાં કરે ભગવાન.. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન.. કરો ભાઈ. પણ ભગવાન-ભગવાન કરે એ વિકલ્પ છે. ભગવાન પાસે લઈ જાવ, ભાઈ! ભગવાન પાસે લઈ જાવ. પ્રતિમા પાસે લઈ જાવ. મારું સમાધિ મરણ થાય. ત્યાં જવું છે કે અંદર જવું છે? ભગવાન પાસે લઈ જાવ મરણ વખતે એને શાંતિ રહે. પણ બહાર ઉપર દૃષ્ટિ છે એ તો વિકલ્પ રાગ છે. ત્યાં ક્યાં ભગવાન પાસે તારું સમાધિ મરણ છે? સમજાણું કાંઈ? એય..! જેઠાલાલભાઈ! શરીર એવું મોળું પડી ગયું હોય તોપણ કહે, ભગવાનના દર્શન કરવા છે. પણ આ ભગવાનના દર્શન અંદર કર્યા વિના તને શાંતિ ક્યાંથી થશે? સમજાણું કાંઈ?

આ કેટલાક એમ કે બહુ શરીર હોય તો ઉપાડીને મૂકે ઓલા શું? ડોલીમાં નાખે ભગવાન પાસે લઈ (જવા). ભગવાન પાસે લઈ ગયા અને ત્યાં દર્શન કર્યા અને દેહ છૂટી ગયો. બહુ સમાધિ મરણ. ધૂળમાંય નથી. સમજાણું કાંઈ? અને દેરાસરમાં મરણ થયું. ભારે મરણ. એ સમાધિ મરણ. જાઓ. પછી આ શેઠિયા બધાને ઓલાને કહે કે આહાહા..! મરણ આવું થયું, ભાઈ! અહીં ભગવાન પાસે ગયા વિના શાંતિથી મરણ થશે નહિ. પુણ્ય અને પાપ, રાગ અને પર વસ્તુની રુચિ છોડીને પોતાના આનંદની રુચિનું પોષણ ન કરે ત્યાં સુધી એને શાંતિ અને સુખ મળશે નહિ. ભગવાન પાસે જાય કે સમવસરણમાં જાય, ત્યાં ક્યાં હતો આત્મા?

મુમુક્ષુ :- ...ત્યાં દુઃખી છે.

ઉત્તર :- દુઃખી છે ને. ત્યાં બધા દુઃખી તો પોતાના રાગથી દુઃખી છે ને. પરના કારણે ક્યાં છે? સમજાણું કાંઈ?

કેટલાક કહે, જુઓ! મને ગમે તેવો મંદવાડ હોય ને, શરીરમાં મને ગમે તેવું હોય તોપણ

ભગવાનના દર્શન કરવા દરરોજ લઈ જવા. ઉપાડીને. ઓહોહો..! ભારે ધર્મી, ભાઈ! જાણે કે બહારના લક્ષે જાણે મારું મરણ સુધરશે. દૃષ્ટિ બહાર છે. ભાવ આવે એ જુદી વાત છે. વિકલ્પ આવે એવો. પણ અંતર સ્વરૂપમાં મારી શાંતિ અને આનંદ છે એવી અનુભવ દૃષ્ટિ કર્યા વિના, એના સ્વભાવની સમીપ ગયા વિના કદી ક્યાંય શાંતિ અને સુખ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મરણ-બરણની કાંઈ ખબર નહિ. શું કામ છે? મૃત્યુ થાઓ ન થાઓ, એ તો પોતાના સ્વભાવ સાધનમાં છે. દેહ છૂટે કે ન છૂટે કાળનું શું કામ છે? એ વાત પહેલા આવી ગઈ છે. નથી આવી પહેલા? નિરપેક્ષ કહ્યું, ભાઈ! અત્યંત નિરપેક્ષ પહેલા આવી ગયું. ધ્યાન નથી રાખતા. સમ્યગ્દૃષ્ટિને મરણ ક્યારે થશે? દેહ ક્યારે છૂટશે? એનાથી પણ અંતર નિરપેક્ષ છે. કામ શું છે? એ તો બધું ભિન્ન છે. હું એના ઉપર લક્ષ રાખું કે આ શું થયું? અહીંથી મારે સ્વર્ગમાં જાવું છે તો સ્વર્ગ કેવું છે? ત્યાં લક્ષ કરવાનું છે? સમજાણું કાંઈ? એ આપણે કેટલામાં આવ્યું હતું? આવ્યું હતું ને? ૨૨૮. જુઓ!

'**સમ્યગ્દૃષ્ટિઓ...**' ધર્મી જીવ. ૨૨૮. '**કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...**' એ બધા બહારના કાર્યની નિરપેક્ષતા છે. દેહ છૂટવાનો કાળ ધ્યાનમાં આવે તો ઠીક, દેહ છૂટવાનો કાળ જણાય તો ઠીક. એની પણ એને અભિલાષા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ખ્યાલ આવી જાય તો આવી જાય. ન આવે તો ન આવે. એમાં શું હરકત છે? ૨૨૮માં છે. ૨૨૮. '**સમ્યગ્દૃષ્ટિઓ સદાય સર્વ કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...**' એ કાર્ય આમ થશે.. સ્વભાવ ઉપર દૃષ્ટિનું અવલંબન છે અને સ્વના આશ્રયમાં જોર છે કે ત્યાં પરના લક્ષમાં જોર છે? સમજાણું કાંઈ? કોઈને મૃત્યુનો ખ્યાલ આવી જાય માટે સમાધિમરણ છે એમ છે નહિ. અજ્ઞાનીને પણ ખ્યાલ આવી જાય એમ બને છે. કોઈને એમ બને છે.

ઢેઢ હતા હરિજન. ..માં .. છે ને ત્યાં વઢવાણ પાસે. એક હરિજન હતા. હરિજન સમજ્યા? ઢેઢ હરિજન. એ બહુ સરળ હતા. વ્યાખ્યાન સાંભળવા આવતા. કોઈ સાધુ આવે સ્થાનકવાસીના તો સાંભળવા આવે. વસ્તુનું કાંઈ ભાન નહિ. એમ થયું કે મૃત્યુ સમયે ખ્યાલ આવી ગયો કે હવે મારો દેહ છૂટવાનો કાળ છે. તો કરો.. એ તો પાછું કરે ને છાણ? છાણને શું કહે? ગોબર. છાણ લીપે. એમ કર્યું. સ્ત્રી કહે, મારે પણ સાથે આવવું છે. સ્ત્રીને કહે, કંઈ નહિ. તમે એકલા જાવ છો તો મારે પણ આવવું છે. ચાલો બેસી જાવ. એય..! ન્યાલભાઈ! આ બન્યું છે. ઓલા ભાઈ નહોતા કેવા?

મુમુક્ષુ :- નાગરભાઈ.

ઉત્તર :- ના ના નાગરભાઈ નહિ. દિપચંદના ડોસા પ્રેમચંદભાઈ. પ્રેમચંદ ડોસા એ કહેતા હતા. એના શેઠ હતા એ. ભાઈ! ડોક્ટરને બોલાવું? નહિ. નહિ. બસ, .. સ્ત્રી કહે, મારે આવવું છે. બેસી જા. છાણ થાપે ને. વૈષ્ણવ ખરા ને. .... એય..! ત્યાં કાંઈ સમાધિમરણ છે? મિથ્યાત્વ મરણ છે. ભાન ક્યાં છે આત્મા શું છે. એ તો જાણે કે ઈશ્વર છે. હું .. ભક્તિ કરું છું. અમારા .. બસ મૃત્યુ.. બેયને ખ્યાલ આવી ગયો. બેયનો ખ્યાલ આવી ગયો. એય..! ભીખાભાઈ! આ બનેલું છે, હોં! દીપસર છે. સ્ત્રીને કહે બેસી જા. બોલો ભગવાન શ્રી રામ.. રામ. દેહ છૂટી ગયો. બેયનો છૂટી ગયો. એય.. પ્રાણભાઈ! એમાં શું થયું પણ?

મુમુક્ષુ :- વૈકુંઠ...

ઉત્તર :- વૈકુંઠ ક્યાં હતા ત્યાં? પ્રકૃતિ સરળ અને કાંઈક શુભભાવ હોય...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેહ છૂટી ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ હતો. સારું શું? કાંઈ ખબર નથી. દૃષ્ટિનું ભાન ક્યાં હતું? એ તો સરળ હતા. ભગવાનનું નામ લે. મિથ્યાદૃષ્ટિ હતો. ભાન પણ ક્યાં હતું. લોકોને કાંઈ ખબર જ નહિ. એ તો.. દેહ છૂટે એટલે ઓહોહો.. સમાધિ. પણ સમાધો ક્યાં હતો? એ રાગને પોતાનો માને છે, દેહની ક્રિયાને પોતાની માને, કોઈ ઈશ્વર કર્તા છે, અમે તો એના ભક્ત છીએ એમ માને છે. જૈનમાં રહીને દયા, દાન વિકલ્પને પોતાનો માને અને પછી મહાવીર (બોલીને) દેહ છૂટી ગયો. મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ અસમાધિ મરણ છે. લોકોને ભાન નથી.

મુમુક્ષુ :- ભગવાનને માને.

ઉત્તર :- હજી ભગવાનને માને. એ તો પ્રકૃતિ સરળ હો સાધારણ તેથી કોઈ સ્વર્ગમાં જાય. વ્યંતર-બ્યંતર ભૂતડા થાય. સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્ય સર્વજ્ઞે કહ્યો એવા પરમાત્મા પોતાના સ્વરૂપની અનુભવ દૃષ્ટિ વિના કદી સમાધિ થતી નથી. લાખ ભગવાન... ભગવાન.. કરે અને ખ્યાલ પણ આવી જાય તોપણ મૃત્યુ અસમાધિ છે. એય..! અને કોઈ એવા પણ હોય, સાતમી નરકે જનારા હોય. ખાતા-ખાતા. ચા પીતા, ઓશીકું હોય પાછળ. શું કહે છે તમારે? તકિયા. તકિયે બેઠો હોય, ચા પીતા હોય, બિસ્કીટ ખાતા હોય. સાતમી નરકે. એમાં શું થયું? બહારના અશાતાના ઉદયનો

સંયોગ નહોતો. એમાં શું થયું? સમજાણું કાંઈ? એને પણ શાતાનો ઉદય હોય, શરીરમાં રોગ ન હોય. દેહ છૂટી જાય. એમાં થયું શું? દુનિયાને માપ કરતા આવડતું નથી. સમજાણું કાંઈ? જૈનમાં પણ એમ ભગવાન! દેહ છૂટી ગયો. ભારે મરણ થયું. ધૂળેય નથી મરણ. ભગવાન-ભગવાન તો ભગવાન તો વિકલ્પ છે. અને હું વિકલ્પ કરું છું, આ વાણી હું કરું છું અને એનાથી મને લાભ છે. (એમ માને) તો દૃષ્ટિ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- નમો અરિહંતાણં બોલતા હોય તો?

ઉત્તર :- નમો અરિહંતાણં બોલતા થાય, એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અને અસમાધિ મરણ છે. એય..! અહીં તો ઘણાં એવા જોયા છે ને. એ બિચારા બહુ સાંભળતા. અમે દીથસર ગયા હતા, વાત કરતા હતા. પ્રેમચંદ. બીજો એક હતો એના પછીનો દીકરો એ પણ સરળ હતો બિચારો. એ પણ એ રીતે મરી ગયો. દેહ છૂટી ગયો, ખબર પડી ને દેહ છૂટી ગયો. એવું હોય. એવું તો અનંત વાર થયું. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? એ તો કોઈ કષાયની મંદતા મિથ્યાદૃષ્ટિ સહિત એવો ભાવ હોય...

મુમુક્ષુ :- સુખરૂપ ...

ઉત્તર :- અરે..! સુખરૂપ શું, દુઃખરૂપ છે. નવમી ગ્રૈવેયકે ગયો દિગંબર સાધુ. અનંત વાર બબ્બે માસના સંથારા. સંથારા સમજ્યા? સંલેખના. તોપણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આત્મા શું છે એ ચીજનો અનુભવ નથી. અને રાગની મંદતામાં ધર્મ માને છે તો રાગ મંદ કરતા.. કરતા... કરતા... કરતા.. સમાધિ થઈ ગઈ. અસમાધિ છે. અસમાધિ છે.

મુમુક્ષુ :- નવમી ગ્રૈવેયકે?

ઉત્તર :- હા, નવમી ગ્રૈવેયકે ગયો એ અસમાધિ મરણે મર્યો છે.

મુમુક્ષુ :- શુક્લલેશ્યા હોય છે ને.

ઉત્તર :- શુક્લલેશ્યા પણ દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો વિકલ્પથી પાર, શુક્લલેશ્યાથી પાર આત્મા તે પણ સર્વજ્ઞે કહ્યો એવો પરિપૂર્ણ. એવી અંતરમાં અનુભવની દૃષ્ટિ થયા વિના ચાહે તો કોઈપણ રીતે મરણ હો એ બાળમરણ, અજ્ઞાનમરણ છે. ભોગીલાલજી! ઓહોહો..! શું પણ (મરણ થયું છે). કાંઈ દુઃખ નહિ, કાંઈ એવું નહિ.

મુમુક્ષુ :- ટાંટીયા તરફડ્યા હોય..

ઉત્તર :- ટાંટીયા તરફડે નહિ. અંદર રાગ છે. રાગની એકતાબુદ્ધિ છે. દુઃખી છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં તો રાગની એકતાબુદ્ધિ છે. પુણ્યથી ધર્મ થાય, વ્યવહાર ક્રિયાકાંડથી મને ધર્મ થાય અને એનાથી હું આગળ વધું, એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અરિહંત દેવને માને છે.

ઉત્તર :- અરિહંત દેવને માનતો નથી. રાગને માને છે. સમંતભદ્ર કહે છે. સમંતભદ્રાચાર્ય. હે નાથ! મિથ્યાદષ્ટિ તમને નમસ્કાર નહિ કરે. કેમ? આમ નમસ્કાર કરે એમ નહિ. અંતરમાં નમસ્કાર નથી. કેમ કે એ રાગથી લાભ માનનાર મૂઢ છે. એ આપને નમસ્કાર કરતા નથી, એ તો રાગને નમસ્કાર કરે છે. કેમ કે એની દષ્ટિ રાગ ઉપર પડી છે. સમજાણું કાંઈ?

જૈન સાધુ નવમી ગ્રૈવેયકે ગયો. જૈન સાધુ મિથ્યાદષ્ટિ દિગંબર. અનંત વાર ગયો, તેથી શું? ભગવાન. ભગવાન પણ ન બોલે. અંદર રાગની મંદતા એવી છે. ખ્યાલ પણ આવી જાય. એથી શું છે? મિથ્યાદષ્ટિ છે, અસમાધિમરણે મરે છે. શાંતિનો ભંડાર ભગવાન આનંદકંદ નિર્વિકલ્પ એની તો દષ્ટિ થઈ નહિ. સમજાણું કાંઈ? એય..! જેઠાલાલભાઈ! આહાહા..! એય..! જુગરાજજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંભળાવે-બંભળાવેની કોણે ના પાડે? ભલે ને સાંભળે. ઓલો કહે, ખરેખર તો એ કહે કે હું મારા આનંદમાં છું. મારે કાંઈ સાંભળવું જ નથી. સાંભળવામાં પણ મારો લક્ષ જશે તો વિકલ્પ છે. હું તો મારા આનંદમાં રહેનારો છું. એવા આવે. વ્યવહારની વાત હોય ત્યારે આવે ને. શું કહેવાય એ? ભગવતી આરાધના. ત્યાં મૃત્યુ (શૈયા) પર પડ્યા છે. સંભળાવે. તો એવી ભાષા આવે. સંભળાવે. પણ છતાં એ તો સમાધિ અંતરમાં છે. જરીક ઠરે છે તો આનંદ પણ આવે છે. વળી વિકલ્પ આવે છે. પણ લક્ષ દષ્ટિ તો ત્યાં જ છે. ત્યાં જ અંદર ઠરીને રહું, બસ! એ જ વાત છે. સાંભળવાનો વિકલ્પ થાય એ પણ દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- બનારસીદાસને સમાધિ મરણ.

ઉત્તર :- હા. છે ને. દુઃખ થયું બનારસીદાસને. અંતે જરી જીવ .. બનારસીદાસ થયા ને બનારસીદાસ? પ્રાણ નીકળવાને થોડા દિવસની વાર લાગી. સાથે માણસો હતા. અરે..! પંડિતજીના પ્રાણ નથી નીકળતા. ક્યાંક એમનો જીવ વળગ્યો છે. વળગ્યા સમજો છો? પકડાયેલો છે.

મુમુક્ષુ :- અટક રહા હૈ.

ઉત્તર :- અટકી રહ્યો છે. અમારે એમ કહે, જીવ ક્યાંક વળગી રહ્યો છે. અમારી કાઠિયાવાડી ભાષા. ક્યાંક જીવ વળગેલો છે. આટલો આટલો વખત ગયો પ્રાણ જાતો નથી. એય.. ન્યાલભાઈ! આપણે કહે એમ. આને ખ્યાલમાં આવી ગયું. બોલી શકે નહિ. ભાષા નહિ. આહાહા..! મારા પ્રાણ અટકી ગયા છે, જીવ અટક્યો છે? ક્યાંય અટક્યો નથી. સમજાણું કાંઈ?

'જ્ઞાન કુતક્કા હાથ, મારિ અરિ મોહના, ચલે બનારીસદાસ ઐસે સંયોગમાં ફેર નહિ આવના.' સંયોગમાં મેં નાખ્યું છે, હોં! સમજાણું કાંઈ? આ લોકો બિચારાને કાંઈ ખબર નથી. આયુષ્ય પૂરું થાય ત્યારે દેહ છૂટે એટલે વાર લાગી એટલે કહે. કાંઈક પ્રાણ-જીવ અટકી ગયો છે. સમજાણું કાંઈ? 'જ્ઞાન કુતક્કા હાથ...' સમ્યગ્જ્ઞાનરૂપી બરછી હાથમાં લઈને હું બેઠો છું. 'મારિ અરિ મોહના...' રાગને મારીને હું આત્માના સ્વભાવમાં સાવધાન છું. 'ચલે બનારસીદાસ ફેર નહીં આવના.' આવી સ્થિતિ મારી ફરીને થશે નહિ. ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મરતી વખતે કવિતા.

ઉત્તર :- હા. અધ્યાત્મ કવિ હતા ને. એ લખ્યું. લખ્યું હોં! બોલી શકે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હાથે લખ્યું. મિત્રસેનજી! સમજાણું કાંઈ? એ આત્માના મિત્ર થઈ ગયા. આહાહા..!

મારું સહજ સ્વરૂપ આનંદ, એમાં મારી દૃષ્ટિ છે. હું ક્યાંય રોકાણો નથી. હું તો મારા સ્વભાવમાં રોકાણો છું. દેહની સ્થિતિ થોડી છે તો રહ્યો છું. એ પણ પોતાની યોગ્યતાથી રહ્યો છે. સમજાણું કાંઈ? તો એમાં મારા પ્રાણ ક્યાંક રોકાઈ ગયા છે એમ છે નહિ. આહા..! સમજાણું કાંઈ? મરણ... એ થઈ ગયું.

સાતમો ભય હવે. છ ભય થઈ ગયા. સાતમો ભવ. નિર્ભય. જ્ઞાનીને અકસ્માત ભય નથી.

**एकं ज्ञानमनाद्यनन्तमचलं सिद्धं किलैतत्स्वतो**
**यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः।**
**तन्नाकस्मिकमत्र किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१६०।।**

આકસ્મિક ભય.

'**શ્લોકાર્થ :- આ સ્વતઃસિદ્ધ જ્ઞાન એક છે,...**' હું ભગવાન આત્મા ધર્મીની દૃષ્ટિમાં તો હું એક સ્વરૂપ છું. એમાં અકસ્માત ક્યાંથી આવ્યો? ભાઈ, અકસ્માત થઈ જાય તો? અનિર્ધારિત-ધાર્યા વિના કંઈ થઈ જાય તો? એવું કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? અકસ્માતથી કોઈ એમ કે આમ થઈ જાય. શ્વાસ રોકાઈ જાય. સર્પ કરડી જાય. અકસ્માત થઈ જાય તો. અકસ્માત કાંઈ છે જ નહિ. કેમ કે મારી ચીજ તો એક સ્વરૂપ છે. હું જ્ઞાનાનંદ છું એવી ધર્મીની દૃષ્ટિ છે.

અને '**અનાદિ છે,...**' અનાદિ વસ્તુ છે. એમાં અનાદિમાં એકપણામાં અકસ્માત ક્યાંથી આવ્યો? નવીનતા શું આવી? અને નવીનતાનું કારણ ત્યાં લાગુ પડે એવું છે ક્યાં? હું તો

અનાદિ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ધ્રુવ છું. સમજાણું કાંઈ? આહાહા..! અજ્ઞાનીની વાત પણ આવે છે ને. ભાઈ! નહિ ઓલી? શું કહેવાય? બાઈ મરી ગઈ નહિ? અજગરમાં. લક્ષ્મણની વિશલ્યા. હતી તો અજ્ઞાની હજી મિથ્યાદૃષ્ટિ હોં તે દિ'. વિશલ્યા અહીં થઈ. પણ વિશલ્યા પહેલા ચક્રવર્તીની દીકરી હતી. તો એને એક જણ ઉપાડી ગયો. ઉપાડીને જંગલમાં છોડી દીધી. છોડી દીધી, હવે ત્યાં કોઈ રહ્યું નહિ. સાધન નહિ. ચારે બાજુ અજગર, વાઘ, સિંહ. પછી સંથારો કરી લીધો. ધર્મ નહિ. પણ આ બહારથી આહાર છોડી દીધો. આમાં તો હવે મરવાનું છે. છોડી દીધો.

એમાં એક મોટો અજગર આવ્યો. જંગલમાં ઘણા અજગર હતા. જંગલમાં એકલી છોડી દીધી હતી. અને ત્યાં અજગર આવ્યો. ખાઈ લીધી. આટલું શરીર તો પકડી લીધું હતું. થોડું બાકી રહી ગયું હતું. ત્યાં એના પિતા ચક્રવર્તી આવ્યા. ... અજગરને મારું. નહિ મારતા. હું બહાર નીકળીશ તોપણ મારે તો આહાર-પાણીનો ત્યાગ છે. હું આહાર-પાણી નહિ લઉં. એટલો શુભભાવ, હોં! ધર્મ નહિ. સમજાણું કાંઈ? એટલા શુભભાવમાં એટલું પુણ્ય બંધાઈ ગયું કે.. શું નામ કીધું? વિશલ્યા. વિશલ્યા થઈને દીકરી-કન્યા?

જ્યારે લક્ષ્મણને શક્તિ વાગી હતી ને? બાણ. શક્તિ રાવણે મારી. એવી બહુ વિદ્યાવાળો હતો ને રાવણ. શક્તિ મારી. મૂર્છિત થઈ ગયા. સમજાણું? રામચંદ્રજી ને બધા ખળભળાટ. આખો પંડાળ. કરોડો માણસો. વિદ્યાધરો ચારે કોર. અરે..! લક્ષ્મણજીને શું થયું? સવાર પડશે સુધી દેહ નહિ રહે. ... વાસુદવે છે એટલે માર્યા વિના મરશે નહિ. પણ આ અહીંયાં પ્રત્યક્ષ અસાધ્ય છે. આવો યોદ્ધા. શું કરવું?

કોઈએ કહ્યું કે વિશલ્યા છે. એનું સ્નાન કરેલું પાણી લાવો અથવા વિશલ્યાને અહીં લાવો. ઝેર ઉતરી જશે. જુઓ! આવું પુણ્ય બંધાઈ ગયું આટલામાં. ધર્મ તો એક બાજુ રહી ગયો. સમજાણું કાંઈ? પુણ્ય એવું બંધાયું કે એને સ્નાન કરાવીને (એ પાણી લાવે). આવી વિદ્યા વાગી હતી. બોલાવો વિશલ્યાને. વિશલ્યા તો, ભરત રાજા હતા ને. રામચંદ્રજીના નાના ભાઈ. એના રાજમાં એના પિતા હતા વિશલ્યાના. કહેવરાવ્યું. વિશલ્યાને લાવો અહીંયાં. સવાર પહેલા. નહિતર યોદ્ધો પડ્યો છે .. સમજાણું કાંઈ? આ અમે ગાતા ત્યાં, હોં! ભાઈ! પાલેજમાં. આવું શીખતા હોય ને. ત્યાં એ વખતે શું? 'જાગને હો જી રે બંધવ બોલ દે એકવારજી.' એવું ભજન આવે છે ગાયન. પડિક્કમણું કરીએ ત્યારે બોલતા ત્યાં. બધા ભેગા થાય. સ્વાધ્યાય.

રામચંદ્રજી કહે છે. સમજાય છે? 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને અને જાશું એકાએક.' હે ભાઈ! તું સૂતો. આ સીતા ગઈ. અમે ત્રણ જણા માતાની રજા લઈને વનમાં આવ્યા હતા. ભાઈ! તું જાગ ને. ભાઈ! સીતા ગઈ. હું એકલો જઈશ? 'આવ્યા હતા ત્રણ જણા

ને જાશું એકાએક. માતાજી પ્રશ્ન પૂછશે ત્યારે ક્યા ક્યા ઉત્તર દઈશ? ભાઈ બંધુ જાગને રે જી બોલને એક વાર જી.' આ તો એ વખતે ગાતા, હોં! એ (સંવત) ૧૯૬૩-૬૪. એ ૬૪-૬૫ની સાલ. અમરચંદભાઈ! એ વખતે તો કાંઈ ખબર નહોતી. ગાઈએ તો લોકો ભેગા થાય આપણામાં હોય ને.

અહીં તો જાગ રે એવો જીવ! અહીં તો આત્માની વાત છે. સમજાણું કાંઈ? અરે..! જાગ રે જીવ. શાંતિમાં ઠર અંદરમાં. અકસ્માત મારામાં કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? ધર્માત્માને તો અંતરની જાગૃતિ હોય છે કે હું તો શુદ્ધ આનંદ છું ને. મારામાં કોઈ અકસ્માત થનારી ચીજ જ જગતમાં નથી. કહો! આટલો એક સંથારો બહારનો કર્યો તો એમાં પુણ્ય બંધાઈ ગયું. અંદરમાં સમાધિ મરણે જાય તો ભવનો અભાવ થઈ જાય. ખલાસ થઈ જાય. સમજાણું કાંઈ?

ભાઈ! મૃત્યુ તો આવશે ને. દેહ છૂટવાનો કાળ. એના સમય તો આવશે કે નહિ? દરેક (જીવ) દેહ છૂટવાના સમીપ-મૃત્યુની સમીપ જ છે, સન્મુખ છે. પણ ધર્મી પોતાના સ્વભાવ સન્મુખ છે. આહાહા..! સમજાણું કાંઈ? શ્રીમદ્ રાજચંદ્રજી છેલ્લે. નહિ? છેલ્લે સમાધિ મરણ કરવું હતું ને. ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી હતી. દીકરો હતો, દીકરી હતી, માતા-પિતા હતા. બધા હતા. બે કલાકે દેહ છોડવાનો છે. નાનો ભાઈ હતો (એને કહે છે), મનસુખ! નાની ઉંમર ને. ૩૩ વર્ષની ઉંમર હજી. ૩૩ વર્ષ અને ચાર માસ. એના નાના ભાઈ હતા. દીકરા હતા, દીકરી હતી. મનસુખ! બાને દિલગીર થવા દઈશ નહિ. એટલો એક અવાજ. નાના ભાઈને (કહ્યું). બા અને બધા બેઠેલા. ભક્તો હતા. .. હતા હોં! બરાબર બધું. ઝવેરચંદભાઈ કહેતા હતા બધું. આમ બોલ્યા હતા. ઝવેરચંદભાઈ કહે, મને ખબર છે, હું બેઠો હતો અને બોલ્યા હતા. ઝવેરચંદભાઈ ઓલા સાયલાવાળા. બાને દિલગીર થવા દઈશ નહિ. હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું. સમજાણું કાંઈ? એ તો અંદર આનંદમાં લીન થાઉં છું.

મુમુક્ષુ :- જરા હિન્દીમેં.

ઉત્તર :- સાંભળ્યું નહિ? ગુજરાતીમાં.

શ્રીમદ્ હતા ને? એમને છેલ્લે મૃત્યુનો સમય આવ્યો ત્યારે સમયનો ભલે ખ્યાલ ન આવ્યો પણ આ શરીર હવે થોડો સમય છે. તો એના નાના ભાઈ હતા. અને એમની માતા હતી. અને સ્ત્રી હતી, બધા હતા. નાના ભાઈને કહ્યું, મનસુખ! બાને દિલગીર થવા ન દેશો. બા એટલે એની માતા. બા નથી સમજતા? માતાજીને દિલગીર થવા ન દેશો. મારો હવે દેહ છૂટવાનો કાળ નજીક છે. હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું. બસ! હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું. એ બરાબર સમાધિ મરણ થયું છે. લોકોને ખબર નહિ. લોકોને અંદરથી જોવું

(આવડે નહિ). સમજાણું કાંઈ? બસ! આરામ ખુરશી હતી એમાં સૂઈ ગયા. અને કપડું હતું. બે કલાકે લગભગ એક અવાજ આવ્યો. દેહ છૂટી ગયો. દેહ છૂટી ગયો. પછી કપડું ખસેડ્યું. સમજાણું કાંઈ? અંતર દૃષ્ટિનો અનુભવ છે ત્યાં તો શાંતિ મરણ જ છે. લોકોને ખબર ક્યાં છે. ભલે સ્ત્રી, કુટુંબ બધા હતા. એના ઘરે હતા. એ ક્યાં અહીં ઘૂસી ગયા હતા? સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે હું સ્વતઃસિદ્ધ એક જ્ઞાન છું. અનાદિઅનંત છું. મારી આદિ નથી, મારો અંત નથી. મારી ચીજમાં અકસ્માત કંઈ છે જ નહિ. અકસ્માત કોઈ વીજળી પડે કે કોઈ સર્પ કરડે તો મારો અકસ્માત થાય. અકસ્માત કંઈ છે જ નહિ. ધર્મીની દૃષ્ટિ પોતાના શાશ્વત ભગવાન આત્મા ઉપર છે. સમજાણું કાંઈ? આહાહા..! 'જગતને મરણ તણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર જો. જગતને મરણ તણો ત્રાસ છે,...' એને તો મૃત્યુ મહોત્સવ હોય છે. આહાહા..! દૃષ્ટિ તો અંતર વળેલી છે, સ્વભાવ શાંતિનો સાગર છે એનું ભાન થયું છે. એને અસમાધિ મરણ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? અને જેને રાગ મારો, આબરૂ, કીર્તિ ધૂળમાં સલવાઈ ગયો છે. આ મેં આમ કર્યું, તેમ કર્યું, મેં દયા પાળી, મેં ભક્તિ કરી, પૂજા કરી, એનું અભિમાન. એની ક્રિયા મેં કરી એવો મિથ્યાત્વભાવ છે. એમાં સમાધિ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? વીતરાગ સ્વરૂપમાં અંતરમાં દૃષ્ટિ કરવી અને અંતરમાં લીન થવું એને જ સમાધિ કહે છે. તો કહે છે કે મારા અનાદિઅનંત (સ્વરૂપમાં) કોઈનો પ્રવેશ નથી. હું તો અનાદિઅનંત ચીજ શાશ્વત ધ્રુવ છું.

'**અચળ છે.**' આવું છે એમાં ત્રિકાળ ચળવું નથી. '**તે જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય તે જ છે,...**' હું જ્યાં સુધી છું ત્યાં હું હું જ છું. ત્યાં એમાં રાગ, પુણ્ય, શરીર કંઈ છે નહિ. આહાહા..! '**તેમાં બીજાનો ઉદય નથી.**' ઉદય નામ શાશ્વત હું વસ્તુ છું એમાં બીજું કાંઈ પ્રગટ થાય, બીજી ચીજ આવે અને પ્રગટ થાય એવું છે નહિ. તો અકસ્માત ક્યાં રહ્યો? આહાહા..! '**માટે આ જ્ઞાનમાં આકસ્મિક કાંઈ પણ થતું નથી.**' જ્ઞાન શબ્દે શાશ્વત વસ્તુ, હોં! સમજાણું કાંઈ? '**આવું જાણતા જ્ઞાનીને...**' એવા ધર્મીને. આ કોઈ વાતની વાત નથી, હોં! અંતરની દૃષ્ટિની વાત છે. આવી વાત કોઈ સાધારણથી મળી જાય એવી ચીજ નથી. આહાહા..!

દેહની સ્થિતિ બગડી જાય, બધા પરમાણુમાં ફેરફાર થઈ જાય. સમજ્યા? અને શ્વાસ પણ રોકાઈ જાય. કફ .. થાય. ચારે બાજુ ડબલ ન્યુમોનિયા થાય. એ તો શરીરમાં છે. આત્મામાં ક્યાં છે? મારામાં કોઈ અકસ્માત થયો જ નથી. એ તો એમાં થાય. તો એ તો જડ છે. સમજાણું કાંઈ? ભાઈ! અંતરમાં પુરુષાર્થની ઉગ્રતા છે. એ ચીજ સાધારણ રીતે મળતી નથી. સમજાય છે કાંઈ?

કહે છે, મારામાં આકસ્મિક કાંઈ છે જ નહિ. '**તે તો પોતે નિરંતર...**' પોતાના આનંદથી. નિરંતર નામ સતત ધારાવાહી '**નિઃશંક વર્તતો થકો...**' એમ. વચમાં ખંડ ન પડે એમ કહે છે. સમજાણું કાંઈ? હું જ્ઞાયક ચૈતન્ય છું એની દૃષ્ટિમાં ખંડ નથી. ધારાવાહી. ક્યારેક રાગની-વિકલ્પની મુખ્યતા થઈ જાય, એવું છે નહિ. અંતર દૃષ્ટિમાં નિરંતર ધારાવાહી. ધારાવાહી નામ એકધારા. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધનો અનુભવ. '**નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.**' ખુલાસો કર્યો.

'**ભાવાર્થ :- કાંઈ અણધાર્યું...**' અણધાર્યું. નહિ ધારેલું. '**અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો?**' મારા આત્મામાં એવી કોઈ ચીજ છે જ નહિ. આહાહા..! આઠ વર્ષની છોકરી સમ્યગ્દૃષ્ટિ મૃત્યુ પામે તો આમ થાય એમ કહે છે. તિર્યંચ હોય. હજાર યોજન. સમજ્યા? સમકિતી છે ને? સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય સમકિતી છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય પશુ પંચમ ગુણસ્થાનવાળા છે. અત્યારે. શાશ્વત રહે છે. એ દેહ છૂટે તો બીજા આવે. અસંખ્ય કાયમ રહે છે. અસંખ્ય. સંખ્ય નહિ. અઢી દ્વીપમાં તો મનુષ્યની સંખ્યા છે. અસંખ્ય. દેહ છૂટીને.. સમાધિ, સમાધિ... શાંતિ.. શાંતિ. એવા સ્વભાવમાં અનિર્ધારિત કંઈ છે જ નહિ. મારો સ્વભાવ ધાર્યો છે, શુદ્ધ છે એવી ધારણામાં મને દૃઢ છે. અનુભવમાં છે. બીજું કાંઈ અનિર્ધારિત થતું નથી. કહો. હજાર યોજનના મચ્છ. ચાર હજાર ગાઉ. સમાધિમરણ થાય છે. પાણીમાં. પાણીમાં છે ઈ? પાણીમાં નથી. ફૂલચંદજી! આત્મામાં છે, ભાઈ! આહાહા..! પાણી ક્યાં આવ્યું? શરીર ક્યાં આવ્યું?

ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવથી ભરેલો પ્રભુ, એમાં એ તો છે. એમાં રહેતા દેહ છૂટી જાય છે. .. અમુક સ્થિતિ હોય .. બહારથી. અંદરમાં તો અંદર જ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પરથી નિર્લેપ નિરપેક્ષ (છે) એવી જ્યાં અનુભવદૃષ્ટિ થઈ એને શું ખામી છે? શાંતિ હોય. એ વખતે બહુ વેદનાનો કાળ હોય તો ઘણી શાંતિ નિકળશે ત્યાં. સમજાણું કાંઈ?

'**અણધાર્યું અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો?**' એ છે જ નહિ મારામાં. '**એવો ભય રહે તે આકસ્મિકભય છે.**' એ વ્યાખ્યા કરી આકસ્મિક ભયની. '**જ્ઞાની જાણે છે કે-આત્માનું જ્ઞાન પોતાથી જ સિદ્ધ, અનાદિ, અનંત, અચળ, એક છે. તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી; માટે તેમાં અણધાર્યું કાંઈ પણ ક્યાંથી થાય અર્થાત્ અકસ્માત ક્યાંથી બને? આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય હોતો નથી, તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનને નિરંતર અનુભવે છે.**' અજ્ઞાની અનાદિથી વિકારનું વેદન અને અનુભવ કરે છે. જ્ઞાની સ્વભાવને અનુભવે છે. ગુલાંટ ખાય છે. વાત એટલી છે. સમજાણું કાંઈ?

અજ્ઞાની નિરંતર અનાદિથી શું કરે છે? રાગદ્વેષ... રાગદ્વેષ... રાગદ્વેષ... નિરંતર... નિરંતર... ખંડ પાડ્યા વિના રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપનું વેદન છે. એ તો અજ્ઞાન છે. ધર્મીને પોતાના શુદ્ધ ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ હોવાથી નિરંતર ધારાવાહી જેવું રાગનું વેદન હતું, જેમાં ખંડ નહોતો, એમ જ્ઞાનના વેદનમાં ખંડ પડતો નથી. સમજાણું કાંઈ? આ એના નિર્ભય મરણને શાંતિ અને સમાધિ મરણ કહે છે.

'**આ રીતે જ્ઞાનીને સાત ભય હોતા નથી.**' લ્યો! ત્યારે પ્રશ્ન ઉઠ્યો. '**પ્રશ્ન :- અવિરતિસમ્યગ્દૃષ્ટિ આદિને પણ જ્ઞાની કહ્યા છે...**' મહારાજ! તમે એટલી બધી સમાધિની વાત કરી, સાત ભયના અર્થ કહ્યા. ધર્મીને સાત ભય રહિત કહ્યા. તો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પણ જ્ઞાની છે. સંસારમાં રહેતા દેખાય છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, વેપાર ધંધામાં દેખાય છે અને આત્માનું ભાન છે, અંતરમાં અવિરતિ છે, હજી રાગનો ત્યાગ નથી. એવા અવિરતિ સમ્યગ્દૃષ્ટિને પણ જ્ઞાની કહ્યા છે.

'**અને તેમને તો ભયપ્રકૃતિનો ઉદય હોય છે...**' ચોથા ગુણસ્થાનમાં હજી પ્રકૃતિ પડી છે તો એનો ઉદય પણ આવે છે. ઉદય નામ પાક થાય છે. '**તથા તેના નિમિત્તે તેમને ભય થતો પણ જોવામાં આવે છે;...**' મહારાજ! ભય થતો પણ જોવામાં આવે છે. રાત્રે વાત થઈ હતી ને? સમજાણું કાંઈ? સર્પ નીકળે તો એ ભાગે. કાળો નાગ નીકળે તો એ પણ ભાગે. મિથ્યાદૃષ્ટિ ભાગે તેમ એ પણ ભાગે છે. ભાગે સમજો છો? પણ એ તો અંતરદૃષ્ટિમાં એને બિલકુલ ભય નથી.

શ્રેણિક રાજા. જુઓ! મૃત્યુ વખતે આપઘાત .. અંતર નીડર છે, નિર્ભય છે. ચારિત્રદોષ જુદો છે અને દૃષ્ટિ દોષ જુદો છે. ક્ષાયિક સમકિતી. જુઓ! ઝેર પીધું. એ રાગ એટલો આવી ગયો. રાગે રાગનું કામ કર્યું, ક્ષાયિક સમકિતે સમકિતનું કામ કર્યું. મીઠાલાલજી!

મુમુક્ષુ :- આપઘાતનો ભાવ આવી ગયો?

ઉત્તર :- એ રાગ આવ્યો એટલો. આપઘાત તો લોકો એમ કહે ને. આ દેહ છૂટવાની ભાષા લૌકિકની છે ને. દેહ છૂટે ત્યારે આમ થાય એમ કહે છે. અંતરમાં તો પોતે ક્ષાયિક સમકિત છે. એ જ સમકિત લઈને સિદ્ધ થશે, એ જ સમકિત લઈને કેવળજ્ઞાન લેશે અને એ જ સમકિત લઈને સિદ્ધમાં સાદિઅનંત રહેશે. સમજાણું કાંઈ? એને ભય છે કે નહિ?

'**તો પછી જ્ઞાની નિર્ભય કઈ રીતે છે?**'

'**સમાધાન :- ભયપ્રકૃતિના ઉદયના નિમિત્તથી જ્ઞાનીને ભય ઊપજે છે.**' ઉત્તર આપે છે. થોડો ભય એ અસ્થિરતાની થોડી પર્યાય છે. '**વળી અંતરાયના પ્રબળ ઉદયથી નિર્બળ હોવાને લીધે...**' અને વીર્યની નબળાઈને લઈને અંતરાયથી લીધું છે. પોતાના પુરુષાર્થની

નબળાઈને લીધે '**તે ભયની પીડા નહિ સહી શકવાથી જ્ઞાની તે ભયનો ઈલાજ પણ કરે છે.**' સમજાણું કાંઈ? રોગ આકરા આવે તો ઈલાજ કરે, એવો વિકલ્પ આવે, એ થાય પણ અંદરમાં નિર્ભય છે. મને કોઈ મરણ છે નહિ, મારામાં કોઈ ભય નથી અને હું શાશ્વત અનાદિઅનંત ધ્રુવ છું એવી પોતાની અનુભવદૃષ્ટિ કદી ખસતી નથી. આહાહા..!

લોકોને સમ્યગ્દર્શન શું અને એનો વિષય શું અને એની મહિમા શું એની ખબર નથી. બસ! આ બાહ્ય ત્યાગ કર્યો ને આ કર્યું, ફલાણું કર્યું. હવે એ તો અનંત વાર કર્યું ધૂળમાં. સમજને. મિથ્યાત્વનો ત્યાગ તો થયો નથી પહેલો. ત્યાગ તો પહેલા મિથ્યાત્વનો કરવાનો છે. પછી અવ્રતનો અને પછી પ્રમાદ અને કષાયનો. ક્રમ તો એ છે. હજી મિથ્યાત્વના ત્યાગ વિના કષાયનો ત્યાગ અને બાહ્ય ત્યાગ આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? તો મિથ્યાત્વનો ત્યાગ તો પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય કરે છે સમ્યક્ તો મિથ્યાત્વનો ત્યાગ થાય છે. એ સિવાય મિથ્યાત્વના ત્યાગનો કોઈ બીજો ઉપાય છે નહિ. એ ત્યાગ નથી? એ પહેલો ત્યાગ નથી? સમજાણું કાંઈ? અનંત કાળમાં ત્યાગ નથી કર્યો એવો મિથ્યાત્વનો ત્યાગ કેમ થાય? પોતાના શુદ્ધ સ્વરૂપનો આનંદનો આશ્રય કરવાથી, અનુભવ કરવાથી થાય છે. મિથ્યાત્વના ત્યાગનો ઉપાય એક જ છે. બીજો કોઈ છે નહિ. કહો, ધન્નાલાલજી! કોનો ત્યાગ પહેલા કરવો? એ તો ખબર નહિ. મૂળની તો ખબર નહિ અને ઉપરથી છોડીને બેસે. શું કર્યું? ધર્મનો ત્યાગ કર્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલો એકડો તો ઈ છે. ઈ કહે છે અહીંયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ કામ નથી. એક જ કામ છે. બે માર્ગ છે (એમ કહે છે). બહારના ત્યાગથી પણ કામ કરવું અને અંતરંગ મિથ્યાત્વના ત્યાગથી કામ કરવું છે. એમ બે માર્ગ છે જ નહિ. એય.. ન્યાલભાઈ!

'**જ્ઞાની તે ભયનો ઈલાજ પણ કરે છે. પરંતુ તેને એવો ભય હોતો નથી કે જેથી જીવ સ્વરૂપનાં જ્ઞાનશ્રદ્ધાનથી ચ્યુત થાય. વળી જે ભય ઊપજે છે તે મોહકર્મની ભય નામની પ્રકૃતિનો દોષ છે;...**' દોષ તો પોતાનો છે. પણ નિમિત્તથી વાત કરી. '**તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી, જ્ઞાતા જ રહે છે. માટે જ્ઞાનીને ભય નથી.**' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૪, શુક્રવાર તા. ૧૮-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૨૯, શ્લોક-૧૬૧, પ્રવચન-૩૧૧**

છે ૧૫૪માં? શું કહે છે ત્યાં? ભગવાન! તેં પ્રતિજ્ઞા તો એવી લીધી કે હું વીતરાગી સામાયિક ગ્રહણ કરું. સમજાણું? વીતરાગભાવથી સામાયિક (ગ્રહણ કરવી) એનું નામ સામાયિક છે. અને તું શુભભાવને ઓળંગીને સ્વરૂપમાં નથી જાતો અને શુભભાવમાં રોકાઈ જા છો એ તારી નપુંસકતા છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ૧૫૪માં છે. ટીકા છે ને.

'**જ્ઞાનના ભવનમાત્ર છે, એકાગ્રતાલક્ષણ સમયસાર છે**' સામાયિક તો એને કહે છે. સામાયિક. જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એમાં એકાકાર થઈને વીતરાગતા પ્રગટ થાય, વીતરાગતાનો અનુભવ થાય એનું નામ સામાયિક છે. અને આ કહે છે કે અમે સામાયિક કરીએ.. સામાયિક કરીએ છીએ. તો કહે છે કે અરે..! ભગવાન! તારી વીતરાગતારૂપ સામાયિકની તારી પ્રતિજ્ઞા છે અને તું કહે છે કે વિકલ્પ... વિકલ્પ... દયા, દાન, નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એવા શુભ વિકલ્પો છોડવામાં અસમર્થ છે. એ શુભ વિકલ્પો છોડવામાં અસમર્થ છો તો નપુંસક કહ્યા છે. એય..!

આત્મ સ્વભાવને પ્રાપ્ત થયો નહિ. રાગનો વિકલ્પ નમો અરિહંતાણં આદિ જે શુભ વિકલ્પ થયા. બે ઘડી નમો અરિહંતાણં... નમો અરિહંતાણં.. સામાયિક કરી. એ સામાયિક નથી. મિથ્યાદર્શન છે. રાગને ઓળંગીને સ્વભાવની પ્રાપ્તિ કરવી એ ન કર્યું અને રાગમાં રોકાઈને પોતાની નપુંસકતાને કારણે રાગને છોડીને સ્વરૂપની સ્થિરતા કરવી એ નથી કરી શકતો તો નપુંસક છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- આચાર્ય તો પંચ મહાવ્રતધારી સાધુ છે. વીતરાગી સાધુ છે.

મુમુક્ષુ :- ભાષા તો બહુ કડક છે.

ઉત્તર :- કડક છે? ભાષા કડક નથી. કડક ભાષા એટલે શું? ભાઈ!

આચાર્ય કહે છે, અરે..! પ્રભુ! તારું વીર્ય તો રાગ રહિત રચના કરવાનું સામર્થ્ય છે તારામાં. તારો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્ય મૂર્તિની રચના કરે અને એમાં સ્થિર થવું એ સામાયિક છે. અને તું અશુભ પરિણામ કદાચિત્ છોડીને એમાં વિકલ્પ વિકલ્પ, શુભભાવ રહ્યા.. ઈ કહ્યું છે, જુઓને! '**સમયસારસ્વરૂપ છે તેની-પ્રતિજ્ઞા લઈને પણ,...**' છે ને? '**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...**' અશુભ વિકલ્પ કદાચિત્ છોડ્યા પણ એ

શુભ પણ કર્મ ચક્ર છે. શુભ વિકલ્પ કર્મ ચક્ર છે. '**દુરંત કર્મચક્રને પાર ઉતરવાની નામર્દાઈને લીધે...**' ક્લીબ છે. કરુણા છે. પંચ મહાવ્રતધારી મુનિ દિગંબર છે. સ્વરૂપમાં રહે છે. પ્રભુ! તારી વીર્યશક્તિ તો એવી હોવી જોઈએ કે જે વીર્ય નામ આત્મબળ પોતાના શુદ્ધ સ્વરૂપની રચના કરે. રાગની રચનામાં રોકાઈને રાગથી રહિત સ્વભાવ અબંધ સ્વરૂપની દૃષ્ટિ નથી કરતો અને એમાં ઠરતો નથી તો તું નપુંસક છે એમ કહ્યું છે. કડક કડક છે. નહિ? બરાબર છે? લ્યો. વીતરાગી મુનિ છે. શાંતરસ છે. કહે છે કે, અરે..! પ્રભુ! આ શું કરે છે? સમજાણું કાંઈ? તારી શક્તિ તો નાથ! રાગ રહિત સ્વરૂપની સ્થિરતા કરવાની તારી શક્તિ છે અને એને જ અમે બળ કહીએ છીએ. એ વીતરાગ સ્વરૂપમાં શાંતિથી વેદન કરવું એ સામાયિક છે. ભગવાન! તારી શાંતિ તો એમાં છે. અને તું એમાં ન જઈને એકલા રાગમાં રોકાઈને અમે સામાયિક કરીએ છીએ અને રાગથી છૂટીને સ્વરૂપની દૃષ્ટિ નથી કરતો તો નપુંસક છે, એમ કહે છે. આહાહા..! દિગંબર મુનિ સંત પંચ મહાવ્રતધારી છે. ભાઈ!

બે વાત આવી એમાં. નપુંસક, ક્લીબ. રાગની દૃષ્ટિ તારી છે? રાગની રચના પુણ્યમાં તું ધર્મ માને છે અને તેમાં તું રોકાઈ ગયો તો નપુંસક છો. સમજાણું કાંઈ? એ તો દિગંબર સંત જ કહી શકે, બીજા આવું ન કહી શકે. નાગા બાદશાહથી આઘા. માખણ ચોપડે. આહાહા..! બહુ સારું, બહુ સારું. શુભભાવથી તને ધર્મ થશે અને કરતા કરતા તને ધર્મ થશે. મૂઢ છે કહેનારા. એમ કહે છે અહીંયાં તો. રામચંદ્રજી! જુઓ! દિગંબર સંતોની કડક વાણી.

શ્રીમદ્ કહે છે, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. એમ લખ્યું છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. વાત તો જુઓ ઉગ્ર મારફાડ કરતી. સામાયિકની પ્રતિજ્ઞા તેં લીધી તો સામાયિક કોને કહે છે? સામાયિક તો રાગ રહિત, શુભ વિકલ્પ રહિત સ્વરૂપની સ્થિરતામાં શાંતિમાં રહેવું એનું નામ સામાયિક છે. એવી સામાયિકની તું પ્રતિજ્ઞા લઈને શુભ વિકલ્પમાં રોકાઈને કર્મ ચક્રથી પાર ઉતરવાની તારામાં શક્તિ નથી તો નપુંસક કહ્યું. સંસ્કૃત છે. ક્લીબ કહ્યું. ક્લીબ. સંસ્કૃતમાં ક્લીબ છે. હિન્દીમાં નપુંસક છે. અમારી ગુજરાતીમાં પણ નપુંસક કહે છે. ત્રણ વેદ છે કે નહિ? સ્ત્રી વેદ, પુરુષ વેદ, નપુંસક વેદ. રાગની રચના છોડીને સ્વરૂપની રચના નથી કરતો અને રાગમાં ધર્મ માને છે એને અહીંયાં નપુંસક કહ્યા છે.

મુમુક્ષુ :- આત્માને મોટું અપમાન છે.

ઉત્તર :- હા. રાગની એકતા કરે છો? અને રાગમાં તું ધર્મ માને છો? સ્વભાવ વીતરાગ આત્માની શાંતિ છે એ તરફ તારી દૃષ્ટિ રાગને ઓળંગીને નથી જતી, તું ત્યાં રોકાઈ ગયો છો, કલંક લગાડે છે. નપુંસક છે. સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ કરવાની તારામાં તાકાત નથી.

સમજાણું કાંઈ? બે જગ્યાએ લીધું. સમજાણું કાંઈ? આહાહા..! જગાડે છે. જાગ રે જાગ! ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાયક જ્યોત છે ને! તારામાં ક્યાં કમી છે? કયાં ખજાને ખોટ છે? સમજાણું કાંઈ? પૂર્ણ ચૈતન્ય જ્યોત ભગવાન છે ને. તારી દૃષ્ટિ ત્યાં નથી જાતી અને રાગની ક્રિયા હું કરું છું અને મને ધર્મ થાય અને આ હું આત્મા છું. મૂઢ છો. અજ્ઞાની મૂઢો. એમ બે શબ્દ વાપર્યા છે.

મુમુક્ષુ :- પુણ્ય કરનારો નપુંસક છે?

ઉત્તર :- હા, ઈ નપુંસક જ છે. દૃષ્ટિમાં. પુણ્યમાં ધર્મ માનનારો પુણ્યમાં ધર્મ માને. પરમાર્થ ધર્મ માનનારો. રાગ એ પુણ્ય છે. એને ધર્મ પરમાર્થે માનનારા નપુંસક વર્તમાનમાં છે અને નપુંસકમાં જશે. નપુંસક નામ નિગોદમાં જશે. એય..! એમ કહે છે. કુંદકુંદાચાર્ય તો સખત કહે છે. એક વસ્ત્રનો તાણો રાખીને પણ અંદરમાં રાગ રહે અને મુનિપણું માને તો નિગોદ નપુંસક થશે. નિગોદમાં જશે. નિગોદમાં નપુંસક જ છે. સમજાણું કાંઈ? વાત એવી છે. બહારમાં પુરુષવેદ હોવા છતાં ...

ભગવાન આત્મા.. અહીં તો આચાર્ય પોકાર કરે છે. ભગવાન આત્મા જીવ ચૈતન્યરૂપ છે. એ અજીવમાં અધિકાર આવ્યો ને પહેલા ૩૯ ગાથામાં. ૩૯માં એ (લીધું). જીવસ્વરૂપ જ્ઞાયકભાવ છે એમાં તું રાગને ભેળવીને કહે છે કે આ અમારો ભાવ છે અને એ અમારો ધર્મ છે. અજીવ છે એને તું ધર્મ માને છો? નપુંસક છે. જીવની તને ખબર નથી. એમ કહે છે. ત્યાં એમ કહ્યું. અને પુણ્ય-પાપમાં એમ કહ્યું કે પુણ્ય પરિણામ છે એ રાગ છે. અને સામાયિક તારી છે તો વીતરાગભાવ થવો જોઈએ. રાગને જ તું માને છે અને રાગને ઓળંગતો નથી તો તારું વીર્ય નપુંસક છે. સમજાણું કાંઈ? અહીં તો વાત આકરી છે, ભાઈ! દિગંબર સંતોની વાત સાંભળવી કઠણ પડે એવી છે. અમરચંદભાઈ! આહાહા..! એને એમ થાય હાય હાય..! આ અમારા પુણ્ય? પણ તારું પુણ્ય છે એમ માનવું એ મિથ્યાત્વ છે એમ કહે છે અહીં. આ એ જ કહે છે અહીંયાં નિઃશંકમાં. રાગ એ ભાવબંધ છે. સમજાણું કાંઈ? તો સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયતાને કારણે. આહાહા..!

‘**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**’ મને કર્મબંધન છે, મને રાગનો બંધ છે એવી શંકા કરનાર ખરેખર ‘**નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે...**’ નિમિત્ત છે એ તો વ્યવહાર થયો. ‘**એવો સંદેહ અથવા ભય કરનારા મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી, નિઃશંક છે...**’ જુઓ! શબ્દ કેવો લીધો? હું બંધ નથી. રાગનો અને કર્મનો મને બંધ જ નથી. હું તો જ્ઞાયકભાવ અબંધસ્વરૂપ છું. એનું નામ નિઃશંકપણું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગને ઝીલવો બહુ કઠણ છે. સમજાણું કાંઈ?

રાગને રચે અને માને કે હું ધર્મ કરું છું. પુણ્ય છે એ તો વ્યવહાર છે. એને પરમાર્થ ધર્મ માનીને રચના કરવી એ તો કહે છે, એ તો તારા મિથ્યાત્વભાવનું નપુંસકપણું છે. એય..! ધન્નાલાલજી! બહુ આકરી વાત, ભાઈ! આહાહા..! પાળીયાદમાં એક વાર એવું બન્યું પહેલા. નપુંસકનું ઘર હતું. પાવૈયાનું. મઠ હતો. નવું મકાન બનાવ્યું. પાવૈયાએ નવું મકાન બનાવ્યું. આ નપુંસક હોય છે ને? ત્રીજા વેદવાળા. એણે ઘરનું મકાન બનાવ્યું. તો મકાનમાં વાસ્તુ કરવાની.. વાસ્તુ સમજ્યા? ઉદ્‌ઘાટન. તો બધા પાવૈયા ગામમાં હતા, બધાને આમંત્રણ આપ્યું. બધાને આમંત્રણ આપ્યું. ભોજન કરવા અમારે ત્યાં આવવું. લાપસી વગેરે બનાવી. હવે કરવું શું? તો ઓલા પાવૈયા આવ્યા ભોજનના સમયે તો રોતા રોતા ચાલે. રોતા રોતા આવ્યા. ત્યારે ઓલો પાવૈયો કહે, ઘરે મકાન બનાવ્યું તો એને એમ થયું... અમારે રિવાજ છે અહીં. ઘરનો દીકરો મરી ગયો હોય, સમજ્યાને? ગુજરી ગયો હોય. કોઈ મહેમાન આવે તો ઘરના માણસો બહાર બેસે સામે. એ રોવે પહેલા. છે કે નહિ તમારે? મેં તો જોયું છે ને.

અમારા મોટા ભાઈ હતા, ગુજરી ગયા. અમારા પિતાજી બહુ સુંવાળા હતા, કોમળ શરીર હતું. ભાઈ ગુજરી ગયા તો એને બહુ આઘાત લાગ્યો. અને સાધારણ શરીરની સ્થિતિ. શરીર તો ઠીક છે પણ .... તો એને એવું દુઃખ લાગ્યું હતું. સગાવહાલા તો ઘણાં આવ્યા હતા. (સંવત) ૧૯૫૭ની સાલની વાત છે. ૧૧ વર્ષની ઉંમર હતી. બહાર જતા હતા. ઘણાં સુંવાળા હતા અને ઘણાં રૂપાળા હતા. પહેલા સારા ગૃહસ્થ હતા પણ પછી ધક્કો લાગ્યો.. ઘણાં લોકો આવ્યા. બહાર ખડકી બહાર છે ને, અત્યારે મકાન છે ને. ઠેઠ ખડકી બહાર રોતા હતા બહાર. મેં તો સાંભળ્યું છે. હું તો અંદર...

એમ અહીંયાં પાવૈયાએ શું કર્યું? એ બધા રોતા રોતા આવ્યા. તો પાવૈયાનું જેનું ઘર હતું એ પણ બહાર આવીને રોવા માંડ્યો. અને રોઈને ફળિયું હોય ને ફળિયું? ફળિયાને શું કહે છે? આંગન-આંગણું. આંગણામાં લીધા છાજિયા. છાજિયા સમજ્યા? લોકો કહે કે આ શું? લોકો કહે, આ શું તમારે? અમારે ક્યાં દીકરા છે કે મંગળિક હોય? આ અમારે મંગળિક. સમજાણું કાંઈ? આહાહા..! અમારે કાંઈ દીકરા ન મળે, દીકરી ન મળે, બાયડી ન મળે. અમારે દુનિયા છે બીજી જાતનું. અમારે પ્રજા નથી. બેય રોયા, હોં! પાછા છાજિયા લીધા. આપણે વાણિયાને હોય છે ને? છાજિયા લે ને? છાજિયા સમજો છો? આમ કૂટે ને. છાતી કૂટે. એ કૂટ્યા પછી લોકો પૂછવા લાગ્યા કે આ શું? ભાઈ! અમારે ક્યાં દીકરો દીકરી છે. અમારે તો દુનિયા બીજી જાતની.

એમ અજ્ઞાનીને રાગના કુટારામાં ધર્મ માનનારા કૂટે છે બધા. છાજિયા કૂટે છે નપુંસક.

એય..! એને ઘરે કે દિ' રાગ વિનાની ચૈતન્ય ચીજ કોણ છે? સમજાણું કાંઈ? આસ્રવ, બંધ વિનાની ચીજ શું છે એની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન આચાર્ય કહે છે કે અમારે ઘરે તો આનંદના લાડવા ઊડે છે. અને જેને આવવું હોય તે આવો. આવો અમારા આનંદમાં સાથે રહો. અને એમ નથી કરતા અને રાગની રચના કરે છે અને હું રાગથી બંધાયેલો છું, કર્મથી બંધાયેલ છું (એમ માને છે તે નપુંસક છે). ભગવાન આત્મા અબંધસ્વરૂપી ચિદાનંદ મુક્તસ્વરૂપ છે. એવી દૃષ્ટિ ન કરતા રાગથી બંધાયેલો છું. મિથ્યાદૃષ્ટિ તારો મિથ્યાત્વભાવ નપુંસકથી રચાયેલો ભાવ તને દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- દાખલો બહુ સરસ આપ્યો.

ઉત્તર :- એ અમારે પાળિયાદ બન્યું હતું એવું. પાળિયાદ એવું બન્યું હતું. આ બનેલું છે, હોં! પવૈયાની શેરી સવારે કીધી એ રામજીભાઈને શેરી કીધી હતી. એ ત્યાં રહેતા હતા. એ પણ બનેલું ત્યાં. શું કીધું સવારે? સવારમાં કાંઈક કહ્યું હતું ને?

મુમુક્ષુ :- વિભા..

ઉત્તર :- વિભા.. ખીચડાનું. એ બનેલું, હોં! આ પણ બનેલું છે.

ભગવાન ત્રિલોકનાથ કહે છે કે ભગવાન આત્મા રાગ અને સંબંધ વિનાનો (છે). તો કર્મનો સંબંધ છે જ નહિ. વસ્તુ છે એમાં ચિદાનંદ અબંધ સ્વરૂપ છે. શું કહે છે?

'**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' બસ એમાં. એક જાણન.. જાણન... જાણન.. જ્ઞાયકમયભાવ. એ કારણે આત્મા મારે રાગનો સંબધ છે, બંધ છે, સં-બંધ છે એવી શંકાનું નામ મિથ્યાત્વ છે. એ જ્ઞાયકભાવમયપણાને લીધે એ મિથ્યાત્વ ભાવથી રહિત છે. સમજાણું કાંઈ? કેવી વાત મૂકી છે નિઃશંકમાં. જુઓ તો ભાષા! આહાહા..!

અબંધસ્વરૂપ ભગવાન અને અબંધસ્વરૂપમાં નિઃશંકપણું માનવું, એમાં બંધસહિત માનવું એ શંકાનું નામ મિથ્યાત્વ છે. અમરચંદભાઈ! આહાહા..! ભગવાન આત્મા... બીજી રીતે લઈએ તો કર્મ અને કર્મના નિમિત્તે થયેલા ભાવ એ સંગથી અસંગ ભિન્ન ચીજ છે. રાગના સંગથી પણ ભિન્ન ચીજ છે. એ તો સ્વભાવનો સંગ સ્વરૂપ ચૈતન્ય મૂર્તિ છે. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય, વિષય શું? અબંધસ્વરૂપ આત્મા વિષય એમ કહે છે.

'**જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત અબંધ સ્વરૂપ મારું સ્વરૂપ છે. એવી અંતર દૃષ્ટિ થઈ છે તેથી.. તેથી '**કર્મબંધ સંબંધી શંકા...**' મારો જ્ઞાયકમયભાવ છે એવી દૃષ્ટિને કારણે '**કર્મબંધ સંબંધી શંકા કરનારા મિથ્યાત્વાદિ ભાવોનો અભાવ હોવાથી,...**' ધન્નાલાલજી! એય..! છે કે નહિ એમાં? આહાહા..! કેટલી વાત કરી છે! અબદ્ધ

સ્વરૂપ ભગવાન આત્મા અને તું બદ્ધ સહિત માન એ તો મિથ્યાત્વ છે. અબદ્ધ સ્વભાવનું ભાન થયું તો બદ્ધ ભાવથી રહિત છે. બદ્ધ ભાવ એટલે મિથ્યાત્વથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી શિક્ષા ક્યાં છે?

વસ્તુ ભગવાન આત્મા ચૈનત્ય સ્વરૂપ, જે રાગના સંબંધ વિનાની (ચીજ છે). રાગ તો આસ્રવ છે. સ્વભાવ અને આસ્રવ બેય એક સંબંધ છે? સંબંધ છે? સમજાણું કાંઈ? આહાહા..! એને ઠેકાણે હજી પર સાથે મને સંબંધ છે, આમ છે ને તેમ છે. દૃષ્ટિ મિથ્યાત્વ છે એમ કહે છે. મિથ્યા દૃષ્ટિનો અર્થ કે જે સત્ય સ્વરૂપ ભગવાન જ્ઞાયકમયભાવ છે એ તો અબંધસ્વરૂપ છે. એવી દૃષ્ટિ ન કરી અસત્ય દૃષ્ટિ કરીને મિથ્યા સત્ય દૃષ્ટિથી હું રાગના સંબંધવાળો છું, હું છું. હું જ્ઞાયકભાવ આખો રાગના સંબંધમાં આવી ગયો, કર્મના સંબંધમાં આવી ગયો, એવો જે મિથ્યાત્વભાવ એ જ્ઞાયકભાવમયતાને લીધે સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વભાવનો અભાવ છે. તેથી તે નિઃશંક છે. સમજાણું કાંઈ? વીતરાગની વાણી સાંભળવામાં પણ પુરુષાર્થ જોઈએ. કાયર તો કંપી ઉઠે, ધ્રુજી ઉઠે. કાયરના કામ નહિ.

મુમુક્ષુ :- .. કટકા થઈ જાય.

ઉત્તર :- કટકા થઈ જાય. હાય હાય અરર..! આવું? સાંભળ તો ખરો.

ભગવાન આત્મા એકલો વીતરાગમૂર્તિ આત્મા. આત્મા કોને કહીએ? જેમાં જ્ઞાનભાવ, જેમાં ચારિત્રભાવ. ચારિત્ર શબ્દે પર્યાય નહિ. ચારિત્ર શબ્દે સમભાવ, વીતરાગભાવ. અને આનંદભાવ. તો જેમાં સમભાવ પડ્યો છે, જ્ઞાયકભાવ પડ્યો છે એમાં આ બંધ ક્યાંથી થયો? આહાહા..! ભારે વાત છે, ભાઈ! સંતો દિગંબર મુનિઓએ જે માર્ગની પ્રસિદ્ધિ કરી છે એ ડંકાની ચોટે કરી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાયર કંપી ઉઠે.

ઉત્તર :- કાયર કંપી ઉઠે. અર..ર...! આવો આત્મા? અહીંયાં બંધ છે ને. બંધ છે ને. બંધ છે જ નહિ. સાંભળ તો ખરો. સ્વભાવમાં બંધ કેવો? સ્વભાવમાં રાગ કેવો? અને સ્વભાવમાં કર્મ કેવા? ભગવાન જ્ઞાયકમયભાવમાં વિકારનો તો અભાવ છે. અભાવ છે એનો અર્થ કે બંધનો અભાવ છે. સ્વભાવમાં બંધનો ભાવ નથી. એય..! ધન્નાલાલજી!

મુમુક્ષુ :- રાત-દિવસ જંગલમાં બેસીને આ કામ કર્યું છે.

ઉત્તર :- આ કામ કર્યું છે. જંગલમાં બેસીને આ લખ્યું છે. આહાહા..!

**'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं' 'ण वि होदि अप्पमत्तो'** એમાં લખ્યું છે આપણે. આહાહા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય મહામુનિઓ બધા મહા મહામુનિઓ! ઓહોહો..! ધર્મના થાંભળા કેવળજ્ઞાનને ટકાવી રાખ્યા છે. અને કેવળજ્ઞાનને તો ટકાવ્યું પણ અલ્પ કાળમાં કેવળજ્ઞાન

લેશે એવી એની તાકાત છે. અલ્પ કાળમાં કેવળજ્ઞાન લઈને મોક્ષે જશે, એકાદ ભવ (કરીને). પંચમ આરામાં જન્મ થયો, રાગ રહ્યો તો સ્વર્ગમાં છે. સ્વર્ગમાં છે વૈમાનિકમાં. ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. ત્યાંથી નીકળીને ઝપટ કરી કેવળજ્ઞાન લેશે.

દૃષ્ટિમાં અબદ્ધપણું જ્યાં પ્રગટ્યું, બદ્ધપણાની શંકા મિથ્યાત્વનો જ્યાં નાશ થયો એ અબંધ પરિણામમાં આગળ વધતા વધતા, અબંધ પરિણામ કરતા કરતા અબંધ પરિણામ પૂર્ણ થઈ જશે. અબંધ પરિણામ પૂર્ણ થઈ જાય એનું નામ મુક્તિ. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! આવો વીતરાગમાર્ગ. આવી વાત પણ સાંભળવા ન મળે તો એ સંભાળે ક્યાંથી? અને રુચિ ક્યાંથી કરે? સમજાણું કાંઈ?

કહે છે, કેમ કે. એમ લીધું ને? '**यतो हि**' એમ છે ને? '**यतो हि**' નું કર્યું ને? '**यतो हि**' કેમ કે. સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ, સત્ય-સાચી દૃષ્ટિ '**ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' એ દૃષ્ટિમાં તો એકલો ટંકોત્કીર્ણ નામ શાશ્વત એક જ્ઞાયકભાવમયતાને લીધે. જુઓ! અભેદ છે ને. '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' ઓહોહો..! ગજબ ટીકા છે ને! '**चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे।**' ભાષા જ એ છે ને, જુઓને! '**चत्तारि वि पाए छिंददि ते**' મિથ્યાત્વભાવ અંદર પડ્યો હોય. સમજાણું કાંઈ? ઉદયમાં હોં! '**छिंददि ते**'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. ચાર ભાવ તો લીધા છે. કાંઈ ક્ષાયિક સમકિત નથી. પંચમ આરાના મુનિ છે. પંચમ આરાના સમકિતીને ક્ષાયિક સમકિત થતું નથી. તો '**चत्तारि वि पाए**' લીધું છે. સમજાણું કાંઈ? '**चत्तारि**' લીધું છે ને? મિથ્યાત્વાદિ. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ ચાર. ચાર રહિત આત્મા છે જ્ઞાયકમયભાવ છે એવી દૃષ્ટિને કારણે એ ચારનો જે ઉદય છે તે ખરી જાય છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો પચાવવાની ચીજ છે. સમજાણું કાંઈ? અલૌકિક છે. સંતોની કરુણાદૃષ્ટિ (છે). કરુણાથી કહ્યું છે. અરે..! અમને ખેદ છે. એમ કહે છે. ખેદ છે. વિકલ્પ છે ને અંદર? કે આવી વાત જગતને કેમ બેસતી નથી? ચીજ જ એવી છે. જેમ છે તેમ કેમ નથી બેસતી? અને એનાથી વિપરીત કેમ બેસે છે? એનો વિસ્મય કરે છે. વિસ્મયતા કરીને ખેદ કરે છે.

અરે..! ભગવાન! તારી ચીજ તો પરમાણુથી ભિન્ન છે. પરમાણુનો અભાવ છે, અજીવનો અભાવ છે. એમ કહો કે કર્મનો અભાવ છે એમ કહો. અને આસ્રવનો વિકલ્પ છે એનો પણ સ્વભાવમાં અભાવ છે. તો જેનો અભાવ છે એના સદ્ભાવ સહિત દૃષ્ટિ રાખવી એનું નામ મિથ્યાત્વ અવ્રતભાવ છે. અને જ્યાં મિથ્યાત્વભાવ છે ત્યાં અવ્રતભાવ તો સાથે છે જ. જ્યાં મિથ્યાત્વનો નાશ નથી થયો ત્યાં અવ્રતનો નાશ ક્યાંથી થશે? સમજાણું કાંઈ?

એનો અર્થ કે અવ્રત, કષાય, પ્રમાદભાવ જેમાં નથી એવા જ્ઞાયકભાવની દૃષ્ટિ કર્યા વિના બંધભાવનો નાશ એને કદી થતો નથી. અબંધ સ્વભાવની દૃષ્ટિમાં બંધભાવ ઉત્પન્ન થતો નથી. એ ઉત્પન્ન થાય તો નાશ થઈ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'રણે ચડ્યો રજપૂત છૂપે નહિ.' આવે છે ને? 'રણે ચડ્યો રજપૂત છૂપે નહિ, ચંચળ નારીકો નેણ છૂપે નહિ, દાતા ન છૂપે ઘેર માગણ આયા અને વાદળસે ચંદ્ર છૂપે નહિ. ભાગ્ય ન છૂપે ભભૂત લગાયા.' સમજાણું કાંઈ? એમ કહે છે ને? એ આવે છે, શ્લોક આવે છે. 'ચંચળ નારીકો નેણ છૂપે નહિ.' સમજાણું કાંઈ? 'સૂરજ છૂપે નહિ બાદલ છાયા' અને 'દાતા છૂપે નહિ ઘેર માગણ આયા.' માગણ આવ્યો હોય તો કહે આહાહા..! લઈ જા. અરે..! મારે ઘરે આવ્યો! એમ રજપૂત છૂપે નહિ, જ્યાં રાજ ઉપર ચડ્યો હોય લડાઈમાં. એમ મોક્ષમાર્ગે ચડેલો આત્મા છૂપે નહિ. રાગથી બંધાય નહિ. આહાહા..! એ વાત એવી છે. એવી છે. ભાઈ! તું જો તો ખરો. દેખ તો ખરો.

એ પુરુષાર્થ સિદ્ધિમાં પણ આવ્યું ને? ૧૪મી ગાથા. ભગવાન આત્મા કર્મ અને કર્મના નિમિત્તે થયેલા શુભરાગાદિ એનાથી રહિત છે. એને સહિત માનવું એ મિથ્યાત્વ ભવનું બીજ છે. ત્યાં બીજી રીતે વાત કરી. અમૃતચંદ્રાચાર્યે એ કહ્યું. આ અમૃતચંદ્રાચાર્ય ટીકા કરે છે. **'चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे'** કર્મબંધના મિથ્યાત્વ ભાવના કરનારા એ ભાવને છેદે છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો ધર્મકથા છે. એ ધર્મકથા એવી નથી, જેમાં વીતરાગતા પ્રગટ થાય એનું નામ ધર્મકથા છે. જેમાં વીતરાગતાનું સ્થાપન થાય, વીતરાગી દૃષ્ટિ હોય, વીતરાગી જ્ઞાન હોય અને વીતરાગી ચારિત્ર હોય. એવું સ્થાપન કરવું તેનું નામ ધર્મકથા કહેવામાં આવે છે. રાગથી લાભ માનવો, રાગથી .. માનવો, રાગનો આત્મા સાથે સંબંધ છે તો બંધસહિત માનવો એવી કથા કરવી એ ધર્મકથા નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બોલે તો ખરો શું છે? કે કેટલું વીર્ય છે એમાં. નિમિત્ત તરીકે વ્યવહાર સંબંધ હોવા છતાં નિશ્ચયમાં સંબંધ છે નહિ એ વાત છે અહીંયાં.

ભગવાન આત્મા એક ટંકોત્કીર્ણ શાશ્વત વસ્તુ, ધ્રુવ વસ્તુ. એક જ્ઞાયકભાવમયતાને કારણે, આ કારણે '**કર્મબંધ સંબંધી શંકા...**' મને કર્મબંધ સંબંધ છે એવો જે મિથ્યાત્વ, એવો '**મિથ્યાત્વાદિ ભાવોનો અભાવ હોવાથી,...**' સમ્યગ્દૃષ્ટિને હું બંધમાં છું એવો જે મિથ્યાત્વભાવ અબંધ સ્વભાવની દૃષ્ટિમાં મિથ્યાત્વ ભાવથી રહિત છે. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વાદિ ભાવોનો અભાવ હોવાથી, નિઃશંક છે...**' નિઃશંક છે. એનું નામ નિઃશંક કહે છે. આમ ભગવાન સાચા છે, દેવ-ગુરુ સાચા છે એ નિઃશંક. એ નિઃશંક નહિ. દેવ-ગુરુ સાચા છે. ભાઈ! એ તો વિકલ્પ છે, રાગ છે. એ નિઃશંકતા નથી. અબંધસ્વરૂપી ભગવાન

આત્મા એમાં બંધની શંકા કરવી એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ-શંકારહિત નિઃશંક છે. વાત ભાઈ એવી છે જરી.

'**નિઃશંક છે તેથી તેને શંકાકૃત બંધ નથી...**' તેથી ધર્મીને મિથ્યાત્વાદિની શંકા, છે નહિ તો મિથ્યાત્વાદિની શંકાનો એને બંધ છે નહિ. સમજાણું કાંઈ? છે ને એમાં છે, જુઓ! એનો અર્થ થાય છે, હોં! નિઃશંક સ્વભાવ અબંધ છે એવી દૃષ્ટિને કારણે, હું બંધ સહિત છું એવી શંકાથી જે બંધ થાય એ બંધ એને થતો નથી. અમરચંદભાઈ! આવી વાત! આહાહા..!

તારી સ્વતંત્રતા પ્રસિદ્ધ કરે છે અને તું પરાણે પરતંત્ર છું... પરતંત્ર છું... પરતંત્ર છું.. રાગથી હું સંબંધવાળો છું. પરમાં પરતંત્રતા કરાવે એ દૃષ્ટિ તો તદ્દન વિરૂદ્ધ છે. પણ રાગ મારામાં આવ્યો એ રાગથી હું સંબંધવાળો છું એમ માનવું એ પણ મિથ્યાત્વ-શંકા છે. ઓહોહો..! અહીં તો હજી કર્મ મને પરતંત્ર કરાવે, કર્મ મને વિકાર કરાવે અને વિકારથી શુભભાવ થાય, કર્મથી શુભભાવ થાય અને શુભભાવથી શુદ્ધતા થાય. સમજાણું કાંઈ? કારણ કે વિકાર છે તો કર્મ વિના થતું નથી. કર્મ વિના જો થાય તો સ્વભાવ થઈ જાય એમ માને છે. એમ નથી. તારો ભાવ શુભ પણ તારાથી થયો છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. કર્મથી શુભભાવ થયો અને શુભભાવથી પછી અહીં શુદ્ધતા થઈ. તો કર્મથી મુક્તિ થઈ એમ થયું. આત્મા અબંધસ્વરૂપીથી અબંધભાવ ઉત્પન્ન થાય છે એવું તો આવ્યું નહિ એમાં. સમજાણું કાંઈ? શું કહ્યું?

કેટલું એક નિઃશંકમાં પાયો રોપ્યો છે! માણેકસ્તંભ મોટો! આમ શંકા નહિ. દેવ-ગુરુ સાચા, ફલાણા ફલાણા. હવે એવું તો અનંત વાર કર્યું, સાંભળને. એ તો પરદ્રવ્યની. આ તો સ્વદ્રવ્ય, દ્રવ્ય નામ વસ્તુ જ્ઞાયકભાવ ભગવાન વસ્તુ, વસ્તુ બંધાય? પર્યાયનો સંબંધ એ તો વ્યવહારનયનો વિષય થઈ ગયો. એની દૃષ્ટિ હેય કરીને સ્વભાવનો આશ્રય જ્યાં થયો તો શંકા જ નથી કે હું બંધભાવ સહિત છું. હું તો અબંધસ્વભાવ સહિત છું. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિઃશંક છે તેથી તેને શંકાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.**' અબંધ સ્વભાવની સત્તાના સ્વીકારમાં દૃષ્ટિ છે તો બંધ ભાવ પૂર્વના જે પડ્યા હતા એ ઉદય આવે છે અને ખરી જાય છે. સામું જોવે ત્યારે ને? એની સામું ક્યાં જોવે છે? કોઈ માણસ વાત કરવા આવે અને બેઠે. એની સામે વાત ન કરે અને ઉઠી જાય. આ તો સામું પણ જોતો નથી. ચાલો ઉઠો. એમ ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ છે અને અબંધસ્વભાવી આત્માને માન્યો છે, અનુભવ્યો છે તો કર્મનો ઉદય આવે તો શું કરે? ભિન્ન થઈને છૂટી જાય છે. જ્ઞાનીને નિર્જરા જ થાય છે. એનું નામ નિઃશંક આચાર. સમકિતનું નિઃશંક અંગ, નિઃશંક ચિહ્ન કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૫, શનિવાર તા. ૧૯-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૨૯ થી ૨૩૧, પ્રવચન-૩૧૨**

આ સમયસાર, નિર્જરા અધિકાર ચાલે છે. ૨૨૯ (ગાથા). એનો ભાવાર્થ. નિઃશંક છે. સમ્યગ્દૃષ્ટિ નિઃશંક છે. અને એ નિઃશંકતા નિર્જરાનું કારણ છે. શંકાનો ખરો અર્થ અહીં એમ લીધો છે ને? હું નિશ્ચયથી બંધાયો છું એવી શંકા જ નથી સમકિતીને. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ખરેખર બંધરૂપ છે એવી શંકા કરવી એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? નથી સમજાતું? કાલે તો ઘણું ચાલ્યું છે. આ તો વળી શંકા અત્યારે ઓલું ખ્યાલમાં આવ્યું ને.

આપ્તને શંકા ન હોય. નિયમસાર ચાલે છે ને? શંકા ન હોય. શંકાનો અર્થ શું? મોહ અને રાગદ્વેષ. એ અહીંયાં લીધું છે મિથ્યાત્વાદિ ભાવ. સમજાણું કાંઈ? આપ્ત કહો. શંકારહિત છે આપ્તપુરુષ સર્વજ્ઞ. અહીં સમ્યગ્દૃષ્ટિને પણ શંકા રહિત કહ્યા છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રિકાળ જ્ઞાન અને પૂર્ણ આનંદ છે એવી દશા જેને પ્રગટી તો કહે છે કે એ શંકા રહિત છે. અર્થાત્ શંકા નામ મોહ અને રાગ-દ્વેષને શંકા કહે છે. શંકાની વ્યાખ્યા જ એ મોહ અને રાગ-દ્વેષ. સમજાણું કાંઈ? મોહ અને રાગ-દ્વેષ રહિત છે તે સર્વજ્ઞ છે.

અહીં કહે છે કે એની સાથે સંબંધ કર્યો. ધર્મી, ભગવાન આત્મા. ધર્મ એટલે? અહીં તો ધર્મની વ્યાખ્યા-નિર્જરાની છે. ધર્મીની દૃષ્ટિ પોતાનો શુદ્ધ સ્વભાવ અબંધ સ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? તેથી હું ખરેખર રાગ અને દ્વેષથી બંધાયેલો છું કે કર્મથી બંધાયેલો છું એવી દૃષ્ટિનો જ નાશ થયો છે. સમજાણું કાંઈ? નવરંગભાઈ! બસ! થઈ ગયો અબંધ? વસ્તુ તો અબંધ જ છે. દૃષ્ટિ થઈ તો અબંધની થઈ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ જ્ઞાયક સ્વરૂપ પૂર્ણ શુદ્ધ સ્વભાવનું પૂર, એ તો અબંધસ્વરૂપ જ છે. એવી અંતર દૃષ્ટિ થઈ તો હું બંધપણે છું એવો જે મિથ્યાત્વાદિ ભાવ એનો સમ્યગ્દૃષ્ટિને અભાવ હોય છે.

મુમુક્ષુ :- અબંધરૂપ પરિણમન છે?

ઉત્તર :- અબંધરૂપ પરિણમન છે. એય..! નવરંગભાઈ! માર્ગ ભારે ભાઈ! સમજાણું કાંઈ?

મિથ્યાત્વાદિ ભાવની વાત કરી ને? મિથ્યાત્વાદિ ભાવનો અભાવ હોવાથી. ખરેખર તો ચાર બોલ ભલે લીધા. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. ચારેય ભાવરૂપ એક સમયની

જે પર્યાય છે,.. સમજાણું કાંઈ? આત્મામાં મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એક સમયની વિકૃત અવસ્થા છે. એ વિકૃત અવસ્થાથી રુચિ ખસીને મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ રહિત જે સ્વરૂપ છે એવા શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ હોવાથી સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વાદિ ભાવથી રહિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક સમયની પર્યાયમાં ભ્રાંતિ, અવ્રત, કષાય આદિ કલુષિતતા છે એ તો પર્યાયદૃષ્ટિમાં જ્યારે હતો ત્યારે મિથ્યાત્વ સહિત, રાગ સહિત છું એવી માન્યતા હતી. સમજાણું કાંઈ? પણ ઈ એક સમયની અવસ્થા તરફની રુચિ છોડીને પોતાનું કાયમ અબદ્ધસ્વરૂપ ચૈતન્યમૂર્તિ જે શુદ્ધ આનંદસ્વરૂપ, એવી અંતરમાં દૃષ્ટિ થઈ અને એવા અબંધસ્વભાવનો આશ્રય થયો તો સમકિતીને તો અબંધસ્વભાવ જ દૃષ્ટિમાં અને અનુભવમાં છે. ચંદુભાઈ! આહાહા..! ભારે.

જેમ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર બિલકુલ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ રહિત છે માટે એને સર્વજ્ઞ કહેવામાં આવે છે. આહાહા..! એમ આ આત્મા.. ભાઈ! ધર્મદશા નિર્જરા કોને કહે છે? એમ ભગવાન આત્મા એક સમયમાં, એક સમયની જે વિકૃત અવસ્થા એનાથી તો રહિત છે. સમજાણું કાંઈ? ખરેખર વસ્તુ છે એ તો બંધભાવથી રહિત છે. દેવીલાલજી! આમાં તકરાર શી? અને વાદવિવાદ ને ઝઘડાના પાર ન મળે. ઓહોહો..! કેટલા લખાણ આવે! નિમિત્તના અને આના ને તેના બધા જાણે. શાસ્ત્ર ભણીને જાણે શું જાણ્યું!

ભાઈ! એક સમયમાં પરમાત્મા પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ અબદ્ધસ્વરૂપ. વસ્તુ અબદ્ધસ્વરૂપ છે ને? પર્યાયમાં બદ્ધ છે એ દૃષ્ટિ છૂટી ગઈ. સમજાણું કાંઈ? અને વસ્તુ જે પર્યાય અને રાગાદિ મેલ એકત્વ છે એનાથી છૂટી ગયો. જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ હું છું એવી દૃષ્ટિ અંતર અનુભવ થવાથી સમ્યગ્દૃષ્ટિને શંકા નામ મિથ્યાત્વાદિ ભાવ રહિત કહેવામાં આવે છે. આહાહા..! કહો, ધન્નાલાલજી! ભારે આ પણ. એકદમ સમકિતીને આટલી બધી દશા! ભાઈ! રાગાદિ થોડા છે પણ સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? સ્વભાવમાં નથી તો એને બંધનું કારણ છે એના ઉપર દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**સમ્યગ્દૃષ્ટિને જે કર્મનો ઉદય આવે છે...**' પડ્યા હોય ભલે. સમજાણું કાંઈ? '**તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે,...**' કેમ કે ધર્મી રાગનો સ્વામી નથી. સહજ સ્વરૂપ ભગવાન આત્મા, સ્વસ્વામીસંબંધ... સમજાણું કાંઈ? આત્મામાં એવો એક ગુણ અનાદિઅનંત પડ્યો છે. અનાદિઅનંત. સ્વ-પોતાના દ્રવ્ય-ગુણ અને શુદ્ધ પર્યાય પોતાની સ્વ, એનો આત્મા સ્વામી છે. વ્યવહાર વિકલ્પાદિ ઉઠે છે એનો સ્વામી સમ્યગ્દૃષ્ટિ છે જ નહિ. અને એનો સ્વામી થાય તો સમ્યગ્દૃષ્ટિ રહેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચૈતન્યની જાતથી અત્યંત ભિન્ન છે.

ઉત્તર :- અત્યંત. વસ્તુ આખી રાગથી તો અત્યંત ભિન્ન જ છે. સંસારના ઉદયભાવથી અત્યંત ભિન્ન છે. એવી ચીજની જ્યાં અંતર અનુભવમાં દૃષ્ટિ થઈ તો કહે છે કે એને ઉદય તો આવે છે પ્રકૃતિનો, પણ દૃષ્ટિ સ્વભાવ અને અબંધ ઉપર દૃષ્ટિ હોવાથી ઉદય ખરી જાય છે. એનો સ્વામી નથી. કેમ કે સ્વામીપણું, સ્વસ્વામી સંબંધ તો પોતાનો આનંદસ્વરૂપ આત્મા (સાથે છે). સમજાણું કાંઈ?

છ ખંડનું રાજ હોય, છન્નું હજાર સ્ત્રી હોય, શરીરાદિ એવા હોય અને હીરાના સિંહાસન ઉપર બેઠેલા દેખાય. તો કહે છે કે ઈ એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? જ્યાં ધર્મીની દૃષ્ટિ પડી છે ત્યાં એ ચીજ છે જ નહિ. જ્યાં એ ચીજ છે ત્યાં ધર્મીની દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મ બાપુ! એ તો અપૂર્વ ચીજ છે. એક સમયમાં કર્મનો અને મલિન પર્યાયનો નાશ થવો એ નિર્જરા કઈ રીતે થાય છે? કે જ્યાં અશુદ્ધતા સાથે સંબંધ નથી એવા શુદ્ધ સ્વભાવનો આશ્રય લીધો તો એ અશુદ્ધતા ટળી જાય છે. જે એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? એનું નામ નિર્જરા કહેવામાં આવે છે. આ અપવાસ કરી દે અને આમ કર્યા અને બહુ કરે માટે નિર્જરા થઈ (એમ નથી). (એ તો) મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

કહે છે, '**સમ્યગ્દૃષ્ટિને...**' સત્ય દૃષ્ટિવંતને '**જે કર્મનો ઉદય આવે છે તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે,...**' જ્યાં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પોતાનું સ્વ, પોતાનું ધન, પોતાની લક્ષ્મી, પોતાની સંપદા. સમજાણું કાંઈ? પોતાની શુદ્ધ ચૈતન્ય સંપદા, એનો જ્યાં સ્વામી દૃષ્ટિમાં થયો તો એ રાગનો સ્વામી છે જ નહિ. તો લક્ષ્મી અને શરીર અને આ બહારની.. સમજાય છે? આ ધૂળ-ધૂળ ધમાહા (એ તો ક્યાંય રહી ગયા).

મુમુક્ષુ :- ધૂળ ધમાહા એટલે શું?

ઉત્તર :- આ બધું ધૂળ ઉડે બધું રાગ ને બધું. ઢગલા ભેગા થાય પૈસાના, બાયડી, છોકરા અને આબરૂ. ધમાહા ઉડે. ધૂળ ઉડે ધમાહા. ધુમાડો ઉડે છે. અંધકાર છે.

ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું નુર છે, એવી અંતરમાં સ્વભાવની દૃષ્ટિ થવાથી ધર્મી આઠ વર્ષની બાલિકા હોય, હોં! સ્વામી નથી. પરનો સ્વામી નથી. પર એનો સ્વામી નથી અને પરનો એ સ્વામી નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? લગન કરે. જુવાન હોય તો લગન કરે પણ સ્વામી માનતી નથી. નવરંગભાઈ! આ વાત ભારે! કહે છે, કર્મનો ઉદય આવ્યો. આ ઉદય આવ્યો, એ સંબંધ થાય પણ મારા સ્વભાવમાં સંબંધ છે નહિ. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં એ રાગ છે અને પતિ છે એના સંબંધનો સ્વીકાર જ નથી. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચયથી સ્વીકાર નથી કે વ્યવહારથી?

ઉત્તર :- એક જ પ્રકાર છે. એમ કે નિશ્ચયે સ્વીકાર નથી પણ વ્યવહારે તો છે કે

નહિ? વ્યવહારે સ્વીકાર નથી. સ્વીકાર શું વળી? એમ કે બોલવામાં આવે એ ભાષા બીજી છે. એ બોલવું એ તો ભાષાનું કાર્ય છે. એ આત્માનું કાર્ય નથી. ભાષામાં તો એમ જ કહે કે આ મારા પતિ છે, આ મારું રાજ છે, આ મારો દીકરો છે. સમજ્યા? પણ એ ભાષા અને ભાષાનો જે વિકલ્પ આવ્યો એનો સ્વામી નથી તો એની ચીજનો સ્વામી ક્યાંથી થયો? બાપુ! ધર્મદૃષ્ટિ કોઈ અપૂર્વ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય અપૂર્વ ચીજ છે. એ કાંઈ સાધારણ ચીજ નથી. અનંત કાળમાં એણે સ્વસમય પોતાના શુદ્ધ આત્માની સન્મુખતા કદી કરી નથી. અને સન્મુખતા થઈ તો પરથી વિમુખતા થઈ ગઈ. સમજાણું કાંઈ?

કહે છે કે '**કર્તા થતો નથી.**' રાગ આવ્યો એ મારું કાર્ય છે એમ સમકિતી માનતો નથી. '**માટે ભયપ્રકૃતિનો ઉદય આવતાં છતાં...**' નિઃશંકમાં નિર્ભય લેવું છે ને નિર્ભય? એને ચારિત્રમોહના કારણે અંદર પ્રકૃતિનો ઉદય આવ્યો '**છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક રહે છે,...**' નિઃશંક, નિર્ભય, નીડર રહે છે. હું તો જ્ઞાયક જ્યોત ધ્રુવ ચૈતન્ય વજ્ર બિંબ છું. મારામાં કોઈનો પ્રવેશ નથી. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ નિર્જરા કહેવામાં આવે છે. કહો, જેઠાલાલભાઈ! સવારે કેટલી માંડી હતી ઓલી તપની અને અપવાસની. ઉપધાન આમ કર્યું, ફલાણું કર્યું, વરઘોડા.

'**સ્વરૂપથી ચ્યુત થતો નથી.**' ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ સત્ત્વ તત્ત્વ, ચૈતન્ય સ્વભાવ, એનાથી સમ્યગ્દૃષ્ટિ પ્રકૃતિનો ઉદય આવવા છતાં સ્વભાવથી ચ્યુત થઈને એનો સ્વામી થતો નથી. ચ્યુત જ નથી થતો. '**આમ હોવાથી તેને શંકાકૃત બંધ થતો નથી,...**' ભ્રમણા અને રાગાદિ જે ભાવ છે એવું એણે કરેલું નથી, કરાયેલું નથી. સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી એ રાગનો કર્તા નથી. માટે શંકાકૃત બંધ થતો નથી. '**કર્મ રસ આપીને...**' લ્યો ભાષા. '**કર્મ રસ આપીને ખરી જાય છે.**' કોને રસ આપે? જડ કર્મ આત્માને રસ આપી શકે છે? જડ કર્મની અવસ્થા જે ઉદય છે એ તો અચેતન જડ છે. આત્મા એ કર્મના અનુભાગને અડતો જ નથી. અને કર્મનો રસ છે એ આત્મામાં સ્પર્શવા લાયક જ નથી. પણ શબ્દ શું કહે? સમજાણું કાંઈ? આત્મા પોતાના નિજ રસના અનુભવમાં કર્મનો રસ જે પાકમાં આવ્યો, પાક કર્મમાં આવ્યો એ ખરી જાય છે.

મુમુક્ષુ :- આપીને છે આમાં.

ઉત્તર :- એ ભાષા આપીને એટલે પ્રગટીને. એય..! ધન્નાલાલાજી! સત્તામાં જે પડ્યા હતા એ પાક થઈને ખરી જાય છે. રસ પ્રગટીને ખરી જાય છે. એને રસ આપીને ખરી ગયા એમ કહેવામાં આવે છે. આહાહા..! એક બોલ થયો.

બીજો. સમ્યગ્દૃષ્ટિ નિઃકાંક્ષિત હોય છે. ધર્મીને પોતાના સ્વભાવ સિવાય કોઈ પદાર્થની ઈચ્છા છે જ નહિ. કૃતકૃત્ય દૃષ્ટિમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? એની વાત કરે છે, જુઓ!

**जो दु ण करेदि कंखं कम्मफलेसु तह सव्वधम्मेसु।**
**सो णिक्कंखो चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२३०।।**

નીચે હરિગીત.

**જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૦.**

આ સમ્યક્ પ્રગટ કરવાની રીત અને સમ્યક્ હોય તો કેવો હોય, એ બેય વાત એમાં આવી જાય છે. પહેલો એ ધર્મ છે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન નહિ, સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર નહિ, ચારિત્ર વિના વ્યવહાર વ્રત પણ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... કહે છે કે..

'**ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' ધર્મ તો એવી ચીજ છે, પ્રભુ! વીતરાગ સ્વભાવથી ભરેલો, જેમાં બધા ઉપરથી સુખબુદ્ધિ ઊડી ગઈ. સમજાણું કાંઈ? વિકલ્પ હો, પુણ્ય હો, કે બંધ હો કે ફળ હોય, બધામાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. કેમ કે વિકલ્પમાં, બંધમાં અને એના ફળમાં સુખ ક્યાંય છે જ નહિ. સમજાણું કાંઈ? શુભરાગ કે એનાથી થયેલો બંધ, એનું મળ્યું ફળ બાહ્ય-આ પૈસા-ધૂળ, છોકરાઓ વગેરે. એ ત્રણેમાં સમ્યગ્દૃષ્ટિની સુખબુદ્ધિ રહી નહિ. પરમાં સુખબુદ્ધિથી મરી રહ્યો છે. આહાહા..! જેઠાભાઈ! મરી ગયો (અર્થાત્) સુખબુદ્ધિનો વ્યય થયો. આહાહા..! સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં હોય કે નારકીમાં હોય, પણ આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્ય પ્રભુ અંતરની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો. ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે. (હવે) કોની ઈચ્છા? સમજાણું કાંઈ? ક્યાં સુખ છે આત્મામાં? ક્યું સુખ છે આત્માને છોડીને બહારમાં? સમજાણું કાંઈ? શું રાગમાં સુખ છે? સ્વર્ગમાં સુખ છે? પૈસામાં સુખ છે? પહેલા માણસ એમ કહે કે ભાઈ! સુખ નથી તો એને છોડી દે તો સુખ નથી એમ નિર્ણય કર્યો કહેવાય. પણ છોડવું એનો અર્થ શું? સમજાણું કાંઈ? એમ કે છોડે, સ્ત્રી, કુટુંબ છોડે. છોડે કહે છે ને? છોડે તો એને સુખબુદ્ધિ ગઈ કહેવામાં આવે. પણ રાખે, રહે અને સુખબુદ્ધિ નહિ? આહાહા..! રાખતો જ નથી અહીં તો કહે છે. ઈચ્છા જ નથી. પોતાના સ્વભાવની શુદ્ધતા આગળ બીજી કોઈ ઈચ્છા જ નથી. સમજાણું? પરમાં સુખ નથી તો ઈચ્છા ક્યાંથી થઈ? જ્યાં પુણ્ય પરિણામમાં સુખ નથી, શરીરમાં સુખ નથી, બંધમાં સુખ નથી, બંધમાં ધૂળના ઢગલા મળે આ ઈન્દ્રાણી આદિ મળે એમાં સુખ છે નહિ. ધર્મીની ઈચ્છા બધામાંથી ઉઠી ગઈ છે. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ...**' શાશ્વત. ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ સ્વરૂપ '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' એક જ્ઞાયકભાવમય. હું તો એકલો જાણન સ્વભાવમય. જાણન સ્વભાવમય, હું તો આનંદ સ્વભાવમય એવો આત્મા છું. એ દૃષ્ટિને કારણે '**બધાંય કર્મફળો પ્રત્યે...**' જુઓ! પુણ્યના પરિણામ અને પુણ્યના ફળ બંધ કે એનું ફળ લક્ષ્મી મળે, રાજ મળે, કુટુંબ (મળે) એ બધા ફળની ઈચ્છા નાશ પામી છે. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ અતીન્દ્રિય આનંદ, એવા અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ ધર્મીને પોતાના સ્વભાવ સિવાય કોઈ પદાર્થમાં ઈચ્છા રહી નથી. આહાહા..! કહે છે કે '**બધાંય કર્મફળો...**' બધાય કર્મફળમાં તીર્થંકરપણાનું ફળ આવે એ પણ આવતું હશે કે નહિ?

મુમુક્ષુ :- આવી ગયું બધું ભેગું.

ઉત્તર :- બધું ભેગું? આ તીર્થંકરપણું મળે, સમવસરણ મળે, ઈન્દ્રો પૂજવા આવે જન્મ થાય ત્યારે. ચામર ઢાળે. એવી ઈચ્છા તો ખરી કે નહિ? એવા ફળ આવે તો ઠીક. એમ. ઈચ્છાવાળાને મળે નહિ અને મળે એને ઈચ્છા હોય નહિ, એમ કહે છે. મળે ક્યાં પણ? સંયોગ હોય એનો અર્થ ઈ.

અહીં તો '**બધાંય કર્મફળો...**' ભાષા કેવી લીધી? કર્મના જેટલા ફળ. ૧૪૮ પ્રકૃતિના કોઈપણ ફળની ઈચ્છા જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કે શાતા વેદનીયનું આવું ફળ અને તીર્થંકર પ્રકૃતિનો આવો સંયોગ મળે. ધર્મી પોતાની નિજ સંપદા શુદ્ધ ચૈતન્ય ભગવાન, એમ અંતરમાં અનુભવ અને દૃષ્ટિમાં આવ્યો એને કોઈ કર્મ, કોઈ કર્મ, કોઈ વિકલ્પ અને કોઈ કર્મ એના ફળની ઈચ્છા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ વાતની વાત નથી. એ ભાવની વાત છે, ભાઈ! સમજ્યા?

જ્યાં વસ્તુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવમયપણાને કારણે એમ લીધું ને? આહાહા..! જ્યાં જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ બિંબ પ્રભુ, અનાકુળ આનંદના રસસ્વરૂપ આત્મા, એવો અનુભવ દૃષ્ટિમાં થયો અને દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ થઈ, તેથી કહે છે કે આત્મા સિવાય કોઈપણ રાગાદિ કર્મના ફળની ધર્મીને ઈચ્છા હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક એમ કહે કે ભાઈ! જો ભગવાનની પૂજા કરીએ તો દીકરો થાય, ભગવાનની ભક્તિ કરીએ તો લક્ષ્મી મળે.

મુમુક્ષુ :- પૂજાના પાઠમાં આવે છે.

ઉત્તર :- શું આવે છે ત્યાં વળી? આમ કરે તો આમ થાય અને આમ કરે તો આમ થાય આવે છે.

મુમુક્ષુ :- પછી પરંપરાએ મોક્ષ થાય.

ઉત્તર :- મોક્ષ થાય. ભગવાનની પૂજા કરે તો એ પૂજાય. એવું આવતું નથી? પદ્મનંદીમાં

પણ આવે છે. ભગવાનની પૂજા કરે એ દુનિયાની આંખથી પૂજાય. દુનિયાની આંખથી પૂજાય. સમજ્યા? ઓહોહો..!

મુમુક્ષુ :- દુનિયાની આંખ...

ઉત્તર :- ના, એમાં આવે છે. છે ને? એમ આવે છે. આમાં આવે છે ને. પદ્મનંદીમાં આવે છે. શ્લોક આવે છે આમાં. આ શબ્દ કહ્યો એ શ્લોક આવે છે. જે ભગવાનની પૂજા કરે તો માણસો એને પૂજ્યબુદ્ધિએ દેખે આંખથી એવો એ થાશે. એમ કહે છે. એ બધા એક એક શબ્દની વાતની ખબર છે. ઘણા બોલ છે એમાં. સમજ્યાને? પોપટભાઈ! આહાહા..!

અહીં તો કહે છે કે શુદ્ધ આત્માની ભાવના આગળ... એ તો એનું ફળ નામ એવો રાગ હોય ત્યાં આવું હોય એવું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? એને લાલચ આપી છે એમ નથી. બહુ લીધું છે. નહિ આમાં? પદ્મનંદીમાં શ્લોક આવ્યો હતો. નહિ? ઋષભદેવની સ્તુતિમાં એક શ્લોક આવ્યો છે. એનું આમ કરે તો આમ થાય, એનું આમ કરે તો આમ થાય, ત્રિલોકનો પૂજ્ય થાય, ફલાણું થાય, ઢીંકણું થાય. બે હાથ જોડીને કરે. હે ભગવાન! બે હાથ એટલે? એને સ્વર્ગ પણ મળે અને મોક્ષ પણ મળે. સમજાણું કાંઈ? બે હાથ જોડીને હે પ્રભુ! આપને નમસ્કાર કરીએ છીએ. એને મોક્ષ પણ મળે છે અને રાગ રહે તો સ્વર્ગ પણ મળે છે. મળે એનો અર્થ કે છે એનું જ્ઞાન કરાવે છે.

ધર્મીને આનંદ સિવાય, પોતાના આનંદ સિવાય કોઈ વાત જોઈએ નહિ. શું દેખે? તીર્થંકરપદ શું? ઈન્દ્રપદ શું? ઈન્દ્રાણીની ઈચ્છા છે તો મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેને પોતાના શાંત સ્વભાવ આગળ બીજી કોઈપણ પદાર્થની ઈચ્છા અંદર વર્તે છે તો તે મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, '**બધાંય કર્મફળો પ્રત્યે...**' એક વાત. '**તથા બધા વસ્તુ ધર્મો પ્રત્યે...**' વસ્તુના જે સ્વભાવ છે એના પ્રત્યે. બેનો અર્થ કરશે જરી. આ દુગંછા આદિ હોય, ક્ષુધા, તૃષા આદિ કોઈપણ ઈચ્છા એને છે નહિ. ઓહોહો..! '**કાંક્ષાનો અભાવ હોવાથી,...**' ઈચ્છાનો અભાવ. વસ્તુ સ્વભાવ સન્મુખના પરિણમનની જ્યાં ગતિ થઈ તો પરની ઈચ્છાનો તો એમાં અભાવ છે. '**નિષ્કાંક્ષ (નિર્વાંછક) છે,...**' કૃતકૃત્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી...**' કાંક્ષા નથી એટલે કાંક્ષાકૃત જે બંધ હતો એ બંધ છે નહિ. પણ કાંક્ષા આદિ જે ઈચ્છા અસ્થિરતાની આવી જાય છે એનું ખરવું થાય છે-નિર્જરા થાય છે.

'**ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિને સમસ્ત કર્મનાં ફળોની વાંછા નથી;...**' કર્મ. પહેલા પાઠમાં એ લીધું. અને સર્વ ધર્મ. હવે સર્વ ધર્મનો અર્થ કરે છે. સર્વ કર્મ. કોઈપણ શાતા

બંધાય તો આમ ઠીક થાય, આહારક શરીર બંધાય તો આમ ઠીક થાય, આહારક શરીર હોય તો ભગવાન પાસે જઈ શકાય, એવી કોઈ ઈચ્છા ધર્માત્માને હોતી નથી. પોતાના શુદ્ધ આનંદસ્વભાવની એકાગ્રતા આગળ બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન અંદર થતું નથી.

'**વળી તેને સર્વ ધર્મોની વાંછા નથી;...**' અર્થાત્ સર્વ ધર્મની બે વ્યાખ્યા કરે છે. સર્વ ધર્મની બે વ્યાખ્યા છે. એક '**કનકપણું,...**' સોનું, સોનું. હીરા મળી જાય, સોનું મળી જાય. સમજાણું કાંઈ? '**પાષાણપણું...**' પત્થર આદિ, ચિંતામણિ આદિ. ચિંતામણિ રત્ન મળે એવી ઈચ્છા પણ ધર્મીને છે નહિ. '**નિંદા, પ્રશંસા આદિના વચન વગેરે...**' કોઈ નિંદા કરે વચનાદિ '**વસ્તુધર્મોની...**' '**નિંદા, પ્રશંસા, આદિના વચન વગેરે વસ્તુધર્મોની અર્થાત્ પુદ્‌ગલસ્વભાવોની તેને વાંછા નથી-**' કોઈ નિંદા કરે તો તેના તરફ ઈચ્છા નથી, પ્રશંસા કરે તો એની ઈચ્છા નથી. પોતાના શુદ્ધ સ્વભાવની જ્યાં પ્રશંસા થઈ, દુનિયા પ્રશંસા કરે કે ન કરે એની સાથે ધર્મીને કોઈ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ?

આનંદઘનજી કહે છે ને? 'લહી ભવ્યતા મોટું રે માન, અભવ્ય ત્રિભુવન અપમાન.' ભગવાન જેને સ્વીકારે કે આ ધર્મી છે. હવે તારે કોનું માન જોઈએ છે? સમજાણું કાંઈ? તારા સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને આનંદનું ભાન થયું, કેવળજ્ઞાની એમ સ્વીકારે કે એ ધર્મી છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ છે. 'લહી ભવ્યતા મોટું માન...' ભગવાન સ્વીકાર કરે, હવે તારે જોઈએ શું? ભગવાનથી વાત લીધી. પણ પોતાનો આત્મા સ્વીકાર કરે. સમજાણું કાંઈ? અને 'અભવ્ય ત્રિભુવન અપમાન...' સર્વજ્ઞના જ્ઞાનમાં એમ આવ્યું કે આ અલાયક છે, અભવ્ય છે, નાલાયક છે. સમજાણું કાંઈ? તો કેમ નાલાયક આવ્યું? કે પોતાની દૃષ્ટિમાં રાગનો આદર છે તો નાલાયક છે એમ જ્ઞાનમાં આવ્યું. સમજાણું કાંઈ? જેવું ભગવાને દેખ્યું... પણ ભગવાન જેવી તારી પર્યાય હોય એવું ભગવાન જોશે. એ કાંઈ બીજી રીતે દેખે? આહાહા..! સમજાણું કાંઈ?

જ્યાં રાગની રુચિ અને પ્રેમ છે. તો ભગવાન એમ દેખે છે. તારી નિંદા થઈ. સમજાણું કાંઈ? એ નાલાયક છે. અલાયક છે. અભવિ જેવો છે. અભવ્ય જેવો એટલે ધર્મને માટે લાયક નથી. અભવ્ય એટલે સર્વથા અભવ્ય પણ એને લાયક નહિ. એમ. સમજાણું કાંઈ? ભગવાન જ્યારે એના મુખમાં ... તારી પર્યાય એવી જાણે તો ... ? સમજાણું કાંઈ? આખી દુનિયા પ્રશંસે, દેવાદિ પ્રશંસે પણ તારું તો અપમાન અંદરમાં છે. સ્વભાવનો આદર નથી, રાગનો આદર છે એવી અલાયકતા તારામાં પડી છે. તો તારી નિંદા તું કરે છે. પ્રશંસા તારી બીજા કરે એમાં તારામાં શું આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..!

તું જ્યારે અંતર આનંદ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, એનો આદર ન કર, રાગનો આદર કરે છે તો આત્માની નિંદા જ તારો આત્મા કરે છે. હવે તારી નિંદા બીજા કરે કે ન કરે

એનું શું કામ છે તારે? અને તારો આત્મા જ તારા સ્વભાવની પ્રશંસા કરીને એકાગ્ર થાય, દુનિયા પ્રશંસા કરે એની સાથે તારે શું સંબંધ છે? સમજાણું કાંઈ? અને તારો આત્મા રાગાદિનો આદર કરીને આત્માની નિંદા કરતો હોય, દુનિયા પ્રશંસા કરે એમાં તારામાં શું આવ્યું? ધન્નાલાલજી! આહાહા..! અને તારો આત્મા જ તારા આત્માની પ્રશંસા કરે અને દુનિયા નિંદા કરે એમાં તારામાં શું આવ્યું? એમાં શું થયું? દુનિયા નિંદા કરે તો અંદર નિંદા થઈ ગઈ?

એમ કહે છે અહીંયાં. સર્વ ધર્મોની '**નિંદા, પ્રશંસા આદિનાં વચન વગેરે વસ્તુધર્મોની...**' એ તો વસ્તુનો ધર્મ છે પર્યાયનો, જડનો. સમજાણું કાંઈ? ભાષામાં ભાષાની પર્યાય નિંદાની આવી. એમાં તારે શું છે? એ મારી નિંદા થઈ. સમજાણું કાંઈ? તારી નિંદા (થઈ) તો શું તેમાં તું ઘુસી ગયો? નિંદાની પર્યાયમાં તારો આત્મા ગયો? માને એમ કે મારી નિંદા થઈ. તું ક્યાં છે? જ્યાં તું છો જ્ઞાયક સ્વરૂપમાં ત્યાં નિંદાની શબ્દપર્યાય અડતી પણ નથી. અને પ્રશંસાના શબ્દની પર્યાય થઈ તો મારી પ્રશંસા થઈ. મારીનો અર્થ શું? સમજાણું કાંઈ?

જેને ભેદજ્ઞાન થયું છે એની નિંદા-પ્રશંસા ઉપર દૃષ્ટિ નથી, એમ કહે છે. આહાહા..! જરી અપમાન થઈ જાય તો આહા..! દુનિયામાં કાંઈ જીવીને જાણે અપમાન થઈ જાય. તેં અપમાન તારું કર્યું છે, પર કોણ કરી શકે છે? સમજાણું કાંઈ? અહીં કહે છે કે ધર્મીને નિંદા, પ્રશંસા આદિ વચનનો સ્વભાવ, એનો પર્યાયધર્મ એની ઈચ્છા છે નહિ. કોઈ પ્રશંસા કરે તો ઠીક, કોઈ નિંદા કરે તો ઠીક. નિંદા કરે તો ઠીક એમ પણ કોઈને હોય. આપણી નિંદા કરે તો આપણને પ્રસિદ્ધિ આવે નહિ, એકાંત નિવૃત્તિ મળે. એય..! જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ નહિ. એ વાત પણ ખોટી છે એમ કહે છે. છૂટો છે. એમ કે નિંદા બહુ કરે આમ થઈ જાય તો ચાલો ભાઈ બહારની પ્રવૃત્તિમાં રોકાવું અટકી ગયું.

શું કહે છે? આહાહા..! એમાં આવ્યું નહિ? યોગસારમાં નહિ? કોણ કોની નિંદા કરે, કોની પ્રશંસા કરે? આહાહા..! શબ્દની વર્ગણા એ તો શબ્દની પર્યાયનો ધર્મ છે. નિંદા વચનરૂપે પરિણમવું, પ્રશંસારૂપે પરિણમે એ તો શબ્દરૂપે પરિણમે છે. કોઈ નિંદા કરનાર છે માટે શબ્દરૂપ પરિણમે છે એમ છે નહિ. એય..! રાજમલજી! કોઈએ નિંદા કરી છે એની? તું ત્યાં છો? એ વાણી પણ ભિન્ન છે એનાથી. વાણીનું પરિણમન વાણીને કારણે થયું છે. તારી નિંદા કરનાર છે કોણ? એમાં બુદ્ધિ છે કે મારી નિંદા થઈ તો બુદ્ધિ મિથ્યા થઈ, બહિરાત્મબુદ્ધિ થઈ એમ કહે છે. આહાહા..! એય..!

કહે છે કે.. આહાહા..! ભાઈ! ધર્મ એટલે શું ચીજ! જ્યાં આનંદરૂપ સ્વભાવનું ભાન થયું, કહે છે કે '**નંદા, પ્રશંસા આદિનાં વચન વગેરે વસ્તુધર્મોની અર્થાત્ પુદ્ગલસ્વભાવોની**

**તેને વાંછા નથી...**' એ ધર્મીની વાંછા નથી. આહાહા..! '**તેમના પ્રત્યે સમભાવ છે,...**' અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટા છે. જ્ઞાનસ્વભાવ પોતાનો છે. જાણે-દેખે કે થાય છે. એ તો એના કારણે નહિ, પોતામાં જાણવાની લાયકાત એવી છે તો જાણે છે. સમજાણું કાંઈ? એવો શબ્દ આવવાનો હોય તો આવે. પોતાના જ્ઞાનના ક્ષયોપશમમાં એ જ જાણવાની ચીજ હોય તો એ આવે છે. એમાં તારી નિંદા-પ્રશંસા ક્યાં થઈ? સમજાણું કાંઈ? એ નિંદા, પ્રશંસા મારી થઈ, તો મિથ્યાદૃષ્ટિ થયો એમ કહે છે. તારો આત્મા તારામાં ન રહ્યો, તારો આત્મા પરમાં ઘૂસી ગયો એમ તેં માન્યું છે. આહાહા..!

પોતાનો શુદ્ધ સ્વભાવ ધર્મ, એ ધર્મ પરમાં ક્યાં છે? પરમાં તો એનો ધર્મ જડનો છે. જડના ધર્મની પ્રશંસા.. આહાહા..! સમજાણું કાંઈ? 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.' અનંતનાથ ભગવાન આત્મા. એ અનંતનાથની સ્તુતિ છે. પણ અનંતનાથ એટલે આત્મા, હોં! અનંત ગુણનો નાથ પ્રભુ, એવી જ્યાં સ્તુતિ અંદર દૃષ્ટિમાં થઈ આત્મામાં, કહે છે કે પ્રભુ! તારી સેવા તલવારની ધાર ઉપર દેવ રહે પણ આ સેવા કરવી મહા અનંત પુરુષાર્થ માંગે છે. સમજાણું કાંઈ? મીઠાશ જો ક્યાંય નિંદા-પ્રશંસામાં આવી ગઈ, ત્યાં પોતાના આનંદની દૃષ્ટિ રહી નહિ. આત્માની દૃષ્ટિ રહી નહિ એમ કહે છે. આહાહા..!

એક છોકરો મરી જાય કે છોકરી મરી જાય કે છોડી રાંડે. મરી જાય એટલે શું કહે છે? મરી જાય. મૂકે પોક. શું છે? પોકેય મૂકતો નથી. સમજાણું કાંઈ? એ રાગાદિ આવે અને વાણી આદિ નીકળે તો એનો સ્વામી પણ નથી. એનો ધણી નથી. જ્ઞાતા-દૃષ્ટા રહે છે. મિથ્યાદૃષ્ટિ પણ સમભાવ રાખે. સમજ્યા? એથી કરીને શું? દૃષ્ટિ તો વિપરીત છે. અંદર રાગની મીઠાશ છે. એ પણ સમભાવ રાખે. દીકરો ગુજરી જાય તો બસ થાઓ. વીસ વર્ષનો એક જુવાન હતો. નહિ? એ નાગ્નેશ નહિ. આ તો બીજે. ચુડામાં એક ફેરી અમે ત્યાં હતા. ચુડામાં નહોતા એક ડોક્ટર? છોટાભાઈ ત્યાંના.

ચુડામાં એક ડોક્ટર હતા. ઓલા ધારશીભાઈના કાકા. ધારશીભાઈ નહોતા ત્યાં જુનાગઢ. ધારશીભાઈને એ? એક નહોતા ધારશીભાઈ? પહેલા આવતા. એના કાકા હતા. આ તો ઘણાં વર્ષની વાત છે. ૬૯. સંવત્ ૧૯૬૯. ૫૫ વર્ષ થયા. ૫૪ વર્ષ. એવો માણસ નરમ હતો. ડોક્ટર હતો. જુવાન છોકરો મરી ગયો. આવે માણસ. રોવાનું નહિ. સોભાગચંદભાઈ. બસ, એ સોભાગચંદભાઈ. સોભાગચંદભાઈ ડોક્ટર હતા. મને ખબર છે ને. હું ત્યાં ગયો હતો. સંસારમાં દીકરો મરી ગયો.. મને ખબર બધી વાત. હું ત્યાં હતો ને. એના ઘરે આહાર કર્યો હતો. છોકરો પહેલો મરી ગયો. આ સ્થિતિ વખતે હું નહિ. પણ વાત થતી હતી. બહુ નરમ માણસ હતા. દૃષ્ટિ, માન કાંઈ નહિ. આ દયા, દાન કરવા ને સામાયિક કરીએ

એ ધર્મ. બસ! બીજો ધર્મ નહિ. એય..! પોપટભાઈ! વ્રત પાળવા, સામાયિક કરવી, પોષા કરવા, અપવાસ કરવો એ ધર્મ.

ધર્મ શું ચીજ છે એનું ભાન ન મળે. આવી કષાયની મંદતા છતાં ત્યાં એકલો મિથ્યાત્વભાવ જ છે. સમજાણું કાંઈ? અને કદાચ સમ્યગ્દૃષ્ટિને એવો રાગ થયો અને રડવું આવે તોપણ એનો સ્વામી નથી, એને નિર્જરા જ છે. સમજાણું કાંઈ? અને મિથ્યાદૃષ્ટિને એવી સ્થિતિ છે તો એને એકલા મિથ્યાત્વનો સંસારબંધ થાય છે. અનંત સંસાર. મિથ્યાત્વને જ અનંત સંસાર કહે છે. અનંત સંસાર વધે છે. એ દયા પાળવામાં હોં! ભક્તિ કરવામાં, પૂજા કરવામાં, રાગ મારો ધર્મ છે એવી દૃષ્ટિમાં મિથ્યાત્વરૂપી અનંત સંસાર વધે છે. એય..! પોપટભાઈ! આહાહા..! સમભાવ... સમભાવ. આહાહા..!

**'અથવા તો અન્યમતીઓએ માનેલા અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી વ્યવહારધર્મોની તેને વાંછા નથી-'** અન્યમતી અજ્ઞાની વેદાંત આદિ એક સ્વરૂપ આત્માનો કૂટસ્થ (માનનારા) કે ક્ષણિકાદિ માનનારા અનેક. જગતમાં સર્વજ્ઞ પરમાત્મા સિવાય જેટલા માર્ગ પોતાની કલ્પનાથી જગતમાં નીકળ્યા છે એ બધાની વાંછા ધર્મીને હોતી નથી. સમજાણું કાંઈ? સવારમાં આવ્યું હતું. સર્વજ્ઞ અનુસારિણી. પહેલેથી એ નાખ્યું છે. વાણી સર્વજ્ઞ અનુસારીણી. વાણીથી શાસ્ત્ર બન્યા એ વાણીને જ માને. બીજા કલ્પિત છદ્મસ્થે બનાવ્યા હોય એ શાસ્ત્ર નહિ. જેઠાલાલભાઈ!

સર્વજ્ઞ ધર્મનું મૂળ નાયક પરમાત્મા. એમાં વાણી આવી. નિમિત્ત નિમિત્ત સંબંધ છે. વાણી વાણીથી નીકળી. પણ એ વાણીને જ શાસ્ત્ર કહે છે. એ સિવાય કોઈ કલ્પનાથી વાણી કહે કે આવો ધર્મ છે ને આવો ધર્મ છે ને તેવો ધર્મ છે. કોઈની વાણી નહિ. '**અન્યમતીઓએ...**' એમ ભાષા છે જરી. કડક ભાષા છે. '**અન્યમતીઓએ...**' સર્વજ્ઞ પરમાત્માએ કહેલો પોતાનો નિજ સ્વરૂપ ધર્મ એ સિવાય કોઈ '**અન્યમતીઓએ માનેલા...**' વ્યવહાર ધર્મને કહેનારા આદિ. છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો અન્યમતના ઘણાં નાખ્યા છે. એય..! ધન્નાલાલજી! મોક્ષમાર્ગ પ્રકાશકમાં અન્યમતમાં ઘણાં નાખ્યા છે. ભાઈ! સહન કરવું કઠણ છે, બાપુ! સમજાણું કાંઈ?

જેમાં વીતરાગતાનો આદર નથી અને જે ધર્મમાં રાગથી ધર્મ મનાવ્યો છે, પરમાર્થ ધર્મ, હોં! વ્યવહાર છે તો વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. પણ રાગથી ધર્મ માન્યો છે, ભગવાનની ભક્તિથી આત્માનું કલ્યાણ થાય છે, બહારની વ્યવહારભક્તિથી સ્વરૂપનું કલ્યાણ થાય છે, એવા જે અન્યમતીઓએ કથન કહ્યા, એની ધર્મીને ઈચ્છા હોતી નથી. ધર્મી એમાં વાંછા કરતો નથી. સમજાણું કાંઈ?

**'અન્યમતીઓએ માનેલા અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી વ્યવહારધર્મોની તેને વાંછા નથી-તે ધર્મોનો આદર નથી.'** ચાહે તો મોટા ધર્માત્મા બહારમાં દેખાય. દેવો પણ પૂજતા હોય તોપણ ધર્મી એનો આદર કરે નહિ.

મુમુક્ષુ :- સ્વભાવ દૃષ્ટિ ...

ઉત્તર :- ક્યાં છે? વિરુદ્ધ તત્ત્વની દૃષ્ટિ જેને. વિભાવથી ધર્મ માનનારા પરલક્ષી પરાશ્રયભાવથી આત્માની સન્મુખમાં ધર્મ થાય છે એમ માનનારા, એવો કોઈપણ પંથ વીતરાગ સિવાય હોય એની વાંછા ધર્મીને હોતી નથી. જુગરાજજી!

**'આ રીતે સમ્યગ્દૃષ્ટિ વાંછારહિત...'** હોય છે. આ અપેક્ષાએ જીવ વાંછા રહિત ધર્મી હોય છે. **'તેને વાંછાથી થતો બંધ નથી. વર્તમાન પીડા સહી શકાતી નથી તેથી તેને મટાડવાના ઈલાજની વાંછા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે,...'** જરી રાગ આવ્યો તો ઉપચારમાં એમ કરે કે આ લાવો, આ ખાઓ, આ પીવો. સમજાણું કાંઈ? કાંક્ષા એમ કહે છે. આ કાંક્ષા થાય છે ને? ના, એ ખરેખર કાંક્ષા નથી. .. ખાવા, પીવાની.. એ સહી શકાતી નથી. તેથી ઉપચારથી ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે. **'પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી,...'** જ્ઞાન અને આનંદનું સમ્યગ્દૃષ્ટિને ભાન છે, એ રાગનો કર્તા થતો નથી. આહાહા..! વિષયની વાસના આવી, એનો પણ કર્તા નથી. સમજાણું કાંઈ? કર્તા નથી.

**'કર્મનો ઉદય જાણી તેનો જ્ઞાતા જ રહે છે.'** દેખો! એ તો કર્મનો ઉદય છે પાક-ઝેર. દુશ્મનનું કાર્ય છે. મારું કાર્ય નથી. મારું કાર્ય તો શાંતિમાં રહેવું, જ્ઞાતા-દૃષ્ટામાં રહેવું એ મારું કાર્ય છે. એવી ધર્મીની દૃષ્ટિ છે. તેને નિર્જરા થાય છે. **'વાંછાકૃત બંધ તેને નથી.'** લ્યો! ત્રીજો.

**'હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છે :-'** રાગની ઈચ્છા નહિ. હવે દ્વેષ નથી. ઈ કહે છે. પહેલામાં હું નિઃસંદેહ પોતાનું સ્વરૂપ રાગ અને સંબંધ વિનાનું છે એવી દૃષ્ટિ કહી. બીજામાં પરપદાર્થ કોઈપણ ધર્મની ઈચ્છા એને નથી. હવે પ્રતિકૂળતામાં એને અંતરમાં દ્વેષ નથી. સમજાણું કાંઈ? ચાહે જેટલા પ્રતિકૂળતાના ગંજ હોય અને મુનિની શરીરાદિની દુગંછા દેખાય, હો. શરીર દુર્ગંધ મારતું હોય એવી સ્થિતિ હોય તો એની દુગંછા સમકિતીને થતી નથી.

**जो ण करेदि दुगुंछं चेदा सव्वेसिमेव धम्माणं।**
**सो खलु णिव्विदिगिच्छो सम्मादिट्ठी मुणेदव्वो।।२३१।।**

ભાષા જુઓ. બધા સર્વ. એક કોર ભગવાન અને એક કોર બીજો.

**સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.**

આહાહા..!

'**ટીકા :-**' દરેકમાં પહેલો શબ્દ એ જ છે. '**चेदा**' છે ને? '**चेदा**' એટલે જ્ઞાયકભાવમય. એમાંથી ચાલ્યું છે. '**चेदा**' છે ને ભાઈ શબ્દ? એમાંથી આ પહેલું કાઢ્યું છે. '**કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' ધર્મી એને કહીએ કે '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ભગવાન તો જેની દૃષ્ટિમાં જ્ઞાયક ધ્રુવ પડ્યો છે. ચૈતન્યબિંબ જેની દૃષ્ટિમાં આવ્યો છે એને ધર્મી અને સમકિતી કહે છે. જ્ઞાયકમયભાવ-જ્ઞાયકમયભાવ. જાણન... જાણન... જાણન... જાણન... જાણનનો પિંડ પ્રભુ આત્મા. એવું દૃષ્ટિમાં આવવાથી '**બધાય વસ્તુધર્મો પ્રત્યે...**' આત્મા સિવાય કોઈપણ વસ્તુ સામે '**જુગુપ્સાનો અભાવ હોવાથી,...**' દ્વેષ નહિ, દુગંછા નહિ. પર્યાયનો ધર્મ છે.

શરીરમાં ક્ષુધા હોય, ઘણી ક્ષુધા હોય. તો દ્વેષ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? શરીરમાં ક્ષુધા હોય તો એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? આઠ આઠ દિ' મહિના-મહિના આહાર ન મળે. ક્ષુધા એટલી લાગે. એ તો જડની પર્યાય છે. ક્ષુધા એ તો જડની પર્યાય છે. એની વાંછા હોતી નથી. દુગંછા હોતી નથી. આહારની વાંછા નહિ અને દુગંછા નહિ-દ્વેષ નહિ. આહાહા..! પોતાનો સ્વભાવ જ્ઞાયકમય અણાહારી સ્વરૂપ જોયું છે. સમ્યગ્દૃષ્ટિએ પોતાનો જ્ઞાયકભાવ જોયો છે. તેથી એને ક્ષુધામાં પણ દુગંછા નથી. સમજાણું કાંઈ?

'**બધાય વસ્તુ ધર્મો પ્રત્યે જુગુપ્સાનો અભાવ હોવાથી,...**' મુનિને દેખે દુગંછા શરીરમાં, તો એ જડની પર્યાય છે. મુનિમાં ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? મુનિને સ્પર્શતો નથી. શરીરમાં આવો પરિષહ આવ્યો તો મુનિને અડતો નથી. તો એવા મુનિને દેખીને જુગુપ્સા નથી થતી. આવું શું? સમજાણું કાંઈ? તરણતારણ સંત મુનિ છે. એક ભવમાં મોક્ષ જનારા કે એ ભવમાં પણ મોક્ષ જનારા છે. એવી અંતર સ્વરૂપ જેને વીતરાગતા પ્રગટી, અંતર અમૃતના આનંદનો અનુભવ વિશેષ થયો, શરીરમાં મલિનતા હોય તો ધર્મી દુગંછા કરતો નથી. કહો, સમજાણું કાંઈ?

પોતાના શરીરમાં પણ ઘણું એવું થાય તો દુગંછા થતી નથી. એમ કહે છે મૂળ તો. શરીરમાં પણ ઘણાં રોગ આવે, ઘણાં આકરા રોગ આવે તોપણ દ્વેષ નથી એમ કહે છે મૂળ તો. જેમ બીજામાં રાગ નથી (કહ્યું), એમ ત્રીજામાં દ્વેષ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? અંતર સ્વભાવના સમતાભાવને છોડીને આવા રોગમાં દ્વેષ થઈ જાય, એ સમકિતીને થતો જ નથી. એટલી જવાબદારી છે સમ્યગ્દર્શનમાં. જવાબદારી હશે? એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય

જ એવું છે. સ્વરૂપ જ એવું છે. સહજપણે એવું છે. જવાબદારીનો પ્રશ્ન ક્યાં? સમજાણું કાંઈ?

ઓહોહો..! **'બધાય વસ્તુધર્મો પ્રત્યે જુગુપ્સાનો અભાવ હોવાથી,...'** જ્યાં પોતાનો જ્ઞાયક સ્વરૂપ જોયું તો બધી વસ્તુ જ્ઞેયરૂપ છે. એ જ્ઞેયમાં ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. છે કોઈ અનિષ્ટ? છાપ મારી છે એમાં કે આ અનિષ્ટ છે? વિષ્ટા આમ.. આમ.. સમજાણું કાંઈ? ખરાબ ચીજ હોય. મીંદડા-મીંદડાને શું કહે છે? બિલ્લી. બિલાડી મરી જાય, દુગંછા ગંધ મારે. પોતાના સ્વભાવને છોડીને.. એવી દુગંછા જ્ઞાનીને નથી થતી. સમજાણું કાંઈ? મૂળ અનંતાનુબંધી રાગ-દ્વેષનો નાશ થઈ ગયો ને. મૂળ તો ઈ વાત કરે છે, હોં! એકત્વબુદ્ધિથી જે દ્વેષ થાય એવો દ્વેષ થતો નથી. આહાહા..! જુગુપ્સા રહિત, ગ્લાનિ રહિત છે. જુઓ! લખ્યું છે હોં અંદર. **'તેથી તેને વિચિકિત્સાકૃત બંધ નથી પરંતુ નિર્જરા છે.'**

**'ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે...'** દેખો. **'ક્ષુધા,...'** લખ્યું છે, હોં! એમાં. ક્ષુધા-ક્ષુધા. એ ક્ષુધા શરીરની પર્યાય છે. આત્માની ક્યાં છે?

મુમુક્ષુ :- પણ દુઃખ થાય છે ને.

ઉત્તર :- દુઃખ એને કારણે લાગે છે? ક્ષુધાને કારણે દુઃખ છે જ નહિ. એ સહનશીલતા નથી અને દ્વેષ થયો એ દુઃખ છે. ક્ષુધા દુઃખ છે જ નહિ. આહાહા..! વસ્તુનું સ્વરૂપ, નવ તત્ત્વના ભેદ છે ને, ઈ બતાવે છે. ક્ષુધાની પર્યાય તો જડમાં થઈ. તારામાં થઈ છે? તારામાં ઘૂસી ગઈ છે?

તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અર્થ શું થયો? કે એ ક્ષુધા પર્યાય જડમાં છે. એવું જ્ઞાન કરે છે પણ મને થાય છે એમ છે નહિ. ક્ષુધા મને લાગે છે, એ માન્યતા મિથ્યાદષ્ટિની છે એમ કહે છે. અજીવની પર્યાય મારામાં આવી અને અજીવની પર્યાયથી મને દુઃખ થયું? એમ છે? અજીવને કારણે આસ્રવભાવ થાય છે? ક્ષુધાને કારણે દુઃખભાવ થાય છે? સમજાણું કાંઈ? ક્ષુધા (લાગતા) સમતા (રહે છે). એ તો જડની અવસ્થા છે. હું તો જ્ઞાન છું. મારા જ્ઞાનમાં ક્ષુધાની પર્યાય અડતી નથી, હું એને અડતો નથી. ભાઈ! સમ્યગ્દર્શન એટલે શું? સમજાણું કાંઈ? બસ! માની લીધું ભગવાન આવા. એ સમ્યગ્દર્શન નથી. ભગવાન ચિદાનંદ સ્વરૂપ પૂર્ણાનંદ શુદ્ધ, એનું દષ્ટિમાં અનુભવમાં આવવું એ સિવાય હું કોઈ ચીજ નથી. ... આહાહા..! બહુ તૃષા (લાગી હોય), પાણી મળે નહિ. મરી જાય. સાધુ મરી જાય તૃષામાં. કોણ મરે? કોને તૃષા લાગી? એ તો જડની પર્યાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરીર પડી ગયું. એમ. મરી ગયો એટલે શરીર પડી ગયું. સમજાણું કાંઈ?

એમાં આત્મા ક્યાં આવ્યો? તૃષાની પર્યાય તો જડની છે. એ તૃષા પોતાને લાગી છે, એક બુદ્ધિ છે. જડની સાથે આત્માની એકત્વબુદ્ધિ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિના ગુણ કહે છે. સમ્યગ્દષ્ટિનો સ્વભાવરૂપ આચાર આવો થઈ ગયો છે. આહાહા..!

'**તૃષા, શીત,...**' શીત. બહુ ઠંડી લાગે, બહુ ઠંડી લાગે. આહાહા...! હવે હું સંકોચાઉં છું, હું સંકોચાઉં છું. બહુ ઠંડી. પહેલી, બીજી નરકમાં બહુ ઠંડી. સમકિતીને ઠંડીની કોઈ પીડા છે જ નહિ. આરે.. આરે..! સમજાણું કાંઈ? નારકી બાહ્ય કૃત દુઃખ ભોગત, અંતર સુખકી ગટાગટી. ભાઈ! જ્યાં આત્માની ખાણ ખુલી ગઈ છે. સમ્યગ્દષ્ટિમાં તો આત્માની ખાણ ખુલી ગઈ છે. મિથ્યાદષ્ટિમાં તો આત્મા અને રાગનું એકત્વ માનીને તાળુ બંધ કરી દીધું હતું. સમજાણું કાંઈ? રાગમાં મીઠાશ છે, પરમાં મીઠાશ છે. બંધ કરી દીધા તાળા. ખોલવાના ખજાના (ખોલ્યા નહિ). રાગ ખુલે... રાગ ખુલે... દ્વેષ ખુલે.. એ તો કષાય ખુલે છે. જ્યાં આત્મા રાગથી ભિન્ન પોતાના સ્વરૂપની આસ્રવતત્ત્વથી ભિન્ન પ્રતીતિ થઈ, ભાન થયું તો એ તૃષા આદિ શરીરની અવસ્થાને કારણે મને દુઃખ છે એમ જ્ઞાનીને છે નહિ. સમજાણું કાંઈ? અને શીત પણ મને નથી. ઓહોહો..!

'**ઉષ્ણ...**' સાતમી નરકમાં ઘણી ઉષ્ણ પીડા છે. એ '**આદિ ભાવો પ્રત્યે તથા વિષ્ટા આદિ મલિન દ્રવ્યો પ્રત્યે...**' વિષ્ટા દેખે, મલિન દેખે. એવી દુગંછા નથી થતી કે જેથી સ્વરૂપથી ચ્યુત થઈ જાય. સમજાણું કાંઈ? અસ્થિરતાની થોડી આવી જાય એનો એ જ્ઞાતા-દષ્ટા છે. '**જુગુપ્સા કરતો નથી.**' શીત, ઉષ્ણ આદિ ભાવો પ્રત્યે.. જડ પર્યાય છે ને? '**તથા વિષ્ટા આદિ મલિન દ્રવ્યો પ્રત્યે...**' પહેલી અનુકૂળતા અને પછી .. બધું પ્રતિકૂળ છે. '**જુગુપ્સા કરતો નથી.**'

'**જુગુપ્સા નામની કર્મપ્રકૃતિનો ઉદય આવે છે તોપણ પોતે તેનો કર્તા થતો નથી...**' ઓહોહો..! ચૈતન્યરસમાં ચડ્યો એ રાગનો કર્તા નથી, એમ કહે છે. '**તેથી જુગુપ્સાકૃત બંધ તેને થતો નથી, પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે...**' શબ્દ તો એના એ લીધા. એ જુગુપ્સા પ્રકૃતિ પોતાનો પાક આવીને ખરી જાય છે. પોતામાં પાક આવીને ખરી જાય છે. આત્માને સ્પર્શતી નથી. એનું નામ નિર્જરા કહેવામાં આવે છે. સ્વભાવની ધારા ચાલતી શ્રેણીએ ચડે છે એને પરની અપેક્ષા નથી. રાગ નહિ, દ્વેષ નહિ, અંદરમાં એ પ્રકારનો રાગ-દ્વેષ નથી. એને પૂર્વના રાગની નિર્જરા થઈ જાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ૐ

હું પરમાત્મા છું એમ નક્કી કર.
હું પરમાત્મા છું એમ નિર્ણય કર.
હું પરમાત્મા છું એમ અનુભવ કર.